
॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સદ્‌ગુરુ ગાથા

ભાગ-૨



સદ્‌ગુરુ શ્રી બાલમુકુંદદાસજી સ્વામી



સદ્‌ગુરુ શ્રી ધર્મસ્વરુપદાસજી સ્વામી



સદ્‌ગુરુ પુરાણી શ્રી ગોપીનાથદાસજી સ્વામી



સદ્‌ગુરુ શ્રી નારાયણદાસજી સ્વામી



સદ્‌ગુરુ શ્રી કૃષ્ણજીવનદાસજી સ્વામી

-: લેખક :-

સ્વામી માધવપ્રિયદાસજી

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સદ્‌ગુરુ ગાથા

ભાગ-૨

લેખક : સ્વામી માધવપ્રિયદાસજી

-: પ્રકાશક :-
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્
(SGVP) અમદાવાદ

સદ્‌ગુરુ ગાથા

ભાગ-૨

પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્
(SGVP), અમદાવાદ

આવૃત્તિ : દ્વિતીય (રામનવમી, તારીખ : ૮ એપ્રિલ, ૨૦૧૪)

પ્રત : ૨૦૦૦

કિંમત : રૂા. ૮૦/- (સૌજન્યને આભારી)

પ્રાપ્તિસ્થાન :
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ડ્રાઈવઈન રોડ,
મેમનગર, અમદાવાદ - ૫૨.
ફોન : (૦૭૯) ૨૭૯૧૨૫૯૧, મો. ૯૮૨૫૨ ૧૦૦૯૬

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્
છારોડી - અમદાવાદ.
ફોન : (૦૨૭૧૭) ૨૪૨૧૪૧, મો. ૯૮૨૫૨ ૧૦૦૩૮

મુદ્રક : હરિકૃષ્ણ ગ્રાફિક્સ, અમદાવાદ.
ફોન : ૦૭૯ - ૨૬૪૨ ૧૦૦૮, મો. ૯૮૨૫૮ ૫૦૫૫૯

પ્રકાશકીય

ભગવાન શ્રીસ્વામિનારાયણના પરમહંસ મંડળમાં અનેક મહાન સંતો હતા. તેઓ નંદ સંતોના નામથી પ્રસિધ્ધ છે.

મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, અક્ષરાનંદ સ્વામી, વૈષ્ણવાનંદ સ્વામી, યોગાનંદ સ્વામી વગેરે અનેક મહાન નંદસંતોની શિષ્યપરંપરા આજે પણ અવિચ્છિન્ન રીતે ચાલુ છે અને મૂળ સંપ્રદાયની મર્યાદા પ્રમાણે આ બધી જ શિષ્યપરંપરાઓ સંપ્રદાયની બે મુખ્ય ગાદી સાથે અતૂટ નાતો ધરાવે છે.

આ બધા જ સંતોના જીવન લખવા જઈએ તો મહાભારત કરતાંય મોટા ગ્રંથો રચાય.

આ મહાન નંદસંતોમાં ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી વિશેષ પ્રસિદ્ધ થયા છે. આ બંને સદ્‌ગુરુ સંતો ભગવાન શ્રી સ્વામિનારાયણની ડાબી જમણી આંખ સમાન ગણાય છે. આ બન્ને સદ્‌ગુરુ સંતોને પરસ્પર અપાર સ્નેહ હતો.

આ બન્ને સદ્‌ગુરુ સંતાના ઉપદેશોમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના હૃદયનો અભિપ્રાય વ્યક્ત થયેલો છે. આ બન્ને સદ્‌ગુરુ સંતોના જીવન અનેક દિવ્ય ઐશ્વર્યોથી ભરપૂર છે. આ બંને પરંપરામાં અનેક મહાન સંતો થયેલા છે.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી, અખંડ ભગવદ્ પરાયણ જોગી સ્વામી ગુણાતીત પરંપરાના મહાન સંતો હતા.

શ્રીસ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (એસ.જી.વી.પી.) અમદાવાદ તરફથી મોટા પ્રમાણમાં સાહિત્ય પ્રકાશનનો શુભ સંકલ્પ કરવામાં આવ્યો છે. તેના ભાગરૂપે ગુણાતીત પરંપરાના મહાન સંતોને વંદના કરવા માટે આ "સદ્‌ગુરુ ગાથા" શ્રેણીનો આરંભ થયો છે, જેના પ્રથમભાગમાં અનાદિ મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનું જીવન આલેખાયેલું છે.

હવે આ ગ્રંથશ્રેણીનો બીજો ભાગ આપ સર્વ સમક્ષ મૂકતાં સમસ્ત ગુરુકુલ પરિવાર હર્ષ અને આનંદની લાગણી અનુભવે છે.

આ "સદ્‌ગુરુ ગાથા ભાગ-૨" માં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની પરંપરાના મહાન સંતો સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી વગેરેના જીવનચરિત્ર આલેખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આશા છે કે, આ ગ્રંથ ભાગ-૨ મુમુક્ષુઓને નિર્વાસનિક થઈ, બ્રહ્મરુપ બની, પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણની પતિવ્રતાભાવે અને સ્વામિસેવકભાવે આરાધના કરવામાં માર્ગદર્શકરુપ થશે, તેમજ મૂળ ગુણાતીત પરંપરાને સમજવામાં ઉપયોગી થશે..

- સ્વામી માધવપ્રિયદાસજી

-:: સૌજન્ય ::-

શ્રી ગોપીનાથ યુવક મંડળ,
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, મેમનગર.

પિતાશ્રી વલ્લભભાઈ ખોડાભાઈ ગજેરા
માતુશ્રી પાર્વતીબેન વલ્લભભાઈ ગજેરાની પ્રેરણાથી
હસ્તે. સુપુત્ર વિપુલભાઈ ગજેરા વગેરે સમસ્ત પરિવાર

ભૂમિકા

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય હતા. ગુણાતીતાનંદ સ્વામીના સર્વોપરિ જ્ઞાનવારસાને તેમણે યથાર્થ ઝીલ્યો હતો અને ઝીલાવ્યો હતો.

એમની આયુષ્ય પૂરી થવા આવી હતી ત્યારે ગોપાળાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પ્રાર્થના કરીને આયુષ્ય વધારી આપી હતી અને કહ્યું હતું, “આ ગોરધન ભગત તો સાધુ થઈને સમસ્ત વડતાલદેશનો ભાર ઉપાડશે. આ મુમુક્ષુ તો શ્રીજી મહારાજે ધામમાંથી મોકલેલા મુક્ત છે.”

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીને ગુણાતીતાનંદ સ્વામીમાં અપાર હેત હતું અને સ્વામીએ પણ એમને જીવનના છેલ્લા શ્વાસ સુધી સાથે રાખ્યા હતા.

બાલમુકુંદદાસજી સ્વામી શ્રીહરિએ બાંધેલી પંચવર્તમાનની મર્યાદાનું સંપૂર્ણપણે પાલન કરનારા સંત હતા. સમસ્ત વડતાલ દેશમાં તેઓ ભારે પૂજનીય અને આદરણીય હતા.

વડતાલની ગાદીના આચાર્યો પણ સ્વામીના વચનને ઉત્થાપતા નહિ.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની કૃપાથી એમનામાં અમોઘ ઐશ્વર્ય પ્રગટ્યું હતું, જે મુમુક્ષુઓના કલ્યાણ માટે સદૈવ વરસ્યા કરતું હતું.

તેઓ સંકલ્પમાત્રથી જીવને નિર્વાસનિક કરી ધામમાં મોકલી દેતા હતા.

સંપ્રદાયના મહત્ત્વના તીર્થ સ્થાનોના વિકાસમાં એમની સેવાઓ અજોડ હતી.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી અસલ ગુણાતીત પરંપરાના મૂળ વારસાના સંવાહક સંત હતા. સદ્‌ગુરુ બાલમુકુંદદાસજીનું જીવન પણ ગુણાતીતાનંદ સ્વામીના જીવન જેટલું જ દિવ્ય અને ઐશ્વર્યથી ભરેલું છે. જેતપુર ગાદી સ્થાન તરફથી વર્ષો પહેલા સ્વામીનું જીવન પ્રકાશિત થયું હતું.

સ્વામીના એક કૃપાપાત્ર શિષ્ય હતા. એમનું નામ પુરુષોત્તમવલ્લભ દાસજી હતું. એમણે ‘રોજનીશી’ પદ્ધતિથી સ્વામીના દિવ્ય માનુષી પ્રસંગોનો સારી રીતે સંગ્રહ કર્યો હતો. આ સંગ્રહ ધોરાજીવાળા સદ્‌ગુરુ માધવપ્રસાદદાસજીએ જીવના જતનથી જાળવ્યો હતો.

જેતપુરના કોઠારી સ્વામી હરિકૃષ્ણદાસજીએ જેતપુર મંદિર તરફથી આ સંગ્રહને છપાવીને પ્રસિદ્ધ કર્યો હતો.

ઉપરાંત સદ્‌વિદ્યાના અંકો, સોરઠી સંતો, બ્રહ્મનિષ્ઠ સંતો વગેરે સંદર્ભ ગ્રંથોમાં બાલમુકુંદદાસજી સ્વામીના અનેક દિવ્ય પ્રસંગો લખાયેલા જોવા મળે છે.

સ્વામિનારાયણ મિશન સુરતના સંસ્થાપક અને વડતાલ મંદિરના મુખ્ય કોઠારી શ્રી નીલકંઠચરણદાસજીએ પણ જેતપુરથી પ્રકાશિત ગ્રંથને કેન્દ્રમાં રાખીને સદ્‌ગુરુ બાલમુકુંદદાસજીનું જીવન પ્રકાશિત કરેલ છે.

જેમાં તેઓએ જહેમતપૂર્વક સંશોધન કરી બાલમુકુંદદાસજી સ્વામીના જીવનને સાલવાર ગોઠવવાનો પ્રયાસ કર્યો છે. જે એમની અનુમતિ સાથે આ ગ્રંથમાં પાછળના ભાગે પરિશિષ્ટમાં આપવામાં આવેલ છે.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ ગુણાતીત પરંપરાના મહાન સંત હતા, તેથી આ સદ્‌ગુરુ ગાથા શ્રેણી ભાગ-૨માં ગુરુદેવની ગુણાતીત પરંપરાના મહાન સંતો ધર્મસ્વરુપદાસજી સ્વામી, પુરાણી સ્વામી ગોપીનાથદાસજીના જીવન ચરિત્રો પણ ગૂંથી લેવામાં આવ્યા છે.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજને પોતાના ગુરુ પુરાણી સ્વામી ગોપીનાથદાસજીનું સાનિધ્ય ઘણાં ઓછા સમય માટે પ્રાપ્ત થયું હતું.

પુરાણી સ્વામીના અક્ષરવાસ બાદ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીને પોતાના ગુરુસ્થાને ધારીને સેવ્યા હતા.

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીએ પણ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ ઉપર પૂર્ણ કૃપા વરસાવી હતી, તેથી જ્યારે જ્યારે સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીની વાત નીકળતી ત્યારે ગુરુદેવ ભારે ગદ્‌ગદ્ થઈ જતા. આવા મહાન સંતના જીવન ચરિત્રને આ ભાગ-૨માં ગૂંથી લેવામાં આવેલ છે.

મહંત સ્વામી કૃષ્ણજીવનદાસજી પુરાણી સ્વામી ગોપીનાથદાસજીના શિષ્ય હતા. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના મોટા ગુરુભાઈ હતા.ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજને મહંત સ્વામીની જબરી હૂંફ અને આધાર હતા.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે રાજકોટ ગુરુકુલનું ખાતમૂહૂર્ત મહંત સ્વામીના વરદ હસ્તે કરાવ્યું હતું.

બીજી મહત્વની વાત એ છે કે મહંત સ્વામી અખંડ ભગવદ્ પરાયણ પૂજ્ય જોગીસ્વામીના ગુરુ હતા, એટલે એમના પાવનકારી જીવન ચરિત્રોને પણ આ ગ્રંથમાં

આવરી લેવામાં આવ્યા છે. ગામડાના હરિભક્તો 'મહંત સ્વામી'ને બદલે 'માનત સ્વામી' કહેતા. આ ગ્રંથમાં સ્વામીના જીવનમાં 'મહંત સ્વામી' શબ્દનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે.

હાલમાં જૂનાગઢમાં નિવાસ કરતા ગવૈયા સ્વામી ગોવિંદપ્રકાશદાસજી મહંત સ્વામીના શિષ્ય છે. તેઓને આશરે સો વર્ષ થવા આવ્યા છે. તેઓ મહંત સ્વામીના જીવનના અનેક દિવ્ય અને અલૌકિક પ્રસંગોના સાક્ષી છે.

તેઓશ્રીએ પોતાના ગુરુદેવ મહંત સ્વામીને ભાવાંજલિ અર્પણ કરવા માટે 'મહંત સ્વામી સ્મૃતિગ્રંથ' લખેલો છે. જેમાં મહંત સ્વામીના જીવનના પ્રસંગો અને મહંત સ્વામીએ આપેલા ઉપદેશનો સુંદર સંગ્રહ કરેલો છે. જે એમના શિષ્ય પુરાણી સ્વામી દેવકૃષ્ણદાસજીએ પ્રસિદ્ધ કરેલો છે.

સદ્‌ગુરુ ગાથા ગ્રંથશ્રેણીમાં મહંત સ્વામીનું જીવન આલેખવામાં આ સ્મૃતિગ્રંથનો આધાર લેવામાં આવ્યો છે.

અન્ય સદ્‌ગુરુઓના જીવન માટે જે જે સંદર્ભ ગ્રંથોનો આધાર લેવામાં આવ્યો છે એની સૂચી આ ગ્રંથમાળા ભાગ ૧ તથા ૨ના પરિશિષ્ટમાં આપવામાં આવેલ છે.

આ ગ્રંથના પ્રકાશનમાં **SGVP** ના પવિત્ર સંતો સ્વામી યજ્ઞવલ્લભદાસજી, સ્વામી મુનિવત્સલદાસજી, સ્વામી નરનારાયણદાસજી, પાર્ષદ શામજી ભગત વગેરે યુવાન સંતોની ટીમે સંશોધન, લેખન તેમજ મુદ્રણકાર્યમાં ઉત્સાહથી સેવા બજાવેલી છે.

ગ્રંથના પ્રૂફ રીડીંગ કાર્યમાં શ્રી લક્ષ્મણભાઈ આદ્રોજા, શ્રી રમણીકભાઈ રુપારેલીયા, શ્રી જનકભાઈ ઠક્કર વગેરેએ સેવા બજાવેલી છે.

પ્રકાશન કાર્યમાં હરિકૃષ્ણ ગ્રાફિક્સ દ્વારા ટાઈપ સેટીંગ, લે-આઉટ, પ્રિન્ટીગમાં સહયોગ પ્રાપ્ત થયો છે.

આ તમામ સંતો-ભક્તોનો આભાર માનીએ છીએ.

- સ્વામી માધવપ્રિયદાસજી


સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી

સદ્‌ગુરુ ધર્મસ્વરુપદાસજી સ્વામી

સદ્‌ગુરુ પુરાણી શ્રી ગોપીનાથદાસજી સ્વામી

સદ્‌ગુરુ શ્રી નારાયણદાસજી સ્વામી

સદ્‌ગુરુ કૃષ્ણજીવનદાસજી સ્વામી (માનત સ્વામી)



સદ્‌ગુરુ શ્રી બાલમુકુંદદાસજી સ્વામી

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી

અક્ષરમુક્તનું અવતરણ

સૌરાષ્ટ્રની ધરતી અત્યંત પવિત્ર છે. આ ભૂમિ સંતો, સતીઓ અને શૂરવીરોની ભૂમિ છે. સૌરાષ્ટ્રમાં પણ સોરઠ દેશની વાત ન્યારી છે.

સોરઠમાં ઘેડ પ્રદેશ આવેલો છે. આ પ્રદેશ ભગવાન સ્વામિનારાયણની રમણ રેતી ગણાય છે. આવા સોરઠના ઘેડ પ્રદેશના 'કાલેજ' ગામે સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીનો જન્મ લોહાણા જ્ઞાતિમાં થયો હતો. એમના પિતાશ્રીનું નામ ઠક્કર જીવન શેઠ હતું. માતુશ્રીનું નામ મીઠીબાઈ હતું.

બાલમુકુંદદાસજી સ્વામીનો જન્મ વિ. સં. ૧૮૮૭ના ચૈત્ર સુદી ૩, મત્સ્ય જયંતિના દિવસે થયો હતો. એમનું પૂર્વાશ્રમનું નામ ગોરધન હતું. બાલમુકુંદદાસજી સ્વામીને શ્રીજી મહારાજે અનંત જીવોનાં કલ્યાણ માટે અક્ષરધામમાંથી મોકલ્યા હતા.

થોડા વર્ષ બાદ જીવન શેઠ પંચાળા રહેવા આવ્યા હતા. પંચાળામાં ભગવાન શ્રીહરિએ ખૂબ જ લીલા કરી હતી. આ લીલાભૂમિમાં ગોરધનનું બાળપણ ખીલ્યું હતું. ગોરધનને નાનપણથી જ કથાવાર્તા, દેવ દર્શનમાં ભારે રુચિ હતી. એની સઘળી ક્રિયા ભગવત્ પરાયણ હતી. એકવાર સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી પંચાળા પધાર્યા હતા. ભક્તરાજ ગોરધનને સ્વામીનાં પ્રથમવાર દર્શન થયાં. લોહચૂંબકમાં લોઢું ખેંચાય તેમ ગોરધન ભગતનું મન સ્વામીમાં ખેંચાયું.

ગોરધન ભગત મન-વચન-કર્મથી સ્વામીનો સમાગમ કરવા લાગ્યા. સ્વામીની અમૃત ભરેલી વાતો સાંભળવામાં ગોરધનને તૃપ્તિ થતી ન હતી. સ્વામીના વેણે વેણે મોતી વીંધાય એમ યુવાન ગોરધન ભગતનું મન વીંધાઈ રહ્યું હતું.

પરિસ્થિતિ એવી થઈ કે હવે સ્વામી વિના ગોરધન ભગતને ક્યાંય ચેન પડતું નહોતું. ગોરધન ભગત અવાર નવાર જૂનાગઢ પહોંચી જતા અને સ્વામીનો સમાગમ કરતા. સ્વામીના સમાગમને પરિણામે ગોરધન ભગતને ભર યુવાન વયે વૈરાગ્ય થયો.

સંસાર હરામ થયો

સંવત્ ૧૯૦૪ની સાલ હતી. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી પંચાળા પધાર્યા હતા. સ્વામીની સાથે મહા યોગીરાજ ગોપાળાનંદ સ્વામી અને વિદ્વત્તામાં જેનો જોટો ન જડે એવા સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી હતા. આ ત્રણેય અક્ષરના મહાન મુક્તો સદેહે ધરતી ઉપર અવતર્યા હતા.

આ મહાન અનાદિમુક્તોનું દર્શન કરતા ગોરધન ભગતને અંતરમાં અત્યંત આનંદ થયો. કાગડાના માળામાં ઉછરતું કોયલનું બચ્ચું કોયલના સ્વરને સાંભળીને પોતાની જાતને પારખી જાય અને પોતાની માતાને મળવા ઉત્સુક બની જાય એ જ રીતે આ સદ્‌ગુરુરૂપી કોયલના કોકિલ સ્વરે ગોરધન ભગતનું હૃદય જાગી ગયું હતું.

ગોરધન ભગતને પોતાના અક્ષરમુક્તપણાનું ભાન થઈ ચૂક્યું હતું. હવે એનું મન માયાના માળામાં માને એમ ન હતું. તો સામે માતા-પિતા પણ જલ્દી છોડે એમ ન હતા. એક દિવસ લાગ જોઈ ગોરધન ભગત ઘર છોડીને ભાગી નીકળ્યા અને સીધા જૂનાગઢ આવ્યા, સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને દંડવત્ કર્યા ને કહ્યું, ‘સ્વામી ! જ્યારથી મને આપનો સમાગમ થયો છે ત્યારથી મારે સંસાર હરામ થઈ ગયો છે, માટે મને સાધુ કરો.’

સ્વામી ગોરધન ભગતના વૈરાગ્યને સારી પેઠે જાણતા હતા. સ્વામીને દૃઢ ભરોસો થઈ ચૂક્યો હતો કે આ ભગતની વૈરાગી ચૂંદડીનો રંગ ઉતરે એવો નથી. તો બીજી બાજુ સ્વામીને એ પણ ખબર હતી કે હજુ આ ભગતના માતા-પિતા, સગાં-સંબંધીઓ રજા આપે એમ નથી.

આખરે સ્વામીએ સમય પાકે એટલા માટે વચલો માર્ગ લીધો અને કહ્યું, ‘ભગત ! તમે હમણાં અહીં સુખેથી રહો અને સેવાકાર્ય કરો. સમય આવ્યે અમે તમને સાધુ કરીશું.’

આ અરસામાં જૂનાગઢ શ્રી રાધારમણ દેવના મંદિરનું છોવરાવવાનું કામ ચાલુ હતું. પાર્ષદ ગોરધન ભગત માટે તો સ્વામીનું વચન એ જ જીવન હતું. સ્વામીના વચને તેઓ મંદિરના છોવરાવવાના સેવાકાર્યમાં જોડાયા.

કડીયાઓ મંદિરને છોઈ રહ્યા હોય ત્યારે ગોરધન ભગત ચૂનાના તગારા તૈયાર કરી કરી કડીયાઓને આપવા લાગ્યા અને આખો દિવસ કડીયાની હારોહાર સેવા કરતા રહ્યા. સાથો સાથ સમય મળે ત્યારે બીજી સેવાઓનો લાભ પણ તેઓ ચૂકતા નહિ.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં જેટલું સત્સંગનું મહત્ત્વ છે એટલું જ સેવાનું મહત્ત્વ છે. સ્વામિનારાયણ સંપ્રદાયના નાના સાધુ હોય કે મહાન સદ્‌ગુરુ હોય, સેવા તો એમના જીવનમાં અવશ્ય વણાયેલી જ હોય.

ભગવાન સ્વામિનારાયણે દેહ ભાવથી પર થઈ પરમાત્માની સેવા કરવી એને જ મુક્તિ માની છે.

મોટા સદ્‌ગુરુ સંતોએ કહ્યું છે 'સેવા સાવરણી છે' જે મુમુક્ષુના અંતરમાંથી અનાદિકાળની વાસનાઓની રજને વાળી નાખે છે અને મુમુક્ષુનું અંતર આભલા જેવું ચોખ્ખું બનાવે છે.

ગોરધન ભગત સ્વામીના વચને સેવામાં જોડાયા અને સમય પસાર થતો રહ્યો.

એવામાં એમના પિતાશ્રી જીવણશેઠ અક્ષરવાસી થયા.

માતુશ્રી મીઠીબાઈને ગોરધન ઉપરાંત બીજા બે પુત્રો હતા પરંતુ માને મન આ પહેલા ખોળાનો પુત્ર ભારે વહાલો હતો. ગોરધન વિના માના મનને ચેન પડતું નહોતું. એટલે તેઓ જૂનાગઢ આવ્યા અને ગોરધન ભગતને પરાણે પંચાળા તેડી ગયા.

એક બાજુ માના અંતરની મમતા છૂટતી નહોતી તો બીજી બાજુ ગોરધનનું મન માયામાં ચોંટતું નહોતું.

જેમ મદોન્મત્ત ગજરાજને કમળના વેલાથી બાંધી ન શકાય તેમ માતાની મમતાના પાશ કે સગાં-સંબંધીઓના સ્નેહના પાશ ગોરધનને બાંધી શકે એમ ન હતા. એક દિવસ લાગ જોઈને ગોરધન ભગત પંચાળા છોડી પાછા જૂનાગઢ ઉપડી ગયા.

ગુણાતીતાનંદ સ્વામીએ ગોરધન ભગતને માથે હાથ મૂક્યા અને બોલ્યા 'મોટી મોટી નદીઓ તરવી સહેલી છે. પરંતુ માતાની મમતારૂપી મહાસાગરને તરવો ભારે મુશ્કેલ છે. તમે એ સાગરને તરીને આવ્યા છો પરંતુ સાધુ થવા માટે હજુ થોડી રાહ જોવી પડશે.'

આ બેય તો સત્સંગની ધોંસરી ઉપાડે એવા છે

સમય ધીરે ધીરે સરકી રહ્યો હતો. વિક્રમ સંવત્ ૧૯૦૭ની સાલ હતી.

વડતાલમાં દેવદીવાળીનો સમૈયો ભરાયો હતો. સોનામાં સુગંધ ભળે એમ અમદાવાદથી આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને વડતાલના આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ આ બન્ને આચાર્ય સમૈયામાં એક સાથે ઉપસ્થિત હતા.

ભગવાન શ્રીહરિ ધામમાં ગયા તેને થોડા વર્ષો વીત્યાં હતાં. અનેક નંદ સંતો

હજી મોજૂદ હતા. સત્સંગનો સુવર્ણકાળ વર્તતો હતો. ભગવાન સ્વામિનારાયણે બન્ને આચાર્યના હાથ જેમના હાથમાં આપ્યા હતા એ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી હજી વિદ્યમાન હતા. આ સમૈયામાં દેશદેશાંતરથી સંતો હરિભક્તોનો વિશાળ સમુદાય એકઠો થયો હતો.

મહાયોગીરાજ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી પોતાના આસને બિરાજમાન હતા અને મોડે સુધી એકાસને બેસી વિષ્ણુસહસ્રનામ સાથે સહસ્રતુલસીદલથી શાલીગ્રામનું પૂજન કરી રહ્યા હતા.

એ જ સમયે જૂનાગઢના જોગી ગુણાતીતાનંદ સ્વામી બે યુવાનોને લઈને ગોપાળાનંદ સ્વામીના દર્શને પધાર્યા.

આ બે યુવાન સંતોમાં એક હતા અમદાવાદના મહાન સદ્‌ગુરુ મહાનુભાવાનંદ સ્વામીના શિષ્ય નિર્ગુણજીવનદાસજી અને બીજા હતા પોતાના જ મુખ્ય શિષ્ય સ્વામી બાલમુકુંદદાસજી સ્વામી.

બાલમુકુંદદાસજી સ્વામી ત્યારે હજુ ધોળે કપડે હતા અને 'ગોરધન' નામ હતું.

એક બાજુ ગુણાતીતાનંદ સ્વામી દંડવત્ પ્રણામ કરી ગોપાળાનંદ સ્વામીની પાસે બેઠા અને બીજી બાજુ આ બન્ને યુવાન સંત-પાર્ષદ એક સાથે ગોપાળાનંદ સ્વામીને દંડવત્ કરવા લાગ્યા.

મહા ઐશ્વર્યમૂર્તિ યોગીરાજ ગોપાળાનંદ સ્વામી આ બન્ને એક સરખી વયના, એક સરખા તેજસ્વી, એક સરખા તપ અને ત્યાગની મૂર્તિસમા, એક સરખી રુચિવાળા, ભગવા અને ધોળા વસ્ત્રવાળા સંત-પાર્ષદની જોડીને નીરખી રહ્યા.

એવામાં અચાનક ગોપાળાનંદ સ્વામીને કોણ જાણે શું મોજ ચડી કે એણે પોતાની પાસે પડેલી લાકડી હાથમાં લીધી અને એક સાથે દંડવત્ કરી રહેલા બન્ને યુવાન સંત પાર્ષદના ખંભા ઉપર લાકડી મૂકી દીધી અને બોલ્યા, 'જોગી ! આ બેય તો સત્સંગની ધોંસરી ઉપાડે એવા છે.'

'શ્રીજી મહારાજે ધામમાં જવાના થયા ત્યારે બન્ને દેશના સત્સંગને સાચવવાની જવાબદારી અમને સોંપી હતી. હવે અમારે ધામમાં જવાનો સમય નજીક આવતો જાય છે. અમારા ધામમાં ગયા પછી બેય દેશના સત્સંગને હવે આ બેય સાચવશે. શ્રીજી મહારાજે એટલા માટે જ એમને ધામમાંથી મોકલ્યા છે.'

'અમદાવાદ દેશનો સત્સંગ આ નિર્ગુણદાસ સાચવશે અને વરતાલ દેશનો સત્સંગ ગોરધન ભગત સાચવશે.' આટલુ કહી વળી સ્વામી આશીર્વાદના સૂરમાં બોલ્યા કે, 'જોગી, આ પાર્ષદને સાધુ થવામાં જે ઉપાધિઓ આવે છે તે હવે દૂર થશે.

સત્સંગના રિવાજ પ્રમાણે આ પાર્ષદને બે વર્ષ ધોળે લુગડે રાખજો, પછી દીક્ષા અપાવજો.' આટલું કહી સ્વામી મૌન થયા. ગુણાતીતાનંદ સ્વામીએ નેત્રોની નિશાનીએ યોગીવર્યની વાતને વધાવી લીધી.

આ બાજુ બન્ને સંત-પાર્ષદ દંડવત્ પ્રણામ પૂરા કરી ગોપાળાનંદ સ્વામીની પાસે બેસી ગયા. બન્ને યુવાનોના અંતરમાં આજે આનંદનો પાર નહોતો. ભગવાન સ્વામિનારાયણની ડાબી જમણી આંખ કહી શકાય એવા બે મહાન સદ્‌ગુરુઓના સાન્નિધ્યમાં આ બન્નેને અલૌકિક દિવ્યતાનો અનુભવ થઈ રહ્યો હતો.

ગોપાળાનંદ સ્વામીની મોજ હજી પૂરી થઈ નહોતી. થોડીવાર મૌન ધ્યાનમાં રહ્યા પછી સ્વામીએ નિર્ગુણદાસજીનો હાથ હાથમાં લીધો. હથેળીની રેખાઓનું નિરીક્ષણ કર્યું. પછી મંદ મંદ મલકતા સ્વામી બોલ્યા, 'સાધુરામ ! મહારાજે ખૂબ લાંબી આવરદા દીધી છે. અમદાવાદ દેશમાં રહીને સત્સંગની ખૂબ સેવા કરો.'

ગોપાળાનંદ સ્વામીએ ત્યારપછી પાર્ષદ ગોરધન ભગતનો હાથ હાથમાં લીધો અને હસ્તરેખાઓનું નિરીક્ષણ કરવા લાગ્યા. નિરીક્ષણ કરતા કરતા સ્વામી થોડા ગંભીર થઈ ગયા અને ગુણાતીતાનંદ સ્વામી સામે મુખ ફેરવીને બોલ્યા, 'જોગી ! આ સાધુ તો થશે પણ આવરદા તો પૂરી અઢાર મહિના પણ નથી.'

એ જ વખતે ગુણાતીતાનંદ સ્વામીએ સમયને પારખીને મર્મ કર્યો, "તો એમાં મારે શું તમારા વચન ખોટાં પડશે. તમે જ હમણાં આશીર્વાદ આપ્યા કે 'આ સાધુ તો સત્સંગની ધોંસરી ઉપાડે તેવા છે.' અઢાર મહિનામાં ધોંસરી થોડી ઉપડે !"

ઠીક સમયસર કહેવાયેલી ગુણાતીતાનંદ સ્વામીની વાત સાંભળીને ગોપાળાનંદ સ્વામી પણ મંદ મંદ હસવા લાગ્યા અને બોલ્યા, 'જોગી ! તમે તો સમાના ભણ્યા.'

આટલું કહી ગોપાળાનંદ સ્વામી નેત્ર મીચી ધ્યાનસ્થ થયા. થોડી વારે ધ્યાનમાંથી જાગી નેત્ર ખોલી પાર્ષદ ગોરધન ભગત તરફ મીટ માંડી અને કહ્યું, 'ભગત ! તમારી આવરદા વધારવા અમે શ્રીજી મહારાજને પ્રાર્થના કરી. મહારાજે અમારી અરજી સાંભળી. જાવ હવે સત્સંગની સેવા માટે પંચાશી વર્ષની લાંબી આવરદા ભોગવો અને વડતાલ દેશના સત્સંગની શાન વધારો. ન માત્ર જૂનાગઢ, આખો વરતાલ દેશ તમને ખૂબ જ આદરથી માનશે.' ગોપાળાનંદ સ્વામીની વાત સાંભળી બધાના અંતરમાં આનંદ થયો.

સંવત્ ૧૯૦૮માં ગોપાળાનંદ સ્વામી સ્વતંત્ર થકા ધામમાં પધાર્યા.

આ બાજુ ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદથી ગોરધન ભગતની સર્વે ઉપાધિઓ શમી ગઈ.

સ્વામીશ્રીએ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ પાસે ગોરધન ભગતને દીક્ષા અપાવી અને 'બાલમુકુંદદાસ' નામ ધારણ કરાવ્યું. આખરે પાર્ષદ ગોરધન ભગતની સાધુ થવાની ઝંખના પૂરી થઈ.

ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદથી નિર્ગુણજીવનદાસજીએ અમદાવાદ દેશમાં અને બાલમુકુંદદાસજી સ્વામીએ વડતાલ દેશમાં સત્સંગના બગીચાને ખૂબ જ સમૃદ્ધ કર્યો. બન્ને સંતો મહાપ્રતાપી અને વચનસિદ્ધ થયા

ભણાવવાનો સંકલ્પ પૂરો થયો

બાલમુકુંદદાસજી સ્વામીને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીમાં અપાર હેત હતું. ભગવાન સ્વામિનારાયણ કહે છે, 'સત્પુરુષને વિષે આત્મબુદ્ધિ એ જ આત્મદર્શન અને પરમાત્મદર્શનનું કારણ છે.' આવી જ આત્મબુદ્ધિ બાલમુકુંદદાસજી સ્વામીને ગુણાતીતાનંદ સ્વામીમાં હતી.

સદ્‌ગુરુનું સેવન એ જ મુમુક્ષુ શિષ્યનું જીવન હોય છે. ઉત્તમ શિષ્ય નિરંતર સદ્‌ગુરુનું સાન્નિધ્ય ઝંખતો હોય છે. સદ્‌ગુરુથી વિખૂટા પડવું એને માટે કઠિન હોય છે. એકવાર ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'સાધુરામ ! તમે થોડો સંસ્કૃતનો અભ્યાસ કરો તો સારું.' સ્વામીની વાત સાંભળી બાલમુકુંદદાસજી સ્વામી મૂંઝાયા, કાંઈ બોલી ન શક્યા.

ગુણાતીતાનંદ સ્વામીએ યુવાન સંતના મુખ ઉપરના ભાવ વાંચીને પૂછ્યું, 'સાધુરામ ! કેમ મૂંઝવણ અનુભવો છો ? તમારે જે કહેવું હોય તે નિઃસંકોચ કહો !'

બાલમુકુંદદાસજી સ્વામીએ થોડા ખચકાટ સાથે કહ્યું, 'સ્વામી ! તમારી આજ્ઞા હશે તો ભણીશ, પરંતુ સંસ્કૃત ભણવામાં રોકાઈશ તો તમારી સેવા નહિ થાય અને ક્યારેક તમારાથી જુદા પડવું પડશે. સ્વામી આપની સેવા અને સાન્નિધ્ય સિવાય મારાથી રહી નહિ શકાય.'

યુવાન સંતની ગુરુભક્તિથી ભરપૂર વાત સાંભળી સ્વામી ખૂબ રાજી થયા અને બોલ્યા, 'સાધુરામ ! અમે તમને છૂટા ન પડાય એવી રીતે ભણાવીશું.' બાલમુકુંદદાસજી સ્વામી કહે, 'ભલે સ્વામી ! જેવી આપની મરજી. તમારી આજ્ઞા છે તો ભણીશું, બાકી મને તો તમારી વાતો સાંભળું છું ત્યારે લાગે છે કે મારે તો બધી બ્રહ્મવિદ્યા ભણાઈ ગઈ.' બાલમુકુંદદાસજી સ્વામીની વાત સાચી હતી કારણ કે સ્વામીની વાતોનું શ્રવણ એ જ સાચું બ્રહ્મવિદ્યાનું ભણતર હતું. એ વાતો પોતાને છતે દેહે બ્રહ્મરુપ કરી નાખે એવી હતી.

ગુણાતીતાનંદ સ્વામીએ બ્રહ્મચારી અચિંત્યાનંદજીને આજ્ઞા કરી 'તમે આ સાધુને સંસ્કૃત ભણાવો.' બ્રહ્મચારી મહારાજે સ્વામીની વાત સહર્ષ સ્વીકારી, બાલમુકુંદદાસજી સ્વામીને સારસ્વત વ્યાકરણ ભણાવ્યું. વ્યાકરણના અભ્યાસથી સ્વામીને શાસ્ત્રોમાં સારી એવી ગતિ થઈ.

સ્વામીએ પોતાના અભ્યાસને ગુરુમુખી કરવા માટે ગુણાતીતાનંદ સ્વામી પાસે વાસુદેવ માહાત્મ્યની કથા કરી. યુવાન સંતના મુખેથી કથા સાંભળી સ્વામી ખૂબ રાજી થયા અને બોલ્યા, 'સાધુરામ ! તમને ભણાવવાનો અમારો સંકલ્પ પૂરો થયો.'

બાલમુકુંદદાસજી સ્વામી કહે, 'સ્વામી તો પછી મારો ભણવાનો સંકલ્પ પણ પૂરો થયો. હવે તમારી આજ્ઞા હોય તો ભણવાનું બંધ કરી તમારી સેવામાં જોડાઉં.'

બાલમુકુંદદાસજી સ્વામીની વાત સાંભળી સ્વામી હસ્યા અને બોલ્યા, 'ભલે સાધુરામ ! તમે ભણવાનું બધું ભણી લીધું, આગળ ભણવું નથી, હવે અમે તમને અમારી સેવામાં રાખીશું.' બાલમુકુંદદાસજી સ્વામીને તો એટલું જ જોતુ ંહતું.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ સ્વામી રામદાસજીને ભલામણ કરી કે, 'હવે આ સાધુને મારી સેવામાં રાખજો.એને સેવાની રીત શીખવજો. સાથે સાથે ધ્યાનનો અભ્યાસ પણ કરાવજો.'

જ્ઞાનાભ્યાસ અને ધ્યાનાભ્યાસ

સ્વામી રામદાસજી શ્રીજી મહારાજના વખતના સંત હતા. તેઓ મૂળ શિયાણીના વતની હતા. શ્રીજી મહારાજ તેમની સેવાભક્તિથી ખૂબ જ રાજી હતા. શ્રીજી મહારાજે તેમને દીક્ષા આપી હતી અને રામદાસજી નામ પાડી નંદ ને બદલે દાસાંત નામની શરુઆત કરી હતી.

સ્વામી રામદાસજી મોટે ભાગે ગુણાતીતાનંદ સ્વામી પાસે જૂનાગઢ રહેતા. તેઓ ખૂબ જ તપસ્વી અને આજ્ઞાંકિત સંત હતા. તેઓ ભારે સદ્‌ગુણી અને માતા કરતા પણ સવાયી મમતાથી ભરેલા હતા.

સ્વામી મહારાજનું ધ્યાન કરતા ત્યારે એમને શ્રીહરિના સાક્ષાત દર્શન થતા, સ્વામી ધ્યાનમાં મહારાજને ગુલાબ મોગરાના હાર પહેરાવી પૂજા કરતા અને એ સમયે કોઈ સ્વામીના દર્શને આવે તો તેમને પણ આ ફૂલોની દિવ્ય સુગંધનો અનુભવ થતો. સ્વામીની આજ્ઞાથી સ્વામી રામદાસજી બાલમુકુંદદાસજી સ્વામી ઉપરાંત યોગેશ્વરદાસજી સ્વામી, માધવચરણદાસજી સ્વામી, માધવપ્રિયદાસજી સ્વામી, કૃષ્ણસેવાદાસજી સ્વામી વગેરે સંતોને મહારાજનો મહિમા સમજાવી ધ્યાનની

રીત શીખવતા. એકવાર સ્વામી રામદાસજીએ પૂછ્યું, ‘સંતો ! તમે ધ્યાનમાં બેસો છો ત્યારે તમને મહારાજની મૂર્તિ દેખાય છે?‘

સંતોએ કહ્યું, ‘સ્વામી મૂર્તિ દેખાતી નથી પણ ધ્યાનમાં સુખ બહુ આવે છે.‘

સ્વામીએ કહ્યું, ‘સંતો ! વરસાદ વરસે એ પહેલાં વરસાદના વાવડ આવે છે તે જ રીતે મહારાજના દર્શન થવાના થાય ત્યારે મૂર્તિના સુખનો અનુભવ થવા લાગે છે. તમને બધાને ધ્યાનમાં સુખ આવે છે તો મહારાજ અવશ્ય દર્શન દેશે, માટે શ્રદ્ધા અને ઉત્સાહથી ધ્યાન કરતા રહેજો. ખેડૂતો કૂવો ખોદે ત્યારે પહેલાં ભીની માટી આવે પછી પાણી આવે. ધ્યાનનું પણ એવું જ છે. માટે ધ્યાનમાં આળસ પ્રમાદ ન કરવો.‘

સ્વામી બાલમુકુંદદાસજીને સ્વામી રામદાસજી સાથે ભારે હેત અને આત્મબુદ્ધિ હતા. બન્ને સંતોએ બાલમુકુંદદાસજી સ્વામીને સેવાની રીત સમજાવી. સેવાની રીત શીખવતા શીખવતા સ્વામી રામદાસજીએ એક મહત્ત્વની વાત શીખવી.

‘સાધુરામ ! આપણે ચૂલો સળગાવીએ, લોટ બાંધીએ, રસોઇ કરીએ કે જે કાંઇ ક્રિયા કરીએ, એ સઘળી ક્રિયા મહારાજની મૂર્તિને સંભારીને જ કરવાનો અભ્યાસ કરવો, મૂર્તિને સંભારીને ક્રિયા કરીએ તો ક્રિયા નિર્ગુણ ભક્તિરૂપ બની જાય.’

બાલમુકુંદદાસજી સ્વામીએ સ્વામી રામદાસજીએ આપેલો મંત્ર જીવનમાં બરાબર વણી લીધો અને સૂતા, જાગતા, ઉઠતા, બેસતા, સેવા કરતા સર્વક્રિયામાં શ્રીહરિની મૂર્તિને વણી લીધી.

સ્વામી રામદાસજી ઉપર ગુણાતીતાનંદ સ્વામીનો અપાર રાજીપો હતો. સ્વામી રામદાસજીની હૂંફ નીચે બાલમુકુંદદાસજી સ્વામીનું અપૂર્વ ઘડતર થઇ રહ્યું હતું.

સંવત્ ૧૯૧૧માં સ્વામી રામદાસજી સ્વતંત્ર થકા અક્ષરધામમાં સીધાવ્યા બાદ એમનું સ્થાન બાલમુકુંદદાસજી સ્વામીએ લીધું અને સ્વામીની વર્ષો સુધી એકધારી સેવા કરી સ્વામીને રાજી કર્યા.

મહાપુરુષો દૈહિક સેવાને વિશેષ મહત્ત્વ આપતા નથી. મન, વચન અને કર્મથી શ્રીહરિ અને સત્પુરુષોની રુચિમાં રહેવું એ જ સાચી સેવા છે.

બાલમુકુંદદાસજી સ્વામી મન, વચન અને કર્મથી ગુણાતીતાનંદ સ્વામીની રુચિમાં વર્તતા હતા.

પંખીને જેમ બે પાંખો હોય એમ આજ્ઞા અને ઉપાસના મુમુક્ષુની પાંખો છે. આ બન્ને પાંખો મજબૂત હોય તો જ મુમુક્ષુ અક્ષરધામ પ્રત્યે ગમન કરી શકે છે.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનો આજ્ઞા અને ઉપાસનાનો હૃદગત અભિપ્રાય

બાલમુકુંદદાસજી સ્વામીએ આત્મસાત્ કર્યો હતો. તેઓ શ્રીહરિ અને સ્વામીની આજ્ઞાઓનું અણિશુદ્ધ જતન કરતા હતા.

સ્વામીના સમાગમથી એમના અંતરમાં માયાથી પાર જે અક્ષર અને અક્ષરબ્રહ્મથી પણ પાર જે પુરુષોત્તમનારાયણ એમની અણિશુદ્ધ ઉપાસના દૃઢ થઈ હતી. ગુણાતીતાનંદ સ્વામીએ આ ઉત્તમ એકાંતિક સંતને શાસ્ત્રોના સારરૂપ પોતાના અંતરના રહસ્યનું અમૃતપાન કરવાનું કહ્યું હતું. 'સાધુરામ ! અક્ષરધામમાં બે ચરણારવિંદની ઉપાસના છે, ચાર ચરણારવિંદની નથી. અક્ષરબ્રહ્મ પર્યંત કોઈપણ પુરુષોત્તમનારાયણ જેવો સમર્થ નથી.'

'પુરુષોત્તમનારાયણ ધારે તો અક્ષરબ્રહ્મને પણ પોતાના તેજમાં લીન કરી શકે છે. પુરુષોત્તમનારાયણ અક્ષરાદિક સર્વના નિયંતા છે, સર્વ કારણના પણ કારણ છે, સર્વના સ્વામી છે, સર્વ અવતારોના અવતારી છે, એ જ પુરુષોત્તમનારાયણ ધર્મભક્તિના પુત્રરૂપે ધરતી ઉપર પ્રગટ થયા છે.'

'ઉપાસના કોટિમાં પુરુષોત્તમનારાયણ સિવાય અક્ષરાદિ કોઈનો પ્રવેશ થઈ શકતો નથી. કન્યા વરને જ વરે, અણવરને નહિં, એવી આ વાત છે. સિંહણનું દૂધ કાં તો સિંહબાળના પેટમાં કાં તો સોળવલા સોનાના પાત્રમાં જ ઠરે.'

એમ સ્વામીની આ અણિશુદ્ધ ઉપાસનાનું અમૃત બાલમુકુંદદાસજી સ્વામીના અંતરમાં ઉતરી ગયું હતું અને રગેરગમાં રમી રહ્યું હતું. ગુણાતીતાનંદ સ્વામીનો જ્ઞાન અને ઐશ્વર્યનો વારસો એમણે બરાબર ઝીલી લીધો હતો.

શિષ્યોની તાવણી

ગુણાતીતાનંદ સ્વામી લક્ષવેધી સંત હતા. ''શું કરવા આવ્યા છીએ અને શું થાય છે ?'' આ જીવનમંત્રને સતત રટનારા સ્વામીએ પોતાના યોગમાં આવનારા સંતો-પાર્ષદો-હરિભક્તો કે અન્ય મુમુક્ષઓને ક્યારેય મહારાજે ચીંધેલા મૂળભૂત લક્ષથી ફંટાવા દીધા નથી.

શિષ્યોનો ઉછેર સદ્ગુરુઓ કઈ રીતે કરતા હોય છે એનો એક પ્રસંગ જાણવા જેવો છે. સ્વામી બાલમુકુંદદાસજી જેવા જ બીજા સંત યોગેશ્વરદાસજી હતા. તેઓ પણ ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર અને વચનસિદ્ધ મહાપુરુષ હતા. ગુણાતીતાનંદ સ્વામીએ બન્નેને સાથે જ દીક્ષા અપાવી હતી.

એકવાર સ્વામીએ બન્ને સંતોને એક વિચિત્ર આજ્ઞા કરી. ''તમારે બંનેએ રોજ બપોરે અહીં ફળિયામાં બેસીને તડકામાં બે કલાક ધ્યાન કરવું,''

બંને સંતો પણ લક્ષવેધી હતા. ''અર્થં સાધયામિ, વા દેહં પાતયામિ'' નો મંત્ર જીવમાં દૃઢ કરેલો. બેમાંથી કોઈને પણ સ્વામીની આવી વિચિત્ર આજ્ઞા માટે સંશય ન થયો. સ્વામીએ આવું તડકાનું ધ્યાન સળંગ ત્રણ મહિના ચલાવ્યું.

'તન કરી નાખે રે ગુરુવચને ચૂરે ચૂરા' બ્રહ્માનંદ સ્વામીની આ પંક્તિને અનુસરતા હોય એમ બન્ને સંતોએ ભારે શ્રદ્ધા અને ખંતથી ત્રણ ત્રણ મહિના સુધી તડકે બેસી તપ સાથે ધ્યાન કર્યું. એક વાર સ્વામીએ સામેથી બેયને બોલાવીને પૂછ્યું.''તમને ત્રણ મહિનાથી તડકે તપાવું છું, તો મનમાં કંઈ સંશય નથી થતો ?''

બંને સંતોનો જવાબ સાચા સાધક માટે વેદવાકય બને એવો હતો,''સ્વામી, અમે ઘેરથી નક્કી કરીને જ આવ્યા છીએ, કે 'સ્વામી કહે એમજ કરવું છે.' માટે પ્રશ્ન ઉઠવાનો સવાલ જ નથી.''

ગુરુના ખોળે માથું મૂકનારને નિર્વિઘ્ન પાર પાડવાની સઘળી જવાબદારી ગુરુ લે છે. સ્વામીએ પોતાની આજ્ઞાનું રહસ્ય સમજાવતા કહ્યું,''સંતો, તમારા વાન બહુ ઉજળા અને રૂપાળા છે. તડકે બેસવાથી શરીર શ્યામ પડે, ને સાથે સાથે દેહભાવેય ટળે, ટાઢ તડકો ખમવાની ટેવ પડે, તે સારુ તડકે બેસાર્યા હતા. દેહની આસક્તિ ટળે તો જ ભજનમાં સુખ આવે. સાધુઓના ત્રીસ લક્ષણો કહ્યાં છે, તેમાં એક લક્ષણ છે 'તિતિક્ષા'. તિતિક્ષાનો અર્થ છે ટાઢ-તડકો, ભૂખ-તરસ વગેરેને ધીરજથી ખમવા. તમારામાં તિતિક્ષાને દ્રઢ કરવા અમે તમને આ આજ્ઞા કરી હતી.''

આ રીતે સ્વામી પોતાના યોગમાં આવનારમાં રંચ માત્ર કસર ન રહે તે માટે સતત જાગૃત રહેતા અને મુમુક્ષુઓને મહારાજની મૂર્તિમાં જોડતા.

મહારાજ અને સ્વામીનો દિવ્ય સંવાદ

વિ. સં. ૧૯૧૧ ની સાલ હતી. ચોમાસાની ઋતુ હતી. ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢમાં બિરાજમાન હતા. દૂર દૂરથી હરિભક્તો સ્વામીનો સમાગમ કરવા આવતા હતા. સ્વામી હરિભક્તોને કથા-વાર્તાનું સુખ આપતા હતા. સદ્‌ગુરુ બાલમુકુંદદાસ સ્વામી રોજ સ્વામીની પાસે કથા વાંચતા હતા અને સ્વામીને રાજી કરતા હતા.

સ્વામીએ બાલમુકુંદદાસ સ્વામીને પોતાની પાસે ને પાસે રાખવાનો સંકલ્પ કર્યો હતો. બાલમુકુંદદાસ સ્વામીની શ્રદ્ધા પણ ઉત્કૃષ્ટ હતી. તેઓ હૃદયના ખરા ભાવથી સ્વામીનો સમાગમ કરી રહ્યા હતા.

એક સમયની વાત છે. જૂનાગઢની જૂની ધર્મશાળાને ઉપલે માળે લાંબો સળંગ

ઓંસરી ઉતાર ઓરડો હતો. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી ઘણીવાર આ ઓરડામાં બેસીને મહારાજનું ધ્યાન કરતા હતા.

એકવાર સ્વામી આ ઉપલે મેડે ઓરડામાં ટે'લી રહ્યા હતા.

એવામાં સ્વામી બાલમુકુંદદાસજી અને સ્વામી માધવપ્રિયદાસજી સ્વામીને ખોળતાં ખોળતાં ઉપર આવી ચડ્યા. આ બધા સંતોને તો સ્વામીના દર્શનની અને સ્વામીના મુખેથી વાતો સાંભળવાની ભારે ખેંચ રહેતી.

બંને સંતો ધર્મશાળાના પગથિયાં ચડી ઉપર મેડે ગયા, તો એમણે કોઈ અનોખું જ દૃશ્ય જોયું.

સ્વામી ઓરડામાં ટહેલતાં ટહેલતાં કોઈની સાથે વાતો કરી રહ્યા હતા.

બંને સંતોને સમજતાં વાર ન લાગી કે, 'સ્વામી મહારાજ સાથે વાતો કરી રહ્યા છે.' તેઓ ચૂપચાપ સ્વામીને ખબર ન પડે તેમ એકબાજુ ઊભા રહીને મહારાજ અને સ્વામીનો દિવ્ય સંવાદ સાંભળતા રહ્યા. સ્વામી અને મહારાજનો સંવાદ ઘણીવાર સુધી ચાલ્યો. બંને સંતો આ દિવ્ય અનુભૂતિમાં ગરકાવ થઈ ગયા. થોડીવાર પછી મહારાજ અદૃશ્ય થયા અને સ્વામીની દૃષ્ટિ આ બંને ઉત્તમ કોટિના શિષ્યો ઉપર પડી. સ્વામી બેયની સામે જોઈ હસવા લાગ્યા અને બોલ્યા, “સાધુરામ ! આમ કોઈની વાત ખાનગીમાં સાંભળવી, એ સારું ન કહેવાય !”

બંને સંતોએ સ્વામીને પગે લાગીને કહ્યું, “સ્વામી ! આજ અમારા અહો ભાગ્ય કે, અમને આ દિવ્ય સંવાદ સાંભળવાનો અવસર પ્રાપ્ત થયો.”

સ્વામી બોલ્યા, “સંતો ! અમે તો મહારાજ સાથે અખંડ વાતો કરીએ છીએ અને અમારે તમને પણ એવા જ કરવા છે.”

સ્વામીના અંતરના આશીર્વાદ શિષ્યો ઉપર વરસી રહ્યા હતા. સ્વામીના વચનો સાંભળીને બંને સાધુઓ ધન્ય ધન્ય થઈ ગયા.

એ યુવાન છે, ભલે પગે હાલે

વિ.સં. ૧૯૧૨ માં આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે વરતાલ ખાતે ચાતુર્માસના ચાર મહિના સત્સંગિજીવનની કથા બેસાડી છાવણી યોજી હતી.

વરતાલની આ ઐતિહાસિક છાવણી પૂરી થયા બાદ રઘુવીરજી મહારાજ સદ્‌ગુરુ સંતો, બ્રહ્મચારીઓ અને પાર્ષદોને સાથે લઈને વરતાલની આસપાસના ગામડાંમાં વિચરણ કરી રહ્યા હતા. જૂનાગઢથી પધારેલા ગુણાતીતાનંદ સ્વામી અને બાલમુકુંદદાસજી સ્વામીને પણ મહારાજશ્રીએ આગ્રહ પૂર્વક સાથે લીધા હતા.

એક ગામથી બીજે ગામ મજલે મજલે મુકામ થઈ રહ્યા હતા. છડી, છત્ર, ચામર સાથે ભારે દબદબાપૂર્ણ રીતે મહારાજશ્રીની ગામે ગામ પધરામણી થઈ રહી હતી.

એક ગામથી બીજે ગામ જવા માટે રઘુવીરજી મહારાજ માટે સિગરામ તથા સદ્‌ગુરુ સંતો માટે ગાડાંઓની વ્યવસ્થા કરવામાં આવી હતી. સદ્‌ગુરુઓની સાથેના સેવકો માટે પણ અલગ અલગ ગાડાંઓની વ્યવસ્થા કરવામાં આવી હતી.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી તો ગાડાંમાં બેસવાને બદલે સદ્‌ગુરુઓના ગાડાંઓની હાર્યે ને હાર્યે પગે હાલતા હતા અને સેવકધર્મ નિભાવતા હતા.

બાલમુકુંદદાસજી સ્વામીને આ રીતે પગપાળા ચાલતા જોઈ શુકાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું 'સ્વામી ! બધા સેવકો માટે ગાડાંની વ્યવસ્થા છે તો આ તમારા સેવકને પણ ગાડામાં બેસવાની આજ્ઞા કરો.'

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'સ્વામી ! એની જુવાન અવસ્થા છે તો ભલે પગે હાલે. આ અવસ્થાએ શરીરને બહુ પાલવવું પોષાય નહિ. આપણે નહીં હોઈએ ત્યારે એને ગાડામાં બેસવાનું જ છે પણ હમણાં તો પગે હાલે એ જ બરાબર છે. આપણી હારે હાલશે તો આગળ ક્યાંક કામમાં પણ આવશે.'

ગુણાતીતાનંદ સ્વામીની વાતનો મર્મ શુકાનંદ સ્વામી સારી રીતે સમજી ચૂક્યા હતા. એમના મનમાં થયું 'ગુણાતીતાનંદ સ્વામી સદ્‌ગુરુ તરીકેની ફરજ બરાબર બજાવી રહ્યા છે અને સામે શિષ્ય પણ એવો જ ઉત્કૃષ્ટ શ્રદ્ધાવાળો છે.'

ગાડાં ચાલતા રહ્યાં. બાલમુકુંદદાસજી સ્વામી પણ પગલે પગલે મહારાજની મૂર્તિ સંભારી, સદ્‌ગુરુઓના ગાડાંની પાછળ પાછળ ચાલતા રહ્યા.

હવે બન્યું એવું કે સદ્‌ગુરુઓના ગાડે જોડેલા બળદો વરતાલ મંદિરના હોવાથી તાજા માજા અને હૃષ્ટપુષ્ટ હતા જ્યારે સેવકો માટે હરિભક્તોએ જે બળદો આપેલા એ મનમાંદા સેવક જેવા હતા. પરિણામે સદ્‌ગુરુઓના ગાડાંઓને સેવકોનાં ગાડાં આંબી શક્યા નહીં અને ખૂબ જ પાછળ રહી ગયા.

આ બાજુ રસ્તામાં એક ગામ આવ્યું એમાં અચાનક પધરામણીએ જવાનો કાર્યક્રમ ગોઠવાયો. સદ્‌ગુરુઓ પાસે કોઈ સેવકો હાજર નહોતા, એકમાત્ર સેવક બાલમુકુંદદાસજી હતા.

બાલમુકુંદદાસજી સ્વામીએ સદ્‌ગુરુઓની સેવાનો અવસર ઝડપી લીધો અને સદ્‌ગુરુ સંતોની ધાબળીઓ જે પધરામણી વખતે પાથરવાના કામમાં આવતી હતી તે પોતાના માથે લીધી અને ઝડપથી આગળ જઈ સૌ સંતોના આસન તૈયાર કરી

લીધા અને પધરામણી પ્રસંગે કરવાની બીજી તૈયારીઓ પણ કરાવી દીધી. શુકસ્વામી આ બધું જ નીરખી રહ્યા હતા. એમણે ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું, "સ્વામી ! તમારા સાધુ તો ખરા છે. દોડી દોડીને કેવી સેવા કરે છે ! જોગી !તમે રસ્તામાં કહ્યું હતું કે 'હાર્યે હશે તે કામ આવશે.' તમારી વાત સાચી ઠરી. હાલીને આપણી હાર્યે રહ્યા તો ખરેખર કામ આવ્યા. "

બાલમુકુંદદાસજી સ્વામીના અંતરમાં સદ્‌ગુરુઓ પ્રત્યે ખૂબજ ભાવ હતો અને સાથોસાથ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજનો પણ ભારોભાર મહિમા હતો. સ્વામી સદ્‌ગુરુઓ તેમજ આચાર્યશ્રીની સેવાનો અવસર શોધતા જ રહેતા અને અવસર મળે તો સહેજ પણ ચૂકતા નહીં. એમના અંતરમાં સેવકપણાનું સહેજ પણ અભિમાન નહોતું. એમની સેવા સહજ સરલતાપૂર્ણ અને સમજણપૂર્વકની હતી.

એક સમયે એવું બન્યું કે રઘુવીરજી મહારાજને માર્ગમાં લઘુશંકા કરવાની ઈચ્છા થઈ એટલે સીગરામ ઉભો રખાવ્યો. નીચે ઉતર્યા, લઘુશંકા પતાવી પાછા સીગરામમાં બેઠા. મહારાજશ્રીનો સેવક ટાણા ઉપર આઘો પાછો થઈ ગયેલો. એટલે એમની મોજડી નીચે રહી ગઈ. દૂરથી દર્શન કરી રહેલા બાલમુકુંદદાસજી સ્વામીએ સેવાનો અવસર ઝડપી લીધો અને ઝડપથી મહારાજશ્રીની મોજડી ઉપાડી સીગરામમાં મૂકી દીધી. રઘુવીરજી મહારાજ આ જોઈ ગયા.

રઘુવીરજી મહારાજનું હૃદય સંતો પ્રત્યે ભારે મહિમાથી ભરેલું હતું. એક ભગવા કપડાંધારી સંત પોતાની મોજડી ઉપાડે એ એમને જરાય રુચ્યું નહીં. તેઓશ્રી થોડા દિલગીર થઈ ગયા અને બોલ્યા, 'સ્વામી, તમે સાધુ થઈને મારી મોજડી કેમ અડ્યા, મને અપરાધ લાગે.'

બાલમુકુંદદાસજી સ્વામીએ કહ્યું, 'બાપજી ! તમે તો સાધુનાય ગુરુ અને ભગવાનના દીકરા છો. અમે તમારા સેવક છીએ. આવી સેવાનો અવસર અમને ક્યારે મળે ? સાધુ સહજ નિર્મળ વાણી , મહિમાબુદ્ધિ અને નિર્મળ ભાવ નિહાળી, મહારાજ અત્યંત રાજી થયા અને બોલ્યા, 'સેવકો તો ઘણા હોય, સાધુ પણ ઘણાય હોય પરંતુ આ ગુણાતીતાનંદ સ્વામીના સાધુ તો સાવ નોખી ભાતના છે.'

શુકમુનિના શિષ્યની અણસમજણ

એકવાર ગુણાતીતાનંદ સ્વામીએ શુકમુનિને આગ્રહ કર્યો હતો કે, "આપ જૂનાગઢ દેશમાં વિચરણ કરવા પધારો. આપ મહારાજ સાથે ખૂબ રહ્યા છો, મહારાજની અનેક લીલાઓના આપ સાક્ષી છો, જૂનાગઢ દેશના હરિભક્તોને

આપના દર્શન થાય અને આપના મુખેથી કથા-વાર્તા સાંભળવા મળે, એવી હૃદયથી ઈચ્છા છે.'' ગુણાતીતાનંદ સ્વામીના આગ્રહથી શુકમુનિ પાંચ-સાત સંતોને સાથે લઈને વડતાલથી જૂનાગઢ પધાર્યા હતા.

સ્વામીનો એક સેવક સાધુ થોડો ઉદ્ધત હતો, તે શુકમુનિ જેવા સંતની સાથે રહેતો હતો પણ શુકમુનિનો મહિમા યથાર્થ સમજતો નહોતો.

બાલમુકુંદદાસ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીની રુચિ સમજીને જે રીતે સેવા કરતા હતા, તે જોઈને શુકમુનિના ચેલાને ભારે આશ્ચર્ય થયું.

ઘણીવાર એવું બનતું, બાલમુકુંદદાસ સ્વામીએ ખૂબ ભાવથી રસોઈ બનાવી હોય પણ ક્યારેક સ્વામી એમાંથી થોડું જમે બાકી સમાગમ કરવા આવેલા હરિભક્તોને પ્રસાદ રૂપે આપી દ્યે.

ક્યારેક સ્વામી સમઢિયાળાના ભોજા ભગતને પ્રસાદી આપે. ક્યારેક સ્વામી ગણોદના અભેસિંહજીને પ્રસાદી આપે. ક્યારેક સ્વામી લોધિકાના અભયસિંહજીને પ્રસાદી આપે. સ્વામી બાલમુકુંદદાસજીને ક્યારેય એવું ન થાય કે, આટલી આટલી મહેનતથી રસોઈ કરી અને સ્વામી પોતે જમતાં નથી અને બીજાને આપી દે છે.

બાલમુકુંદદાસ સ્વામીને મન તો, સ્વામી જમે કે ન જમે, સ્વામીની રુચિમાં રહેવું અને સ્વામીને રાજી કરવા એ જ તાન હતું.

શુકમુનિનો ચેલો આ બધું જોઈને આશ્ચર્ય પામતો હતો.

એવામાં એક પ્રસંગ એવો બન્યો. ગુજરાતમાંથી કાનદાસ ભગત સ્વામીનો સમાગમ કરવા આવ્યા હતા. એને ખૂબ શરદી થઈ ગઈ હતી.

સ્વામીએ બાલમુકુંદદાસ સ્વામીને કહ્યું, ''સાધુરામ ! આ કાનદાસ ભગત માટે ગરમ ગરમ રાબ કરી આપો અને અમને પણ થોડી શરદી જેવું લાગે છે, તો અમે પણ રાબ પીશું.''

સ્વામીની આજ્ઞા થઈ એટલે સ્વામી બાલમુકુંદદાસજીએ રાબ તૈયાર કરી સ્વામીને ભંડારમાં બોલાવ્યા.

સ્વામી કાનદાસ ભગતને સાથે લઈને ભંડારમાં ગયા.

બાલમુકુંદદાસ સ્વામીએ સ્વામીના પતરમાં રાબ પીરસી. પણ કોણ જાણે કેમ, સ્વામીએ કહ્યું,''સાધુરામ ! હવે અમારે રાબ પીવી નથી. આ બધી જ રાબ કાનદાસ ભગતને આપી દ્યો.''

સ્વામીની આજ્ઞા થઈ એટલે બાલમુકુંદદાસ સ્વામીએ બધી જ પ્રસાદીની રાબ કાનદાસ ભગતને આપી દીધી.

આ બાજુ ગુણાતીતાનંદ સ્વામી પોતાને આસને પધાર્યા અને બાલમુકુંદદાસ સ્વામી પણ ધર્મશાળામાં પધાર્યા.

પેલા શુકમુનિના શિષ્યે બાલમુકુંદદાસ સ્વામીને પૂછ્યું, "સ્વામીએ રાબ પીધી ?" બાલમુકુંદદાસ સ્વામીએ કહ્યું, "ના, સ્વામીએ બધી જ રાબ કાનદાસ ભગતને આપી દીધી."

પેલા શુક સ્વામીના ચેલાથી આજે રહેવાયું નહિ. એણે કહ્યું,"બાલમુકુંદદાસ ! તમે તો ગુરુ પાછળ ભારે ઢસરડાં કરો છો ! અમે તો અમારા ગુરુ આવું કરે તો પછી ક્યારેય રાબ ન કરી દઈએ. આપણે જેની-તેની ચાકરી કરવા માટે થોડા સાધુ થયા છીએ."

શુક સ્વામીના ચેલાની વાત સાંભળી બાલમુકુંદદાસ સ્વામીને મનમાં એની ભારે દયા આવી. સ્વામીએ કહ્યું, "અમારે તો સ્વામી રાબ પીવે કે ન પીવે, એ રાજી થાય, એમાં બધું આવી જાય."

બાલમુકુંદદાસ સ્વામીના મનમાં થયું, મારે આને હિતના બે શબ્દ કહેવા જોઈએ. સ્વામીએ કહ્યું, "ભલા માણસ ! શુકમુનિ કેવા મોટા સાધુ છે ! ભગવાન સ્વામિનારાયણનો એમણે કેટલો રાજીપો મેળવ્યો છે ! આવા મહાન ગુરુ મળ્યા પછી એમની સાથે આવું વર્તન કરાતું હશે ? મોટા સંતોને તો કોઈ સેવા કરે કે ન કરે, એની કાંઈ પડી ન હોય, પરંતુ આપણા જીવનું બગડી જાય, એનું શું ?"

બાલમુકુંદદાસ સ્વામી પેલા સાધુના જીવના હિત માટે વાત કરી રહ્યા હતા પરંતુ એના ગળે વાત ઉતરતી હોય એમ લાગતું નહોતું.

યાદવો ભગવાન શ્રીકૃષ્ણની ભેળા જ રહ્યા, પણ તેઓ ભગવાન શ્રીકૃષ્ણનો મહિમા યથાર્થ સમજી શક્યા નહોતા. એમ કેટલાક જીવ પૂર્વના સંસ્કારોને જોગે મહાપુરુષોની પાસે આવી તો જાય, પણ મહાપુરુષોના મહિમાને યથાર્થ સમજી ન શકે.

શુકમુનિના શિષ્યની આવી દશા હતી.

બાલમુકુંદદાસજી ભલે અમારી સાથે રહે

એકવાર સ્વામી ચૈત્રી પૂનમના સમૈયા ઉપર વડતાલ પધાર્યા હતા. સ્વામી રામદાસજી, સ્વામી યોગેશ્વરદાસજી, સ્વામી બાલમુકુંદદાસજી વગેરે સંતો સ્વામીની સાથે હતા.

સ્વામી વડતાલથી ગઢપુર પધાર્યા. ગઢપુરથી સ્વામીને રાજકોટ આવવું હતું.

સ્વામીએ સ્વામી રામદાસજીને કહ્યું,"તમે થોડા સંતો જૂનાગઢ જાવ, અમે

રાજકોટ થઈને જૂનાગઢ આવીશું.''

આ અરસામાં બાલમુકુંદદાસ સ્વામીનો પગ દુઃખતો હતો, એટલે સ્વામી રામદાસજીએ કહ્યુ, ''આ બાલમુકુંદદાસનો પગ દુઃખે છે, તો એ ભલે જૂનાગઢ જાય અને આપની સેવામાં હું રોકાઈશ.''

સ્વામીએ કહ્યું, ''તમે જુનાગઢ જાવ, બાલમુકુંદદાસજી ભલે અમારી સાથે રહે. એ અમારી પાસે નિયમિત કથા વાંચે છે, એટલે અમારે એમની જરૂર છે.''

આ રીતે સ્વામીએ રામદાસજીને જૂનાગઢ મોકલ્યા અને પોતે સ્વામી બાલમુકુંદદાસજી વગેરે ચાર-પાંચ સાધુઓને લઈ રાજકોટ પધાર્યા.

રાજકોટની આસપાસના ગામડાંઓમાં ફરી સ્વામી જૂનાગઢ પધાર્યા. સ્વામીએ બાલમુકુંદદાસજીને કહ્યું હતું કે ''અમે તમને અમારી સાથે જ રાખીશું.'' આ વચનને સ્વામી પાળી રહ્યા હતા.

અમરત લાવો અમરત

એક સમયની વાત છે. શણગાર આરતી પછી ગુણાતીતાનંદ સ્વામી ગુણાતીત-સભામંડપમાં બિરાજમાન હતા.

જૂનાગઢના મોટા મોટા નાગર બ્રાહ્મણો ચકુભાઈ, માધવરાયભાઈ, સદાશંકરભાઈ વગેરે સ્વામીના મુખેથી કથાવાર્તા સાંભળી રહ્યા હતા.

સ્વામી બાલમુકુંદદાસજી પાસે સ્વામી મોટે ભાગે વચનામૃત વંચાવીને વાતો કરતા. સ્વામી વચનામૃતને 'અમરત' કહેતા.

સ્વામી કહેતા, 'સાધુરામ ! અમરત લાવો અમરત !'

સ્વામી બાલમુકુંદદાસજી તુરત જ વચનામૃતનો ચોપડો લઈને હાજર થતા. સ્વામી એમાંથી પસંદ કરીને શ્રીહરિની સર્વોપરિ ઉપાસનાના વચનામૃત વંચાવતા, પછી એના રહસ્યને છતાં કરી સમજાવતા.

સ્વામીની વચનામૃત ઉપરની નિરૂપણ શૈલી અદ્‌ભૂત હતી.

એકવાર તો વરતાલમાં શુકમુનિએ કહ્યું હતું કે 'સ્વામી ! આ વચનામૃતો મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી જેવા સદ્‌ગુરુઓએ શોધ્યા અને મેં મારે હાથે લખ્યા, પરંતુ એનો મર્મ તો આપ આના ઉપર નિરૂપણ કરો છો ત્યારે સમજાય છે.'

ગુણાતીતાનંદ સ્વામીએ ચાતકની પેઠે શ્રીહરિના મુખેથી વચનામૃત પીધા હતાં. ક્યારેક તો સ્વયં મહારાજે સ્વામીને એકાંતમાં પોતાની પાસે બેસાડીને

વચનામૃતના રહસ્યને મુખોન્મુખ પાયું હતું. સ્વામીએ શ્રીહરિના વચનામૃતના હાર્દને બરાબર આત્મસાત કર્યું હતું. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી એ રહસ્યનું અમૃત પોતાના અંતેવાસી શિષ્ય બાલમુકુંદદાસજીને પાઈ રહ્યા હતા.

બાલમુકુંદદાસજીનો તાવ રોક્યો

એક વખત સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢમાં સાધુઓના ભંડારનું કામ કરાવી રહ્યા હતા. સ્વામી ગોવિંદચરણદાસજી ભંડારના કામની દેખરેખ રાખી રહ્યા હતા.

એવામાં અચાનક કોઈ કામ પ્રસંગવશાત્ ગોવિંદચરણદાસજીને હાટીના માળિયા જવાનું થયું.

ગુણાતીતાનંદ સ્વામીએ ભંડારની સેવાનું કાર્ય સ્વામી બાલમુકુંદદાસજીને સોંપ્યું. સ્વામી બાલમુકુંદદાસજી સ્વામીની આજ્ઞાથી ભંડારનું કાર્ય સંભાળવા લાગ્યા.

એકવાર સ્વામી બાલમુકુંદદાસજી સ્વામીના દર્શને આવ્યા. સ્વામીએ બાલમુકુંદદાસજી સામે જોયું તો સ્વામીને ખ્યાલ આવી ગયો કે, થોડા દિવસમાં આને તાવ આવશે. સ્વામીને થયું, "બાલમુકુંદદાસજીને તાવ આવશે, તો ભંડારનું કામ અટકી પડશે. માટે ગોવિંદચરણદાસજીને માળિયાથી પાછા બોલાવી લેવા જોઈએ, જેથી ભંડારનું કામ એ સંભાળી લ્યે."

આ જ અરસામાં માળિયાથી કેટલાક હરિભક્તો સ્વામીના દર્શને આવ્યા હતા. સ્વામીએ એમને કહ્યું કે, "તમે ગોવિંદચરણદાસજીને કહેજો કે, જલદી જૂનાગઢ આવી જાય."

હરિભક્તોએ માળિયા જઈને સ્વામી ગોવિંદચરણદાસજીને વાત કરી કે, સ્વામી તમને જૂનાગઢ તેડાવે છે.

પરિસ્થિતિ એવી હતી કે, માળિયાનું કેટલુંક કામ અધૂરું હતું, એટલે ગોવિંદચરણદાસજી ત્યાંથી નીકળી શકે એમ નહોતા. એમણે સ્વામીને કહેવડાવ્યું કે, "સ્વામી, આ પરિસ્થિતિ છે, તો મારાથી હમણાં માળિયા છોડીને ત્યાં આવી શકાય એમ નથી."

સ્વામીને પણ થયું કે, "ગોવિંદચરણની વાત સાચી છે."

સ્વામીએ નવો જ રસ્તો કાઢ્યો. પોતાનું અલૌકિક ઐશ્વર્ય વાપરીને બાલમુકુંદદાસજીને તાવ આવવાનો હતો, એ તાવ જ સ્વામીએ રોકી દીધો અને ભંડારનું કામ નિર્વિઘ્ન ચાલુ રખાવ્યું.

થોડા દિવસમાં માળિયાનું કામ પતાવી ગોવિંદચરણદાસ સ્વામી પાછા આવ્યા અને ભંડારનું કામ સંભાળી લીધું.

સ્વામી બાલમુકુંદદાસજીએ સ્વામી પાસે કથા વાંચવાનું કામ સંભાળી લીધું.

અક્ષરમુક્તના આકરા નિયમ

ભગવાન સ્વામિનારાયણે ત્યાગીઓને આજ્ઞા કરી છે કે 'દિવસની નિદ્રાનો ત્યાગ કરવો અને નવધા ભક્તિથી કાળ નિર્ગમન કરવો.'

શિક્ષાપત્રીમાં આજ્ઞા તો ઘણી છે પરંતુ ત્યાગીઓ માટે આ આજ્ઞા અતિ કઠણ છે. સંપ્રદાયમાં ભાગ્યે જ આ આજ્ઞાનું પાલન થતું હશે. ત્યાગીઓ માટે બપોરે જાગવું એ ભારે કપરું ગણાય. પરંતુ બાલમુકુંદદાસજી સ્વામીની વાત નોખી હતી. એમને તો શ્રીહરિ અને સદ્‌ગુરુની આજ્ઞા એ જ જીવન હતું. સ્વામી ક્યારેય બપોરે સૂતા નહીં. માળા કરતા, વાંચન કરતા, નાની મોટી સેવા પ્રવૃત્તિઓ કરતા અને ઊંઘ આવે તો સભા મંડપમાં ટહેલતા ટહેલતા હરિસ્મરણ સાથે બપોરનો ગાળો પસાર કરી દેતા.

હવે બનતું એવું કે બપોરની નિદ્રા ન થઈ હોય એટલે સાંજની સભામાં સ્વામીને ઝોલાં આવતાં.

ગુણાતીતાનંદ સ્વામી કુશળ ઘડવૈયા હતા. એમણે કહ્યું, 'સાધુરામ ! તમારે સભાના સમયે ઝોલા આવે તો મંદિર ઉપર જાવું. ત્યાંથી હાર લઈ આવવા. પછી જેનો રાત્રે જાગવાનો વારો હોય તેને કહેવા જાવું અને તેમને હાર પહેરાવવા, આ દૈહિક ક્રિયા થાય એટલે ઊંઘ ઉડી જાય.'

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે, તમોગુણને રજોગુણથી જીતવો અને રજોગુણને સત્ત્વગુણથી જીતવો. તમોગુણ ઊંઘ આળસ પ્રધાન છે. રજોગુણ ક્રિયાપ્રધાન છે અને સત્વગુણ પ્રસન્નતા પ્રધાન છે.

ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞામાં દૈહિક ક્રિયાપ્રધાન રજોગુણ દ્વારા નિદ્રામય તમોગુણ જીતવાની શિક્ષા હતી.

સ્વામીની આજ્ઞા પ્રમાણે બાલમુકુંદદાસજી સ્વામી સેવા કરવા લાગ્યા એટલે એમની ઝોલાની સમસ્યા પૂરી થઈ.

બાલમુકુંદ સ્વામી રાત્રે બાર વાગ્યા સુધી ભજન કરતા. સ્વામી મોડા સૂવે તો પણ વહેલા ચાર વાગ્યે ઉઠી જતા. તેઓ હંમેશા ગુણાતીતાનંદ સ્વામીના સાન્નિધ્યમાં રહીને સેવા કરતા. રાત્રે સ્વામીની પાસે જ સૂતા, જેથી જરૂર પડે જાગી જવાય.

જ્યારે અવસર મળે ત્યારે તેઓ સ્વામી પાસે વચનામૃત કે ગોપાળાનંદ સ્વામીની વાતો વાંચતા. બાલમુકુંદદાસજી સ્વામીએ સેવા અને સમાગમ દ્વારા ગુણાતીતાનંદ સ્વામીના અંતરમાં સર્વ શિષ્યોમાં મોખરાનું સ્થાન મેળવ્યું હતું.

ગુણાતીતાનંદ સ્વામી પણ જેમ ગાય વાછરડાને ધવરાવે એમ આ અક્ષરના મુક્તને વચનામૃત અને ગોપાળાનંદ સ્વામીની વાતોનું રહસ્ય સમજાવતા અને પંખી જેમ ઈંડાનું સેવન કરે તેમ આ યુવાન સંતનું પોષણ અને સેવન કરતા.

એવામાં એકવાર ચાતુર્માસનો સમય આવ્યો. નીમી એકાદશીની આગલી રાતે સર્વ સંતો, બ્રહ્મચારીઓ, પાર્ષદો, હરિભક્તો ગુણાતીતાનંદ સ્વામીની પાસે આવી નિયમ ગ્રહણ કરવા લાગ્યા.

બાલમુકુંદદાસજી સ્વામી પણ સ્વામીની પાસે નિયમ લેવા આવ્યા.

ગુણાતીતાનંદ સ્વામીએ મંદ મંદ હસીને પૂછ્યું, ‘સાધુરામ ! શું નિયમ લેશો ?’

બાલમુકુંદદાસજી સ્વામી બોલ્યા, ‘સ્વામી! તમે દયા કરીને આજ્ઞા આપો તો મારે ચાર મહિના સુધી નિદ્રાનો ત્યાગ કરી મહારાજની મૂર્તિના અખંડ અનુસંધાન સાથે ભજન કરવાનું નિયમ લેવું છે.’

બાલમુકુંદદાસજી સ્વામીની વાત સાંભળી સ્વામી પણ અતિ રાજી થયા અને બોલ્યા, ‘સાધુરામ ! આ તો બહુ આકરું નિયમ છે. આવું નિયમ દેવ, મનુષ્યથી ન રહે. અક્ષરના મુક્ત હોય તે જ આ નિયમ રાખી શકે. શ્રીહરિ તમને આ નિયમ પાળવાનું બળ આપે.’

ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા, ‘પરમહંસો ! આ અમારા શિષ્યે આવું આકરું નિયમ લીધું તો અમારે પણ કંઈક કઠણ નિયમ લેવું જોઈએ.’

બધા જ સંતો ભક્તોના કાન સરવા થયા કે ‘સ્વામી શું નિયમ રાખશે ?’

સ્વામી બોલ્યા, ‘અમારી આવરદા તો અઠાવન વર્ષની હતી, અમે તો ક્યારના અમારા મૂળ સ્થાને પહોંચી ગયા હોત, પરંતુ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે એમનું સર્વોપરિ જ્ઞાન પ્રવર્તાવવા માટે અમને આ પૃથ્વી ઉપર રાખ્યા છે.

ભગવાન સ્વામિનારાયણે સ્વમુખે કહેલ કે ‘વાતો શ્રેષ્ઠ છે’ ત્યારથી અમે કથાવાર્તાનો સોપો પડવા દેતા નથી. આ બાલમુકુંદદાસજીના નિયમને સાંભળ્યા પછી અમને મનમાં થાય છે કે અમારે સાડા ચાર મહિના સુધી રોજ શ્રીહરિના મહિમાની નવી નવી વાતો કરવી. એકની એક વાત ફરીને આવવા ન દેવી.’

સાંભળનારા સર્વ આશ્ચર્યચકિત થઈ ગયા.

અલૌકિક વારસો આપ્યો

ભગવાન સ્વામિનારાયણે ગાદીઓની સ્થાપના પછી બન્ને દેશોની સંભાળ રાખવાનું કાર્ય ગોપાળાનંદ સ્વામીને સોંપ્યું હતું.

ગોપાળાનંદ સ્વામીએ વિશાળ સંપ્રદાયના સારી રીતે સંચાલન માટે આજના મેનેજમેન્ટના ખેરખાંઓ દંગ રહી જાય એવી સુંદર વ્યવસ્થા ગોઠવી હતી. જેમાં બન્ને ગાદીઓ ટોચના સ્થાને હતી. ત્યાર પછી સદ્‌ગુરુ સંતો હતા. એક એક સદ્‌ગુરુના હાથ નીચે મંડળધારી શિષ્યો રહેતા. એક એક મંડળધારીની નીચે પાંચ સાત સંત પાર્ષદોનું જૂથ રહેતું. સંપ્રદાયમાં સદ્‌ગુરુની પદવી ભારે મહાન ગણાય છે. સદ્‌ગુરુની પદવી આપવાની પ્રથા સ્વયં ભગવાન સ્વામિનારાયણે શરુ કરી હતી.

એક સમયે સંપ્રદાયમાં સદ્‌ગુરુની પદવી પ્રાપ્ત કરવી એ આજના જેવી સરળ વાત નહોતી. વર્ષો સુધી સંપ્રદાયની એકધારી સેવા કરી તન મન ઘસી નાખ્યા હોય એવા સંતોને જ આચાર્યશ્રી ‘સદ્‌ગુરુ’ની પદવી આપતા.

સદ્‌ગુરુઓ પોતાના શિષ્ય મંડળમાંથી કાર્ય કુશળ અને કથાવાર્તા કરવામાં પ્રવીણ હોય એવા સંતને મંડળધારી બનાવતા.

બન્ને ગાદીના સમસ્ત સત્સંગને નાના નાના પેટા પ્રેદશોમાં વહેચી નાખવામાં આવેલો હતો અને મંડળધારી સંતો એક એક વર્ષ સુધી તે તે પ્રદેશોમાં ફરતા રહેતા. એક વર્ષ પછી તેમનો વારો બદલાઈ જતો. એની જગ્યાએ બીજા મંડળધારીનો વારો આવતો.

આ રીતે સમસ્ત સંપ્રદાયના સત્સંગીઓને વર્ષે વર્ષ નવા નવા સંતોનો લાભ મળતો અને સતત ફરતા રહેવાથી સંતો પણ વહેતા પાણીની જેમ નિર્મળ અને નિર્બંધ રહેતા.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ પોતાના શિષ્યોના દસ મંડળો પોતાની હયાતીમાં બાંધ્યા હતા.

૧. બ્રહ્મચારી અચિંત્યાનંદજી મહારાજ ૨. સ્વામી મહાપુરુષદાસજી ૩. ધ્યાની સ્વામી કૃષ્ણસેવાદાસજી ૪. સ્વામી બાલમુકુંદદાસજી ૫. સ્વામી યોગેશ્વરદાસજી ૬. સ્વામી રઘુવીરચરણદાસજી ૭. સ્વામી કેશવચરણદાસજી ૮. સ્વામી અક્ષરસ્વરુપદાસજી ૯. સ્વામી માધવપ્રિયદાસજી ૧૦. પાર્ષદ જેરામ ભગત

આમાંથી સ્વામી બાલમુકુંદદાસજીનું મંડળ બાંધ્યુ એ પ્રસંગ ઘણોજ રોચક છે.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને મનમાં થયું કે ‘મારે થોડા સમયમાં શરીર

છોડવું છે, શરીર છોડતા પહેલાં બાલમુકુંદદાસજીને મંડળધારી બનાવી એમનું મંડળ બાંધતો જાઉં.'

સ્વામીએ બાલમુકુંદદાસજી સ્વામીને બોલાવીને કહ્યું કે 'અમારે તમારું મંડળ બાંધવું છે. કારણ કે હવે અમારા શરીરનો ભરોસો નથી.'

બાલમુકુંદદાસજી સ્વામીએ કહ્યું, 'સ્વામી ! મંડળ ચલાવી શકું એવી મારામાં આવડત નથી. બીજું, સત્સંગમાં ઉપાધિઓનો પાર નથી. તમે મંડળ બાંધી દેશો તો પણ કેટલાક લોકો મારું મંડળ ચાલવા દેશે નહિં. એમાં પણ અત્યારે તો અમારે તમારો ઓથ છે પરંતુ તમે ધામમાં જાવ ત્યારે ઓથ પણ ન હોય ત્યારે આ બધી ઉપાધિઓ મારાથી સહન કઈ રીતે થાય ?' આટલી વાત કરતાં કરતાં એમની આંખોમાં ઝળઝળીયાં આવી ગયાં. સત્સંગમાં ચાલી રહેલી જાત જાતની ઉપાધિઓની વાત ગુણાતીતાનંદ સ્વામી સારી પેઠે જાણતા હતા.

સ્વયં અક્ષરબ્રહ્મનો અવતાર હોવા છતાં જાત જાતની ઉપાધિઓ સહન કરી રહ્યા હતા અને એટલે જ બાલમુકુંદદાસજી સ્વામીની મૂંઝવણ સ્વામી પારખી ગયા હતા.

બાલમુકુંદદાસજી સ્વામીની મૂંઝવણને ટાળવા સ્વામી પોતાના અસલી રંગમાં આવી ગયા હતા. એમણે પોતાનો જમણો હાથ પોતાની છાતી ઉપર મૂકીને કહ્યું, 'બાલમુકુંદદાસ ! તમે મને શું જાણો છો, મારું નામ ગુણાતીતાનંદ છે. મહારાજના ધામમાં અમારું ધાર્યું થાય છે. જરાય ચિંતા કરશો મા. તમે બધા સાધુઓમાં સર્વોપરિ થશો. સારા સારા સાધુઓ ખેંચાઈને તમારા મંડળમાં આવશે. આચાર્ય પણ તમારું વેણ ઉથાપશે નહિ. પુરા વરતાલ દેશમાં તમારું ધાર્યું થશે. તમે જે બોલશો તે સત્ય થશે. તમારા દ્વારા સત્સંગમાં ઘણા કાર્યો થશે અને સાંભળો, અમારે તમારા દ્વારા જે કાંઈ કાર્યો કરાવવાનાં છે તે પૂર્ણ થશે ત્યારે ભગવાન સ્વામિનારાયણને સાથે લઈને અમે તમને તેડવા આવીશું અને અક્ષરધામમાં લઈ જઈશું.'

સ્વામીના મુખમાંથી અલૌકિક વાક્પ્રવાહ વહેતો હતો. તે વાણીમાં અક્ષરબ્રહ્મનો પ્રતાપ ભર્યો હતો. સ્વામી પોતાના અસલ રંગમાં આવી ગયા હતા. સ્વામીના વેણે વેણે બાલમુકુંદદાસજી સ્વામીના રોમરોમમાં ગજબની દિવ્યતા પ્રસરી રહી હતી.

ગુણાતીતાનંદ સ્વામીના અંતરમાં આ સુપાત્ર શિષ્યને પોતાનું સર્વસ્વ આપી દેવાની મોજ ચઢી હતી. એમણે પોતાના બન્ને હાથ બાલમુકુંદદાસજી સ્વામીના મસ્તક ઉપર મૂક્યા અને પોતાનો અખંડ જ્ઞાનનો વારસો અને અલૌકિક ઐશ્વર્ય બાલમુકુંદદાસજી સ્વામીના અંતરમાં આરોપી દીધા.

આમ સદ્‌ગુરુની કૃપાથી બાલમુકુંદદાસજી સ્વામી ગુણાતીતાનંદ સ્વામી જેવા જ પ્રબળ પ્રતાપી અને ઐશ્વર્યવાન, વચનસિદ્ધ મહાપુરુષ થઈ સર્વમાં મુખ્ય ગણાયા.

વિક્રમ સંવત્ ૧૯૦૭થી લઈને વિક્રમ સંવત્ ૧૯૨૩ સુધી એટલે કે સોળ સોળ વર્ષ સુધી એમણે જે અનન્ય ભાવે સમર્થ સદ્‌ગુરુની મન, વચન, કર્મથી સેવા કરી તેનું આ પરિણામ હતું.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ ધામમાં જતા પહેલાં જે જે વચનો કહ્યા હતા, તે સર્વે વચનો ભવિષ્યમાં સિદ્ધ થયા હતા. સત્સંગની ઉપાધિઓ તો આવતી રહી, પણ વેગીલા પવનથી વાદળાઓ વિખરાય જાય એમ એ ઉપાધિઓ વિખરાતી ગઈ. એમના પ્રત્યેક વચનો સિદ્ધ થતા રહ્યા. વરતાલ દેશમાં એમનો બોલ સદૈવ ઝીલાતો રહ્યો.

પોતાનો સંપૂર્ણ અધ્યાત્મ અને ઐશ્વર્યનો વારસો બાલમુકુંદદાસજી સ્વામીને સોંપીને વિક્રમ સંવત્ ૧૯૨૩ આસો સુદી તેરસની વહેલી સવારે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી સ્વતંત્ર થકા અક્ષરધામ સીધાવ્યા.

સ્વામીના અક્ષરધામ ગમનથી સમગ્ર સોરઠ દેશ તથા હજારો મુમુક્ષુઓ નોધારાપણું અનુભવી રહ્યા હતા. આ એક જબરદસ્ત શૂન્યાવકાશ હતો અને બાલમુકુંદદાસજી સ્વામીએ એ શૂન્યાવકાશને દૂર કરવાનો હતો, પરંતુ આ પ્રક્રિયા સરળ નહોતી.

બાલમુકુંદદાસજી સ્વામી માટે અનેક જાતની ઉપાધીઓ ઊભી હતી. બાલમુકુંદદાસજી સ્વામી પંચવર્તમાનની મૂર્તિ હતા. ગુણાતીતાનંદ સ્વામીના અક્ષરવાસ બાદ તેઓ વિશેષ સાવધાનપણે શ્રીહરિની આજ્ઞાઓનું પાલન કરતા. સ્વામીના અક્ષરવાસ બાદ એમણે દસ નિયમ લીધા હતા.

૧. દિવસે ક્યારેય સૂવું નહીં. ૨. હંમેશા એક જ વખત જમવું. ૩. રસ-કસવાળા સ્વાદુ ભોજન કે મિષ્ટાન્ન જમવા નહીં. ૪. હંમેશા કાષ્ઠના પતરમાં જ જમવું. ૫. સંતોની સાથે બેસીને એક જ પંક્તિમાં જમવું. ૬. બાજરાનો રોટલો, રોટલી, શાક, દાળ જેવો સાદો ખોરાક હંમેશા લેવો. ૭. હંમેશા ભૂમિ ઉપર જ શયન કરવું. ૮. માંદગીમાં પણ પગચંપી કરાવવી નહિ. ૯. દ્રવ્ય કે વસ્તુ-પદાર્થનો સંગ્રહ કરવો નહિ અને કરાવવો નહિ. ૧૦. મહાત્મ્યજ્ઞાનપૂર્વક ભગવાનના સ્વરુપની દ્રઢ ઉપાસના કરવી. આ બધા નિયમોનું યથાર્થ પાલન સ્વામીશ્રીએ આજીવન કર્યું, એટલું જ નહિ, પણ પોતાની આજ્ઞા પાળનાર અને પોતાનો સમાગમ કરનાર પોતાના શિષ્યો પાસે પણ સ્વામીશ્રીએ આ નિયમોનું પાલન કરાવ્યું.

લોટીયા સાધુ

ગુણાતીતાનંદ સ્વામીના સમયમાં કેટલાક લોકો સ્વામીની મોટાઈ જોઈ શકતા નહોતા અને યેનકેન પ્રકારે સ્વામી માટે મુશ્કેલીઓ સર્જતા હતા.

સ્વામીની વાતોમાં ભગવાન શ્રીહરિનું સર્વોપરિપણું રહેતું અને સાથોસાથ સ્વભાવ ટાળવા ઉપર જોર રહેતું. કારણ કે સ્વભાવ ટાળ્યા સિવાય શ્રીહરિ મળતા નથી. મહિમાની વાત સાકરીયા શીરા જેવી હોય છે, તેમાં જીવને ભારે મજા આવે છે પરંતુ સ્વભાવ ટાળવાની વાત જીવને આકરી લાગે છે. એનાથી જીવના દેહાભિમાનને ભારે ઠેસ પહોંચે છે. વિષય ખંડનની વાત વિષ જેવી લાગે છે. પરિણામે આવા દેહાભિમાની જીવોને સ્વામી પ્રત્યે અભાવ રહેતો હતો. એમના જીવન ખળા જેવા ટોરાયેલા હતા. મહિમાનો રસ એમાં ઉતરે એમ નહોતો.

તો સામે કેટલાક સાધુઓ એવા હતા કે જેમ વધારે વરસાદથી જમીન રેચકાઈ જાય એમ મહિમાના ઓવરડોઝથી એમનાં મન રેચકાઈ ગયા હતાં. શ્રીહરિના સર્વોપરિપણાનો તેઓ અતિરેક કરતા હતા. શ્રીહરિના અવતારો, વિભૂતિઓ અને દેવતાઓનો દ્રોહ કરતા હતા.

આ સાધુઓના મનમાં મહિમાના અતિરેકથી એક બીજી આડ અસર પેદા થઈ હતી. ભગવાન સ્વામિનારાયણ ધામમાં ગયા પછી આ સાધુઓ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા શ્રીહરિ પ્રગટ છે એવું માનતા હતા અને આને જ તેઓ પ્રગટ ઉપાસના કહેતા હતા. આ સાધુઓ બાહ્ય રીતે આચાર વિચારમાં ધર્મવાળા જણાતા હતા. તેઓ મોટે ભાગે રુખુ સુખુ જમતા અને લોટ પીને રહેતા તેથી તે સાધુઓ ‘લોટીયા સાધુ’ તરીકે ઓળખાતા. આવા લોટીયા સાધુઓમાં કેટલાક સાધુ હતા, કેટલાક પાળા હતા.

કોઈ મુમુક્ષુ ત્યાગ-વૈરાગ્ય રાખે કે ધર્મ પાળે એ ઘણી ઉત્તમ વાત છે પરંતુ આચરણ કરવું અને આચરણનો દંભ કરવો એમાં ભારે અંતર છે. આ લોટીયા સાધુઓમાં આચરણ કરતાં દંભ-દેખાવ વધારે હતા. બહુરુપીયા અહંકારે એમના હૃદયમાં ત્યાગ-વૈરાગ્ય અને ધર્મના ઓથે ભારે અભિમાન જગાવ્યું હતું. જેને લીધે આ લોટીયા સાધુઓ બીજા સાધુઓનો અભાવ લેતા અને પોતે જ બધી રીતે શ્રેષ્ઠ છે એમ મુમુક્ષુઓ પાસે સ્થાપિત કરતા.

ભગવાન સ્વામિનારાયણ વરતાલના ૧૪માં વચનામૃતમાં કહે છે, ‘ગમે તેવા વર્ણાશ્રમના ધર્મ પાળતા હોય પણ જો ભગવાન અને ભગવાનના સાધુનો દ્રોહ

કરે તો એવું પાપ લાગે છે જે, વર્ણાશ્રમના ધર્મ પાળ્યાનું જે પુણ્ય તેને બાળીને ભસ્મ કરી નાખે છે. સત્પુરુષના દ્રોહનો કરનારો પંચમહાપાપના કરનારાથી પણ વધુ પાપી છે.'

એમના ખૂણીયા જ્ઞાનથી સ્વયં ગુણાતીતાનંદ સ્વામી નારાજ હતા. સ્વામી સાથે જેમને ફાવતું નહોતું એવા લોકોને આ લોટીયા સાધુઓ હથિયાર પૂરું પાડતા હતા.

ગુણાતીતાનંદ સ્વામી મહાસમર્થ હોવા છતાં એમણે પોતાની મૂર્તિ ક્યારેય પૂજાવી નથી કે પોતાની ઉપાસના પ્રવર્તાવી નથી. તેઓ હંમેશા સેવકભાવે જ વર્ત્યા અને પુરુષોત્તમનારાયણની જ સર્વોપરિ ઉપાસના પ્રવર્તાવતા રહ્યા હતા.

જ્યારે લોટીયા સાધુઓ 'સ્વામીમાં શ્રીહરિ પ્રગટ છે' એમ માની સ્વામીને 'પરબ્રહ્મ' તરીકે પૂજતા હતા અને પુરુષોત્તમનારાયણની અણિશુદ્ધ ઉપાસનાને બદલે 'અક્ષરે સહિત પુરુષોત્તમ નારાયણ'ની ભેળસેળ ભરેલી ઉપાસનાનો પ્રચાર કરતા હતા. શરીરના બીજા અંગો કપાય તો હજુ કદાચ માણસ જીવે પણ માથું કપાય તો ન જીવે. મોક્ષ માર્ગમાં ઉપાસના મસ્તકને સ્થાને છે. લોટીયા સાધુઓ ઉપાસનાના માર્ગથી ભટકી ગયા હતા. આ લોટિયા સાધુઓનો દંભ અને અવળી સમજણ જોઈને સ્વામીને ભારે દુઃખ થતું. સ્વામીએ એમના જીવોના ભલા માટે ઘણીવાર સમજાવ્યા. સ્વામીએ કહ્યું, 'સાધુઓ ! તમારી સમજણ અવળી છે. બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મને ભજવા એ બરાબર છે પણ અક્ષરે સહિત પુરુષોત્તમની ઉપાસના કરવી એવો અમારી વાતનો અભિપ્રાય નથી. કોઈ આ રીતે પુરુષોત્તમ નારાયણની ઉપાસનામાં અમને ભેળવી દ્યે એ અમને જરાય ન ગમે.'

'અમારું કામ તો જીવને મહારાજમાં જોડવાનું છે. મહારાજમાં જોડે એ જ સંત અને પોતામાં જોડે એ અસંત. એમ અમારો દૃઢ મત છે.'

'અક્ષર પર્યંત કોઈ મહારાજ જેવો થઈ શકતો નથી. ઉપાસના તો પુરુષોત્તમનારાયણની જ થાય, અક્ષરે સહિત પુરુષોત્તમની નહિં.'

'કોઈને પેચુટી ખસી ગઈ હોય એવી તમારી દશા છે. તમારી ગાડી પાટા ઉપરથી ઉતરીને અવળી દિશામાં જઈ રહી છે. અમને કોઈ આ રીતે માને કે ઉપાસે એમાં અમારો રાજીપો નથી.'

'તમે ગમે એટલા ત્યાગ વૈરાગ્ય રાખશો કે ધર્મ પાળશો પણ ઉપાસનામાં ગોટાળા કરશો તો એ કોઈ સાધન તમારા કામમાં નહિં આવે.'

સ્વામીએ લોટીયા સાધુઓને ખૂબ જ સમજાવ્યા પરંતુ આશ્ચર્યની વાત એ હતી કે આ સાધુઓ સ્વામીને ગુરુ માનતા હતા છતાં સ્વામીની વાત સાંભળવા તૈયાર ન થયા !

મનની માયા જબરી છે. મહાપુરુષો એને છોડાવવા મથે પણ જીવ પોતાનું ધાર્યું છોડી શકતો નથી. ભગવાન અને એને પામેલા મહાપુરુષો આકાશ જેવા વિશાળ હોય છે. પરંતુ એમના જ શિષ્યો એમને પૂરેપૂરા સમજી શકતા નથી. ઘણીવાર તો શિષ્યોની સાંકડી સમજણ અને દુરાગ્રહને લીધે એમના ગુરુઓ જ વગોવાતા હોય છે.

આવું જ કંઈક જૂનાગઢમાં થઈ રહ્યું હતું. એક બાજુ લોટીયા સાધુઓ અને બીજી બાજુ રજોગુણી અને દેહાભિમાની જીવોનો પ્રવાહ સમર્થ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને ભારે ધર્મસંકટમાં મૂકી રહ્યા હતા. આવી પરિસ્થિતિમાં બાલમુકુંદદાસજી સ્વામી જેવા વિશુદ્ધ અંતરના શિષ્યોને મૂંઝવણ થાય તે સહજ હતું.

આખરે રઘુવીરજી મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી વગેરે મહાન સંતોએ સાથે મળીને આ લોટીયા સાધુઓને વિમુખ કરી મંદિરમાંથી કાઢી મૂક્યા. તેઓ કાળવા ચોક પાસે પ્રકાશપુરી નામની જગ્યામાં રહેતા હતા. એમણે ગુણાતીતાનંદ સ્વામીની પંચ ધાતુની મૂર્તિ બનાવી હતી અને એમનું 'પરિબ્રહ્મ' નામ રાખ્યું હતું અને એ જ મૂર્તિનું પૂજન-અર્ચન-ઉપાસન કરતા હતા અને આસપાસના ગામડાંઓમાં ફરીને પોતાની અવળી સમજણનો પ્રચાર કરતા હતા અને ભોળા લોકોને ભરમાવતા હતા. આ લોટીયા સાધુઓ જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં ગુણાતીતાનંદ સ્વામી જાગા ભગત જેવા ભક્તો અને સંતોને પાછળ પાછળ મોકલતા અને ઉપાસનાની સાચી વાત સમજાવી મુમુક્ષુઓને પાછા વાળતા હતા.

આ પ્રકાશપુરી નામની જગ્યામાં હાલ જૂનાગઢ ગુરુકુલ આવેલું છે. ગુરુકુલની ડેલીના ગોખમાં 'પરિબ્રહ્મ બાપા'ની મૂર્તિ આજે પણ પ્રદર્શન રુપે સાચવી રાખવામાં આવેલી છે.

ઉપાધિઓનો આરંભ

સૂરજના તાપમાં ઘુવડ અંજાઈ જાય એમ સ્વામી હતા ત્યાં સુધી તો બધા ભાવે કભાવે દબાયેલા રહ્યા પરંતુ સ્વામી ધામમાં ગયા પછી આ અદેખા તત્ત્વોને પોતાનું પોત પ્રકાશવાનો અવસર પ્રાપ્ત થયો હતો. એક બાજુ લોટીયા સાધુઓ ગુણાતીતાનંદ સ્વામીના નામને ઢાલ તરીકે વાપરી અક્ષરે સહિત પુરુષોત્તમની ઉપાસનાનો પ્રચાર કરતા હતા તો બીજી બાજુ મંદિરમાં રહેતા કેટલાક લોકો કે જેને સ્વામી સાથે ઈર્ષા અને રાગ દ્વેષ હતા, એમણે પોતાના મનમાં રહેલી દાઝ બાલમુકુંદદાસજી સ્વામી ઉપર કાઢવા માંડી.

સ્વામી વિરુદ્ધ અનેક કાગળો વરતાલ લખાવ્યા અને આક્ષેપ મૂકવામાં આવ્યો કે 'ગુણાતીતાનંદ સ્વામીને અંદરખાનેથી બાલમુકુંદદાસજી ભગવાન માને છે અને લોટીયા સાધુને સહકાર આપે છે.' વિક્રમ સંવત્ ૧૯૨૮ની સાલ હતી. મહા સુદી ૧૩નો દિવસ હતો. આ દિવસે ગોંડલ સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પધરાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. વરતાલથી શ્રી ભગવતપ્રસાદજી મહારાજ પધારવાના હતા. મોટા પાયે સમૈયો રાખવામાં આવ્યો હતો.

આ ગોંડલનું મંદિર ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી અને બાલમુકુંદદાસજી સ્વામીના માર્ગદર્શનથી ધ્યાની સ્વામી કૃષ્ણસેવાદાસજીએ ભારે કુશળતાથી મંદિરનું નિર્માણ કાર્ય કરાવ્યું હતું. ગોંડલ મંદિરનો વહીવટ સંભાળી લેવા કેટલાંક લોકો તત્પર હતા. જેવું મંદિરનું કાર્ય પૂરુ થવા આવ્યું કે તુરત જ આવા લોકોએ વહીવટી સુકાન સંભાળી લેવાના પેંતરા શરુ કરી દીધા હતા. આ લોકોના મનસૂબા હતા કે 'ગુણાતીત પરંપરાના નિઃસ્પૃહી સંતો ધ્યાની સ્વામી કૃષ્ણસેવાદાસજી કે સ્વામી બાલમુકુંદદાસજી વગેરે કોઈ ગોંડલમાં સ્થિર થવા ન જોઈએ.' એટલે એમણે ધ્યાની સંત કૃષ્ણસેવાદાસજી વગેરેને એકબાજુ તારવી દીધા હતા અને સ્વામી બાલમુકુંદદાસજી માટે તત્કાલીન અગ્રણી સંતોમાં ભારે પૂર્વગ્રહ પેદા કર્યો હતો. પરિણામે ગોંડલ મંદિરની પ્રતિષ્ઠા સમયે ન તો સ્વામી બાલમુકુંદદાસજીને સમાચાર આપવામાં આવ્યા કે ન બોલાવવામાં આવ્યા.

આ રીતે આયોજકોનો ઈરાદો એક મહાપ્રતાપી સંતની અવગણના કરી એનું અપમાન કરવાનો હતો. આ સમયે સ્વામી છેક ઉના વિસ્તારમાં ભોજા ભગતના સમઢિયાળે હતા. એ સમયે તાર ટપાલની કોઈ વ્યવસ્થા નહોતી. કોઈ હરિભક્તો દ્વારા સ્વામીને ખબર પડી કે ગોંડલમાં મૂર્તિ પ્રતિષ્ઠા થઈ રહી છે. મૂર્તિ પ્રતિષ્ઠાને આડા માત્ર બે દિવસ રહ્યા હતા. આટલા ટૂંકા સમયમાં સમઢિયાળાથી ગોંડલ પહોંચવું મુશ્કેલ હતું. વાહન વ્યવહારનો કોઈ જોગ નહોતો.

સ્વામી સમઢીયાળેથી પગપાળા જ ચાલતા થયા. સ્વામીને મન માન-અપમાનની કાંઈ પડી નહોતી. કષ્ટ વેઠીને પણ પ્રતિષ્ઠા પ્રસંગે ગોંડલ પહોંચવું એ જ સ્વામીનો વિચાર હતો. ભૂખ-તરસ કે દેહના સુખ દુઃખને ગણ્યા સિવાય ઉતાવળી ગતિએ ગીરની વિકટ વાટે સતત ચાલતા ચાલતા સ્વામી ગોંડલ પહોંચ્યા.

સવારનો સમય હતો. સ્વામી ગોંડલથી થોડે દૂર હતાં ત્યાં વાજાં-ચોઘડિયાના સૂર સંભળાયા. સ્વામીએ સાથેના સંતોને કહ્યું કે 'મૂર્તિ તો પહેલા ચોઘડિયામાં પધરાવાઈ ગઈ લાગે છે, જેવી મહારાજની મરજી !'

સ્વામી જેવા સમર્થ પુરુષ માટે આ ભારે અવગણના અને અપમાનભરી પરિસ્થિતિ હતી, પરંતુ સ્વામીના મુખ ઉપર એમની કોઈ અસર વર્તાતી ન હતી.

સ્વામીએ ઝોળી હેઠી મૂકી, મંદિરની દિશામાં દંડવત્ કર્યા અને પછી ઉતાવળી ગતિએ ગોંડલ પહોંચ્યા. જેવા સ્વામી મંદિરની સમીપ પહોંચ્યા કે એ જ સમયે ભગવતપ્રસાદજી મહારાજ સવારીએ સહિત પધરામણીએ જવા મંદિરની બહાર નીકળ્યા. સ્વામી તો માથા પરના પોટલા હેઠા મેલી ધુળીયા રસ્તા ઉપર જ મહારાજશ્રીને દંડવત્ કરવા લાગ્યા.

મહારાજશ્રીએ એકદમ ઉતાવળા સામે ચાલી સ્વામીને ઉઠાવી લીધા અને બાથમાં ઘાલીને મળ્યા અને કાંડું ઝાલીને બારોબાર પધરામણીમાં પરાણે સાથે લીધા.

મહારાજશ્રીના આ વર્તનમાં બાલમુકુંદદાસજી સ્વામી પ્રત્યે ભારોભાર માન અને હૂંફ ભર્યા હતા.

સ્વામીશ્રીને ખ્યાલ હતો કે 'એમની વિરુદ્ધમાં વરતાલમાં મોટા મોટા સંતો અને મહારાજશ્રી પાસે અનેક પ્રકારની ખોટી ફરિયાદો કરવામાં આવી છે. એટલે ભગવત્પ્રસાદજી મહારાજ કેવું વલણ લેશે ?' તે અંગે સ્વામીને અનેક પ્રકારની આશંકાઓ હતી. પરંતુ વસ્તુ કાંઈક જુદી જ થઈ રહી હતી. મહારાજશ્રીના હેતભર્યા આવકારે સ્વામીની સર્વ આશંકાઓ ઓગાળી નાખી હતી. સ્વામી વિરુદ્ધ કાગળો લખાવનારા લોકો બાલમુકુંદદાસજી સ્વામી પ્રત્યે મહારાજશ્રીનું આવું આદરપૂર્ણ વર્તન જોઈને ડઘાઈ ગયા. એમના અંતરના ઓરતા ઊંધા વળી જતા જણાયા.

પધરામણી પૂરી થયા બાદ એ લોકો એકાંતમાં મહારાજશ્રીને મળ્યા અને કહ્યું, 'બાપજી! તમે તો ભારે કરી ! તમારે તો બાલમુકુંદદાસજીને ઠપકો આપવાનો હતો, એના બદલે તેનું બહુમાન કર્યું !'

મહારાજશ્રીએ ચતુરાઈપૂર્વક વાતને ટાળી નાખતા કહ્યું, 'સંતો ! એ બધી વાત આપણે અહીં નહિં, જૂનાગઢ જઈને કરીશું.' આ રીતે ગોંડલનું કાર્ય પૂર્ણ કરી મહારાજશ્રી ગોંડલથી નીકળ્યા. સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીને પણ સાથે લીધા. રસ્તામાં આવતા હરિભક્તોના ગામડાંઓમાં ફરતા ફરતા મહારાજશ્રી જૂનાગઢ પધાર્યા.

આ સાધુ તો ગજબના છે

જૂનાગઢમાં મહારાજશ્રીએ સ્વામીને એકાંતમાં બોલાવી અને એમના વિરુદ્ધ જે જે ફરિયાદો થઈ હતી તે અંગે વાત કરી. અને સાચી હકીકત શું છે ? તે

જણાવવા કહ્યું. બાલમુકુંદદાસજી સ્વામીએ દરેક વાતનો નિખાલસ ખુલાસો આપ્યો અને કહ્યું કે 'અમે ક્યારેય લોટીયા સાધુને પોષણ આપ્યું નથી ને આપવાના પણ નથી. લોટીયા સાધુની દંભી રીતભાત અને એમના જ્ઞાન પ્રત્યે ખુદ અમારા ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને રુચિ નહોતી. તેથી તો સ્વામીએ સ્વયં એ લોકોને વિમુખ કરેલા. બાપજી ! દીવા જેવી સ્પષ્ટ વાત છે. જેમાં અમારા ગુરુની રુચિ ન હોય એમાં અમારી રુચિ કેમ હોય ?'

ભગવતપ્રસાદજી મહારાજ સ્વામીની વાત સાંભળીને બોલ્યા, 'સ્વામી, તમારી વાત સાચી છે અને અમે પણ જાણીએ કે આ બધી ઉપાધિની પાછળ અદેખાઈ જ કારણભૂત છે. એટલે તો અમે કોઈની વાત ઉપર ધ્યાન દેતા નથી.' મહારાજશ્રીની વાત સાંભળીને બાલમુકુંદદાસજી સ્વામીએ હૈયામાં હળવાશ અનુભવી. આ બાજુ પેલા લોકો ભરસભામાં, મોટા મોટા સદ્‌ગુરુઓની હાજરીમાં, મહારાજશ્રી દ્વારા બાલમુકુંદદાસજી સ્વામીને ઠપકો અપાવવા માટે તત્પર હતા. આ અંગે તેઓ મહારાજશ્રીને મળ્યા હતા.

મહારાજશ્રીએ ગંભીર મૌન સાથે બધાની વાત સાંભળી ન સાંભળી કરી હતી. બીજે દિવસે વહેલી સવારે મંગળા આરતી પછી સભા થઈ.

મહારાજશ્રી પણ સમયસર સભામાં આવી પોતાની પાટ પર બિરાજમાન થયા. પાસેની બીજી પાટ ઉપર વક્તા પુરાણી કથા કરી રહ્યા હતા. ગુણાતીત સભા મંડપ ખીચોખીચ ભરાઈ ગયો હતો. મહારાજશ્રીએ સેવક પાસે ખુરશી મંગાવી પોતાની પાટ પાસે મૂકાવી પછી કથા બંધ રખાવી અને બાલમુકુંદદાસજી સ્વામીને કહ્યું, 'સ્વામી આજે તો તમારે કથાવાર્તા કરવાની છે. તમે આ ખુરશીએ બેસો અને કથાવાર્તા કરો.' બાલમુકુંદદાસજી સ્વામીએ કહ્યું, 'બાપજી ! આ સભામાં મોટા મોટા સદ્‌ગુરુઓ અને ઘણા નંદ સંતો બેઠા છે. અમે તો એમની આગળ બાળક કહેવાઈએ માટે આપ કોઈ મોટેરા સંતને કથાવાર્તા કરવાનું કહો તો વધારે સારું.'

મહારાશ્રીએ કહ્યું, 'નહિ સ્વામી ! તમે ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર છો. માટે આ ગુણાતીત સભામંડપમાં તમે જ કથાવાર્તા કરો.'

મહારાજશ્રીની આજ્ઞા થઈ એટલે બાલમુકુંદદાસજી સ્વામી કથાવાર્તા કરવા લાગ્યા. એમના મુખમાંથી એકધારો વાણીપ્રવાહ ચાલી રહ્યો હતો. સઘળી સભા મંત્રમુગ્ધ થઈ એકાગ્ર મને સ્વામીની વાતો સાંભળી રહી હતી.

મહારાજશ્રી પણ સ્વામીની વાતો સાંભળી 'અહો ! અહો !' અનુભવી રહ્યા હતા. સ્વામીની વાતોમાં પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણનો સર્વોપરિ

મહિમા, આજ્ઞા અને ઉપાસના વગેરેનો ભરપૂર રસ વહેતો હતો.

સ્વામી અનેક જાતની ઉપાધિઓમાંથી પસાર થઈ રહ્યા હતા છતાં એમની વાતોમાં ક્યાંય એ ઉપાધિઓ પ્રત્યે ઈશારો કે રંજ માત્ર કડવાશ ન હતા.

ભગવત્‌પ્રસાદજી મહારાજને કથાવાર્તા સાંભળવામાં એટલો બધો રસ પડ્યો કે એમણે પોતાના સેવકને મંદિર ઉપર મોકલી બ્રહ્મચારીને કહેવડાવ્યું કે 'અમે કહેવરાવીએ ત્યારે જ આરતી કરજો, તે પહેલા નહિં.'

મંગળા આરતી પછી છેક નવ વાગ્યા સુધી એકધારી કથાવાર્તા ચાલી.

આખરે જેવી કથાવાર્તા પૂરી થઈ કે વયોવૃદ્ધ સંત શ્રી પવિત્રાનંદજી સ્વામી સભામાંથી ઊભા થઈ એકદમ બાલમુકંદદાસજી સ્વામી પાસે આવ્યા અને એમનું કાંડું ઝાલી બાથમાં ઘાલી મળ્યા અને સર્વ નંદસંતો અને સદ્‌ગુરુઓ સાંભળે તેમ બોલ્યા, 'આ સાધુ તો ગજબના છે. એમણે ગુણાતીતાનંદ સ્વામીનો જ્ઞાનનો વારસો અદ્‌ભૂત રીતે ઝીલ્યો છે. કોઈના કહેવાથી મારા મનમાં આ સાધુ માટે થોડો અભાવ પેદા થયો હતો, પરંતુ એમની વાતો સાંભળતા મારા મનમાંથી સંશય દૂર થઈ ગયો છે. આજે હું ખૂબજ રાજી થયો છું.'

પવિત્રાનંદજી સ્વામીની વાતમાં મોટા મોટા સાધુઓએ પણ સૂર પૂરાવ્યો. આચાર્ય મહારાજશ્રી પણ આ બધું સાંભળીને અત્યંત રાજી થયા.

મોટા મોટા સંતોના આશીર્વાદ મળતાં બાલમુકંદદાસજી સ્વામીના અંતરમાં ખૂબ જ આનંદ થયો. એમના અંતરમાં અકારણ આવી પડેલી ઉપાધિઓથી ઊભો થયેલો વિષાદ દૂર થયો. ગુણાતીતાનંદ સ્વામીએ ધામમાં જતાં પહેલાં આશીર્વાદ આપેલા કે 'મોટા મોટા સદ્‌ગુરુઓ પણ તને માનશે.' એ આશીર્વાદ આજે ફળી રહ્યા હતા. ભર સભામાં સ્વામીનું અપમાન કરવાની બાજી ઊંધી વળી ગઈ હતી.

પછી તો સત્સંગમાં ધીમે ધીમે બાલમુકંદદાસજી સ્વામીના આદર અને અહોભાવ વધતા જ રહ્યા.

ઉના મંદિરનો ઇતિહાસ

ગણેશ શેઠના પિતાશ્રીનું નામ રામજી શેઠ હતું.

ગણેશ શેઠની જ્ઞાતિમાં અને રાજ્યમાં ખૂબ મોટી પ્રતિષ્ઠા હતી.

જૂનાગઢ રાજ્યના તમામ મહાલોમાં ઉના મહાલ સૌથી મોટો અને સમૃદ્ધ હતો. ઉના મહાલનો સર્વ કારોબાર જૂનાગઢ નવાબ સરકાર વતી ગણેશ શેઠ સંભાળતા. ઉના મહાલના દરેક ગામની રેવન્યુ આવક શેઠને ત્યાં જમા થતી અને શેઠ એ આવક

જૂનાગઢ મોકલતા. જૂનાગઢ રાજ્ય તરફથી શેઠના માન અને રક્ષણ માટે ચાર આરબની ચોકી કાયમ રહેતી. રાજ્યના અધિકારી અમલદારો ગણેશ શેઠની રજા સિવાય કાંઈ કરી શકતા નહિ.

ગણેશ શેઠની જાહોજલાલી રજવાડા જેવી હતી.

ગણેશ શેઠનો પરિવાર જૈન ધર્મ પાળતો હતો. ગણેશ શેઠનું દિલ ખૂબ જ ઉદાર હતું. તેઓ દાન-પુણ્ય, ગરીબોને મદદ વગેરે કર્યા જ કરતા હતા.

ગણેશ શેઠને નીલકંઠવર્ણીરૂપે મહારાજનું સાક્ષાત્ મિલન થયું હતું. સમય જતાં હંસરાજ ગાંધી અને ખાણ ગામના બોઘા મહારાજના યોગથી ગણેશ શેઠ અવાર નવાર સંઘ લઈને ગઢપુર દર્શને આવતા.

શેઠને સત્સંગનો ગુણ આવ્યો હતો અને આ ભક્તો દ્વારા શેઠને રાઘવાનંદ સ્વામી, વ્રજ્યાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન સંતોની ઓળખાણ થઈ હતી. આ પવિત્ર સંતોના મુખેથી કથાવાર્તાનું શ્રવણ કરતા ગણેશ શેઠને 'શ્રીહરિ સર્વોપરિ ભગવાન છે' એવો દ્રઢ નિશ્ચય થયો હતો.

તેઓ સંઘ લઈને શ્રીહરિના દર્શન માટે ગઢપુર ગયા. શ્રીહરિના દર્શન માત્રથી શેઠની અંતરવૃત્તિ શ્રીહરિના સ્વરુપમાં જોડાઈ ગઈ. એમણે મહારાજના ચરણોમાં પાંચસો રાળ અર્પણ કર્યા.

ગણેશ શેઠ જ્યારે પાઘડી ઉતારી મહારાજના દર્શન કરતા હતા, ત્યારે મહારાજે જોયું તો, ગણેશ શેઠના મસ્તક ઉપર ચોટલી દેખાણી નહિ. મહારાજે કહ્યું,"શેઠ ! માથા ઉપર ચોટલી કેમ નથી ?" શેઠ કહે,"મહારાજ ! અમને અમારા જ ગોત્ર અર્થાત્ કુળદેવ નડે છે, એટલે અમારા કુળમાં કોઈ ચોટલી રાખતું નથી."

મહારાજે કહ્યું, "શેઠ ! આપણે તો હિંદુ છીએ. આપણે ચોટલી રાખવી જોઈએ. અમે તમારા ગોત્રજને કહી દેશું, એટલે એ તમને નહિ નડે. માટે હવેથી તમે ચોટલી રાખજો."

ભીખા કોળીનો અરધો રૂપિયો

ગણેશ શેઠની સાથે ભીખો કરીને એક કોળી પણ સંઘમાં હતો. એની સ્થિતિ ઘણી ગરીબ હતી. એના મનમાં મહારાજને ચરણે ભેટ ધરવાનો મનોરથ હતો પરંતુ એની પાસે માત્ર આઠ આના હતા.

ભીખા કોળીને મનમાં થયું, "ગણેશ શેઠે પાંચસો રાળ ધરી છે. એની આગળ મારો અડધો રૂપિયો શા લેખામાં આવશે ?"

મહારાજ અંતર્યામીપણે ભીખા કોળીનો સંકલ્પ જાણી ગયા.મહારાજે કહ્યું, “ભીખા ! શું વિચાર કરે છે ? તારા અડધા રૂપિયા આગળ શેઠના પાંચ સો રાળ કાંઈ લેખામાં નથી! કારણ કે શેઠના રૂપિયા વેપારના છે, જ્યારે તારો અરધો રૂપિયો તારી પરસેવાની કમાણીનો છે. માટે લાવ તારો એ અરધો રૂપિયો.”

મહારાજે સામેથી અરધો રૂપિયો માગ્યો, એટલે ભીખા કોળીને અત્યંત આશ્ચર્ય અને આનંદ થયો.

એમણે કહ્યું, “મા-બાપ ! તમે તો મારા મનનું જાણી ગયા. લ્યો આ મારો અરધો રૂપિયો.” આમ કહી ભીખા કોળીયે મહારાજને અરધો રૂપિયો આપવા માટે હાથ લાંબો કર્યો.

મહારાજે સામે હાથ લાંબો કરીને ભીખા કોળીનો અરધો રૂપિયો હાથોહાથ લઈ લીધો.

ગરીબનિવાઝ મહારાજની ગરીબ ભક્ત ઉપરની આવી પ્રસન્નતા જોઈને સભાને અત્યંત આનંદ થયો.

મહારાજે ગણેશ શેઠની સામે જોયું અને બોલ્યા, “શેઠ ! દાનમાં ભીખો તમારાથી આગળ વધી ગયો. તમારી પાસે તો હજારો રાળ છે. એમાંથી તમે પાંચ સો આપ્યા છે. જ્યારે ભીખાનો આ અરધો રૂપિયો તો એની મરણમૂડી જેવો છે.”

ગણેશ શેઠે નિર્માનીભાવે કહ્યું, “હા, કૃપાનિધાન ! આપની વાત બરાબર છે.” ગણેશ શેઠના મનમાં પાંચસો રાળ અર્પણ કરવાનો સૂક્ષ્મ અહંકાર હતો, તે મહારાજે ટાળી નાખ્યો.

આ લાલજી તમારા દીકરા

એકવાર શ્રીહરિ ગઢપુરમાં સભા ભરીને બિરાજમાન હતા. સભામાં ગણેશ શેઠ પણ હતા. ગણેશ શેઠને કોઈ સંતાન નહોતું. સભામાંથી કોઈએ કહ્યું, ‘મહારાજ ! ગણેશ શેઠ તમારા સત્સંગી થયા છે પરંતુ તેમને સંતાન નથી તો કંઈક દયા કરો તો એને ત્યાં દીકરો થાય.’

શ્રીહરિએ કરુણાસભર નયને ગણેશ શેઠ સામે જોયું. વાણીયાના દીકરા ઈશારામાં સમજી જાય. ગણેશ શેઠ મહારાજની નજરનો મર્મ સમજી ગયા. એમણે કહ્યું, ‘મહારાજ ! મેં સત્સંગ મોક્ષ માટે સ્વીકાર્યો છે, દીકરા માટે નહિ.’

શ્રીહરિએ મંદ હાસ્ય સાથે કહ્યું, ‘શેઠ ! અમારે અમારું મેણું ભાંગવા તમને દીકરો દેવો જ છે.’

ગણેશ શેઠે કહ્યું, 'મહારાજ ! તો આપની જેવી મરજી.' મહારાજે મર્મમાં પૂછ્યું, 'શેઠ! અમે તમને દીકરો તો આપીએ પણ મરી જાય એવો દીકરો આપીએ કે ન મરે તેવો આપીએ ?' ગણેશ શેઠ પણ હસતા હસતા બોલ્યા, 'મહારાજ ! આપવો જ હોય તો ન મરે એવો દીકરો આપો.' મહારાજે કહ્યું, 'ભલે શેઠ ! અમે તમને ન મરે એવો દીકરો આપીએ.' આમ કહી મહારાજે પોતાની પૂજાના લાલજી મંગાવ્યા અને હાથમાં રમાડતા રમાડતા બોલ્યા, 'લ્યો શેઠ ! આ તમારો ન મરે એવો દીકરો !' ગણેશ શેઠ અચકાતા અચકાતા બોલ્યા, 'અરે મહારાજ ! આ લાલજી અમારા દીકરા!'

મહારાજે કહ્યું, 'શેઠ ! ન મરે એવા દીકરા તો લાલજી સિવાય બીજું કોણ હોય ? આજથી અમારે વચને આ લાલજી તમારા દીકરા.'

સામે ગણેશ શેઠ પણ ગજબની સમજણવાળા હતા. એમણે કામદાર પાસે કોરો કાગળ અને કલમ મગાવ્યા અને એમાં પોતાની તમામ મિલકત લાલજીના નામે લખી. કાગળ શ્રીહરિના ચરણે ધર્યો.

શ્રીહરિ અંતર્યામી હોવા છતાં પૂછ્યું, 'શેઠ ! આ શેનો કાગળ છે?'

ગણેશ શેઠ બોલ્યા, 'મહારાજ ! અમારે ગૃહસ્થાશ્રમમાં દીકરો ઉમર લાયક થાય ત્યારે તમામ મિલકતનો વારસો દીકરાને આપવાનો રિવાજ છે. આજથી અમારી પાસે જે છે તે લાલજીના નામે કૃષ્ણાર્પણ !!!'

ગણેશ શેઠે ચાલીસ હજાર રાળ (એક રાળ-અઢી રુપીયા) સોના ચાંદીના દાગીના, મકાનો, દુકાનો વગેરે સર્વ લાલજીના નામે અર્પણ કરી દીધું.

શ્રીજી મહારાજ ગણેશ શેઠનું સમર્પણ જોઈને ખૂબ રાજી થયા અને બોલ્યા, 'શેઠ! અમારા લાલજી મોક્ષ આપે એવા છે, વહીવટ કરે એવા નથી. એટલે આજથી આ પેઢીનો સર્વ વહીવટ લાલજી વતી તમે ચલાવજો.'

આ રીતે મહારાજના વચને ઉનાના ગણેશ શેઠની પેઢી લાલજી ગણેશના નામે પ્રસિદ્ધ થઈ. ગણેશ શેઠે એક વાણોતર પેઠે બધો જ વહીવટ લાલજી વતી કર્યો.

ગણેશ શેઠના ત્રણ સંકલ્પ

મહાન ભક્તરાજ ગણેશ શેઠને ત્રણ સંકલ્પ હતા. (૧) ઉનામાં શ્રીહરિને પધરાવવા. (૨) મારો દેહ પડે એ પહેલાં દશ દિવસ અગાઉથી શ્રીજી મહારાજ દર્શન દઈને મને કહે, 'અમે તમને મહિના પછી ધામમાં તેડી જઈશું.' (૩) મારો દેહ ગઢડામાં પડે.

આ બાજુ સવંત્‌ ૧૮૮૬ની સાલ હતી. શ્રીહરિએ દેહ છોડવાનો સંકલ્પ કરી લીધો હતો અને લીલા સ્વરૂપે માંદગીનો સ્વીકાર કર્યો હતો.

ઉનામાં ગણેશ શેઠને સમાચાર મળ્યા કે શ્રીહરિ ખૂબ જ માંદા છે. એટલે એમણે ઉનાથી ગઢપુર જવાનો સંકલ્પ કર્યો.

શેઠનો સંકલ્પ વહેલાસર ગઢપુર પહોંચવાનો હતો. પરંતુ સાથે સંઘમાં જોડાનાર ભક્તોની આજે જઈએ, કાલે જઈએ એવી અવઢવ ભરેલી પરિસ્થિતિમાં શેઠ થોડા મોડા પડ્યા. શેઠ ગઢપુર પહોંચ્યા એ પહેલાં શ્રીહરિ શરીર છોડી અંતર્ધાન થઈ ચૂક્યા હતા.

શ્રીહરિ જેઠ સુદી દશમના રોજ અંતર્ધાન થયા હતા. ગણેશ શેઠ એકાદશીના રોજ ગઢપુર પહોચ્યાં હતા. ગણેશ શેઠ શ્રીહરિના વિરહમાં ભારે વિલાપ કરવા લાગ્યા અને માછલાની જેમ ઝૂરવા લાગ્યા. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી, સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી વગેરેએ શેઠને ખૂબ જ ધૈર્ય અને આશ્વાસન આપ્યું. રડતા રડતા ગણેશ શેઠ બોલ્યા, ‘સ્વામી ! મહારાજ તો ગયા પણ મારો મહારાજને ઉનામાં પધરાવવાનો સંકલ્પ અધૂરો રહી ગયો.’

મુક્તાનંદ સ્વામી બોલ્યા, ‘શેઠ ! જે થાય છે તે બધું જ શ્રીહરિની મરજીથી થાય છે માટે શોક છોડી દ્યો.’

ગણેશ શેઠે કહ્યું, ‘પણ સ્વામી ! મહારાજ વિના હવે મારાથી કેમ જીવાશે ?’

મુક્તાનંદ સ્વામી બોલ્યા, ‘શેઠ ! તમે ભાગ્યશાળી છો કારણ કે વન વિચરણ કરતા કરતા શ્રીહરિ જ્યારે ઉના પધાર્યા હતા ત્યારે તમને સાક્ષાત્‌ મળ્યા હતા. શ્રીહરિ વન વિચરણ કરતા ત્યારે જે સુવર્ણ રેખવાળા શાલીગ્રામની સેવા કરતા એ શાલીગ્રામ અમે તમને આપીએ છીએ.’

‘મહારાજે તમને જે લાલજી આપ્યા છે તે લાલજીની સાથે આ શાલીગ્રામને પધરાવજો. પૂજન-અર્ચન કરજો. લાલજી અને શાલીગ્રામ તમારા જીવનો ઉદ્ધાર કરશે.’

‘ભગવાન શ્રીહરિ તો હવે ઉના પધારી શકે તેમ નથી, પણ આ શાલીગ્રામ દ્વારા તમારો શ્રીહરિને ઉનામાં પધરાવવાનો સંકલ્પ કાયમ માટે પૂરો થયો માનજો. તમારા બીજા બે સંકલ્પ છે તે શ્રીહરિ અવશ્ય પૂરા કરશે.’ મા જેવા મુક્તાનંદ સ્વામીની વાતથી ગણેશ શેઠના જીવને સાંત્વના વળી. ગણેશ શેઠ શાલીગ્રામ સાથે ઉના પધાર્યા અને વર્ષો સુધી સ્વયં શ્રીહરિએ જે શાલીગ્રામની પૂજા કરી હતી તે શાલીગ્રામ ઉનામાં બિરાજ્યા. ગણેશ શેઠે એક ઓરડામાં લાલજી અને શાલીગ્રામ પધરાવ્યા હતા.

પ્રતિમા સ્વરૂપે લાલજી અને શાલીગ્રામ પ્રાપ્ત થયા હતા. પરંતુ પ્રત્યક્ષ શ્રીહરિનો વિયોગ ગણેશ શેઠના અંતરમાં તીરની જેમ સાલી રહ્યો હતો. એમનાથી પ્રત્યક્ષ સ્વરૂપનો વિરહ વેઠાતો નહોતો. થોડો સમય જતાં ગણેશ શેઠના સંકલ્પો પૂર્ણ કરતા હોય એમ શ્રીહરિએ એમને દર્શન દીધાં અને કહ્યું, 'શેઠ ! મહિના પછી અમે તમને ધામમાં તેડવા આવશું માટે તમારા ત્રીજા સંકલ્પને પૂર્ણ કરવા ગઢપુર પહોંચી જાવ.'

ગણેશ શેઠ પોતાના પરિવારજનોની રજા લઈ દેહ છોડવા ગઢપુર પધાર્યા.

યાત્રા પ્રવાસે જવાના દિવસો નક્કી થઈ શકે છે પરંતુ આ તો દેહ છોડી મુક્તિના પંથે પ્રયાણ કરવાના દિવસોના નિર્ણયની અલૌકિક વાત છે, જે માણસની બુદ્ધિ અને વિજ્ઞાનથી પર છે.

ગણેશ શેઠ ગઢપુર પધાર્યા અને ગોપીનાથજી મહારાજના સાન્નિધ્યમાં બેસી 'સ્વામિનારાયણ' મહામંત્રનું રટણ કરવા લાગ્યા. શ્રીહરિ અને મોટા સદ્‌ગુરુઓની કૃપાને લીધે શેઠનું અંતર વાદળા વિનાના આકાશ જેવું વાસના રહિત બની ચૂક્યું હતું.

શ્રીહરિએ દર્શન આપ્યા બાદ બરાબર એક મહિને ગણેશ શેઠે ગઢપુરની પવિત્ર તીર્થભૂમિમાં શરીર છોડ્યું.

ઇતના તો કરના સ્વામી જબ પ્રાણ તન સે નિકસે...

ગણેશ શેઠનો પરિવાર

ગણેશ શેઠ ધામમાં ગયા પછી શેઠે જે મિલકત લાલજીને કૃષ્ણાર્પણ કરી હતી તેનો બધો વહીવટ એમના પરિવારજનો સંભાળતા હતા.

ગણેશ શેઠનો પરિવાર મોટો હતો. તેમને ત્રણ ભાઈઓ હતા. મોટા ભાઈનું નામ વર્ધમાન હતું અને નાના બે ભાઈઓના નામ દેવજી અને પ્રેમજી હતા.

વર્ધમાન શેઠને ત્યાં જેઠા શેઠ નામે દીકરા થયા.

જેઠા શેઠને ત્યાં દયાળભાઈ, ઝવેરચંદ, મૂળચંદ અને વલ્લભભાઈ એમ ચાર પુત્રો થયા હતા.

વલ્લભ શેઠને ત્યાં મોતીચંદ નામના પુત્ર થયા હતા.

મોતીચંદ શેઠને ત્યાં જાદવરાય નામના પુત્ર થયા હતા.

ગણેશ શેઠના પ્રેમજી શેઠને ત્યાં મેઘજી અને કાનજી નામે બે પુત્ર થયા હતા.

ગણેશ શેઠને કોઈ પુત્ર-પરિવાર નહોતો.

ઉનાના આ નગરશેઠ પરિવારમાં જેઠા શેઠ, કરમચંદ(કમા) શેઠ,

કપુરચંદભાઈ, નારણદાસભાઈ, ઝવેરચંદ શેઠ, દયાળભાઈ, લાલભાઈ, ગીયાભાઈ રણછોડભાઈ, હીરાચંદભાઈ, કેશવલાલભાઈ, તારાચંદભાઈ ઉત્તરોત્તર ખૂબ સારાં સત્સંગીઓ થતા રહ્યા. તારાચંદભાઈ ખૂબ સારાં કીર્તનીયા હતા.

ઉનાનો ગાંધી પરિવાર

ઉનાનો ગાંધી પરિવાર ભગવાન સ્વામિનારાયણનો કૃપાપાત્ર પરિવાર હતો.

ઉનાના ગણેશ શેઠની વાત સત્સંગમાં ખૂબ જ પ્રસિદ્ધ છે, એજ રીતે ઉનાના હંસરાજભાઈ ગાંધીનો પ્રસંગ પણ જાણવા જેવો છે.

હંસરાજભાઈ ગાંધી પહેલા ધારી રહેતા હતા. તેઓ સંજોગવશાત્ ધારી છોડીને ઉના રહેવા આવ્યા હતા.

એકવાર રામાનંદ સ્વામી સંતમંડળ સાથે ઉના પધાર્યા હતા ત્યારે હંસરાજ ગાંધીને ત્યાં ઉતર્યા હતા. ભગવાન સ્વામિનારાયણ જ્યારે નીલકંઠ વર્ણીના વેષે ઉના પધાર્યા ત્યારે ગણેશ શેઠ તેમજ હંસરાજ ગાંધીને મહારાજના પ્રથમવાર દર્શન થયા હતા. ઉનામાં રાઘવાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, વ્રજ્યાનંદ સ્વામી વગેરે મહાન સંતો અવાર-નવાર પધારતા. એમના યોગમાં આવવાથી હંસરાજભાઈ ગાંધી ભગવાન સ્વામિનારાયણના આશ્રિત થયા હતા.

હંસરાજભાઈ ગાંધીનો વ્યવહાર સાધારણ હતો. તેઓ ઉનામાં નાનકડી હાટડી કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા.

એમના અંતરમાં ભગવાન સ્વામિનારાયણનો જબરો કેફ હતો. એમની દુકાને નાના નાના છોકરાઓ આવે એને હંસરાજભાઈ કહેતા, “છોકરાઓ ! તમે ‘સ્વામિનારાયણ સ્વામિનારાયણ’ ધૂન કરો, હું તમને દાળિયા અને ખજૂર આપીશ.”

છોકરાઓ હોંશે હોંશે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરતા.

હંસરાજભાઈ ગાંધી એમને દાળિયા અને ખજૂર આપી રાજી કરતા.

રાઘવાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે સંતો જ્યારે જ્યારે ઉના પધારતા ત્યારે હંસરાજ ગાંધી એમનો સમાગમ કરતા.

હંસરાજ ગાંધી અને ખાણના ભૂદેવ બોઘા મહારાજને ઉનાના નગરશેઠ ગણેશ શેઠ સાથે ભારે આત્મીયતા હતી.

આ બેય મહાન ભક્તોને લીધે ગણેશ શેઠ ભગવાન સ્વામિનારાયણના તથા રાઘવાનંદ સ્વામી, વ્રજ્યાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન સંતોના યોગમાં આવ્યા હતા અને એકાંતિક ભક્તરાજ થયા હતા.

આ રીતે ઉનાના ગાંધી પરિવારમાં ભગવાન સ્વામિનારાયણના સમયથી સત્સંગ હતો. આ હંસરાજ ગાંધીના પરિવારમાં સવચંદભાઈ તથા જેચંદભાઈ ગાંધી થયા. જેચંદભાઈને ત્યાં લાલજીભાઈ નામે પુત્ર થયા અને લાલજીભાઈને ત્યાં ભક્તરાજ માધવજીભાઈ ગાંધીનો જન્મ થયો હતો.

માણેકચંદ તું મુંબઇ જા

માધવજીભાઈ ગાંધીનો વ્યવહાર સાધારણ હતો. પરંતુ તેઓ તથા તેમના ધર્મપત્ની કેસરબા અત્યંત ભાવિક હતા.

માધવજીભાઈ ભેંસો રાખતા એથી એમને ઘરે ભેંસોનું સારું એવું દૂઝાણું હતું.

કેસરબા દરરોજ દહીં-દૂધ-છાસ-અથાણા-પાપડ મંદિરમાં મોકલ્યા જ કરતા હતા. માધવજીભાઈને ત્યાં વનમાળી, દામોદર, દુર્લભજીભાઈ, માણેકચંદભાઈ, પાનાચંદભાઈ, નરોત્તમભાઈ નામે છ સુપુત્રો હતા. તેઓ પોતાના માતા-પિતા જેવા જ ખૂબ જ શ્રદ્ધાવાન અને સેવાભાવી હતા. એમાંથી બે પુત્રો વનમાળી અને દામોદર નાની ઉંમરે ધામમાં ગયા હતા.

માધવજીભાઈના બીજા નંબરના પુત્ર માણેકચંદભાઈ ગાંધી માંડ બે ત્રણ ચોપડી ભણ્યા હતા. તેઓ જેનું તેનું નામું લખીને બે પૈસા કમાતા હતા અને અવકાશ મળ્યે ઘરની ભેંસો ચરાવવા જતા હતા.

વિ. સં ૧૯૬૨ ની સાલ હતી. સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી ઉના પધાર્યા હતા. સ્વામી આ સેવાભાવી પરિવાર ઉપર અંતરથી રાજી હતા અને આ પરિવારના દુબળા વ્યવહારથી પરિચિત હતા. સ્વામીના અંતરમાં આ પરિવારના પ્રારબ્ધના કઠણ થરોને કાપી સુખી કરવાની ઈચ્છા થઈ.

સ્વામીએ યુવાન વયના માણેકચંદને કહ્યું કે ‘માણેકચંદ ! વાણીયાનો દીકરો થઈ આમ જેમ તેમ દિવસો કાઢે તે ઠીક નહિં. તું કમાવા માટે મુંબઈ જા.’

માણેકચંદભાઈએ સ્વામીને કહ્યું, ‘સ્વામી ! મને મુંબઈ કોણ લઈ જાય ?’

એ સમયે મુંબઈના કેશવલાલ શેઠ સ્વામી પાસે બેઠા હતા. તેઓ ગણેશ શેઠના પરિવારના હતા. મુંબઈમાં તેઓના વેપાર ધંધા ખૂબ સારા હતા. તેઓ માણેકચંદભાઈના મામા પણ થતા હતા.

સ્વામીએ માણેકચંદભાઈને કહ્યું, ‘માણેકચંદ ! આ તારા મામા કેશવલાલ તને મુંબઈ લઈ જશે !’ આટલું કહી સ્વામીએ કેશવલાલભાઈને આજ્ઞા કરી કે ‘આ તમારા ભાણીયાને મુંબઈ લઈ જાવ અને નોકરી ધંધે લગાડો.’

સ્વામીની આજ્ઞાને શિરોધાર્ય કરી કેશવલાલ શેઠ માણેકચંદભાઈને મુંબઈ લઈ ગયા અને પોતાની પેઢીએ નામું લખવાની નોકરી આપી. પરિણામે ગાંધી પરિવારના સાધારણ વ્યવહારને થોડોક ટેકો મળ્યો.

વાણીયાનો દીકરો આખી જિંદગી નોકરી ન કરે. એ જ્યાં સુધી પોતાનો આગવો ધંધો ન વિકસાવે ત્યાં સુધી એના જીવને ચેન ન પડે.

માણેકચંદભાઈના અંતરમાં પણ નોકરીને બદલે વેપાર-ધંધો કરવાની અદમ્ય ઈચ્છા હતી. માણેકચંદભાઈએ મામાને કહ્યું, 'મારે હવે સ્વતંત્ર ધંધો કરવાનો વિચાર છે.' મામાએ કહ્યું, 'માણેકચંદ ! તુ ધંધો કરે એમાં હું રાજી છું. હું પણ સમજુ છું કે વાણીયાનો દીકરો કાંઈ કાયમ નોકરી ન કરે.' આમ કહી મામાએ ભાણીયાને રાજી થઈને ધંધો કરવાની રજા આપી.

એ જમાનો આજના જેવો ડંખીલો કે કિન્નાખોરીનો નહોતો. એ જમાનો પરગજુ માણસોનો જમાનો હતો. બધા પરસ્પર એકબીજાને મદદ કરવામાં માનતા હતા.

મામાએ રાજી થઈને રજા આપી એટલે માણેકચંદભાઈ મામાની નોકરીએથી છૂટા થયા અને વિ. સં. ૧૯૬૮-૬૯માં ટાટા કંપની સાથે પચ્ચીસ ટકાની ભાગીદારીમાં ધંધો શરુ કર્યો.

સદ્ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીના આશીર્વાદ ફળ્યા. વેપારમાં ધીરે ધીરે બરકત થવા લાગી. ઘર બે પાંદડે થવા લાગ્યું. જેમ જેમ વ્યવહાર સારો થતો ગયો તેમ તેમ આ પરિવારની સેવાભાવના પણ ઉત્તરોત્તર વધવા માંડી.

મુંબઈમાં એમની 'ગાંધી એન્ડ સન્સ' નામની કંપની ખૂબ જામી. તેઓને ત્યાં એલચી, કેસર, મરીમસાલાનો ટનબંધ વેપાર થવા લગ્યો.

સત્સંગ અને સમાજમાં તેઓ 'એલચી કચેરીવાળા શેઠ' તરીકે પ્રસિધ્ધ થયા.

આ પરિવારે મેળવી જાણ્યું અને વાપરી પણ જાણ્યું. શ્રીહરિએ આ પરિવારને હજાર હાથે આપ્યુ તો સામે આ પરિવારે હજાર હાથે સખાવતો કરી.

સમાજ અને સત્સંગમાં એમની સખાવતો સુવર્ણ અક્ષરે લખાયેલી છે.

સદ્ગુરુ નારાયણદાસજી સ્વામીએ ઉનામાં મંદિર કરાવ્યું ત્યારે સાધારણ વ્યવહાર હોવા છતાં માધવજીભાઈ ગાંધીએ અને કેશરબાએ એ જમાનામાં રૂ. છ હજાર અર્પણ કરીને દેવના કાયમી થાળની સેવા કરી હતી.

નારાયણદાસજી સ્વામીએ મંદિર કરાવ્યું પણ સંજોગવશાત્ શિખરનું કામ અધૂરું રહેલું. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે એ શિખરો પૂરા કરાવ્યા ત્યારે એક શિખરની સેવા ગાંધી પરિવારે કરી હતી.

આ પરિવાર નારાયણદાસજી સ્વામી તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનો ખાસ કૃપાપાત્ર પરિવાર છે.

રાજકોટ ગુરુકુલના નિર્માણમાં અને વિકાસમાં ગાંધી પરિવારનું યોગદાન અજોડ છે.

ઉનાનો વારો

ગુણાતીતાનંદ સ્વામી ધામમાં ગયા બાદ જૂનાગઢ મંદિરના મુખત્યાર તરીકે આચાર્ય મહારાજશ્રી દ્વારા ખંભાતના કાશીરામની નિમણૂંક થઈ હતી. એક સમયે કાશીરામને ગુણાતીતાનંદ સ્વામી સાથે ઘણું જ હેત હતું. કાશીરામ સ્વામીનો સમાગમ કરતા પણ પોતાનું જ ધાર્યું કરવાનો એમનો સ્વભાવ હતો. એક વખત ગુણાતીતાનંદ સ્વામી વડતાલ પધાર્યા ત્યારે કાશીરામે કહ્યું, 'સ્વામી ! મારે ત્યાગી થવું છે અને આપની પાસે જૂનાગઢ રહેવું છે.'

સ્વામી કાશીરામના જીવને જાણતા હતા એટલે સ્વામીએ કહ્યું, 'કાશીરામ ! તારે ક્યારેય ત્યાગી થાવું નહીં. કદાચ તારા મનનાં વેગમાં અમારું વચન ભૂલી જા અને ત્યાગી થા તો તને અમારી સ્પષ્ટ ભલામણ છે કે તું જૂનાગઢ તો આવીશ જ નહિં.'

સ્વામીની આ સ્પષ્ટ વાતથી કાશીરામને મનમાં માઠું લાગ્યું અને તેના કાચના કટોરા જેવા સત્સંગમાં વચનની ઠોકરે તિરાડ પડી ગઈ.

કાશીરામને ત્યાગી થવાનો ભારે મોહ હતો. તેથી સ્વામીનું વચન ઉલ્લંઘી વરતાલમાં પાર્ષદ થયા. સ્વામીએ ના પાડી'તી તોય મુખત્યાર થઈને જૂનાગઢ આવ્યા. કાશીરામના મનમાં એક તો પદના અધિકારનો ગર્વ હતો. અધૂરામાં પૂરું જૂનાગઢ મંદિરમાં કેટલાક લોકો કે જેને ગુણાતીતાનંદ સ્વામીનો અભાવ હતો એમની સાથે એમને હેત થયું. પરિણામે કાશીરામે ગુણાતીતાનંદ સ્વામી સાથે હેતવાળા સાધુ-સંતો-હરિભક્તો પ્રત્યે પક્ષપાતી અને અન્યાયી વલણ અપનાવ્યું.

નિયમ પ્રમાણે દર વર્ષે મંડળધારીઓને જુદા જુદા દેશમાં ફરવા માટેની ચિઠ્ઠીઓ નખાતી અને ચિઠ્ઠીમાં જે દેશ આવે એ દેશમાં સંતો ફરવા જતા.

કાશીરામે ચિઠ્ઠી પ્રથા બંધ કરાવી. એક વર્ષને બદલે બે વર્ષના વારા કર્યા.

એ સમયે ઉના દેશ ઘણો દૂર ગણાતો. ત્યાં આવવા-જવાની પણ એ જમાનામાં ભારે અગવડતા હતી. વળી રસ્તામાં ગીરનું અડાબીડ જંગલ પણ આવતું હતું તેથી એ બાજુ દેશ ફરવા જવું એ ભારે કઠણ ગણાતું.

જાણી જોઈને કાશીરામે બાલમુકુંદદાસ સ્વામીને ઉના દેશ ફરવાનો વારો આપ્યો.

સરકારમાં કોઈ ઓફિસરને સજા માટે દૂર અંતરીયાળ પ્રદેશમાં મોકલી દેવામાં આવે એમ કાશીરામ કોઈપણ રીતે સ્વામી બાલમુકુંદદાસજીને જૂનાગઢથી દૂર કરવા માગતા હતા. સંવત્ ૧૯૨૬ ની સાલ હતી. બાલમુકુંદદાસજી સ્વામી ઉના દેશમાં ફરવા પધાર્યા. એમની સાથે સ્વામી ઈશ્વરચરણદાસજી, રામાનુજદાસજી, પ્રભુચરણદાસજી, ધર્મતનયદાસજી, હરિપ્રિયદાસજી, શ્રીકૃષ્ણદાસજી, શ્રી ધર્મસ્વરુપદાસજી વગેરે સંતો હતા.

સ્વામીશ્રીનું તાન માત્ર ને માત્ર સત્સંગ પ્રવર્તનનું હતું. એમના મનમાં નજીક કે દૂર, અગવડતા કે સગવડતા વગેરેની કાંઈ પડી ન હતી.

સ્વામી મહારાજની મૂર્તિના સુખે સુખીયા રહેનારા સંત હતા અને હજારો જીવોને મહારાજની મૂર્તિમાં જોડવા એ જ એનું તાન હતું.

કાશીરામની ગણતરી જે હોય તે પરંતુ ઉના તરફના નાઘેર અને બાબરીયાવાડના હરિભક્તોએ તો કાશીરામનો આભાર માનવો જોઈએ કારણકે એની અવળાઈને લીધે જ આ દેશના લોકોને બાલમુકુંદદાસજી સ્વામી જેવા સમર્થ સદ્‌ગુરુનો જોગ થયો. સ્વામીના વિચરણથી આ તરફનો સત્સંગ લીલી નાઘેર જેવો લીલો અને ઘેઘૂર થયો.

ગુણાતીતાનંદ સ્વામી ધામમાં ગયા પછી આ દૂરના ગામડાઓને જે ખોટ વર્તાતી હતી તે ખોટ બાલમુકુંદદાસજી સ્વામીએ પૂરી દીધી.

સ્વામીના આશીર્વાદથી અનેક દુઃખીયા હરિભક્તો સુખીયા થયા. ઉનાના શેઠ જાદવજી મોતીચંદને ત્યાં છોકરા ઉછરતા નહોતા. સ્વામીના આશીર્વાદથી જાદવજી શેઠનું પ્રારબ્ધ ફરી ગયું અને એમને ત્યાં હરકિસન નામના પુત્રનો જન્મ થયો.

સ્વામી ઉના પધાર્યા એને લીધે ઉનામાં સત્સંગના મૂળ ખૂબ જ ઊંડા ઊતર્યા. પરિણામે આજે પણ આજીવિકા માટે ઉના છોડી મુંબઈ જેવા શહેરોમાં વસતા નાઘેરના શેઠિયાઓનો સત્સંગ અણીશુદ્ધ રહ્યો છે. ઉનામાં શિખરબધ્ધ મંદિર થયું તેનું કારણ પણ બાલમુકુંદદાસ સ્વામી જેવા સંતે અહીં સત્સંગના અચળ પાયા નાખ્યા એ છે.

બાલમુકુંદદાસજી સ્વામી પછી સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી, પુરાણી સ્વામી ગોપીનાથજીદાસજી, અને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે નાઘેર તથા બાબરીયાવાડના સત્સંગનું અભૂતપૂર્વ રીતે જતન કરેલ છે.

ઉનાના જાદવજી શેઠને દીકરો દીધો

ઉનામાં ગણેશ શેઠના પરિવારમાં જાદવજી શેઠ થયા. તેઓ ઉના સત્સંગ-સમાજમાં આગેવાન હતા અને મંદિરનો વહીવટ સંભાળતા હતા.

જાદવજી શેઠને ત્યાં દીકરાનો જન્મ થતો પણ દીકરા જન્મતાની સાથે જ ગુજરી જતા. દીકરાની લાલસાથી જાદવ શેઠે બે ઘર કર્યા, પણ એમની મનોકામના પૂર્ણ થઈ નહોતી.

જાદવજી શેઠને ત્યાં આગળના ઘરની એક દીકરી હતી. શેઠે ભારે ધામધૂમથી દીકરીને પરણાવી પરંતુ પ્રારબ્ધવશાત્ પંદર દિવસમાં જ દીકરીનો યુવાન પતિ ગુજરી ગયો.

જાદવજી શેઠની દીકરી યુવાન ઉંમરે વિધવા થવાથી પૂરા પરિવાર ઉપર દુઃખનું આભ તૂટી પડ્યુ. આ અરસામાં બાલમુકુંદદાસજી સ્વામી ઉના બિરાજતા હતા.

શેઠ મંદિરમાં આવી સ્વામીના પગ પકડીને રડવા લાગ્યા. શેઠને આશ્વાસન આપતા સ્વામી બોલ્યા, “શેઠ ! જે થઈ ગયું તે થઈ ગયુ, હવે એને કોઈ મિથ્યા કરી શકે એમ નથી. માટે સુખ દુઃખના પ્રસંગોમાં શ્રીહરિની મરજી સમજીને ધીરજ ધારો.”

શેઠ બોલ્યા, “સ્વામી ! ધીરજ કેમ ધારું ? મારું આખું ઘર ઉજ્જડ થઈ ગયું. નાની ઉંમરે દીકરી વિધવા થઈ, બીજું કોઈ સંતાન છે નહિ, મારા વંશમાં કોઈ દીવો કરનારુંય ન રહ્યું.”

સ્વામીના અંતરમાં કરુણા ઉપજી અને બોલ્યા, “શેઠ ! મહારાજ તમારા સર્વ દુઃખ દૂર કરશે. તમારે ત્યાં દીકરા થાય છે પણ જન્મતાં વેંત ગુજરી જાય છે, પરંતુ હવે મહારાજ તમને એક એવો દીકરો આપશે જે લાંબુ જીવશે અને તમારા વંશ-વેલાને આગળ વધારશે, તમારો વ્યવહાર પણ સારો થશે.”

સ્વામીના વચને ચમત્કાર થયો. જાદવજી શેઠને મોટી ઉંમરે દીકરો થયો. એમનું નામ હરકિશન રાખવામાં આવ્યું હતું.

જાદવજી શેઠનો વ્યવહાર પણ સુધર્યો. સમર્થ શાહુકારની હુંડી હાલે એજ રીતે પ્રગટ પુરુષોત્તમ નારાયણના સમર્થ સંતોના વચનોની હુંડી શ્રીજી મહારાજ અવશ્ય સ્વીકારે છે.

સાચા સંતોના દિલમાં કોઈ અંગત સ્વાર્થ હોતો નથી. તેઓ માત્રને માત્ર કરુણા કરી જીવોનું ભલું કરતા હોય છે.

ઉના મંદિરનો વહીવટ સુધાર્યો

બાલમુકંદદાસજી સ્વામી મોક્ષ માર્ગે જેટલા કુશળ હતા એટલા જ વ્યવહાર માર્ગમાં પણ કુશળ હતા. છતાં તેઓ જેમ બને તેમ વ્યવહાર માર્ગથી અલિપ્ત રહેતા હતા. આચાર્યશ્રીઓની આજ્ઞા થાય ત્યારે ન છૂટકે એમણે મોટા મોટા મંદિરોના વહીવટો કુશળતાપૂર્વક સુધાર્યા હતા અને મંદિરોને સમૃદ્ધ કર્યા હતા.

ઉનામાં ગણેશ શેઠે પોતાની તમામ મિલ્કત લાલજીને અર્પણ કરી હતી અને ત્યાં મંદિર કર્યું હતું. સમય જતાં ગેરવહીવટને કારણે ગણેશ શેઠે અર્પણ કરેલી તમામ મિલ્કત ખવાઈ ગઈ અને મંદિર ઉપર કરજ થઈ ગયું.

ઉના દેશમાં વારાવાળા સંતોના ઘણા મંડળ આવી ગયા પણ લાલજીના મંદિરનો વહીવટ સરખો ન થયો.

ઉનાના શેઠીયાઓનો આગ્રહ હતો કે જો 'બાલમુકંદદાસજી સ્વામી આવે તો જ લાલજીના મંદિરનો વહીવટ સારો થશે. બીજા કોઈ સંતનો આમાં ગજ ગાજે એમ નથી.' ઉનાના શેઠીયાઓની વિનંતીથી વિહારીલાલજી મહારાજે સ્વામીને ઉના મોકલ્યા. સ્વામીએ ભારે કુનેહપૂર્વક ઉના મંદિરનો વહીવટ સુધાર્યો.

મંદિરના વહીવટ માટે આગેવાન શેઠિયાઓની કમિટી બનાવી મંદિરના વહીવટને પારદર્શક કર્યો. ધીરે ધીરે મંદિર ઉપર જે કરજ હતું તે ઉતરી ગયું.

સ્વામી અહીં ચાર વર્ષ રોકાયા. એ દરમિયાન મંદિરની સિલકમાં એ સમયના રૂપિયા આઠ હજારનો વધારો થયો. ઉના મંદિરના વહીવટની સાથોસાથ સેંકડો હરિભક્તોના જીવન સુધારી સ્વામી પાછા જૂનાગઢ પધાર્યા.

લાલજીનો જય જય કાર

વરસો પછી વરસો વીતી રહ્યા હતા. ઉનાનું મંદિર ઘણું જીર્ણ થયું હતું. હરિભક્તોની ભાવના મંદિરનો જીર્ણોદ્ધાર કરવાની હતી. હરિભક્તોએ સ્વામીને વિનંતી કરી. સ્વામીની પ્રેરણા અને માર્ગદર્શન મુજબ મંદિરનો જીર્ણોદ્ધાર થયો.

વિ. સં. ૧૯૬૮ની સાલમાં સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીના સાનિધ્યમાં શ્રીજી મહારાજે ગણેશ શેઠને આપેલા પ્રસાદીના લાલજીની સાથે શાલીગ્રામની ધામધૂમથી પુનઃ પ્રતિષ્ઠા થઈ. પરંતુ બન્યું એવું કે એ વર્ષમાં વરસાદે તણાવ્યું. આખો અષાઢ કોરો ગયો. લોકોના દિલમાં ભારે ઉચાટ થવા લાગ્યો. બધા હરિભક્તો સ્વામી પાસે આવી વરસાદ માટે પ્રાર્થના કરવા લાગ્યા.

સ્વામીએ મંદિરમાં લાલજી સામે ઉભા રહી હસતા હસતા કહ્યું, ‘‘આપણે તો લાડે કોડે બંગલાઘાટના મંદિરમાં લાલજીને પધરાવ્યા અને હવે જો લાલજી વરસાદ નહીં કરે તો લોકો મે’ણા મારશે કે ‘લાલજીનું મંદિર કર્યું પણ લાલજીએ કાળ પાડયો.’ આમાં લાજ લાલજીની જશે આપણે શું ? માટે હવે લાલજીને જેમ કરવું હોય તેમ કરે. આપણે એક કામ કરીએ. લાલજીને રીઝવવા એક મહિનો મહાપૂજા કરીએ પછી જેવી લાલજીની મરજી.’’

સ્વામીના વચને મહાપૂજા શરૂ થઈ. ચારે બાજુ અડસઠીયો દુકાળ પડયો હતો, પણ સ્વામીના વચને લાલજીની કૃપાથી સમસ્ત નાઘેર અને બાબરીયાવાડમાં સારો વરસાદ થયો. આ રીતે વરસાદને કારણે ચારે બાજુ લાલજીનો જે જે કાર થયો.

તું જા ગોલોકમાં, હું શેનો જાઉં !

ગાંડી ગીરના મધ્યમાં ભગવાન તુલસીશ્યામ બિરાજે છે. તુલસીશ્યામની જગ્યાથી અગ્નિ ખૂણે ભોજા ભગતનું સમઢિયાળા ગામ આવેલું છે.

આ ગામમાં ભોજા ભગત આહીર મહાન ભક્તરાજ થયા. તેઓ ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર હતા. જૂનાગઢ રાધારમણ દેવના મંદિરના અધૂરા શિખરો પૂર્ણ કરવા માટે એમણે ગુણાતીતાનંદ સ્વામીના વચને બહુ મોટી સેવા કરી હતી.

ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવાથી ભોજા ભગતની સ્થિતિ જનક અને અંબરીષ જેવી થઈ હતી.

ભોજાભગતના સેવા અને સમર્પણના પ્રસંગો ગુણાતીતાનંદ સ્વામીની જીવનગાથામાં આલેખાયેલા છે.

ભોજા ભગતના પુત્ર ભાયો ભગત પણ મહાન ભક્તરાજ થયા. એમને ત્યાં પણ દોઢસો જેટલી ભેંસો હતી. ઘરમાં દૂધ-દહીંની છોળો ઉછળતી હતી.

આ શ્રદ્ધાળુ અને માયાળુ આહિર હરિભક્તોના ભાવને પૂર્ણ કરવાને માટે વડતાલ ગાદીના આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજ સમઢિયાળા પધાર્યા હતા.

ભાયા ભગતે એક મોટી પથ્થરની શિલા ઉપર વિહારીલાલજી મહારાજને ઊભા રાખી દૂધના દેગડાથી નવડાવ્યા હતા. અને એ પ્રસાદીની પથ્થરની શિલા તેઓશ્રી ઘરની ઓસરીની કોરે વર્ષો સુધી સાચવી રાખી હતી.

બાલમુકુંદદાસ સ્વામી, યોગેશ્વરદાસ સ્વામી, ધર્મસ્વરુપદાસ સ્વામી, પુરાણી ગોપીનાથદાસ સ્વામી વગેરે મહાન સંતો સમઢિયાળામાં ભાયા ભાઈને ત્યાં ચાર-ચાર મહિના સુધી અખંડ રહેતા અને કથા-વાર્તા કરતા.

એવામાં એક દિવસ એક નાનો પણ પ્રેરણાદાયક પ્રસંગ બન્યો.

ભાયાભાઈને ત્રણ દીકરા હતા. મેહુર, મેરામણ અને વિસામણ.

એકવાર મેરામણ અને મેહુર વચ્ચે મીઠો ઝઘડો થયો. મેહુરે મેરામણને કહ્યુ કે, ‘‘તને વાછરુંમાં ભારે હેત છે. માટે તું ગોલોકમાં જાઈશ !’’

મેરામણે કહ્યું, ‘‘હું શેનો ગોલોકમાં જાઉં ! તું જા ગોલોકમાં. હું તો જાઈશ અક્ષરધામમાં!’’ મામલો વિવાદે ચડ્યો. એક કહે, ‘તું ગોલોકમાં જા,‘ બીજો કહે, ‘હું શેનો જાઉં, તું જા !‘

આમ પરસ્પર ભારે ચડસા-ચડસી કરતા બેય છોકરા બથોબથ આવી ગયા.

ભાયા ભગતે આ જોયું, એટલે એમણે બેયને નોખા પાડ્યા અને પૂછ્યું, ‘‘એલા, કેમ ઝઘડો છો ?’’ છોકરાઓએ ઝઘડાનું કારણ બતાવ્યું. ભાયાભાઈ છોકરાઓની વાત સાંભળી મંદ મંદ હસવા લાગ્યા અને બોલ્યા, ‘‘એલા છોકરાવ હાલો, સ્વામી પાસે, તમારા ઝઘડાનું નિરાકરણ સ્વામી કરશે.’’

આ બાજુ બાલમુકુંદદાસ સ્વામી, યોગેશ્વરદાસ સ્વામી, ધર્મસ્વરુપદાસ સ્વામી, પુરાણી સ્વામી ગોપીનાથદાસજી વગેરે મહાન સદ્‌ગુરુ સંતો બેઠા હતા અને સર્વોપરી ભગવાન શ્રીહરિના મહિમાની વાતો કરી રહ્યા હતા.

એવામાં ભાયોભાઈ બેય છોકરાઓના હાથ પકડી સંતો પાસે લઈ આવ્યા અને બોલ્યા, ‘‘સ્વામી ! આ બેય છોકરાના ઝઘડાનું નિરાકરણ કરી દો.’’

પુરાણી સ્વામી ગોપીનાથદાસજીએ કહ્યું, ‘‘એલા, છોકરાઓ ! શેના માટે ઝઘડો છો ?’’

મેરામણ બોલ્યો, ‘‘સ્વામી ! આ મેહુર મને કહે છે, તને વાછરુંમાં હેત છે, એટલે તું ગોલોકમાં જઈશ. સ્વામી હું ભગવાન સ્વામિનારાયણનો આશ્રિત છું, હું શેનો ગોલોકમાં જાઉં, ઈ નો જાય !’’

મેહુર બોલ્યો, ‘‘પણ, સ્વામી ! વાછરુ અને પાડરુંમાં હેત રાખે ઈ અક્ષરધામમાં શેનો જાય ! અક્ષરધામમાં એને થોડા વાછરું અને પાડરું મળવાના છે ! માટે મેં શું ખોટું કીધું ?’’

છોકરાના ઝઘડાનું કારણ સાંભળીને મોટા મોટા સંતો અવાક્ થઈ ગયા ! અને પરસ્પર એકબીજાની સામે જોવા લાગ્યા.

સ્વામી બાલમુકુંદદાસજી બોલ્યા, ‘‘પુરાણી ! આ છોકરા તો જબરા નીકળ્યા ! આ ગામડાંના આહિર હરિભક્તોના નાના નાના છોકરાઓને પણ કેવી સમજણ છે ! આવી સમજણ તો સાધુમાંય ઓછી જોવા મળે !’’

પુરાણી સ્વામી બોલ્યા, "હા, સ્વામી ! આપની વાત સાચી છે. અક્ષરધામ અને બીજા ધામ વચ્ચેના ભેદ સમજાઈ જાય તો આત્યંતિક કલ્યાણમાં કાંઈ ખામી ન રહે."

ગામડાંઓમાં રહેતા હોય, આહિર જેવી અભણ કોમ હોય અને છતાંય એમની નિષ્ઠા અને સમજણ ભલભલા વિદ્વાનોને પણ આશ્ચર્ય પમાડે તેવી હોય !

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન પુરુષોના સમાગમથી આ હરિભક્તોમાં કેવી ઉત્તમ સમજણ પ્રગટી હતી ? એનું આ ઉદાહરણ છે.

ભાયા ભગતના પુત્ર વિસામણ પણ ખૂબ સારા ભક્તરાજ હતા અને પોતે અભણ હોવા છતાંય વચનામૃતના પ્રખર જ્ઞાતા હતા.

ગુણાતીતાનંદ સ્વામીએ ભોજા ભગતને જે મૂર્તિ અને શિક્ષાપત્રી ભેટ આપ્યા હતા, તે વિસામણ ભગતની પૂજામાં રહેતા.

ગુરુકુલ પરિવારની માતા સમાન સદ્‌ગુરુ પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી વિ.સં.૧૯૯૧ ની સાલમાં સમઢિયાળા ગામે પધાર્યા ત્યારે એ પ્રસાદીની મૂર્તિ, શિક્ષાપત્રી અને પાષાણ શિલાના દર્શન કર્યા હતા.

જેની નોંધ પુરાણી સ્વામીએ સત્સંગની શુભ વાર્તામાં લીધેલી છે.

ખડ વાઢ્યુંચ ખરું અને ખડ ખાધુંચ ખરું !

બાબરીયાવાડમાં માણસાની પાસે નોર ગામ છે. આ નોર ગામના ગામધણીનું નામ દરબાર સૂરો વરૂ હતું.

બાલમુકુંદદાસજી અવાર-નવાર માણસા ગામે પધારતા ત્યારે નોર ગામથી સુરો વરૂ પણ સ્વામીના દર્શને આવતા.

બાલમુકુંદદાસજી સ્વામીના યોગથી સુરા વરૂ સત્સંગી થયા.

સ્વામીએ સુરા વરૂને કંઠી બાંધી, ભગવાન સ્વામિનારાયણના આશ્રિત કર્યા અને કહ્યું, 'દરબાર ! હવેથી પંચ-વર્તમાન પાળજો, સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરજો.' 'ભગવાન સ્વામિનારાયણનો આશરો દૃઢ રાખજો. એમની મરજી સિવાય દુનિયામાં સૂકું પાંદડું પણ હલતું નથી માટે નિષ્ઠા દૃઢ રાખવી. દોરા-ધાગામાં ક્યારેય ભરોસો કરવો નહિ.'

દરબારે સત્સંગના નિયમ ધાર્યા અને ખરેખરા સત્સંગી થયા.

એક વાર સુરા વરૂને તાવ આવ્યો. ઘણા ઔષધ કર્યા પણ તાવ ઊતરવાનું નામ લેતો નહોતો.

પરિવારના બધા સભ્યો બાપુની ચિંતા કરતા હતા.

એક વાર બાપુની દીકરીએ કહ્યું, 'બાપા ! આપણા ગામનો હામલો કોળી માતાજીનો ભૂવો છે અને દોરો કરે છે. એ દોરો બાંધવાથી તાવ ઊતરી જાય છે, માટે તમે કહો તો હું દોરો કરાવી આવું.'

બાપુએ કહ્યું, 'બેટા ! આપણે ભગવાન સ્વામિનારાયણના આશ્રિત છીએ, ધાર્યું મહારાજનું થાય છે, હામલાનું નહિ. માટે, કોઈ દોરો કરાવવાનું નામ લેતા નહિ.' આમને આમ બીજા બે-ત્રણ દિવસ વીત્યા પણ બાપુનો તાવ ઊતર્યો નહિ.

એટલે બાપુની દીકરીએ બાપુને ખબર ન પડે એમ હામલાને બોલાવીને કહ્યું કે, 'તું દોરો કર.' હામલો કહે, 'બા ! દોરાની વાત રહેવા દો, બાપુને ખબર પડશે તો મને ગામમાં નહિ રહેવા દે.'

દીકરીએ કહ્યું, 'તું ચિંતા કર મા, દોરો ઢોલિયાની પાટીની હેઠલી કોરે બાંધશું, એટલે બાપુને ખબર નહિ પડે.' દીકરીએ બહુ આગ્રહ કર્યો એટલે હામલે દોરો કર્યો.

દીકરીએ એ દોરો બાપુને ખબર ન પડે એમ ઢોલિયાની પાટીની નીચેની બાજુ બાંધી દીધો. આ બાજુ રાત્રિનો સમય થયો. દરબાર સુરા વરૂ ઢોલિયામાં સૂતા હતા. મોડી રાત્રે બાલમુકુંદદાસજી સ્વામીએ સુરા વરૂને સ્વપ્નમાં દર્શન દીધા અને કહ્યું, 'દરબાર ! ખડ વાઢ્યુંય ખરું અને ખડ ખાધુંય ખરું ને !!'

આટલું કહીને સ્વામી અદૃશ્ય થઈ ગયા.

સુરા વરૂ ઝબકીને જાગી ગયા, અને સ્વામીની વાત ઉપર વિચાર કરવા લાગ્યા પણ કાંઈ સમજાયું નહિ.

સ્વામીના વચનોનો મર્મ વિચારતા વિચારતા સવાર પડી ગઈ પણ કાંઈ હાથમાં ન આવ્યું. આ બાજુ 'કાગડાને બેસવું અને ડાળને ભાંગવું' એના જેવો તાલ થયો. દરબારનો તાવ ઊતરી ગયો.

બાપુએ દાતણ-પાણી કરી સ્નાન કર્યું અને પૂજા કરવા બેઠા.

એ જ સમયે એમની દીકરીએ બાપુનો ઢોલિયો સમો નમો કરી ઊભો મૂક્યો.

બાપુની દૃષ્ટિ ઢોલિયામાં લટકતા કાળા દોરા ઉપર પડી.

બાપુ સમજી ગયા કે, 'નક્કી મારી જાણ બહાર કોઈએ દોરો કરાવ્યો લાગે છે.' બાપુએ દીકરીને પૂછ્યું, 'આ દોરો શેનો લટકે છે ?'

દીકરીને તો મનમાં એમ જ હતું કે, 'દોરો બાંધ્યા પછી તાવ ઊતરી ગયો છે, માટે બાપુને પણ દોરાની વાત માનવી પડશે.'

દીકરીએ કહ્યું, 'બાપુ ! આ અઠવાડિયાથી તાવ ઊતરતો નહોતો, પણ આ

હામલાનો દોરો બાંધ્યો એટલે એક રાતમાં તાવ ઊતરી ગયો.' બાપુને સ્વામીએ સ્વપ્નમાં કહેલી વાત સમજાઈ ગઈ અને બોલ્યા, 'હા, ગુરુ મહારાજ ! તમારી વાત ખરી નીકળી, ખડ વાઢ્યુય ખરું અને ખડ ખાધુંય ખરું !'

સૂરા બાપુની વાતમાં દીકરીને તો કાંઈ ગમ પડી નહિ. પૂજા પૂરી કર્યા પછી સુરા બાપુએ કહ્યું, 'હામલાને બોલાવો.' બાપુના હુકમથી હામલો હાજર થયો. બાપુએ કહ્યું, 'એલા હામલા ! આ દોરો તેં કર્યો ?' હામલો બોલ્યો, 'હા બાપુ ! મેં કર્યો.' સુરા બાપુનો પુણ્ય પ્રકોપ પ્રજ્વલી ઊઠ્યો અને બાપુ બોલ્યા, 'જા હમણાંને હમણાં ગામ મેલીને વે'તો થઈ જા, નહિતર તારી ખેર નથી.'

બાપુનો પુણ્યપ્રકોપ જોઈને હામલો ભયનો માર્યો થરથરવા લાગ્યો અને કરગરવા લાગ્યો, 'બાપુ ! આમાં મારો કાંઈ વાંક-ગુનો નથી, મેં તો બહેનબાને ખૂબ ના પાડી હતી કે, તમે દોરો કરાવવાનું રહેવા દો, બાપુ મને માર્યા વગર નહિ મેલે, પણ એમણે બહુ આગ્રહ કર્યો એટલે મારે ન છૂટકે દોરો કરી દેવો પડ્યો.'

બાપુએ ડારતી નજરે દીકરીની સામે જોયું. દીકરી પણ બાપુની નજરનું તેજ ઝીલી શક્યા નહિ. એમણે કહ્યું, 'બાપુ ! હામલાની વાત સાચી છે. એણે તો ના પાડી હતી, પણ મેં પરાણે દોરો કરાવ્યો.'

બાપુને હામલાની દયા આવી અને જવા દીધો અને દીકરીને કહ્યું, 'ખબરદાર જો આજ પછી મારા ઘરમાં દોરા-ધાગા ઘાલ્યા છે તો, તમને પણ ઘરમાંથી કાઢી મેલતા મને વાર નહિ લાગે.' દીકરીએ કહ્યું, 'બાપુ ! આપ નારાજ ન થાવ. હવે પછી અમે આવું ક્યારેય નહિ કરીએ.'

બાપુએ શીખામણના સ્વરે કહ્યું, 'દીકરી ! ધાર્યું મહારાજનું થાય છે, હામલાનું નહીં. ભરોસો મહારાજની મરજીનો રખાય, હામલાના દોરાનો નહીં.'

પારસના પ્રતાપથી લોઢું સોનું થઈ જાય એમ બાલમુકુંદદાસજી સ્વામીના સમાગમથી સુરા બાપુ જેવા દૃઢ નિષ્ઠાવાળા અનેક ભક્તો સત્સંગમાં થયા હતા.

ગોંડલના મંદિરનો વહીવટ સુધાર્યો

વિક્રમ સંવત્ ૧૯૨૮માં ગોંડલ મંદિરની પ્રતિષ્ઠા થઈ હતી. એ વાતને એકવીસ વર્ષ થયા પણ ગોંડલ મંદિરનો વહીવટ સાવ ખાડે ગયો હતો. ઉધઈ લાકડાંને કોરી ખાય એમ ગોંડલ મંદિરનો વહીવટ કોરાઈ ગયો હતો.

ઉના મંદિરના અનુભવ ઉપરથી વિહારીલાલજી મહારાજે બાલમુકંદદાસજી સ્વામીને કહ્યું કે 'ઉનાની જેમ ગોંડલ મંદિરનો વહીવટ પણ આપ સુધારો.'

સ્વામી ગોંડલ મંદિરનો વહીવટ શા માટે ખાડે ગયો છે ? એથી પૂર્ણ રીતે વાકેફ હતા. વહીવટ સુધારવા કેટલાંક આકરાં પગલા ભરવા પડે એમ હતા. એમાં મહારાજશ્રી કેટલા સંમત થશે ? એ વિષે સ્વામી ખાતરી કરવા માગતા હતા.

સ્વામીશ્રીએ કહ્યું, ‘મહારાજશ્રી ! મને વહેવારમાં બહુ ખબર ન પડે.’

મહારાજશ્રીએ હસીને કહ્યું, ‘સ્વામી ! તમને ખબર પડે એવી કોઈને ખબર ન પડે. તમે ધારો તો વૈરાગ્યની વાતો કરી મને પણ સાધુ કરી દો એટલા સમર્થ છો.’

સ્વામીએ કહ્યું, ‘મહારાજશ્રી! મને ગુણાતીતાનંદ સ્વામીએ આજ્ઞા કરેલ છે કે તમે ક્યારેય મંદિરોના વહીવટમાં સીધો પ્રવેશ કરશો નહિ.’

‘એટલે અમે વહેવારમાં સીધા નહિ ભળીએ પણ અમારા વતી આ શાસ્ત્રી ધર્મતનયદાસજી ગોંડલ મંદિરનો વહીવટ સંભાળશે. માટે એમના નામની મહોર છાપનો કાગળ લખી આપો. સાથે સાથે એ કાગળમાં એમ પણ લખી આપો કે મંદિરમાં અમારે જેને રાખવા હોય તે જ રહે અને ન રાખવા હોય તે ન રહે.’

વિહારીલાલજી મહારાજે સ્વામીએ કહ્યો એ રીતનો કાગળ કારભારી નંદલાલભાઈ પાસે લખાવી આપ્યો.

સ્વામી ગોંડલ પધાર્યા. ગોંડલ મંદિરનું સુકાન શાસ્ત્રી ધર્મતનયદાસજી સ્વામીને સોંપ્યું. આંકડીયાવાળા ત્રિવેદી પીતાંબર રુગનાથને નામા ઠામાનો તમામ વહેવાર સોંપ્યો. મંદિરમાં જેને રાખવા ઘટે તેને રાખ્યા અને વરતાલ મોકલવા જેવા હતા તેને વરતાલ મોકલ્યા!

ધર્મતનયદાસજી સ્વામીનો જન્મ ખરડ ગામે ગરાસિયા પરિવારમાં વિ.સં.૧૯૦૬, અષાઢી બીજ, રથયાત્રાને દિવસે થયો હતો. એમને નાનપણથી જ વૈરાગ્ય હતો. તેઓ સદ્‌ગુરુ અદ્‌ભુતાનંદ સ્વામી પાસે સાધુ થવા ગયા હતા પરંતુ એમના કુટુંબીઓની ઉપાધિ બહુ હતી. તેઓ એમને સાધુ થવાની રજા આપતા નહોતા.

અદ્‌ભૂતાનંદ સ્વામીએ વિચાર્યું, ‘આ જીવ અતિ મુમુક્ષુ છે. આ જો ધોલેરામાં રહેશે તો એના કુટુંબીઓની ઉપાધિ મટશે નહિ, માટે આ મુમુક્ષુને ગુણાતીતાનંદ સ્વામી પાસે મોકલી દેવો.’

આમ વિચારી અદ્‌ભુતાનંદ સ્વામીએ જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામી ઉપર ભલામણનો પત્ર લખી તેમને જૂનાગઢ મોકલ્યા.

ગુણાતીતાનંદ સ્વામીએ અચિંત્યાનંદ બ્રહ્મચારીને આજ્ઞા કરી કે તમે આ મુમુક્ષુને સંસ્કૃતનો અભ્યાસ કરાવો. સ્વામીની આજ્ઞા થતાં બ્રહ્મચારી મહારાજે એમને સંસ્કૃતનો અભ્યાસ કરાવ્યો. સ્વામી પ્રતિભાસમ્પન્ન હોવાથી એમણે થોડા

દિવસના અભ્યાસમાં સારી એવી પ્રગતિ કરી. એમનો કંઠ પણ મધુર હતો. તેઓ મીઠી હલકથી કીર્તનો ગાતા. તેથી ગુણાતીતાનંદ સ્વામી એના ઉપર ખૂબ રાજી થતા.

કુટુંબીઓની ઉપાધિથી ગુણાતીતાનંદ સ્વામીએ એને સાધુ કર્યા નહોતા, પાર્ષદ તરીકે રાખ્યા હતા. ગુણાતીતાનંદ સ્વામીને ધામમાં જવાનું થયું ત્યારે એમણે સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીને કહ્યું, 'આ ભગતનું ધ્યાન રાખજો ને અવસર આવે ત્યારે સાધુ કરજો.'

ગુણાતીતાનંદ સ્વામી ધામમાં ગયા બાદ વિક્રમ સં. ૧૯૨૪ની સાલમાં બાલમુકુંદદાસજી સ્વામીએ આચાર્ય મહારાજ શ્રી ભગવતપ્રસાદજી મહારાજ પાસે એમને દીક્ષા અપાવી 'ધર્મતનયદાસજી સ્વામી' નામ રાખ્યું.

સાધુ થયા પછી બાલમુકુંદદાસજી સ્વામીની આજ્ઞાથી સંસ્કૃતનો અભ્યાસ કર્યો અને મહાન વિદ્વાન થયા. એમનામાં જેવી વિદ્વત્તા હતી એવી સાધુતા અને વિનમ્રતા પણ હતી. તેઓ શાસ્ત્રકુશળ હતા એવા જ વ્યવહાર કુશળ હતા. શાસ્ત્રી ધર્મતનયદાસજીની વહીવટી કુનેહને લીધે બાલમુકુંદદાસજી સ્વામી મોટે ભાગે વ્યવહારના કાર્યો એમની પાસે જ કરાવતા હતા.

છ મહિનામાં ગોંડલ મંદિરનો વહીવટ સુધરી ગયો. એમણે બાલમુકંદદાસજી સ્વામીની આજ્ઞાથી વીસ વીસ વર્ષ સુધી એકધારી રીતે ગોંડલ મંદિરની સેવા કરી.

વિક્રમ સંવત્ ૧૯૬૯ આસો વદી એકાદશીની રાત્રે અગિયાર વાગ્યે શાસ્ત્રી ધર્મતનયદાસજી સ્વામી શરીર છોડી ધામમાં ગયા.

સ્વામી ધર્મતનયદાસજીના અક્ષરવાસ બાદ સ્વામીએ ગોંડલ મંદિરના વહીવટનું સૂકાન પોતાના કૃપાપાત્ર શિષ્ય પુરાણી ગોપીનાથદાસજી સ્વામીને સોપ્યું હતું. પુરાણી સ્વામી સાથેના મંડળમાં સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી દેવપ્રસાદદાસજી, સ્વામી નારાયણસેવાદાસજી, સ્વામી કૃષ્ણજીવનદાસજી, અને કોઠારી કેશવપ્રિયદાસજી વગેરે હતા.

પુરાણી સ્વામીએ પાંચેક વર્ષ સુધી ગોંડલ મંદિરનું સુકાન સફળતા પૂર્વક સંભાળ્યું હતું. પછી અલૌકિક ઐશ્વર્ય જણાવી અક્ષરવાસી થયા હતા.

પ્રસાદીની પાઘ અમને આપો

ગોંડલમાં ધરમશી વાલા નામે કડીયા હરિભક્ત હતા. ધરમશીભાઈ શ્રીહરિના અનન્ય ભક્ત હતા. તેમના દાદા રત્ના કડિયાએ જૂનાગઢ મંદિરના નિર્માણમાં ખૂબ જ સેવા કરી હતી.

ભગવાન શ્રીહરિએ રાજી થઈને રત્ના કડિયાને પોતાની પાઘ પહેરાવી હતી. રત્નાકડિયાના વંશવારસાએ પરંપરાથી પ્રાપ્ત આ પાઘને જતનથી જાળવી રાખી હતી.

ધરમશીભાઈ રત્નાકડિયાના પૌત્ર હતા. ધરમશીભાઈએ લગ્ન કર્યા, પણ સંતાન ન થયું. સંતાનની કામનાથી એણે બીજું ઘર કર્યું, છતાં પણ એની ઈચ્છા ફળીભૂત થઈ નહિ. સારા હરિભક્ત હોય તો પણ એમને સંતાન અને વ્યવહારે સુખી રહે એવી કામના સહજે રહેતી જ હોય છે. જીવનો આ સહજ સ્વભાવ છે.

ધરમશીભાઈ સારા હરિભક્ત હતા પરંતુ નિષ્કુળાનંદ સ્વામી ભક્તચિંતામણિમાં લખે છે કે, "સંસારીને સુત વિના દુઃખ" બે બે ઘર કરવા છતાંય દીકરો થયો નહિ એટલે આખરે ધરમશીભાઈએ મહારાજની મરજી માની મન પાછું વાળી લીધું અને મહારાજનું ભજન કરવા લાગ્યા.

એકવાર ધરમશીભાઈ ખૂબ જ માંદા થયા, એમને લાગ્યું કે, "હવે આ દેહ નહિ રહે"

આજ અરસામાં સ્વામી બાલમુકુંદદાસજી ગોંડલ પધાર્યા હતા. સ્વામીના મહાન વિદ્વાન શિષ્ય શાસ્ત્રી સ્વામી ધર્મતનયદાસજી ગોંડલ મંદિરનો વહીવટ સંભાળતા હતા. એમણે સ્વામીને કહ્યુ, "સ્વામી ! ધરમશીભાઈ ખૂબ જ માંદા છે અને હવે દેહ રહે એવું લાગતું નથી. એના અંતરમાં આપના દર્શનની ખૂબ જ ઈચ્છા છે."

સ્વામી ધર્મતનયદાસજીની વાત સાંભળીને સ્વામી સંતમંડળ સાથે ધરમશીભાઈને દર્શન દેવા એમને ઘેર પધાર્યા. સ્વામીના દર્શન કરતાં જ ધરમશીભાઈ ગદ્‌ગદ્‌ થઈ ગયા. એમની આંખોમાંથી આનંદના અશ્રુ વહેવા લાગ્યા.

સ્વામીએ ધરમશીભાઈના મસ્તક ઉપર હાથ મૂક્યો. ધરમશીભાઈ ધન્ય થઈ ગયા. એમણે સ્વામી સહિત બધા સંતોની પૂજા કરી ધોતિયા ઓઢાડ્યા.

ધરમશીભાઈ બોલ્યા, 'સ્વામી ! મને લાગે છે કે હવે મારો દેહ નહિ રહે. સ્વામી ! આપ જાણો છો, મારે કોઈ દીકરો નથી, મારે મારા બેય ઘરવાળાનું પોષણ થાય એટલી મૂડી રાખીને બાકીની તમામ સ્થાવર-જંગમ મિલ્કત ગોંડલ મંદિરમાં કૃષ્ણાર્પણ કરી દેવી છે. અને તમે દયા કરી મને ધામમાં મોકલી દો.'

ધરમશીભાઈનો ભાવ જોઈ સ્વામી રાજી થયા અને બોલ્યા, 'ધરમશીભાઈ ! હજુ અમારે તમને ધામમાં મોકલવા નથી, સાજા સારા કરવા છે અને તમારી પાસે ઘણી સેવા કરાવવી છે. માટે મહારાજ તમને સાજા કરશે અને દીકરો નથી તો દીકરો પણ દેશે. પરંતુ બદલામાં અમારી તમારી પાસે એક માગણી છે.'

ધરમશીભાઈ બોલ્યા, 'સ્વામી ! બોલો શું આજ્ઞા છે ?'

સ્વામીએ કહ્યુ, "અમારે સ્થાવર-જંગમ મિલ્કત કૃષ્ણાર્પણ કરાવવી નથી પરંતુ તમારા દાદાને શ્રીજી મહારાજે રાજી થઈને જે પાઘ અપેલી છે તે પ્રસાદીની પાઘ ગોંડલ મંદિરની સુખ-શૈયામાં પધરાવવાનો અમારો સંકલ્પ છે, જેથી હજારો હરિભક્તોને એ પાઘના દર્શન થાય, માટે એ પાઘ અમને આપો."

સ્વામી જેવા સત્પુરુષોના વચને ધરમશીભાઈએ પોતાના જીવથી પણ વહાલી પ્રસાદીની પાઘ સ્વામીને અર્પણ કરી. સ્વામીએ એ પાઘ ગોંડલ મંદિરની સુખશૈયામાં પધરાવી.

સ્વામીના વચને કલ્પી ન શકાય એવો ચમત્કાર સર્જાયો, ધરમશીભાઈ મરણ શૈયામાંથી બેઠા થયા અને સાવ સાજાં થયા.

સ્વામીના વચને એમને ત્યાં મોટી ઉંમરે દીકરો થયો. આ અલૌકિક પ્રતાપના દસ્તાવેજી પુરાવારૂપ એ પ્રસાદીની પાઘ આજે પણ ગોંડલ મંદિરની સુખ-શૈયામાં દર્શન આપે છે.

મુંબઇના ભૂલેશ્વર મંદિરનો ઇતિહાસ

મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના મહાન શિષ્યો સદ્‌ગુરુ બાલમુકુંદદાસ સ્વામી, સદ્‌ગુરુ યોગેશ્વરદાસજી સ્વામી, સદ્‌ગુરુ મહાપુરુષદાસજી સ્વામી, સદ્‌ગુરુ ધર્મસ્વરુપદાસજી સ્વામી, સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસજી સ્વામી, સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી વગેરે ગુણાતીત પરંપરાના સંતો સમર્થ અને વચનસિદ્ધ હતા, છતાં એમણે ક્યારેય ભગવાન સ્વામિનારાયણે બાંધેલી મર્યાદા લોપી નહોતી.

સંપ્રદાયની અનેક વ્યવહારિક અનુકૂળતા પ્રતિકૂળતા વચ્ચે પણ આ મહાન સંતોએ વડતાલ ગાદીની આમાન્યા યથાર્થ જાળવી હતી. શ્રીહરિ સ્થાપિત ગાદી સાથે એમના સંબંધો અત્યંત આદર ભર્યા, આત્મીયતાપૂર્ણ અને સુદઢ હતા.

શ્રીજી મહારાજે બાંધેલી ગાદીની મર્યાદાને તેઓએ હંમેશા માન આપ્યું હતું, એજ રીતે આચાર્યોએ પણ એમની પૂર્ણ આમાન્યા જાળવી હતી.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના ઉત્તરવર્તી સમર્થ શિષ્ય સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી સાથે વિહારીલાલજી મહારાજને અત્યંત સ્નેહ હતો અને સ્વામીની વાતને તેઓ અત્યંત આદરથી સાંભળતા અને અમલમાં મૂકતા.

વિહારીલાલજી મહારાજના કહેવાથી સ્વામી બાલમુકુંદદાસજી સંપ્રદાયના અનેક આંટી-ઘૂંટીવાળા પ્રશ્નોને જોતજોતામાં ઉકેલી દેતા.

વિહારીલાલજી મહારાજને કોઈપણ સમૈયા-ઉત્સવ કરવા હોય તો તે મોટે ભાગે બાલમુકુંદદાસજી સ્વામીની દેખરેખમાં જ કરાવતા.

એક સમયે મુંબઈ સૌરાષ્ટ માટે વિલાયત ગણાતું. દૂરદૂરથી હરિભક્તો મુંબઈમાં આજીવિકા માટે આવતા. મુંબઈમાં હરિભક્તોની સંખ્યા વધતી જતી હતી. અહીં નાનકડું મંદિર હતું પરંતુ હરિભક્તોની સંખ્યા વધતા મંદિરની જગ્યા નાની પડતી હતી. અહીં મોટું મંદિર થાય તેવી સર્વના અંતરની ઈચ્છા હતી. મંદિરની જગ્યા લેવાનું પરિયાણ ચાલતું હતું, પરંતુ હરિભક્તો કોઈ રીતે એક મત થઈ શકતા નહોતા.

સંવત્ ૧૯૫૧ ની સાલ હતી આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે બાલમુકુંદદાસ સ્વામીને કહ્યું કે, 'સ્વામી ! મુંબઈ મંદિરનો પ્રશ્ન ગૂંચવાયા કરે છે, માટે આપ ત્યાં જઈ મતભેદ મિટાવો અને મંદિરની જગ્યાનું નક્કી કરાવો.'

વિહારીલાલજી મહારાજની વાત સ્વીકારીને સ્વામી મુંબઈ પધાર્યા. સ્વામીના મહાન શિષ્ય પુરાણી સ્વામી શ્રીગોપીનાથદાસજી અને કેશવચરણદાસજી વગેરે સંતો સ્વામીની સાથે હતા.

ચાતુર્માસનો સમય હતો. પુરાણી સ્વામી ગોપીનાથદાસજી કથાવાર્તા કરતા હતા અને સ્વામી પણ ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા ઉપાસના તેમજ સંપ રાખવા વિશે ખૂબ જ વાતો કરતા હતા.

સ્વામીનું જીવન પંચવર્તમાનથી પરિપૂર્ણ હતું, સાથે પુરાણી સ્વામી ગોપીનાથદાસજી પણ મહાન વિદ્વાન અને પ્રભાવશાળી સંત હતા. એમનું જીવન પણ સ્વામી જેવું જ સાધુતાથી ભરેલું હતું. એમના મુખેથી કથાવાર્તા સાંભળીને હરિભક્તો અત્યંત આનંદ અનુભવી રહ્યા હતા.

સાચા સંતોના જોગથી હરિભક્તોના અંતરમાં સત્સંગ સુદૃઢ થયો હતો. કથાવાર્તા કરતાંય સંતોના સાધુતાભર્યા વર્તનની હરિભક્તોના અંતરમાં ઊંડી અસર થઈ હતી.

મુંબઈ જેવા શહેરમાં સારા સારા પદાર્થો અને ઉત્તમ રસોઈઓનો ભારે જોગ હોય પણ સ્વામી ક્યારેય ગળ્યું ચીકણું જમતાં નહોતા. પ્રેમીભક્તોએ કરેલા પદાર્થોના ઢગલામાં સ્વામી સાવ નિર્લેપ અને નિઃસ્પૃહી હતા. ધનસંગ્રહની તો વાત જ નહોતી.

સ્વામી જેવા મહાન એકાંતિક સંતના સમાગમથી હરિભક્તોના મન એક થયા હતા. આખરે બધા હરિભક્તોએ સ્વામીને વિનંતી કરી કે, 'સ્વામી ! મંદિરની

જમીન અંગે આપ જેમ કહો તેમ જ કરીશું. આપ જે જગ્યા નક્કી કરો તે જગ્યાએ મંદિર કરવામાં અમે બધા રાજી છીએ.

બધા હરિભક્તોનો એક મત જોઇ સ્વામી રાજી થયા. હાલમાં જ્યાં મંદિર છે એ જમીન સ્વામીએ પસંદ કરી. જમીન પેટે રુપિયા ૧ લાખ ૭૧ હજાર ભરવાના થતા હતા. સ્વામીએ હરિભક્તોને કહ્યું જેને જેટલી શ્રધ્ધા હોય એ પ્રમાણે ઠાકોરજી પાસે રુપિયા મૂકો. હરિભક્તોએ ભારે ભાવથી પોતપોતાની શક્તિ પ્રમાણે ઠાકોરજી પાસે રુપિયાનો ઢગલો કર્યો. આશ્ચર્યની વાત એ હતી કે રુપિયા ગણ્યા તો બરાબર ૧ લાખ ૭૧ હજાર થયા. નહિ વધારે, નહિ ઓછા. બધા જ હરિભક્તોને આ વાત અત્યંત ચમત્કારી લાગી.

સ્વામી ! તમે સાજા નરવા આવ્યા !

મંદિર માટે ભૂલેશ્વરની જમીન સંપાદનનું કાર્ય પૂર્ણ કરી સ્વામી મુંબઈથી વડતાલ પધાર્યા. મુંબઈના હરિભક્તોએ સ્વામી અને સંતમંડળને જે ધોતીયા ઓઢાડયા હતા તે બધા સ્વામીએ વડતાલ મંદિરમાં જમા કરાવી દીધા. સ્વામીએ ધાર્યુ હોત તો ધોતીયા જૂનાગઢ લઈ જઈ શક્યા હોત, પરંતુ સ્વામી વહીવટમાં પારદર્શક અને પદાર્થપાનામાં નિર્લેપ હતા. સ્વામીનો આ સ્વભાવ સર્વના અંતરમાં અહોભાવ ઉપજાવે એવો હતો.

સ્વામી વિહારીલાલજી મહારાજને મળ્યા અને મુંબઈની બધી હકીકત કહી.

સ્વામીની વાત સાંભળીને વિહારીલાલજી મહારાજ ખૂબ જ રાજી થયા. પછી થોડું હસીને મર્મમાં બોલ્યા, ‘સ્વામી ! ઘણા બધા સાધુ મુંબઈ જાય છે પણ મોટા ભાગના માંદા થઈને પાછા આવે છે, જ્યારે તમે તો સાવ સાજા નરવા પાછા આવ્યા!’

મહારાજશ્રીની વાત ખાલી શરીરની માંદગી પ્રત્યેની નહોતી, મોટા શહેરોમાં ભારે ભારે પદાર્થનો જોગ થાય ત્યારે ભલભલા ત્યાગી વૈરાગી હોય તોય શરીરની સાથોસાથ મનથી પણ માંદા થઈ જતા હોય છે.

સ્વામીએ મર્મમાં જ પ્રત્યુત્તર આપ્યો, ‘બાપજી ! અમે મુંબઈ જવાના થયા ત્યારે જ ગળ્યું, ચીકણું નહિ ખાવાનું નિયમ લઈ લીધું હતું તેથી શરીરે સાજા રહ્યા અને શ્રીહરિએ બાંધેલી પંચવર્તમાનની આજ્ઞા પાળી એથી મનથી નરવા રહ્યા.’ સ્વામીનો જવાબ સાંભળી મહારાજશ્રી અત્યંત રાજી થયા અને બોલ્યા, ‘સ્વામી, તમે ગુણાતીતાનંદ સ્વામી જેવા જ નિર્લેપ છો. તમને શહેર કે પદાર્થો બાધ કરી શકે એમ નથી.’

વચલા ડેરાનો વિવાદ

સ્વામી બાલમુકુંદદાસજીની પ્રેરણાથી મુંબઇ ભૂલેશ્વર ખાતે મંદિર માટેની જમીન લેવાણી. ત્રણ શિખરનું સુંદર મંદિર તૈયાર થયું.ભગવાન સ્વામિનારાયણ અને લક્ષ્મીનારાયણ દેવની સુંદર મૂર્તિઓ પણ તૈયાર થઇ ગઇ.

સંવત્ ૧૯૫૯માં વૈશાખ માસમાં સુદી બારસના રોજ મૂર્તિપ્રતિષ્ઠા કરવાની હતી. પ્રતિષ્ઠાની બધી જ પૂર્વ તૈયારીઓ પૂર્ણ થવા આવી હતી. પરંતુ વચલા ડેરામાં કઇ મૂર્તિ પધરાવવી એ અંગે ભારે વિવાદ ઊભો થયો. મુંબઇનું જૂનું મંદિર હતું એમાં ગોલોકવિહારીજી અને રાધિકાજીની મૂર્તિઓ હતી. આ મૂર્તિઓ હરિભક્ત શ્રીરણછોડદાસે પધરાવી હતી.

રણછોડદાસનો આગ્રહ વચલા ડેરામાં એ જ મૂર્તિઓ પધરાવવી એવો હતો.

મોટાભાગના હરિભક્તોનો મત હતો કે ‘ગોલોકવિહારીજીની મૂર્તિઓ સાવ નાની છે તેથી વચલા ડેરાને બદલે પડખેના ડેરામાં પધરાવવી અને વચલા ડેરામાં નવી મોટી મૂર્તિઓ પધરાવવી.’ પરંતુ રણછોડદાસ કેમેય માનતા નહોતા. વાત ભારે મમતે ચઢી ગઇ હતી અને વિવાદ વકર્યો હતો.

રણછોડદાસે મંદિરના મુખ્ય કાર્યકર્તા જે.પી કરમશીભાઇ ઉપર કેસ કર્યો.

મૂર્તિપ્રતિષ્ઠાનો સમય નજીક આવ્યો પણ વિવાદ શમવાનું નામ લેતો નહોતો એટલે બધા મૂંઝાયા હતા.

મોટાભાગે આવા વિવાદોને ધર્મ સાથે સ્નાન સૂતકનોય સંબંધ હોતો નથી. આવા વિવાદો માત્ર અહં મમત્વમાંથી જ ઊભા થતા હોય છે. આવું એક જગ્યાએ નહીં, અનેક જગ્યાએ બનતું હોય છે.આમાં પણ ઘણીવાર હરિભક્તોરુપી ફુગ્ગામાં હવા ભરનારાઓ બહારના પરિબળો મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે.

મુંબઇના હરિભક્તોને થયું હતું કે આ વિવાદ હવે સ્વામી બાલમુકુંદદાસજી પધારે તો જ ઉકેલાશે.

આખરે આચાર્ય મહારાજશ્રી વિહારીલાલજી મહારાજે આગ્રહપૂર્વક સ્વામીને મુંબઇ મોકલ્યા.

સ્વામી હંમેશા મંદિરને ઓછો ઘસારો આવે માટે થર્ડક્લાસમાં જ મુસાફરી કરતા. બધાનો ખૂબ આગ્રહ હતો કે સ્વામી સેકન્ડ ક્લાસમાં બેસે, પણ સ્વામીએ એ વાત ન સ્વીકારી. સ્વામી થર્ડક્લાસમાં જ મુંબઇ પહોંચ્યા. સ્વામીએ મુંબઇ પધારીને રણછોડદાસને સમજાવ્યા. સ્વામી જેવા પ્રતાપી પુરુષના વચને રણછોડદાસ

માની ગયા. કોર્ટ કેસ પાછા ખેચ્યાં. સ્વામી જેવા મહાન પુરુષના પ્રતાપથી બધું સરખું થયું.

રાવબહાદુર શેઠ કરમશીભાઈ પૂર્વના યોગભ્રષ્ટ જીવ હતા. સંપ્રદાયની બન્ને ગાદીમાં આદરણીય હતા. સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી સાથે તેઓને અત્યંત આત્મબુદ્ધિ હતી. મુંબઈ મંદિરના વચલા દેરાના વિવાદનું સમાધાન થયુ ત્યારે કોરટ-કચેરીનો ખર્ચ એ જમાનામા આશરે એકાદ હજાર જેટલો થયો હતો. શેઠ શ્રી કરમશીભાઈએ એ ખર્ચો મંદિરમાંથી નહીં લેતા પોતે જ ભોગવી લીધો હતો.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીએ કહ્યું, ‘શેઠ આટલો બધો ખર્ચ તમે કરશો ?’ ત્યારે શેઠ કરમશીભાઈએ કહ્યું, ‘સ્વામી ! મારા દીકરાનો માંડવો હોય તો ખરચ મારે જ કરવો પડે, ત્યારે આ તો મારા ઈષ્ટદેવનો માંડવો છે. એમાં હું આટલી સેવા કરું એમાં કંઈ નવાઈ નથી.’

શેઠની વાત સાંભળી સ્વામી અત્યંત રાજી થયા.

મુંબઈમાં મૂર્તિપ્રતિષ્ઠાનો ઉત્સવ આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજની નિશ્રામાં ધામધૂમથી ઉજવાયો. પ્રતિષ્ઠા પૂર્ણ થયા બાદ સ્વામી મુંબઈથી નીકળવા તૈયાર થયા ત્યારે શેઠ કરમશીભાઈ સ્વામીને જૂનાગઢથી મુંબઈ આવવા જવાનું બન્ને વખતનું સેકન્ડ ક્લાસનું ભાડું આપવા લાગ્યા.

સ્વામીએ કહ્યું, ‘શેઠ ! એક તો અમે થર્ડ ક્લાસમાં આવ્યા છીએ બીજું આવતી વખતનું ભાડું માવા મુસા વાળા શેઠ લક્ષ્મણદાસે આપ્યું છે માટે માત્ર જવાનું જ ભાડું લેવાનું થાય છે અને તે પણ થર્ડ ક્લાસનું, જે અમે જૂનાગઢ મંદિરમાં ખર્ચ પેઠે મંડાવી દઈશું.’

કરમશી શેઠે કહ્યું, ‘સ્વામી ! અમે તમને તેડાવ્યા ત્યારે કાગળમાં આવવા જવાનું સેકન્ડ ક્લાસનું ભાડું આપવાનું લખ્યું હતું માટે તમે સ્વીકારી લ્યો.’

સ્વામી કહે, ‘શેઠ ! તમે આટલી ચોખવટ કરી એટલે તમારી ફરજ પૂરી થઈ. પરંતુ અમારે ત્યાગીઓએ અમારો ધર્મ બજાવવો જોઈએ. અમારાથી ખોટો ખરચો ન લેવાય.’

સદ્‌ગુરૂ બાલમુકુંદદાસજી સ્વામીની વાતમાં અણિશુધ્ધ પ્રામાણિકતા નીતરતી હતી. નીતિમત્તાની નાની નાની બાબતમાં પણ સ્વામી સાવધાન હતા.

મંદિરોના નાણાં બાબતના વ્યવહારો કેવા શુદ્ધ અને પારદર્શક હોવા જોઈએ? તે માટે સંપ્રદાયના સર્વ વહીવટ કર્તાઓએ સ્વામીની વાત ઉપરથી ધડો લેવો જોઈએ.

અલૌકિક ઐશ્વર્ય

બાલમુકુંદદાસજી સ્વામી પાંચે પાંચ વર્તમાન યથાર્થ પાળતા હતા. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની એમના ઉપર અપાર કૃપા હતી. સ્વામીના એ મુખ્ય શિષ્ય હતા. પોતાના જ્ઞાન અને ઐશ્વર્યનો વારસો ગુણાતીતાનંદ સ્વામીને આપ્યો હતો.

સ્વામીએ અનેક અવગતિયા જીવોનો ઉદ્ધાર કર્યો હતો. અનેક ગરીબ હરિભક્તોને સુખીયા કર્યા હતા.

સ્વામીના આશીર્વાદથી અનેક ભક્તોને સંતાનસુખ પ્રાપ્ત થયું હતું. સૌથી વિશેષ વાત એ હતી કે સ્વામીએ અનેક સંતો હરિભક્તોને નિર્વાસનિક કરીને સંકલ્પ માત્રથી અક્ષરધામમાં મોકલ્યા હતા. જીવને નિર્વાસનિક કરી અક્ષરધામમાં મોકલી દેવો એ સ્વામીને મન રમત વાત હતી.

વિ. સં. ૧૯૪૫ની સાલ હતી. સ્વામી વડતાલ સમૈયો કરવા પધાર્યા હતા. સ્વામીની સાથે પુરુષોત્તમવલ્લભદાસજી નામના સંત હતા.

પુરુષોત્તમવલ્લભદાસજીએ સ્વામીને વિનંતી કરી, ‘સ્વામી ! તમે કૃપા કરી હવે મને ધામમાં મોકલી દો.’

સ્વામીએ કહ્યું, ‘સાધુરામ ! હમણાં નહિં. આપણા દેશમાં પાછા જઈએ ત્યારે વાત.’ આ જ અરસામાં રાજકોટ ખાતે ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર કડીયા માવજીભાઈને બન્ને દેશના આચાર્યો અને સંતોને તેડાવી મોટો યજ્ઞ કરાવવાનો સંકલ્પ હતો. એમની ઈચ્છા હતી કે આ બધું જ આયોજન બાલમુકુંદદાસજી સ્વામીની દેખરેખ નીચે થાય. માવજીભાઈએ સ્વામીને વડતાલથી રાજકોટ પધારવા વિનંતી કરી. સ્વામીએ વિનંતી માન્ય રાખી.

સ્વામી રાજકોટ પધાર્યા અને રાજકોટ ખાતે માવજીભાઈના સંકલ્પ પ્રમાણે ધામધૂમથી યજ્ઞ કરાવ્યો, જેમાં મોટા મોટા સંતો એકઠા થયા હતા. મહા માસમાં આયોજિત આ મહોત્સવમાં સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી ધર્મતનયદાસજી અને પુરાણી સ્વામી ગોપીનાથદાસજીએ કથામૃતનું રસપાન કરાવ્યું હતું.

વડતાલથી શ્રી વિહારીલાલજી મહારાજ અને અમદાવાદથી કેશવપ્રસાદજી મહારાજ અને એના લાલજી પુરુષોત્તમ પ્રસાદજી મહારાજ પણ આ પ્રસંગે પધાર્યા હતા અને આઠ આઠ દિવસ રાજકોટ રોકાયા હતા.

યજ્ઞ પૂરો થયા પછી સ્વામી પુરુષોત્તમવલ્લભ દાસજીએ સ્વામીને કહ્યું, ‘સ્વામી ! હવે આપણો દેશ આવી ગયો છે તો તમે કૃપા કરી મને વડતાલમાં કોલ

દીધો છે એ પૂરો કરો અને મને ધામમાં મોકલી દો.’

સ્વામીએ એમની ધામમાં જવાની તીવ્ર ઈચ્છા જોઈને કહ્યું, ‘ભલે આવતી કાલે મહારાજ તમને ધામમાં તેડી જશે. તમે મહારાજની મૂર્તિને સંભારી ભજન કરવા માંડો.’

સ્વામીના વચને સ્વામી પુરુષોત્તમ વલ્લભદાસજી ભજન કરવા માંડ્યા. આ સમયે તેઓ સાવ સાજા સારા હતા. ધામમાં જવાનો સમય નજીક આવવા લાગ્યો. એમના શરીરમાં થોડો તાવ આવ્યો.

સ્વામીએ હરિભક્તોને કહ્યું, ‘ડોશીયોના મંદિરે કહેવડાવો કે બધી ડોશીયું પોત પોતાને ઘરેથી એક એક સૂંડલો છાણાં લઈ આવે જેથી સાધુની અંતિમ વિધિમાં કામ આવે.’ સ્વામીની વાત સાંભળી એક સાધુ કટાક્ષમાં બોલ્યા, ‘આમ એક દિવસના મંદવાડમાં થોડો દેહ પડી જશે કે છાણાં મંગાવો છો ?’

સ્વામીએ કહ્યું, ‘જો દેહ નહીં પડે તો છાણાં રસોઈમાં કામ લાગશે. તમે નકામી ચિંતા કરો મા.’

સ્વામીની આજ્ઞાથી સત્સંગી બહેનોએ છાણાંનો ઢગલો કર્યો. બીજે દિવસે સવારે પેલો કટાક્ષ કરનારો સાધુ જોતો રહ્યો અને ભગવાન શ્રીહરિ સ્વામીના વચને પુરુષોત્તમ વલ્લભદાસજીને પોતાના ધામમાં તેડી ગયા. સ્વામીએ આ રીતે અનેક સંતો ભક્તોને મહારાજના ધામમાં મોકલ્યા હતા. સામાન્ય જીવોને સમજાય નહિં એવું આ અલૌકિક ઐશ્વર્ય સ્વામીમાં સહજ હતું.

બ્રહ્મને સંકલ્પ શું અને વિકલ્પ શું ?

સ્વામિનારાયણ સંપ્રદાયમાં એક સુપ્રસિદ્ધ પ્રસંગ છે. એક સમયે ભગવાન શ્રી સ્વામિનારાયણ સરધાર ગામે પધાર્યા હતા અને વણિક શેઠ શાહ ગોવર્ધન અને શાહ કમળશીને ત્યાં ઉતારો કર્યો હતો.

બન્ને ભાઈઓ ભગવાન શ્રીહરિના આશ્રિત થયા હતા. એમને ભગવાન સ્વામિનારાયણમાં અપાર શ્રદ્ધા હતી, પરંતુ એમના માતુશ્રી ચુસ્તપણે જૈન ધર્મ પાળતા હતા.

ડોસીમા ભારે જીવદયામાં માનતા હતા. તેઓ ક્યારેય માંકડ મચ્છર મારતા નહિં. તેમની એક આદત હતી કે તેઓ પથારી-પાગરણમાંથી મચ્છર, માંકડ વીણી વીણીને એક ઢોલીયામાં મૂકતા અને કોઈ મહેમાન આવે ત્યારે તેઓ એ ઢોલીયો મહેમાન માટે ઢાળી આપતા !

આમાં ત્રણ લાભ થતા. માંકડ મરે નહીં, મહેમાનનું મીઠું લોહી પી માંકડ તાજા માજા રહે, માંકડથી કંટાળીને મહેમાન વહેલાસર વે'તા પડે!

આ ડોસીમાને ભગવાન સ્વામિનારાયણ પ્રત્યે અકારણ આડવેર હતું.

મહારાજ ઘરે પધાર્યા એ ડોશીને જરાય ગમ્યું નહોતું પણ પોતાના યુવાન દીકરાઓને કાંઈ કહી શક્યા નહોતા.

મહારાજ પધાર્યા ત્યારે ડોશીએ દાઝમાં ને દાઝમાં મહારાજ માટે ઢાળીયામાં રાખી મૂકેલો માંકડવાળો ઢોલીયો ઢાળી દીધો.

મહારાજ જેવા ઢોલીયા પર પોઢ્યા એવા ચારે તરફથી લશ્કરની બટાલીયન છૂટે એમ ઢોલીયામાંથી માંકડની હાર્યો ઉભરાણી. માંકડની હાર્યો ને હાર્યો જોઈ મહારાજ ઢોલીયા ઉપરથી નીચે ઉતરી ગયા અને જમીન પર આસન કર્યું.

થોડી વારમાં શેઠ ઘરે આવ્યા અને મહારાજને જમીન પર બેઠેલા જોઈને પૂછ્યું, 'મહારાજ ! ઢોલીયો ઢાળ્યો છે છતાંય કેમ નીચે બિરાજો છો?'

મહારાજે હસીને કહ્યું, 'ગોવર્ધન ! ઢોલીયામાં માંકડનો પાર નથી એટલે અમે નીચે આસન જમાવ્યું છે.'

શેઠે ડોશીમાને કહ્યું, 'મા! આ માંકડવાળો ખાટલો મહારાજ માટે કેમ ઢાળ્યો ?'

અવળાઈ ભરેલી ડોશીએ મહારાજ સાંભળે એમ મેણું માર્યું, 'સ્વામિનારાયણ તો બહુ મોટા ભગવાન કહેવાય છે, અનેક જીવોના કલ્યાણ કરવાનો દાવો લઈને ફરે છે, જો એમનામાં ખરેખર ત્રેવડ હોય તો માંકડનું કલ્યાણ કેમ નથી કરતા ?'

ડોશીનું મેણું સાંભળી મંદમંદ હસતા મહારાજે ચપટી વગાડી અને એ જ સમયે આકાશમાં અનંત વિમાનો આવ્યાં અને બધા જ માંકડ દિવ્ય ચતુર્ભુજ સ્વરુપો ધારણ કરી વૈકુંઠમાં ગયા !

ગોવર્ધન અને એમના મા દૃશ્ય જોઈ રહ્યા હતા. ડોશીમાનું મન અને માન બેય ગળી ગયા. એમણે મહારાજના ચરણમાં પડી માફી માગી અને શ્રીહરિના આશ્રિત થયા.

કરુણાસાગર શ્રીજી મહારાજે બન્ને દીકરાઓની હારે એમના માંકડવાળા માતુશ્રીનું પણ કલ્યાણ કર્યું.

આ જ વણિક પરિવારમાં શાહ જીવરાજ હેમરાજ થયા. જીવરાજભાઈને ત્યાં પાંચ પુત્રો અને ત્રણ પુત્રી હતા. એમના મોટા દીકરાનું નામ મેઘજી હતું. એમનો જન્મ સરધાર ખાતે સંવત્ ૧૯૧૦માં થયો હતો.

મેઘજીને નાનપણથી જ બાલમુકુંદદાસજી સ્વામીનો જોગ થયો હતો અને સ્વામીના સમાગમથી એમના અંતરમાં વૈરાગ્યનાં બીજ પાંગર્યાં હતાં.

મેઘજીને માત્ર પંદર વર્ષની ઉંમરે સાધુ થવાની ઈચ્છા થઈ હતી. એમનું મન સંસાર વહેવારથી ઉઠી ગયું હતું. તેઓ વધારે ને વધારે સમય ભજન ભક્તિમાં પસાર કરતા હતા.

મેઘજીનું સગપણ ગઢડા પાસે ભડલી ગામે કરવામાં આવ્યું હતું.

કન્યા ઉંમરલાયક થઈ હતી તેથી તેમના પરિવારજનો લગ્ન માટે વારંવાર દબાણ કરતા હતા પણ મેઘજી માનતા નહોતા. એમને કોઈ રીતે સંસાર કરવો નહોતો. આવી રકઝકમાં ચાર પાંચ વર્ષ નીકળી ગયા.

એક દિવસ રાત્રે પરિવારજનો સૂઈ ગયા ત્યારે મેઘજી ઘર છોડી નીકળી ગયા અને જૂનાગઢ બાલમુકુંદદાસજી સ્વામી પાસે આવ્યા.

મેઘજીના સગા સંબંધીઓ પણ એમને શોધતા શોધતા પાછળ પાછળ જૂનાગઢ આવ્યા. એમણે સ્વામીને કહ્યું, ‘સ્વામી ! મેઘજીને ઘેર મોકલો.’

સ્વામી કહે, ‘મેઘજીને મનાવો અને માને તો લઈ જાઓ, અમે કોઈને પરાણે રોકતા નથી.’

સગાં સંબંધીઓએ મેઘજીને ખૂબ મનાવ્યા પણ મેઘજી કોઈ રીતે માન્યા નહિં.

આખરે સ્વામીએ એમના કુટુંબીઓને કહ્યું, ‘તમે હવે માથાફોડ મૂકો. તમારા છોકરાના અંતરમાં વૈરાગ્ય છે, એમને સાધુ થવા દો. એ સાધુ થશે તો તમારી એકોતેર પેઢીઓના કલ્યાણ થઈ જશે.’ આખરે સ્વામીની વાતથી સગાં-સંબંધીઓ માની ગયા અને મેઘજીને સાધુ થવાની રજા આપી.

સ્વામીએ એમને છવીસ વર્ષની ઉંમરે વિહારીલાલજી મહારાજ પાસે દીક્ષા અપાવી સાધુ કર્યા અને સ્વામી કેશવચરણદાસજી નામ રાખ્યું.

એક દિવસ સ્વામી કેશવચરણદાસજી પૂજા કરી રહ્યા હતા. તેમના અંતરમાં ખોટો ઘાટ સંકલ્પ થયો. પ્રાયશ્ચિત રુપે એમણે આખો દિવસ ઉપવાસ કર્યો.

બીજો દિવસ પારણાનો દિવસ હતો. પરંતુ બીજા દિવસે પણ પૂજા સમયે ખોટો ઘાટ સંકલ્પ થયો તેથી તેઓશ્રીએ બીજા દિવસે પણ ઉપવાસ કરવાનું નક્કી કર્યું.

માછલી જેમ ઈંડાને સેવે તેમ સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી આ મુમુક્ષુનું સેવન કરી રહ્યા હતા.

કેશવચરણદાસજી સ્વામીના દર્શને આવ્યા ત્યારે કરુણામૂર્તિ સ્વામીએ પૂછ્યું, ‘સાધુરામ ! ગઈ કાલે તમારે ઉપવાસ હતો, તો આજે પારણા કર્યા ?’

કેશવચરણદાસજીએ એક ઉત્તમ શિષ્યને શોભે એ રીતે નિખાલસ ભાવે પોતાના ઘાટ સંકલ્પની કબૂલાત કરતા કહ્યું, 'સ્વામી ! આજે પણ પૂજા પછી મારા મનમાં ખોટા ઘાટ સંકલ્પ થયા છે માટે આજે પણ મેં ઉપવાસ કરવાનું નક્કી કર્યું છે.'

શિષ્યની સાધના માટેની ઉત્કૃષ્ટ શ્રદ્ધા જોઈને સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીએ કરુણાભરી દૃષ્ટિથી કેશવચરણદાસજી સામે જોઈને કહ્યું, 'સાધુરામ ! આપણે તો બ્રહ્મરુપ છીએ. બ્રહ્મને સંકલ્પ શું અને વિકલ્પ શું ? જાઓ, હવેથી તમને ઘાટ સંકલ્પ નહિં થાય. આજે પારણા કરી લ્યો, કાલે ઉપવાસ કરજો.'

સમર્થ સદ્‌ગુરુના આશીર્વાદથી સ્વામી કેશવચરણદાસજીનું હૃદય કાયમ માટે આકાશ જેવું નિર્મળ બની ગયું. મનના ઘાટ સંકલ્પોનો વિરામ થયો અને મહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રહેવા લાગી.

સ્વામીના વચને સ્વામી કેશવચરણદાસજીએ પારણા કર્યા અને વળતે દિવસે ઉપવાસ કર્યો. સ્વામી કેશવચરણદાસજીનું જીવન સાધુતાપૂર્ણ હતું. તેઓ ખૂબ જ ભજનીક અને ધ્યાની સંત હતા અને વચનામૃતના ખાસ અભ્યાસી હતા. એમણે વચનામૃતની ૩૦૦ પારાયણ સાંભળી હતી. સ્વામીએ એમને વહેવાર કુશળ જાણી જેતપુરનો વહીવટ સંભાળવાની આજ્ઞા કરી હતી. એમનો સ્વભાવ ત્યાગ વૈરાગ્યથી ભરપૂર હતો છતાં સ્વામીની આજ્ઞાથી એમણે વર્ષો સુધી જેતપુર મંદિરનો વહીવટ નિર્લેપ ભાવે સંભાળ્યો હતો.

સમય જતાં તેઓશ્રીએ જેતપુર મંદિરનો વહીવટ પોતાના શિષ્ય કોઠારી સ્વામી હરિકૃષ્ણદાસજીને સોંપ્યો હતો અને પોતે બધી રીતે પાછી વૃત્તિ વાળી શ્રીહરિના અખંડ ભજન સ્મરણમાં ગરકાવ થયા હતા.

તેઓશ્રી ૮૧ વર્ષની ઉંમરે સંવત્ ૧૯૯૧ના કાર્તક વદી ૧૩ના રોજ સ્વતંત્ર થકા પંચભૂતનો દેહ છોડી અક્ષરવાસી થયા હતા.

વંથલીના મુક્તરાજ ડાહ્યાભાઇ

વંથલીમાં મહામુક્તરાજ કલ્યાણજીભાઈ થયા, જેઓ ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર હતા. કલ્યાણબાપાને દેવજીભાઈ, શામાભાઈ અને ડાહ્યાભાઈ એ ત્રણ દીકરાઓ હતા. તેઓ પણ ખૂબ સારાં સત્સંગી હતા.

નાનપણમાં એમને ગુણાતીતાનંદ સ્વામીના ખૂબ જ આશીર્વાદ પ્રાપ્ત થયેલા.

કલ્યાણજીભાઈના નાના દીકરા ડાહ્યાભાઇ પોતાના પિતા જેવા જ ઉત્તમ એકાંતિક ભક્તરાજ હતા.

ડાહ્યાભાઈને સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી તથા યોગેશ્વરદાસજી સ્વામી સાથે ખૂબ જ સ્નેહ હતો. કલ્યાણબાપા જેમ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરતા, એજ રીતે ડાયાભાઈ બન્ને સંતોનો સમાગમ કરતા. સંત સમાગમને લીધે સંસારમાં રહેવા છતાંય એમની સ્થિતિ એકાંતિક સંત જેવી થઈ હતી.

તેઓ રાત્રિએ લાંબો પગ કરીને સૂતા નહિ. થાંભલાને ટેકે બેસીને ધ્યાન-ભજન કરતાં રહેતા. રાત્રે બહુ નિદ્રા આવે, ત્યારે થાંભલાને ટેકે જ થોડી નિદ્રા કરી લેતા હતા. તેઓ ગાદલું-ગોદડું ક્યારેય વાપરતા નહિ. હાથવણાટની એક જાડી પછેડી રાખતા અને ટાઢ લાગે ત્યારે એ પછેડી ઓઢી લેતા.

માણસ આહાર વિના રહી શકે પરંતુ ઊંઘ વિના નહિ. મહાભારતના અર્જુને નિદ્રા ઉપર વિજય મેળવ્યો હતો અને 'ગુડાકેશ' કહેવાયા હતા. એમનું ભજન-સ્મરણનું અંગ ભલભલા સંતોને શરમાવે એવું હતું.ભગવાન સ્વામિનારાયણને પ્રતાપે સત્સંગમાં અનેક 'ગુડાકેશ' હતા. એમાંના એક હતા ડાહ્યાભાઈ.

વિ. સં. ૧૯૪૮ ની સાલ હતી. આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજે વડતાલમાં સત્સંગિજીવનની પારાયણ કરાવી હતી.

આ પ્રસંગે મહારાજશ્રીએ ગઢડા, જૂનાગઢ વગેરે મંદિરોના આગેવાન સાધુઓને તેડાવ્યા હતા.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી પણ વિહારીલાલજી મહારાજની આજ્ઞાથી આ પ્રસંગે વડતાલ પધાર્યા હતા. એમની સાથે વંથલીના ડાહ્યાભાઈ પણ હતા. સભા-મંડપના ઉપરના માળે બધાનો ઉતારો હતો.

વડતાલના કોઠારીએ ભક્તરાજ ડાહ્યાભાઈ માટે ગાદલું-ગોદડું મોકલ્યા હતા. પરંતુ ડાહ્યાભાઈએ એનો વીંટલો કરી ઓઠિંગણે મૂકી રાખ્યા હતા. તેઓ મોટે ભાગે આખી રાત્રિ માળા કર્યા કરતા હતા.

ગઢડાથી પરમ પવિત્ર સંત રામચરણદાસજી આ પ્રસંગે સંત-મંડળ સાથે વડતાલ પધાર્યા હતા. એમનો ઉતારો પણ આ મેડા ઉપર જ હતો.

સ્વામી રામચરણદાસજી વૃદ્ધ હતા. એમને રાત્રિના સમયે બે-ત્રણવાર લઘુશંકા કરવા માટે ઊઠવું પડતું. સ્વામી રામચરણદાસજી જ્યારે ઊઠે ત્યારે જુએ તો, ડાહ્યાભાઈ માળા ફેરવી રહ્યા હોય.

એક દિવસ એમણે સ્વામી બાલમુકુંદદાસજીને પૂછ્યું, "સ્વામી ! આ ક્યા ગામના ભગત છે ?" સ્વામીએ કહ્યું, "એ વંથલીના મહામુક્તરાજ કલ્યાણજીબાપાના દીકરા છે."

સ્વામી રામચરણદાસજી ગુણગ્રાહક ભાવે બોલ્યા, "સ્વામી ! આ ભગતની સ્થિતિ તો ખૂબ ઊંચી છે. રાત્રે હું જ્યારે જોઉં ત્યારે ભગત માળા જ કરતા હોય છે. આવા ભગત ધોળે લૂગડે હોય, સંસારમાં રહ્યા હોય, તોય એના પગરખાંમાં આપણો પગ આવે એમ નથી. આ ભગત તો સાધુઓનેય દર્શન કરવા જેવા છે."

સ્વામી બાલમુકુંદદાસજીએ કહ્યું, "સ્વામી ! આપની વાત સાચી છે. એમની સ્થિતિ ખૂબ ઊંચી છે અને ખરેખર દર્શનીય છે."

એકવાર ડાહ્યાભાઈ વંથલીથી જૂનાગઢ દર્શન કરવા આવ્યા હતા. જૂનાગઢ મંદિરમાં કોઠારીને મંદિરે આવનારા મહેમાનો માટે ગોદડાં કરાવવા હતા, એમણે ડાહ્યાભાઈ ને પૂછ્યું કે, "બાપા ! ગોદડાં કેટલા લાંબા-પહોળા રાખીએ તો ઠીક ?"

ડાહ્યાભાઈ એ હસીને કહ્યું, "સ્વામી ! જેણે ગોદડું ઓઢ્યું-પાથર્યું હોય, એને પૂછો. મારું માપ તમને કામમાં નહિ આવે !"

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી, સદ્‌ગુરુ બાલમુકુંદદાસ સ્વામી વગેરે મહાન સંતોના પ્રતાપથી ડાહ્યાભાઈ સંસારમાં રહેવા છતાંય જનક અને અંબરીષ કરતાંય પણ ઊંચી સ્થિતિને પામ્યા હતા.

સોનાના સાંકળા અને ડાહ્યાભાઇ

વંથલીમાં ખૂબ પ્રાચીન સૂર્યકુંડ છે. આ સૂર્યકુંડ વામનજીની તપસ્થલી ગણાય છે અને વામનજીને લીધે જ આ સ્થળ વર્ષો પહેલાં વામનાસ્થળી તરીકે પ્રસિદ્ધ હતું.

વામનાસ્થળી શબ્દ સમય જતાં અપભ્રંશ થયો અને વનસ્થલી નામ પડ્યું અને વનસ્થલી ઉપરથી વંથલી શબ્દ બન્યો છે અને આ રીતે આ ગામ 'વંથલી' નામે ઓળખાય છે.

ભગવાન સ્વામિનારાયણ નીલકંઠ વર્ણીના વેષે અહીં પધાર્યા હતા, સૂર્યકુંડમાં સ્નાન કર્યું હતું અને કેટલોક સમય સૂર્યકુંડને કિનારે રોકાયા હતા.

બહુ ઓછા લોકોને ખ્યાલ હશે કે, આ પવિત્ર તીર્થસ્થળ વામનજીની તપોભૂમિ હોવાથી ભગવાન સ્વામિનારાયણે જૂનાગઢમાં રણછોડરાયની સાથે જે ત્રિકમરાય પધરાવ્યા છે, એ ત્રિકમરાય વામનજીનું જ રૂપ છે.

વામનજીએ ત્રણ પગલામાં સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ, આ ત્રણેય લોક માપી લીધા હતા, એટલે તેઓ ત્રિવિક્રમ કહેવાયા હતા. વેદોમાં ભગવાન ત્રિવિક્રમની ખૂબ જ સુંદર સ્તુતિઓ જોવા મળે છે. વેદોનું વિષ્ણુસૂક્ત ભગવાન ત્રિવિક્રમની સ્તુતિનું સૂક્ત છે. ત્રિવિક્રમ શબ્દ અપભ્રંશ થતાં લોકભાષામાં ત્રિકમ શબ્દ થયો છે.

ભગવાન સ્વામિનારાયણે વામન ભગવાનની પુણ્યભૂમિની સમીપે જ જૂનાગઢ મંદિરમાં ત્રિકમજીની સ્થાપના કરેલી છે. ભગવાન સ્વામિનારાયણની તીર્થો અને દેવો પ્રત્યેની પ્રેમપૂર્ણ દૃષ્ટિ દાદ માગી લે તેવી છે.

વંથલીમાં ભગવાન વામનજીની ગાથા ગાતો સૂર્યકુંડ આજે પણ વિદ્યમાન છે, પરંતુ દુર્ભાગ્યે કળિયુગના લોકોએ એ કુંડની હાલત બગાડી નાખી છે!

એક સમયે આ સૂર્યકુંડ પવિત્ર સ્વચ્છ પાણીથી ભરપૂર રહેતો હતો. નરનારીઓ આ તીર્થમાં સ્નાન કરતાં અને પાવન થતા હતા.

વંથલીમાં ડાહ્યાભાઈ દરરોજ સવારમાં સૂર્યકુંડે સ્નાન કરવા જતા હતા.

એક દિવસની વાત છે. કોઈ વાર-તહેવારનો દિવસ હતો. વંથલીના કોઈ શ્રીમંત પરિવારના બહેનો વહેલી સવારે સૂર્યકુંડમાં સ્નાન કરવા આવ્યા હશે. સ્નાન કર્યા પછી કોઈ ઉતાવળ હોય કે ગમે તે કારણસર, તેઓના સુવર્ણના સાંકળાં સૂર્યકુંડે જ પડ્યા રહ્યા હતા. ડાહ્યાભાઈ જ્યારે સ્નાન કરવા આવ્યા ત્યારે એમણે આ સોનાના સાંકળાં જોયા. ડાયાભાઈ સંસારમાં હતા છતાં સોનું કે સ્ત્રી એમના મનને ક્યારેય ચલાયમાન કરી શક્યા નહોતા. પારકી વસ્તુને તેઓ ધૂડ્ય સમાન જાણતા હતા. સોનાના સાંકળાં જોયા, એટલે ડાહ્યાભાઈને થયું, “કોઈ આ સાંકળાં ભૂલી ગયું છે. મારાથી તો એ લેવાય જ નહિ પણ કોઈકની દૃષ્ટિ પડશે, તો લઈ જશે. માટે આને ક્યાંક ધૂળમાં ઢાંકી દઉં, જેથી સાંકળાં સલામત રહે અને કોઈ શોધતું શોધતું આવશે, તો એને આપી દઈશ.”

ડાહ્યાભાઈએ લાકડીને ઠેબેથી સાંકળાં ઉઠાવ્યા. થોડે દૂર હાથલીયા થોરની વાડ હતી. ડાહ્યાભાઈએ સોનાના સાંકળાં હાથલીયા થોરની વાડમાં દાટ્યા, નિશાન રાખ્યું અને ઘરે આવ્યા.

નવાઈની વાત એ હતી કે, આ રીતે પારકી વસ્તુનો સ્પર્શ થયો એટલે ડાહ્યાભાઈએ આખો દિવસ ઉપવાસ કર્યો. તેઓ મંદિરમાં બેસીને માળા કરતા રહ્યા.

આ બાજુ પેલા શ્રીમંત બાઈને ઘણા સમય પછી ખ્યાલ આવ્યો કે, પોતે સાંકળાં તો ઉતાવળમાં સૂર્યકુંડે ભૂલી ગયા છે. તેમણે પરિવારજનોને વાત કરી.

તેઓ સૂર્યકુંડે સાંકળાં ગોતવા ગયા પણ સાંકળાં મળ્યા નહિ. સોનાના કિંમતી સાંકળાં ખોવાયા એટલે પરિવારને મનમાં ભારે શોક થઈ રહ્યો હતો.

દિવસ ચડી ગયો હતો, બપોર થવા આવ્યા હતા, સૂર્યકુંડે કેટલાંય માણસોની અવર-જવર હતી, આમાંથી સાંકળાં કોને જડ્યા હોય કે કોણે લીધા હોય ? એ કેમ ખબર પડે ?

ચિંતાતુર પરિવારના મન નિરાશ થઈ રહ્યા હતા. એવામાં કોઈ બોલ્યું, ‘ડાહ્યાભાઈ રોજ સૂર્યકુંડે સ્નાન કરવા જાય છે. એને પૂછો તો કદાચ સાંકળાંની ભાળ મળે. તેઓ ખૂબ પ્રામાણિક માણસ છે, એટલે જેવું હશે તેવું કહેશે.’

પેલી બાઈના સગાં-સંબંધી મંદિરે આવ્યા અને ડાહ્યાભાઈ ને પૂછ્યું, “ભગત ! અમારા ઘરના બાઈ માણસ સૂર્યકુંડે સોનાના સાંકળાં ભૂલી ગયા હતા. તમે ક્યાંય એ સાંકળાં જોયા છે ?”

આ લોકોની વાત સાંભળી ડાહ્યાભાઈને ખાતરી થઈ કે, ‘આ સોનાના સાંકળાં આ લોકોના જ છે.‘ ડાહ્યાભાઈએ કહ્યું, ‘હા, એ સાંકળાં સવારમાં મારા જોવામાં આવ્યા હતા. મેં સાંકળાં હાથલીયા થોરની વાડમાં દાટ્યા છે. ત્યાંથી કાઢી લ્યો.’

ડાહ્યાભાઈએ બધી નિશાની આપી અને કહ્યું, ‘મારે ઉપવાસ છે, એટલે હું સાથે નથી આવતો. નહિતર હું સાથે આવીને બતાવત.’

પેલા લોકો સૂર્યકુંડે ગયા. ભગતે બતાવેલ નિશાની પ્રમાણે હાથલીયા થોરની વાડના મૂળમાંથી સાંકળાં શોધી લીધા.

સોનાના સાંકળાં મળી ગયા એટલે શેઠ ખૂબ જ રાજી થયા, એમણે ડાહ્યાભાઈને પુરસ્કાર આપવાનું કર્યું પણ ડાયાભાઈએ એવો કોઈ પુરસ્કાર સ્વીકાર્યો નહિ.

ડાહ્યાભાઈની આ પ્રામાણિકતાની વાત વંથલીમાં વાયુવેગે પ્રસરી ગઈ.

બધાના દિલમાં ડાહ્યાભાઈ પ્રત્યે અહોભાવ પેદા થયો. વંથલીના નરનારીઓ ડાહ્યાભાઈને વિશેષ આદરથી જોવા લાગ્યા.

એક સમયે ભગવાન સ્વામિનારાયણના સત્સંગીઓના મનોબળ કેટલા ઊંચા હતા ? અને તેઓ કેટલી દૃઢતાથી ભગવાન સ્વામિનારાયણની આજ્ઞાઓનું પાલન કરતાં હતા ? તેનું આ ઉદાહરણ છે. ભગવાન સ્વામિનારાયણનો સંપ્રદાય ઉજળો કહેવાતો હતો. તે માત્ર સ્નાન-પૂજાપાઠ કે ધોયેલા વસ્ત્રો પહેરવાથી જ ઉજળો નહોતો. પરંતુ સંપ્રદાયની ઉજ્વળતા સત્સંગીઓની આવી પ્રામાણિકતાને લીધે હતી.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી જેવા મહાન સંતોને પ્રતાપે ડાહ્યાભાઈ યોગીઓ કરતાંય ઉત્તમ સ્થિતિને પામ્યા હતા.

ડાહ્યાભાઇએ દેહ છોડ્યો

જૂનાગઢમાં સ્વામી બાલમુકુંદદાસજીની પેઠે સ્વામી યોગેશ્વરદાસજી પણ ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર સંત હતા. ડાહ્યાભાઈને એમને વિષે ખૂબ જ હેત હતું.

વિ. સં. ૧૯૫૭ ની સાલ હતી. યોગેશ્વરદાસ સ્વામી બીમાર થયા હતા અને દેહ પડી જાય એવું લાગતું હતું.

એ વખતે ડાહ્યાભાઈએ મહારાજને આર્તનાદથી પ્રાર્થના કરી.

મહારાજે ડાહ્યાભાઈને દર્શન દીધા અને બોલ્યા, "ડાહ્યાભાઈ ! કેમ અમને યાદ કર્યા ?" ડાહ્યાભાઈએ કહ્યું, "મહારાજ ! તમે યોગેશ્વરદાસ સ્વામીને થોડો સમય પૃથ્વી ઉપર રાખો, મને પહેલા ધામમાં લઈ જાવ પછી એમને લઈ જજો."

મહારાજે હસીને કહ્યું, "ભલે, ડાહ્યાભાઈ ! અમે તમારી મરજી પ્રમાણે કરીશું." આટલું કહી મહારાજ અદૃશ્ય થઈ ગયા અને આ બાજુ યોગેશ્વરદાસ સ્વામી સાજા થયા. થોડાં સમય પછી ડાહ્યાભાઈ જૂનાગઢ સ્વામીના દર્શને ગયા.

યોગેશ્વરદાસ સ્વામી અંતર્યામીભાવે બધી વાત જાણી ગયા હતા. એમણે ડાહ્યાભાઈને ઠપકો આપતા કહ્યું, "તમે મને ધામમાં શા માટે જવા દીધો નહિ ?"

ડાહ્યાભાઈએ કહ્યું, "સ્વામી ! મારે તમારા પહેલા ધામમાં જવું છે. મારો દેહ છૂટે પછી જ તમારે ધામમાં જવું."

ડાહ્યાભાઈની વાત સાંભળી યોગેશ્વરદાસ સ્વામી બોલ્યા, "પણ ડાહ્યાભાઈ ! એવું શા માટે ?" ડાહ્યાભાઈએ કહ્યું, "સ્વામી ! સદ્‌ગુરુની હાજરીમાં શરીર છૂટે તો ધામમાં જતાં કોઈ વિઘ્ન આડું ન આવે. તમે પહેલા ધામમાં જતાં રહો તો અમે પાછળથી નોધારા થઈ જઈએ." ડાહ્યાભાઈની વાત સાંભળી યોગેશ્વરદાસ સ્વામી મંદ મંદ હસવા લાગ્યા અને બન્યું પણ એવું જ.

વિ. સં. ૧૯૫૮ ના જેઠ માસમાં પ્રથમ ડાહ્યાભાઈ ધામમાં ગયા પછી યોગેશ્વરદાસ સ્વામીએ શરીર છોડ્યું.

મૃત્યુ જીવનની અનિવાર્ય ઘટના છે. કોનું, ક્યાં અને ક્યારે મૃત્યુ થાય ? તે કાળદેવતાએ નિશ્ચિત કરેલું હોય છે. કાળદેવતાની આ સમયસારિણીમાં કોઈથી પરિવર્તન થઈ શકતું નથી.

આવા સમર્થ કાળદેવતાના સમયચક્રને પણ ઊંધુ-ચતું કરી નાખે એવા મહાપુરુષો કેટલા સમર્થ હશે !

ડાહ્યાભાઈએ કાંઈ હિમાલયમાં જઈને જોગ સાધના કરી નહોતી. તેઓ બીજા ગૃહસ્થોની જેમ ગૃહસ્થાશ્રમી હતા. સંસારમાં રહીને હરિસ્મરણ સાથે સંસારના કર્તવ્ય બજાવતા હતા. છતાં પણ એમનામાં આ અદ્‌ભૂત સામર્થ્ય પ્રગટ્યું હતું. એની પાછળ એમની સાધના ઉપરાંત, ગુણાતીતાનંદ સ્વામી, બાલમુકુંદદાસ સ્વામી, યોગેશ્વરદાસ સ્વામી વગેરે મહાન સંતોનો રાજીપો કારણભૂત હતો.

ભગવાન ભજવા હોય તો હાલો જૂનાગઢ

ગામ સુંદરીયાણાના શેઠ શ્રી હેમરાજ શાહનો પ્રસંગ સત્સંગમાં સુપ્રસિદ્ધ છે. હેમરાજ શાહ ચુસ્ત વૈષ્ણવ હતા અને વૈષ્ણવની નાતમાં આગેવાન હતા.

ગોપાળાનંદ સ્વામીનો પ્રબળ પ્રતાપ જોઈને હેમરાજ શાહ સત્સંગી થયા હતા. પરિણામે વૈષ્ણવોની નાતમાં ભારે ઉહાપોહ મચ્યો હતો. પરંતુ હેમરાજ શાહના પ્રભાવથી કોઈ કાંઈ બોલી શક્યું નહોતું.

હેમરાજ શાહ ધામમાં ગયા ત્યારે એમના પુત્ર વના શાહ અને પૂંજા શાહે પિતાશ્રીના કારજમાં આખી નાત નોતરી હતી.

બરાબર પંક્તિ સમયે નાતીલાઓએ દુરાગ્રહ કર્યો કે ‘હેમરાજ શાહના બેય પુત્રો સ્વામિનારાયણની કંઠી તોડી નાખે તો જ અમે જમીશું, નહિતર નહિ જમીએ.’ પરંતુ સિંહના તો સિંહ જ હોય એ રીતે વના શાહ અને પૂંજા શાહ સત્સંગમાં અડગ રહ્યા હતા. વાત ભારે વટે ચઢી. પૂરી નાત પીરસેલે પતરાવળે ભોજનનો ત્યાગ કરી પંક્તિમાંથી ઊભી થઈ ગઈ. નાતના આગેવાનોએ હેમરાજ શાહના પરિવારને નાત બારો મૂક્યો. હેમરાજ શાહના પરિવારનો ગુન્હો એ હતો કે તેઓ ભગવાન સ્વામિનારાયણના પંચવર્તમાન પાળનારા સત્સંગી હતા.

નાતની ઉપાધિઓને સહન કરીને પણ હેમરાજ શાહના પરિવારજનોએ સત્સંગ શિર સાટે રાખ્યો હતો. રોટી-બેટીના વ્યવહારમાં ભારે અગવડતા પડતી હોવા છતાં એમણે સત્સંગ છોડ્યો નહોતો.

આ હેમરાજ શાહના પરિવારમાં ચોથી પેઢીએ મુક્તરાજ બાપાલાલભાઈ થયા. બાપાલાલભાઈ મહાભક્તરાજ હતા. એમણે બાલમુકુંદદાસજી સ્વામીના ઐશ્વર્ય પ્રતાપની વાતો ખૂબ જ સાંભળી હતી. એમના અંતરમાં બાલમુકુંદદાસજી સ્વામીના દર્શનની અને સમાગમ કરવાની ખૂબ જ ઈચ્છા હતી.

સંવત્ ૧૯૫૨માં સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી અમરેલી પાસેના વાંકીયા ગામમાં પધારેલા.

બાપાલાલભાઈ પણ સ્વામીના દર્શને વાંકીયા આવ્યા. સાધુતાની મૂર્તિ સમાન સ્વામીનાં દર્શન કરતા બાપાલાલભાઈને અંતરમાં ખૂબ શાંતિ થઈ અને સ્વામીનો સમાગમ કરવાથી એમના અંતરમાં વૈરાગ્ય ઉપજ્યો. બાપાલાલભાઈએ સ્વામીને કહ્યું, ‘મને દીક્ષા અપાવી સાધુ કરો.’ સ્વામીએ કહ્યું, ‘તમે વડતાલ જાઓ અને વિહારીલાલજી મહારાજને વિનંતી કરો અને એ જે પ્રમાણે કહે તેમ કરજો.’

સ્વામીની આજ્ઞાથી બાપાલાલભાઈ વડતાલ ગયા અને પોતાના અંતરની વાત વિહારીલાલજી મહારાજને કહી.

વિહારીલાલજી મહારાજ આ તેજસ્વી યુવાનની વૈરાગ્યવૃત્તિને પારખી ગયા. મહારાજશ્રીએ વિચાર કર્યો. 'ખાનદાન વણિક પરિવારના આ યુવાનને દીક્ષા આપવા કરતા ધોળે કપડે જ ત્યાગી તરીકે રાખીએ તો વધારે સારું. એ સફેદ કપડે હશે તો મંદિરોના વહીવટની સેવામાં ખૂબ જ કામ લાગશે, આમ વિચારી મહારાજશ્રીએ તેમને સફેદ કપડે જ વડતાલમાં રહીને સેવા કરવાની આજ્ઞા આપી.

આ જ અરસામાં વિહારીલાલજી મહારાજ અને મોટા મોટા સદ્‌ગુરુઓ સાથે મળીને દલપતરામ કવિ પાસે 'હરિલીલામૃત' ગ્રંથ રચાવી રહ્યા હતા.

આ મહાન કવિરાજ ગ્રંથની રચના કરતા અને બાપાલાલભાઈ સુંદર અક્ષરોમાં એ રચનાઓના હસ્તલિખિત ખરડાઓ તૈયાર કરતા હતા અને સાથોસાથ મંદિરના કોઠારમાં નામા ઠામાની સેવા પણ સારી રીતે બજાવતા હતા.

સમય જતાં વિહારીલાલજી મહારાજ અક્ષરવાસી થયા અને લક્ષ્મીપ્રસાદજી મહારાજ વડતાલની ગાદીએ બિરાજ્યા.

સંવત્ ૧૯૫૭માં સદ્‌ગુરુ નારાયણદાસ સ્વામીએ બાલમુકુંદદાસજી સ્વામીના કહેવાથી જૂનાગઢના કુલમુખત્યાર તરીકે કોઈ સારા માણસની માગણી કરી ત્યારે એ સમયના વરતાલના કોઠારી ગોરધનભાઈએ કહ્યું, 'એક ખાનદાન કુટુંબનો યુવાન છે, બાપાલાલ નામ છે. એમની ઈચ્છા હોય તો તમે એને જૂનાગઢ લઈ જાવ. અમે એમના નામનું કુલમુખત્યારનામું અપાવી દઈશું.'

બાલમુકુંદદાસજી સ્વામી બાપાલાલભાઈની મુમુક્ષુતાને તો પ્રથમથી જ જાણતા હતા. એમણે બાપાલાલભાઈને બોલાવ્યા અને કહ્યું, 'બાપાલાલ ! આપણે માત્ર મંદિરોનો વહીવટ જ કરવાનો નથી. મહારાજનું ભજન કરી છેલ્લો જન્મ કરી લેવાનો છે. માટે ખરેખર ભગવાન ભજવા હોય તો હાલો જૂનાગઢ અને સ્વામી નારાયણદાસજી બતાવે એ સેવા કરી ભગવાન ભજો.'

બાપાલાલભાઈના અંતરમાં પણ વર્ષોથી બાલમુકુંદદાસજી સ્વામી જેવા મહાન સંતના સાન્નિધ્યમાં રહેવાની ઈચ્છા હતી. પરંતુ વિહારીલાલજી મહારાજની આજ્ઞાને લીધે વડતાલ રહેવું પડ્યું હતું. જૂનાગઢ રહેવાથી એમની વર્ષો જૂની ઈચ્છા પૂર્ણ થઈ હતી. તેથી એમણે સ્વામીની વાતને વધાવી લીધી અને આચાર્ય મહારાજના વહીવટી પ્રતિનિધિ તરીકે જૂનાગઢ આવ્યા.

સંવત્ ૧૯૫૭થી ૧૯૬૬ સુધી બાપાલાલભાઈ જૂનાગઢમાં રહ્યા અને

સ્વામીનો સમાગમ કરી, મંદિરની સેવા કરી સ્વામીનો ખૂબ રાજીપો મેળવ્યો.

સંવત્ ૧૯૬૭માં બાપાલાલભાઈના મોટા ભાઈ અક્ષરવાસી થયા. કુટુંબનો બધો જ વહીવટ મોટા ભાઈ ચલાવતા હતા. કુટુંબ નાત બહાર હતું. તેથી હવે આ નિરાધાર પરિવારને કોણ સાચવે એવી મોટી મુશ્કેલી ઉભી થઈ હતી.

દેશ, કાળ સર્વ પરિસ્થિતિના જાણકાર બાલમુકુંદદાસજી સ્વામીએ બાપાલાલભાઈને કહ્યું, 'તમે અમદાવાદ જાઓ અને અમદાવાદના બેચર મણકીના પરિવારને મળો અને બધી વાત કરો, મહારાજ સારું કરશે.'

સ્વામીની આજ્ઞાથી બાપાલાલભાઈ અમદાવાદ ગયા. અમદાવાદમાં બેચર મણકીના પરિવારની ભારે નામના હતી. ભગવાન સ્વામિનારાયણના સમયમાં બેચર મણકીએ સત્સંગનો ખૂબ જ પક્ષ રાખ્યો હતો. પાછળથી એમના પરિવારજનો પણ સત્સંગ પ્રત્યે ભારે આદર ધરાવતા હતા.

આ પરિવારજનોએ બાપાલાલભાઈની વાત સાંભળી અને હેમરાજ શાહના પરિવારને નાતમાં ભેળવ્યા. પરિણામે બધી ઉપાધિઓ દૂર થઈ ગઈ. જ્ઞાતિ વહેવાર શરૂ થયો અને બધી રીતે ઘણું જ સારું થયું.

બાલમુકુંદદાસજી સ્વામીની આજ્ઞાથી બાપાલાલભાઈ અમદાવાદમાં પોતાના ઘરમાં પણ સાંખ્યયોગી પાર્ષદની જેમ જ રહ્યા.

એમનો વધારે પડતો સમય મંદિરમાં નરનારાયણદેવના સભામંડપમાં જ વીતતો હતો. જળમાં કમળ રહે તેમ બાપાલાલભાઈ પરિવારમાં રહેતા હતા. બાલમુકુંદદાસજી સ્વામીની કૃપાથી બાપાલાલભાઈ સફેદ કપડે એકાંતિક સંત જેવા હતા. એક સમયે બાલમુકુંદદાસજી સ્વામી અમદાવાદ પધાર્યા. સ્વામી નારાયણદાસજી અને સ્વામી કૃષ્ણચરણદાસજી તથા મોટા આંકડીયાના પીતાંબરભાઈ વગેરે સંતો હરિભક્તો સ્વામીની સાથે હતા.

સ્વામી જેવા મહાન સંતને અમદાવાદ પધારેલા જાણી શેઠશ્રી બેચર મણકી પરિવારે સ્વામીને પોતાના ઘરે પધરાવ્યા, પૂજન અર્ચન કર્યું. સ્વામીએ પણ પરિવારને રૂડા આશીર્વાદ આપ્યા અને હેમરાજ શાહ પરિવારને નાતમાં ભેળવવાના શુભ કાર્ય બદલ રાજીપો વ્યક્ત કર્યો.

બાપાલાલભાઈને અંત સમયે ગોપાળાનંદ સ્વામીએ દર્શન દીધા અને કહ્યું, 'હાલો ધામમાં, અમે તમને તેડવા આવ્યા છીએ.' બાપાલાલભાઈ વિનમ્ર ભાવે બોલ્યા, 'સ્વામી તમે તો અમારા ગુરુ ગણાવ. તમારી આજ્ઞા અમારે પાળવી જોઈએ પણ તમે એકલા નહિં, મહારાજને લઈને તેડવા આવો તો જ હું ધામમાં આવું,

નહિતર નહિં.' બાપાલાલભાઈની વાત સાંભળી ગોપાળાનંદ સ્વામી હસ્યા અને બોલ્યા, 'ધન્ય છે તમારી ઉપાસનાની દૃઢતાને. હવે પંદર દિવસ બાદ અમે મહારાજની સાથે તમને તેડવા આવીશું.'

બરાબર પંદર દિવસ બાદ સ્વામી મહારાજને સાથે લઈ બાપાલાલભાઈને તેડવા આવ્યા અને બાપાલાલભાઈ મહારાજના ધામમાં પધાર્યા.

બાપાલાલભાઈને ગોપાળાનંદ સ્વામીએ દર્શન દીધા બાદ પૂ. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ એમને દર્શન દેવા એમના બંગલે પધાર્યા હતા. બાપાલાલભાઈએ સ્વયં આ પ્રસંગ સ્વમુખે કહ્યો અને બોલ્યા, 'બસ હવે ગોપાળાનંદ સ્વામી મહારાજને લઈને તેડવા આવે એની રાહ જોઉં છું.' આ પ્રસંગે હું પણ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની સાથે હતો.

પીઠવાજાળના માવજી ભગતને ધામમાં મોકલ્યા

અમરેલીની બાજુમાં પીઠવાજાળ ગામ આવેલું છે. આ ગામમાં ભગવાન સ્વામિનારાયણના વખતનો સત્સંગ છે. આ ગામના ખીમા ડોબરીયા, દેવશી લુહાર તથા દેસાઈ પરિવાર સત્સંગમાં પ્રસિદ્ધ છે.

સદ્‌ગુરુ કૃપાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે સંતોને સાથે લઈને પીઠવાજાળ પધાર્યા હતા. ત્યારે આ ગામમાં સત્સંગના બીજ રોપાયા હતા.

એક સમયે ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી વગેરે સંતોને સાથે લઈને રઘુવીરજી મહારાજ પીઠવાજાળ પધાર્યા હતા. લગભગ અઢીસો માણસોનો સંઘ સાથે હતો.

ગામના પાદરનાં એક ખેતરમાં ઉતારા માટે તંબુ નાખવામાં આવ્યા હતા.

આ દરમ્યાન ગોપાળાનંદ સ્વામી તુંબડીમાં પાણી ભરીને બહિર્ભૂમિ જઈ રહ્યા હતા. રસ્તામાં આઠ-દસ નાના નાના છોકરાઓ રમતા હતા. ગોપાળાનંદ સ્વામીએ આ છોકરાંઓની સામે કરુણાદૃષ્ટિ કરીને કહ્યું,"છોકરાઓ ! જો તમે સત્સંગી થાઓ, તો હું તમને તમારા અંત સમયે ભગવાનના ધામમાં તેડી જઈશ."

અનરાધાર વરસાદ વરસે ત્યારે ગામ છે કે ખેતર, એ કાંઈ જુએ નહિ, એમ ગોપાળાનંદ સ્વામીની કૃપા આ છોકરાઓ ઉપર વરસી રહી હતી.

નાના નાના છોકરાંઓ ધામમાં જવાની બાબતમાં શું સમજે ? પરંતુ એમણે સ્વામીના અલૌકિક દર્શનથી આકર્ષણ અનુભવ્યું અને બધા છોકરાઓ સ્વામીના હાથે વર્તમાન ધરાવી સત્સંગી થયા.

સ્વામીએ પોતાની તુંબડીનું પાણી છાંટી આ છોકરાઓનું આ લોક અને પરલોકમાં સારું થાય, એવો શુભ સંકલ્પ કર્યો.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, **"ન જોઇ જાત કુજાત પુરુષોત્તમ પ્રગટી રે."**

આ વાતને ઘણા વર્ષો વીતી ગયા. સ્વામીએ આશીર્વાદ આપ્યા એ મંડળીમાં દેસાઈ પરિવારનો માવજી કરીને એક છોકરો હતો. માવજી પૂર્વનો સંસ્કારી જીવ હતો. ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદથી એના પૂર્વના પુણ્ય ઉદય થયા હતા.

માવજીનો પરિવાર વૈષ્ણવધર્મ પાળતો હતો. એમના પૂરા પરિવારને દ્વારિકેશ રણછોડરાયમાં ખૂબ જ શ્રદ્ધા અને ભક્તિ હતા.

માવજી પણ નાનપણથી હૃદયથી રણછોડરાયની ઉપાસના કરતો હતો.

સમયનો પ્રવાહ વણથંભ્યો વહેતો રહ્યો. માવજી હવે વૃદ્ધ થયા.

વૃદ્ધાવસ્થાને લીધે માવજી ડોસા માંદા પડ્યા. એક દિવસે રાત્રે માવજી ડોસા સૂતા હતા. એને સ્વપ્નમાં દ્વારિકાધીશ ભગવાન રણછોડરાયના દર્શન થયા.

રણછોડરાયે કહ્યું, "માવજી ! માગો માગો."

માવજી ભગતે કહ્યું, "હે ભગવાન ! મારું કલ્યાણ કરો."

રણછોડરાયજીએ કહ્યું, "માવજી ! તું ગઢડા જા. ત્યાં પ્રગટ ભગવાન સ્વામિનારાયણના સાધુઓ બિરાજે છે. તે તારું કલ્યાણ કરશે."

આટલું કહી રણછોડરાય અદૃશ્ય થઈ ગયા. માવજી ભગતની આંખ ઉઘડી ગઈ. એણે જોયું તો, સવારનો બ્રાહ્મમૂહુર્તનો સમય થવા આવ્યો હતો. માવજી ભગત પોતાના સ્વપ્ન ઉપર વિચાર કરવા લાગ્યા. પોતાને સ્વપ્નામાં રણછોડરાયજીએ દર્શન દીધાં, એથી અંતરમાં આનંદ થઈ રહ્યો હતો.

હવે એની કલ્યાણની ભૂખ ઉઘડી હતી. ગોપાળાનંદ સ્વામીએ વર્ષો પહેલા વાવેલું બીજ આજે ઉગી રહ્યું હતું.

માવજી ભગતને મનમાં થયું, "મને રણછોડરાયે ગઢડા જવાનું કહ્યું છે, તો મારે ગઢડા જવું અને સાધુઓને મળવું." આવો વિચાર કરતાં કરતાં બીજે દિવસે માવજી ભગત સૂતા હતા. ત્યાં રાત્રે એમને સ્વપ્રમાં ગઢડા દેખાણું, ગઢપુરના પાદરમાં વહેતી ઘેલા ગંગાના દર્શન થયા. માવજી ભગતે ઘેલામાં સ્નાન કર્યું. ત્યાં તો એને ઘેલામાં સ્નાન કરી રહેલા અનેક દિવ્ય સંતોના દર્શન થયા.

માવજી ભગતને થયું કે, "રણછોડરાયજીએ કહ્યું છે કે, આ સાધુઓ તને કલ્યાણનો માર્ગ બતાવશે." એટલે એમણે એક તેજસ્વી સંતને વંદન કરીને કહ્યું, "બાપજી ! મને રણછોડરાયે કલ્યાણ માટે આપની પાસે મોકલ્યો છે."

સાધુએ કહ્યું, "માવજી ભગત ! તમે ભગવાન સ્વામિનારાયણના આશ્રિત બનો, એટલે તમારું કલ્યાણ થઈ જશે."માવજી ભગતે પૂછ્યું,"મારે ભગવાન સ્વામિનારાયણના આશ્રિત થવા માટે શું કરવું જોઈએ ?"

સાધુએ કહ્યું, "તમારા દેશમાં મહાન સંત સ્વામી બાલમુકુંદદાસજી બિરાજે છે. તેમની પાસે જાવ, એ તમને કંઠી બાંધી ભગવાન સ્વામિનારાયણના આશ્રિત કરશે." આટલી વાત થઈ ત્યાં માવજી ભગતની ઊંઘ ઉડી ગઈ. ફરીને બીજા દિવસનો વહેલી સવારનો સમય થયો હતો.

માવજી ભગતને તો આ સ્વપ્નની અનુભૂતિ એકદમ સ્પષ્ટ અને સાક્ષાત્ અનુભૂતિ જેવી જ લાગતી હતી.

માવજી ભગતે બાલમુકુંદદાસ સ્વામી ક્યાં હશે ? તેની તપાસ કરી તો જાણવા મળ્યું કે, સ્વામી દેતડ ગામે બિરાજતા હતા.

માવજી ભગતે પોતાના ભત્રીજા રાજા દેસાઈને બોલાવ્યો અને કહ્યું, "એલા, રાજા ! તારી પાસે સારા બળદ છે. તું ગાડું જોડ અને આપણા ગામના માવજી સોની સારા સત્સંગી છે એને સાથે લઈને તું દેતડ જા અને ગમે એમ કરીને સ્વામીને અહીં તેડી લાવ અને સ્વામીને મારા વતી પગે લાગીને કહેજે, માવજી ભગત માંદા છે. એનું કલ્યાણ કરવા માટે કૃપા કરી આપ પીઠવાજાળ પધારો."

રાજા દેસાઈએ ગાડું જોડ્યું, માવજી સોનીને સાથે લીધા અને દેતડ પહોંચ્યા.

તેઓ જેવા દેતડમાં સ્વામી પાસે ગયા કે તુરત જ અંતર્યામીભાવે સ્વામીએ કહ્યું," કાં ? માવજી ભગતના સ્વાર્થને લઈને તેડવા આવ્યા છો ને !"

સ્વામીની વાત સાંભળી બેયને અત્યંત આશ્ચર્ય થયું. રાજા દેસાઈએ કહ્યું,"હા, મા-બાપ ! મારા કાકા માંદા છે અને એણે ખાસ કહ્યું છે, મારું કલ્યાણ કરવા સ્વામી કૃપા કરીને પીઠવાજાળ પધારે."

સ્વામીએ માવજી ભગતની વિનંતી માન્ય રાખી.

સ્વામી વહેલી સવારે દેતડથી નીકળ્યા અને બપોરે ઓઢાના સમઢિયાળા પહોંચ્યા. અહીં સ્વામી રાત રહ્યા. બીજે દિવસે બપોરે કેરાળા ઠાકોર જમાડી સ્વામી સાંજે પીઠવાજાળ આવ્યા.

સ્વામીએ પીઠવાજાળ મંદિરમાં ઉતારો કર્યો. રાજા દેસાઈએ પોતાના કાકા માવજી ભગતને સ્વામી પધાર્યા છે, તે ખબર આપ્યા.

માવજી ભગત સાકરનો પડો લઈ સ્વામીના દર્શને આવ્યા. એમણે સવા રૂપિયો અને સાકરનો પડો સ્વામીના ચરણમાં મૂક્યા અને પગે લાગ્યા.

માવજી ભગતે કહ્યું, ‘‘સ્વામી ! મને ભગવાન સ્વામિનારાયણનો આશ્રિત બનાવો અને મારું કલ્યાણ કરો.’’

સ્વામીએ હસીને અંતર્યામીભાવે કહ્યું, ‘‘તમને રણછોડરાયે યોગ્ય ઠેકાણે મોકલ્યા છે.’’ પોતાના સ્વપ્નની વાત સ્વામી જાણી ગયા છે, એ જાણીને માવજી ભગતના મનમાં પણ સ્વામી પ્રત્યે પૂર્ણ ભરોસો બેઠો.

સ્વામીએ માવજી ભગતને કંઠી બાંધી મહારાજના આશ્રિત કર્યા અને સ્વામીએ ભૂતકાળની ઘટના તાજી કરાવતા કહ્યું, ‘‘માવજી ભગત ! તમને યાદ છે. તમે નાના હતા ત્યારે ગોપાળાનંદ સ્વામીએ તમને તુંબડીનું પાણી છાંટી અક્ષરધામ આપવાનો કોલ આપ્યો હતો ?’’

માવજી ભગતને વર્ષો જૂની ઘટના તાજી થઈ આવી. સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી એમના જીવનની એક પછી એક ઘટનાઓના પડ ઉખેડી રહ્યા હતા. તે જોઈને માવજી ભગતના મનમાં સ્વામી ખરેખર મહાન પુરુષ છે, એવી પૂર્ણ પ્રતીતિ સાથે અહોભાવ વધી રહ્યો હતો.

માવજી ભગતે કહ્યું, ‘‘સ્વામી ! વર્ષો પહેલાની ઘટના આજે મને ઈદમ્ સાંભરી આવે છે. ગોપાળાનંદ સ્વામીનો એ પ્રતાપી ચહેરો, પ્રભાવશાળી શરીર અને મધુર વાણીની સ્મૃતિ આજે મને આપના કહેવાથી તાજાં થઈ રહ્યા છે.’’

સ્વામીએ કહ્યું, ‘‘માવજી ભગત ! મોટા સંતના આશીર્વાદ ક્યારેય મિથ્યા થતાં નથી. આજથી તમે ભગવાન સ્વામિનારાયણના આશ્રિત થયા છો, માટે તમારા માટે અક્ષરધામ નક્કી થઈ ચૂક્યું છે.’’

સ્વામી માવજી ભગત ઉપર કૃપા કરી ચાર-પાંચ દિવસ સુધી પીઠવાજાળ રોકાયા. એમણે માવજી ભગતને મહારાજ, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી જેવા મોટા સંતોનો ખૂબ જ મહિમા કહ્યો અને બહુ ટૂંકા સમયમાં માવજી ભગતના મનમાં ભગવાન સ્વામિનારાયણનો સર્વોપરીપણાનો દ્રઢ નિશ્ચય કરાવી દીધો.’’

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં કહ્યું છે કે, ‘‘યોગીને નિર્વિકલ્પ સમાધિથી જે પ્રાપ્તિ થાય છે, ભક્તને એ જ પ્રાપ્તિ નિર્વિકલ્પ નિશ્ચયથી થાય છે.’’

સ્વામી બાલમુકુંદદાસજી પીઠવાજાળ બિરાજી રહ્યા હતા, એજ સમયે અમરેલીથી પટેલ દુદાભાઈ બાબરીયાએ માણસ મોકલ્યો અને સ્વામીને અમરેલી પધારવા વિનંતી કરી. સ્વામી ગાડું જોડાવી અમરેલી જવા તૈયાર થયા.

માવજી ભગતે સ્વામીનું ગાડું ઊભું રખાવી બે હાથ જોડીને કહ્યું,‘‘સ્વામી ! હવે મને શું ભલામણ કરવાની છે ?’’

સ્વામીએ કહ્યું, "માવજી ભગત ! આવતી કાલે બપોરે દસ વાગે મહારાજ તમને તેડવા આવશે. માટે હવે મહારાજની મૂર્તિ સિવાય ક્યાંય મન રાખતા નહિ." આટલું કહી સ્વામી અમરેલી પધાર્યા.

આ બાજુ બીજા દિવસે માવજી ભગતે પોતાના બધા જ કુટુંબીઓને ભેળા કર્યા અને કહ્યું, "મારે શરીર છોડવાનો સમય થઈ ચૂક્યો છે. થોડી જ વારમાં મને ભગવાન તેડવા આવશે. તમે બધા ભગવાન સ્વામિનારાયણના આશ્રિત થઈને સત્સંગી થજો, તો મારી જેમ તમારું પણ કલ્યાણ થઈ જશે." આમ પોતાના પરિવારજનોને ભલામણ કરી. એટલામાં મહારાજ માવજી ભગતને તેડવા માટે પધાર્યા.

માવજી ભગતે કહ્યું, "જુઓ, શ્રીજી મહારાજ પધાર્યા છે. સાથે મને નાનપણમાં વર્તમાન ધરાવનાર ગોપાળાનંદ સ્વામી છે, તેમજ ગુણાતીતાનંદ સ્વામી, રઘુવીરજી મહારાજ, નિત્યાનંદ સ્વામી વગેરે પણ ભેગા છે અને મારા ગુરુ સ્વામી બાલમુકુંદદાસજી પણ સાથે પધાર્યા છે, હવે તમે બધા સ્વામિનારાયણ મંત્રની ધૂન કરો. " બધા પરિવારજનો સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરવા લાગ્યા અને માવજી ભગતે ધૂન કરતાં કરતાં જ પોતાનો દેહ મેલી દીધો.

ગોપાળાનંદ સ્વામીએ ધામમાં લઈ જવાનો જે કોલ આપ્યો હતો, તે પૂરો કર્યો. જેમ પરીક્ષિતે માત્ર સાત દિવસમાં શુકદેવજી મહારાજ જેવા બ્રહ્મનિષ્ઠ પરમહંસનો સમાગમ કરીને મોક્ષ સાધી લીધો હતો, એ જ રીતે માવજી ભગતે માત્ર પાંચ દિવસમાં બાલમુકુંદદાસજી સ્વામી જેવા સમર્થ સદ્‌ગુરુનો સમાગમ કરીને આત્મકલ્યાણ સાધી લીધું.

કુંકાવાવના સુંદરજી ગીલા

કુંકાવાવ ગામે લુહાણા જ્ઞાતિમાં એક ખૂબ સારા હરિભક્ત હતા. ઠક્કર સુંદરજી ગીલા એમનું નામ હતું. સુંદરજી વ્યવહારે દુબળા હતા.

સ્વામી બાલમુકુંદદાસજીના આશીર્વાદથી સુંદરજીભાઈનો વ્યવહાર સારો થયો હતો. એકવાર સુંદરજીભાઈને શરીરે મંદવાડ આવ્યો. સુંદરજીભાઈએ સ્વામીને પત્ર લખ્યો, "સ્વામી ! મારે શરીર સારું નથી. આપ મને દર્શન દેવા પધારો."

સુંદરજીની વિનંતી સાંભળી દયાળુ સ્વામી કુંકાવાવ પધાર્યા અને સુંદરજીભાઈને દર્શન દીધા.

સ્વામીના દર્શન માત્રથી સુંદરજીભાઈનો મંદવાડ દૂર થયો.

સુંદરજીભાઈ પૂર્વ જન્મના ભારે પુણ્યશાળી જીવ હતા. તેઓનું શરીર સાજું-માદું રહ્યા કરતું હતું.

નાના બાળકને જેમ પોતાની માતાનો જ આશરો હોય એમ સુંદરજીભાઈને સારા-માઠાં પ્રસંગોમાં એક માત્ર સ્વામીનો જ આશરો હતો. સુંદરજીભાઈ અવાર નવાર સ્વામીને કાગળ લખીને કુંકાવાવ તેડાવતા. સુંદરજીભાઈની મુમુક્ષુતાને લીધે સ્વામી પણ જ્યારે જ્યારે સુંદરજીભાઈ કાગળ લખે ત્યારે ત્યારે સ્વામી પણ અવશ્ય કુંકાવાવ સુંદરજીભાઈને દર્શન દેવા પધારતા.

કુંકાવાવના નાના-મોટા હરિભક્તોને પણ સુંદરજીભાઈ પ્રત્યે ભારે આદરભાવ હતો. અફીણના બંધાણીને જેમ અફીણનું વ્યસન પડી ગયું હોય એમ સુંદરજીભાઈને સ્વામીના દર્શનનું વ્યસન પડી ગયું હતું.

એકવાર સ્વામી હાટીના માળિયા બિરાજતા હતા. આ બાજુ કુંકાવાવમાં સુંદરજીભાઈના શરીરે મંદવાડ વધ્યો.

મંદવાડ વધ્યો એટલે સુંદરજીભાઈએ પોતાનો ખાટલો મંદિરમાં લેવડાવ્યો અને સ્વામીને કાગળ લખી વિનંતિ કરી કે, “સ્વામી ! કૃપા કરી મને દર્શન દેવા પધારો.” સુંદરજીભાઈનો પત્ર મળ્યો એટલે સ્વામી માળિયાથી રવાના થઈ જૂનાગઢ પધાર્યા. સ્વામીને અચાનક જૂનાગઢ આવેલા જોઈ નારાયણદાસજી સ્વામીએ પૂછ્યું, “સ્વામી ! કેમ અચાનક આવવાનુ થયું ?”

સ્વામીએ કહ્યું, “કુંકાવાવ સુંદરજીભાઈ માંદા છે, એમનો કાગળ આવ્યો છે એટલે એમને દર્શન દેવા કુંકાવાવ જવું છે.”

સ્વામી નારાયણદાસજીએ કહ્યું, “એની માંદગી તો કાયમની ઊભી છે અને કાગળ આવ્યા જ કરે છે. આપ આ ઉંમરે કુંકાવાવનો ધક્કો ક્યાં ખાશો ? થાકી જશો !”

સ્વામી બોલ્યા, “સુંદરજીભાઈની આ વખતની માંદગી જુદી રીતની છે. આ વખતે મહારાજ એમને તેડી જશે માટે એને છેલ્લા દર્શન દેવા જાવું જરૂરી છે.”

આટલું કહી સ્વામી જૂનાગઢથી નીકળી કુંકાવાવ પધાર્યા.

કુંકાવાવમાં એ સમયે સ્વામી કૃષ્ણચરણદાસજી પણ પોતાના સંત-મંડળ સાથે વિરાજમાન હતા. સ્વામીના દર્શનથી કૃષ્ણચરણદાસ સ્વામી, સર્વ સંતો તેમજ સુંદરજીભાઈને અત્યંત આનંદ થયો.

સુંદરજીભાઈએ સ્વામીને કહ્યું, “સ્વામી ! હું આપને વારંવાર કુંકાવાવના ધક્કા ખવડાવું છું માટે રાજી રહેજો.” સ્વામીએ કહ્યું, “સુંદરજી ! એની ચિંતા ન

કરવી. ભગવાન અને સંતો તો ભક્તને આધીન હોય છે.''

સુંદરજીભાઈએ કહ્યું, ''સ્વામી ! આ રોજ રોજની માંદગી બહુ પરેશાન કરે છે, હવે કૃપા કરી તમે મને ધામમાં મોકલી દો''

સ્વામી બોલ્યા, ''સુંદરજી ! આ માંદગી તો મહારાજે તમારી કસર કાઢવા મોકલી છે. તમારો જીવ હવે ચોખ્ખો થયો છે.''

સ્વામીએ સુંદરજીભાઈના દીકરા દામોદરને બોલાવ્યો અને કહ્યું, ''દામોદર ! આજે સાંજના છ વાગે મહારાજ તારા બાપાને ધામમાં તેડી જશે માટે તમે સૌ પરિવારજનો વહેલા જમી પરવારીને છ વાગ્યા પહેલા મંદિરે આવી જજો.''

સ્વામીના કહેવા પ્રમાણે સુંદરજીભાઈના પરિવારજનો મંદિરમાં હાજર થઈ ગયા. સ્વામીએ કહ્યું, 'સુંદરજી ! અમે તમને ધામમાં વળાવવા જ આવ્યા છીએ. આજે સાંજે મહારાજ તમને ધામમાં તેડી જશે. હવે મહારાજની મૂર્તિ સિવાય બીજે ક્યાંય મન રાખશો નહિ.'

સુંદરજીભાઈ બોલ્યા, 'ભલે સ્વામી ! મહારાજ તેડી જાય તો હું તૈયાર છું.' સુંદરજીભાઈનો ધામમા જવાનો સમય નજીક આવ્યો. સુંદરજીભાઈએ પોતાના દીકરા દામોદરને કહ્યું, ''તું મારા વતી બધા સંતોની પૂજા કર અને ધોતિયાં ઓઢાડ.''

દામોદરે સ્વામી તથા બધા સંતોની પૂજા કરી ધોતિયાં ઓઢાડ્યા.

સુંદરજીભાઈ કહે, ''એલા દામોદર ! આ બાઈઓનું નવું મંદિર થાય છે એમાં રૂપિયા બસો આપજે, બીજું ઘરમાં તાંબાની ગોળી છે, તે આ મંદિરમાં આપી દેજે.'' સુંદરજીભાઈ આ રીતે જાત-જાતની ભલામણ કરવા લાગ્યા.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી બોલ્યા, ''સુંદરજી, હવે બધા સંકલ્પો પડતા મૂકો અને મહારાજમાં મન રાખો.'' સ્વામીએ ટકોર કરીને સુંદરજીના શુભ સંકલ્પો પણ બંધ કરાવી દીધા.

સ્વામીએ દામોદરને કહ્યું, ''દામોદર ! સુંદરજીભાઈનો ધામમાં જવાનો સમય નજીક છે, માટે એમનો ખાટલો ઘરે લઈ જાવ.''

સુંદરજીભાઈએ કહ્યું, ''સ્વામી ! કૃપા કરી મને ઘેર ન મોકલો, મારે મંદિરમાં જ દેહ મૂકવો છે.'' આટલું બોલતાની સાથે જ સુંદરજીભાઈની સર્વે વૃત્તિઓ પાછી વળી ગઈ અને દેહનું ભાન ભૂલાઈ ગયું.

સ્વામીએ દામોદરને કહ્યું, ''દામોદર ! મંદિરમાં સૂતક લાગે અને ઠાકોરજીની સેવા પૂજામાં બાધ આવે માટે સુંદરજીભાઈને ઘેર લઈ જાવ. તમે ઘરે પહોંચશો એટલે મહારાજ એમને ધામમાં તેડી જશે''

સ્વામીની આજ્ઞા થઈ એટલે દામોદર અને એમના સગાં વહાલાં સુંદરજીભાઈને ઘરે લઈ ગયા અને જેવા ઘરે પહોંચ્યા એ જ સમયે શ્રીજી મહારાજ સુંદરજીભાઈને ધામમાં તેડી ગયા.

સમર્થ સદ્‌ગુરુની કૃપા હોય તો આત્યંતિક કલ્યાણ અઘરું નથી.

દેરડીના દેવદાસ પટેલ

દેરડીમાં ભગવાન સ્વામિનારાયણના સમયથી સત્સંગ છે.

ભગવાન સ્વામિનારાયણ જ્યારે દેરડી પધારેલા ત્યારે દેરડીના દરબારોએ ભગવાન સ્વામિનારાયણને દરબારગઢમાં પધરાવેલા. ગામના પાદરના દરવાજા પાસે એક મોટો પત્થર હતો. માણકીએ સવાર થયેલા મહારાજ એ પત્થર ઉપર પગ દઈને માણકીથી નીચે ઉતરેલા.

જૂના સંતોએ એ પ્રસાદીના પત્થરમાં હનુમાનજી મહારાજની સ્થાપના કરેલી છે. એ હનુમાનજી આજે પણ દેરડીના મંદિરમાં બિરાજમાન છે અને ભક્તોનાં કષ્ટો હરી અને એમના મનોરથો પૂરા કરે છે.

દેરડીમાં ભગવાન સ્વામિનારાયણે જ્યારે દરબારગઢમાં પધરામણી કરી ત્યારે દરબારોનો ભાવ જોઈને પ્રસન્ન થયેલા મહારાજે બે જોડી ચરણારવિંદની છાપો આપેલી. જેમાંથી એક જોડ ચરણારવિંદ દેરડીના મંદિરમાં પધરાવેલ છે અને બીજી જોડ દરબારગઢમાં છે.

શ્રીહરિ દેરડી પધારેલા ત્યારે દરબારની સાથોસાથ કેટલાય પટેલિયાઓ પણ સત્સંગી થયેલા જેમાં દોંગા પરિવારના થોભણ પટેલનું નામ મોખરે છે.

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી વગેરે નંદ સંતો પણ આ ગામે પધારેલા છે. સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી જેવા સંતોના વારંવાર આગમનથી દેરડીનો સત્સંગ ખૂબજ વિકસ્યો છે.

થોભણ પટેલને ત્યાં આંબાભાઈ નામે પુત્ર થયા અને તેમને ત્યાં દેવદાસ પટેલ થયા. સદ્‌ગુરુ સ્વામી બાલમુકુંદદાસજી જેવા મહાન સંતોના સમાગમથી દેવદાસ પટેલના અંતરમાં સત્સંગનું ખૂબ જ બળ પ્રાપ્ત થયું હતું. તેઓ ભગવાન સ્વામિનારાયણના શુદ્ધ ઉપાસક હતા. તેઓનું અંતર સત્સંગના મહિમાથી ભરપૂર હતું. તેઓ પોતે તો શિર સાટે સત્સંગ રાખતા સાથે સાથે ભગવાન સ્વામિનારાયણ અને એમના સંતોની બળભરી વાતો કરતા અને સત્સંગનું પોષણ પણ કરતા.

દેવદાસ પટેલને સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી સાથે ખૂબ જ હેત હતું અને

સદ્ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીને પણ એમના ઉપર ખૂબજ હેત હતું. એક સમયની વાત છે. દેવદાસ પટેલ માંદા થયા. સદ્ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી તેમને જોવા માટે દેરડી પધાર્યા.

સ્વામીના સમાગમથી દેવદાસભાઇને ખૂબ જ આનંદ થયો. સ્વામીએ દેવદાસભાઇના ખબર-અંતર પૂછ્યા. દેવદાસભાઈએ કહ્યું, 'સ્વામી ! મહારાજ જે કરે છે એ જીવના રૂડા માટે જ કરે છે. મહારાજે મારી કસર કાઢવા આ માંદગી મોકલી છે.' સદ્ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી દેવદાસભાઇની સમજણ અને હિંમત ભરેલી વાત સાંભળી ખૂબ જ રાજી થયા.

વાછડાને જોઈને ગાયને હેત ઉભરાય એમ સ્વામીના અંતરમાં દેવદાસભાઈ પ્રત્યે અલૌકિક વાત્સલ્ય ઉભરાયું અને સ્વામી બોલ્યા, 'દેવદાસ ! ધામમાં જાવું છે ?'

દેવદાસ પટેલે કહ્યું, 'સ્વામી ! ઘણા વર્ષ જીવ્યા હવે ધામમાં મોકલી દ્યો તો વાંધો નથી. સર્વોપરિ ભગવાન સ્વામિનારાયણ અને આપ જેવા સમર્થ સદ્ગુરુની પ્રાપ્તિથી આ જીવન ધન્ય થઇ ગયું છે.'

સદ્ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી બોલ્યા, 'તો દેવદાસ ! થઈ જાઓ તૈયાર. મહારાજ તમને આવતી કાલે તેડી જશે, પણ જોજો હો હવે ક્યાંય વાસના રાખશો નહિં.

સ્વામીની વાત સાંભળી દેવદાસ પટેલની આંખમાં આંસુડાં છલકાયાં.

સ્વામી બોલ્યા, 'દેવદાસ ! આંખમાં આંસુડાં કેમ આવ્યાં? બોલો શું સાંભર્યું ?'

દેવદાસ પટેલ નિખાલસ ભાવે બોલ્યા, 'સ્વામી ! ધામમાં તો જવું છે પણ મનમાં એક વિચાર આવ્યો એટલે આંખો ભીની થઇ.' સ્વામી બોલ્યા, 'દેવદાસ ! જે હોય તે બોલી નાખો. ધામમાં જવું હશે તો સંકલ્પોની ચાદર ઉતારી નાખવી પડશે. માટે બોલો, કયા વિચારે આંસુડા છલકાયા ?'

દેવદાસ પટેલ બોલ્યા, 'સ્વામી ! અમારે લોકમાં એક કહેવત છે કે 'એક દીકરે દીકરો નહિ અને સો રુપિયે મૂડી નહીં. તો મારે આ એક જ નરશી નામે દીકરો છે. તમે મને તો ધામમાં મોકલો છો, પણ મારા નરશીને એવા રૂડા આશીર્વાદ આપો કે એની વાડી વિસ્તરે, એનું આ લોકમાં સારું થાય અને એનો પરલોક સુધરી જાય.' સ્વામી હસીને બોલ્યા, 'દેવદાસ ! ચિંતા કરો મા. નરશી એક છે, તેના એકવીસ થશે, નરશીનો વંશવેલો વિસ્તરશે અને હારોહાર્ય સત્સંગ પણ વિસ્તરશે. બોલો, હવે કંઇ સંકલ્પ રહેતો નથી ને ?'

દેવદાસ પટેલ બોલ્યા, 'ના સ્વામી ! હવે કોઇ સંકલ્પ નથી. હવે ભલે મહારાજ મને તેડી જાય. તમારા પ્રતાપથી અમારો આખો વંશવેલો ન્યાલ થઈ ગયો.'

સ્વામી બોલ્યા, 'તો હવે થઈ જાઓ તૈયાર. સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરો અને આવતી કાલે મહારાજ તમને તેડી જશે.'

આટલું કહી દેવદાસ પટેલને માથે હાથ મૂકી, આશીર્વાદ વરસાવી મહાસમર્થ સંતે વિદાય લીધી અને બીજે દિવસે સ્વામીના વચને શ્રીજી મહારાજ દેવદાસ પટેલને તેડવા પધાર્યા.

દેવદાસ પટેલે સૌ સગાં-સંબંધી પરિવારજનોને 'જય સ્વામિનારાયણ' કહીને આ લોકમાંથી વિદાય લીધી. ગમે એટલા યોગાદિક સાધન કરે છતાં પણ જે પદવી ન પામી શકાય એવી મહાન અક્ષર પદવીને સમર્થ સદ્‌ગુરુની કૃપાથી દેવદાસભાઈ સહજમાં પામી ગયા.

દેવદાસભાઈના પુત્ર નરશીને સ્વામીના આશીર્વાદથી પાંચાભાઈ વગેરે પાંચ પુત્રો થયા. પાંચેયનો વંશ વિસ્તર્યો અને મહાપ્રતાપી સંત સ્વામી બાલમુકુંદદાસજીના વેણ 'એકમાંથી એકવીસ થશે' એ સત્ય થયા.

પાંચાભાઈને ત્યાં દેવશીભાઈ, મોહનભાઈ વગેરે સુપુત્રો થયા અને આ બન્ને ભાઈઓને ત્યાં મધુભાઈ દોંગા વગેરે પુત્રો થયા.

આ આખો વિશાળ પરિવાર સત્સંગના રંગે રંગાયેલો છે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પુરાણી સ્વામી તેમજ જોગી સ્વામીના આશીર્વાદ પણ આ કુટુંબ પર ખૂબ જ વરસ્યા છે અને મોટા સંતોની કૃપાને લીધે પરિવાર સુખી છે.

દેરડીમાં ગુણાતીતાનંદ સ્વામીએ મંદિર કરાવ્યું હતું.

સ્વામી બાલમુકુંદદાસજીની આજ્ઞાથી સ્વામી ધર્મસ્વરુપદાજીએ મંદિરનું નવનિર્માણ કરાવ્યું હતું.

(નોંધ – આ દિવ્ય પ્રસંગ વયોવૃદ્ધ દેવશીબાપા દોંગાના મુખેથી સાક્ષાત્ સાંભળીને લખ્યો છે.)

આણંદજીનું દારિદ્ર દૂર કર્યું

એક વાર સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી અમરેલી પાસેના ઢોલરવા ગામ પધાર્યા. ઢોલરવામાં આણંદજી નામના લુહાણા હરિભક્ત હતા.

આણંદજી વહેવારે ભારે દુબળા હતા અને માંડ માંડ પોતાનું ગાડું રોડવતા હતા. બાલમુકુંદદાસજી સ્વામીના મનમાં આ ગરીબ હરિભક્તનું દારિદ્ર ટાળવાનો સંકલ્પ થયો. એમણે આણંદજીને કહ્યું, 'આણંદજી ! તમારે વર્ષમાં એકવાર સાધુઓને રસોઈ દેવી.' આણંદજીએ કહ્યું, 'સ્વામી ! રસોઈ દેવાનું મને પણ મન થાય છે પણ

મારા ઘરમાં ખાણની ખોરી જુવાર સિવાય કાંઇ નથી. સાધુને આવી ખોરી જુવારની રસોઇ કેમ આપવી?'

સ્વામીએ કહ્યું, ''આણંદજી ! સાધુને સ્વાદ ન હોય. એને તો ખોરી જુવાર પણ ચાલે. મહારાજે ધર્મામૃતમાં સાધુઓને આજ્ઞા કરી છે કે 'હરિભક્તો રોજ ઘરમાં જે જમતા હોય એની રસોઇ લેવી.' માટે જા તારા ઘરેથી જુવારનો લોટ લઇ આવ. પણ જોજે લોટ સિવાય ઘી, ગોળ કાંઇ લાવતો નહિં.''

આણંદજીને થયું, 'સ્વામીએ આજ્ઞા કરી છે પણ મારાથી સાધુને ખોરી જુવાર કેમ ખવરાવાય? આમ વિચારી એમણે ગામમાંથી કોઇ પાસેથી નવી જુવાર ઉછીની લઇ, દળાવી, લોટ લઇ સ્વામી પાસે આવ્યા.

સ્વામીને ખબર પડી ગઇ કે આણંદજી નવી જુવારનો લોટ લાવ્યા છે. એટલે સ્વામીએ કહ્યું, 'એલા આણંદજી ! નવી જુવારનો લોટ કેમ લઇ આવ્યો?' આણંદજી કહે, 'માબાપ ! મારાથી ખોરી જુવાર સાધુને કેમ અપાય ?' સ્વામી કહે, 'આણંદજી ! તારી ભાવના સારી છે પણ તારે ઘરેથી ખાણની જુવારનો લોટ તો લાવવો જ પડશે.'

સ્વામીની આગ્રહપૂર્વકની આજ્ઞા થઇ એટલે આણંદજી કચવાતે મને પોતાના ઘરેથી ખોરી જુવારનો થોડો લોટ લઇ આવ્યા.

આ વાતની ખબર ઢોલરવાના ઠક્કર ભવાનજીને પડી. ભવાનજીના મનમાં થયુ 'ઠાકોરજીના થાળ ખોરી જુવારના થાય અને આવા પવિત્ર સંતો સાવ ખોરી જુવાર ખાય તે ઠીક નહીં.' આમ વિચારી તેઓ પોતાના ઘરેથી થોડો ઘઉંનો લોટ લઇને મંદિરે આવ્યા અને સ્વામીને ખબર ન પડે એમ સીધા ભંડારમાં ગયા. ભંડારમાં રસોઇ કરનારા સંતોને કહ્યું કે 'તમે ઠાકોરજી માટે આ ઘઉંના લોટની રોટલી કરો અને થાળમાં ધરો.' અંતર્યામી જેવા સંત બાલમુકુંદદાસજી સ્વામીને આ વાતની ખબર પડ્યા વગર કેમ રહે ? સ્વામી ભંડારમાં આવ્યા અને સંતોને કહ્યું, 'ભવાનજીનો ઘઉંનો લોટ પટારામાં મૂકી દ્યો, કાલે વાપરજો, આજે તો આણંદજીની ખોરી જુવારના રોટલા જ કરવાના છે. આપણે ખોરી જુવાર ખાઇને આણંદજીનું દારિદ્ર કાઢવું છે !'

સ્વામીની આજ્ઞાથી તે દિવસે ખોરી જુવારના રોટલાનો થાળ થયો.

સ્વામી સહિત બધા સંતો આણંદજીની ખોરી જુવાર જમ્યા અને મહારાજને પ્રાર્થના કરી, 'હે મહારાજ ! સુદામાનું દારિદ્રય ટાળ્યું હતું એમ આ આણંદજીનું દારિદ્રય પણ ટાળો અને એને સુખી કરો.'

પવિત્ર સંતોના ઉદરમાં આણંદજીનો કણિકો ગયો. ફળદ્રુપ ધરતીમાં વાવેલા બીજ ઉગે એમ આણંદજીના પુણ્ય ઉદય થયા. એના પ્રારબ્ધના કઠણ પડ તૂટી ગયા.

સ્વામીના વચને આણંદજીએ કોઈ પાસેથી ઉછીના રૂપિયા લઈ વેપાર શરુ કર્યો. આણંદજીનો વહેવાર ધીમે ધીમે સુધરતો ગયો. દારિદ્રતા ટળી ગઈ અને આણંદજી સુખીયા થયા. મોટા સંતોની કૃપા થાય તો પ્રારબ્ધ પણ પલટી જાય. મોટા સંતોના દિલ દયાથી ભરેલાં હોય છે. જેમ શ્રીજી મહારાજ હરિભક્તોના દુઃખ જોઈ શકતા નથી એ જ રીતે એમના મહાન સંતો પણ હરિભક્તોનાં દુઃખ દારિદ્રયને જોઈ શકતા નથી. સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીએ ઢોલરવાના આણંદજીની જેમ બીજા પણ અનેક ગરીબ હરિભક્તોની જુવાર જમીને એમના પ્રારબ્ધ બદલાવી નાખ્યા હતા અને દુઃખ દારિદ્રયને દૂર કર્યા હતા.

ઓઢાના સમઢિયાળાના વીરા શેલડીયાના દીકરા પટેલ રામભાઈનું દારિદ્ર પણ સ્વામીએ એમના ઘરની જુવાર જમીને ટાળી નાખ્યું હતું. સ્વામીના જીવનમાં આવા એક નહિ, અનેક ઉદાહરણો જોવા મળે છે.

રંગપુરના વોરા પરિવારને સત્સંગ

અમરેલી વિસ્તારમાં કુંકાવાવની બાજુમાં થોરડી ગામ આવેલું છે. આ ગામમાં તેજાભાઈ વોરા નામના ભાવિક ભકત રહેતા હતા.

તેઓ ખૂબ સીધા-સાદા પ્રામાણિક ખેડૂત હતા. ઘરથી વાડી અને વાડીથી ઘર એ સિવાય એને બીજી કોઈ પારકી પંચાત નહોતી.

તેજાભાઈ પરગજુ માણસ હતા. એમના આંગણેથી ભગત-ભીખારી ક્યારેય ઠાલા હાથે જતા નહિ. વાસ્તવમાં તેજાભાઈ પુણ્યશાળી જીવ હતા.

એક સમયની વાત છે. તેજાભાઈ પોતાની વાડીએ કોસ હાંકી રહ્યા હતા. એમની વાડી ‘હોકલી વાડી‘ના નામે પ્રસિદ્ધ હતી.

બપોરનો સમય થયો હતો. સૂરજ નારાયણ માથે આવી ચૂક્યા હતા. આજનો દિવસ તેજાભાઈ માટે ભારે શુકનવંતો નીવડવાનો હતો. આજે એનું ભાગ્ય ઉઘડી જવાનું હતું. આજે એની આગામી સાત-સાત પેઢીઓનો ઉદ્ધાર થઈ જાય, એવી એક અણધારી ઘટના ઘટવાની હતી. બપોર થયા એટલે તેજાભાઈએ કોસ છોડ્યો, બળદોને પાણી પાયું, નીરણ નીરી અને પોતે ઝાડવાને છાંયે ભાત જમવા બેઠા.

બરાબર એજ વખતે ભગવાન જેવા સમર્થ સંત બાલમુકુંદદાસજી સ્વામી ગામડાંઓમાં ફરતાં ફરતાં થોડીવાર વિસામો લેવાને માટે તેજાભાઈની વાડી પાસેથી

પસાર થયા. લીલાં ઝાડવાંઓની છાયા જોઈ સ્વામીને થયું, અહીં થોડીવાર વિસામો લઈએ. એટલે સ્વામી વાડી તરફ વળ્યા.

તેજાભાઈ બપોરા કરી રહ્યા હતા. એમણે દૂરથી સાધુઓને જોયા એટલે મીઠો આવકાર આપ્યો, “પધારો ! મા'રાજ ! પધારો !”

સ્વામીને થયું, “આ જીવ ભાવિક લાગે છે !”

સ્વામી નજીક આવ્યા અને ‘જે નારાયણ’ કરી બોલ્યા, “પટેલ ! અમારે તમારી વાડીએ થોડીવાર વિસામો લેવો છે, રજા છે ને ?”

તેજાભાઈએ કહ્યું, “મા’રાજ ! આ તમારી જ વાડી છે, સુખેથી પધારો.”

સ્વામી અને સંતોએ ઝાડવે ઝોળીઓ ટીંગાડી.

કૂવામાંથી તુંબડે તુંબડે પાણી સિંચ્યું અને હાથ-પગ, મોઢું ધોયા પછી નિરાંતે ઝાડવા નીચે બેસી ધ્યાન-ભજન કરવા લાગ્યા.

તેજાભાઈ દૂરથી સંતોની આ બધી પવિત્ર રીત-ભાતને જોઈ રહ્યા હતા. એને સાધુનો ભારે ગુણ આવ્યો અને મનમાં થયું, “સાધુ કોઈ ખરા લાગે છે.”

બાલમુકુંદદાસ સ્વામી પટેલ સામે જોઈ રહ્યા હતા. પટેલ બાજરાનો રોટલો, અડદની દાળ અને ડુંગળીનો દડો જમી રહ્યા હતા.

તેજાભાઈએ કહ્યું, “ મા'રાજ ! જમશો ?”

સ્વામીએ કહ્યું, “ના, પટેલ અમે જમીને નીકળ્યા છીએ, એટલે જમવું નથી, પણ તમે આ ન ખાવાનું શું ખાઈ રહ્યા છો ?”

તેજા પટેલને નવાઈ લાગી કે, આ સાધુ મા’રાજ આમ કેમ કહે છે ? એમણે પુછ્યું, “મા'રાજ ! આમાં ન ખાવા જેવું શું છે ?” સ્વામી કહે, “રોટલો ને દાળ તો બરાબર છે પણ આ ડુંગળી આપણાથી ન ખવાય. શાસ્ત્રોમાં એની ના પાડી છે.”

કોણ જાણે કેમ પણ તેજાભાઈનું મન સ્વામી પ્રત્યે આકર્ષણ અનુભવી રહ્યું હતું. એના મનમાં થઈ રહ્યું હતું કે, ‘માનો કે ન માનો આ મા’રાજ ભારે પ્રતાપી લાગે છે.‘ જેવું સ્વામીએ કહ્યું કે, ‘ડુંગળી ન ખવાય.‘ એજ સમયે ન કોઈ વાત, ન કોઈ તર્ક. પટેલે ડુંગળીનો દડો ઉપાડી એક બાજુ મૂક્યો અને કહ્યું, “મા’રાજ ! તો આ ડુંગળી ખાવાનું આજથી બંધ.” પટેલે એક ધડાકે ડુંગળી હરામ કરી નાખી !

સ્વામી સાથેના સાધુઓ તો પટેલની શ્રદ્ધા જોઈને આફરીન પોકારી ગયા.

સ્વામીને થયું, “આ જીવ ઉત્તમ મુમુક્ષુ છે. આના હૃદયરૂપી ખેતરમાં સત્સંગના બીજ સારા ઉગશે.”

પટેલ જમી પરવારી હાથ-મોઢું ધોઈ સ્વામી પાસે આવ્યા, પગે લાગીને બેઠા.

સ્વામીએ પૂછ્યું, “પટેલ ! તમારું નામ શું ?”

પટેલે ટૂંકો ઉત્તર દીધો, “તેજો !”

સ્વામી તો તેજાભાઈની સરળતા અને નિખાલસતા જોઈને રાજી રાજી થઈ ગયા અને એમને પ્રગટ ભગવાન સ્વામિનારાયણની વાતો કરવા લાગ્યા.

સ્વામીના વેણે વેણે તેજાભાઈનું હૃદય વીંધાવા લાગ્યું અને તેજાભાઈએ સ્વામીના હાથે કંઠી બાંધી સત્સંગ સ્વીકાર્યો.

ભગવાન સ્વામિનારાયણ અને એમના સંતો માત્ર મોક્ષની જ વાતો કરતા નથી, પરંતુ જીવના આ લોકના વ્યવહાર પણ સુધારી દેતા હોય છે.

સ્વામીએ પૂછયું, “તેજાભાઈ ! તમારે વ્યવહારે કેમ છે ?”

તેજાભાઈએ કહ્યું, “સ્વામી ! ખેતી મોટી છે પણ પાણી નથી, એટલે જોઈએ એવો પાક લઈ શકાતો નથી.”

સ્વામીએ મહારાજને સંભારીને કહ્યું, “તેજાભાઈ ! તમે આ કૂવાને થોડો ખોદજો. ભગવાન સ્વામિનારાયણ તમને અખૂટ પાણી દેશે.”

આમ તેજાભાઈને આશીર્વાદ આપી, સ્વામીએ વાડીએથી વિદાય લીધી.

સ્વામીના વચનમાં વિશ્વાસ રાખી તેજાભાઈએ કૂવો ખોદાવ્યો તો, ખરેખર અખૂટ પાણી થયું. તેજાભાઈને ભગવાન સ્વામિનારાયણમાં અને પોતાના ગુરુ બાલમુકુંદદાસ સ્વામીમાં કૂવાના પાણી જેવી જ અખૂટ શ્રદ્ધા થઈ. પછી તો તેઓ અવાર-નવાર સ્વામીને તેડાવતા, સમાગમ કરતા અને ઉપજમાંથી ભગવાનનો ભાગ કાઢતા. ઉપરાંત, ગરીબ-ગુરબા અને અબોલ પશુ-પંખીઓની સેવા તો ચાલુ જ હતી.

કૂવામાં પાણી ખૂબ થયું તેથી તેજાભાઈ ઋતુ-ઋતુ પ્રમાણેના પાક લેવા લાગ્યા.

તેઓ શેરડી ખૂબ વાવતા. એમનાં ખેતરમાં શેરડીનો વાઢ પણ ખૂબ સારો થતો. આસપાસના ગામોમાં ક્યાંય પણ ભગવાન સ્વામિનારાયણના સાધુઓ આવતા તો તેજાભાઈ શેરડીના ભારા બાંધીને લઈ જતા અને સંતોને ખૂબ શેરડી ખવડાવતા.

સ્વામી જેવા મહાન સંત અને અબોલ પ્રાણીઓના આશીર્વાદથી તેજાભાઈ પૈસે-ટકે ખૂબ જ સુખી થયા.

તેજાભાઈ વોરાને ત્યાં લીંબાભાઈ નામના દીકરા થયા હતા.

તેજાભાઈએ ગામમાં તેમજ આસપાસના ગામોમાં ખેતી માટે નવી જમીનો રાખી હતી અને ખેતીને ખૂબ વિસ્તારી હતી.

તેજાભાઈ ધીમે ધીમે વૃદ્ધ થયા. અંત સમય આવ્યો. મહારાજે અને બાલમુકુંદદાસ સ્વામીએ તેજાભાઈને દર્શન દીધાં.

તેજાભાઈએ પોતાના પુત્રને કહ્યું, "લીંબા ! આપણા ગુરુ બાલમુકુંદદાસ સ્વામી ભગવાન સ્વામિનારાયણને લઈને મને ધામમાં તેડી જવા આવ્યા છે, હું મહારાજ સાથે જાઉં છું, તું સત્સંગ બરાબર રાખજે, ભગવાન અને ગુરુનો ભરોસો ક્યારેય છોડીશ નહિ. લે હવે ત્યારે છેલ્લા જય સ્વામિનારાયણ." આમ કહીને તેજાભાઈએ શરીર છોડ્યું.

ભગવાન જેવા સાધુને વાડીએ થોડીવાર વિસામો લેવા દીધો એટલામાં તો સ્વામીએ એમને અક્ષરધામના અધિકારી બનાવી દીધા !

લીંબાભાઇ વોરા અને દરબાર ભૂરાવાળો

તેજાભાઈના અક્ષરવાસ બાદ જમીનોનો બધો વહીવટ લીંબાભાઈ સંભાળતા હતા અને લીંબાભાઈ પોતાના પિતાશ્રીની જેમ જ ખૂબ સારા ભક્તરાજ અને બાલમુકુંદદાસ સ્વામીના કૃપાપાત્ર હતા.

તેઓએ રંગપુર ખાતે બહુ મોટી જમીન રાખી હતી, તેથી તેઓ જમીનની દેખરેખ માટે થોરડી છોડીને રંગપુર રહેવા ગયા. રંગપુરમાં એમણે પોતાના વિશાળ ફળિયાની બાજુમાં જ ભગવાન સ્વામિનારાયણનું સુંદર મંદિર બનાવ્યું હતું અને બાજુમાં નાનકડું મહાદેવજીનું મંદિર પણ કર્યું હતું. તેઓ નિયમિત રીતે બંને મંદિરમાં પૂજા-પાઠ અને ધૂન-ભજન કરતા હતા.

તેઓ અવાર-નવાર બાલમુકુંદદાસજી સ્વામી,નારાયણદાસજી સ્વામી પુરાણી સ્વામી ગોપીનાથદાસજી વગેરે મહાન સંતોને રંગપુર બોલાવતા હતા અને સત્સંગ-કથા-વાર્તાનું સુખ લેતા હતા. તેઓને ભગવાન સ્વામિનારાયણમાં અચળ ભરોસો હતો. હવે, બન્યું એવું કે, લીંબાભાઈની પાસે એક અતિ જાતવંતી દેવાંશી ઘોડી હતી. આ પવનવેગી ઘોડીના રૂપ, ગુણ અને ચાલ આખા પંથકમાં વખણાતા.

થોરડી દરબાર ભૂરાવાળાના મનમાં કેટલાય સમયથી લીંબાભાઈની આ ઘોડી મેળવી લેવા માટે દાઢ ડળકતી હતી.

એમણે લીંબાભાઈ પાસે ઘોડીની માગણી કરી પણ લીંબાભાઈએ વિવેક સાથે ના પાડતા કહ્યું, "દરબાર ! બીજી બધી વાત કરો, પણ ઘોડીની વાત જવા દો."

લીંબાભાઈએ ના પાડી એટલે દરબાર ભૂરાવાળાને ખૂબ માઠું લાગ્યું.

એકવાર એણે કારસો કરી ફરીથી લીંબાભાઈને કહ્યું કે, "લીંબાભાઈ ! કાયમ નહિ તો કાંઈ નહિ, થોડા દિવસ માટે ઘોડી મને આપો. એકાદ-બે મહિનામાં હું તમને પાછી આપી દઈશ. આ દેવાંશી ઘોડીએ બેસવાના મારા કોડ હું પૂરા કરી

લઉં.'' લીંબાભાઈ દરબારના મનનું કપટ કળી શક્યા નહિ. એમણે વિશ્વાસે થોડા દિવસ માટે ઘોડી વાપરવા આપી.

મહિના બે મહિના વીત્યા પણ દરબાર ભૂરાવાળા ઘોડી પાછી આપવાનું નામ લેતા નહોતા.

લીંબાભાઈએ ઘોડી પાછી માગી તો ખોરી દાનતવાળા ભૂરાવાળા આજ-કાલ આજ-કાલ કરવા લાગ્યા. લીંબાભાઈને સમજાઈ ગયું કે, દરબારની દાનત ઘોડી પાછી આપવાની નથી.

એક દિવસ એણે દરબારને કહ્યું, ''દરબાર ! મેં તમને એક-બે મહિના માટે ઘોડી આપી હતી, આજે છ-છ મહિનાઓ થયા. હવે મને મારી ઘોડી પાછી આપી દો.'' ભૂરાવાળા દરબારે નફ્ફટ થઈને કહી દીધું, ''પટેલ ! ઘોડી પાછી નહિ મળે, તારાથી થાય તે કરી લે.''

લીંબાભાઈએ અમરેલી સુબા પાસે ફરિયાદ કરી. ગાયકવાડી રાજનો ન્યાય લીંબાભાઈની તરફેણમાં રહ્યો અને ભૂરાવાળાએ જખમારીને ઘોડી પાછી દેવી પડી.

ડંખીલા સ્વભાવના ભૂરાવાળાએ આ વાતને દાઢ્યમાં રાખી અને સમય ઉપર વેર લેવાનો સંકલ્પ કર્યો.

ભગવાનને ભરોસે ભગવાનની રક્ષા

સમય જતાં ભૂરાવાળો બહારવટે ચડ્યો અને વસ્તીને ભારે રંજાડવા લાગ્યો.

ગાયકવાડી સિપાહીઓ ભૂરાવાળાને પકડવા માટે પ્રયાસ કરવા લાગ્યા, પરંતુ ભૂરાવાળો કોઈ રીતે હાથમાં આવતો નહોતો.

એક દિવસ ભૂરાવાળાએ પોતાનું જૂનું વેર સંભારીને લીંબાભાઈના યુવાન દીકરા ભગવાનભાઈને બાનમાં લીધા.

રંગપુરથી થોડે દૂર અંતરીયાળ સીમમાં બે કાઠીઓની દેખરેખમાં ભગવાનભાઈને રાખવામાં આવ્યા.

ભૂરાવાળો બોલ્યા, ''હું ગામમાં લીંબા પટેલ પાસે બાન છોડાવવા પેટે રૂપિયા લેવા જાઉં છું. જો એ રૂપિયા આપશે તો આને છોડી મૂકશું અને નહિ આપે તો હું ગામના પાદરમાં બંદૂકનો ભડાકો કરીશ અને એજ વખતે તમે આ જુવાનીયાને ફૂંકી મારજો.''

આમ ઠરાવ કરી ભૂરાવાળો રંગપુર ગામમાં આવ્યો. પોતે ચોકમાં ઊભો રહ્યો અને રામભાઈ નામના માણસને પકડીને કહ્યું, ''તું લીંબા પટેલને ઘરે જા અને

કહે હાલને હાલ રૂપિયા દસ હજાર આપે, નહિતર અમે એના એકના એક દીકરા ભગવાનને પતાવી દઈશું''

બિચારો રામ બીતો બીતો લીંબા બાપાને ઘરે આવ્યો.

સવારનો સમય હતો એટલે લીંબાભાઈ નાહી-ધોઈ પરવારી સ્વામિનારાયણ મહામંત્રની માળા કરી રહ્યા હતા.

રામભાઈએ આવી બાપાને બધી વાત કરી અને તાત્કાલિક રૂપિયા દસ હજારની વ્યવસ્થા કરીને ભૂરાવાળાને પહોંચાડવા કહ્યું.

વાત સાંભળતા જ લીંબા બાપા 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' બોલવા લાગ્યા. એમના અંતરમાં મહારાજનો ગજબનો ભરોસો હતો.

પોતાના એકના એક દીકરાનો જાન જોખમમાં છે એ સાંભળીને એનું રૂંવાડુંય ન ફરક્યું. તેઓ એવાને એવા શાંત ચિત્તે બેઠા રહ્યા અને બોલ્યા, ''રામ ! કહી દે ભૂરાવાળાને આખા પરગણાના પૈસા ભેળા કરું તોય આટલા રૂપિયા ન થાય. મારાથી રૂપિયા આપી શકાય તેમ નથી.''

રામભાઈ બોલ્યા, ''પણ, બાપા ! ભગવાનનો જાન જોખમમાં છે. ભૂરાવાળો એને ઠાર મારશે.''

લીંબા બાપાએ કહ્યું. ''રામ ! ભૂરાવાળો ભગવાન નથી, ભગવાન તો મારા સ્વામિનારાયણ છે. મારા દીકરાનો વાળ કોઈથી વાંકો ન થાય, એને ભગવાન સ્વામિનારાયણના રખોપા છે. કહી દે ભૂરાવાળાને એનાથી થાય તે કરી લે.''

રામભાઈ બોલ્યા, ''પણ બાપા, તમે વિચારીને કહો છો ?''

બાપા બોલ્યા, ''રામ ! તું જા, ચિંતા કર મા.''

આવા કટોકટીના સમયે પણ લીંબા બાપાની ધીરજ અને ભરોસો ગજબના હતા. આવા ભક્તના રખોપા ભગવાન ન કરે તો બીજું કોણ કરે !

હવે, આ બાજુ પેલા બેય બહારવટીયા ભગવાનભાઈને બાનમાં પકડીને અંતરીયાળ સીમમાં બેઠા હતા અને ભૂરાવાળાના સંકેતની રાહ જોઈ રહ્યા હતા.

ભગવાનભાઈ મોતના મુખમાં બેઠા હતા, છતાં નવાઈની વાત એ હતી કે, 'સિંહના તો સિંહ જ હોય' એ ન્યાયે ભગવાનભાઈના અંતરમાં પણ લીંબાભાઈ જેવો જ મહારાજનો ભરોસો હતો.

સવારનો સમય હતો. ભગવાનભાઈ બહારવટીયાઓની વચ્ચે બેસીને પણ નિરાંતે હાથમાં માળા લઈ 'સ્વામિનારાયણ ! સ્વામિનારાયણ !' ભજન કરી રહ્યા હતા.

બહારવટીયાઓએ ભયથી થરથર કાંપતા, જીવવા માટે કરગરતા બાન પકડાયેલા અનેક માણસો જોયા હતા પણ ભગવાનભાઈ જેવી નિર્ભીક વ્યક્તિ એણે ક્યારેય જોઈ નહોતી.

બહારવટીયાઓને આશ્ચર્ય થયું કે, "મોતના મોઢા ઉપર બેઠેલો આ જુવાન આટલો નિર્ભીક કેમ છે ?"

બેમાંથી એક બહારવટીયાએ ભગવાનભાઈને પૂછ્યું, "તને મરવાની બીક નથી લાગતી ?" ભગવાનભાઈએ કહ્યું, "ધાર્યું બધું ભગવાનનું થાય છે. મારવું જીવાડવું હરિના હાથમાં છે. બીજા કોઈના નહિ. વહેલા મોડું સૌને મરવાનું જ છે. તો મરવાની બીક શું કામ રાખવી ?"

મોતથી ડરે નહિ એવો માણસ બહારવટીયાઓ પહેલીવાર જોઈ રહ્યા હતા.

ભગવાનભાઈ બોલ્યા, "તમે મને મારી નાખશો તો પણ મને ખોટ નથી. મારા ભગવાન સ્વામિનારાયણ મને મર્યા પછી અક્ષરધામનું રાજ આપશે."

બહારવટીયા બોલ્યા, "એલા, તું સ્વામિનારાયણીયો છો ?"

ભગવાનભાઈએ નિર્ભીકપણે કહ્યું, "હા, હું ભગવાન સ્વામિનારાયણનો આશ્રિત છું." ભગવાનભાઈની વાત સાંભળતાં બેય બહારવટીયાઓના દિલમાં ભગવાને પ્રવેશ કર્યો, એમના હૃદય ભગવાનભાઈ પ્રત્યે કૂણાં થવા લાગ્યા. એમના મનમાં થવા લાગ્યું કે, "આવા સારા યુવાનને આપણાથી કેમ મરાય ?

બહારવટીયાઓએ પૂછ્યું, "એલા, તારે અને દરબાર ભૂરાવાળાને શું વાંધો પડ્યો કે તને બાનમાં લીધો છે ?"

ભગવાનભાઈએ બેય બહારવટીયાઓને ઘોડીની તકરાર સંબંધી બધી વાત કરી. વાત સાંભળીને બેય બહારવટીયાઓને થયું, "આ યુવાન ભારે દૈવી છે. આમાં વાંક તો ભૂરાવાળાનો જ છે. આવા યુવાનને મારીને આપણે પાપમાં પડવું નથી."

બરાબર આ જ સમયે રંગપુરમાં રામભાઈએ લીંબા બાપાએ કહેલો સંદેશ દરબાર ભૂરાવાળાને સંભળાવ્યો.

ભૂરાવાળાનો ક્રોધ સાતમે આસમાને પહોંચ્યો. એણે ગામના પાદરમાં પહોંચી હવામાં ગોળીબાર કર્યો.

પેલા બેય બહારવટીયાઓએ કહ્યું, "એલા, છોકરા ! તું ગમે એમ કરી અને અહીંથી છટકી જા, અમે હવામાં ખોટેખોટા ગોળીબાર કરી ભૂરાવાળાને સંકેત આપીએ છીએ." ભગવાનભાઈને થયું, "આ બહારવટીયા નથી બોલતા, એના હૃદયમાં રહેલા મહારાજ બોલે છે."

ભગવાનભાઈને બહારવટીયાઓએ છટકાવી દીધા, હવામાં બંદૂકના ખોટા ભડાકા કર્યા, એટલે ભૂરાવાળાને થયું કે, મારું કામ પુરું થયું.

નવાઈની વાત તો એ હતી કે, બંદૂકના ભડાકા સાંભળવા છતાંય લીંબા બાપાના પેટનું પાણી પણ ન હલ્યું. એમનો ભરોસો મેરુ પર્વતની જેમ અચળ હતો.

એકબાજુ ભૂરાવાળો રવાના થયો, બીજી બાજુ ભગવાન સાજો-નરવો ઘેર પહોંચ્યો. પરિવારના બધા સભ્યો આશ્ચર્યથી જોઈ રહ્યા. ભગવાનભાઈએ સીમમાં બનેલી બધી જ ઘટના બાપાને કહી સંભળાવી.

બાપાએ એટલું જ કહ્યું, "ભગવાન ! મહારાજ આપણી રક્ષામાં છે, મહારાજ કર્તુમ્, અકર્તુમ્, અન્યથાકર્તુમ્ સમર્થ છે. આપણે મહારાજનો ભરોસો ખોવો નહિ."

થોડો સમય ભગવાનના જાન ઉપર જોખમ હોવાથી લીંબા બાપાએ ભગવાનને જેતપુર કોઠારી સ્વામી હરિકૃષ્ણદાસજી પાસે મોકલી દીધો.

જેતપુર જઈને ભગવાનભાઈએ કોઠારી સ્વામીને બધી વાત કરી.

એક મહિના બાદ કોઠારી સ્વામીએ કહ્યું, "ભગવાન ! ચિંતા કરીશ નહિ, મહારાજ રક્ષા કરશે."

ભગવાનભાઈ એક મહિના સુધી જેતપુર રોકાયા.

કોઠારી સ્વામીએ કહ્યું, "ભગવાન ! હવે તું ઘરે પાછો જા, કોઈ તારો વાળ વાંકો નહિ કરી શકે અને દરબાર ભૂરાવાળો અને એના મળતિયાઓ અંદરોઅંદર કપાઈ મરશે."

સ્વામીના વચનમાં વિશ્વાસ રાખી ભગવાનભાઈ ઘરે આવ્યા અને ખરેખર સ્વામીએ કહ્યું હતું તેમજ થયું.

દરબાર ભૂરાવાળાને પોતાના જ ભાઈબંધો સાથે વાંકુ પડ્યું અને બધાને અંદરો અંદર અણબનાવ થયો અને પરસ્પર કપાઈ મૂવા.

થોડો સમય પસાર થયો. ભગવાન સ્વામિનારાયણે લીંબા બાપાને દર્શન દીધા અને કહ્યું, "બાપા ! આવતી કાલે બપોરે અમે તમને ધામમાં તેડી જઈશું."

લીંબા બાપાએ ભગવાનભાઈને વાત કરી, "ભગવાન ! આવતી કાલે બપોરે મહારાજ મને તેડવા આવશે, માટે તું ક્યાંઈ આડો-અવળો, વાડીયે કે સીમમાં જઈશ નહિ."

બીજે દિવસે ભગવાનભાઈ ઘરે રોકાયા. મહારાજ મોટા સંતોને સાથે લઈને લીંબા બાપાને તેડવા આવ્યા અને લીંબા બાપા સૌને જય સ્વામિનારાયણ કહીને ધામમાં સીધાવ્યા.

ભગવાનભાઇને ભોળાનાથે દર્શન દીધા

ભગવાનભાઈ ખૂબ સારા ભક્તરાજ હતા. તેઓ લીંબા બાપાની પેઠે જ નિયમિત રીતે ઘરઆંગણાના મંદિરમાં ઠાકોરજીની સેવા-પૂજા કરતા અને હારોહાર મહાદેવજીની પણ ભાવથી પૂજા કરતા હતા. એમને ત્યાં સાધુ-સંતો નિયમિત પધારતા રહેતા હતા અને સત્સંગ કથા-વાર્તાનો લાભ દેતા રહેતા હતા.

ભગવાનભાઈને ચાર દીકરાઓ થયા. વલ્લભભાઈ, ત્રિકમભાઈ, બાલુભાઈ અને રમેશભાઈ. આ ચારેય દીકરાઓ ભારે ગુણિયલ થયા.

એક સમયની વાત છે. ભગવાનભાઈ ઘર આંગણાના મંદિરમાં મહારાજની મૂર્તિની સામે બેસીને માળા કરી રહ્યા હતા. એવામાં એને એવો ભાસ થયો કે કોઈ મારા માથા ઉપર હાથ મેલી રહ્યુ છે. એમણે સહેજ દૃષ્ટિ ફેરવીને જોયું તો સાક્ષાત્ શિવજી ઊભા હતા અને મંદ મંદ હાસ્ય કરી રહ્યા હતા.

ભગવાનભાઈ એકદમ ભોળનાથને પગે લાગ્યા અને બોલ્યા,“ભોળાનાથ ! આપે ખૂબ કૃપા કરી મને દર્શન દીધા.”

ભોળાનાથ બોલ્યા, “ભગવાનજી ! હું તને એક વાત કરવા આવ્યો છું.”

ભગવાનભાઈ બોલ્યા, “બોલો, ભોળાનાથ શું કહેવું છે ?”

ભોળાનાથે કહ્યું, “તું બારે મહિના મારી પૂજા કરે છે, હવેથી એક મહિનો કરીશ તોય ચાલશે. માત્ર પગે લાગી લેજે. તું આ ભગવાન સ્વામિનારાયણની પૂજા કરે છે, એમાં મારી પૂજા આવી જાય છે.”

આ રીતે ભગવાન બાપાની ભક્તિ પરાકાષ્ઠાએ પહોંચેલી હતી.

ભગવાનબાપા ધામમાં ગયા

ભગવાન બાપાના એક દીકરો બાલુ રાજકોટ ગુરુકુલમાં ભણતો હતો. ભગવાન બાપા અવાર-નવાર બાલુને મળવા તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના દર્શને આવતા.

ભગવાન બાપાને સ્વામી સાથે ખૂબ જ હેત હતું. તેઓ સ્વામીને પોતાના ગુરુ માનતા. વર્ષો વર્ષ ખાંડીબંધ અનાજ ગુરુકુલમાં મોકલતા.

એકવાર સાંજના સમયે ભગવાનભાઈએ એમના પત્નીને કહ્યું, “હું ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના દર્શન કરવા માટે અને બાલુને મળવા માટે આવતી કાલે રાજકોટ જવાનો છું, તારે બાલુ માટે જે નાસ્તો મોકલવો હોય તે રાત્રે તૈયાર કરી

રાખજે.'' બાલુભાઈના માતુશ્રીએ રાત્રે મોડે સુધી જાગીને નાસ્તો તૈયાર કરી ડબરો ભર્યો. બીજે દિવસે વહેલી સવારે ભગવાન બાપા ઉઠ્યા, નાહી-ધોઈને પૂજા-પાઠ કર્યા.

એમના પત્નીએ પૂછ્યું, ''તમે રાજકોટ જવા ક્યારે નીકળો છો ?''

બાપાએ કહ્યું, ''હવે, હું રાજકોટ નહિ જાઉં.''

ભગવાનબાપાની વાત સાંભળી એમના પત્નીને આશ્ચર્ય થયુ અને કહ્યું, ''રાત આખી નાસ્તો કરવા માટે ઉજાગરો કરાવ્યો અને હવે કેમ આળસી ગયા ?'' ભગવાન બાપાએ કહ્યું, ''આજે વહેલી સવારે મહારાજે મને દર્શન દઈને કહ્યું છે, તું રાજકોટ જતો નહીં. આજ બપોર પછી હું તને તેડવા આવીશ.''

તમે વલ્લભને અને ત્રિકમનેય કહેજો કે આજે ક્યાંય આડા-અવળાં જાય નહિ.

ભગવાન બાપા સાવ સાજા-નરવાં હતા. એના નખમાંય રોગ નહોતો. એટલે ઘડીકવાર તો કોઈ એમની વાત માનવા તૈયાર નહોતું.

વલ્લભભાઈએ કહ્યું, ''આમ સાવ સાજા-નરવાં છો ને ધામમાં થોડા જશો ?''

ભગવાન બાપાએ કહ્યું, ''વલ્લભ ! મહારાજના વચનમાં ભરોસો રાખ. આજ બપોર પછી મહારાજ મને તેડવા આવશે એ વાત નક્કી છે.''

આમ કરતાં કરતાં બપોર પછીનો સમય થયો. મહારાજ બાપાને તેડવા આવવાના છે એની બધાને ખબર હોવાથી આખો પરિવાર બાપા પાસે એકઠો થયો હતો. ગામના સત્સંગીઓ તેમજ આડોશી-પાડોશી પણ ભેગા થઈ ગયા હતા.

બાપાએ કહ્યું, ''તમે બધા સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરો, બીજી વાતો કરશો નહિ.'' બાપાએ કહ્યું એટલે બધા ધૂન-ભજન કરવા લાગ્યા.

ભગવાન બાપા પણ બધાની વચ્ચે લે'રથી તાલીઓ પાડતા પાડતા સ્વામિનારાયણ સ્વામિનારાયણ ધૂન કરી રહ્યા હતા.

બધાને થતું હતું, આવા સાજા-નરવાં બાપા શું ખરેખર ધામમાં જશે ?

એટલામાં શ્રીજી મહારાજે સદ્‌ગુરુ સંતો સાથે ભગવાન બાપાને દર્શને દીધા.

ભગવાન બાપાએ કહ્યું, ''જો, વલ્લભ ! મહારાજ તેડવા આવ્યા છે, હું ધામમાં જાઉં છું, તમે બધા મહારાજમાં ભરોસો રાખજો અને સત્સંગ દઢ રાખજો. સૌને છેલ્લા જય સ્વામિનારાયણ.'' આટલું કહી અને ભગવાન બાપાએ શરીર છોડી દીધું. આખું ગામ આશ્ચર્યથી જોઈ રહ્યું.

ભગવાનબાપાના દીકરા વલ્લભભાઈની પણ મહારાજે અમેરીકામાં રક્ષા કરી હતી. ભગવાનબાપાની જેમ દીકરા ત્રિકમભાઈ પણ અગાઉથી તૈયારી કરીને શ્રીહરિના ધામમાં ગયા હતા.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી જેવા મહાપુરુષની તેજાભાઈ વોરા ઉપર કૃપાદૃષ્ટિ થઈ. વાડીએ થોડીવાર વિસામો લીધો એટલામાં ચાર ચાર પેઢીનો ઉદ્ધાર થઈ ગયો. પ્રગટ ભગવાન સ્વામિનારાયણ અને એમના મહાપુરુષોનો મહિમા, પ્રતાપ અને ઐશ્વર્ય અપરંપાર છે.

અંત સમયે ધામમાં તેડી જાવ તો કંઠી બાંધું !

સત્સંગમાં હાલારના અઢાર મુક્તો પ્રસિદ્ધ છે. ભગવાન સ્વામિનારાયણ રામ ભંડેરીને હાલારના અઢારમા મુક્ત કહેતા. રામ ભંડેરીનું મૂળ વતન ભાદરા હતું પણ સંજોગવશાત્ તેઓ ભાદરા છોડીને અમરેલી પાસેના ચાડીયા ગામે વસ્યા હતા. ભગવાન શ્રીહરિએ કસોટી કાળમાં રામ ભંડેરીની ચમત્કારિક રીતે રક્ષા કરી હતી. રામ ભંડેરીને શ્રીહરિએ આપેલા પરચાને લીધે ચાડીયાના ગામધણી દરબાર સત્સંગી થયા હતા અને ગામમાં પણ સત્સંગ થયો હતો. દરબારના ઉત્તરોત્તર વંશજો પણ સત્સંગ પ્રત્યે ભાવવાળા થયા હતા.

એક વાર સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી ફરતા ફરતા ચાડીયા પધાર્યા હતા. ચાડીયાના દરબાર લક્ષ્મણવાળા સ્વામીને સમર્થ સંત જાણી દર્શને આવ્યા.

સ્વામીએ દરબારને મુમુક્ષુ જાણીને કહ્યું, ‘દરબાર ! તમે તમારા વડવાઓની જેમ સત્સંગ પ્રત્યે ગુણભાવ ધરાવો છો પણ એટલાથી વાત પૂરી નહીં થાય. તમે ભગવાન સ્વામિનારાયણના આશ્રિત બની કંઠી બાંધો, વર્તમાન ધરાવો અને પૂરા સત્સંગી થાઓ.’ દરબાર લખમણવાળાએ કહ્યું, ‘સ્વામી ! હું કંઠી બાંધુ પણ મારી એક શરત છે. સ્વામીએ કહ્યું, ‘બોલો દરબાર ! શું શરત છે ?’

દરબારે કહ્યું, ‘મેં સાંભળ્યું છે કે સ્વામિનારાયણ ભગવાન એના ભક્તોને અંત સમયે તેડવા આવે છે. હું તમને ગુરુ ધારી તમારી પાસે કંઠી બંધાવું. તમે મને કોલ આપો કે મારા અંતકાળે તમે મને તેડવા આવશો તો કંઠી બાંધું. અમારા દરાબરોના આચાર વિચારના કોઈ ઠેકાણાં ન હોય, માટે તમારે અમારા નાના મોટા ગુના સામે ન જોવું.’ દરબારની વાત સાંભળી સ્વામી હસ્યા અને બોલ્યા, ‘દરબાર ! તમારી વાત અમને મંજૂર છે. અમે અંત સમયે ભગવાનને લઈને તેડવા આવીશું પણ જૂના ગુના જે થયા હોય તે ભગવાન માફ કરશે. હવે નવા ન કરશો. પાંચ વર્તમાન પાળજો, તમારું કલ્યાણ થશે.’

દરબારે સ્વામીના હાથે કંઠી બંધાવી અને સત્સંગી થયા અને દીધેલ કોલ પ્રમાણે સ્વામી મહારાજને લઈને દરબારને તેડવા આવ્યા.

દરબારે કહ્યું, 'મારા ગુરુ બાલમુકુંદ સ્વામી મને તેડવા આવ્યા છે, હાર્યે ભગવાન સ્વામિનારાયણ છે. હું ભગવાનના ધામમાં જઉં છું, જય સ્વામિનારાયણ.' આટલું કહી દરબારે દેહ મેલ્યો.

સ્વામીએ દીધેલો કોલ પાળ્યો અને દરબારનું આત્યંતિક કલ્યાણ કર્યું.

રાઠોડ ધાધલને ધામમાં મોકલ્યા

ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે, "તમોગુણ નિદ્રા, આળસ અને પ્રમાદના દોરડાથી જીવને બાંધે છે.

રજોગુણ જાત જાતના કર્મોમાં આસક્તિની જંજીરોથી જીવને બાંધે છે.

સત્ત્વગુણ સુખાસક્તિ અને જ્ઞાનાસક્તિનારુપી બેડીઓથી જીવને બાંધે છે.

એમાં પણ રજોગુણ તમોગુણના બંધનો છૂટવા સરળ છે પરંતુ સત્ત્વગુણની બેડી તોડવી ભારે કઠણ છે. કોઈ સમર્થ મહાપુરુષ કૃપા કરે તો જ સત્ત્વગુણના બંધન છૂટે છે. આ અંગે એક પ્રસંગ જાણવા જેવો છે. એકવાર સ્વામી અમરેલીના ખાંભા વિસ્તારના ગામડાંઓમાં વિચરણ કરતાં કરતાં બરવાળા ગામે પધાર્યા.

બરવાળામાં કાઠી દરબાર રાઠોડ ધાધલ નામે મહાન ભક્તરાજ હતા. રાઠોડ ધાધલને સ્વામીનો સમાગમ કરવાની ખૂબ જ ઈચ્છા હતી. એમણે સ્વામીને આગ્રહ કર્યો કે, "સ્વામી, આપ છ મહિના બરવાળામાં રહો અને અમને સત્સંગનો લાભ આપો."

સ્વામી બોલ્યા, "દરબાર ! અમે ધર્માદો ઉઘરાવવા માટે દેશ ફરવા નીકળ્યા છીએ. અમારે ઘણાં ગામડાં ફરવાના છે તેથી આટલો બધો સમય અમારાથી અહીં ન રહી શકાય."

દરબારે કહ્યું, "સ્વામી ! આ વિસ્તારના ગામડાંઓને જેટલો ધર્માદો થાય એટલો હું એકલો આપું, પણ આપ બરવાળા રોકાવ"

સ્વામી કહે, "દરબાર ! એ બધી જ વાત સાચી પણ એટલો બધો સમય અમારાથી એક જગ્યાએ રોકાઈ શકાય નહિ. છતાં તમારો આગ્રહ છે તો અમે અહીં એક મહિનો રોકાઈશું અને અમારા મંડળના સંતોને દેશ ફરવા મોકલીશું."

રાઠોડ ધાધલ મુમુક્ષુ જીવ હતા એટલે એ જીવની કસર માત્ર ટાળવા માટે સ્વામી કરુણા કરી બરવાળામાં રોકાયા. રાઠોડ ધાધલ દરરોજ સ્વામીનો સમાગમ કરતા. સ્વામી પણ રાઠોડ ધાધલને મહારાજનો સર્વોપરી મહિમા સમજાવતા. ચાર પ્રકારના પ્રલયની વાર્તા કરી જગતના નાશવંતપણાનો ઉપદેશ કરતા.

એકવાર ધાધલે સ્વામીને પ્રશ્ન કર્યો, "સ્વામી ! અમને બ્રહ્મ અને પરબ્રહ્મનો ભેદ સમજાવો અને મહારાજ તથા ગુણાતીતાનંદ સ્વામીનો યથાર્થ મહિમા કહો."

સ્વામીએ કહ્યું, 'રાઠોડ ધાધલ ! શ્રીજી મહારાજ જેવો કોઈ થયો નથી અને થવાનો નથી. અનંત અક્ષરમુક્તો અને અક્ષરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની દાસભાવે સેવા કરે છે. અક્ષરબ્રહ્મપર્યંત કોઈ પુરુષોત્તમ નારાયણ જેવા થવા માટે સમર્થ નથી. માટે દિવ્ય તેજોમય પ્રકાશને વિષે વિરાજમાન પુરુષોત્તમ નારાયણની પતિવ્રતા ભાવે ઉપાસના કરવી."

"ખુદ ગુણાતીતાનંદ સ્વામીએ આ વાત અમને સમજાવી છે. કેટલાક લોકો મહિમાના અતિરેકમાં ગુણાતીતાનંદ સ્વામીને મહારાજની ઉપાસનાની કોટિમાં મૂકવા પ્રયાસ કરતા. આવી વાતથી ગુણાતીતાનંદ સ્વામી અત્યંત નારાજ થતા. કેટલાંકને તો સ્વામીએ આવી જ વાત માટે મંદિરમાંથી કાઢી પણ મૂક્યા હતા. માટે ઉપાસનામાં ક્યારેય ગોટાળો ન કરવો. જો આવો ગોટાળો થાય તો પતિવ્રતાની ભક્તિનો ભંગ થાય છે અને જીવની ભક્તિ વ્યભિચારિણીના જેવી થઈ જાય છે."

"મહારાજ અને એના મુક્તોનો મહિમા અપરંપાર છે પણ મહારાજમાં જેવું હેત કરવું એવું હેત બીજે ન કરવું. એમ સ્વયં મહારાજે અને ગુણાતીતાનંદ સ્વામીએ સમજાવેલું છે."

સ્વામીનો સમાગમ કરતાં કરતાં રાઠોડ ધાધલના અંતરમાં મહારાજની મૂર્તિમાં દિવસે દિવસે હેત વધવા લાગ્યું અને સંસારમાંથી હેત ઘટવા લાગ્યું. પરંતુ હજી એના હૃદયમાં થોડી કસર રહી જતી હતી.

એક વખત રાઠોડ ધાધલે એક શિષ્યને છાજે એ રીતે નિષ્કપટ ભાવે પોતાના મનની વાત સ્વામી પાસે રજૂ કરી.

દરબારે કહ્યું, "સ્વામી ! મારે બીજા કોઈમાં તો હેત નથી પરંતુ મારા ઘરના માણસ સારા સત્સંગી છે. સાધુ-સંતોની ખૂબ સેવા કરે છે એટલે મને એમના તરફ સ્નેહ રહે છે." "સ્વામી ! મારે કોઈ વિષયનો રાગ નથી પરંતુ સારા સત્સંગી જાણીને ઘરવાળા સાથે સ્નેહ હોય તો તે ધામમાં જતા આડો આવે કે ન આવે ?"

સ્વામીએ કહ્યું, "દરબાર ! બેડી લોઢાની હોય કે સોનાની, બંધન તો બેય કરે. માટે સત્સંગીઓએ આવા સાત્ત્વિક બંધન પણ ન રખાય."

દરબારે હાથ જોડીને કહ્યું, "સ્વામી ! મારી આ કસર ટળી જાય એવી કૃપા કરો." સ્વામીએ કહ્યું, "દરબાર ! તમે શુદ્ધ મુમુક્ષુ છો તેથી મહારાજ તમારી આ કસર ટાળી દેશે"

સ્વામી દરરોજ દરબારને દેહ ને દેહના સગાં-સબંધીઓના બંધન કેમ તૂટે ? અને બ્રહ્મરૂપ કઈ રીતે થવાય ? તેવી વાતો કરતા.

વાસનાને નિર્મૂળ કરવામાં મોટા સંતના સમાગમ જેવું બીજું કોઈ શ્રેષ્ઠ સાધન નથી. સ્વામીની વાતો સાંભળી સાંભળીને રાઠોડ ધાધલના અંતરમાં રહેલી તમામ કસર મટી ગઈ. એમને હવે એક માત્ર મહારાજની મૂર્તિમાં અસાધારણ જ સ્નેહ રહ્યો. સ્વામીએ રાઠોડ ધાધલને કહ્યું, "દરબાર મહારાજની કૃપાથી તમારા હૃદયની કસર હવે ટળી ગઈ છે, માટે હવે મહારાજ તમને તેડી જશે.

પરિક્ષિત રાજાએ શુકદેવજીને કહ્યું હતું એ જ રીતે રાઠોડ ધાધલ બોલ્યા, "સ્વામી ! આપની કૃપાથી હું કૃતાર્થ થયો છું. મને હવે મહારાજ સિવાય બીજી કોઈ વાસના નથી. હવે તો મહારાજ ક્યારે તેડવા આવે ? તેની રાહ જોઉં છું."

સ્વામીએ કહ્યું, "દરબાર ! આવતીકાલે મહારાજ તમને તેડવા આવશે તમને ધામમાં મોકલ્યા બાદ અમે દેશ ફરવા જઈશું."

મોટા સત્પુરુષોની વાત ન્યારી હોય છે.

દરબાર સાવ સાજા-સારા હતા. છતાં સ્વામીના વચને મહારાજ એમને દર્શન દઈને ધામમાં તેડી ગયા. સ્વામીનો આ પ્રબળ પ્રતાપ આખા બરવાળા ગામે નજરે નિહાળ્યો. મા જેમ બાળકનું જતન કરે એ જ રીતે સ્વામીએ દરબારના જીવનું છેક સુધી જતન કર્યું.

સ્વામી તો અમારા અન્નદાતા છે

શેત્રુંજીને કાંઠે આવેલું તરવડા તીર્થભૂમિ છે.

તરવડાની બાજુમાં જ વાંકીયા ગામ આવેલું છે. વાંકીયામાં દેવરાજ ઠુંમર, નારાયણદાસ સ્વામી, પુરાણી સ્વામી ગોપીનાથદાસજી વગેરે અનેક મહાન મુક્તો થઈ ગયા છે.

વાંકીયામાં રાણા ઠુંમર નામના મહાન ભક્ત થયા. રાણા ઠુંમરની દીકરીના લગ્ન તરવડાના લાખાણી જાગા પટેલ સાથે થયા હતા.

રાણાભાઈનો સમસ્ત પરિવાર સત્સંગી હોવાથી એમના દીકરી પણ સત્સંગના રંગે પૂરેપૂરા રંગાયેલા હતા. પરંતુ એમના પતિ જાગાભાઈને સત્સંગ સાથે વિશેષ લેવા દેવા નો'તી. એમના આચાર વિચારમાં પણ ઘણો જ ફરક રહેતો. પરિણામે રાણા ઠુંમરના દીકરીના મનમાં ભારે દુઃખ રહેતું.

એવામાં બાઈનો અંત સમય આવ્યો. બાઈને અગાઉથી જ ખ્યાલ આવી ગયો

કે 'મારું શરીર નહીં રહે.' એમણે પોતાના પિતાશ્રી રાણાભાઈને તરવડા તેડાવ્યા અને કહ્યું, 'મારે હવે શરીર છોડવાનો સમય થયો છે. મને મહારાજ તેડવા આવશે પણ તમે મારી પાસે જ રહેજો. મારા પતિને સત્સંગ નથી, માટે મારા અંત સમયે તમારે મારું ધ્યાન રાખવાનું છે કે હું બેશુદ્ધ થઈ જાઉં તો પણ મને કોઈ જાતના દવા-દારુ પાવામાં ન આવે.' દીકરીના કહેવાથી રાણાભાઈ તરવડા રોકાયા.

ભગવાન શ્રીહરિ રાણાભાઈના દીકરીને તેડવા આવ્યા. એમણે સર્વ પરિવારજનોને કહ્યું, 'ભગવાન સ્વામિનારાયણ મને તેડવા આવ્યા છે અને હું એમની સાથે અક્ષરધામમાં જાઉં છું. જો તમારે સુખીયા થવું હોય તો તમે પણ ભગવાન સ્વામિનારાયણની કંઠી બંધાવો. તમે સત્સંગી થશો તો તમારા આ લોક અને પરલોક બેઉ સુધરી જશે.' આટલું કહી બાઈએ દેહ છોડ્યો.

દેહ છોડવાની આ અલૌકિક દિવ્ય ઘટનાથી એમના બધા પરિવારજનોને અત્યંત આશ્ચર્ય થયું. એમના પતિ જાગા પટેલ અને દીકરા શંભુને ભગવાન સ્વામિનારાયણમાં પ્રતીતિ આવી.

આ અરસામાં બાલમુકંદદાસજી સ્વામી વાંકીયા પધાર્યા હતા. જાગા પટેલ પોતાના પુત્ર શંભુને લઈને વાંકીયા આવ્યા. એમણે સ્વામીનાં દર્શન કર્યાં અને કહ્યું, 'અમારે સત્સંગી થાવું છે, અમને કંઠી બાંધો.'

સ્વામીએ કહ્યું, 'પટેલ ! કંઠી તો બાંધીએ પણ તમારે સત્સંગના નિયમો પાળવા પડશે.'

જાગા પટેલે કહ્યું, 'સ્વામી ! તમે જે કહેશો તે બધા જ નિયમ પાળીશું.'

આ સાંભળી સ્વામી રાજી થયા અને બાપ-દીકરાને કંઠી બાંધી સત્સંગી કર્યા.

ત્યાર બાદ સ્વામી તરવડા પધાર્યા. જાગા પટેલ સ્વામીનો ખૂબજ સમાગમ કરતા. એમના અંતરમાં ભગવાન સ્વામિનારાયણનો દૃઢ નિશ્ચય થયો.

જાગા પટેલ વહેવારે દુર્બળ હતા. સ્વામીએ એમના ઘેરથી જુવાર મંગાવી. જુવારના રોટલા કરી ઠાકોરજીને થાળ કર્યા અને સર્વ સંતો જમ્યા. પરિણામે જાગા પટેલનો વહેવાર સારો થયો.

જાગા પટેલ સ્વામીના આશીર્વાદથી સુખીયા થયેલા હોવાથી તેઓ કહેતા 'સ્વામી તો અમારા અન્નદાતા છે.' તેઓ હંમેશા સ્વામીને 'અન્નદાતા' કહીને જ બોલાવતા. સ્વામી બાલમુકુંદદાસજીએ તરવડા ગામે ભગવાન સ્વામિનારાયણનું મંદિર કરાવ્યું. જાગા પટેલે આ મંદિરના નિર્માણમાં તન, મન, ધનથી ખૂબ જ સેવા કરી સ્વામીનો રાજીપો મેળવ્યો.

એક વાર સ્વામી તરવડા પધાર્યા અને જાગા પટેલે સ્વામીને વિનંતી કરી, 'સ્વામી! કૃપા કરી મને અક્ષરધામ પહોંચાડજો. વચ્ચે ક્યાંઇ રહેવા દેશો નહિં.'

સ્વામીએ કહ્યું, 'ભલે પટેલ ! તમને મહારાજ ધામમાં લઈ જશે. વચ્ચે ક્યાંય રોકાવા દેશે નહિં.' સમય જતાં જાગા પટેલ બીમાર થયા. સ્વામી એમની ખબર કાઢવા તરવડા પધાર્યા. સ્વામી દિવસમાં બબ્બે વખત જાગા પટેલને દર્શન દેવા જતા.

જાગા પટેલનો અંત સમય આવ્યો. ભગવાન શ્રીહરિએ જાગા પટેલને દર્શન દીધા અને ધામમાં તેડી ગયા.

મહાસમર્થ સંત બાલમુકુંદદાસજી સ્વામીએ જાગા પટેલને છેક ધામમાં પહોંચાડવાનો કોલ આપ્યો હતો તે શ્રીહરિએ પૂરો કર્યો.

બાલમુકુંદદાસજી સ્વામીના જોગથી આ લાખાણી પરિવારમાં સત્સંગનો અનેરો રંગ ચડ્યો. જાગા પટેલના દીકરા શંભુભાઈ પણ ખૂબ જ સારા ભક્ત થયા.

શંભુભાઈના દીકરા ગોવિંદભાઈ તો ગાયકવાડ સરકારમાં ખૂબ જ માનીતા હતા. ગાયકવાડી ધારાસભાના સભ્ય તરીકે તેઓ પસંદગી પામેલા હતા.

ગાયકવાડ સરકારે એમને તરવડા ગામના મુખી નીમ્યા હતા. અમરેલીના આ સમસ્ત વિસ્તારમાં એમની નામના હતી.

આ બધું જ સ્વામી બાલમુકુંદદાસજી સ્વામીની કૃપાનું ફળ હતું.

ગોવિંદભાઈને ત્યાં કાનજીભાઈ નામના પુત્ર થયા. જેઓને લોકો 'બચુભાઈ' તરીકે પણ ઓળખતા.

રાજકોટ ગુરુકુલ હસ્તે તરવડા મંદિરનો જીર્ણોદ્ધાર થયો. વર્ષો પહેલાં બાલમુકુંદદાસજી સ્વામીની પ્રેરણાથી કાનજીબાપાના દાદા જાગા પટેલે તરવડા મંદિરનું નિર્માણકાર્ય કરાવ્યું હતું. એ જ પરંપરાને જાળવી રાખી કાનજી બાપાના પરિવારે પણ મંદિરના જીર્ણોદ્ધારમાં ખૂબ જ સેવા કરેલી. એમના સુપુત્રો રમેશભાઇ, રસિકભાઇ, ઘનશ્યામભાઈ, જયસુખભાઈ આ ચારેય ભાઈઓ પણ સત્સંગમાં સારા ઓતપ્રોત છે. કાનજીબાપાના મોટા પુત્ર રમેશભાઈને ત્યાં ચાર ચાર દીકરીઓ હતી, પણ દીકરાની ખોટ વરતાતી હતી.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદથી ભગવાન શ્રીહરિએ લાખાણી પરિવારની આ ખોટ પૂરી કરી.

રમેશભાઈને ત્યાં સુપુત્રનો જન્મ થયો. જેનું નામ 'હસમુખ' છે.

મહાન સંતોની કૃપા થાય તો અનેક પેઢીઓનો ઉદ્ધાર થાય છે. જાગાબાપાનો આ લાખાણી પરિવાર એનું પ્રત્યક્ષ ઉદાહરણ છે.

આણંદજી ! તમે વૈદ્ય બનો

એકવાર સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી ઓઢાના સમઢિયાળા પધાર્યા. સમઢિયાળામાં સ્વામીના કૃપાપાત્ર ભક્તરાજ આણંદજીભાઈ યાજ્ઞિક રહેતા હતા. તેઓ જ્ઞાતિએ રાજગોર બ્રાહ્મણ હતા. સ્વામી સમઢિયાળા પધાર્યા છે તે વાત સાંભળીને તેઓ સ્વામીના દર્શને આવ્યા.

સ્વામીના અંતરમાં હરિભક્તોના યોગક્ષેમના વહનની સદૈવ ચિંતા રહેતી. સ્વામીના મનમાં થયું કે 'આ ગરીબ બ્રાહ્મણ તેમનો નિર્વાહ કેમ કરતા હશે ?' આવા વિચારથી સ્વામીએ પુછ્યું, "આણંદજી ! તમે અહીં સમઢિયાળામાં શુ કરો છો ?"

આણંદજીભાઈએ કહ્યું, "સ્વામી ! સમઢિયાળાની શાળામાં શિક્ષક તરીકે મારી નિમણૂક થઈ છે."

સ્વામીએ પૂછ્યું, "કેટલો પગાર મળે છે ?"

આણંદજીભાઈએ કહ્યું, "સ્વામી ! મહિને છ રૂપિયા મળે છે."

સ્વામીને મનમાં થયું છ રૂપિયામાં આ પરિવારનો નિર્વાહ કેવોક થાય ? આણંદજીને ન્યાલ કરવાના મનસૂબા સાથે ફરી પુછ્યું, "આણંદજી ! અમને એમ થાય છે કે તમે વૈદ્યક શાસ્ત્રોનો અભ્યાસ કરો, વૈદ્ય બનો, દર્દીનારાયણની સેવા કરો અને સર્વના આશીર્વાદ મેળવો."

આણંદજીભાઈએ કહ્યું, "સ્વામી ! હું માત્ર સાત ચોપડી ભણ્યો છું. વૈદ્ય બનવા માટે તો સંસ્કૃત ગ્રંથોનો અભ્યાસ કરવો પડે. એ મને ક્યાંથી આવડે ?"

સ્વામીએ કહ્યું, "આણંદજી ! તમે અમદાવાદથી સંસ્કૃતના લઘુકૌમુદી વગેરે પુસ્તકો મંગાવો, જાતે અભ્યાસ કરો, એમાં પારંગત બનો પછી ભાવપ્રકાશ, સારંગધર સંહિતા, ચરક સંહિતા, આર્યભિષક, નિઘંટુસંગ્રહ વગેરે વૈદ્યકગ્રંથોનો પણ જાતમહેનતથી અભ્યાસ કરીને વૈદ્યક શાસ્ત્રની પરીક્ષાઓ પાસ કરો. ભગવાન સ્વામિનારાયણની કૃપાથી તમને આયુર્વેદનું જ્ઞાન પ્રાપ્ત થશે."

સમજવા જેવી વાત એ છે કે, આ બધા ગ્રંથોનો અભ્યાસ કરવા માટે કોઈને કોઈ સારા નિષ્ણાંત પંડિતના માર્ગદર્શનની જરૂર પડે, પરંતુ અહીં સ્વામી બાલમુકુંદદાસજી જેવા સદ્‌ગુરુના આશીર્વાદથી કલ્પી ન શકાય એ રીતે કાર્ય થયું.

સ્વામીની આજ્ઞાથી આણંદજીભાઈએ આપ મેળે ભારે ખંતથી અભ્યાસ શરૂ કર્યો. એક તો જન્મજાત બ્રાહ્મણ અને એમાં સ્વામીના આશીર્વાદ ભળ્યા એટલે તેઓ જેમ જેમ ગ્રંથોનો અભ્યાસ કરતા ગયા તેમ તેમ મહાન સંતના આશીર્વાદથી એમની

બુદ્ધિમાં પ્રકાશ થતો ગયો અને એમની ધારણા બહાર શાસ્ત્રોમાં પ્રવેશ થતો ગયો.

પ્રથમ તેઓ ટુંક સમયમાં જ સંસ્કૃતમાં પારંગત થયા, પછી વૈદ્યક શાસ્ત્રોની પરીક્ષાઓ આપી અને 'વૈદ્યશાસ્ત્રી' , 'આયુર્વેદાચાર્ય' વગેરે પદવીઓ પ્રાપ્ત કરી.

પ્રાચીન જમાનામાં ઋષિમુનિઓના આશ્રમમાં ઋષિકુમારો અભ્યાસ કરવા આવતા. તેઓ કુદરતને ખોળે નિવાસ કરતા. ગુરુની અનુવૃત્તિમાં રહીને ગાયો ચારવા જવું, લાકડાં કાપવા જવું વગેરે વિવિધ પ્રકારની સેવાઓ કરતા.

આ અંતેવાસી શિષ્યોની શ્રદ્ધા, સેવા, સમર્પણ વગેરેથી પ્રસન્ન થઈને મંત્રદૃષ્ટા ઋષિઓ એમની ઉપર કૃપાદૃષ્ટિ કરતા અને એ ઋષિકુમારોના અંતરમાં શાસ્ત્રોનું જ્ઞાન પ્રગટી જતું હતું.

આવુ જ કંઈક આણંદજીભાઈ માટે બન્યું હતું. બાલમુકુંદદાસજી સ્વામી જેવા સમર્થ સંતની કૃપાદૃષ્ટિથી આણંદજીભાઈના અંતરમાં શાસ્ત્રોનો જ્યોતિ પ્રગટ્યો હતો.

એ જમાનામાં સૌરાષ્ટ્ર-કાઠિયાવાડમાં નાના નાના રજવાડાઓ હતા. રજવાડામાં વૈદ્ય તરીકે કાર્ય કરવું હોય તો જે તે રજવાડાની સનદ મેળવવી પડતી હતી.

આશ્ચર્યની વાત એ હતી કે, આણંદજીભાઈ જૂનાગઢ, ભાવનગર, ગોંડલ, જામનગર, જેતપુર વગેરે નાના મોટા એકવીશ રજવાડાઓની પરીક્ષા આપીને સનદો મેળવી હતી. આ બધી કલ્પી ન શકાય એવી બાબત છે છતાં સમર્થ સદ્‌ગુરુના આશીર્વાદથી બનેલી વાસ્તવિકતા છે.

આયુર્વેદમાં અનેક સિદ્ધિઓ મેળવ્યા બાદ વૈદ્યરાજ આણંદજીભાઈ બાલમુકુંદદાસજી સ્વામી પાસે આવ્યા અને સ્વામીના ચરણમાં બધી સનદોનો ઢગલો કર્યો અને કહ્યું, "સ્વામી ! આ આપના આશીર્વાદનું ફળ છે. હવે આપ મને માર્ગદર્શન આપો કે મારે ક્યાં રાજ્યના ક્યાં ગામમાં દવાખાનું શરૂ કરવું ? આપની આજ્ઞા મારે શિરોધાર્ય રહેશે."

સ્વામીએ આણંદજીભાઈને કહ્યું કે, "આણંદજી ! તમે જૂનાગઢ રાજ્યના ઉના ગામમાં દવાખાનુ શરૂ કરો. ઉના પંથકમાં, પૂરા નાઘેર પ્રદેશમાં તેમજ બાબરીયાવાડમાં સત્સંગીઓની બહોળી વસ્તી છે, એટલે એમની સેવા કરવાનો તમને અવસર મળશે."

"ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી તમે જે દર્દીઓની સારવાર કરશો એ દર્દીઓ જલદી સારા થશે અને તમને જશ અને સંપત્તિ બંને મળશે."

સ્વામીની આજ્ઞાથી આણંદજીભાઈએ ઉનામાં દવાખાનુ શરૂ કર્યું.

સ્વામીની કૃપાથી એમની જશરેખા ખીલી ઊઠી. તેઓ સમગ્ર પંથકમાં 'વૈદ્યરાજ' તરીકે પ્રસિદ્ધ થયા.

વૈદ્યરાજ આણંદજીભાઈ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો અને હરિભક્તોની સારવાર સેવાભાવનાથી કરતા હતા.

વિ. સં. ૨૦૦૧ ની સાલમાં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ જ્યારે જૂનાગઢ મંદિરના મહંત પદે બિરાજમાન હતા ત્યારે એમણે એકવીશ દિવસનો 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવો ભવ્ય મહોત્સવ કર્યો હતો.

આ મહોત્સવ પૂર્ણ થયા બાદ અતિ પરિશ્રમને લીધે શાસ્ત્રીજી મહારાજ શરીરે થોડા અસ્વસ્થ થયા હતા, ત્યારે વૈદ્યરાજ આણંદજીભાઈએ સ્વામીની સારવાર કરી હતી. તેઓ જાતે બનાવેલી અભ્રક ભસ્મ, સુવર્ણ ભસ્મ, સુવર્ણ વસંતમાલતી વગેરે રસૌષધિઓનું મિશ્રણ કરીને ઔષધનો પાક તૈયાર કરતા હતા અને પાર્ષદ નારણ ભગતને આ ઔષધ સ્વામીને કઈ રીતે આપવું તે સમજાવતા હતા.

સેવામૂર્તિ નારણ ભગત વૈદ્યરાજની સૂચના પ્રમાણે દૂધ સાથે સ્વામીને એ ઔષધિઓ આપતા હતા. પરિણામે ગુરુદેવનું શરીર સ્વસ્થ થયું હતું.

વૈદ્યરાજ આણંદજીભાઈએ પોતાની 'ભારત આયુર્વેદિક ફાર્મસી' સ્થાપેલી હતી. જેમાં તેઓ વિવિધ પ્રકારની કિંમતી ભસ્મો, અવલેહો, આસવ વગેરે ઔષધો તૈયાર કરતા. વૈદ્યરાજ આણંદજીભાઈની પાસે અનેક શિષ્યો વૈદ્યક શિખવા માટે આવતા. વૈદ્યરાજ આણંદજીભાઈ એમને ભારે હોંશથી આયુર્વેદનું વિજ્ઞાન શીખવતા. એમાં અનેક શિષ્યો ખ્યાતનામ વૈદ્ય બન્યા હતા.

એક સમયની વાત છે. દ્વારિકામાં 'અખિલ ભારતીય વૈદ્ય સંમેલન' મળ્યું હતું. સંજોગવશાત્ વૈદ્યરાજ આણંદજીભાઈ એ સંમેલનમાં પહોંચી નહોતા શક્યા, પરંતુ એમણે ઉત્તમ પ્રકારે તૈયાર કરેલા 'ચ્યવનપ્રાશાવલેહ' અને 'દ્રાક્ષાસવ'ના નમૂનાઓ આ સંમેલનમાં મોકલ્યા હતા.

આ બંને ઔષધોનું પરીક્ષણ કરવામાં આવ્યું અને તે શ્રેષ્ઠ સાબિત થયું, તેથી વૈદ્યરાજ આણંદજીભાઈને સુવર્ણચંદ્રકો એનાયત કરવામાં આવ્યા હતા.

મહાન સદ્‌ગુરુના આશીર્વાદથી એક સામાન્ય શિક્ષક કોઈના પણ માર્ગદર્શન સિવાય સુપ્રસિદ્ધ વૈદ્યરાજ બને એને અસાધારણ ઘટના ન ગણીયે તો બીજુ શું ગણીયે !

આણંદજી યાજ્ઞિકની કાળથી રક્ષા

એક સમયની વાત છે. સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી ઉના પાસેના સિમર ગામે બિરાજમાન હતા.

આ દરમ્યાન એક અલૌકિક પ્રસંગ બન્યો.

ઉનામાં આણંદજીભાઈ યાજ્ઞિક સુપ્રસિદ્ધ વૈદ્યરાજ રહેતા હતા. તેઓએ બાલમુકુંદદાસજીની આજ્ઞાથી ઉનામાં દવાખાનું ખોલ્યું હતું. તેઓ રાજગોર બ્રાહ્મણોની નાતમાં આગેવાન હતા તથા શૂરવીર સત્સંગી હતા.

સાવરકુંડલા ખાતે તેમની આગેવાની નીચે બ્રાહ્મણોની નાતનું મહાસંમેલન ભરાઈ રહ્યું હતું. આણંદજીભાઈ યાજ્ઞિકે નાતના વડા તરીકે એમાં ઉપસ્થિત રહેવું અનિવાર્ય હતું. આણંદજીભાઈ પાણીદાર ઘોડી લઈને ઉનાથી સાવરકુંડલા જવા નીકળ્યા હતા. રસ્તામાં ગાંગડા ગામ આવ્યું.

આણંદજીભાઈ ગામના સ્વામિનારાયણ મંદિરે દર્શને ગયા. ત્યાં હરિભક્તો દ્વારા સમાચાર મળ્યા કે, 'સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી સિમર પધાર્યા છે.'

વૈદ્યરાજ આણંદજીભાઈને સ્વામી પ્રત્યે અત્યંત આદર અને અહોભાવ હતા. સ્વામીના આશીર્વાદથી જ તેઓ પ્રાથમિક શાળાના સામાન્ય શિક્ષકમાંથી સુપ્રસિદ્ધ વૈદ્યરાજ બન્યા હતા.

તેઓને થયું કે, "ગુરુદેવ સિમર બિરાજે છે, સિમર ગાંગડાથી માત્ર પાંચ ગાઉ દૂર છે, વાહનમાં પાણીદાર ઘોડી છે, માટે હું સ્વામીના દર્શન કરીને પછી જ કુંડલા જાઉં." આમ વિચારી વૈદ્યરાજ આણંદજીભાઈ સિમર ગયા.

વૈદ્યરાજને આવેલા જોઈ સ્વામી ખૂબ રાજી થયા અને પુછ્યું, "આણંદજી ! આમ અચાનક ક્યાંથી ?"

વૈદ્યરાજે કહ્યું, "સ્વામી ! સાવરકુંડલામાં રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિનું મહાસંમેલન મળવાનું છે. હું જ્ઞાતિનો પ્રમુખ છું, એટલે એમાં હાજરી આપવા જઈ રહ્યો છું."

સ્વામીએ વૈદ્યરાજ ઉપર થોડીવાર દૃષ્ટિ સ્થિર કરી અને પછી કહ્યું, "વૈદ્યરાજ ! તમે સાવરકુંડલા જવાને બદલે અહીં સિમર જ રોકાઈ જાવ અને સત્સંગ કરો."

વૈદ્યરાજ આણંદજીભાઈ માટે આ ધર્મસંકટનો પ્રસંગ હતો. પ્રમુખ હોવાને નાતે જવું અનિવાર્ય હતું, પરંતુ ગુરુદેવ જવાની ના પાડતા હતા. હવે શું કરવું ? એ એમને સૂઝતુ નહોતું.

સમજદાર શિષ્ય તરીકે તેઓ થોડીવાર શાંત ચિત્તે બેઠા રહ્યા પછી વિવેક સાથે સ્વામીને કહ્યું,"સ્વામી ! જ્ઞાતિનું અગત્યનું સંમેલન છે. એમાં મારી હાજરી ખૂબ જરૂરી છે. માટે આપ મને જવા માટેની રજા આપો તો સારું."

સ્વામીએ ફરીથી કહ્યું, "આણંદજી ! તમે સાવરકુંડલા ન જાવ તો સારું."

આણંદજીભાઈની મૂંઝવણ વધી ગઈ. ગયા સિવાય છૂટકો નહોતો. ગુરુની આજ્ઞા લોપી શકાય એમ નહોતી.

થોડીવાર પછી ફરીથી એમણે વિનંતી કરી, "સ્વામી ! કૃપા કરી રજા આપો."

સ્વામીએ નિઃશ્વાસ મૂકી કહ્યું, "ભલે, આણંદજી ! તમારે જવું જ હોય તો જઈ આવો." વૈદ્યરાજ આણંદજીભાઈ ઘોડી ઉપર સવાર થઈને સિમર બંદરથી સાવરકુંડલા તરફ રવાના થયા.

ગામથી એકાદ કિલોમિટર દૂર ગયા ત્યાં એક અણધાર્યો પ્રસંગ બન્યો.

વૈદ્યરાજ જે રસ્તે જઈ રહ્યા હતા એજ રસ્તામાં બરાબર મધ્ય ભાગે એક ભયંકર કાળોતરો નાગ ફેણ માંડીને બેઠો હતો.

નાગને જોતા જ ઘોડી ભડકી અને પાછી વળી.

વૈદ્યરાજે રસ્તો તારવી ઘોડીને બાજુના ખેતરને શેઢે ચડાવી અને આગળ વધ્યા.

તેઓ જેવા એકાદ ફલાંગ દૂર ગયા ત્યાં કાળોતરો નાગ દોડીને એ બાજુ ફેણ ઊંચી કરી ફૂંફાડા મારતો આડો ફર્યો ! ઘોડી પાછી ભડકી. વૈદ્યરાજે ઘોડીને ફરી પાછી તારવી તો ફરીથી એ બાજુ પણ કાળોતરો નાગ આડો ફર્યો.

આમ ત્રણ ત્રણવાર બન્યું ત્યારે વૈદ્યરાજના મગજમાં દીવો થયો કે, "ગુરુદેવ મને કુંડલા જવાની ના પાડતા હતા એની પાછળ કંઈક કારણ લાગે છે." એટલે તેમણે કુંડલા જવાનું માંડી વાળ્યું અને સિમર બંદર પાછા ફર્યા.

આણંદજીભાઈ જેવા સ્વામી પાસે આવ્યા ત્યાં સ્વામી હસીને બોલ્યા, "કાં આણંદજી ! વાર્યા ન રહ્યા પણ હાર્યા રહ્યાને ! અમારું ન માન્યું પણ કાળોતરાનું માનવું પડ્યુંને !"

આણંદજીભાઈએ એકદમ આ મહાપુરુષના પગ પકડ્યા અને બોલ્યા, "હા, સ્વામી ! આપની વાત સાચી છે."

સ્વામીએ કહ્યું, "આણંદજી ! એ કાળોતરો નાગ તમારો કાળ હતો. તમે રાજગોર જ્ઞાતિના આગેવાન છો એ ઘણાને પસંદ નથી. તમારા વિરોધીઓએ કાવતરું કરી તમને મારી નાખવા માટે રસ્તામાં મારાઓ ગોઠવ્યા હતા. તમારા જેવા ભક્તની રક્ષા થાય, એ અમારી હૃદયની ઈચ્છા હતી, એટલે અમે તમને રોકી રહ્યા હતા."

આણંદજીભાઈ આ સાંભળીને ધ્રૂજી ગયા અને આ ભવિષ્યદૃષ્ટા સદ્‌ગુરુના ચરણ પકડ્યા અને કહ્યું, "સ્વામી ! હું અજ્ઞાની જીવ આપના વચનમાં વિશ્વાસ રાખી ન શક્યો એ બદલ મને બહુ ખેદ થાય છે."

સ્વામીએ કહ્યું,"આણંદજીભાઈ ! ખેદ કરવાની જરૂર નથી. આમેય જીવ બાળક જેવા જ હોય. બાળકની રક્ષા તો માવતરે જ કરવાની હોય."

આણંદજીભાઈ બે-ચાર દિવસ સ્વામી પાસે રોકાયા. સ્વામીના મુખેથી કથાવાર્તાનું શ્રવણ કર્યું, પછી ઊના ગયા. થોડા દિવસ પસાર થયા ત્યારે આણંદજીભાઈને મારવા માટે રચાયેલું કાવતરું બહાર આવ્યું.

આણંદજીભાઈનો સાવરકુંડલા જવાનો કાર્યક્રમ અચાનક બંધ રહ્યો, એનું આ કાવતરામાં સંડોવાયેલા કેટલાકના અંતરમાં ભારે આશ્ચર્ય થતું હતું. જ્યારે એ લોકોએ સદ્‌ગુરુ બાલમુકુંદદાસજીએ આણંદજીભાઈને કઈ રીતે સિમર રોકી લીધા, એ સાંભળ્યું ત્યારે એમને પણ થયું કે, “ખરેખર આણંદજીભાઈ ભાગ્યશાળી છે, એમના સદ્‌ગુરુ સમર્થ છે અને એની રક્ષા કરી લીધી છે.”

આવા વિચારથી કેટલાંક વિરોધીઓનું હૃદયપરિવર્તન થયું અને એમના દ્વારા જ આણંદજીભાઈને પૂરા કાવતરાની જાણ થઈ ત્યારે સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીએ કરેલી પોતાની અદ્‌ભૂત રક્ષાથી આણંદજીભાઈ ભાવવિભોર થઈ ગયા.

(નોંધ – આ પ્રસંગો આણંદજીભાઈના સુપુત્ર ઉમેશભાઈ યાજ્ઞિક પાસેથી પ્રામાણિકરૂપે ઉપલબ્ધ થયેલા છે.

પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ આ પ્રસંગ સહિત સત્સંગની શુભવાર્તામાં આણંદજીભાઈના પ્રસંગો આલેખ્યા છે.)

ભૂતપ્રેતની ભાવના

ભૂતપ્રેતના અસ્તિત્ત્વ વિશે જગતમાં બે પ્રવાહો છે. કેટલાક લોકો ભૂતપ્રેતના અસ્તિત્ત્વને સ્વીકારતા નથી તો કેટલાક આવી વાતોને માનસિક રોગ ગણાવે છે, પરંતુ નવાઈની વાત એ છે કે દુનિયાની મોટા ભાગની પ્રજા ભૂતપ્રેતમાં માને છે.

લોકપ્રસિદ્ધ અને બૌદ્ધિક કહેવાતા માણસોએ પણ પોતાના અનુભવને આધારે ભૂતોનું અસ્તિત્ત્વ સ્વીકાર્યું છે. ભારતીય શાસ્ત્રોએ મૃત્યુ પછી જીવની અનેક પ્રકારની ગતિઓનું વર્ણન કરેલ છે. ભારતીય શાસ્ત્રો કહે છે, ‘આત્માનું અસ્તિત્ત્વ અમર છે. મુક્તિ ન મળે ત્યાં સુધી જીવ પોતાના કર્મને અનુસારે વિવિધ યોનિઓમાં ભટકતો રહે છે એમાંની એક યોનિ ભૂતયોનિ છે. ભારતીય શાસ્ત્રોના મત પ્રમાણે અગ્નિ, વાયુ અને આકાશ આ ત્રણ તત્ત્વોમાંથી ભૂતયોનિનું શરીર બને છે.’

ભૂતપ્રેતના વળગાડની ઘટનામાં એ મનોરોગ છે કે ખરેખર ભૂતનો ઉપદ્રવ છે તે નિર્ધાર કરવો એ અતિ મુશ્કેલ કાર્ય છે, જો કે અનેક અનુભવો ઉપરથી જણાય છે કે આવી ઘટનાઓમાં ભૂતપ્રેતના ઉપદ્રવ કરતાંય મનોરોગના ઉપદ્રવ વિશેષ હોય છે.

કુશળતાપૂર્વક નિદાન કરવામાં આવે તોય આનો નીવેડો આવી શકે તેમ નથી. કોઈને મનાય કે ન મનાય પરંતુ ભગવાનની શરણાગતિથી અને મોટા સત્પુરુષોની કૃપાથી આવા ઉપદ્રવો શાંત થયાના સેંકડો દાખલાઓ છે. સ્વામી બાલમુકુંદદાસજી સ્વામીના પ્રતાપ અને ઐશ્વર્યથી અનેક ભૂતપ્રેતોનો ઉદ્ધાર થયો હતો.

ભૂતનો ભગત લાંબુ ન ટક્યો

પીઠવાજાળમાં એક મોચી હતો. ભીમજી પ્રેમજી વાઘેલા એનું નામ હતું. ભીમજી આજીવિકા માટે જેતપુર રહેવા આવ્યો હતો.

ભીમજીથી કાંઈ ભૂલ થઈ હશે પરિણામે એને 'મામો' ભૂત વળગ્યો હતો અને બે વર્ષ સુધી ભારે દુઃખ આપ્યું હતું. ભીમજીને મામાના વળગાડથી પરિવારજનો હેરાન પરેશાન થઈ ગયા હતા.

એકવાર ભીમજી જેતપુર મંદિરે દર્શને આવ્યો. જેવો મંદિરની ડેલીમાં પ્રવેશ્યો કે તરત જ હનુમાનજી પાસે ધૂણવા લાગ્યો. બીજા હરિભક્તો વિશ્રામ, રણછોડ વગેરે એને મંદિરની અંદર લઈ આવ્યા.

ભીમજી ધૂણતા ધૂણતા જમીન ઉપર પછડાવા લાગ્યો ને ચીસો પાડવા લાગ્યો. હરિભક્તોએ ધર્મશાળામાં બિરાજમાન સ્વામી બાલમુકુંદદાસજીને જાણ કરી. સ્વામી મંદિરમાં પધાર્યા અને ભીમજીની છાતી ઉપર પગ મૂક્યો.

ભીમજી 'બળું છું બળું છું' એવી ચીસો પાડવા લાગ્યો.

સ્વામીએ હાકોટો પાડી કહ્યું, 'કોણ છો?'

ભીમજીના શરીરમાં રહેલો મામો બોલ્યો, 'હું મામો છું.'

સ્વામીએ કહ્યું, 'તું ભીમજીને શા માટે દુઃખ આપે છે ? એના શરીરમાંથી નીકળી જા, નહિંતર તારી ખેર નથી. હનુમાનજી તારી ખબર લેશે.'

મામો બોલ્યો, 'મને એના શરીરમાં બહુ મજા આવે છે, હું તો એનો જીવ લઈને જઈશ.'

સ્વામી બોલ્યા, 'તારી તાકાત નથી કે તું હવે ભીમજીનો જીવ લઈ શકે.' એમ કહી સ્વામીએ હનુમાનજી મહારાજને કહ્યું, 'તમે આને મેથીપાક આપો.'

મામો 'બળું છું બળું છું' એવી ચીસો પાડવા લાગ્યો ને ધૂણતા ધૂણતા જમીન ઉપર પછડાવા લાગ્યો. સ્વામીએ કહ્યું, 'બોલ્ય, જાવું છે કે માર ખાવો છે ?'

ભૂતે કહ્યું, 'મારે હવે જાવું છે, મારાથી દાદાનો માર ખમાતો નથી.'

સ્વામીએ એને પાછા ન ફરવાના સમ આપ્યા અને કહ્યું, 'તું હવે બદ્રિકાશ્રમમાં

જા અને તારા જીવનો ઉદ્ધાર કર.' મામો ભીમજીના શરીરમાંથી નીકળી ગયો. ભીમજીને શાંતિ થઈ. ભીમજીએ સ્વામીના પગ પકડ્યા અને કહ્યું, 'સ્વામી ! તમે કૃપા કરી, તમે મને બચાવી લીધો.' સ્વામી કહે, 'તું હવે રોજ મંદિરે દર્શને આવતો જા.'

ભીમજી બોલ્યો, 'ભલે સ્વામી ! હું રોજ આવીશ.'

પણ બન્યું એવું કે ભીમજી બે ચાર દિવસ મંદિરે આવ્યો પછી બંધ થઈ ગયો. કોઈએ સ્વામીને કહ્યું કે 'ઓલો પીઠવાજાળનો મોચી મંદિરે આવતો નથી.'

સ્વામી બોલ્યા, 'માળો ભૂતનો ભગત લાંબુ ટક્યો નહીં. આટલું કહી સ્વામી હસતા હસતા બોલ્યા, 'આપણે ભગવાનના ભગત થાવું, પણ ભૂતના નહિં. સમજણનો સત્સંગ લાંબો ટકે.'

આ અંગે એક પ્રસંગ જાણવા જેવો છે. ભગવાન સ્વામિનારાયણના મહાન સમર્થ સંત સદ્‌ગુરુ મહાપુરુષદાસજી સ્વામી બાબરિયાવાડમાં ફરતા હતા.

ત્યાં એક કુસંગીને ભૂત વળગ્યું. સ્વામીએ કુસંગીનું ભૂત કાઢ્યું.

થોડા સમય બાદ ટીંબીના હરિભક્ત વીરા સાંખડને મહારાજે દિવ્ય રુપે દર્શન આપ્યા અને કહ્યું, 'મહાપુરુષદાસજીને કહેજો કે જેના તેના ભૂત કાઢવાનો ધંધો ન કરે. આ તો અમારી મરજીથી ને અમારા પ્રતાપથી ભૂતનો ઉદ્ધાર થયો છે પણ જો તમે જેનું તેનું ભૂત કાઢવા પ્રયાસ કરશો અને અમારી મરજી નહિં હોય તો ભૂત નીકળશે નહિ ને તમારી આબરુ જશે.'

વીરા સાંખડે એ સંદેશો મહાપુરુષદાસજી સ્વામીને કહ્યો ને ત્યાર પછી સ્વામીએ પણ વિવેકથી કામ લીધું.

ભગત અને ભૂતડાંઓની ભાઈબંધી

ખાંભા તાલુકામાં ઓઢાના સમઢિયાળા ગામ આવેલું છે. આ ગામમાં મેપાભાઈ સુતરીયા નામના હરિભગત હતા. મેપા ભગતને સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી સાથે ખૂબ જ હેત હતું અને અવાર-નવાર સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ જાતા. સ્વામી પણ મેપા સુતરીયા ઉપર ખૂબ કૃપાદષ્ટિ રાખતા હતા. સંજોગવશાત્ એમને સમઢિયાળા છોડીને વીરપુર (ગઢિયા) રહેવા જવાનું થયું.

મેપા ભગતે ગામના પટેલને કહ્યું, "મારે અહીં રહેવું છે, તો ઘર ખોરડું બાંધી શકાય એવી જમીન અપાવો."

પટેલે મેપા ભગતને ઘર-ખોરડા માટે જમીન આપી.

થોડો વખત વીત્યો એટલે મેપા ભગતે ફરી પટેલને કહ્યું, 'પટેલ ! મને

આજીવિકા માટે કોઈ વાડી અપાવો, એનું જે મૂલ થશે એ હું ધીમે ધીમે ચૂકવી દઈશ.' પટેલે કહ્યું, 'ભગત ! વાડી તો છે, પરંતુ સાવ ઉજ્જડ પડી છે.'

ભગતે કારણ પૂછ્યું તો પટેલે કહ્યું કે, 'એ વાડી એક સુતારની છે. એ મરીને ભૂત થયો છે અને વાડીમાં કોઈને પેસવા દેતો નથી. અગાઉ જેણે જેણે એ વાડી રાખી છે એ બધાયના એણે જીવ લીધા છે.'

મેપા ભગતે કહ્યું, 'પટેલ ! તમે ભૂતની ચિંતા છોડી દો, એ ભૂતવાળી વાડી મને આપો, હું ભગવાન સ્વામિનારાયણનો આશ્રિત છું. સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી મારા ગુરુ છે. ભૂતડાં મારું કાંઈ ન બગાડી શકે.'

મેપા ભગતના આગ્રહથી પટેલે ભૂતવાળી વાડી એમને આપી. મેપા ભગતે વાડી રાખી. કોસ હાંકવા બળદ લીધા અને વાડીમાં લીલું વાવ્યું.

મેપો ભગત દરરોજ રાત્રિએ વાડીએ વાહુ જવા લાગ્યા.

ગામના પટેલ અને લોકોને થયું, 'આ મેપો મરવાનો થયો !'

એમણે મેપા ભગતને ચેતવ્યા, પણ ભગતે કહ્યું, 'ભગવાન સ્વામિનારાયણના આશ્રિતને ભૂત કાંઈ ન કરી શકે.'

ભગત રાત્રિએ વાડીએ ખાટલી ઢાળે અને એના ઉપર બેસી 'સ્વામિનારાયણ' મહામંત્રની માળા કરે.

શરૂઆતમાં ભૂતડાંઓએ થોડો ઉપદ્રવ કરવાનો પ્રયાસ કર્યો પણ ભગત પાસે ભૂતડાંઓનું કંઈ ચાલ્યું નહિ.

એક વખત માળા કરતા કરતા ભગતે જોયું તો દૂર પંદર-વીસ ભૂતડાંઓની હાર બેઠેલી. ભગતે પૂછ્યું, 'એલા, તમે કોણ છો ?'

ભૂતોનો સરદાર સુતાર બોલ્યો, 'અમે બધા ભૂત છીએ. આ વાડી અમારી છે, આ વાડીને જે રાખે છે એનો અમે જીવ લીધા વિના છોડતા નથી.'

'તમારો પણ જીવ લેવા આવ્યા છીએ, પરંતુ તમે મોઢેથી કંઈક બોલો છો એનાથી અમે બળી મરીએ છીએ અને તમારી પાસે આવી શકતા નથી.'

મેપા ભગતે કહ્યું, 'ભલા માણસ ! મનુષ્યદેહ દુર્લભ છે. ભગવાને આ દેહ મોક્ષ માટે આપ્યો છે. આવા દુર્લભ દેહને ભરખીને તમે એને ભૂતડાં કરીને ભટકાવો એ પાપ ક્યાં છૂટશે ?'

ભૂતો બોલ્યા, 'તો ભગત ! અમારે શું કરવું ?'

ભગત કહે, 'પૃથ્વી ઉપર બોલતા, ચાલતા ભગવાન સ્વામિનારાયણ પ્રગટ થયા છે. હું ભગવાન સ્વામિનારાયણનો આશ્રિત છું અને એમના મહામંત્રનું ભજન

કરું છું. મહાપ્રતાપી સંત બાલમુકુંદદાસજી સ્વામી મારા ગુરુ છે. આવા સદ્‌ગુરુનો જોગ થાય તો તમારા બધાયનું કામ થઈ જાય. તમે મારું કાંઈ બગાડી શકવાના નથી. માટે જાત જાતના ઉધામા કરવાનું રહેવા દો.'

ભગતના મુખેથી આવી વાતો સાંભળતા ભૂતોના બળતા શરીરમાં થોડી શાંતિ થવા લાગી. ભૂતોએ કહ્યું, 'ભગત ! તમારા ઉપદેશથી અમને સારું લાગે છે. તમે અમને દરરોજ આવી વાતું કરો. ભગત કહે, 'હું તમને આવી વાતું કરું અને કોઈક હરાયા ઢોર વાડીમાં ઘરીને લીલું ખાય જાય, એનું ધ્યાન કોણ રાખે ?' ભૂતડાં બોલ્યા, 'જો તમે અમને વાતો કરશો, તો તમારી વાડીનું ધ્યાન અમે રાખીશું, એક પણ છોડવો આઘો-પાછો નહિ થવા દઈએ.'

ભગત બોલ્યા, 'જો તમે વાડીની નજર રાખશો તો હું ચોક્કસ તમને વાતું કરીશ.' પછી તો દરરોજ ભૂતડા આવે, ભગતથી થોડે દૂર હારબંધ બેસે, ભગત એમને મહારાજની વાતો કરે, પછી મહારાજનું સ્મરણ કરી ભગત મીઠી નીંદર કરે અને ભૂતડા વાડીનું ધ્યાન રાખે !

આમ, ભગત અને ભૂતડાંની ભાઈબંધાઈ ભારે જામી ગઈ. એક દિવસ ભૂતડાઓએ કહ્યું, 'ભગત ! અમે આ ભૂતયોનિમાં ખૂબ જ દુઃખી થઈએ છીએ. અમારો કોઈ રીતે ઉદ્ધાર કરો.'

મેપા ભગતે કહ્યું, 'હું તમને વાતું કરી શકું, પરંતુ તમારો ઉધ્ધાર તો સમર્થ સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી કરે તો જ થાય.'

ભૂતોએ કહ્યું, 'અમને એવા સાધુનો ભેટો ક્યારે થશે ?'

ભગતે કહ્યું, 'સ્વામી ક્યારેક વીરપુર પધારશે ત્યારે હું તમને એમનો ભેટો કરાવીશ.' દિવસો ઉપર દિવસો વીતવા લાગ્યા, ગામના લોકોને આશ્ચર્ય થાય કે, 'આ ભગતને કેમ કાંઈ થતું નથી ?'

ગામના પટેલે ભગતને પૂછ્યું, 'ભગત ! તમે દરરોજ રાત્રે વાડીએ વાહુ જાવ છો, તમને ભૂતડાની બીક નથી લાગતી ?'

ભગતે કહ્યું, 'પટેલ ! મેં તમને કીધું હતું ને મેં પ્રગટ ભગવાન સ્વામિનારાયણનો આશ્રય કર્યો છે, સમર્થ સંત બાલમુકુંદદાસજી સ્વામી મારા ગુરુ છે, હું સ્વામિનારાયણ મંત્રનું ભજન કરું છું. અણહકનું ખાતો નથી; મને ભૂતડાંની બીક ન લાગે.'

પટેલે પૂછ્યું, 'ભગત ! રાત્રે ભૂતડાં નથી આવતા ?'

ભગતે કહ્યું, 'આવે છે ને, દરરોજ આવે છે !' પટેલે કહ્યું, 'ભૂતડાં આવે ત્યારે તમે શું કરો ?'

ભગતે કહ્યું, 'પટેલ ! મારે અને ભૂતડાંને ભારે ભાઈબંધાઈ થઈ ગઈ છે ! હું વાતું કરું છું અને એ સાંભળે છે. હું સૂઈ જાઉં ત્યારે એ બધા વાડીનું ધ્યાન રાખે છે.'

પટેલને થયું, 'આ મેપોય ગજબનો ચક્કરભમ છે ! ભૂતડાંની હાર્યે તે કાંઈ ભાઈબંધી હોતી હશે ! નક્કી ભૂતડાંઓએ ભગતના મગજને ભમાવી દીધું લાગે છે.' મેપા ભગતની વાતમાં પટેલને વિશ્વાસ બેઠો નહીં એટલે ખરી વાતને એ સમજી ન શક્યા !

આ જ અરસામાં બાલમુકુંદદાસજી સ્વામી ફરતા ફરતા ઓઢાના સમઢિયાળા ગામે પધાર્યા. ગામના હરિભક્તો સ્વામીના દર્શને આવ્યા.

સ્વામીએ પૂછ્યું, 'મેપો ભગત કેમ દેખાતા નથી ?'

હરિભક્તોએ કહ્યું, 'સ્વામી ! મેપો ભગત તો હવે સમઢિયાળુ છોડીને વીરપુર રહેવા ગયા છે.' સમઢિયાળામાં એકાદ-બે દિવસ રોકાઈને સ્વામી મેપા ભગતને દર્શન દેવા વીરપુર પધાર્યા. સ્વામીને આવેલા જોઈ મેપો ભગત રાજી રાજી થઈ ગયા.

સ્વામીએ મેપા ભગતને ઘેર ઉતારા કર્યા, થાળ રસોઈ કરી ઠાકોર જમાડ્યા.

બપોર પછી સ્વામી મેપા ભગતની વાડીએ સ્નાન કરવા પધાર્યા. સ્વામી અને સાથેના સંતોએ સ્નાન કર્યું. સ્વામી ધ્યાનમાં બેઠા.

સ્વામી ધ્યાનમાંથી જાગ્યા એટલે મેપા ભગતે કહ્યું, 'સ્વામી ! અહીં પંદર-વીશ અવગતિયા જીવો એના ઉદ્ધારની રાહ જોઈ રહ્યા છે.'

સ્વામીએ પ્રશ્નસૂચક નજરે મેપા ભગતની સામે જોયું.

મેપા ભગતે માંડીને બધી વાત કરી અને કહ્યું, 'સ્વામી ! આ ભૂતડાંઓને હું દરરોજ મોટા સંતો અને મહારાજના મહિમાની વાત કરું છે એટલે એ બધાને ભારે શાંતિ થાય છે. એમને અડધા સત્સંગી તો મેં બનાવી દીધા છે, હવે બાકીનું કામ આપ પૂરું કરો.'

સ્વામી સાથેના સંતો તો આ ભૂતડાં અને ભગતની ભાઈબંધીની વાત સાંભળીને આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. સ્વામીએ કહ્યું, 'મેપા ! તું એ ભૂતડાંઓને બોલાવ.'

મેપા ભગતે ભૂતડાંઓને બોલાવ્યા.

ભૂતડાંઓ હાજર થયા અને દૂર હાથ જોડીને ઊભા રહ્યા.

સ્વામીએ કહ્યું, 'તમે બધાએ મેપા ભગતનો સત્સંગ કર્યો છે, હવે તમે ભૂતયોનિમાંથી છૂટીને બદરિકાશ્રમમાં જાવ.'

ભૂતો બોલ્યા, 'પણ અમને પાપીઓને એ પવિત્ર ભૂમિમાં કોઈ પેસવા નહિ

દીયે.' સ્વામીએ ભૂતડાંઓને પાણી છાંટી વર્તમાન ધરાવ્યા અને કહ્યું કે, 'હવે તમને ત્યાં પ્રવેશ મળશે, ત્યાં જઈને તમારા પાપના પ્રાયશ્ચિત્ત કરવા તપ કરો. તમારી વાસનાઓને જીર્ણ કરો, પછી તમે સત્સંગમાં દેહ ધરશો અને અંતે અક્ષરધામને પામશો.'

સમર્થ સંત બાલમુકુંદદાસજી સ્વામીની કૃપાથી ભૂતડાંઓનો તો ઉદ્ધાર થઈ ગયો પણ મેપા ભગતની એક ઉપાધિ વધી ગઈ.

હવે, રાત્રે એની વાડીનું ધ્યાન રાખનારું કોઈ ન રહ્યું !!

બાલમુકુંદદાસજી સ્વામીના આ પ્રબળ પ્રતાપની વાત વીરપુરમાં વાયુવેગે પ્રસરી અને ઘણા દૈવી જીવો સ્વામીના હાથે કંઠીઓ બંધાવી ભગવાન સ્વામિનારાયણના આશ્રિત થયા અને સ્વામીની પ્રેરણાથી ત્યાં સુંદર મંદિર પણ થયું.

હનુમાનજી મહારાજની અકળ કળા

ઓઢાના સમઢિયાળા ગામમાં એક દેવીપૂજક કોળી રહેતો હતો. એણે સાધના કરીને વીર સાધ્યા હતા.

આ કોળી ભૂવા-ભરાડીનું કામ કરી જેના તેના ભૂત કાઢવાનો ધંધો કરતો. એક ભૂત કાઢતો અને બીજા બે વળગાડતો. અંધશ્રધ્ધાના એ જમાનામાં કોળીનું કામ ચાલ્યા કરતું. સમઢિયાળા ગામમાં પટેલ ભગવાનભાઈ રહેતા હતા. કોઈ કારણસર એને ભૂતનો વળગાડ થયો.

ભગવાનભાઈ તથા એમનો પરિવાર સ્વામિનારાયણનો આશ્રિત હતો. આ પરિવારને કોળીમાં બહુ વિશ્વાસ નહોતો. એમણે નડતર દૂર કરવા સારંગપુર કષ્ટભંજન દેવની એ જમાનાના સવા પાંચ રૂપિયાની માનતા માની.

હનુમાનજી મહારાજની કૃપાથી ભગવાનભાઈનો ભૂતનો વળગાડ દૂર થયો.

ભગવાનભાઈના પરિવારે ગામના કોળીને ભૂત કાઢવા ન બોલાવ્યો એટલે કોળીને ખોટું લાગ્યું. એને પોતાની ભૂત કાઢવાની મોનોપોલી તૂટતી લાગી. એણે ભગવાન બાપા ઉપર મલીન મંત્રોનો પ્રયોગ કરી ત્રણ વીર મૂક્યા.

કોળીએ મોકલેલા ત્રણેય વીર ભગવાનભાઈને ભારે દુઃખ દેવા લાગ્યા. આ બાજુ કોળીએ ગામમાં વાત વહેતી કરી, "હવે હું જોઈ લઉં છું, ભલે એના સાળંગપુર વાળા હનુમાન વીર કાઢે ! જ્યાં સુધી મને નહિ બોલાવે ત્યાં સુધી હનુમાનજીની પણ તાકાત નથી કે, વીરનો વળગાડ દૂર કરે."

આ રીતે કોળી સાળંગપુર કષ્ટભંજન દેવની અવહેલના કરવા લાગ્યો.

આ બાજુ ભગવાન પટેલના પરિવાર જનોએ નિર્ણય કર્યો કે, "કોળી ગમે તેવો વાયડો થાય આપણે એને બોલાવવો નથી. આપણે તો ભગવાન સ્વામિનારાયણના આશ્રિત છીએ, માટે આપણે કોઈ ક્ષુદ્ર દેવી દેવતાને શરણે જવું નથી."

વીરોનો ઉપદ્રવ ખૂબ વધ્યો એટલે ભગવાન પટેલે પોતાના ભાઈને કહ્યુ, "સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી જ મારી પીડા દૂર કરી રકશે, માટે સ્વામી જ્યાં હોય ત્યાંથી સમઢિયાળા તેડી લાવો." આ અરસામાં બાલમુકુંદદાસજી સ્વામી ચલાળા પધાર્યા હતા.

ભગવાન પટેલના ભાઈ અને ગામના તલાટી સ્વામીને તેડવા માટે ચલાળા ગયા. તલાટી પણ ખૂબ સારા હરિભક્ત હતા.

બંને જણાએ સ્વામીને સઘળી હકીકત કહી અને સમઢિયાળા પધારવા વિનંતી કરી. સ્વામીનો ચલાળાથી કેરીયા જવાનો કાર્યક્રમ ગોઠવાઈ ગયો હતો એટલે સ્વામીએ કહ્યું, "તમે દસ દિવસ પછી કેરીયા ગાડી મોકલજો, અમે કેરીયાથી સમઢિયાળા આવીશું"

દસ દિવસ બાદ ભગવાન પટેલના ભાઈ સ્વામીને કેરીયાથી સમઢિયાળા તેડી લાવ્યા. સ્વામીએ મંદિરમાં ઉતારો કર્યો. ભગવાન પટેલના પરિવારજનો ભગવાન પટેલને લઈને મંદિરે આવ્યા.

ભગવાન પટેલને ઠાકોરજી પાસે બેસાડી સ્વામીએ 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન અને હનુમાનજી મહારાજના સ્તોત્રનો પાઠ શરૂ કરાવ્યો.

જેવા ધૂન અને મંત્ર-પાઠ શરૂ થયા કે તુરત જ ભગવાન પટેલ ધૂણવા લાગ્યા. એમના શરીરમાં રહેલા ત્રણેય વીર "બળું છું, બળું છું" એવી રાડ્યો પાડવા લાગ્યા.

બાલમુકુંદદાસજી સ્વામીએ કહ્યું, "તમે આ ભગવાન પટેલના શરીરમાંથી નીકળી જાઓ, નહિતર તમારી ખેર નથી !"

ત્રણેય વીરોએ કહ્યું, "ભલે મા'રાજ ! અમે હવે આના શરીરમાંથીં નીકળી જઈએ છીએ."

સ્વામીના પ્રતાપથી કોળીના વીર ભગવાનભાઈના શરીરમાંથી ભાગી ગયા. ભગવાન પટેલનું શરીર શાંત થયું, એમનો વળગાડ મટી ગયો.

ભગવાનભાઈને સાજા કરી સ્વામી સમઢિયાળાથી રૂગનાથપુર ખોડી પધાર્યા. આ બાજુ પેલો કોળી ખૂબ જ ગુસ્સે થયો અને 'હવે હું જોઈ લઈશ' અમે કહીને ફરીથી મલીન મંત્રોથી વશ કરેલા વીરોને પાછા ભગવાન પટેલના શરીરમાં મૂક્યા.

કોળીએ મૂકેલા વીરો ફરીથી ભગવાન પટેલને પીડા કરવા લાગ્યા.

કોળી ફરીથી ગામમાં વાત કરવા લાગ્યો, “જોયુંને ! હનુમાનજીથી પણ વળગાડ ન ગયો અને સ્વામિનારાયણ વાળાના મોટા કહેવાતા સાધુથી પણ વળગાડ ન ગયો. મારી દેવીની કૃપા સિવાય એનો વળગાડ જવાનો નથી.”

પારકું ખાઈને પેધી ગયેલો ઉંદરડો જેમ સિંહ સામે રોફ મારે એના જેવી કોળીની વાત હતી. ભગવાન પટેલના ભાઈએ સ્વામીને રૂગનાથપુરથી પાછા સમઢિયાળા બોલાવ્યા.

પટેલના પરિવારજનો પટેલને ઉપાડીને મંદિરમાં લઈ આવ્યા. સ્વામીએ ફરીથી ‘સ્વામિનારાયણ’ મહામંત્રની ધૂન અને હનુમાનજીના સ્તોત્રનો પાઠ શરૂ કરાવ્યો.

ભગવાન પટેલ ધૂણવા લાગ્યા.

સ્વામીએ પૂછ્યું, “તમે કોણ છો ?”

ભગવાન પટેલના શરીરમાં રહેલા વીર બોલ્યા, “અમે કોળીના વીર છીએ”

સ્વામીએ કહ્યું, “પાછા કેમ આવ્યા ?” વીર બોલ્યા, “કોળીએ અમને ફરીથી આનો જીવ લેવા મોકલ્યા છે.” સ્વામીએ કહ્યું, “જોઉં છું તમે કઈ રીતે એનો જીવ લ્યો છો.” આટલું કહી સ્વામીએ સારંગપુરના હનુમાનજી મહારાજને વિંનતી કરી, “હે કષ્ટભંજન દેવ ! તમે આ બધાને મેથીપાક આપો.”

સ્વામીએ સ્તોત્ર-પાઠ શરૂ કર્યા અને આ બાજુ સારંગપુરના હનુમાનજી મહારાજ વીરોને મારવા લાગ્યા. વીરો રાડોરાડ પાડવા માંડ્યા. કોળીએ પોતાની અવહેલના કરી હતી એટલે હનુમાનજી મહારાજને પણ ભારે ક્રોધ ચડ્યો હતો.

એકબાજુ સારંગપુરના હનુમાનજી મહારાજ વીરોને મારવા માંડ્યા બીજી બાજુ સ્વામીએ જૂનાગઢના હનુમાનજી મહારાજને કહ્યું, “હનુમાનજી મહારાજ ! તમે પણ આ બધાને મેથીપાક ચખાડો.” એ જ રીતે સ્વામીએ ગોંડલ, રૂગનાથપુર અને ખુદ સમઢિયાળાના હનુમાનજીને પણ તેડાવ્યા.

હનુમાનજી મહારાજ પણ અલૌકિક લીલા કરતા હોય તેમ પાંચ રૂપ ધરી વીરોને મારવા મંડ્યા. વીરો રાડોરાડ પાડવા માંડ્યા.

સ્વામીએ પૂછ્યું, “બોલો, હવે જાવું છે કે નહિ ?”

વીરોએ કહ્યું, “જાવું છે પણ આ સારંગપુરના હનુમાનજી મહારાજ આડા ઊભા છે એ અમને રોકે છે, મારે છે અને કહે છે, તમારા કોળકાયે મારું અપમાન કર્યું છે, માટે એ જ્યાં સુધી અહીં આવીને માફી નહિ માગે ત્યાં સુધી તમને જાવા નહિ દઉં અને મારી મારીને અધમૂઆ કરી નાખીશ.”

સ્વામીએ કહ્યું, તમારામાંથી એક જણો જાવ અને કોળીને અહીં હાજર કરો.

વીર બોલ્યા, "કોળી સીમમાં છે એ અમારાથી નહિ આવે."

સ્વામીએ સારંગપુરના હનુમાનજી મહારાજને કહ્યુ, "હે કષ્ટભંજન દેવ ! તમે કોળીનો કાંઠલો પકડીને લઈ આવો." સ્વામીના વચને હનુમાનજી મહારાજ ઉપડ્યા અને પળવારમાં સીમમાં પહોંચ્યા.

કોળી સીમમાં કામ કરતો હતો, ત્યાંથી દાદાએ એને ઉઠાવ્યો, કોળી કાંઈ સમજી શક્યો નહિ. એને એવું લાગ્યું કે, 'કોઈ મને ધક્કા મારી આગળ હડસેલી રહ્યું છે.' હનુમાનજી મહારાજ અદશ્ય રહીને કોળીને ધક્કા મારતા-મારતા ગામ સુધી લઈ આવ્યા.

ગામના પાદરમાં કોળીનું ઘર હતું. કોઈ દૈવી શક્તિનો પ્રકોપ જાણી કોળી પોતાના ઘરમાં માતાજીના મઢમાં ઘૂસી ગયો.

વીરોએ સ્વામીને કહ્યું, "મહારાજ કોળીને લઈ આવ્યા પણ એ ઘરે જતો રહ્યો છે." સ્વામીએ પટેલના ભાઈને કહ્યું, "પસાયતાને મોકલો અને કોળીને મંદિરે બોલાવી લાવો." પસાયતાએ કોળીને પકડીને મંદિરમાં હાજર કર્યો. હનુમાનજીનું કામ પસાયતાએ પૂરું કર્યુ.

કોળીને જોતા જ વીર ધૂણવા લાગ્યા. કોળી બધી વાત પામી ગયો અને બીકમાં ધ્રૂજવા લાગ્યો. સ્વામીએ કોળીને પૂછ્યું, "આ ભગવાન પટેલના શરીરમાં જે વીર છે એને તેં મોકલ્યા છે ?" બીકનો માર્યો કોળી ખોટું બોલ્યો, "મેં નથી મોકલ્યા."

એજ વખતે વીરોએ ત્રાડ પાડી અને કહ્યું, "ખોટું બોલ્યમા, તેં જ અમને અહીં મોકલી હનુમાનજી પાસે માર ખવડાવ્યો છે, હવે અમે તને નહિ મૂકીએ,"

સ્વામીએ કોળીને કહ્યું, 'એલા ! સાચું બોલ, નહિંતર હનુમાનજી મહારાજના કોપથી તારી દેવી પણ તને બચાવી નહિં શકે.'

સ્વામીની પ્રતાપી નજર કોળી સહન કરી શક્યો નહિ. એણે પોતાનો ગુનો કબૂલ કર્યો. અને કહ્યું, 'મા બાપ, મને માફ કરો.'

સ્વામીએ કહ્યું, "તું સોગંદ ખા, આ જ પછી આવો ધંધો ક્યારેય નહિ કરે. નહિતર તારા જ વીરો તને માર્યા વગર નહિ મૂકે !" કોળીએ પોતાની દેવીના સમ ખાઈને કહ્યું, "આ જ પછી હું આવો ધંધો ક્યારેય નહિ કરું."

સ્વામીએ વીરોને કહ્યું, "હવે તમે ભગવાન પટેલના શરીરમાંથી નીકળી જાઓ." સ્વામીએ સારંગપુરના હનુમાનજી મહારાજને પણ કહ્યું, "દાદા ! હવે તમે આમને જવા દો," સ્વામીના કહેવાથી હનુમાનજી મહારાજે વીરોને જવા દીધા.

ભગવાન પટેલ હતા તેવા સ્વસ્થ થયા પરંતુ હવે હનુમાનજી મહારાજ પણ આજે મહાપ્રતાપી સંતના સાનિધ્યમાં રમતે ચડ્યા હતા. એમણે ભલભલા કળી ન શકે એવી અલૌકિક લીલા વિસ્તારી.

ભગવાન પટેલ પાછા ધૂણવા માંડ્યા, સ્વામીએ પૂછ્યું, "તમે કોણ છો ?" ત્યારે ભગવાન પટેલના શરીરમાં રહેલા હનુમાનજી મહારાજ બોલ્યા, "હું સારંગપુરનો હનુમાનજી છું."

સ્વામીએ કહ્યુ, "તમે હવે તમારે સ્થાનકે પધારો,"

હનુમાનજી મહારાજ કહે, "મારું મહેનતાણું અપાવો પછી જાઉં !"

સ્વામીએ કહ્યુ, "તમારી માનતાના સવા પાંચ રૂપિયા નથુ શેઠને ત્યાં મૂક્યા છે તે તમને સારંગપુર પહોંચાડી દેશુ."

મસ્તીએ ચડેલા હનુમાનજી મહારાજ બોલ્યા, "એ તો પહેલી માનતાના છે. બીજીવાર આવ્યો તેનું શું?"

સ્વામીએ કહ્યુ, "બોલો ! તમારે શું જોઈએ છે ?" હનુમાનજી મહારાજ કહે, "છેટેથી આવ્યો છું એટલે સવા રૂપિયો, સવા શેર તેલ અને એક નાળિયેર અપાવો"સ્વામીએ કહ્યુ, "સારું, તમારી માનતા સારંગપુર પહોંચી જશે."

હનુમાનજી મહારાજ મજાકિયા સ્વરે બોલ્યા, "ભલે હું જાઉં છું પણ બીજા ચાર હનુમાન ઠાકરોજી પાસેના થાળામાં બેઠા છે તેનુંય કાંઈક કરજો!"

સ્વામી હસીને કહે, "બહુ સારું"

સ્વામીના વચને સારંગપુરના હનુમાનજી મહારાજ રવાના થયા. થોડીવાર થઈ ત્યાં ભગવાન પટેલ પાછા ધૂણવા લાગ્યા, સ્વામીએ પૂછ્યું, "તમે કોણ છો ?"

ત્યારે એણે કહ્યુ, "હું જૂનાગઢનો હનુમાનજી છું. ગુણાતીતાનંદ સ્વામીએ મને પધરાવ્યો છે." સ્વામીએ કહ્યું, "તમારી વાત વિસ્તારીને કહો."

હનુમાનજી મહારાજ બોલ્યા, "થોડા વર્ષ પહેલાની વાત છે. ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢમાં હનુમાનજી મહારાજ પધરાવવાના હતા ત્યારે અમે ચારેય દિશાના હનુમાનજી ભેગા થયા હતા."

ધોલેરાના સ્વામી વિજ્ઞાનદાસજી નિરાવરણ દષ્ટિવાળા સંત હતા, એમણે અમને જોયા ત્યારે એમણે પૂછ્યું, 'તમે આટલા બધા હનુમાનજી સાથે મળીને ક્યાં જાઓ છો ?' અમે કહ્યું, 'ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢમાં હનુમાનજી પધરાવવાના છે, ત્યાં જઈએ છીએ.'

વિજ્ઞાનદાસજીએ કહ્યું, "હનુમાનજી તો એક જ પધરાવવાના છે તમે આટલા

બધા ત્યાં જઈને શું કરશો ?'' અમે કહ્યું, 'ગુણાતીતાનંદ સ્વામી જેને પધરાવશે તે રહીશું અને બાકીના અમારે સ્થાનકે પાછા જઈશું. અમે જૂનાગઢ પહોંચ્યા.'

ગુણાતીતનંદ સ્વામીએ કહ્યું, ''તમારામાંથી જે હનુમાનજીએ વન-વિચરણ વખતે નીલકંઠવર્ણીને ફળ-ફૂલ જમાડ્યા હતા, એ હનુમાનજી આગળ આવો, અમારે એને પધરાવવા છે.'' 'સ્વામીના કહેવાથી હું આગળ આવ્યો અને સ્વામીએ મને જૂનાગઢમાં પધરાવ્યો છે.' બાલમુકુંદદાસજી સ્વામીએ કહ્યું, ''બોલો, તમારે શું જોઈએ છે ?''

જૂનાગઢના હનુમાનજી મહારાજે કહ્યું, ''સવા રૂપિયો, સવા શેર તેલ અને એક નાળિયેર,'' સ્વામીએ કહ્યુ, 'ભલે તમારી માનતા તમને જૂનાગઢ પહોંચી જશે.'

સ્વામીની વાત સાંભળી જૂનાગઢના હનુમાનજી મહારાજે વિદાય લીધી. એજ રીતે સ્વામીએ ગોંડલ તથા રૂગનાથપુરના હનુમાનજીને પણ સવા રૂપિયો, સવા શેર તેલ અને એક એક શ્રીફળ અપાવી પોતપોતાને સ્થાનકે રવાના કર્યા.

છેવટે સમઢિયાળાના હનુમાનજી બોલ્યા, ''સ્વામી ! મને પણ મારી માનતા અપાવો,'' સ્વામીએ એમને પણ સવા રૂપિયો, સવા શેર તેલ અને શ્રીફળ અર્પણ કરાવ્યું અને કહ્યું, 'હવે તમે આ ગામના હરિભક્તોની સંકટમાં રક્ષા કરજો.'

હનુમાનજી મહારાજ કહે, 'ભલે સ્વામી.'

આટલું કહી હનુમાનજી મહારાજ મંદિરમાં પોતાની મૂર્તિમાં લીન થયા.

ભગવાન પટેલનો વીરનો વળગાડ દૂર કર્યો. ભગવાન પટેલ સાવ સાજા સારા થયા. કોળીને એના કર્મનું ફળ મળ્યું.

હનુમંત તત્ત્વ તો એક જ છે પરંતુ સમર્થ યોગી જેમ અનેકરૂપે થાય એજ રીતે મહાયોગીશ્વર અને કપીશ્વર હનુમાનજી મહારાજ એક હોવા છતાંય અનેક રૂપે અનેક સ્થાનોમાં બિરાજે છે.

ભગવાન પટેલનો વળગાડ દૂર કરીને સ્વામીએ વિવિધ સ્થાનકોમાં વિવિધરૂપે બિરાજતા હનુમાનજી મહારાજનો મહિમા વધાર્યો.

ભૂતયોનિમાંથી ઉદ્ધાર

ધન સંપત્તિની લાલસા માણસને કેટલી હદે નીચે ઉતારી છે અને હેરાન કરે છે એની આ વાત છે.

નાઘેર દેશમાં કાંધી નામનું ગામ છે. કાંધીમાં ખૂબ સારો સત્સંગ છે. ગામના બે યુવાન કુંભાર હરિભક્તો મુંબઈ કમાવા ગયા હતા.

સારી આવડત તથા પૂર્વના સારા પુણ્યને લીધે મુંબઈ જેવા શહેરમાં આ છોકરોઓ ખૂબ જ કમાયા અને સારી મૂડી ભેળી કરી. એમની સાથે સામતેરનો એક સુતારનો યુવાન છોકરો હતો. એ પણ સારું એવું કમાયો. ત્રણેય યુવાનોને પરસ્પર ભારે મિત્રતા હતી. બધા સાથે જ રહેતા હતા. સારી એવી મૂડી ભેળી થઈ એટલે ત્રણેય જણાએ વિચાર કર્યો, ‘‘હવે આપણે આપણા દેશમાં પાછા જઈએ.’’

આમ, વિચારી ત્રણેય જણા દેશ આવવા તૈયાર થયા. એવામાં કોઈ જાણભેદુને ખબર પડી ગઈ કે આ લોકો પાસે સારા એવા રૂપિયા છે એટલે એણે રસ્તામાં આ ત્રણેય યુવાન છોકરાઓને ભોજનમાં ઝેર દઈ મારી નાખ્યા અને બધી જ સંપત્તિ પડાવી લીધી. આમ, અકાળે મૃત્યુ થવાથી તેમજ દ્રવ્યની વાસના હોવાથી ત્રણેય જણા ભૂતયોનિને પામ્યા.

આગલી યોનિમાં એમને સત્સંગનો જોગ હતો. એટલે બીજા ભૂત કરતા આ જુદા પડતા હતા. ત્રણેય જણાને પોતાની સદ્‌ગતિની ઝંખના હતી. ત્રણેયે વિચાર કર્યો કે આપણે કોઈ અધકચરા સત્સંગીના શરીરમાં પ્રવેશ કરીએ તો કોઈને કોઈ રીતે આપણો ઉધ્ધાર કરનારા કોઈને કોઇ સંત મળી રહેશે. આમ વિચારી ત્રણેય જણાએ કાંધીના એક સત્સંગી સુતારના શરીરમાં પ્રવેશ કર્યો.

ભૂતનો પ્રવેશ થવાથી સુતાર વારંવાર ધૂણવા લાગ્યો. સુતારના આ વળગાડને દૂર કરવા માટે અનેક ઉપાય કરવામાં આવ્યા પણ વળગાડ દૂર થયો નહિ.

આજ અરસામાં બાલમુકુંદદાસજી સ્વામી ઉના બિરાજતા હતા, એટલે કાંધીના હરિભક્તો સુતારને લઈને ઉના આવ્યા. તેઓ જ્યારે ઉના પહોંચ્યા ત્યારે ઉના મંદિરમાં મહાપૂજા ચાલતી હતી. સ્વામી મહાપૂજામાં બેઠા હતા. જેવી મહાપૂજા આરતી થઈ કે તુરત જ પેલો સુતાર ધૂણવા લાગ્યો.

સુતારને સ્વામી પાસે લાવવામાં આવ્યો. એણે સ્વામીના પગ પકડી લીધા અને રડવા જ લાગ્યો. એના આંસુડાથી સ્વામીના પગ ભીંજાઇ ગયા.

સ્વામીએ પૂછ્યું, ‘‘ભાઈ તમે કોણ છો ?’’

ત્યારે સુતારના શરીરમાં રહેલા કુંભારના દીકરા બોલ્યા, ‘‘અમે કાંધી ગામના કુંભાર હરિભક્તો છીએ.’’

સ્વામીએ એમના નામ-ઠામ પૂછ્યા, એટલે એમણે પોતાના નામ-ઠામ કહ્યા.

કાંધીથી આવેલા હરિભક્તો એમને ઓળખી ગયા અને બોલ્યા, ‘‘સ્વામી ! આ તો સારા હરિભક્તોના દીકરા છે,’’ સ્વામીએ સુતારના શરીરમાં રહેલા ભૂતોને પૂછ્યું, ‘‘એલા, તમે સારા હરિભક્તના દીકરા થઈને ભૂત કેમ થયા ?’’

કુંભારના દીકરા બોલ્યા, "સ્વામી અમે મુંબઈ ગયેલા, સારી મૂડી એકઠી કરી, દેશમાં આવવા રવાના થયા પણ અકાળે અમારું મૃત્યું થયું જેથી દ્રવ્યની વાસના રહી ગઈ એટલે ભૂત થયા."

સ્વામીએ કહ્યું, "તમે આ હરિભક્તના છોકરામાં શા માટે પ્રવેશ કર્યો ?"

ભૂત બોલ્યા, "સ્વામી ! અમે ભૂત થયા પણ અમે હરિભક્ત હતા એ સ્મૃતિ અમને રહી ગઈ, અમને ધારણા હતી કે હરિભક્તના શરીરમાં જઈએ તો આપ જેવા કોઈને કોઈ સાધુ અમારો ઉદ્ધાર કરશે. એવી આશાથી જ અમે આ હરિભક્તના છોકરામાં પ્રવેશ કર્યો છે." વાત કરતા કરતા બેય રડવા લાગ્યા અને સ્વામીને પ્રાર્થના કરી, "સ્વામી ! તમે અમારો ઉદ્ધાર કરો."

ભૂતોની વાત સાંભળી સ્વામીએ કરુણાદષ્ટિથી એમની સામું જોયું અને બોલ્યા, 'જાવ ! મહારાજ હવે તમને ભૂતયોનિમાંથી મુક્ત કરશે. તમે સત્સંગમાં દેહ ધારણ કરો, મહારાજનું ભજન કરો, અને આત્મકલ્યાણ સાધો.'આમ કહી સ્વામીએ એમને પાણી પાયું અને એમનો ઉધ્ધાર કર્યો. બંને ભૂત સુતારના શરીરમાંથી નીકળી ગયા. થોડીવાર થઈ ત્યાં સુતારનો છોકરો પાછો ધૂણવા માંડ્યો.

એટલે સ્વામીએ પાણી છાંટ્યુ અને પૂછ્યુ, "એલા ! તું કોણ છો ?"

સુતારના શરીરમાં રહેલું ભૂત બોલ્યું, "હું સામતેરનો સુતાર છું. હું પણ પેલા બેયની સાથે હતો અને અમારું ત્રણેય જણાનું ઝેરથી મૃત્યુ થયેલું. દ્રવ્યની વાસનાને લીધે અમે ત્રણેય એક સાથે ભૂત થયા હતા."

આમ કહી છોકરો પોતાના ઉદ્ધાર માટે સ્વામીને આજીજી કરવા માંડ્યો, 'સ્વામી, તમે પેલા બેયનો ઉદ્ધાર કર્યો, તમે મારો પણ ઉધ્ધાર કરો. 'એટલે સ્વામીએ એને પણ પાણી પાયું અને કહ્યું, "તું હવે બદ્રિકાશ્રમમાં જા અને ત્યાં તપ કરી તારું કલ્યાણ કર."આ રીતે સ્વામીના વચને સામતેરના સુતારનો પણ ઉદ્ધાર થયો.

આત્યંતિક કલ્યાણ સાધવામાં જીવને અનેક અવરોધ આડા આવે છે. સ્વામી બાલમુકુંદદાસજી જેવા સમર્થ સદ્‌ગુરુની પ્રાપ્તિ થાય તો એ અવરોધો સહેલાઈથી પાર થઈ શકે છે.

કાંધીના ડોસા કુંભારનો ઉદ્ધાર

કાંધી ગામે ડોસા કુંભાર કરીને ખૂબ સારા હરિભક્ત હતા. વ્યવહારે સુખી ચાર-પાંચ દીકરા હતા. સારી ખેતીવાડી હતી. એક સમયની વાત છે. ડોસા ભગતના છોકરાઓ નવું મકાન ચણતા હતા, છોકરોઓ ઘરના ચણતરકામમાં લાગેલા

હોવાથી વાડીએ સાંતી હાંકનાર કોઈ નહોતું. ડોસાભક્તે છોકરાઓને કહ્યું, “તમે ઘરનું કામ કરો, હું સાંતી લઈને વાડીએ જાઉ છું.” ડોસા કુંભાર સાંતી હાકવા ગયા, ઉનાળાના દિવસો હતા. સખત તાપ પડતો હતો. ડોસો કુંભાર વૃધ્ધ હતા, તરસ ખૂબ લાગી હતી. સમીપમાં પાણી હતું નહિ. તાપ અને તરસને લીધે ડોસા કુંભારને ચકરી આવી અને પડી ગયા. પડ્યા તો ખરા પણ બરાબર સાંતીની વચ્ચે પડ્યા.

ડોસા કુંભારના બળદ પાણીદાર હતા. તે ઊભા રહ્યા નહિ અને ડોસા કુંભાર સાંતીની સાથોસાથ અર્ધબેભાન અવસ્થામાં ઢસડાતા રહ્યા. ડોસા ભગતને ઊભા થવાની ત્રેવડ રહી નહિ અને તરસે તરફડિયા મારતા મારતા જ એમનો દેહ છૂટી ગયો. “પાણી પાણી” ઝંખતા ઝંખતા દેહ છૂટ્યો પરિણામે ડોસા કુંભાર ભૂતયોનિને પામ્યા અને અપાર પીડા ભોગવવા લાગ્યા. ઘણા વર્ષ સુધી ભૂતયોનિમાં ભટક્યા પછી ડોસા કુંભારે પોતાના દીકરાનો દીકરો હતો એના દેહમાં પ્રવેશ કર્યો.

દીકરો ધૂણવા લાગ્યો. લોકો પૂછવા લાગ્યા, પણ દીકરાના દેહમાં રહેલા ડોસા કુંભાર કાંઈ બોલે નહિ, પોતાનું નામ દેતા એમને ભારે શરમ આવતી હતી.

યોગનુયોગ આજ અરસામાં બાલમુકુંદદાસજી સ્વામી કાંધી પધાર્યા હતા. સગાં-સબંધીઓ છોકરાના વળગાડને દૂર કરવા માટે સ્વામી પાસે લઈ આવ્યા.

સ્વામીએ છોકરા સામી દૃષ્ટિ કરી એટલે છોકરો ધૂણવા માંડ્યો.

સ્વામીએ પૂછ્યું, “તું કોણ છો ?” ઘડીકવાર તો ડોસો કુંભાર અચકાયા પણ આખરે બોલ્યા, ‘સ્વામી ! હું ડોસો કુંભાર છું.‘

ડોસા કુંભારનું નામ સાંભળી ત્યાં બેઠેલા વૃધ્ધ હરિભક્તોને આશ્ચર્ય થયું, એમણે સ્વામીને કહ્યું, “સ્વામી ! આ ડોસાકુંભાર તો ખૂબ સારા હરિભક્ત હતા, એણે દેહ મૂકી દીધો એને પણ આશરે પચ્ચીસ વર્ષ થઈ ગયા છે.”

સ્વામીએ ડોસા કુંભારને કહ્યુ, “તમે તો જૂના હરિભક્ત છો, તમને ત્યારે ગુણાતીતાનંદ સ્વામીના દર્શન થયા હતા કે નહિ ?”

ડોસો કુંભાર બોલ્યો, “હા, મા-બાપ ! હું જૂનાગઢ સમૈયે ગયો હતો ત્યારે ગુણાતીતાનંદ સ્વામીના દર્શન કર્યા હતા.”

સ્વામીએ કહ્યું, “તમે હરિભક્ત થઈને ભૂત કેમ થયા ?”

ડોસાકુંભારે બધી જ હકીકત સ્વામીને જણાવી અને કહ્યું, “સ્વામી ! આ રીતે ‘પાણી પાણી‘ ઝંખતા દેહ પડ્યો, માટે ભૂતયોનિને પામ્યો છું. મારો ભૂતનો દેહ અગ્નિમાં પડ્યો હોય એમ બળ્યા કરે છે. ખૂબ તરસ લાગે છે, ક્યાંય નદી-

તળાવને આરે પાણી પીવા જાઉં છું તો વરુણના દૂતો આડા આવે છે, મારીને કાઢી મૂકે છે, પાણી પીવા દેતા નથી.''

'મા-બાપ ! હું પચ્ચીસ પચ્ચીસ વર્ષથી બળતો-બળતો તરસ્યો હેરાન થઈ રહ્યો છું. તમે કૃપા કરી મને પાણી પાવ, અને મારો ઉદ્ધાર કરો.'

એ વખતે સંતો પાર્ષદો ચારપાંચ લીટર પાણી સમાય એવા પીત્તળના મોટા લોટા રાખતા હતા.

સ્વામીએ લોટો ભરી પાણી મંગાવ્યું. ઠાકોરજીને ધરાવી પાણી પ્રસાદીનું કર્યું અને ડોસા કુંભારને કહ્યું. ''લ્યો, આ પાણી પીઓ. આ પાણી પીવામાં વરુણના દૂત તમને નહિ રોકે.'' ડોસો કુંભાર ગટગટાટ લોટાનું પાણી પી ગયા અને બોલ્યા, ''સ્વામી ! હજુ ખૂબ તરસ્યો છું.''

સ્વામીએ બીજો લોટો ભરીને પાણી પાયું. ડોસો કુંભાર એ આખો લોટો પણ પી ગયા અને કહ્યું, ''સ્વામી હજી તરસ્યો છું, હજી પાણી પાઓ.''

સ્વામીએ પાણીનો ત્રીજો લોટો મંગાવ્યો. ડોસો કુંભાર એ પણ પી ગયા.

એક નાનકડો છોકરો આમ, ત્રણ-ત્રણ લોટા પાણી પી જાય એ ઘટના જોઈ ત્યાં બેઠેલા બધા આશ્ચર્ય પામ્યા અને સર્વને ડોસા કુંભારની વાતની પ્રતીતિ આવી.

આખરે સ્વામીએ કહ્યું, ''ડોસા ભગત ! હવે તમે બદ્રિકાશ્રમમાં જાવ. ત્યાં જઈ તપ અને ભજન કરો અને તમારી રહી સહી વાસનાને દૂર કરો''

સ્વામીના વચને ડોસો કુંભાર છોકરાના શરીરમાંથી નીકળી ગયા. એમના જીવનો ઉદ્ધાર થયો.

ધામમાં જવું હોય તો અમે પોતે વૈદ્ય છીએ

એક વાર સ્વામી બગસરા ભાયાણી પધાર્યા હતા. સ્વામીના મંડળમાં એક નિર્મળદાસજી કરીને સંત હતા.

નિર્મળદાસજીને બરોળની વ્યાધિ હતી. તેથી દુઃખાવો રહ્યા કરતો હતો.

નિર્મળદાસજીએ સ્વામીને વિનંતી કરી, 'સ્વામી ! મને બરોળની વ્યાધિ રહે છે. કોઈ સારો વૈદ્ય હોય તો તેડાવો અને દવા કરાવો.'

નાના સાધુની વિનંતી સાંભળી સ્વામી બોલ્યા, 'સાધુરામ ! વ્યાધિ મટાડવી હોય તો વૈદ્ય બોલાવીએ અને ધામમાં જવું હોય તો અમે પોતે વૈદ્ય છીએ. બોલો તમારી શું મરજી છે?'

નિર્મળદાસજી મુમુક્ષુ સંત હતા. એમણે કહ્યું, 'સ્વામી ! ધામમાં મોકલી દેતા

હો તો મારે બીજા વૈદ્યનું કામ નથી. મારે કાંઇ બરોળની દવા કરાવવી નથી. તમે જ મારા વૈદ્ય, મને ધામમાં મોકલો અને મારો ભવરોગ ટાળો.'

નાના સાધુની સમજણ ભરેલી વાત સાંભળી સ્વામી રાજી થયા અને બોલ્યા, 'તો મહારાજનું ભજન કરવા માંડો આજે સાંજે જ મહારાજ તમને તેડી જશે.'

સ્વામીના વચને નિર્મળદાસજી મૂર્તિ સંભારી ભજન કરવા લાગ્યા.

સ્વામીએ હરિભક્તોને કીધું, 'લાકડાં ભેગા કરો, સાધુના અગ્નિસંસ્કારમાં જરુર પડશે.' ભક્તોને આશ્ચર્ય થયું. કોઈએ કહ્યું, 'સ્વામી ! આ સાધુ તો સાવ સાજા સારા છે, તો આટલા બધા લાકડાં મંગાવીને શું કરશો?'

સ્વામી હસીને બોલ્યા, 'ભક્તો ! જો સાધુ ધામમાં જશે તો અંતિમ ક્રિયામાં કામ આવશે અને નહિ જાય તો સાધુઓને રસોઈ કરવામાં કામ લાગશે. માટે તમને લાકડાં લઈ આવવામાં વાંધો શું છે ?'

હરિભક્તોએ સ્વામીના વચને લાકડાં ભેગાં કર્યાં. આમ કરતાં સાંજનો સમય થયો. નિર્મળદાસજીને શરીરે થોડો તાવ આવ્યો.

આ બાજુ સ્વામી આરતી કરતા હતા. બીજી બાજુ નિર્મળદાસજી પથારીમાં બેઠા થઈ ગયા અને અહો! અહો ! કરવા લાગ્યા.

આરતી પૂરી થઈ ત્યાં કોઈ સાધુએ કહ્યું, 'નિર્મળદાસજીને કાંઈક થઈ ગયું છે અને ગાંડા જેવું બોલે છે.' સ્વામીએ કહ્યું, 'તમે ચિંતા કરો મા, એમને મહારાજ તેડવા આવ્યા છે.'

આમ કહી સ્વામી નિર્મળદાસજી પાસે પધાર્યા. સાધુને માથે હાથ મેલ્યો અને બોલ્યા, 'સાધુરામ! સુખેથી ધામમાં સીધાવો.' નિર્મળદાસજીએ સ્વામીને 'જય સ્વામિનારાયણ' કહી શરીર છોડ્યું.

જગતપાવનદાસજીને સાજા કર્યા

વડતાલમાં શાસ્ત્રી બલરામદાસજી કરીને ખૂબ સારા વિદ્વાન સંત હતા.

એકવાર તેઓ પોતાના શિષ્યો જગતપાવનદાસજી અને યોગેશ્વરદાસજીને સાથે લઈને જૂનાગઢ રાધારમણદેવના દર્શને આવ્યા હતા.

શાસ્ત્રી બલરામદાસજીને ઘણા સમયથી જૂનાગઢની પંચતીર્થી કરવાનો સંકલ્પ હતો, તેથી આ વખતે દેવના દર્શન કરી બંને શિષ્યો સાથે જૂનાગઢની પંચતીર્થી કરવા નીકળ્યા. પંચતીર્થી પૂર્ણ કરી શાસ્ત્રી બલરામદાસજી પાછા વડતાલ જવા નીકળ્યા. રસ્તામાં અમરેલી પહોંચ્યા ત્યાં અચાનક એમના શિષ્ય જગતપાવનદાસજી માંદા

થઈ ગયા. તેનું ગળુ બંધ થઈ ગયું. ગળે પાણી પણ ઉતરે નહીં એવું થઈ ગયું.

ઘણા ઉપચાર કર્યા પણ જગતપાવનદાસજીનું ગળુ ખુલ્યું જ નહિ અને તેઓ ધામમાં જાય એવી સ્થિતિ થઈ ગઈ.

શાસ્ત્રી બલરામદાસજી તથા એમના શિષ્ય બહુ મૂંઝાયા. એમને થયું કે, "આપણે વડતાલ દેશના સાધુ છીએ, અમરેલી આપણા માટે અજાણ્યો દેશ ગણાય, આપણા સાધુને અહીં કંઈ થઈ જાય તે ઠીક નહિ."

શાસ્ત્રી બલરામદાસજીને સમર્થ સંત સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી યાદ આવ્યા. તેઓ બાલમુકુંદદાસજી સ્વામીનો મહિમા સમજતા હતા. એમણે હરિભક્તોને પૂછ્યું કે, "સ્વામી બાલમુકુંદદાસજી હાલ ક્યાં બિરાજતા હશે ?"

હરિભક્તોએ કહ્યું,"સ્વામી ! બાલમુકુંદદાસજી સ્વામી અહીંથી થોડે દૂર મોટા ગોખરવાળા ગામે બિરાજે છે."

શાસ્ત્રી સ્વામીએ કહ્યું, "તમે કોઈ હરિભગત તાબડતોબ ગોખરવાળા જાવ અને સ્વામીને અમરેલી તેડી લાવો.

સ્વામીની કૃપાદ્રષ્ટિ થશે તો જ આ સાધુ સાજાં થશે." શાસ્ત્રી સ્વામીના કહેવાથી કોઈ હરિભગત તાત્કાલિક ગોખરવાળા પહોંચ્યા અને સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીને બધી વાત કરી. સ્વામી તુરત જ સંત-મંડળ સાથે અમરેલી પધાર્યા.

શાસ્ત્રી બલરામદાસજીએ સ્વામીને જગતપાવનદાસની બીમારીની વાત કરતાં કહ્યું કે, "સ્વામી ! જગતપાવનદાસનું ગળુ બંધ થઈ ગયું છે, ગળે પાણી પણ ઉતરતું નથી. તમે મહારાજને પ્રાર્થના કરો તો સાધુને સારું થાય."

શાસ્ત્રી બલરામદાસજીની વાત સાંભળી સ્વામીએ કહ્યું, "શાસ્ત્રીજી ચિંતા કરશો નહિ. મહારાજ જગતપાવનદાસને પાવન કરશે."

સ્વામીએ બે પાવળા ઉનું પાણી અને બે પાવળા ઉનું ઘી મંગાવ્યું અને બંનેનું મિશ્રણ કરી જગતપાવનદાસજીને પાયું.

સ્વામી બાલમુકુંદદાસજીના હાથનું પાણી અને ઉનું ઘી જગતપાવનદાસજી સહજતાથી પી ગયા. એમનું ગળુ ખુલી ગયું. ઘી અને પાણી તો નિમિત્ત હતા.

શ્રીજી મહારાજની કૃપા અને બાલમુકુંદદાસજી સ્વામીના આશીર્વાદથી જગતપાવનદાસજીને સારું થયું. તેઓ મોતના મોઢેથી પાછા વળ્યા.

સ્વામીનો આવો પ્રતાપ જોઈને શાસ્ત્રી બલરામદાસજી અને તેમના શિષ્ય યોગેશ્વરદાસજીને સ્વામીનો ભારે ગુણ આવ્યો.

ઉપાસનારૂપી નાવ

શ્રીજી મહારાજે વચનામૃતમાં કહ્યું કે, ''માન-અપમાન સુખઃદુખરૂપી નાની નાની નદીઓ તરવી હોય તો આત્મનિષ્ઠા કામ લાગે પરંતુ મૃત્યુરૂપી મહાસાગર ઉપાસનારૂપી નાવ સિવાય તરી શકાતો નથી.''

આવો જ એક પ્રસંગ રાજકોટ ખાતે બન્યો. પ્રસંગ રહસ્યથી ભરપૂર છે પરંતુ ઉપાસનારૂપી વહાણને સમજવા માટે અતિ મહત્ત્વનો છે.

બાલમુકુંદદાસજી સ્વામી રાજકોટમાં બિરાજતા હતા. આ અરસામાં જૂનાગઢના કેટલાક સાધુઓ સમૈયો કરવા વડતાલ ગયા હતા. સમૈયો પૂરો થયા બાદ સાધુઓ પાછા વળ્યા અને રાજકોટ આવ્યા.

આ સાધુઓમાં એક હરિપ્રકાશદાસજી નામના સાધુ હતા. તે બીમાર થઈ ગયા. ઔષધ-ઉપચાર કર્યા પણ માંદગી મટી નહિ.

એક દિવસ અર્ધરાત્રિનો સમય હતો. હરિપ્રકાશદાસજીને ખૂબ જ પીડા ઉપડી અને દેહ પડી જાય તેવી સ્થિતિ થઈ. પરંતુ એ જ સમયે એક વિશાળ કાળ પુરુષ પ્રગટ થયો. એણે સાધુના આત્માને દેહમાંથી નીકળવા દીધા નહિ.

સ્વામી હરિપ્રકાશદાસજીએ સેવક સાધુને કહ્યું, ''મારે દેહ છોડી મહારાજના ધામમાં જવું છે પણ આ કાળપુરુષ મને કોઈ રીતે દેહમાંથી નીકળવા દેતો નથી. તમે તુરત જ જઈને બાલુમુકુંદદાસજી સ્વામીને વાત કરો અને સ્વામીને અહીં તેડી લાવો. સ્વામીની કૃપા સિવાય આ કાળપુરુષનું આવરણ ટળે તેમ નથી લાગતું.''

સેવક સાધુ તરત જ બાલમુકુંદાસજી સ્વામી પાસે ગયા અને સ્વામીને બધી વાત કરી. સ્વામી તુરત જ માંદા સંત પાસે આવ્યા. થોડા સંતો-પાર્ષદો પણ ભેગા થઈ ગયા. સ્વામીએ બધાને કહ્યું, ''તમે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરો'' અને માંદા સાધુને કહ્યું, ''સાધુરામ ! તમે મહારાજ અને મોટા સંતોને સંભારો. શ્રીજી મહારાજના સર્વોપરી મહિમાનું અનુસંધાન કરો એ સિવાય અત્યારે બીજો કોઈ ઉપાય કામમાં આવશે નહિ. મહારાજ અને મોટા સંતોની કૃપા થાય તો જ કાળ,કર્મ,માયાના આવરણો હટે એવાં છે.''

આટલું કહી સ્વામી સ્વયં મહારાજ તેમજ ગુણાતીતાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી વગેરે મોટા મોટા સંતોને સંભારવા લાગ્યા. સ્વામીના કહેવાથી માંદા સાધુએ મહારાજની મૂર્તિનું બળ સંભાર્યું, મોટા મોટા સંતોને યાદ કર્યા. પરિણામે કાળપુરુષ દેખાતો બંધ થઈ ગયો.

થોડા સમય બાદ મહારાજે સ્વામી હરિપ્રકાશદાસજીને દર્શન દીધા અને ધામમાં તેડી ગયા. પાપના પાશ છૂટવા સહેલા છે. યમના પાશ છૂટવા સહેલા છે પણ માયાના આવરણ ટાળવા અને કાળ પુરુષના આવરણ કાપવા ભારે કપરાં છે.

મહારાજ અને સદ્‌ગુરુઓની સહાયતા વિના એ પાશ કાપવા કઠણ છે.

આ દિવ્ય ઘટનાની સાથો સાથ એક બીજી પણ દિવ્ય ઘટના બની.

સ્વામી બાલમુકુંદદાસજીના મંડળમાં સ્વામી ધર્મનંદનદાસજી કરીને એક સંત હતા. એ સંતને પેટમાં ટાઢી ગાંઠનું દર્દ હતું. અનેક ઉપચાર કરવા છતાંય ટાઢી ગાંઠ મટતી નહોતી. એટલે એ સાધુ જિંદગીથી કંટાળી ગયા હતા.

સ્વામી બાલમુકુંદદાસજીએ એ સાધુને કહ્યું, “સાધુરામ ! આ હરિપ્રકાશદાસજી ધામમાં ગયા એની સાથે તમે કંઈ ભલામણ કરી કે નહિ ?”

સ્વામી ધર્મનંદનદાસજીએ કહ્યું, “સ્વામી ! શેની ભલામણ ?”

સ્વામીએ કહ્યું, “મહારાજ તમને તેડવા આવે એની.” સાધુએ કહ્યું, “સ્વામી ! મેં તો એવી કાંઈ ભલામણ કરી નથી.” સ્વામીએ કહ્યું, “કાંઈ વાંધો નહીં સાધુરામ. હવે બીજી વાત, તમારું આ ટાઢી ગાંઠનું દરદ મટતું નથી, તો ધામમાં જવું છે ?”

સાધુ બોલ્યા, “સ્વામી ! આપ કૃપા કરી મને ધામમાં મોકલી દો તો બહુ સારું.” સ્વામી કહે, “તો મહારાજની મૂર્તિને સંભારી ભજન કરવા માંડો, આવતી કાલે સવારમાં મહારાજ તમને ધામમાં તેડી જશે.”

સ્વામીના વચને ધર્મનંદનદાસજી શ્રીજી મહારાજને સંભારી ભજન કરવા લાગ્યા. બીજે દિવસે સવારે મહારાજે એમને દર્શન દીધા. મહારાજના દિવ્ય દર્શન કરતા સાધુ અત્યંત ભાવવિભોર થઈ ગયા. અહો અહો ! કરવા લાગ્યા અને “જય સ્વામિનારાયણ” કહીને શરીર છોડી દીધું.” સમર્થ સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીના પ્રતાપથી સ્વામી હરિપ્રકાશદાસજી અને સ્વામી ધર્મનંદનદાસજી બંને સાધુ ગાયના પગલાંને ઓળંગે એવી સહેલાઈથી મૃત્યુરૂપી મહાસાગરને તરી અને મહારાજની મૂર્તિના સુખે સુખિયા થઈ ગયા.

જન્મોજન્મ યોગ-સાધના કરવાથી પણ જે વસ્તુ સિદ્ધ થઈ શકતી નથી એ સ્વામી જેવા સત્‌પુરુષની કૃપાથી સહજમાં સિદ્ધ થાય છે.

શ્રીકૃષ્ણદાસને ધામમાં મોકલ્યા

એક વખત સ્વામી કાલસારી બિરાજમાન હતા. સ્વામીના એક સંત શ્રીકૃષ્ણદાસજી હતા.

તેઓને હાથધોવણું થયું. એમને વારેઘડીએ બહિર્ભૂમિ જવું પડતું હતું. શરીરે અશક્તિ આવી ગઈ હતી, એટલે સ્વામીએ મંદિરના ફળિયાના એક ખૂણે ખાડો કરાવી દીધો હતો.

સ્વામી કાલસારીથી વડતાલ સમૈયા ઉપર જવાના હતા.

સ્વામીએ માંદા સાધુને કહ્યું, "કૃષ્ણદાસ ! તમે માંદા છો. અમારી સાથે તમે ચાલી નહિ શકો, માટે બે સાધુ તમારી સેવામાં રહેશે, તમારે અહીં કાલસારી રહેવું હોય તોય ભલે અને જો તમારી ઈચ્છા હોય તો તરવડામાં આપણા હેતવાળા હરિભક્તો છે, ત્યાં તમને રાખીએ, અને જો ધામમાં જવું હોય, તો ધામમાં મોકલી દઈએ." શ્રીકૃષ્ણદાસજી વૃદ્ધ હતા, ભારે ભગવદીય હતા, એમણે કહ્યું, "સ્વામી ! જો તમે મને ધામમાં મોકલી દેતા હો, તો મારે બીજે ક્યાંય જાવું નથી."

સ્વામીએ કહ્યું, "શ્રીકૃષ્ણદાસ ! તો પછી તમે મહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખી ભજન કરવા માંડો, આવતી કાલે સવારે તમને મહારાજ તેડી જશે."

સ્વામીના કહેવાથી શ્રીકૃષ્ણદાસજીએ મહારાજની મૂર્તિને સંભારી ભજન કરવા માંડ્યું. આ બાજુ સ્વામીએ કોઈ સાધુને કહ્યું, "સાધુરામ ! મંદિરના ખૂણામાં પેલો ખાડો કર્યો છે, એ પૂરી દ્યો."

સાધુએ કહ્યું, "સ્વામી ! પણ આ શ્રીકૃષ્ણદાસને દિવસમાં દસ-બાર વખત ઝાડે જવું પડે છે, જો ખાડો પૂરી દઈશું તો એ ક્યાં જશે ?"

સ્વામીએ કહ્યું, "સાધુરામ ! તમે એની ચિંતા કરો મા. એને હવે કાંઈ નહિ થાય. એ તો હવે સાવ સાજાં-સારાં થઈ જવાના છે. એને ક્યારેય નખમાંય રોગ ન આવે, એવો દિવ્ય દેહ પ્રાપ્ત થવાનો છે."

સ્વામીની ગૂઢ વાણી પેલા સાધુ કેટલી સમજ્યા હશે ? એ તો ભગવાન જાણે, પરંતુ સ્વામીના કહેવાથી એમણે ખાડો પૂરી દીધો. આ બાજુ શ્રીકૃષ્ણદાસજીને જ્યાં દસ-બાર વખત ખાડે જવું પડતું એને બદલે એકપણ વખત જવું ન પડ્યું.

સવારનો સમય થયો. સ્વામી શ્રીકૃષ્ણદાસજીની પાસે આવીને બિરાજમાન થયા અને પોતાની હાજરીમાં જ શ્રીકૃષ્ણદાસજીને ધામમાં મોકલ્યા. શ્રીકૃષ્ણદાસજીના શરીરની અંતિમવિધિ કરાવી સ્વામી વડતાલ સમૈયે પધાર્યા.

ઇન્દરજીભાઇની કાળથી રક્ષા

રાજકોટમાં લુવાણા જ્ઞાતિમાં ઈન્દરજીભાઈ કરીને બહુ સારા સત્સંગી હતા. એક વખત એમને એક કાળો, બિહામણો, ઊંચો તાડ જેવો પુરુષ દેખાયો.

ઈન્દરજીભાઈએ તેને પૂછ્યું, "તમે કોણ છો ?"

પેલા પુરુષે કહ્યું, "હું તારો કાળ છું અને આજથી એક મહિના પછી તારું આયુષ્ય પૂરું થતાં હું પાછો આવીશ અને તને લઈ જઈશ." આટલું કહીને એ કાળપુરુષ અદશ્ય થઈ ગયો.

કાળપુરુષની વાત સાંભળીને ઈન્દરજીને હૃદયમાં ડર બેસી ગયો.

એ સમયે રાજકોટમાં સ્વામી ભક્તિતનયદાસજી બિરાજતા હતા.

ઈન્દરજીભાઈને સ્વામી ભક્તિતનયદાસજી સાથે હેત હતું. એટલે એણે સ્વામીને વાત કરી કે,"સ્વામી ! મને કાળપુરુષે કહ્યું છે કે, આજથી એક મહિના પછી મને લઈ જશે. પણ મારો દીકરો હજુ નાનો છે.

મારે હજુ એને વરાવવા પરણાવવાનો બાકી છે. માટે તમે કૃપા કરી મારી કાળથી રક્ષા કરો."

સ્વામી ભક્તિતનયદાસજીએ કહ્યું, "ઈન્દરજી ! તમે જેતપુર જાઓ. હાલમાં ત્યાં સમર્થ સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી બિરાજે છે. એમની પાસે કાળનું કાંઈ નહીં ચાલે. એ તમારી કાળ થકી રક્ષા કરશે."

સ્વામી ભક્તિતનયદાસજીના કહેવાથી ઈન્દરજી જેતપુર ગયા, સ્વામીના દર્શન કરી, પગે લાગી પાસે બેઠા અને બધી વાત કરી.

સ્વામીએ કહ્યું, "ઈન્દરજી ! તમે અહીં રહો અને મંદિરની સેવા કરો. અમે મહારાજને પ્રાર્થના કરીશું, એટલે કાળ તમારો વાળ વાંકો નહીં કરી શકે."

સ્વામીની આજ્ઞાથી ઈન્દરજીભાઈ જેતપુરમાં રોકાયા અને સ્વામીના વચનમાં વિશ્વાસ રાખીને મંદિરની નાની-મોટી સેવા કરવા લાગ્યા.

ઠાકોરજીના થાળ માટે ગામમાંથી ઘી, ગોળ, લોટ, શાકભાજી લાવવા, મંદિર વાળવું વગેરે સેવાઓ તેઓ ખૂબ શ્રદ્ધાથી કરતા.

આમ કરતાં કરતાં એક મહિનો પસાર થઈ ગયો.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીના આશીર્વાદથી એમની ફરતે રક્ષા કવચ સર્જાયું. એ રક્ષા કવચને તોડવાની કાળ પુરુષની કોઈ ત્રેવડ નહોતી.

અનંત કોટિ ભુવનનું પળમાં ભક્ષણ કરી જનાર કાળ ઈન્દરજીના રક્ષા કવચ પાસે લાચાર હતો. એક મહિનો પસાર થઈ ગયો. કાળ પુરુષે આપેલી અવધિ પૂરી થઈ ગઈ. કાળ પુરુષે ઈન્દરજીને ફરતા ખૂબ આંટા માર્યા પરંતુ ઈન્દરજીનો વાળ વાંકો થઈ શક્યો નહિ. ઈન્દરજીએ પોતાના દીકરાને લાડે કોડે પરણાવ્યો અને મનના મનોરથ પૂરા કર્યા.

એક ને સાજા કર્યા : એક ને ધામમાં મોકલ્યા

એકવાર બાલમુકુંદદાસજી સ્વામી જૂનાગઢમાં બિરાજમાન હતા. એ સમયે બે પાર્ષદો લક્ષ્મણ ભગત અને જેસંગ ભગત માંદા પડ્યા.

જૂનાગઢમાં માંદાઓની સારવાર માટે અલગ જગ્યા હતી. જે 'માંદાની હોસ્પિટલ' તરીકે જાણીતી હતી.

માંદા સંતો-પાર્ષદોને માંદાની જગ્યામાં રાખવામાં આવતા અને ત્યાં તેમના ઉપચાર કરવામાં આવતા. મંદિરના સદ્‌ગુરુ સંતો અવાર-નવાર માંદા સંતોની ખબર કાઢવા આવતા. સેવાભાવી સંતો-પાર્ષદો માંદાની સેવા કરતા.

લક્ષ્મણ ભગત અને જેસંગ ભગતના આસન માંદાની જાયગામાં રાખવામાં આવ્યા હતા. બંનેની માંદગી ગંભીર બની હતી.

બાલમુકુંદદાસજી સ્વામી માંદાની હોસ્પિટલમાં માંદાઓને જોવા પધાર્યા.

બંને પાર્ષદોએ સ્વામીના દર્શન કર્યા. અને સ્વામીને વિનંતિ કરી કે, "સ્વામી ! અમને ધામમાં મોકલી દો."

સ્વામીએ થોડીવાર બંને પાર્ષદો સામે જોયું પછી બોલ્યા, "પાર્ષદો ! આમ તો તમારા બેયની આવરદા પૂરી થઈ ગઈ છે."

પાર્ષદોએ કહ્યું, "સ્વામી ! તો અમે પણ ધામમાં જવા માટે તૈયાર છીએ."

સ્વામીએ લક્ષ્મણ ભગતની સામે જોયું અને બોલ્યા, "ભગત ! આજથી આઠમે દિવસે મહારાજ તમને તેડી જશે. માટે તમે હવે અંતરવૃત્તિ વાળી બધા ઘાટ-સંકલ્પનો ત્યાગ કરી, મહારાજનું ભજન કરવા માંડો."

લક્ષ્મણ ભગતે કહ્યું, "ભલે સ્વામી ! હું ધામમાં જવા માટે તૈયાર છું"

ત્યારપછી સ્વામીએ પાર્ષદ જેસંગભગતની સામે જોયું, જેસંગભગત બોલ્યા, "સ્વામી ! મને પણ વહેલાસર ધામમાં મોકલી દો."

સ્વામીએ કહ્યું, "ભગત ! તમારો સમય તો થઈ ગયો છે પરંતુ અમારે તમારી પાસે હજી મંદિરની સેવા કરાવવી છે. માટે મહારાજ તમને હમણાં નહિ લઈ જાય. અમે તમારો મંદવાડ મટી જાય એવી મહારાજને પ્રાર્થના કરીએ છીએ."

એકસાથે બેય પાર્ષદો ધામમાં જાય તો અહી મંદિરની સેવામાં તાણ્ય પડે.

સ્વામી બાલમુકુંદદાસજીના વચને આશ્ચર્યકારક ઘટના ઘટી.

એક બાજુ સ્વામીએ વાત કરી હતી એ પ્રમાણે અઠવાડિયા બાદ શ્રીજી મહારાજ લક્ષ્મણ ભગતને ધામમાં તેડી ગયા અને જેસંગ ભગત સાજા-સારા થયા.

જેસંગભગત જીવ્યા ત્યાં સુધી સ્વામીના વચને મંદિરની ખૂબ સેવા કરી.

જેસંગ ભગત કહેતા, “મારી તો આવરદા ખૂટી ગઈ હતી પણ સ્વામી બાલમુકુંદદાસજીએ મને મંદિરની સેવા માટે રાખ્યો છે.”

મહાપુરુષોની રીત અકળ હોય છે. એમને સમજવા મુશ્કેલ છે. એ ધારે તો ધામમાં મોકલે અને ધારે તો જીવલેણ માંદગીમાંથી પણ બેઠા કરે.

સમર્થ મહાપુરુષો સામાન્ય માણસો જેવા જ દેખાતા હોય, પરંતુ એમનામાં અગાધ ઐશ્વર્ય ભરેલું હોય, જેને કોઈ વિરલા જ જાણી શકે છે. સામાન્ય સંસારીઓની બુધ્ધિ મહાપુરુષોના માપ કાઢી શકતી નથી.

ઘરે જવું છે કે ધામમાં જવું છે?

એક વાર સ્વામી દેવદીવાળીનો સમૈયો કરવા વડતાલ જઈ રહ્યા હતા.

રસ્તામાં હરિભક્તોને સુખ આપતા આપતા સ્વામી મોટા ગોખરવાળા પધાર્યા. ગોખરવાળામાં રણછોડ નામના કણબી ભક્ત હતા. દૈવ યોગે રણછોડ ભગતનું શરીર માંદુ સાજું રહેતું હતું. સ્વામીનાં દર્શન કરી રણછોડ ભગતને થોડી શાંતિ થઈ. એમણે સ્વામીને કહ્યું, ‘સ્વામી ! મારા મનમાં વડતાલનો સમૈયો કરવાની ખૂબ જ ઈચ્છા છે પણ આ ઝીણી-મોટી માંદગીને લીધે ક્યાંય બહાર જવાની હિંમત હાલતી નથી.’

રણછોડ ભગતની વાત સાંભળી સ્વામીના અંતરમાં દયા આવી. એમણે કહ્યું, ‘રણછોડ! તારે ખરેખર સમૈયાનાં દર્શન કરવાં છે ?’ રણછોડ ભગતે કહ્યું, ‘સ્વામી ! ઈચ્છા તો ઘણી થાય છે પણ માંદગી કેડો મેલતી નથી એનું શું કરવું ?’

સ્વામી કહે, ‘રણછોડ ! તું માંદગીની ચિંતા મેલી દે અને અમારી હાર્યે હાલ. તારો શુભ મનોરથ પૂરો થશે. મહારાજ તને ઉની આંચ નહિ આવવા દ્યે’.

સ્વામીનાં વચનમાં વિશ્વાસ રાખી રણછોડ ભગત સ્વામીની સાથે ચાલ્યા.

સ્વામીએ એમને વડતાલના સમૈયા ઉપરાંત બીજા અનેક મંદિરોના દર્શન કરાવ્યાં. સ્વામી વડતાલથી નીકળી સુરત, ભરુચ, વડોદરા, અમદાવાદ, સારંગપુર, ગઢડા વગેરે પવિત્ર તીર્થસ્થળોનાં દર્શન કરતા કરતા મોટા આંકડીયા પધાર્યા.

જૂના જમાનાની આ હાડમારીભરી મુસાફરીમાં માંદા રણછોડ ભગત હેમ ખેમ રહ્યા.

આંકડીયા આવ્યા બાદ રણછોડ ભગતે હાથ જોડીને સ્વામીને કહ્યું, ‘સ્વામી! આપની દયાથી મેં ધારી નો’તી એવી જાત્રા થઈ. આપના પ્રતાપથી મારી માંદગી

ક્યાંય આડી ન આવી અને હેમખેમ આટલે પહોંચાયું. હવે જો તમે રજા આપો તો ગોખરવાળા ઘરે જવાનો વિચાર છે.'

સ્વામીએ રણછોડ તરફ મીટ માંડતાં કહ્યું, 'એલા રણછોડ ! આવા સાધુને મૂકીને તને ઘેર જવાનું મન કેમ થાય છે ?'

રણછોડ ભગતે દીનભાવે કહ્યું, 'સ્વામી ! ખરેખર આપ જેવા સંતને છોડીને ઘેર જવાનું મન થતું નથી પરંતુ મનમાં એક એવો સંકોચ થયા કરે છે કે આટલા બધા દિવસ સાધુ પાસે સેવા કરાવી, હવે વધારે સેવા ન કરાવાય. હવે આપણો દેશ આવી ગયો છે એટલે રજા આપો તો ધીરે ધીરે ઘેર પહોંચી જઈશ.'

સ્વામીના અંતરમાં આ મુમુક્ષુનું આત્યંતિક કલ્યાણ કરવાની મોજ ચડી અને પ્રશ્ન કર્યો, 'એલા રણછોડ ! ઘેર જેવું છે કે ધામમાં જવું છે ?'

બીજા કોઈને આવો અચાનક પ્રશ્ન કરવામાં આવ્યો હોય તો હેબતાય જાય પણ આ રણછોડ ભગત સ્વામીના સમાગમ કરતા કરતા જગતનું નાશવંતપણું જાણી બેઠા હતા. એમણે સ્વામીને કહ્યું, 'સ્વામી ! જો તમે દયા કરીને મને ધામમાં મોકલી દેતા હો તો મારે ઘેરે નથી જવું.'

મહાપ્રતાપી સ્વામી બોલ્યા, 'તો રણછોડ ! સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરવા માંડ. આવતી કાલે એકાદશીના દિવસે મહારાજ તને તેડી જશે પણ જોજે હો ક્યાંય વાસના રાખતો નહિં.'

રણછોડ ભગતને સ્વામીના વચનમાં વિશ્વાસ હતો. એમણે ભજન કરવા માંડ્યું. રાત્રે શરીરમાં ટાઢીયો તાવ ચઢ્યો. શરીર તાવથી ધ્રૂજવા માંડ્યું એટલે કોઈ સંતે તાપવા માટે સગડી કરી આપી.

રણછોડ ભગત સગડીએ તાપી રહ્યા હતા. વહેલી સવારનો પાંચ વાગ્યાનો સમય હતો. અચાનક અજવાળા થયાં અને રણછોડ ભગતને દિવ્ય પ્રકાશમાં શ્રીજી મહારાજનાં દર્શન થયાં.

મહારાજે કહ્યું, 'રણછોડ ! સ્વામીના વચને અમે ધામમાંથી તને તેડવા આવ્યા છીએ તો હાલ અમારી હાર્યે !'

રણછોડ ભગત શરીર છોડી મહારાજની સાથે ચાલતા થયા. પંરતુ માયા બડી મસ્તાની છે, ભારે ઝીણી અને જબરી છે, પીપળાના મૂળની પેઠે એ ક્યારે પાંગરી જાય એ કાંઈ નક્કી નથી.

ધામમાં જતાં જતાં રણછોડ ભગતને માયા આડી આવી. ભગતના મનમાં સંકલ્પ થયો કે 'મારે મારા ભાઈ ડાહ્યાને મળવું હતું અને કેટલીક ભલામણ કરવી

હતી પણ ભેળું થવાયું નહિં.' રણછોડ ભગતે જેવો આવો સંકલ્પ કર્યો કે એ જ સમયે મહારાજે એમને પાછા દેહમાં મેલી દીધા અને અદશ્ય થઈ ગયા.

રણછોડ ભગત ભારે પસ્તાયા અને સ્વામી પાસે આવી રોવા લાગ્યા અને સ્વામી બધું જ જાણતા હતા છતાં પૂછ્યું, 'એલા રણછોડીયા શા માટે રડે છે ?'

રણછોડ ભગતે બધી જ વાત કહી અને રડતા રડતા કહેવા લાગ્યા, 'સ્વામી મારા ભાગ્ય ફૂટ્યા કે ખુદ મહારાજ તેડવા આવ્યા અને મને મારો ભાઈ યાદ આવ્યો. મહારાજ મને મેલીને ચાલ્યા ગયા.'

સ્વામીએ કહ્યું, 'રણછોડ ! એટલે તો મેં તને સાવધાન કર્યો હતો કે ક્યાંય વાસના રાખીશ નહિં.' રણછોડ ભગતે કહ્યું, 'સ્વામી ! હું ભૂલ્યો.'

સ્વામી બોલ્યા, 'રણછોડ ! ચિંતા કરીશ નહિં. મહારાજ તો દયાળુ છે, હજુ પણ તને ધામમાં લઈ જવા તૈયાર બેઠા છે. હવે તું ધામમાં જવાની પૂરેપૂરી તૈયારી કરી લે. તારા મનમાં જે જે સંકલ્પ હોય તે કહી દે.'

આમ કહી સ્વામીએ પીતાંબરભાઈને બોલાવ્યા અને કહ્યું 'આને જે જે મનસુબા હોય તે કાગળમાં લખી લ્યો.' સ્વામીની આજ્ઞાથી રણછોડ ભગતે પોતાના ભાઈને જે જે ભલામણ કરવાની હતી તે બધી પીતાંબરભાઈને લખાવી.

સ્વામીએ પૂછ્યું, 'રણછોડ ! હવે કાંઈ મનસુબો રહેતો નથી ને ?' રણછોડ ભક્તે કહ્યું, 'સ્વામી ! હવે કાંઈ મનસૂબો રહેતો નથી. હવે હું ધામમાં જવા તૈયાર છું.'

સ્વામી કહે, 'જો તું તૈયાર હો તો મહારાજ પણ તૈયાર છે. આવતી કાલે બારસના રોજ સવારે મહારાજ તને તેડી જશે.' સ્વામીએ આવું કહ્યું ત્યારે પડખે બેઠેલા હરિભક્તોએ પૂછ્યું, 'સ્વામી ! આને હમણાં તો મહારાજ પાછો મૂકી ગયા અને ફરીથી તરત તેડી જશે?' સ્વામી કહે, 'શ્રીહરિ કરુણાના સાગર છે. મા જેમ બાળકની ભૂલોને ગણતી નથી તે જ રીતે મહારાજ પણ ભક્તવત્સલ હોવાથી ભગતના ગુનાઓને માફ કરે છે. માટે મહારાજ અવશ્ય ફરીથી તેડવા આવશે.' આટલું કહી સ્વામીએ રણછોડ ભગતને કહ્યું, 'ભજન સ્મરણ કરવા માંડ અને હવે મહારાજ સિવાય બીજે ક્યાંય વૃત્તિ રાખતો નહિં.'

એકાદશીનો દિવસ હતો. સર્વ સંતો ઉપવાસી હતા. રાત્રે મોડે સુધી બધાયે ભજન કીર્તન કરતા કરતા જાગરણ કર્યું.

રાત્રે બાર વાગ્યે સ્વામીએ પીતાંબરભાઈને કહ્યું, "આજે બધા સાધુ ઉપવાસી છે. માટે આવતી કાલે તમારે ત્યાં વહેલી સવારના પારણાની વ્યવસ્થા કરાવો. આ

રણછોડ ભગત માંદા છે તે દેહ મૂકી જશે તો આ સાધુને બીજે દિવસે પણ જમાશે નહિં.'' સ્વામીની આજ્ઞા પ્રમાણે પીતાંબરભાઈએ પોતાને ત્યાં પવિત્રપણે રસોઇ કરાવી. બધા જ સાધુઓને પારણા કરાવ્યાં.

જેવા પારણા પૂરા થયાં કે આ બાજુ મહારાજ રણછોડ ભગતને તેડવા આવ્યા. આ સમયે સ્વામી કૃષ્ણચરણદાસજી અને થોરડીવાળા તેજા ભગત સ્વામીની આજ્ઞાથી રણછોડ ભગતને જોવા આવ્યા.

રણછોડ ભગતે કહ્યું, 'સ્વામી ! મને તરસ લાગી છે. પાણી પાઓ.' કૃષ્ણચરણ સ્વામીએ રણછોડ ભગતને પાણી પાયું.

રણછોડ ભગત બોલ્યા, 'સ્વામી ! મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને મોટા મોટા સંતો મને ધામમાં તેડવા આવ્યા છે, સ્વામી બાલમુકુંદદાસજીની કૃપાથી હું મહારાજના ધામમાં જાઉં છું. સર્વને મારા જય શ્રી સ્વામિનારાયણ કહેજો.'

આટલું કહી રણછોડ ભગતે દેહ મેલી દીધો.

મૂળશંકરની માંદગી કાઢી

મોટા આંકડીયાના ત્રિવેદી પીતાંબર રુગનાથ મહાન ભક્ત હતા. એમના હૃદયમાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી અને બાલમુકુંદદાસજી સ્વામી પ્રત્યે ભારે અહોભાવ અને મહિમા હતો.

બાલમુકુંદદાસજી સ્વામીનો સમાગમ કરી પોતાના અંતરમાં ભગવાન સ્વામિનારાયણની સર્વોપરિ ઉપાસના દૃઢ કરી હતી. સ્વામીના સમાગમથી તેઓ આજ્ઞા ઉપાસનાની મૂર્તિ સમા થયા હતા. સ્વામીએ એમને બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ઉપાસના કરવાની અસલી રીત શીખવી હતી. સ્વામીના વચનમાં એમને ભારે વિશ્વાસ હતો. સ્વામીની આજ્ઞા એ જ એમનું જીવન હતું.

તેઓશ્રી સ્વામીના કૃપાપાત્ર શિષ્ય હતા. શરુઆતમાં તેમનો વ્યવહાર સાધારણ હતો પણ સ્વામીની કૃપાથી પાછળથી એમનો વ્યવહાર ઘણો સારો થયો હતો. એમણે તન મન ધનથી સત્સંગની ખૂબ જ સેવા કરી હતી. સ્વામીની આજ્ઞા થાય એટલે તેઓ ગમે તેવા મહત્ત્વના કાર્ય હોય તો પણ તે છોડીને સ્વામી પાસે હાજર થઈ જતા હતા.

પીતાંબરભાઈ વ્યવહારકાર્યમાં ખૂબ જ કુશળ હતા. નામું ઠામું સારી રીતે જાણતા હતા. સ્વામીની આજ્ઞાથી એમણે જૂનાગઢ, ઉના, ગોંડલ વગેરે મંદિરોના વહીવટમાં સારી સેવા બજાવી વહીવટ સુધાર્યા હતા અને મંદિરોને સમૃદ્ધ કર્યા હતા.

સંસારમાં રહેવા છતાં એમનું વર્તન સાધુઓને પણ આદર ઉપજે એવું નિર્લેપ હતું. સમર્થ સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી સાથે એમને અત્યંત આત્મબુદ્ધિ હતી. સ્વામીની રુચિ પ્રમાણે જ તેઓ રહેતા હતા.

એક સમયની વાત છે, એમના મોટા પુત્ર મૂળશંકર ખૂબ જ માંદા થયા. મંદવાડ એટલો વધ્યો કે દેહ ન રહે એવી સ્થિતિ થઈ.

આ સમયે સ્વામી રાજકોટ બાજુના માખાવડ ગામે બિરાજતા હતા. પીતાંબરભાઈએ સ્વામીને પત્ર લખ્યો અને બાવા ત્રિકમદાસને સ્વામી પાસે મોકલ્યા.

બાવા ત્રિકમદાસ રામાનંદી સાધુ હતા. તેઓ બાલમુકુંદદાસજી સ્વામી સાથે અમદાવાદ દર્શને ગયેલા ત્યારે નંદ પંક્તિના સંત પ્રસાદાનંદ સ્વામીએ એને સમાધિ કરાવી હતી. તેઓ એકધારા ત્રણ દિવસ સમાધિમાં રહ્યા હતા અને સર્વ અવતારો મહારાજમાંથી પ્રગટે છે અને મહારાજમાં લીન થઈ જાય છે એવો સાક્ષાત્કાર થયો હતો. સમાધિમાંથી જાગ્યા બાદ તેઓએ પ્રસાદાનંદ સ્વામી પાસે કંઠી બંધાવી શ્રીહરિના આશ્રિત થયા હતા અને એકાંતિક ભક્તરાજ થયા હતા. સ્વામિનારાયણ મહામંત્રની અખંડ માળા કર્યા કરતા હતા. તેમને કોઈ સંતાન નહોતું. બાલમુકુંદદાસજી સ્વામીના આશીર્વાદથી એમને પાંચ પુત્રો થયા હતા.

બાવા ત્રિકમદાસ પીતાંબરભાઈનો પત્ર લઈને માખાવાડ આવ્યા. પત્રમાં પીતાંબરભાઈએ વિનંતી કરી હતી કે ‘સ્વામી! મૂળશંકર ખૂબ જ માંદો છે. એનો દેહ રહે એમ લાગતું નથી. તો અંત સમયે છોકરાને દર્શન દેવા આપ મોટા આંકડીયા પધારો.’

સ્વામીએ પત્ર વાંચી ત્રિકમદાસને કહ્યું, ‘જાઓ પીતાંબરને કહેજો ચિંતા ન કરે. મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી મૂળશંકરની રક્ષા કરશે. મૂળશંકર સાજો થશે.’ સ્વામીએ આપેલા આશીર્વાદની સાથે બાવા ત્રિકમદાસ પાછા આંકડીયા આવ્યા. આ બાજુ જોત જોતામાં મૂળશંકરનો મંદવાડ દૂર થયો. મૂળશંકર સાવ સાજો થયો. સ્વામીની દયાથી પીતાંબરભાઈના અનેક મનોરથો પૂર્ણ થયા હતા.

પીતાંબરભાઈ વ્યાજ વટાવનો ધંધો કરતા હતા. એથી એમને વારંવાર કોર્ટ કચેરીમાં જવાનું થતું.

પોતે ગામડાના માણસ હોવાથી એમને મોટા મોટા અધિકારીઓ સાથે વાત કરવાનું ફાવતું નહિં અને ભારે સંકોચ રહેતો. એક વાર એમણે સ્વામીને પોતાની આ મૂંઝવણની વાત કરી.

પીતાંબરની મૂંઝવણ પારખી સ્વામી બોલ્યા, ‘પીતાંબર, આ બધા ગમે તેવા

મોટા હોય પણ એ જગતના જીવ છે જ્યારે આપણે તો અક્ષરધામના મુક્ત છીએ. જગતના જીવ વિષયી અને પામર ગણાય. આપણે એનાથી સહેજ પણ દબાવું નહિં. હૃદયમાં મહારાજને ધારીને કોર્ટ કચેરીમાં જવું. વાત કરવી તો પણ મહારાજને સંભારીને કરવી. મહારાજ તમારી જીભ ઉપર બેસીને બોલશે.'

સ્વામીના વચને પીતાંબરભાઈનું આત્મબળ જાગૃત થયું. એમની વાણીમાં ભારે પ્રભાવ પ્રગટ્યો. પછી તો પરિસ્થિતિ એવી ઉભી થઈ કે મોટા મોટા અધિકારીઓ પણ એનાથી ડરવા અને દબાવા લાગ્યા.

પીતાંબરભાઈ કહેતા, આ બધો તો મહારાજ અને સ્વામીનો પ્રતાપ છે.

મહારાજ એક મહિનામાં તેડી જશે

જામનગરમાં એક કડીયા હરિભક્ત હતા. એમનું નામ લાલાભાઈ હતું. લાલાભાઈને સત્સંગમાં ખૂબ જ પ્રેમ હતો. એમણે ગઢપુરમાં મંદિરનો દરવાજો ચણવામાં સારી એવી સેવા કરી હતી.

લાલાભાઈ ખાધે પીધે સુખી હતા. એમને ચાર દીકરા હતા. છોકરાઓ ઉંમર લાયક થયા ત્યારે સંતાનો પ્રત્યેના પ્રેમને લીધે લાલાભાઈએ પોતાની બધી જ સંપત્તિ છોકરાઓને વહેંચી દીધી. પોતાની મરણમૂડી માટે પણ કાંઈ ન રાખ્યું.

આખરે સ્વાર્થી સંસારનું રૂપ ઉઘાડું થયું.

લાલાભાઈ વૃદ્ધ થયા પણ ચારમાંથી એકેય દીકરો લાલાભાઈની સેવા કરવા તૈયાર નહોતો. લાલાભાઈના ત્રણ દીકરા દૂર દૂરના પ્રદેશોમાં કમાવા ગયેલા પરંતુ તેઓ લાલાભાઈનું જરાય ધ્યાન રાખતા નહોતા.

એક દીકરો જામનગરમાં જ હતો, પરંતુ એ સ્વભાવે ભારે હઠીલો હતો. એ પણ લાલાભાઈની સેવા કરવા રાજી નહોતો.

ડાહ્યા માણસોએ એને સમજાવ્યો પણ છોકરો માન્યો નહીં, એણે નિર્લજ્જ થઈને કહ્યું, 'પેલા ત્રણ બાપાનું ધ્યાન રાખતા નથી તો હું શું કામ રાખું? બાપા મારા એકલાના નથી, ચારેયના છે.

આ સાંભળીને લાલાભાઈના અંતરમાં ખૂબ જ દુઃખ થયું. એમણે ચારેય છોકરાઓને ઉછેરીને મોટા કર્યા હતા. પોતાની તમામ મૂડી છોકરાઓને વહેંચી દીધી હતી પણ ખરે સમયે છોકરાઓ કામમાં ન આવ્યા.

જગત નકરા સ્વાર્થથી ભરેલું છે. સ્વાર્થ સર્યે કોઈ કોઈનું સગું થતું નથી. સાચા સંતો અને ભગવાન જ જીવના સાચા સગાં છે.

લાલાભાઈ ભારે વેદના સાથે મનની વૃત્તિ પાછી વાળી મહારાજનું ભજન કરવા લાગ્યા. આ અરસામાં સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીનો જામનગર દેશમાં ફરવાનો વારો આવ્યો. તેથી સ્વામી જામનગર પધાર્યા હતા.

લાલાભાઈને સ્વામી સાથે ખૂબ જ હેત હતું અને સ્વામીના મહા સામર્થ્યને તેઓ જાણતા હતા.

લાલાભાઈ મંદિરે આવ્યા અને સ્વામીને પગે લાગી રડી પડ્યા. ઘણા સમયથી એમના અંતરમાં ઘૂંટાતી વેદના માવતર જેવા સાધુના દર્શન કરતા આંખો દ્વારા વહેવા લાગી. સ્વામીએ પૂછ્યું, 'લાલાભાઈ! કેમ આટલા બધા કોચવાવ છો?'

લાલાભાઈએ સ્વામીને પોતાની બધી જ પરિસ્થિતિ કીધી અને કહ્યું, 'સ્વામી ! મેં જગતને જોઈ લીધું, મને હવે ધામમાં મોકલી દો.'

કરુણામૂર્તિ સ્વામી બોલ્યા, 'ભલે ! લાલાભાઈ આજથી છ મહિના પછી મહારાજ તમને તેડી જશે.'

લાલાભાઈએ કહ્યું, 'સ્વામી ! એ મુદત તો બહુ લાંબી કહેવાય. મને મહારાજ વહેલા તેડી જાય એવું કરો.' સ્વામીએ કહ્યું, 'તો લાલાભાઈ ! તમને ત્રણ મહિનામાં મહારાજ તેડી જશે.' લાલાભાઈએ કહ્યું, 'સ્વામી! મારે હવે એક દિવસ પણ કાઢવો કઠણ પડે છે. તો આ ત્રણ મહિનાનો વાયદો ઘણો લાંબો કહેવાય.'

લાલાભાઈ જેવા મુમુક્ષુની વાત સાંભળી સ્વામી રાજી થયા અને બોલ્યા, 'ભલે લાલાભાઈ! તમને એક મહિનામાં મહારાજ ધામમાં તેડી જશે. મહિનો સુધી ખૂબ ભજન કરો અને ધામમાં જવાની પૂરેપૂરી માનસિક તૈયારી કરી લો.'

લાલાભાઈ સ્વામીની વાતને માથે ચડાવી ભજન કરવા લાગ્યા.

બરાબર એક મહિનાને પૂરો થવામાં એક દિવસ બાકી હતો અને મહારાજે દર્શન દીધા અને કહ્યું, 'લાલાભાઈ ! સ્વામીના વચને અમે તમને તેડવા આવ્યા છીએ. તો હાલો અમારા ધામમાં.'

લાલાભાઈ તો સ્વામીના જોગથી તૈયાર થઈને જ બેઠા હતા. એમણે રાજી ખુશીથી શરીર છોડ્યું અને મહારાજના ધામમાં ગયા.

શ્રીહરિ ખૂબ જ દયાળુ છે. શ્રીહરિ કાંતો રોગથી, કાંતો કર્મના ભોગથી, કાંતો સત્પુરુષોના જોગથી સાચા ભક્તના અંતરમાંથી દેહ ગેહની વાસનાઓ તોડાવી નિર્વાસનિક કરી શુદ્ધ કરે છે અને ધામમાં લઈ જાય છે.

લાલાભાઈની પરિવારની ઉપાધિ વાસના નિર્મૂળ કરવામાં આશીર્વાદરુપ બની. જોગે અને ભોગે લાલાભાઈ નિર્વાસનિક થયા અને મહારાજના ધામમાં ગયા.

મહારાજ અને મોટા સાધુ હાજરાહજૂર છે

જામનગરના જીવાભાઈ કડીયા ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર હતા.

સ્વામી જૂનાગઢમાં નવી ધર્મશાળાનું બાંધકામ કરાવતા હતા. એ સમયે જામનગરના જીવાભાઈ અને એમના પિતાશ્રી ભાણાભાઈએ ધર્મશાળાના બાંધકામમાં એક મહિના સુધી સેવા કરી હતી અને ગુણાતીતાનંદ સ્વામીનો રાજીપો મેળવ્યો હતો. જીવાભાઈ વહેવારે સુખી હતા. શરીરે પણ ખૂબ સારું હતું.

એમને ચાર દીકરા હતા. ચારેય દીકરા ભારે સમજુ હતા અને બાપાની ખૂબ સેવા કરતા હતા. આપણે આગળ જામનગરના કડિયા લાલાભાઈનો પ્રસંગ વાંચ્યો છે. લાલાભાઈ અને જીવાભાઈ બન્ને જામનગરના હતા. બેયને ચાર ચાર દીકરા હતા છતાં બન્નેની પારિવારિક પરિસ્થિતિ તદ્દન વિપરીત હતી. લાલાભાઈને પરિવારમાં બિલકુલ પ્રતિકૂળ પરિસ્થિતિ હતી જ્યારે જીવાભાઈના પરિવારમાં ભારે અનુકૂળ પરિસ્થિતિ હતી. પ્રતિકૂળ પરિસ્થિતિમાં વાસના ટળવી સહેલી હોય છે પણ પરિસ્થિતિ બધી રીતે સાનુકૂળ હોય ત્યારે જીવને આસક્તિ ટાળવી કઠણ પડે છે.

સાચા સત્પુરુષનો જોગ થાય તો પ્રતિકૂળ કે સાનુકૂળ પરિસ્થિતિમાં પણ વાસના નિર્મૂળ થઈ જાય છે.

જીવાભાઈને સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીનો જોગ હતો અને સમજણનું અંગ કેળવ્યું હતું. પરિણામે સર્વ રીતે અનુકૂળ પરિસ્થિતિમાં પણ જળમાં કમળ રહે તેમ નિર્લેપ રહેવાનો પ્રયાસ કરતા હતા. સ્વામી જામનગરમાં બિરાજતા હતા. જીવાભાઈએ સ્વામીને વિનંતી કરી, 'સ્વામી ! મારે ઘેર પધરામણી કરો.'

સ્વામીએ જીવાભાઈની વિનંતી માન્ય રાખી એમને ઘેર પધાર્યા.

જીવાભાઈ સ્વામીનું ભાવથી પૂજન કરી પગે લાગી પાસે બેઠા. જીવાભાઈ સ્વામીના પ્રબળ પ્રતાપને જાણતા હતા એટલે મીઠાં મેણાંના સૂરમાં બોલ્યા, 'સ્વામી! આ મોટા મોટા સાધુઓ અને ભગવાન ક્યાં ગયા ? શું ધરતી ખાલી થઈ ગઈ?'

બાલમુકુંદદાસજી સ્વામીએ પણ હસીને કહ્યું, 'જીવાભાઈ ! મહારાજ અને મોટા સાધુ ક્યાંય નથી ગયા, હાજરા હજૂર છે, પણ જીવમાંથી હા પડે તો થાય! બોલો તમારે શું કામ છે?'

જીવાભાઈ બોલ્યા, 'સ્વામી ! જો હાજરા હજૂર હોય તો મને ધામમાં કેમ તેડી જતા નથી ?' સ્વામી પરીક્ષા કરતા બોલ્યા, 'જીવાભાઈ ! ધામમાં તો માખણમાંથી મોવાળો કાઢે એમ તેડી જાય. દુઃખ પણ ન થાય અને જરાય વાર પણ ન લાગે.

પણ તમારે ધામમાં શા માટે જવું છે ? તમારે રોટલાની ખોટ નથી, ચાર ચાર દીકરા છે, હથેળીમાં સાચવે છે, રંગત ઢોલીયો ઢાળી દે છે, શરીર ખૂંતી જાય એવું જાડું ગાદલું પાથરી દે છે, તો ખાઓ- પીઓ અને મજા કરો. ધામમાં જવાની શી ઉતાવળ છે?'

જીવાભાઈ કહે, 'સ્વામી ! દુઃખ તો કોઈ વાતનું નથી, શરીર વૃદ્ધ થયું તોય મહારાજે હરતું ફરતું રાખ્યું છે પણ મનમાં એમ થયા કરે છે કે, માંદગીમાં શરીર પરાધીન થાય અને છોકરાઓની સેવા લેવી પડે એના કરતાં મહારાજ સાજા નરવા તેડી જાય તો સારું.' જીવાભાઈની વાત સાંભળી સ્વામી બોલ્યા, 'જીવાભાઈ ! ખરેખર તૈયાર છો, ક્યાંય વાસના નથી ?' જીવાભાઈએ કહ્યું, સ્વામી ! ખરેખર તૈયાર છું. તમારી કૃપાથી હવે મહારાજ વિના ક્યાંય મન લાગતું નથી.

સ્વામી બોલ્યા, 'જો તમે તૈયાર હો તો ભજન કરવા માંડો. બૈરાં છોકરાંમાં ક્યાંય મન રાખતા નહિં. એક અઠવાડિયામાં મહારાજ તમને તેડી જશે.'

સ્વામીના વચને જીવાભાઈએ જીવને મહારાજની મૂર્તિમાં જોડી દીધો અને બરાબર એક અઠવાડિયે મહારાજ તેમને ધામમાં તેડી ગયા.

ધામમાં જવાની વાત કરવી સહેલી છે, પરંતુ ધામમાં જવા માટે તૈયાર થવું એ વાત અઘરી છે.

મોટા મોટા યોગીઓ કે જ્ઞાનીઓ પણ જ્ઞાન અને કેફની સિદ્ધિઓમાં ગોથાં ખાઈ જતા હોય છે. જ્યારે સીધા સાદા સાધારણ જીવો પણ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ અને એમના મહાપ્રતાપી સંતોની કૃપાથી કાળ, કર્મ અને માયા ઉપર વિજય મેળવી અલૌકિક અક્ષરધામને પામે છે.

કેમ ભગત ! ગંધ કાઢવા આવ્યા ?

રુગનાથપુર ગામે ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર અરજણ બાપા વેકરિયા રહેતા હતા. તેઓ ખૂબ જ સારા એકાંતિક ભક્ત હતા. એમને અંત સમયે મહારાજે દર્શન દીધાં અને કહ્યું, 'અમે તમને ધામમાં તેડી જવા આવ્યા છીએ.'

અરજણબાપાએ બધા કુટુંબીજનોને ભેગા કરીને કહ્યું, 'મને મહારાજ તેડવા આવ્યા છે અને હું ભગવાનના ધામમાં જઉં છું.' આમ કહી અરજણબાપાએ દેહ મેલ્યો.

અરજણબાપાને વિમાનમાં બેસાડી મહારાજ ચાલતા થયા. રસ્તામાં મહારાજે અરજણ ભગતની ભારે કસોટી કરી.

રુગનાથપુર પાસેના જીકીયાળી ગામે અરજણબાપાના દીકરી રહેતા હતા. મહારાજે એમના ખેતર ઉપરથી વિમાન ચલાવ્યું. ખેતર સાવ રેઢું હતું અને ખેતરમાં પારકા ઢોર ચરતાં હતાં.

અરજણબાપાને વિમાનમાંથી આ બધું દેખાયું એટલે સંકલ્પ થયો કે 'દીકરીનું ખેતર રેઢું છે અને ધ્યાન રાખનારો કોઈ નથી.'

આ જ સમયે મહારાજ બોલ્યા, 'આપણા વિમાનમાં આટલી બધી દુર્ગંધ ક્યાંથી આવી ?'

વિમાનમાં મા જેવા દયાળુ સંત મુક્તાનંદ સ્વામી વિરાજમાન હતા. એમને બધી વાતનો અણસાર આવી ગયો હતો એટલે અરજણ ભગત ઉપર દયા કરીને સ્વામી બોલ્યા, 'મહારાજ! આ લોક જ ગંધારું છે એટલે ગંધ આવે છે. હમણાં આપણે વિરજા નદીને સામે પાર પહોંચી જઈશું એટલે ગંધ નહિં આવે.'

મહારાજે કહ્યું, 'પણ સ્વામી ! લોકની ગંધ, આપણા અલૌકિક વિમાનમાં પેસી જ ન શકે!' વિમાનમાં મહારાજના હજૂરી સેવક મૂળજી બ્રહ્મચારી પણ બેઠા હતા. બાળાભોળા બ્રહ્મચારી બોલ્યા, 'મહારાજ ! વિમાનમાં આ તમારા ભગતની વાસના ગંધાય છે.'

મહારાજ કહે, 'વાસનાવાળાને સાથે ન લેવાય. માટે એને પાછો એના દેહમાં મૂકી દઈએ.' આમ કહી મહારાજે ભગતના જીવને પાછો શરીરમાં મૂકી દીધો.

આ બાજુ અરજણ બાપાએ શરીર છોડ્યું એટલે બધાં સગાં-સંબંધીઓ ભેગા થઈ એમના શરીરને નનામીમાં બાંધી રહ્યા હતા. એવામાં શરીરમાં સળવળાટ થયો એટલે બધાને થયું, 'અરે! બાપા તો હજી જીવે છે !'

લોકોએ નનામીના બંધ ખોલ્યા ત્યાં તો અરજણબાપા બેઠા થયા.

ગામના લોકો આ આશ્ચર્યજનક ઘટના નિહાળી રહ્યા અને 'શું થયું ? શું થયું ?' એમ પૂછવા લાગ્યા.

અરજણબાપાના અંતરમાં ભારે પસ્તાવો થઈ રહ્યો હતો પણ એમણે કાંઈ ઉત્તર ન આપ્યો. માત્ર એટલું જ કહ્યું કે 'મહારાજે મને પાછો દેહમાં મોકલ્યો છે.'

બાપાની વાત સાંભળી લોકોને ભારે નવાઈ લાગી. અરજણબાપાને પોતાના અંતરમાં વાસનાની ગંધ રહી ગઈ તેનું ભારે દુઃખ રહેવા લાગ્યું. એમને મનમાં થયા કરતું, 'હવે તો કોઈ સમર્થ સંતની કૃપા થાય તો જ મારી આ ગંધ જાય.'

આ અરસામાં બાલમુકુંદદાસજી સ્વામી ચલાળા પાસેના માળીલા ગામે પધાર્યા હતા. અરજણબાપાના મનમાં થયું, 'બાલમુકુંદદાસજી સ્વામી ગુણાતીતાનંદ

સ્વામીના કૃપાપાત્ર અને સમર્થ સંત છે. તેમનો સમાગમ કરીશ તો સ્વામી અવશ્ય મારી ગંધ કાઢશે.' આમ વિચારી અરજણબાપા સ્વામીનો સમાગમ કરવા માળીયા આવવા તૈયાર થયા.

એમણે કુંડલાના કંદોઈ પાસે દૂધમાં સેવ બનાવડાવી અને પાકના લાડુ કરાવ્યા. થાળ માટે બીજી પણ સામગ્રી તૈયાર કરી. બધી જ સામગ્રી વાંસના ટોપલામાં ગોઠવી, ટોપલો માથે લીધો. ઘીની બરણી હાથમાં લીધી અને બાપા માળીયા તરફ રવાના થયા. આ બાજુ સ્વામી માળીલામાં બિરાજમાન હતા. હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. સ્વામી ભગવાનના આશરાનો મહિમા સમજાવી રહ્યા હતા.

સ્વામીએ કહ્યું, 'ભગવાન દયાળુ છે. પોતાના આશ્રિતના યોગક્ષેમનું વહન કરે છે. અરે કોઈ ઉંચા ડુંગરાની ટોચ ઉપર ભૂખ્યો બેઠો હોય પણ જો એને ભગવાનનો દૃઢ આશરો હોય તો ડુંગરાની ટોચે લાડુનું ભોજન કરાવે! એવા ભગવાન દયાળુ છે !'

આ સભામાં એક વાણંદ બેઠો હતો. વાણંદ ભારે બોલકો અને તર્ક વિતર્કી હતો. આજે એના ગરીબ ભાઈબંધ હરિભક્તે રસોઈ આપી હતી.

કરુણામૂર્તિ સંત બાલમુકુંદદાસજી સ્વામીએ ગરીબ હરિભક્તનો દુબળો વ્યવહાર જોઈને બાજરાના રોટલા અને અડદની દાળની સારી રસોઈ કરાવી હતી. વાણંદને આ વાતની ખબર હતી.

સ્વામીની ડુંગરની ટોચે લાડુ જમાડવાની વાત સાંભળી બટકબોલો વાણંદ બોલ્યો, 'સ્વામી ! જો તમારા ભગવાન આજે તમને લાડુ જમાડે તો હું તમારી વાત સાચી માનું !' બપોરનો સમય થઈ ચૂક્યો હતો. નવી રસોઈ થાય એમ નહોતી. વાણંદની ગણતરી પાકી હતી !

સ્વામી કહે, 'માળા ! લાડુ લાડુ શું કરે છે ? ભગવાન તો અક્ષરધામનું અમૃત પીવડાવે એવા છે!' સ્વામીની આ વાત પૂરી થઈ ન થઈ ત્યાં મંદિરની ખડકીયે રુગનાથપુરના અરજણબાપા માથે થાળની સામગ્રીનો ટોપલો લઈને આવી પહોંચ્યા.

અરજણબાપાએ મંદિરની ખડકીમાંથી જેવો ફળીયામાં પગ મૂક્યો કે તુરત જ અરજણ ભગતને આવકારતા સ્વામી બોલ્યા, 'કેમ ભગત ! ગંધ કાઢવા આવ્યા ?'

અરજણબાપાના આશ્ચર્યનો પાર ન રહ્યો. અરજણબાપા થોડીવાર ફળીયામાં જ થંભી ગયા. એના મનમાં થયું 'અરે ! સ્વામી તો મારા અંતરની વાત અગાઉથી જ જાણી ગયા!'

અરજણબાપાએ કહ્યું, 'હા માબાપ ! ગંધ કાઢવા જ આવ્યો છું.'

સ્વામી હસ્યા અને બોલ્યા, 'ભલે ! આવો આવો, હવે તમારામાં રંચ માત્ર ગંધ નહિં રહે.'

સભામાં ઘણા માણસો બેઠા હતા. એમાંથી કોઈ સ્વામી અને અરજણબાપાના સંવાદને સમજી ન શક્યા. બધા બાઘાની જેમ સાંભળતા રહ્યા.

આ બાજુ અરજણબાપા મંદિરમાં આવ્યા, થાળનો ટોપલો ઠાકોરજીના સિંહાસન પાસે નીચે મૂક્યો. ઠાકોરજીને દંડવત કર્યા. સ્વામીને પગે લાગી પાસે બેઠા અને બોલ્યા, 'સ્વામી! બપોરનો સમય થવા આવ્યો છે, થાળનું ટાણું છે. આ ટોપલામાં દૂધમાંથી બનાવેલી સેવ અને પાકના લાડુ છે. સેવ કાલે ધરજો પણ પાકના લાડુ આજે જ થાળમાં ધરાવો એવી મારી વિનંતી છે.'

અરજણ ભગતની વાત સાંભળી સ્વામીએ સેવક સાધુને થાળમાં લાડુ ધરાવવાની આજ્ઞા કરી અને સૂચક નજરે વાણંદ સામે જોયું.

વાણંદ તો આ બધું જોઈ આભો જ બની ગયો અને એકદમ ઉભો થયો અને સ્વામીને પગે લાગી બોલ્યો, 'મા બાપ ! તમે સાચા અને તમારા ભગવાન પણ સાચા. હવે મને કંઠી બાંધો.'

સ્વામી હસીને બોલ્યા, 'કંઠી તો બાંધશું, પણ સાંભળી લે, લાડવાની લાલચે થયેલો સત્સંગ લાંબો ન ટકે. માટે નિયમ રાખ કે રોજ મંદિરે આવવું.'

વાણંદે કહ્યું, 'હા સ્વામી ! હું એમ જ કરીશ, પણ તમે મારું કલ્યાણ કરજો.' સ્વામી કહે, 'તું તૈયાર હો તો અમે કલ્યાણ કરવા તૈયાર જ બેઠા છીએ.'

આ બાજુ અરજણબાપા સ્વામીની સાથે રહી સમાગમ કરવા લાગ્યા.

સ્વામીએ અરજણબાપાને બે મહિના પોતાની પાસે રાખ્યા.

સ્વામીએ કથાવાર્તા કરીને અરજણ બાપાને પ્રકૃતિ અને પ્રકૃતિનો જ્ઞાન પ્રલય કરાવ્યો. પરિણામે એમના અંતરમાંથી વાસનાની ગંધ નિર્મૂળ થઈ ગઈ.

સ્વામીએ જોયું કે હવે બાપાનું અંતર ચોખ્ખું થઈ ગયું છે એટલે સ્વામી બોલ્યા, 'કેમ બાપા ! ધામમાં જવાની તૈયારી કરી લીધી ?'

અરજણ બાપા બોલ્યા, 'હા સ્વામી ! આપની દયાથી હવે તૈયારી પૂરી થઈ ગઈ.' સ્વામી કહે, 'બાપા! હવે ખેતર ખોઈડા આડા નહીં આવે ને?'

બાપા કહે, 'સ્વામી! એકવાર ભૂલ્યો, હવે બીજી વાર નહિં ભૂલું.'

સ્વામી કહે, 'તો હવે તમે રુગનાથપુર પાછા જાવ અને એક અઠવાડિયામાં શ્રીજી મહારાજ તમને ધામમાં તેડી જશે.'

અરજણબાપા પાછા રુગનાથપુર આવ્યા. એમણે સગાં સંબંધીઓને ભેગા કર્યા અને પોતે દેહમાં કેમ પાછા આવ્યા એ બધી ઘટનાનું રહસ્ય જાહેર કર્યું અને કહ્યું, 'જુવો, જીવને વાસના ટળવી કઠણ છે.'

'વાસના તો વજસાર જેવી છે. હું ગુણાતીતાનંદ સ્વામીનો કૃપાપાત્ર હતો છતાં મારામાં વાસનાની ગંધ રહી ગઈ.'

'ગુણાતીતાનંદ સ્વામીના મહાન શિષ્ય બાલમુકુંદદાસજીએ મારી ગંધ કાઢી મને ચોખ્ખો કર્યો. હવે મને અઠવાડિયામાં મહારાજ ફરીથી ધામમાં તેડી જશે.'

તમે બધા પણ સાવધાન રેજો. મોટા સંતોનો સમાગમ કરજો અને વાસનાની ગંધ કાઢવા મથતા રહેજો તો મહારાજ તમને પણ ધામમાં તેડી જશે.'

ગામના ભક્તો અરજણબાપાની વાત સાંભળીને આશ્ચર્યમાં ગરકાવ થયા !

આ બાજુ અઠવાડિયાની મુદત પૂરી થઈ. સ્વામીના વચને શ્રીજી મહારાજ અરજણ બાપાને ધામમાં તેડી ગયા.

મહારાજ તો તૈયાર છે, આપણી તૈયારી જોઇએ

રાજકોટમાં દેવકૃષ્ણ વ્યાસ નામે ખૂબ સારા હરિભક્ત હતા. તેઓ નિયમિત રીતે મૂર્તિને સંભારીને ભજન સ્મરણ કરતા હતા.

દેવકૃષ્ણભાઈ ભજનમાં બેસે ત્યારે ક્યારેક ક્યારેક એમના હૃદયમાં વિષય વાસનાના સાચા-ખોટા ઘાટ થયા કરતા. આ ઘાટને લીધે દેવકૃષ્ણભાઈના અંતરમાં બળતરા રહેતી અને મહારાજને પ્રાર્થના કર્યા કરતા હતા.

એવામાં એક વખત સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી રાજકોટ પધાર્યા.

દેવકૃષ્ણભાઈને સ્વામીમાં ખૂબ જ હેત હતું અને નિયમિત સ્વામીનો સમાગમ કરતા. એક દિવસ દેવકૃષ્ણભાઈએ સ્વામીને હાથ જોડીને કહ્યું, 'સ્વામી ! આપ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર અને મહાપ્રતાપી સંત છો. તમે મારા પર દયા કરો કે જેથી મારી બધી જ વાસનાઓ નિવૃત્ત થઈ જાય અને મહારાજ મને ધામમાં તેડી જાય.' સ્વામી બોલ્યા, 'દેવકૃષ્ણભાઈ! મહારાજ તો તૈયાર છે. હવે તો આપણી તૈયારી જોઈએ. આપણે નિર્વાસનિક હોઈએ તો મહારાજ અવશ્ય ધામમાં તેડી જાય.'

દેવકૃષ્ણભાઈએ કહ્યું, 'સ્વામી ! મને વાસના નિવૃત્તિનો ઉપાય બતાવો.'

સ્વામીએ કહ્યું, 'અમે તો બતાવીએ પણ તમારાથી થશે?'

દેવકૃષ્ણભાઈએ કહ્યું, 'સ્વામી ! આપ જેમ કહેશો તેમ કરીશ.' સ્વામીએ

કહ્યું, 'તો સાંભળો ! વાસનાની નિવૃત્તિ માટે સેવા જેવું કોઈ સાધન નથી. તમે છ મહિના સુધી નિયમિત રીતે આ મંદિર વાળો અને બને તો ફળિયું પણ વાળો. છ મહિને મહારાજ તમને ધામમાં તેડી જશે.'

દેવકૃષ્ણભાઈને સ્વામીના વચનમાં વિશ્વાસ હતો અને મોક્ષનો પણ એટલો જ ખપ હતો. એમણે નિયમિત રીતે મંદિર અને ફળિયું વાળવાનું શરૂ કર્યું. એટલું જ નહિ, પોતે બ્રાહ્મણ હોવા છતાંય બ્રાહ્મણપણાનું અભિમાન છોડી દર્શને આવનારા હરિભક્તોનાં જોડા પણ સાફ કરવા લાગ્યા અને એક બાજુ સરખી રીતે મૂકવા લાગ્યા.

જેમ જેમ મંદિર વળાતું ગયું તેમ તેમ દેવકૃષ્ણભાઈના કારણ શરીરમાંથી વાસના પણ વળાતી ગઈ.

કારણ શરીરની વાસના વજ્રસાર જેવી છે. મોટા મોટા જોગીઓ જોગ સાધના કરે તો પણ એ છૂટતી નથી. બદરિકાશ્રમના મુક્તો વાસના ટાળવા માટે તપ કરે છે. શ્વેતદ્વીપના મુક્તો પોતાના અવ્યક્ત રાગને ટાળવા નિરાહાર રહીને કઠિન તપશ્ચર્યા કરે છે. વાસના નિર્મૂળ કરવી એ ઘણી કઠણ વાત છે. પરંતુ પ્રગટ પુરુષોત્તમનારાયણના મહાપ્રતાપી સંત બાલમુકુંદદાસજી સ્વામીના વચને સાધારણ જેવી જણાતી સાવરણીની સેવાથી દેવકૃષ્ણભાઈની વાસના નિર્મૂળ થઈ ગઈ. મંદિર વાળવાની સેવા એમના માટે 'શ્રેષ્ઠ સેવાયોગ' સાબિત થઈ. યોગ શાસ્ત્રમાં જાત જાતના યોગ છે પણ 'સેવાયોગ'ને તોલે આવે એવો એકેય યોગ નથી.

આવા સમયમાં એક અલૌકિક ઘટના બની. રાજકોટમાં કડીયા વાલાભાઈ નામના હરિભક્ત હતા. તેઓ પણ ખૂબ જ સારા ભક્ત હતા.

વાલાભાઈનો અંત સમય આવ્યો. ભગવાન શ્રીહરિએ વાલાભાઈને દર્શન દીધા અને કહ્યું, 'વાલાભાઈ ! હાલો અમે તમને ધામમાં તેડી જવા આવ્યા છીએ.'

મહારાજના દર્શનથી વાલાભાઈના અંતરમાં અત્યંત આનંદ થયો.

વાલાભાઈ ધામમાં જવા તૈયાર જ હતા પણ અચાનક માયાએ વિઘ્ન પેદા કર્યું. વાલાભાઈની બાજુમાં એમનો દત્તકપુત્ર રાઘવ ઉભો હતો.

વાલાભાઈએ કહ્યું, ' એલા રાઘવ ! જો મહારાજ મને તેડવા આવ્યા છે અને હું ધામમાં જાઉં છું.'

રાઘવ બોલ્યો, 'પણ બાપા હમણાં જ મારા લગ્ન લેવાયા છે. જાન લઈને જામનગર જવું છે અને મને પરણાવ્યા સિવાય તમે અધવચ્ચેથી ધામમાં ઉપડી જાવ એ કેમ ચાલે ? માટે મારા વતી મહારાજને વિનંતી કરો કે મારા લગ્ન થઈ જાય પછી તમને ધામમાં તેડી જાય.'

વાલાભાઈએ મહારાજને કહ્યું, 'મહારાજ ! મારે ધામમાં આવવું છે પણ આ રાઘવ રોકે છે. એની ઈચ્છા છે કે એના લગ્ન થઈ જાય પછી મને તેડવા આવો.'

મહારાજ હસ્યા અને બોલ્યા, 'તો ભલે તમે તમારા રાઘવને લાડે કોડે પરણાવો પછી તમને તેડી જઈશું.'

આટલું કહી મહારાજ ત્યાંથી અદૃશ્ય થઈ દિવ્યરૂપે મંદિર તરફ ચાલ્યા.

એ જ સમયે દેવકૃષ્ણભાઈ મંદિરમાં દર્શન કરી મંદિર વાળી ઘર તરફ જઈ રહ્યા હતા.

મહારાજે એમને દર્શન દીધાં અને કહ્યું, 'દેવકૃષ્ણભાઈ ! અમે વાલાભાઈને તેડવા ગયા હતા પણ એને એના દીકરાના લગ્ન આડા આવ્યા તેથી હમણાં દેહમાં રાખ્યા છે. હવે જો એના બદલે તમે તૈયાર હો તો અમે તમને ધામમાં તેડી જઈએ.'

દેવકૃષ્ણભાઈએ કહ્યું, 'મહારાજ ! તમે બહુ દયા કરી. બાલમુકુંદદાસજી સ્વામીએ આપેલું વરદાન તમે સત્ય કર્યું. હું તો ધામમાં આવવા માટે તૈયાર જ બેઠો છું.' આમ મહારાજ સાથે વાતો કરતા કરતા દેવકૃષ્ણાઈ ઘરે આવ્યા.

મહારાજ દેવકૃષ્ણભાઈને ધામમાં તેડી જવા માટે તૈયાર ઉભા હતા. દેવકૃષ્ણભાઈના દીકરાના વહુ બાજુમાં ઉભા હતા.

દેવકૃષ્ણભાઈએ કહ્યું, 'વહુ બેટા ! મહારાજ મને તેડવા આવ્યા છે અને હું ધામમાં જઉ છું.'

પુત્રવધૂ બોલ્યા, 'ભલે બાપા ! મહારાજ તેડવા આવે ઈતો આપણા મોટા ભાગ્ય કહેવાય ! આપ સુખેથી ધામમાં સીધાવો.' પુત્રવધૂ સાથે વાત કરતા કરતા દેવકૃષ્ણભાઈને પોતાનો દીકરો યાદ આવ્યો. મનમાં થયું 'દીકરો વડોદરા ગયો છે, હું ધામમાં જાઉ છું. મારાથી પ્રાણશંકરને મળી ન શકાયું.' એમણે પોતાના પુત્રવધૂને કહ્યું, 'મહારાજ તેડવા આવ્યા છે પણ દીકરો ભેગો થયો નહીં.'

દેવકૃષ્ણભાઈનાં પુત્રવધૂ ખૂબ જ સમજુ હરિભક્ત હતા. એમણે કહ્યું, 'બાપા ! મહારાજ જેવા મહારાજ ધામમાં તેડવા આવ્યા હોય અને તમે દીકરો દીકરો શું કરો છો! અનંત અક્ષરમુક્તોની પંકિતમાં ભળવાનો મંગળ અવસર છે ત્યારે દીકરાને ભેગું થવાનું શું કામ છે ? માટે છોડો બધી માયા અને સુખેથી ધામમાં સીધાવો.'

દિવ્ય સ્વરૂપે ઉભેલા મહારાજ મંદ મંદ હસતા હસતા આ સંવાદ સાંભળી રહ્યા હતા અને આકાશથીયે ઝીણી વાસનાનું જોર નિહાળી રહ્યા હતા.

પુત્રવધૂના વેણે દેવકૃષ્ણભાઈ સાવધ થઈ ગયા. એની રહી સહી વાસના પણ નિર્મૂળ થઈ ગઈ. એમણે મહારાજ સામે હાથ જોડ્યા અને કહ્યું, 'મહારાજ ! માફ

કરજો. હું ભૂલ્યો. નો' તુ સંભારવું ઈ સંભાર્યું. હવે હું ધામમાં આવવા તૈયાર છું.'

મહારાજ કહે, 'ભગત ! તમે તો હમણાં તૈયાર થયા. અમે તો ક્યારનાય તૈયાર થઈને ઉભા છીએ અને તમે તૈયાર થાવ એની રાહ જોઈએ છીએ.'

દેવકૃષ્ણભાઈએ પુત્રવધૂને 'જય સ્વામિનારાયણ' કહ્યા અને દેહ છોડી મહારાજની સાથે ધામમાં સીધાવ્યા. શ્રીહરિએ સ્વામીનાં વચન સત્ય કર્યાં.

કરોડ સાધના કરવા છતાં જે પ્રાપ્તિ ન થાય એવી દુર્લભ પ્રાપ્તિ સ્વામીના વચને સેવા કરવાથી સુલભ થઈ. કોઈ આખી જિંદગી મંદિર વાળે તોપણ આવી પ્રાપ્તિ થાય કે ન થાય. માત્ર છ મહિનામાં દેવકૃષ્ણભાઈને જે નિર્વાસનિકપણું પ્રગટ્યું અને મહારાજ તેડવા આવ્યા, એ તો માત્ર અને માત્ર સદ્‌ગુરુની કૃપા અને એમના વચનમા ં વિશ્વાસનું જ પરિણામ છે. મહારાજે કોલ દીધો છે,

મારા જનને અંતકાળે જરૂર મારે આવવું,
બિરૂદ મારું ન બદલે એમ સરવે જનને જણાવવું.

પોતાના વચનને સત્ય કરવા મહારાજ અંત સમયે તેડવા પધારે પણ અક્ષરધામની વાટ ઘણી વિકટ છે એ વાટમાં વિઘ્ન ઘણાં છે.

આમાં તો ઘણીવાર વાલાભાઈ રહી જાય અને વ્યાસ તરી જાય એવી વાત છે.

સદ્‌ગુરુની સહાયતા ન હોય તો મહારાજ તેડવા આવે તો પણ રહી જાય અને સદ્‌ગુરુની સહાયતા હોય તો સહેજે સહેજે તરી જવાય.

પોપટ શેઠના પગની પીડા મટાડી

રાજકોટમાં પોપટ વેલજી નામના ધનાઢ્ય વણિક હતા. તેઓ સારા સત્સંગી હતા. સત્સંગનો માથા સાટે પક્ષ રાખતા.

તેમણે ધ્રાંગધ્રા, વાંકાનેર અને જામનગર એમ ત્રણ રાજ્યની દીવાનગી કરી હતી, એટલે તેઓ દીવાન તરીકે પ્રસિદ્ધ હતા.

એમના ભાઈ સોમચંદભાઈ પણ ખૂબ સારા સત્સંગી હતા અને બે-ત્રણ રાજ્યના દીવાન થયા હતા.

પોપટભાઈને બ્રહ્મચારી અચિંત્યાનંદજી તેમજ સ્વામી બાલમુકુંદદાસજી સાથે ખૂબ જ હેત હતું. જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે તેઓ સ્વામીના વચને સત્સંગની સેવામાં ખડે પગે ઊભા રહ્યા હતા.

એક વખત પોપટભાઈના પગમાં ભયંકર દુઃખાવો થયો. આખો પગ સોજી ગયો. ખૂબ જ પીડા થવા લાગી, ખાટલામાં પણ હરીફરી શકાય નહિ, તેવી સ્થિતિ

થઈ ગઈ. વૈદ્યો-ડોક્ટરોએ ઘણા ઉપાયો કર્યા પણ પગની પીડા મટી નહિ.

આ જ અરસામાં બાલમુકુંદદાસજી સ્વામી રાજકોટ પધાર્યા હતા. દીવાન પોપટભાઈને સમાચાર મળ્યા, એટલે એમણે સ્વામીને તેડવા માટે ઘોડાગાડી મોકલી અને સ્વામીને ઘરે પધરામણી કરવા વિનંતી કરી.

ઘોડાગાડીમાં બેસીને સ્વામી પોપટભાઈના ઘરે પોપટભાઈની તબીયત જોવા પધાર્યા. પોપટભાઈએ સ્વામીનું પૂજન-અર્ચન કરાવ્યું. સ્વામીએ પોપટભાઈને ઘણા સમય સુધી મહારાજ અને મોટા સંતોના મહિમાની વાતો કરી.

સ્વામીની વાતો સાંભળી પોપટભાઈ પગની પીડા ભૂલી ગયા.

સ્વામીએ કહ્યું, "પોપટભાઈ ! અમદાવાદમાં વાસુદેવપ્રસાદજી મહારાજને જનોઈ અપાઈ રહી છે, અમને ત્યાં તેડાવ્યા છે. તમે અમારી સાથે ચાલશો ?"

પોપટભાઈએ કહ્યું, "સ્વામી ! આપની આજ્ઞા થાય એટલે મારે ના પાડવાની હોય જ નહિ, પરંતુ આપ જુઓ છો, મારે પગે ભયંકર પીડા છે, મારાથી હરીફરી શકાતું નથી, તો અમદાવાદ કેમ આવી શકાય ?"

સ્વામીએ કહ્યું, "પોપટભાઈ ! મહારાજ તમારી પીડા મટાડી દે, તો તમે અમદાવાદ આવો ?" પોપટભાઈએ કહ્યું, "સ્વામી ! જો મારા પગની પીડા મટી જાય, તો હું અવશ્ય આપની સાથે અમદાવાદ આવું."

સ્વામીએ કહ્યું, "પોપટભાઈ ! તમે મહારાજની મૂર્તિને સંભારીને ભજન કરજો, એટલે આજે રાત્રે મહારાજ તમારી પીડા મટાડી દેશે."

પોપટભાઈને આશીર્વાદ આપી સ્વામી મંદિરે આવ્યા.

રાત્રે મહારાજે એવી કૃપા કરી કે, પોપટભાઈના પગનો સોજો ઉતરી ગયો, પીડા મટી ગઈ, સવારે તો એ ચાલીને મંદિરે દર્શને આવ્યા.

આમ એકાએક પીડા મટી ગયેલી જોઈ બધા હરિભક્તોને ભારે આશ્ચર્ય થયું.

પોપટભાઈ સ્વામીની સાથે અમદાવાદ ગયા. ત્યાં વાસુદેવપ્રસાદજી મહારાજના જનોઈવિધિના દર્શન કર્યા. શક્તિ પ્રમાણે સેવા કરી અને પાછા સ્વામીની સાથે રાજકોટ આવ્યા. સ્વામી એવા સમર્થ સંત હતા. એમની અરજી શ્રીજી મહારાજ પ્રત્યક્ષ સાંભળતા હતા અને એમના વચનને સત્ય કરતા હતા.

આજે ઉપવાસ કરજો, ગાદીએ બેસવાનું છે

વિ. સં. ૧૯૬૫ ની સાલ હતી. વડતાલની ગાદીએ શ્રીલક્ષ્મીપ્રસાદજી મહારાજ બિરાજતા હતા. સંજોગવશાત્ તેમનું આચરણ ગાદીને લાયક ન રહ્યું.

એમના વર્તનથી સંતો, હરિભક્તોનાં અંતર દુખાયા.

મુંબઈના રાવ બહાદુર કરમશીભાઈ તથા રાવ બહાદુર ઝવેરભાઈ વગેરે મોટા મોટા હરિભક્તો અને મોટા મોટા સંતોએ સત્સંગની મહાસભા ભરી, જેમાં લક્ષ્મીપ્રસાદજી મહારાજને પદભ્રષ્ટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

લક્ષ્મીપ્રસાદજી મહારાજ સરળ સ્વભાવના હતા. તેઓશ્રી કોઈને કોઈ રીતે સંજોગોનો શિકાર થયા હતા. એમણે નિખાલસતા સાથે વિચારી લીધું હતું કે 'મારે હવે શ્રીજી મહારાજની ધર્મની ગાદીએ ન બેસાય.'

એમણે મહાસભાના નિર્ણયને ખેલદિલીથી વધાવી લીધો અને ગાદીનો ત્યાગ કર્યો. વડતાલની ગાદીએ કોને બેસાડવા ? એ અંગે સત્સંગની મહાસભામાં ખૂબજ વિચાર વિમર્શ કરવામાં આવ્યો. બધાની પસંદગી ધર્મકુળના પાંડે શ્રીપતિપ્રસાદજી ઉપર ઉતરતી હતી, એટલે છપૈયાથી પાંડે શ્રીપતિપ્રસાદજી મહારાજને બોલાવવામાં આવ્યા હતા.

ગાદી માટે બેત્રણ દાવેદાર ઉભા થઈ ગયા હોવાથી શ્રીપતિપ્રસાદજી મહારાજ વડતાલમાં આવ્યા એને કેટલાક દિવસો પસાર થઈ ગયા હતા છતાં ગાદીના અભિષેકનો નિર્ણય થઈ શક્યો નહોતો.

આ સમય દરમિયાન બાલમુકુંદદાસજી સ્વામીને પણ વડતાલ બોલાવવામાં આવ્યા હતા. પુરાણી ગોપીનાથદાસજી વગેરે સંતોને સાથે લઈને સ્વામી વરતાલ પધાર્યા હતા.

શ્રીપતિપ્રસાદજી મહારાજ દરરોજ બાલમુકુંદ સ્વામી પાસે આવતા, બેસતા અને સમાગમ કરતા.

એક દિવસ સ્વામી બાલમુકુંદદાસજીએ કહ્યું, 'મહારાજશ્રી ! આજે તમે ઉપવાસ કરજો. તમારે ગાદીએ બેસવાનું છે.'

શ્રીપતિપ્રસાદજી મહારાજ બોલ્યા, 'સ્વામી ! ગાદીએ બેસવાનો નિર્ણય હજુ થયો નથી તો ઉપવાસ કરીને શું કરું ?'

સ્વામીએ મર્મમાં કહ્યું, 'હરિકૃષ્ણ મહારાજની ઈચ્છા આપને ગાદી આપવાની છે માટે અમારે વચને ઉપવાસ કરજો.' શ્રીપતિપ્રસાદજી મહારાજે કહ્યું, 'ભલે સ્વામી ! આપ કહેશો તેમ કરીશ.'

આ બાજુ મુંબઈના રાવ બહાદુર શેઠ કરમશી દામજી, સુરતના ન્યાયધીશ મધુભાઈ નરસીદાસ, ભરૂચના મહાશંકર કૃપાશંકર, આણંદના દવે કૃષ્ણરામ, નડીયાદના રાવ બહાદુર ઝવેરલાલ, ઠાસરાના દિવાન પ્રેમચંદભાઈ, વડતાલના

સદ્‌ગુરુ યોગેશ્વરદાસજી, ગઢપુરના બ્રહ્મચારી મુનીશ્વરાનંદજી, વડતાલના આગેવાન પાર્ષદ કોઠારી ગોરધન ભગત વગેરે સર્વે આગેવાન સંતો અને હરિભક્તો એકાંતમાં બેસીને વિચાર કરી રહ્યા હતા. .એ સમયે રાવબહાદુર ઝવેરભાઈએ કહ્યું, 'મને એમ લાગે છે કે આપણે બધા મધ્યસ્થી તરીકે સ્વામી બાલમુકુંદદાસજીને રાખીએ અને સ્વામી કહે તેમ બધાએ કરવું.'

સભામાં બેઠેલા સર્વેએ ઝવેરભાઈની વાતમાં સૂર પુરાવ્યો અને સંમતિ આપી અને બધાએ સર્વાનુમતે બાલમુકુંદદાસજી સ્વામીને કહ્યું, 'સ્વામી ! તમે જે નિર્ણય આપો એ પ્રમાણે કરવાનું અમે સર્વેએ નક્કી કર્યું છે.'

સ્વામીએ કહ્યું, 'ગઈ કાલે મંગળા આરતી પહેલાં અમને હરિકૃષ્ણ મહારાજે દર્શન દઈને કહ્યું છે કે અમારું નામ લઈ સર્વ આગેવાન સંતો ભક્તોને કહેજો કે 'અમારી ગાદીએ શ્રીપતિપ્રસાદજી મહારાજને બેસારવા, એમાં અમે રાજી છીએ.'

સ્વામીની વાત સાંભળી મહાસભાના સર્વે આગેવાન સંતો, બ્રહ્મચારીઓ અને હરિભક્તો બોલ્યા, 'સ્વામી કહે છે એ વાત અમને સર્વેને મંજૂર છે.'

વડતાલની ગાદી અંગે આવી કટોકટીની પળે બાલમુકુંદદાસજી સ્વામીનું વચન વડતાલના સમસ્ત આગેવાનોએ સ્વીકાર્યું.

વર્ષો પહેલાં ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું હતું, કે 'સાધુરામ ! વડતાલના સહુ મોટા મોટા સંતો હરિભક્તો તમારા વેણને માનશે.' ગુણાતીતાનંદ સ્વામીના વચન આજે સત્ય થઈ રહ્યા હતા. મીટીંગના અંતે પ્રસ્તાવ મૂકાયો કે 'શ્રીપતિપ્રસાદજી મહારાજને આવતી કાલ ઉપવાસ કરાવવો અને આવતી કાલે ગાદીએ બેસાડવા.'

સ્વામી બોલ્યા, 'શ્રીપતિપ્રસાદજી મહારાજે અમારા વચને આજે ઉપવાસ કરેલો જ છે માટે આજે જ ગાદીએ બેસાડી દેવા જોઈએ. કાલ કોણે દીઠી છે ! આ શુભ કાર્યમાં ઘણો વિલંબ થયો છે. હવે વધારે વિલંબ ન કરાય. રામચંદ્રજી ભગવાનના અભિષેકને આવતી કાલ ઉપર રાખ્યો તો ચૌદ વર્ષનો વિલંબ થઈ ગયો.' ફરીથી સર્વેએ સ્વામીની વાતને વધાવી લીધી.

શ્રીપતિપ્રસાદજી મહારાજને ગાદીએ બેસાડવાનો વિધિ શરુ થયો એ પહેલાં શ્રીપતિપ્રસાદજી મહારાજ સ્વામી પાસે પધાર્યા અને સ્વામીને કહ્યું, 'સ્વામી ! વિહારીલાલજી મહારાજને ગુણાતીતાનંદ સ્વામીએ વર્તમાન ધરાવ્યા હતા અને કંઠી બાંધી હતી. કીર્તન કૌસ્તુભ માળામાં વિહારીલાલજી મહારાજ સ્વયં કહે છે

'અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી, તેણે આપ્યા વર્તમાન
પોતે પાળીને પછી પળાવ્યું, જનને દઇ ઘણું જ્ઞાન રે...આવોજી અવતારી.'

'સ્વામી! તમે ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય છો માટે તમે મને કંઠી બાંધો.' સ્વામીએ કહ્યું, 'બાપજી ! આપે તો નાનપણથી જ કંઠી બાંધી વર્તમાન ધરાવ્યા છે, માટે બીજીવાર વર્તમાન ધરાવવાની જરુર નથી.

શ્રીપતિપ્રસાદજી મહારાજે કહ્યું, 'સ્વામી ! નાનપણમાં મેં ભલે વર્તમાન ધરાવ્યા હોય પણ ગાદીએ બેસતાં પહેલાં આપ જ મને વર્તમાન ધરાવી કંઠી બાંધી મારા ગુરુ બનો એવી મારા અંતરની ઈચ્છા છે.'

બાલમુકુંદદાસજી સ્વામીએ શ્રીપતિપ્રસાદજી મહારાજને વર્તમાન ધરાવી કંઠી પહેરાવી. ત્યાર પછી મહારાજશ્રી જ્યાં વેદવિધિ થતી હતી ત્યાં પધાર્યા.

વિ. સં. ૧૯૬૫ વૈશાખ સુદી સાતમનો દિવસ હતો. સંતો હરિભક્તોની વિશાળ હાજરી હતી. ભારે ધામધૂમ પૂર્વક શ્રીપતિપ્રસાદજી મહારાજનો ગાદી અભિષેક થયો.

પીપલાણામાં પાકું મંદિર

સ્વામિનારાયણ સંપ્રદાયમાં પીપલાણા ઐતિહાસિક સ્થળ છે. આ જ પવિત્ર સ્થળે ઉદ્ધવાવતાર રામાનંદ સ્વામી અને પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીનીલકંઠ વર્ણીનું ઐતિહાસિક મિલન થયું હતું.

આ જ પવિત્ર સ્થળે રામાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીને મહાદીક્ષા આપી "નારાયણમુનિ" અને "સહજાનંદ સ્વામી" નામ પાડ્યાં હતાં.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ અહીં મંદિર કરાવ્યું હતું.

ધર્મધુરંધર આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજનો શુભ સંકલ્પ હતો કે, પીપલાણા, જેતપુર અને ફરેણી આ ત્રણ મહાપ્રસાદીના સ્થળે પોતાના ખર્ચે મંદિરો કરાવવા.

વિહારીલાલજી મહારાજનો સંકલ્પ પૂર્ણ કરવાને માટે વિ. સં. ૧૯૬૨ની સાલમાં સ્વામી બાલમુકુંદદાસજી પાકું હરિમંદિર અને બેઠકનું નિર્માણ-કાર્ય કરાવી રહ્યા હતા. આ દરમિયાન એક પ્રેરણાદાયક પ્રસંગ બન્યો.

સુરતના સુપ્રસિદ્ધ હરિભગત શ્રીમનસુખભાઈ ચોકસી પોતાના પરિવારને લઈને જૂનાગઢ દર્શને આવ્યા. મનસુખભાઈનો ભાવભર્યો આગ્રહ હતો કે, 'સ્વામી અમને દર્શન દેવા માટે જૂનાગઢ પધારે.'

સ્વામી મનસુખભાઈના આગ્રહને માન આપીને પીપલાણાથી જૂનાગઢ પધાર્યા.

સ્વામીએ મનસુખભાઈ ચોકસીને કહ્યું, "મનસુખભાઈ ! તમે આટલે સુધી

આવ્યા છો, તો સૌરાષ્ટ્રની પંચતીર્થી પણ કરો.'' મનસુખભાઈએ કહ્યું,''સ્વામી ! મને એમ થાય છે કે, તમે મારી સાથે ચાલો અને મને પંચતીર્થી ના દર્શન કરાવો અને તે તે સ્થળોનો મહિમા સમજાવો. તમને કષ્ટ પડશે પણ મારું કામ થઈ જશે.''

મનસુખભાઈની વિનંતીને માન આપી સ્વામી એમને સાથે લઈને પંચતીર્થી કરવા નીકળ્યા.

ફરતા ફરતા સ્વામી પીપલાણા પધાર્યા. પીપલાણામાં મંદિરનું ચણતરકામ ચાલુ હતું.

થોડે દૂર નાના નાના છાપરામાં સાધુઓ રહેતા હતા. એક નાના છાપરામાં ચોકસી સાહેબને ઉતારો આપવામાં આવ્યો.

ગરમીનો સમય હતો, છાપરું નીચું હતું એટલે તપતું હતું, અધૂરામાં પૂરું મચ્છર, જૂઆ વગેરેનો ત્રાસ પણ ઘણો હતો.

મનસુખભાઈ ચોકસી સુખી માણસ હતા. એમને આવા સ્થળે ન ફાવે, તે સહજ હતું. તેઓ અકળાઈ ગયા. મનમાં થયું, આ સાધુઓ કેટલું કષ્ઠ વેઠીને સેવા કરી રહ્યા છે.

ચોકસી સાહેબે સ્વામીને કહ્યું, ''સ્વામી ! આપ સર્વ સંતો જાતે શ્રમ કરો છો અને મંદિર બાંધો છો. હું તમને જોઈએ એટલા પૈસા આપું, તમે આ કાર્ય મજૂરો મારફત કરાવો.''

સ્વામીએ કહ્યું, ''મનસુખભાઈ ! અમે પૈસા બચાવવાના લોભે જાત-મહેનત કરતા નથી.''

''આ સ્થળ મહાપ્રસાદીનું તીર્થસ્થળ છે. રામાનંદ સ્વામી અને નીલકંઠ વર્ણીનું અહીં ઐતિહાસિક મિલન થયેલું છે. રામાનંદ સ્વામીએ અહીં નીલકંઠ વર્ણીને દીક્ષા આપેલી છે, આવી આ મહાપ્રસાદીની જગ્યા છે, વળી વિહારીલાલજી મહારાજનો પોતાના ખર્ચે અહીં બેઠક કરાવવાનો અને નદીએ ઘાટ બંધાવવાનો સંકલ્પ હતો.''

''એ સંકલ્પ પરિપૂર્ણ કરવા માટે આ તીર્થસ્થળમાં જેટલી થાય, તેટલી જાતસેવા કરીએ છીએ. મનસુખભાઈ ! શાસ્ત્રમાં જાતસેવા કરવાનો બહુ મોટો મહિમા લખ્યો છે. સ્વામિનારાયણ ભગવાન સ્વયં ભગવાન હતા, છતાં માથે ઈંટો, પત્થરાઓ અને ચૂનાના તગારા ઉપાડતા હતા. આ સેવાયોગ તો ભગવાન સ્વામિનારાયણનો શીખવેલો છે.''

મનસુખભાઈ ચોકસી સ્વામીની પ્રેરકવાણી સાંભળીને ખૂબ જ પ્રભાવિત થઈ ગયા. વિ. સં. ૧૯૮૭ની સાલમાં ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર સંત સ્વામી

કૃષ્ણચરણદાસજીએ બાઈઓનું મંદિર કરાવી એમાં નીલકંઠવર્ણી અને રામાનંદ સ્વામીનો તક્તો પધરાવ્યો.

પીપલાણામાં હરિમંદિરનું નિર્માણકાર્ય પૂર્ણ થયું, પરંતુ વિહારીલાલજી મહારાજનો ઓઝત નદીને કિનારે ઘાટ બાંધવાનો સંકલ્પ અધૂરો હતો.

વિ. સં. ૧૯૯૯ની સાલમાં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ જૂનાગઢ મંદિરના મહંત બન્યા હતા. પૂજ્ય સ્વામીએ પીપલાણાવાળા જોગીસ્વામીને કહ્યું, સ્વામી, આપ પવિત્ર સંત છો, ઘાટનું કામ પૂરું કરાવો. જોગીસ્વામીને પૂજ્ય સ્વામી સાથે ખૂબ જ હેત હતું. એમણે સ્વામીની વાતને સ્વીકારી અને સુંદર ઘાટ બંધાવ્યો. ઉપરાંત પૂજ્ય જોગી સ્વામીએ આ ઉત્તમ તીર્થ દીક્ષાસ્થાનમાં શિખરબંધ મંદિર કરાવ્યું.

વાત્સલયમૂર્તિ પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી સ્વામી અહીં પૂજ્ય જોગીસ્વામીની સાથે ખૂબ જ રહ્યા છે અને કથાઓ કરી છે.

પૂજ્ય જોગીસ્વામીના શિષ્ય પૂજ્ય મોહનપ્રસાદદાસજી સ્વામી હાલમાં પીપલાણા તીર્થધામનો ખૂબ જ સારો વિકાસ કરી રહ્યા છે.

રાઘવનો રોગ મટાડ્યો

ગામ પીપલાણામાં રાઘવ નામે કડીયા કુંભાર હતો. પૂર્વના કોઈ કઠણ કર્મ હશે ! રાઘવને હાથધોણાંનો રોગ થયો. ખૂબ ઉપચાર કર્યા પણ રોગ મટ્યો નહિ.

આ રોગ આઠ મહિના ચાલ્યો. રાઘવનું શરીર હાડકાનો માળો થઈ ગયું. શરીરમાં લોહી અને માંસ બેય સૂકાઈ ગયા. દેહ પડી જાય એવી પરિસ્થતિ થઈ ગઈ. રાઘવના સંગા-સંબંધીઓથી રાઘવની પીડા જોઈ જતી નહોતી.

આ અરસામાં બાલમુકુંદદાસજી સ્વામી પીપલાણા પધાર્યા હતા. પીપલાણામાં સ્વામી હરિમંદિરનું નિર્માણ કાર્ય કરાવી રહ્યા હતા.

રાઘવના સગાં-સંબધીઓ સ્વામીને મહાપ્રતાપી જાણીને રાઘવને મંદિરમાં સ્વામી પાસે લઈ આવ્યા અને સ્વામીને વિંનતી કરી, “સ્વામી ! આ રાઘવ આઠ-આઠ મહિનાથી પીડાય છે. એનું દુઃખ અમારીથી જોયું જતું નથી, મા-બાપ ! તમે દયા કરો ! કાં રાઘવનો દેહ મેલાવો, કાં એના દેહને સાજો કરો.” સ્વામી કહે, “રાઘવને મહારાજ સારું કરે પણ તમારે માનતા માનવી પડે.”

રાઘવનો ભાઈ બોલ્યો, “સ્વામી ! તમે કહો એની માનતા માનીએ, કહો તો સારંગપુરની માનતા માનીએ અને કહો તો જૂનાગઢ મંદિરની માનતા માનીએ.”

સ્વામીએ કહ્યું, “પૈસા બેસે એવી માનતા અમારે મનાવવી નથી, તમે બધા

એવો સંકલ્પ કરો કે, મહારાજ રાઘવને સારું કરે તો અહીં અમે મંદિરનું નિર્માણ કરાવીએ છીએ એમાં રાઘવે અને તમારે બધાએ દેહે કરીને સેવા કરવી.''

સગાં-સંબઘીઓએ કહ્યું, ''ભલે સ્વામી ! રાઘવ સાજો થશે તો અમે અવશ્ય મંદિરમાં સેવા કરીશું.'' સ્વામીએ કહ્યું, ''તમે રાઘવને મંદિરમાં ઠાકોરજીના દર્શન કરાવો પછી ઘેરે લઈ જાવ અને બિલાનો ગરભ પાજો, મહારાજ સારુ કરશે.''

રાઘવના સગાં-સંબંધી રાઘવને મંદિરમાં દર્શન કરાવી ઘેર લઈ ગયા. સ્વામીએ કહ્યું હતું એ પ્રમાણે બિલાનો ગરભ પાવાનું શરૂ કર્યું.

સ્વામીના વચને ચમત્કાર સર્જાયો, આઠ આઠ મહિનાથી રાઘવનું હાથધોણું મટ્યું નહોતું તે માત્ર સાત દિવસમાં મટી ગયું. રાઘવ સાવ સાજો સારો થયો.

સ્વામીના આશીર્વાદથી રાઘવને નવી જિંદગી મળી. રાઘવે તથા એમના સંબંધીઓએ સ્વામીની આજ્ઞા પ્રમાણે પીપલાણા મંદિરના નિર્માણ કાર્યમાં ઘણાં સમય સુધી દેહે કરીને સેવા કરી અને સંતોનો રાજીપો મેળવ્યો.

બાલમુકુંદદાસજી સ્વામી જેવા સમર્થ સદ્‌ગુરુ દષ્ટિમાત્રથી હદયના રોગ મટાડી દે, એમના માટે દેહના રોગ મટાડવા એ કોઈ નવી નવાઈની વાત નથી.

નારણભાઈનો વંશવેલો આગળ વધાર્યો

જેતપુરમાં ગોવાભાઈ નામના લુહાર હરિભક્ત હતા. ગોવાભાઈને એક દીકરો હતો. એનું નામ નારણ હતું. ગોવાભાઈને બીજા ત્રણ ભાઈઓ હતા, એને કોઈ સંતાન નહોતું. ચાર ભાઈઓ વચ્ચે એક નારણ જ સાત ખોટ્યનો દીકરો હતો.

ચારે ભાઈઓને નારણ ઉપર ખૂબ જ પ્રેમ હતો. નારણ પણ ખૂબ જ ગુણિયલ અને સત્સંગી હતો. નારણને સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીએ વર્તમાન ધરાવ્યા હતા.

પ્રારબ્ધની બલિહારી એ હતી કે નારણભાઈને પણ કોઈ સંતાન નહોતું. પરિણામે ચારે ચાર ભાઈઓનો વંશ-વેલો અટકી જાય તેવી પરિસ્થિતિ સર્જાઈ હતી.

અધૂરામાં પૂરું બન્યું એવું કે ગોવાભાઈ અને એમના એક ભાઈને મહારાજ ધામમાં તેડી ગયા. પરિવારમાં હવે નારણ અને એના બે કાકા બચ્યા.

નારણને કોઈ સંતાન ન હોવાથી બંને કાકાઓના દિલમાં 'પોતાનો વંશ અટકી જશે' એવી ચિંતા સતાવતી હતી.

એકવાર નારણભાઈના કાકાઓએ નારણભાઈને કહ્યું, ''નારણ ! તું બીજું ઘર કર, મહારાજની મરજી હશે તો તને દીકરો થશે. આપણો વંશવેલો આગળ

વધશે. અને જો દીકરો નહીં થાય તો આપણે આપણી બધી જ મિલ્કતનું વીલ કરીને જેતપુર ગાદી સ્થાનને અર્પણ કરી દેવું છે.''

નારણભાઈ હંમેશા બાલમુકુંદદાસજી સ્વામીની આજ્ઞામાં રહેતા.

એણે કહ્યું, ''કાકા ! બીજું ઘર કરવા માટે તો મારે સ્વામીને પૂછવું પડે ! સ્વામીની આજ્ઞા સિવાય હું બીજું ઘર નહિ કરું.''યોગાનુયોગ એ અરસામાં સ્વામી બાલમુકુંદદાસજી જેતપુરમાં જ બિરાજતા હતા. નારણભાઈના કાકાઓએ કહ્યુ, ''સ્વામી હમણાં મંદિરમાં જ બિરાજે છે, તું સ્વામીની પાસે બધી વાત કરી સ્વામીની મરજી જાણી લે.''

નારણભાઈ મંદિરે આવ્યા અને સ્વામીને બધી જ વાત કરી. બીજો કોઈ સ્વાર્થી તકસાધુ હોત તો એમણે આ પરિવારની બધી જ મિલ્કત કૃષ્ણાર્પણ કરાવી લીધી હોત. પરંતુ આ તો નિઃસ્પૃહી સ્વામી બાલમુકુંદદાસજી હતા. આવા સાચા સત્પુરુષોને જીવનું કલ્યાણ કરવું એ જ તાન હોય છે, મિલ્કત મેળવી લેવાનું તાન હોતું નથી.

સ્વામીએ કહ્યું, ''નારણ ! તારે બધી જ મિલ્કત કૃષ્ણાર્પણ કરવાની જરૂર નથી, પરંતુ તારે જે બે દુકાન છે એમાંથી એક દુકાન ઠાકરોજીને અર્પણ કરી દે, એક દુકાન તું રાખ. તારે બીજું ઘર કરવાની જરૂર નથી. અમે મહારાજને પ્રાર્થના કરીશું. મહારાજ તને દીકરો દેશે.'' નારણભાઈએ પોતાના કાકાઓને વાત કરી.

સ્વામીના વચને આ પરિવારે એક દુકાન જેતપુર ગાદી સ્થાનને અર્પણ કરી અને એમાંથી જે રકમ ઉપજી એ રકમના વ્યાજમાંથી સૂરજ અને ચંદ્ર રહે ત્યાં સુધી વર્ષમાં એક વખત થાળ અને સંતોને રસોઈ થાય એવી વ્યવસ્થા કરી.

આ અલૌકિક ઘટના અંગેનો બોલતા પુરાવારૂપ શિલાલેખ જેતપુર મંદિરમાં આજે પણ વિદ્યમાન છે.

મહારાજ તો કલ્પવૃક્ષ છે

વિક્રમ સંવત્ ૧૯૬૯ની સાલ હતી. ઝાલાવાડના મૂળી પાસેના વણા ગામના દરબાર બનેસિંહજી મોતીભાઈ રાણા સ્વામીનો સમાગમ કરવા માટે જેતપુર આવ્યા હતા. બનેસિંહજી જેતપુરમાં એક મહિનો રોકાયા. સ્વામી તેમની પાસે વચનામૃત વંચાવતા અને વચનામૃતના રહસ્યો સમજાવતા.

સ્વામીના સમાગમથી દરબારના અંતરમાં ભગવાન સ્વામિનારાયણની સર્વોપરિ ઉપાસના દૃઢ થઈ.

એકવાર દરબાર બનેસિંહજીએ કહ્યું, 'સ્વામી! જો આપના આશીર્વાદ ન હોત, આપનો સમાગમ કર્યો ન હોત તો મને શ્રીજી મહારાજનું જેવું છે તેવું સર્વોપરિપણું સમજાયું ન હોત અને મારી સમજણમાં ભારે ખામી રહી જાત.'

દરબારની વાત સાંભળીને સ્વામી ખૂબ રાજી થયા.

એ સમયે મંદિરમાં ઉતારાની ઘણી જ સંકડાશ હતી. દરબાર બનેસિંહજી ખૂબ જ મુમુક્ષુ અને ખપવાળા હતા. એમનું જીવન સાધુ જેવું સીધું, સાદું હતું.

દરબાર વ્યવહારે ઘણા સુખી હતા છતાં ઓસરીમાં ઉતર્યા હતા અને અગવડતા સગવડતા જોયા સિવાય ભીડો વેઠી સમાગમ કરતા હતા.

એ જમાનામાં જેતપુરના જૂના મંદિરમાં ઉતારા માટે એમણે રૂપિયા પાંચસો અર્પણ કર્યા હતા અને ઉતારા માટેની મેડી કરાવી દીધી હતી.

એમની મુમુક્ષુતા જોઈને બાલમુકુંદદાસજી સ્વામી એમના ઉપર ખૂબ રાજી હતા. એક વાર સવારનો સમય હતો. સ્વામી સભામાં બિરાજમાન હતા ત્યારે દરબારે સ્વામીને હાથ જોડીને કહ્યું, 'સ્વામી ! મારા મનમાં એક મૂંઝવણ રહે છે.'

સ્વામીએ કહ્યું, 'બોલો દરબાર ! શું છે ?'

દરબારે કહ્યું, 'સ્વામી! મારે ત્રણ દીકરીઓ છે. એક દીકરી મૂળીમાં આપ્યા છે, બીજી દીકરી મૈસુરમાં રહે છે અને ત્રીજી દીકરી ગોંડલમાં યુવરાજ શ્રી ભોજરાજજી સાથે પરણાવી છે.'

'જે દીકરી મૂળીમાં છે તેને મહારાજની કૃપાથી એક દીકરો છે, પંરતુ બે દીકરીઓને સંતાન નથી એમાં પણ ગોંડલના યુવરાજને એમની માતા સંતાન માટે બીજું ઘર કરાવવા માગે છે. જો યુવરાજ બીજું ઘર કરે તો મારી દીકરીને મોત કરતાંય વસમું લાગે. માટે કૃપા કરી આશીર્વાદ આપો કે એમને ત્યાં દીકરો થાય.'

બનેસિંહજીની વિનંતી સાંભળી સ્વામીજીએ કહ્યું, 'દરબાર ! શ્રીજી મહારાજ તો કલ્પવૃક્ષ જેવા છે. તમે સિંહાસનમાં બિરાજમાન શ્રીહરિને પગે લાગો, પ્રાર્થના કરો, મહારાજ તમારો મનોરથ પૂર્ણ કરશે.'

સ્વામીની વાત સાંભળી દરબાર બનેસિંહજી ઉભા થયા. ઠાકોરજીને પગે લાગ્યા અને ગદ્‌ગદ્‌ કંઠે પ્રાર્થના કરી. સ્વામીના આશીર્વાદથી ભગવાન શ્રીહરિએ બનેસિંહજીની વિનંતી સાંભળી. બીજા વર્ષે એમના દીકરીને ત્યાં દીકરાનો જન્મ થયો. જેમનું નામ વિક્રમસિંહજી રાખવામાં આવ્યું. જે ભવિષ્યમાં ગોંડલના નરેશ થયા.

વિક્રમ સંવત્‌ ૧૯૭૧ના વૈશાખ માસમાં દરબાર બનેસિંહજી સ્વામીનો સમાગમ કરવા માટે ફરીથી જેતપુર આવેલા અને ૧૫ દિવસ રોકાયેલા.

આ સમયે ગાદીસ્થાન ઉપર શિખરબંધ દેરું કરવામાં આવ્યું હતું અને દેરામાં ઠાકોરજીના સિંહાસનનું કામ ચાલુ હતું.

દરબાર બનેસિંહે સિંહાસનને સોના ચાંદીથી મઢવા માટે રૂપિયા તેરસો અર્પણ કર્યા હતા. સ્વામી જેવા સદ્‌ગુરુના સમાગમથી દરબાર બનેસિંહના આ લોક અને પરલોક બન્ને સુધરી ગયા હતા.

જેતપુરમાં મંદિર નિર્માણ

સંપ્રદાયમાં છપૈયા શ્રીહરિનું પ્રાગટ્યસ્થાન ગણાય છે. પીપલાણા શ્રીહરિનું દીક્ષાસ્થાન ગણાય છે. જેતપુર શ્રીહરિનું ગાદીસ્થાન છે. ફરેણી સ્વામિનારાયણ મહામંત્રનું ઉદ્‌ભવ સ્થાન છે. ગઢપુર શ્રીહરિનું નિવાસ સ્થાન છે.

જેતપુરમાં રામાનંદ સ્વામી ખૂબ રહેલા છે. રામાનંદ સ્વામી અહીં ભાણા કાપડીયા અને ઉન્નડ ખુમાણને ત્યાં ઉતરતા અને એક નાના ઓરડામાં સદાવ્રત ચલાવતા. આ જ સ્થળે રામાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીને પોતાની ગાદીએ બેસાડ્યા હતા અને ઉદ્ધવ સંપ્રદાયની ધર્મધુરા સોંપી હતી.

આ જ પવિત્ર સ્થળે ભગવાન નીલકંઠ વર્ણીએ ગુરુદેવ પાસે બે પ્રસિદ્ધ વરદાન માગ્યા હતાં. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી બાલમુકુંદદાસજી સ્વામી સાથે વારંવાર જેતપુર પધારતા અને પ્રસાદીના સ્થળોનો ખૂબ જ મહિમા કહી દર્શન કરાવતા.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીનો મનમાં આ જગ્યા સંપાદન કરી આ પવિત્ર સ્થળે સુંદર મંદિર કરાવવાનો વિચાર હતો.

યોગાનુયોગ વડતાલ ગાદીના આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજને શ્રીહરિની પ્રાગટ્યભૂમિ છપૈયામાં સુંદર મંદિર બાંધવાની ઈચ્છા હતી.

વિહારીલાલજી મહારાજે પોતાના સંકલ્પની વાત સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીને કરી.

સ્વામી બાલમુકુંદદાસજી થોડીવાર વિચારી રહ્યા અને બોલ્યા,“બાપજી ! છપૈયા ભગવાન સ્વામિનારાયણનું જન્મ સ્થાન છે, પીપલાણા દીક્ષા સ્થાન છે અને જેતપુર ગાદી સ્થાન છે.

છપૈયામાં અમદાવાદ ગાદીના આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજ દ્વારા એક મંદિર થઈ ચૂક્યું છે એટલે હવે બીજું મંદિર કરીએ તે ઠીક નહિ. જો આપને સારું લાગે તો ગાદી સ્થાન જેતપુરમાં મંદિર બંધાવો જેથી તમારો છપૈયાનો સંકલ્પ પૂરો થઈ જાય.”

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીની સલાહ વિહારીલાલજી મહારાજના અંતરમાં ઉતરી ગઈ. એમણે એ જમાનામાં પોતાના ગાંઠના રૂપિયા દસ હજાર ખરચીને સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીની દેખરેખમાં જેતપુર ગાદી સ્થાને મંદિર બંધાવ્યું હતું. આ પ્રસાદીની જગ્યા એ સમયે કોઈ વાણિયાના હાથમાં હતી અને જમીન અંગે ઘણી બધી તકરારો ચાલતી હતી.

આ વિવાદવાળી જગ્યાને સંપાદન કરવામાં ઘણો સમય પસાર થયો. આખરે વિક્રમ સંવત્ ૧૯૬૭ના ફાગણ વદી છઠને સોમવારના રોજ વિવાદે સહિત જમીન સંપાદન કરવામાં આવી.

બાલમુકુંદદાસજી સ્વામીની પ્રબળ સંકલ્પ શક્તિ અને શ્રીહરિની કૃપાથી આખરે તમામ વિવાદોનો અંત આવ્યો.

આ સમયે વડતાલની ગાદીએ શ્રીપતિપ્રસાદજી મહારાજ બિરાજમાન હતા.

મહારાજશ્રીની અનુમતિ લઈને સ્વામીએ ગાદીસ્થળે એક શિખરવાળું દેરું કરાવવાનો આરંભ કર્યો. આ મંદિરનું નિર્માણ કાર્ય એમણે પોતાના શિષ્ય કોઠારી સ્વામી કેશવચરણદાસજી અને પુરાણી સ્વામી ગોપીનાથદાસજીને સોપ્યું.

દેરામાં ચિત્રપ્રિતમાનો તખ્તો પધરાવવાનો હતો. જામનગરના ચિતારા રૂપાભાઈ કચરાને સ્વામીએ પટમૂર્તિ બનાવવાનું કામ સોંપ્યું હતું.

રૂપાભાઈએ સ્વામીને કહ્યું, ‘સ્વામી મારું માથું સખત દુઃખે છે તેથી મારાથી હમણાં મૂર્તિનું કામ થઈ શકે તેમ નથી.’

સ્વામીએ કહ્યું, ‘રૂપાભાઈ ! તમને માથાનો દુઃખાવો મટી જાય તો મૂર્તિનું કામ કરી દેશો ?’ રૂપાભાઈએ કહ્યું, ‘હા સ્વામી ! જો મારું માથું મટી જાય તો હું મૂર્તિનું કામ અવશ્ય કરી આપીશ.’

સ્વામીએ કહ્યું, ‘રૂપાભાઈ ! તમે મૂર્તિનું કામ શરૂ કરો, મહારાજ તમારું માથું મટાડી દેશે.’

રૂપાભાઈએ મૂર્તિનું કામ શરૂ કર્યું કે તરત જ એમના માથાનો દુઃખાવો મટી ગયો. મૂર્તિનું કામ સમયસર તૈયાર થયું.

વિક્રમ સંવત્ ૧૯૭૧ મહા વદી છઠ ને શુક્રવારે આચાર્ય શ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજના હસ્તે આ મહાપ્રસાદીના પવિત્ર સ્થળે ચરણારવિંદ અને ચિત્ર પ્રતિમાની પ્રતિષ્ઠા ધામધૂમથી કરવામાં આવી.

આ સમયે ખૂબ મોટો મહોત્સવ થયો. જેતપુરની ચોરાશી કરવામાં આવી અને સેંકડો બાવા સાધુઓને ભોજન કરાવવામાં આવ્યાં.

અમારા બધા સંકલ્પ પૂર્ણ થયા

જેતપુર ખાતે આ પ્રતિષ્ઠાનો મહોત્સવ યાદગાર બની રહ્યો.

પ્રતિષ્ઠાનો પ્રસંગ ધામધૂમથી પૂર્ણ થયા બાદ સંતો ભક્તોની સભામાં બાલમુકુંદદાસજી સ્વામીએ કહ્યું, 'હવે અમારા બધા જ સંકલ્પો પૂરા થઈ ગયા. હવે અમારો દેહ આજે પડે કે કાલે પડે, શ્રીજી મહારાજની જેમ મરજી હશે તેમ થશે. અમે જે જે મનોરથ કર્યા તે મહારાજે અને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ પૂરા કર્યા છે. હવે અમારા મનમાં કોઈ મનોરથ નથી.'

સ્વામીની વાતમાં શરીર છોડવાનો સ્પષ્ટ સંકેત હતો.

જેતપુર મંદિરની પ્રતિષ્ઠા થયા બાદ બરાબર એક વર્ષે સ્વામી અગાઉથી જાહેર કરીને સ્વતંત્ર થકા ધામમાં સીધાવ્યા હતા.

ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદથી બાલમુકુંદ સ્વામીએ પંચાસી પંચાસી વર્ષ સુધી જૂનાગઢ તેમજ સમસ્ત વડતાલ દેશની ખબર રાખી. એમના સમય દરમિયાન રઘુવીરજી મહારાજથી લઈને શ્રીપ્રતિપ્રસાદજી મહારાજ સુધીના આચાર્યો થયા.

બાલમુકુંદદાસજી સ્વામીને તમામ આચાર્યો પ્રત્યે ખૂબ જ ગુરુભાવ હતો. તો સામે આચાર્યશ્રીઓ પણ બાલમુકુંદ સ્વામીનો ભરપૂર મહિમા સમજતા રહ્યા. વિહારીલાલજી મહારાજ તો સંપ્રદાયના મોટા મોટા સમૈયા ઉત્સવ પ્રસંગો સ્વામીની દેખરેખ નીચે જ કરાવતા.

સંપ્રદાયના પ્રતિષ્ઠિત હરિભક્તો જેમ કે મુબંઈના રાવબહાદુર કરમશી દામજી, ઠાસરાના દેસાઈ માધવલાલ, અમરેલીના સુબા ગોપાલભાઈ, વડોદરાના જાણીતા એડવોકેટ શાહ પ્રેમચંદભાઈ, નડિયાદના રાવ બહાદુર ઝવેરલાલ, સુરતના ન્યાયાધીશ મંછુભાઈ ચોક્સી, ઉમરેઠના નાથજીભાઈ શુક્લ વગેરે મહાન ભક્તો બાલમુકુંદદાસજી સ્વામીનો ભારે મહિમા સમજતા હતા.

એ સમયના નંદ સંતોએ સ્વામીને આશીર્વાદ આપ્યા હતા. સંપ્રદાયના અગ્રણી સંતો અને કોઠારી પાર્ષદ ગોરધન ભગત વગેરે સર્વે સ્વામીને ભારે આદર આપતા. સોરઠ દેશના સત્સંગીઓ સ્વામીના પડ્યા બોલ ઝીલી લેતા હતા. સ્વામીના શિષ્યો પણ સ્વામીની કૃપાથી ભારે સમર્થ અને શુદ્ધ ગુણાતીત પરંપરાના વાહક હતા.

સ્વામીનાં જીવન દરમિયાન સત્સંગનો ખૂબ સારો વિકાસ થયો હતો. વિકાસની સાથોસાથ સત્સંગમાં અનેક કપરા કાળ પણ આવ્યા હતા. ખુદ

બાલમુકુંદદાસજી સ્વામીને અનેક પ્રકારની ઉપાધિનો સામનો કરવો પડેલો. પરંતુ દૃઢ મનોબળ, આગવી સૂઝબૂઝ અને મહારાજ અને ગુણાતીતાનંદસ્વામીની કૃપાથી સ્વામી સત્સંગની નૌકાને ઉપાધિઓના વાવાઝોડા વચ્ચેથી પસાર કરાવતા રહ્યા હતા. સ્વામીનું શરીર હવે વૃદ્ધ થયું હતું અને પોતે હવે શરીર છોડવા માગતા હતા. અનેક હરિભક્તો-સંતોને સંકલ્પ માત્રથી ધામમાં મોકલનાર સ્વામીએ જેતપુરમાં ગાદીસ્થળે મૂર્તિ પ્રતિષ્ઠા કર્યા બાદ હવે ખુદ ધામમાં જવાનો સંકલ્પ કર્યો. પરિણામે સ્વામીને શરીરે મંદવાડ આવ્યો.

હજારો ભક્તો સ્વામીના દર્શન માટે એકઠા થયા હતા. સ્વામીનો મંદવાડ જોઈને સર્વને થયું કે હવે સ્વામી દેહ મેલી દેશે. એટલે હરિભક્તોએ અને સંતોએ શ્રીજી મહારાજને પ્રાર્થના કરી, ‘હે મહારાજ ! તમે હમણાં સ્વામીને આ લોકમાં રાખો, અમારે સત્સંગમાં એમનો ખૂબ જ ખપ પડે છે.’

ભક્તોની પ્રાર્થના ભક્તવત્સલ શ્રીહરિએ સાંભળી અને સ્વામીનો મંદવાડ દૂર થયો. સ્વામીએ હરિભક્તોને કહ્યું, ‘અમે ધામમાં જવાની તૈયારી કરી જ લીધી હતી પરંતુ તમે બધાએ ખૂબ જ પ્રાર્થના કરી એટલે શ્રીહરિએ અમને હજુ એક વરસ આ લોકમાં રાખવાનો સંકલ્પ કર્યો છે. માટે હવે તમે બધા તમારે સ્થાનકે જાઓ. હવે અમે એક વરસ સુધી આ લોકમાં રહીશું.’

સ્વામીએ સંતોને કહ્યું, ‘સંતો ! તમે પણ હવે ગામડાં ફરવા જાઓ.’

પુરાણી સ્વામી ગોપીનાથદાસજી સ્વામીના અનન્ય શિષ્ય હતા અને સ્વામીની આજ્ઞાથી સ્વામીના જ બીજા શિષ્ય ધર્માવતાર ધર્મસ્વરુપદાસજીની સેવામાં રહ્યા હતા. પુરાણી સ્વામી શ્રી ગોપીનાથદાસજીને પણ સ્વામીમાં હેત હતું. તેઓ સ્વામી વગર રહી શકે એમ નહોતા. સ્વામીએ ગામડે ફરવાનો આદેશ કર્યો. ત્યારે પુરાણી સ્વામી બોલ્યા, ‘સ્વામી ! અમને ગામડાં ફરવા મોકલી પાછળથી તમે ધામમાં ચાલ્યા નહિં જાઓ ને ?’ પુરાણી સ્વામીના વચનોમાં શિષ્યોનું ગુરુ પ્રત્યેનું અસાધારણ હેત નીતરતું હતું. સ્વામી કહે, ‘પુરાણી ! અમે પરતંત્ર નથી, સ્વતંત્ર છીએ એટલે જ્યારે ધામમાં જવાનો સમય થશે ત્યારે તમને સૌને બોલાવી લઈશું. માટે તમે નિશ્ચિંત રહો અને ગામડાં ફરો. અમારો સંદેશ મળે ત્યારે આવી જજો. અમે તમને મળ્યા સિવાય ધામમાં નહિં જઈએ.’ મહાપ્રતાપી સંતની વાણીમાં મૃત્યુના નિયમનનો પ્રભાવ ઝળકી રહ્યો હતો. સ્વામીના વચન સાંભળીને પુરાણી સ્વામીને અંતરમાં થોડી નિરાંત થઈ અને તેઓ સંત મંડળ સાથે ગામડાં ફરવા ગયા.

સ્વામીને દાઢનો જબરો દુ:ખાવો હતો. દાઢના દુ:ખાવાને લીધે બોલવામાં

ભારે તકલીફ પડતી હતી. કથાવાર્તા કરવામાં સુખ આવતું નહોતું. શરીરે વા થયો હતો એથી બેસવા ઉઠવામાં પણ ભારે મુશ્કેલી અનુભવાતી હતી. સંકલ્પમાત્રથી હજારો ભક્તોના દુઃખ હરી લેનારા સ્વામી સ્વયંની પીડાને આત્મબળથી સહન કરી રહ્યા હતા. એમણે ક્યારેય મહારાજને પ્રાર્થના કરી નહોતી કે અમારી પીડા હરો કે હળવી કરો. એકાંતિક સત્પુરુષોની રીત અલૌકિક હોય છે. સ્વયંની પીડા સહન કરવી અને અન્યની પીડાને હરવી એ જ તો સત્પુરુષનું લક્ષણ છે.

એકવાર શ્રીજી મહારાજે સ્વામીને દર્શન દીધાં. માથે હાથ મૂકીને પૂછ્યું, ‘સ્વામી! કેમ છે ?’

સ્વામી કહે, ‘મહારાજ ! દાઢમાં દુઃખાવો છે એટલે બોલાતું નથી અને શરીરે વા થયો છે એટલે ચલાતું નથી. હવે શરીર સાવ પરાધીન થયું છે.’ મહારાજ હસીને કહે, ‘તો ઔષધ કરાવોને !’ સ્વામીએ કહ્યું, ‘મહારાજ ! જે કંઈ થાય છે તે તમારી મરજીથી થાય છે. તમારે દરદ મટાડવું હશે તો ઔષધ કરાવવાની જરુર નથી અને ન મટાડવું હોય તો ઔષધ કરાવવું નથી.’ સાંભળીને મહારાજ હસ્યા પણ કાંઈ બોલ્યા નહિં. સ્વામી કહે, ‘મહારાજ ! હવે મને ધામમાં બોલાવી લ્યો ને ! સ્વામીની વાત સાંભળતાં મહારાજ મંદ મંદ હસીને અદૃશ્ય થઈ ગયા.’ સ્વામી સમજી ગયા કે આ દરદ મટાડવાની મહારાજની મરજી નથી. સ્વામીએ દરદને શ્રીજી મહારાજની પ્રસાદી માની સ્વીકારી લીધું.

આવતી પૂનમ અક્ષરધામમાં ઉજવાશે

વિ. સં. ૧૯૭૨ ની સાલ હતી. પોષ સુદી ૪નો દિવસ હતો. સવારનો સમય હતો. સ્વામીશ્રીની બાજુમાં સાધુ શ્રીક્રિષ્નદાસજી તથા સાધુ માધવપ્રસાદદાસજી બેઠા હતા.

સ્વામીએ બન્ને સંતોને વાત કરી, ‘આજ રાત્રિમાં અમે અક્ષરધામમાં ગયા હતા અને ત્યાં અમે શ્રીજી મહારાજ સાથે ગુણાતીતાનંદ સ્વામી અને અનંત અક્ષર મુક્તોના દર્શન કર્યા.’

ગુણાતીતાનંદ સ્વામીએ મારી સામે અમીદૃષ્ટિ કરી, મંદ મંદ હસીને બોલ્યા, ‘બાલમુકુંદદાસ, આ તમારું આસન અહીં તૈયાર છે.’

‘અમારા મનમાં થયું સ્વામી હમણાં મને રોકાઈ જવાનું કહી બેસવાનું કહેશે. પરંતુ સ્વામી બોલ્યા નહીં કે તમે રોકાઈ જાવ. જો સ્વામીએ રોકાઈ જવાનું કહ્યું હોત તો અમારે પાછુ આવવું નહોતું. પણ અમે જોયું કે સ્વામીની મરજી અમને રોકવાની

નહોતી.' પાસેના સંતો બોલ્યા સ્વામી, 'તમે પાછા આવ્યા એ અમારી ઉપર દયા કરી. તમે આમ અચાનક ધામમાં રોકાઈ ગયા હોત તો અમને મનમાં ભારે ધોખો રહી જાત.'

સ્વામી બોલ્યા, 'તમને કોઈને ધોખો ન રહી જાય એટલે તો સ્વામીએ અમને રોક્યા નહીં. સ્વામીની અને મહારાજની મરજી એવી છે કે અમે સર્વને જાહેર કરીને ધામમાં આવીએ. એટલે કોઈને અમે અચાનક જતા રહ્યા એવો વસવસો કરવાનું ન રહે.' પોષ સુદી પૂનમનો દિવસ હતો. સ્વામીને શરીરે ખૂબ જ અશક્તિ અને મંદવાડ હતો. શરીરમાં વા હોવાથી હાલવા-ચાલવાનું બંધ થયું હતું.

સાધુઓએ સ્વામીને હરવા ફરવા માટે લાકડાની પાલખી કરાવી હતી. એટલામાં સ્વામીને સમાચાર મળ્યા કે 'બ્રહ્મચારી હરિક્રિષ્નાનંદજી ખૂબ જ માંદા છે.' સ્વામી પાલખીમાં બેઠા અને બ્રહ્મચારી હરિક્રિષ્નાનંદજીને દર્શન દેવા પધાર્યા.

સ્વામીએ બ્રહ્મચારીને પૂછ્યું, 'બ્રહ્મચારી ! કેમ છે ?'

બ્રહ્મચારી બોલ્યા, 'સ્વામી ! તમે મને હવે ધામમાં મોકલી દ્યો. મારે હવે આ દેહમાં નથી રહેવું.'

સ્વામીએ કહ્યું, 'બ્રહ્મચારી આજે રાત્રે મહારાજ તમને ધામમાં તેડી જશે. તમે ધામમાં જઈને મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને સર્વે મુક્તોને અમારા જય સ્વામિનારાયણ કહેજો.'

આટલી વાત થઈ ત્યાં મંદિરમાં ઠાકોરજીના ઉત્થાપનનો સમય થયો. સ્વામી પાલખીમાં બેસીને મંદિરમાં પધાર્યા. ત્રણેય દેરામાં દેવનાં દર્શન કર્યા પછી ઘુંમટની વચ્ચે રણછોડ ત્રિકમરાયજીની સન્મુખ થોડી વાર બિરાજમાન થયા અને બોલ્યા, 'હવે આવતી પૂનમ અહીં નહીં, અક્ષરધામમાં ઉજવાશે.'

ભેગા થવું હોય તો જૂનાગઢ આવી જાવ !

વડતાલમાં આચાર્ય મહારાજશ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજ સ્વામીની નાદુરસ્ત તબિયતની ચિંતા કરતા હતા. મહારાજશ્રી સ્વામીને પોતાના કંઠી ગુરુ માનતા. સ્વામીની મધ્યસ્થીથી જ મહારાજશ્રી ગાદીએ બેઠા હતા. મહારાજશ્રીને સ્વામીમાં અપાર હેત હતું. એમણે સ્વામી શ્રી નારણદાસજી ઉપર કાગળ લખ્યો અને પૂછાવ્યું કે, 'સ્વામીને શરીરે કેમ છે?'

સ્વામી નારણદાસજીએ આચાર્યશ્રીનો કાગળ સ્વામીશ્રી પાસે વાંચ્યો અને પૂછ્યું, 'આ કાગળનો શું જવાબ લખીશું ?'

સ્વામીએ કહ્યું, 'મહારાજશ્રીને લખો કે હવે અમે દેહ રાખવાના નથી. માટે ભેગું થાવું હોય તો જૂનાગઢ આવી જાવ.'

આચાર્ય મહારાજશ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજ બાલમુકુંદદાસજી સ્વામીના પ્રબળ પ્રતાપ અને મહિમાને સારી રીતે સમજતા હતા. સ્વામીની સૂઝ-બૂઝથી જ અનેક આવરણ વચ્ચે એમને આચાર્યપદ પ્રાપ્ત થયું હતું.

આચાર્ય મહારાજશ્રી વડતાલથી જૂનાગઢ આવવા નીકળ્યા ત્યાં રસ્તામાં સમાચાર મળ્યા કે 'ગઢપુરના કોઠારી ભીમજીભાઈએ શરીર છોડ્યું છે.'

મહારાજશ્રી સીધા જૂનાગઢ આવતા હતા પરંતુ ભીમજીભાઈના અક્ષરવાસના સમાચાર મળ્યા એટલે ગઢપુર જવાનું થયું. આચાર્ય મહારાજે ગઢડેથી તાર કરી જૂનાગઢ સમાચાર મોકલ્યા અને કહેવડાવ્યું કે 'અમારા વતી સ્વામીને વિનંતી કરજો કે કોઠારી ભીમજીભાઈના અક્ષરવાસને લીધે અમારે ગઢડા રોકાવાનું થયું છે તો સ્વામી અમારા આવવાની રાહ જુએ અને અમને મળ્યા પછી જ ધામમાં જાય.'

સ્વામી નારાયણદાસજીએ સ્વામીને આચાર્ય મહારાજશ્રીના સંદેશની વાત કરી. સ્વામી બોલ્યા, 'અમે તો ધામમાં જવાનો નિરધાર કરી લીધો હતો, પરંતુ આચાર્યશ્રી છેક વડતાલથી મળવા અહીં આવે છે તો એ આવે પછી જ હવે ધામમાં જઈશું. તમે આચાર્યશ્રીને તારથી ગઢપુર જાણ કરો કે ગઢપુરમાં વધુ વાર ન લગાડે. ત્યાંનું કાર્ય વહેલાસર પૂર્ણ કરી જલ્દી જૂનાગઢ આવે.'

સ્વામી નારાયણદાસજીએ સ્વામીના કહેવા પ્રમાણે ગઢપુર તાર કર્યો અને સ્વામીને કહ્યું, 'સ્વામી ! આચાર્ય મહારાજશ્રીને તાર થઈ ગયો છે.'

અલૌકિક અક્ષરવાસ !

સ્વામી ધામમાં પધારવાના છે તેની જાણ સત્સંગ સમાજને થઈ ચૂકી હતી. સ્વામીએ પુરાણી ગોપીનાથદાસજીને આપેલ કોલ પ્રમાણે ધામમાં જવાના સમયે એમને બોલાવી લીધા હતા. નડિયાદથી રાવ બહાદુર ઝવેરભાઈ પોતાની તબિયત નાદુરસ્ત હતી છતાં સ્વામીના દર્શને આવ્યા હતા. ઉપરાંત આંકડિયાથી પીતાંબરભાઈ ત્રિવેદી, દેવાત ડાંગર, લોધીકા દરબાર દાનસંગજી, રાજકોટના મિસ્ત્રી પીતાંબર વગેરે સેંકડો હરિભક્તો દૂર દૂરથી સ્વામીના દર્શને એકઠા થયા હતા.

સંવત્ ૧૯૭૨ પોષ વદી ૧૦ ને રવિવારનો દિવસ હતો. આચાર્ય મહારાજ જૂનાગઢ પધારી ચૂક્યા હતા. આચાર્ય મહારાજશ્રી અવાર નવાર સ્વામી પાસે આવતા, બેસતા, ખબર અંતર પૂછતા.

સ્વામી નારાયણદાસજી, પુરાણી સ્વામી ગોપીનાથદાસજી, બ્રહ્મચારી ચૈતન્યાનંદજી, પુરણી હરિદાસજી, સાધુ શ્રીક્રિષ્નદાસજી, સ્વામી યોગેશ્વરદાસજી, સ્વામી રુગનાથચરણદાસજી, સ્વામી પુરુષોત્તમવલ્લભદાસજી તથા ડૉ. ઉમિયાશંકર, પીતાંબરભાઇ ત્રિવેદી વગેરે સંતો ભક્તો સ્વામીની પાસે ને પાસે રહેતા હતા.

સ્વામી બાલમુકુંદદાસજી આચાર્યશ્રીને સત્સંગની બગીચાની રક્ષા કરવાની ભલામણ કરતા અને શરીરમાં જાણે કાંઇ મંદવાડ ન હોય એમ બળભરી વાતો કરતા. સ્વામીએ આચાર્યશ્રીને ભલામણ કરતા કહ્યું, 'બાપજી ! આપ ભગવાન સ્વામિનારાયણની ધર્મની ગાદીએ બિરાજો છો. આ ગાદી માત્ર વ્યવહાર માટે નથી. ધર્મની રક્ષા કરવા માટે છે. માટે સૌ સંતો, પાર્ષદો હરિભક્તોને પોત પોતાના ધર્મમાં વરતાવજો. વડતાલના કોઠારી ગોરધનદાસજીને સાચવી લેજો. તે હવે કાંઇ ઝાઝી પછેડી નહીં ફાડે.'

સ્વામીએ કહેલી વાતનો મર્મ મહારાજશ્રી સમજી ગયા !

એકવાર સ્વામીએ પોતાના ડાબા જમણા હાથ સમાન સ્વામી નારાયણદાસજી અને પુરાણી સ્વામી ગોપીનાથદાસજીને નજીક બોલાવ્યા અને કહ્યું, 'તમે બન્ને ધ્યાન રાખજો. મર્યા પછી અમને સાધુ મટાડશો નહીં, હું ધામમાં જાઉ પછી પાલખીનો તંત રાખતા નહીં, મારો અગ્નિસંસ્કાર એવી જગ્યાએ કરજો કે જ્યાં ભવિષ્યમાં પણ કોઇ દેરું બાંધી ન શકે. અમે ધામમાં ગયા પછી બીજાની પેઠે અમારા ફૂલ ઘેલામાં નાખતા નહિ, અમે આ દેહે હજારો વાર ઘેલામાં અને ગોમતીમાં નાહ્યા છીએ, માટે અમારી પાછળ આવું કાંઇ કરવાની જરૂર નથી, અમારી પાછળ ઠાકોરજીનો થાળ કે રસોઇ પણ કરાવશો નહિ, કોઇ હરિભગત એની મેળે કરે તો કરવા દેજો.'

સ્વામી નારાયણદાસજી અને પુરાણી સ્વામી ગોપીનાથદાસજીએ બાલમુકુંદદાસજી સ્વામીની ભલામણને મસ્તકે ચડાવી.

સંવત્ ૧૯૭૨ના મહા સુદ બીજને શનિવારનો દિવસ હતો. સવારની શણગાર આરતી થઇ ચૂકી હતી. આચાર્ય મહારાજશ્રી, સ્વામી નારાયણદાસજી, પુરાણી સ્વામી ગોપીનાથદાસજી વગેરે સંતો, હરિભક્તો એકઠા થયા હતા. ધૂન, ભજન, સ્મરણ ચાલુ હતા.

સ્વામી બાલમુકુંદદાસજીએ આચાર્ય મહારાજશ્રીને ધીમે રહીને કહ્યું, 'બાપજી ! હવે મારે ધામમાં જવાનો સમય થયો છે. શરીર છૂટ્યા પછી શરીરને સ્પર્શ કરવાથી સૂતક લાગે અને સબોળ સ્નાન કરવું પડે માટે આપ ઉતારે પધારો,

માથે પાઘ પહેરી છે તે ઉતારી સ્નાનનાં વસ્ત્ર પહેરી પાછા પધારો, ત્યાં સુધીમાં મારો સમય આવી પહોંચશે.'

સ્વામીના કહેવાથી આચાર્ય મહારાજશ્રી વસ્ત્ર બદલવા ઉતારે પધાર્યા. બીજી બાજુ સ્વામીએ ફરીથી સ્નાન કર્યું. પોતે અગાઉથી રંગાવી રાખેલા નવાં ભગવાં વસ્ત્રો ધારણ કર્યાં, જૂની જનોઈ બદલીને નવી પહેરી. તુલસીની નવી કંઠી ડોકમાં ધારણ કરી, માથે રૂમાલ મૂક્યો, એટલામાં આચાર્ય મહારાજશ્રી પણ તૈયાર થઈને પાછા આવી ચૂક્યા હતા.

જૂનાગઢ મંદિરના ચોકમાં માણસો સમાતા નહોતા. મંદિરનો ગુણાતીત સભામંડપ સંતો અને હરિભક્તોથી હકડેઠઠ ભર્યો હતો.

સ્વામી ઉંચી ખુરશી ઉપર બેઠા હતા. બાજુમાં બીજી ખુરશી પર આચાર્ય મહારાજશ્રી બિરાજમાન થયા હતા. સ્વામીએ આકાશ સામે હાથ જોડ્યા અને બોલ્યા, 'લ્યો લ્યો જુવો, મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી અક્ષર મુક્તોના મંડળ સાથે અમને લેવા આવી પહોંચ્યા છે. 'સર્વને જય શ્રી સ્વામિનારાયણ.' આટલું બોલતાની સાથે જ સ્વામીએ શરીર છોડી દીધું.

સંવત્ ૧૯૭૨ મહા સુદ બીજ અને સવારના સાડા નવ વાગ્યાનો સુમાર હતો. સ્વામીએ શરીર છોડ્યુ ંત્યારે સર્વ દિશાઓ રૂદન કરતી હોય તેમ વાતાવરણ અત્યંત ધૂંધળું થઈ ગયું હતું. સ્વામીના શરીરનો છેલ્લો સ્નાનવિધિ અને અગ્નિસંસ્કાર કરવા માટેની તૈયારીઓ ચાલી.

ડૉ. ઉમાશંકર રેશમી કાપડનો તાકો પાલખી શણગારવા માટે અગાઉથી જ લઈ આવ્યા હતા પણ સ્વામી નારાયણદાસજીએ કહ્યું, 'ગુરુદેવે ના પાડી છે અને ધામમાં જતાં પહેલાં કહી ગયા છે કે મર્યા પછી અમને સાધુ મટાડશો નહીં ને પાલખીનો તંત કરશો નહીં. સ્વામીએ જ્યાં સુધી દેહ રાખ્યો ત્યાં સુધી રેશમી વસ્ત્રો પહેર્યાં નહીં. એટલે સ્વામીની પાલખી રેશમી વસ્ત્રથી ન શણગારાય.' પછી સ્વામીની સૂચના પ્રમાણે સાદા સફેદ વસ્ત્રથી પાલખી તૈયાર કરવામાં આવી. આચાર્ય મહારાજશ્રી સહિત બધા જ સંતો હરિભક્તો પગપાળા જૂનાગઢ મંદિરથી નીકળ્યા અને ધૂન-ભજન કરતા કરતા દામોદર કુંડ પહોંચ્યા.

સ્વામી નારાયણદાસજી અને પુરાણી સ્વામી ગોપીનાથદાસજીને સ્વામીની બીજી ભલામણ બરાબર યાદ હતી. ધામમાં જતાં પહેલાં સ્વામીએ કહ્યું હતું કે 'અમારો અગ્નિસંસ્કાર નદીનાં પટમાં કરજો કે જેથી ભવિષ્યમાં પણ કોઈ ડેરું બાંધી ન શકે.'

દામોદર કુંડથી થોડે દૂર સોનરખ નદીના રેતાળ કિનારે સ્વામીનો અંતિમ અગ્નિસંસ્કાર વિધિ કરવામાં આવ્યો.

આ રીતે એક મહાન સંતે ધરતી ઉપર અવતરી, હજારો જીવોના કલ્યાણ કરી અપાર સામર્થ્ય, પ્રતાપ અને ઐશ્વર્ય વાપરી અલૌકિક રીતે વિ. સં. ૧૯૭૨ના મહાસુદ બીજ ને શનિવારના રોજ આ લોકમાંથી વિદાય લીધી.

નોંધ :- બાલમુકુંદદાસજી સ્વામી જ્યારે ધામમાં પધાર્યા ત્યારે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ ત્યાં હાજર હતા. એમની ઉંમર આશરે ૧૬ વર્ષની હતી. સ્વામીના ધામમાં જવાના પ્રસંગને તેઓ શ્રી આંખે દેખ્યા અહેવાલની જેમ વર્ણન કરતા. ગુરુદેવ કહેતા કે ‘સ્વામીને અવસ્થાને લીધે શરીરમાં નબળાઈ હતી, ધીરે ધીરે બોલતા, હું નાનો હતો અને સ્વામીમાં અપાર હેત હતું.

હું ધીરે ધીરે સરકીને સ્વામીની નજીક પહોંચી ગયો હતો, જેથી સ્વામી જે બોલે તે સાંભળી શકાય. સ્વામીના ધામમાં જવાનો આ અલૌકિક પ્રસંગ મેં નજરે નિહાળ્યો છે.’

શ્રી બાલમુકુંદદાસજી સ્વામીના જીવન પ્રસંગો અનેક જગ્યાએ છૂટા છવાયા લખાયા છે. જેતપુર મંદિર તરફથી સ્વામીની રોજનીશી જેવું જીવન પ્રકાશિત થયું છે. સમર્થ સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીનું આ જીવન ચરિત્ર લખવામાં આ બધાનો આધાર લેવામાં આવ્યો છે.

સત્સંગની સેવાઓ

સ્વામીએ બાબરીયાવાડ વિસ્તારમાં વાંગધરા, ડેડાણ, આદસંગ, દેતડ વગેરે ગામોમાં મંદિરો કરાવેલાં છે તથા હનુમાનજીની ડેરીઓ તેમજ ભંડાર વગેરે કરાવેલા છે. ઉના વિસ્તારમાં ઉના, સામતેર, સીમર, ગરાળ, ભડીયાદર વગેરે ગામોમાં મંદિરો કરાવેલાં છે. અમરેલી વિસ્તારમાં તરવડા, બાબાપર, વાંકીયા, ચાંદગઢ, દેવરાજીયા, પીઠવાજાળ, તોરી, મોટી કુંકાવાવ, રામપર, મોટા આંકડીયા, અમરાપર, બરવાળા, ઢોલરા વગેરે ગામોમાં મંદિરો કરાવેલા છે.

શ્રીવિહારીલાલજી મહારાજ વડતાલમાં અક્ષરભુવન બંધાવતા હતા ત્યારે સ્વામીએ પોરબંદરી પત્થરો મોકલીને સેવા કરી હતી.

માણાવદરમાં લાલજી મહારાજનું ચાંદીનું સિંહાસન કરાવી આરસ પથરાવ્યો હતો. ગોંડલ મંદિરમાં આરસનું કામ તથા ચાંદીનો હીંડોળો સ્વામીની પ્રેરણાથી કરવામાં આવ્યો હતો.

રાજકોટના જૂના મંદિરમાં ત્રણ ખંડનું ચાંદીનું સિંહાસન કરાવ્યું હતું તથા ચાંદીનું પારણિયું કરાવ્યું હતું. રાજકોટમાં જે સ્થળે ગવર્નર સર માલ્કમ શ્રીજી મહારાજને મળ્યા હતા, એ સ્થળે સ્વામીએ ભવ્ય બેઠક અને છત્રી કરાવી હતી, જેમાં લોધિકા દરબાર અભેસિંહજીએ સેવા કરી હતી.

જૂનાગઢમાં ઘનશ્યામ મહારાજનું ચાંદીનું સિંહાસન સ્વામીની પ્રેરણાથી કરવામાં આવ્યુ હતું. ફરેણી સંપ્રદાયની મંત્રપીઠ ગણાય છે. ઉદ્ધવાવતાર સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ અહીં દેહોત્સર્ગ કર્યો હતો. સ્વામિનારાયણ મહામંત્રનો પ્રથમ ઉદ્‌ઘોષ આ સ્થળેથી થયો હતો. હાલમાં પીપલાણાના જોગીસ્વામીના શિષ્ય શાસ્ત્રી સ્વામી બાલકૃષ્ણદાસજીએ ફરેણી મંત્રપીઠનો ખૂબ જ વિકાસ કર્યો છે.

સ્વામીએ કૃષ્ણચરણદાસજી સ્વામી દ્વારા આ સ્થળે મંદિર કરાવ્યું હતું. મહુધા તથા વસોના હરિભક્તોએ સ્વામીની પ્રેરણાથી આ મંદિર નિર્માણ-કાર્યમાં આર્થિક સેવા કરી હતી.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીનું સંત મંડળ

- સ્વામી કેશવચરણદાસજી
- કોઠારી સ્વામી હરિકૃષ્ણદાસજી
- સ્વામી પુરુષોત્તમવલ્લભદાસજી
- સ્વામી માધવપ્રસાદદાસજી
- સ્વામી પ્રેમવતીદાસજી
- સ્વામી હરિસેવાદાસજી
- સ્વામી મુકુંદજીવનદાસજી
- સ્વામી હરિવલ્લભદાસજી
- સ્વામી રામચરણદાસજી
- સ્વામી નારાયણદાસજી
- સ્વામી રામાનુજદાસજી
- સ્વામી પ્રભુચરણદાસજી
- સ્વામી નિર્ગુણદાસજી
- પુરાણી સ્વામી હરિસ્વરુપદાસજી
- સ્વામી ભગવતજીવનદાસજી
- સ્વામી શ્રીકૃષ્ણદાસજી
- સ્વામી રાધારમણદાસજી
- સ્વામી નારાયણવલ્લભદાસજી
- સ્વામી જ્ઞાનજીવનદાસજી

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીના જીવન અને કાર્યની સાલવાર ઝલક

સ્વામીશ્રીના જીવનમાં જે જે પ્રસંગો બન્યા તથા તેમણે સત્સંગના જે જેકાર્યો કર્યા તેની વિગતો તિથિ તથા સાલવાર શક્ય બન્યું તેટલું સંશોધન કરી

અહીં યાદી રૂપે મૂકવા પ્રયત્ન કર્યો છે. સંશોધક :- સ્વામિનારાયણ મિશન,સુરતના સંસ્થાપક સદ્‌ગુરુ શ્રી નીલકંઠચરણદાસજી સ્વામી.

સં. ૧૮૮૭ (ઈ.સ. ૧૮૩૧) ચૈત્ર સુદ-૩ (મત્સ્ય જયંતિ) : જન્મદિન- (મોસાળનું ગામ કાળેજ) માતા પિતાનું નામ મીઠીબાઈ તથા પીતા જીવનભાઈ

સં. ૧૯૦૪ (ઈ.સ. ૧૮૪૮) : ગોરધન ભક્તને પંચાળા ગામમાં ગુણાતીતાનંદ સ્વામીનું પ્રથમ દર્શન તથા મિલન

સં. ૧૯૦૫ (ઈ.સ. ૧૮૪૯) : પ્રથમવાર ગૃહત્યાગ

સં. ૧૯૦૭ (ઈ.સ. ૧૯૫૧) : વડતાલમાં સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા અને સાધુ થવા ઘર-પરિવારનો ત્યાગ કરી જૂનાગઢમાં સ્વામીશ્રીની પાસે પધાર્યા ને પાર્ષદ થયા.

સં. ૧૯૦૮ (ઈ.સ. ૧૯૫૨) : સ્વામીશ્રીની આજ્ઞાથી રામદાસજી સ્વામી પાસે વિદ્યાભ્યાસ શરૂ કર્યો.

સં. ૧૯૦૯ (ઈ.સ. ૧૮૫૩) ચૈત્ર સુદ-૯ (હરિજયંતિ) : આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ પાસે દીક્ષા લઈ સાધુ થયા. ને બન્યા બાલમુકુન્દદાસજી સ્વામી (દીક્ષાદિન)

સં. ૧૯૧૨ (ઈ.સ. ૧૮૫૬) : સ્વામીશ્રીની સાથે વડતાલ છાવણીમાં પધાર્યા તથા ગામડા ફરવા નીકળેલા આચાર્યશ્રી તથા સદ્‌ગુરુઓની સેવા કરી.

સં ૧૯૧૨ થી ૧૯૨૩ સુધી : સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની નિશ્રામાં રહી સાધુના ગુણ કેળવ્યા તથા સેવા કરી ગુરૂવર્યને પ્રસન્ન કર્યા.

સં. ૧૯૨૩ (ઈ.સ. ૧૮૬૬) : સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ પોતાને અક્ષરધામમાં જવાનો સંકલ્પ હોવાથી બાલમુકુન્દદાસજી સ્વામીનું મંડળ બાંધી આપી સત્સંગસેવા કરવાની ભલામણ કરી.

સં. ૧૯૨૩ (ઈ.સ. ૧૮૬૭) આસો સુદ - ૧૨ : સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી ગોંડલમાં બપોરે ૧૨-૪૫ વાગે અક્ષરધામમાં સિધાવ્યા.

સં. ૧૯૨૮ (ઈ.સ. ૧૮૭૨) : ગોંડલ મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે પધાર્યા તથા જૂનાગઢ સભામાં કથા કરી.

સં. ૧૯૨૮ થી ૩૯ (ઈ.સ. ૧૮૭૨ થી ૭૩) : બાબરીયાવાડ, બગસરા, અમરેલી, કૂકાવાવ, ગોંડલ પ્રદેશમાં વિચરણ સં. ૧૯૩૯ (ઈ.સ.૧૮૮૩) **ઢોલરવામાં મંદિર નિર્માણની સેવા**

સં. ૧૯૪૪-૪૫ (ઈ.સ. ૧૮૮૮-૮૯) : રાજકોટ પ્રદેશમાં વિચરણ.

રાજકોટમાં શ્રીહરિ અને સર માલ્કમની મુલાકાત-સ્થાનમાં છત્રી બનાવી ચરણારવિંદ પધરાવ્યા.

સં. ૧૯૪૦-૪૧ (ઈ.સ. ૧૮૮૪-૮૫)

ઉના પ્રદેશમાં વિચરણ તથા ઉના મંદિના વહીવટની સુધારણા કરી.

સં. ૧૯૪૨-૪૩ (ઈ.સ.૧૮૮૬-૮૭) : પુનઃ ઉના પ્રદેશમાં વિચરણ તથા રાજકોટમાં માવા મુસાની ઈચ્છાથી મોટો યજ્ઞ કરી ઉત્સવ કર્યો.

સં. ૧૯૪૬-૪૭ (ઈ.સ. ૧૮૯૦-૯૧) : બાબરિયાવાડ પ્રદેશમાં વિચરણ, ૪૬ની સાલમાં માવાભાઈ કડિયાની ઈચ્છાથી જૂનાગઢમાં ભીમ એકાદશીના ઉત્સવમાં પારાયણ કરાવી.

સં. ૧૯૪૮-૪૯ (ઈ.સ.૧૮૯૨-૯૩) : બગસરા પ્રદેશમાં વિચરણ, ગઢપુરમાં ૪૯ની સાલમાં શ્રીહરિ તિરોધાન સ્થાનમાં આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે મંદિર બનાવી મૂર્તિ પધરાવવા નિમિત્તે મોટો યજ્ઞ કર્યો, તેમાં સ્વામીશ્રીએ ઘણી સેવા સંભાળી હતી.

સં. ૧૯૫૦-૫૧ (ઈ.સ.૧૮૯૪-૯૫) : અમરેલી પ્રદેશમાં વિચરણ, મુંબઈમાં મંદિરની જગ્યાની પસંદગી માટે મુંબઈ પધાર્યા. દેવરાજીયા ગામમાં મંદિર નિર્માણની સેવા ભાવનગર, ખંભાત, પેટલાદ, આણંદ, ઠાસરા પધાર્યા. ત્યાં ૨૫ દિવસ રોકાયા.

સં. ૧૯૫૨-૫૩ (ઈ.સ. ૧૮૯૬-૯૭) : કુંકાવાવમાં વિચરણ

તોરી ગામમાં મંદિર નિર્માણની સેવા

પુરુષોત્તમવલ્લભદાસજી સ્વામીને આચાર્યશ્રી પાસે દીક્ષા અપાવી સાધુ કર્યા. નાના ગોખરવાળા, ચાંદગઢ, સોનારીયા, ચરખા, માળીલા, ત્રવેડા, મોટા આંકડિયા, કુવાવાવ, તોરી આદિક ગામોમાં વિચરણ ગોંડલમાં હુતાશનીનો ઉત્સવ કર્યો.

સ્વામી શ્રી જ્ઞાનજીવનદાસજી, નારણવલ્લભદાસજી તથા શામજીભગત સાથે ટ્રેન મારફત વડતાલ ચૈત્રી પૂનમના ઉત્સવમાં પધાર્યા.

ઉત્સવ કરી ધોલેરા-ભાવનગર થઈ તોરી પધાર્યા.

ગોંડલમાં નવી હવેલી કરાવી તથા જૂનાગઢમાં ભીમ એકાદશીનો ઉત્સવ કરવા આવ્યા.

વિહારીલાલજી મહારાજ સ્વામીશ્રીની સાથે રાજકોટ પધાર્યા ને જૂનાગઢ આવ્યા.

સં. ૧૯૫૪ (ઈ.સ. ૧૮૯૮) : આંકડિયામાં મંદિર નિર્માણની સેવા

આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે સ્વામીશ્રીને ઉમરેઠ તેડાવ્યા તેથી સ્વામીશ્રી આંકડીયાથી ગઢડા-કરિયાણી-કુંડળ-રોજકા-ગાંફ-બુધેજ-વડતાલ થઈ ઉમરેઠ પધાર્યા. આ સમયમાં વડતાલમાં પ્લેગ રોગ ફેલાયેલો.

ઉમરેઠથી વળતા ધોલેરા-ગઢડા-આંકડીયા-કુકાવાવ, તોરી, ખારચિયા થઈ જૂનાગઢ ભીમ એકાદશીના ઉત્સવમાં પધાર્યા.

સં. ૧૯૫૫ : રાજકોટ પ્રદેશમાં વિચરણ

(ઈ.સ.૧૮૯૯) : આચાર્યશ્રીએ સ્વામીશ્રીને રાજકોટથી મહેમદાવાદ તેડાવ્યા અને એક માસ વિચરણમાં સાથે રાખ્યા.

આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ ભાદરવા માસમાં માંદા હોવાથી વડતાલ આવ્યા. ભાદરવા સુદ-૮ ના રોજ આચાર્યશ્રી દેહ મૂકી અક્ષરધામમાં ગયા ને તેમની ઉત્તરક્રિયા પૂર્ણ થયા પછી સ્વામીશ્રી રાજકોટ પધાર્યા.

સં. ૧૯૫૬ : (ઈ.સ.૧૮૯૦) માહા સુદ-૫

વડતાલમાં ટ્રસ્ટીશ્રીઓએ તેડાવ્યા એટલે સ્વામીશ્રી વડતાલ આઠ દિવસ રોકાયા, ત્યારબાદ ગઢડા થઈ જૂનાગઢ આવ્યા.

સં. ૧૯૫૭-૫૮ (ઈ.સ.૧૯૦૧-૦૨)

જામનગર પ્રદેશમાં વિચરણ જૂનાગઢમાં હુતાશનીનો ઉત્સવ

(ઈ.સ.૧૯૫૭) ફાગણમાસ : જૂનાગઢ-કાલસારી-હળિયાદ-તોરી-કુકાવાવ-આંકડિયા-લુણીધાર થઈ વડતાલ આવ્યા.

ચૈત્ર માસ : વડતાલમાં ચૈત્રી સમૈયો કર્યો.

ઉત્સવ બાદ ગઢડા-ગોંડલ-રાજકોટ થઈ જામનગર આવ્યા.

જેઠ માસ : ભીમ એકાદશીનો ઉત્સવ જૂનાગઢમાં કર્યો.

સં. ૧૯૫૮ : ગોંડલ મંદિર માટે સોનાનો હિંડોળો બનાવ્યો.

કારતાક માસ કાર્તિકી સમૈયો કરવા વડતાલ કારતક સુદ ૮ થી ૧૫ સુધી રોકાયા. ત્યારબાદ ગામડા ફરી જામનગર આવ્યા. અમદાવાદમાં આચાર્યશ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ અક્ષરધામમાં ગયા તે સમાચાર મળતા સ્વામીશ્રી જામનગર-સરપદડ-રાજકોટ થઈ અમદાવાદ પધાર્યા. ત્યાર બાદ વિચરણ કરતા જામનગર આવ્યા.

ચૈત્ર માસ : ચૈત્રી સમૈયો કરવા વડતાલ આવ્યા - વડતાલથી ગઢડા-ગઢાળી-લીંબડા - જાળીયા - ચીત્તલ - અમરેલી - મોટા ગોખરવાળા પધાર્યા. ત્યાં સિંહાસનમાં મૂર્તિપધરાવી. ત્યાંથી કાલસારી થઈ જૂનાગઢ આવ્યા.

જેઠ માસ : ભીમ એકાદશીનો ઉત્સવ જૂનાગઢમાં કર્યો.

સં. ૧૯૫૯-૬૦ (ઈ.સ.૧૯૦૩-૦૪) : ઉપલેટા પ્રદેશમાં વિચરણ ગણોદ- ઉપલેટા-મૂળીથી ટ્રેન મારફત વડતાલ આવ્યા.

કારતક માસ : દિવાળીનું ગ્રહણ હોવાથી હરિ જયંતિના દિવસે અન્નકૂટ મહોત્સવ કર્યો હતો તથા પૂનમનો ઉત્સવ કર્યો

વૈશાખ માસ : મુંબઈ મૂર્તિ પ્રતિષ્ઠા હોવાથી જૂનાગઢથી ગોંડલ- રાજકોટ- મૂળી- વિરમગામ થઈ મુંબઈ આવ્યા.

ત્યાર બાદ સુરત-ભરૂચ- વડોદરા- ગોંડલ થઈ જૂનાગઢ આવ્યા.

જેઠ માસ : ભીમ એકાદશીનો ઉત્સવ જૂનાગઢમાં કર્યો.

સં. ૧૯૬૧-૬૨ (ઈ.સ.૧૯૦૫-૬)

માણવદર પ્રદેશમાં વિચરણ

સં. ૧૯૬૨ - કારતક માસ : અમદાવાદમાં આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજને દેવદિવાળીના દિવસે જનોઈ આપવાની હોવાથી સ્વામીશ્રી માણાવદરથી જૂનાગઢ, રાજકોટ થઈ અમદાવાદ પધાર્યા.

વડતાલમાં કાર્તિકી સમૈયો કર્યો.

આચાર્યશ્રી લક્ષ્મીપ્રસાદજી મહારાજની સાથે અઢી મહિના કાનમ દેશના ગામડાં ફર્યા. ત્યારબાદ વઢવાણ-રાજકોટ-ગોંડલ થઈ માણાવદર આવ્યા.

ચૈત્ર માસ : વડતાલ ચૈત્રી સમૈયો કરવા માટે માણાવદરથી જૂનાગઢ-મોટી કુંકાવાવ-આંકડીયા-લુણીધાર-અમદાવાદ થઈ વડતાલ પધાર્યા. ઉત્સવ કરી વડતાલથી ધોલેરા-ગઢડા-આંકડિયા-કુંકાવાવ-તોરી-હળિયાદ-કાલસારી-જૂનાગઢ થઈ માણાવદર પધાર્યા.

વૈશાખ માસ : માણાવદરમાં ચાંદીનું સિંહાસન કરાવ્યું. ચુડવામાં મૂર્તિ પ્રતિષ્ઠા કરી.

જેઠ માસ : જૂનાગઢમાં ભીમ એકાદશીનો ઉત્સવ કર્યો.

પીપલાણામાં દીક્ષા સ્થાનમાં મંદિર નિર્માણની સેવા. આ સમયે સુરતના ચોકસી મનસુખલાલ સ્વામીશ્રીના દર્શન કરવા પીપલાણા પધાર્યા.

સં. ૧૯૬૩-૬૪ ઇ.સ. ૧૯૦૭-૦૮ : માળિયા પ્રદેશમાં વિચરણ

સં. ૧૯૬૩ કારતક માસ : માળિયાથી સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા ને અન્નકોટ મહોત્સવ કર્યો.

વડતાલ કાર્તિકી સમૈયો કરવા જતા લાઠીમાં દરજીના જીનમાં રાત રહ્યા.

ત્યાંથી ટ્રેનમાં બેસી કારતક સુદ-૮ના રોજ વડતાલ પધાર્યા. ત્યાં પૂનમનો સમૈયો કરી ડભાણ-મહેમદાવાદ-જેતલપુર થઈ અમદાવાદ પધાર્યા. ત્યાંથી રાજકોટ થઈ માળિયા પધાર્યા.

ચૈત્ર અધિક માસ : ચૈત્ર અધિક માસમાં શેઠ દેવરાજભાઈએ કથાવાર્તા કરવા માણાવદર તેડાવ્યા, તેથી ત્યાં એક માસ રોકાયા.

જુનાગઢથી લૂણીધાર થઈ અમરેલી આવ્યા. ત્યાં ગણપતિને પધરાવ્યા.

ચૈત્ર માસ : અમરેલીથી ચિત્તલ - નડીયાદ થઈ વડતાલ પધાર્યા. ત્યાં ચૈત્રી સમૈયો કર્યો. ત્યાર બાદ નડીયાદથી મુમધા થઈ વડતાલમાં મુંબઈના શેઠ કરમશીદામજીના દીકરાના જનોઈ પ્રસંગે તથા માણેજવાળા પાટીદારના વિષ્ણુયાગમાં પધાર્યા.

નૃસિંહ જયંતિના દિવસે વડતાલથી નીકળી પીજ - વસો- લીંબાસી - કણોદર - શિયાળી - બરોલ થઈ લીંબડી પધાર્યા. લીંબડીમાં દિવાન ઝવેરભાઈને ત્યાં સાત દિવસ રોકાયા ત્યાર બાદ રાજકોટ થઈ જુનાગઢ આવ્યા.

જેઠ માસ : જુનાગઢમાં ભીમ એકાદશીનો ઉત્સવ કર્યો.

સં. ૧૯૬૪ કારતક માસ કાર્તિકી સમૈયો કરવા માટે સ્વામીશ્રી માળીયાથી વડતાલ જવા નીકળ્યા. તે રસ્તામાં કુંકાવાવ-તરવડા થઈ કેરાળા આવ્યા.

કેરાળામાં હનુમાનજીની પ્રતિષ્ઠા કરીને આજુબાજુના ગામડામાં ફરતા અમરેલી આવ્યા ને ત્યાંથી ગોંડલ પધાર્યા અને અન્નકૂટ મહોત્સવ કર્યો. પછી રાજકોટ થઈ વડતાલ કાર્તિકી સમૈયામાં પધાર્યા. તે વડતાલ ૧૫ દિવસ રોકાયા. ત્યાંથી સુરતમાં વીસ દિવસ, ભરૂચ ૩ દિવસ, વડોદરા ૧૨ દિવસ રોકાયા. ત્યાંથી સોખડા થઈ સાંકરદા પધાર્યા. ત્યાંથી અમદાવાદ ત્રણ દિવસ, બોટાદ દસ દિવસ, આંકડિયા દસ દિવસ, કુંકાવાવ દસ દિવસ રોકાયા. ત્યાંથી વાઘણીયા-બાલાપર-રામપર-તોરી થઈ ગોંડલ પધાર્યા.

ગોંડલમાં હનુમાનજીની પ્રતિષ્ઠા કરી. ગોંડલથી ધારી-ઓઢાના સમઢીયાળા-ટીંબી પધાર્યા. ટીંબીમાં હનુમાનજીની પ્રતિષ્ઠા કરી.

ટીંબીથી ઉના-વરસંગપર-રાતડ-જરગલી-પીછડી-મંડોરડા-આકોલવાડી-જમળી-સાંઢબેડા-વાવણીયા વાવ-માલણકુ-ખોડિયાર થઈ મેંદરડા આવ્યા.

મેંદરડામાં હનુમાનજીની પ્રતિષ્ઠા કરી. જૂનાગઢમાં ભીમ એકાદશીનો ઉત્સવ કર્યો.

સં. ૧૯૬૫-૬૬ ઇ.સ. ૧૯૦૯-૧૦) : ઉના પ્રદેશમાં વિચરણ

સં. ૧૯૬૫ કારતક માસ : વડતાલમાં કાર્તિકી સમૈયો કર્યો. ત્યારબાદ

વડતાલથી વસો-નડિયાદ થઈ રાજકોટ પધાર્યા.

માગશર માસ : રાજકોટમાં માગશર સુદ-૧૫નું ગ્રહણ કર્યું. ત્યાંથી વણુદડ આદિક ગરાસિયાના ગામોમાં દોઢ માસ ફર્યા. ત્યારબાદ રીબડા-જુનાગઢ થઈ જેતપુર પધાર્યા.

ચૈત્ર માસ : ચૈત્રી સમૈયો વડતાલમાં કર્યો.

વૈશાખ માસ : વૈશાખ સુદ-૭ ના રોજ શ્રીપતિપ્રસાદજી મહારાજને ગાદી અર્પણ કરી ત્યારે વડતાલ પધારેલ.

આચાર્યશ્રીની સાથે સ્વામીશ્રી બોટાદ-ગઢડા-જૂનાગઢ પધાર્યા. જૂનાગઢ મંદિરના સીલ થયેલ તે પાછા ઉઘડાવ્યા. ગોંડલ મંદિરમાં આચાર્યશ્રીના હસ્તે સોનાના કળશ ચઢાવ્યા. ત્યાંથી લોધિકા થઈ રાજકોટ આવ્યા ત્યાં આચાર્યશ્રી સાથે આઠ દિવસ રોકાયા ત્યાંથી જુનાગઢ આવ્યા. જુનાગઢની મહંતાઈ શ્રીહરિદાસજી સ્વામીને સોંપી.

સં. ૧૯૬૬ જેઠ માસ : જુનાગઢમાં ભીમ એકાદશીનો ઉત્સવ કર્યો.

અષાઢ માસ અષાઢ સુદ-૧૦ ના રોજ જેતપુર પધાર્યા ત્યાં એક મહિનો રોકાયા.

શ્રાવણ માસ : શ્રાવણ સુદ-૧૦ ના રોજ ગોંડલ પધાર્યા. ત્યાંથી રાજકોટ થઈ સરધાર પધાર્યા. સરધારમાં નવા મંદિરમાં મૂર્તિ પધરાવી ત્યાંથી રાજકોટ આવ્યા. ગઢડા મંદિરના ચોકમાં પ્રસાદીના સ્થાનમાં આરસ છત્રી પર ચરણાવિંદ શ્રાવણ વદ-૬ના રોજ પધરાવવાના હોઈ પિતામ્બર સવાની પ્રાર્થનાથી સ્વામીશ્રી શ્રાવણ વદ-૪ ના દિવસે ગઢપુર પધાર્યા ને જળજીલણીનો ઉત્સવ ગઢપુરમાં કરી આસો વદ-૧૨ (દેવોના પાટોત્સવ) સુધી રોકાયા ત્યાંથી સ્વામીશ્રી આંકડિયા આવી શરદપૂર્ણિમાનો ઉત્સવ કર્યો. ત્યાં ૧૨ દિવસ રોકાયા ત્યાંથી અમરાપુર થઈ કુંકાવાવ પધાર્યા અન્નકૂટ ઉત્સવ કર્યો.

સં. ૧૯૬૭-૬૮ (ઈ.સ. ૧૯૧૧-૧૨) : જેતલપુરમાં ગાદી સ્થાનની પ્રસાદીની જગ્યા પ્રાપ્ત કરીને મંદિરની શરૂઆત કરી.

સં. ૧૯૬૮ ચૈત્ર સુદ-૯ : રાજકોટ મંદિરમાં ચાંદીનું સિંહાસન કરાવ્યું.

માધવપ્રસાદજી સ્વામીને સાધુની દીક્ષા અપાવી સાધુ કર્યા.

સં. ૧૯૬૯-૭૦ (ઈ.સ. ૧૯૧૩-૧૪)

બગસરા પ્રદેશમાં વિચરણ

સં.૧૯૬૯ કારતક સુ-૧૧ : હરિકૃષ્ણદાસજી સ્વામીને દીક્ષા અપાવી સાધુ કર્યા.

ચૈત્ર માસ : જેતપુરથી ગોંડલ-રાજકોટ થઈ હરિજયંતિના ઉત્સવ પર વડતાલ પધાર્યા.

ઉત્સવ કરી વડતાલથી રાજકોટ- જામનગર-વંથલી થઈ પાછા રાજકોટ પધાર્યા.

આચાર્યશ્રીના તેડાવવાથી નારાયણદાસજી સ્વામી સાથે વડતાલ પધાર્યા. ત્યાંથી રાજકોટ પધાર્યા ઠા. જીવન માધાને ત્યાં પારાયણમાં હાટીના માળિયા પધાર્યા. ત્યાં આઠ દિવસ રોકાયા ને જેતપુર પરત પધાર્યા.

સં.૧૯૭૦ : હરિજયંતિનો ઉત્સવ કરવા વડતાલ પધાર્યા. ત્યાંથી રાજકોટ, ગોંડલ થઈ જેતપુર પધાર્યા.

સં ૧૯૭૧-૭૨ (ઈ.સ. ૧૫-૧૬) : અમરેલી પ્રદેશમાં વિચરણ

સં.૧૯૭૧ મહાવદી-૬ : જેતપુરમાં મંદિર તૈયાર થતા આચાર્યશ્રીને તેડાવી મોટો યજ્ઞ તથા ઉત્સવ કરી મૂર્તિ પ્રતિષ્ઠા કરી. ઉત્સવ કરી આચાર્યશ્રીની સાથે ગોંડલ ને રાજકોટ પધાર્યા. ત્યાં પંદર દિવસ રોકાયા.

ફાગણ વદ-૩ રાજકોટથી જેતપુર પધાર્યા ને અક્ષરધામમાં જવાનો સંકલ્પ કર્યો ને મંદવાડ ગ્રહણ કર્યો.

ફાગણ વદ-૧૧ સ્વામીશ્રી નારાયણદાસજી સ્વામીશ્રીને ટ્રેન મારફત જૂનાગઢ તેડી ગયા.

સત્સંગીઓને સુખ મળે તે માટે સ્વામીશ્રીને અક્ષરધામમાં ન લઈ જવા માટે સર્વે સંતો-હરિભક્તોએ પ્રાર્થના કરી, તેથી શ્રીહરિએ દર્શન દઈ એક વર્ષ સુધી વધુ રાખવા કોલ આપ્યો.


સ્વામીશ્રીના શરીરે સારું થતા જેતપુર તથા જૂનાગઢ મંદિર માટે સોનાના સિંહાસન કરાવ્યા. જેતપુર મંદિરમાં આરસ પથરાવ્યો. મહાપૂજા શરૂ કરાવી અને સંતો દેવપૂજા માટે રહી શકે તેવી વ્યવસ્થા કરીનું મંડળ જેતપુરમાં રાખ્યું.


સં. ૧૯૭૨ પોષ સુદ-૪ : સંતો ભક્તોને સત્સંગની શીખ આપી તથા ભલામણ કરી અક્ષરધામમાં અમારૂ આસન તૈયાર છે તેવી વાત કરી.


પોષ સુદ-૧૫ : બ્રહ્મચારી હરિકૃષ્ણાનંદજીને અક્ષરધામમાં મોકલી દીધા. મંદિરમાં દેવના દર્શન કરી બોલ્યા કે, 'હવે આવતી પૂનમના દર્શન કરવા નથી ને અક્ષરધામમાં જવું છે.' સ્વામીશ્રીના અંતિમ દર્શન કરવા આચાર્યશ્રી, સંતો અને હરિભક્તો પધાર્યા. મહા સુદ-૨ શનિવાર

(ઈ.સ. ૧૯૧૬) : સવારે ૯-૩૦ કલાકે સ્વામીશ્રી સામર્થ્ય જણાવતા થકા શ્રીહરિની સાથે દિવ્ય વિમાનમાં બેસી અક્ષરધામમાં સિધાવ્યા.

સદ્. શ્રી બાલમુકુંદદાસજી સ્વામીએ જાગા પટેલને લખેલ પ્રસાદીનો પત્ર







સદ્ગુરુ ધર્મસ્વરુપદાસજી સ્વામી

સદ્‌ગુરુ ધર્મસ્વરુપદાસજી સ્વામી

ખારા પાટની મધુરતા

સૌરાષ્ટ્રની અમરવેલ જેવી અમરેલીની બાજુમાં ખારાપાટ ગણાતો વિસ્તાર આવેલો છે. આ ખારાપાટની ધરતીમાં અનેક મહાપુરુષોએ અવતાર ધર્યા છે.

સોરઠની વિરલ સંત વિભૂતિ મૂળદાસ અને ભજનીક સંત ભોજલરામે અમરેલીના વિસ્તારને ધન્ય કરેલો છે. સ્વામિનારાયણ સંપ્રદાયના અનેક મુક્તોએ આ અમરેલી વિસ્તારમાં અવતાર લીધા છે.

સમઢીયાળાના વીરા શેલડીયા, હામાપરના કરશન બાંભણીયા, ચાડિયાના રામ ભંડેરી, આંબાના દેવશી ભગત, પીઠવાજાળના કરશન લુહાર તથા દેસાઈ પરિવાર, દાડમાના નથુ મહારાજ, કેરીયાચાડના સ્વામી યોગેશ્વરદાસજી, વાંકિયાના સ્વામી નારાયણદાસજી, પુરાણી શ્રી ગોપીનાથદાસજી સ્વામી, વૈજનાથ મહારાજ, દેવરાજ ઠુંમર, તરવડામાં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ વગેરે અનેક મહાપુરુષોએ આ ધરણીમાં અવતારો ધરીને આ ધરતીને તીર્થરૂપ બનાવી છે.

ભગવાન શ્રીહરિ વચનામૃતમાં કહે છે કે ‘સમર્થ સદ્‌ગુરુ વડવાનળ અગ્નિ જેવા હોય છે, જે સાગરમાં રહે છે, સાગરનાં ખારાં પાણીને પીવે છે અને એને મીઠાં પાણીમાં ફેરવી નાખે છે અને વર્ષા રૂપે વરસાવે છે.

એ જ રીતે આ બધા મહાપુરુષોની મીઠચપથી અને એમના સદાચારભર્યા જીવનથી ખારાપાટની ધરતી મીઠી અને સુગંધભરી બની છે.

ખારાપાટમાં મોટા ગોખરવાળા નામનું ગામ છે. આ ગામ સત્સંગમાં સુપ્રસિદ્ધ છે. અનેક મહાપુરુષોએ આ ગામની ધરતીને પાવન કરેલી છે.

આ ગામમાં દુબળી ભટ્ટ નામના બ્રાહ્મણ થયા. ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યારે ગઢપુરનું મંદિર બંધાવતા હતા ત્યારે આ દુબળી ભટ્ટે પોતાની સર્વસ્વ મૂડી ભગવાનના ચરણે સમર્પિત કરી દીધી હતી.

આ ગરીબ બ્રાહ્મણનું સમર્પણ જોઈને શ્રીહરિનું હૃદય ગદ્‌ગદ્ થયું હતું, આંખો ભીની થઈ હતી અને એમના મુખમાંથી ઉદ્‌ગાર સર્યા કે 'આ દુબળી ભટ્ટ તો બલિરાજા કરતાં પણ મહાન છે.'

'ગોપીનાથજી મહારાજના મંદિર નિર્માણમાં ઘણા બધાએ દાન દીધાં છે પણ પોતાની કમાણીમાંથી અમૂક અંશનું જ દાન કર્યું છે. જ્યારે આ ગરીબ બ્રાહ્મણે તો પોતાની લોટ માગવાની તાંબડી સુધ્ધાં વેચીને સર્વસ્વનું દાન કરેલ છે. દુબળી ભટ્ટના આ દાનથી અમારા ગોપીનાથજી મહારાજના શિખર ઉપર કળશ ચઢી ગયા, આ દાન બલી રાજાની કથાની જેમ સત્સંગમાં સુવર્ણ અક્ષરે લખાશે અને અમર થઈ જશે.' આ રીતે મોટા ગોરખવાળા ગામમાં ભગવાન સ્વામિનારાયણના સમયથી સત્સંગ છે. ખારાપાટના આ નાનકડા ગામમાં સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી અને બીજા અનેક મોટા મોટા નંદ સંતો અનેકવાર પધારેલા છે.

અનાદિ અક્ષર મૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી વારંવાર ગોખરવાળા પધારતા. સ્વામીના સમાગમથી ગામમાં સત્સંગનાં મૂળ ખૂબ જ ઊંડા ઉતર્યા. સત્સંગીઓના અંતરમાં ભગવાન સ્વામિનારાયણની સર્વોપરિ ઉપાસના સુદૃઢ થઈ.

મહાપ્રતાપી સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીએ અહીં સુંદર મંદિર કરાવેલ છે. મોટા ગોખરવાળા ગામમાં અનેક એકાંતિક ભક્તજનો થયા છે. સત્સંગના રંગથી રંગાયેલ ગોખરવાળા ગામ અને ગામની સીમ સ્વામિનારાયણ મહામંત્ર અને અમૃત ઝરતા કીર્તનોના ગાનથી અહર્નિશ ગૂંજતા રહેતા.

માયા પારનો મુક્ત

આવાં આ તીર્થરૂપ ગામમાં મેઘજીભાઈ કથીરિયા વસતા હતા. તેઓ ભગવાન સ્વામિનારાયણના આશ્રિત હતા. તેઓને ત્યાં અરજણ નામના દીકરાનો જન્મ થયો. આ અરજણ એ જ 'ધર્માવતાર ધર્મસ્વરુપદાસજી સ્વામી.' દુર્ભાગ્યે આ મુક્તાત્મા સંતને જન્મ દેનારી જનેતાનું નામ મળતું નથી.

અરજણ નાનપણથી જ ભારે મુમુક્ષુ હતા. બાળસહજ રમતમાં એનું મન હતું નહિં. દોડી દોડીને મંદિરે જવું, કથાવાર્તા સાંભળવી, સંત સમાગમ કરવો વગેરે ધાર્મિક વિષયોમાં જ રુચિ હતી. અરજણ સ્વભાવે ભલા ભોળા હતા. નિખાલસ અને ઓછાબોલા હતા. ધાર્મિક સદાચાર એમના જીવનમાં સહજ રીતે વણાયો હતો.

સેવા એ જ એમનું જીવન હતું. મંદિર વાળવું-ચોળવું-સાફ કરવું, ગામમાં સાધુ સંતો પધારે ત્યારે દોડી દોડીને એમની સેવા કરવી એમાં અરજણને ભારે

આનંદ આવતો. અરજણને જોઈને સંતો-હરિભક્તો સર્વના મનમાં થતું કે 'આ જીવ માયાનો નહિં પરંતુ માયા પારનો મુક્ત લાગે છે.'

ખરેખર અરજણ માયા પારના મુક્ત જ હતા.

શ્રીહરિએ અનેક જીવોના કલ્યાણ માટે એમને પૃથ્વી ઉપર મોકલ્યા હતા.

સમય જતાં અરજણનાં લગ્ન થયાં. અરજણને લગ્ન કરવાની સહેજ પણ ઈચ્છા નહોતી. એમણે એમનાં માતા-પિતા અને સગાં સંબંધીઓને ઘણી ના પાડી પણ કોઈએ એની વાત ન સાંભળી, પરાણે લગ્ન લીધા.

અરજણ મોઢાનાં મોળા હોવાથી કાંઈ બોલી શક્યા નહિં. એ પરણ્યા તો ખરા પણ એમનું મન સંસારમાં ચોંટ્યું નહિં. પરણવું એમને મન ઝાડના ઠૂંઠા સાથે ફેરા ફરવા જેવી વાત હતી !

ગુણાતીતાનંદ સ્વામીના સમાગમથી એમના અંતરમાં સંસારની કોઈ વાસના નહોતી. સગાં સંબંધીઓએ સાથે મળીને અરજણને પરાણે પરણાવી તો દીધા, પરંતુ લગ્ન પછી પણ સાંસારિક વાસનાનો કાંટો અરજણના અંતરમાં ઉગ્યો નહિં !

સંસાર એમને હેડ્ય બેડી જેવો લાગતો હતો. આ બેડીઓના બંધન ક્યારે તૂટે? તેની એ રાહ જોતા હતા. એમનો દેહ ગોખરવાળામાં હતો પણ મન સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનાં ચરણોમાં હતું.

અરજણ ભગત કોઈ એવા અવસરની રાહ જોઈ રહ્યા હતા કે જેને લીધે સંસારની સાંકળો તૂટી જાય ! આખરે એક સમયે એમને જે અવસર જોતો હતો તે શ્રીહરિની કૃપાથી આવી ચૂક્યો.

સંસારનું હાંડલું ફૂટ્યું

ચાતુર્માસનો સમય હતો. ભગવાન સ્વામિનારાયણના પવિત્ર સંતો મોટા ગોખરવાળા ગામે પધાર્યા હતા. ભજન, સ્મરણની છોળો ઉછળતી હતી.

એક બાજુ અષાઢનો વરસાદ વરસતો હતો તો બીજી બાજુ હરિરસની હેલી વરસતી હતી. કથાવાર્તાની રસઝડીઓ મુમુક્ષુઓના અંતરને શીતળ કરતી હતી.ખેતરમાં વાવેલ કણ ઉગે એમ મુમુક્ષુઓના મનમાં ભક્તિનાં અંકુર ફૂટી રહ્યાં હતાં. અરજણના મનમાં દેહ અને દેહના સગાં સંબંધીઓ કરતાં સાધુ સંતોમાં વિશેષ આત્મબુદ્ધિ હતી. ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં કહ્યું કે 'દેહમાં જેવી આત્મબુદ્ધિ છે, દેહનાં સગાં સંબંધીઓમાં જેવી મમત્વબુદ્ધિ છે, જળમાં જેવી તીર્થબુદ્ધિ છે તેવી જ આત્મબુદ્ધિ, મમત્વબુદ્ધિ અને તીર્થબુદ્ધિ જો પ્રગટ ભગવાન

અને એમના સંતને વિષે ઉદય થાય તો જીવને મોક્ષનો દરવાજો ઉઘડી જાય.' અરજણ ભગતના હૃદયમાં આ વાત સહજ સિદ્ધ હતી. એમને મન સંસાર કરતાં શ્રીહરિ અને સંતો વિશેષ વ્હાલા હતા. તેઓ દોડી દોડીને સંતોની સેવા કરતા, સંત સમાગમ કરતા અને શ્રીહરિનું ભજન કરતા હતા.

એવામાં એકાદશીનો પવિત્ર દિવસ આવ્યો. શાસ્ત્રમાં એકાદશીનો ખૂબ જ મહિમા ગવાયો છે.

એકાદશીના પવિત્ર દિવસે બધા જ પવિત્ર સંતોએ નકોરડો ઉપવાસ કર્યો હતો.

જપ અને તપ તો સાધુના શણગાર કહેવાય.

સાધુઓએ નિર્જળા એકાદશી કરી તો અરજણ ભગત પણ કેમ પાછળ રહે ! તેમણે પણ નકોરડો ઉપવાસ કર્યો. બધાએ સાથે મળીને રાત્રે મોડે સુધી ભજન કીર્તન સાથે જાગરણ કર્યું.

અરજણ ભગતના મનમાં વિચાર થયો 'ભવબ્રહ્માદિક દેવતાઓને પણ જેમના દર્શન દુર્લભ હોય એવા પવિત્ર સંતોને આજે આખા દિવસનો ઉપવાસ છે. મારે ઘેર સારું એવું દુઝાણું છે તો સવારના પહોરમાં તાજા દહીંથી સંતોને પારણા કરાવવાં'. આવા શુભ સંકલ્પ સાથે મધરાત સુધી ભજન કરી શ્રીહરિનું સ્મરણ કરતા કરતા અરજણ ભગત સૂતા, સવારે વહેલા ઉઠ્યા, સ્નાન-પૂજાપાઠથી પરવાર્યા અને કોઠલામાં રહેલું દહીંનું દોણું ઉઠાવી મંદિર તરફ પગ માંડ્યા.

અરજણ ભગતના ઘરવાળાએ આ જોયું. એ બાઈનો જીવ પૂરેપૂરો સંસારી હતો. કાટ ખાઈ ગયેલા લોખંડને પારસ સ્પર્શે તોય સોનું ન થાય એમ એ બાઈને ભગતની ભક્તિ સ્પર્શી નહોતી. તેણે ભગતને પૂછ્યું 'અટાણમાં આ દહીંનું દોણું ક્યાં ઉપાડ્યું ?' ભગતે શાંતિથી ઉત્તર આપ્યો 'મંદિરમાં ઉપવાસી સંતોને આ દહીંથી પારણાં કરાવવાં છે.'

વાત સાંભળતાં બાઈનું મગજ તપવા માંડ્યું અને બોલી, 'ભાળ્યા તમારા સાધુડા! આમ આ બધું દહીં સાધુડાને આપી દેશો તો છોકરાં શું ધૂળ પીશે? દહીં મફત થાય છે ? આખો દિવસ વાસીદાં કરી કરીને મરી જઈએ છીએ. ગાયો-ભેંસોની ચાકરી કરતા દમ નીકળી જાય છે ત્યારે માંડ દૂધ અને ગોરસ મળે છે. એ તમારે સાધુડાને પાઈ દેવું છે?'

આમ બોલતા બોલતા વિફરેલી વાઘણ જેવી પટલાણીએ દહીંના માટલાનો કાંઠો પકડ્યો. ભગત મૂંગા મોંએ માટલું ખેંચી આગળ ચાલવા ગયા પણ પટલાણીએ કાંઠો મજબૂત રીતે પકડ્યો હતો.

ભગત આગળ ખેંચે અને પટલાણી પાછળ ખેંચે ! આમ જબરી ખેંચતાણ થઈ! આ ખેંચતાણમાં ને ખેંચતાણમાં કાંઠો હાંડલાથી નોખો થઈ ગયો !

કાંઠો રહ્યો પટલાણીના હાથમાં અને હાંડલું રહ્યું ભગતના હાથમાં ! 'મુદ્દામાલ હાથમાં સલામત છે' એ જોઈને ભગત એક પણ અક્ષર બોલ્યા સિવાય બહાર નીકળી ગયા અને સીધા મંદિરે પહોંચ્યા.

આ બાજુ સંતો પૂજા પાઠમાંથી પરવારી ચૂક્યા હતા. પારણાની તૈયારીઓ ચાલતી હતી. ભગત સમયસર પહોંચી ગયા હતા. પટલાણી સમસમી રહી.

કાંઠા વગરનું હાંડલું ઠાકોરજી આગળ મૂકી ભગતે સંતોને વિનંતી કરી કે 'મા-બાપ ! આ દહીંથી પારણાં કરો. આપ જેવા સાધુ સંતો અમારા જેવા ગૃહસ્થનો કણીકો અને દહીં દૂધ વાપરે તો અમારું કલ્યાણ થઈ જાય.'

ભગતનો ભાવ જોઈ સંતો રાજી થયા, પણ કાંઠા વગરનું માટલું જોઈ સંતોના મનમાં આશ્ચર્ય થયું. આગેવાન સંતે પ્રશ્ન કર્યો ' ભગત, 'આ હાંડલું તો છે પણ કાંઠો ક્યાં ?' ભલા ભોળા ભગતે સવારમાં બનેલી ઘટના સંતોને સંભળાવી.

સંતો ભારે વિવેકી હતા. સાધુ સંતોને કારણે ઘરમાં વિખવાદ થાય એ સારા સાધુને ન ગમે. સાધુઓએ કહ્યું, 'ભગત! આમ ઘરના સભ્યોને કોચવીને દહીં ના લવાય. અમારે સાધુને આટલા બધા દહીંને શું કરવું? તમારો ભાવ છે એટલે થોડું દહીં લઈ લઈએ છીએ, બાકીનું દહીં ઘરે પાછું લઈ જાવ અને છોકરાં-બૈરાને રાજી કરો.'

ભગતે ઘણી આનાકાની કરી પણ સંતોએ કહ્યું, 'આ પ્રસાદી છે. દહીં પાછું લઈ જાવ. આ પ્રસાદ જમવાથી ઘરના સભ્યોને સદ્‌બુદ્ધિ આવશે.'

સંતોની આજ્ઞા થઈ એટલે ભગત પ્રસાદીનું દહીં લઈ ઘર તરફ વળ્યા પણ આ નાની ઘટનાએ એમના દિલને ભારે આઘાત આપ્યો. ભગતને થયું, 'અમે રાત્રિ દિવસ જોયા વિના કાળે આંતરે કમાઈએ છીએ અને એ કમાણીનો ભાગ જો સાધુ સંતોના કામમાં ન આવે તો એ કમાણીનો શું અર્થ ?'

'ખારી ધરતી જેવા સ્વાર્થી સગાં સંબંધીઓ માટે જ કમાવું ? તો તો આ જિંદગીનું અને મહેનતનું શું ફળ? સાધુ સંતો તો આ જીવના સાચા સગાં છે. તેમની સેવા જો ન થઈ શકે અને સૂકાં રણ જેવા સંસારનું જ કૂટણું કૂટવાનું હોય તો આ સંસારમાં રહેવું શું કામનું?' મંદિરથી ઘર સુધી પહોંચતાં પહોંચતાં તો આ વૈરાગ્યના વિચારે ભગતના તન અને મનનો કબજો લઈ લીધો. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે, 'असङ्ग शस्त्रेण दृढेन छित्त्वा ।'

'વિતરાગ રૂપી શસ્ત્રથી સંસારના આસક્તિના મૂળને કાપી નાખવા.'

અરજણ ભગતે હવે સંસારના બધા જ બંધનોને કાપી નાખવાનો દૃઢ નિર્ધાર કર્યો. ભગત ઘરે પહોંચ્યા. બાઈની પાસે દહીંનું દોણું મૂક્યું અને બોલ્યા, 'આ તારું દહીં અને આ તારું દોણું. આજથી મારા અને તારા સંબંધ પૂરા થયા. આ હાંડલું ફૂટ્યું તેમજ આપણો સંસાર પણ ફૂટી ગયો જાણજે. આ સંસારના કાંઠલા અને દહીંના દોણાં રાખ તારી પાસે, આપણા લેણદેણ પૂરા થયા.'

આટલું કહીને અરજણ ભગત સીમમાં જવાને બહાને ઘર છોડીને નીકળી ગયા અને જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામી પાસે પહોંચી ગયા.

માયાની હેડબેડી તોડી ભગવાનને શરણે આવેલા અરજણને જોઈને ગુણાતીતાનંદ સ્વામી મંદ મંદ હસ્યા અને બોલ્યા, 'કે અરજણ ! સંસારના હાંડલાને ફોડીને આવ્યો ?'

અરજણ ભગતે કહ્યું, 'હા સ્વામી ! હવે મારે સંસાર હરામ છે, મને સાધુ કરો.' સ્વામીએ મર્મમાં કહ્યું, 'ભલે અરજણ ! મંદિરમાં રહો અને સેવા કરો. સાધુ તો કરીશું પણ હજુ તમારે કસોટીના કેટલાંય કોઠા વીંધવા પડશે !' અરજણ ભગતે કહ્યું, 'સ્વામી ! આપ જેમ કહેશો એમ કરીશ પણ હવે મને આ સંસારની હેડ્યબેડીથી છોડાવો !' અરજણ ભગતનો વૈરાગ્યનો વેગ જોઈને સ્વામી મંદ મંદ હસ્યા.

અરજણ ભગત મંદિરની સેવામાં લાગી ગયા.

આ બાજુ સાધુઓએ થોડું દહીં રાખી બીજું પાછું મોકલાવ્યું એ જોઈને બાઈનું હૃદય પીગળી ગયું. એમના મનમાં સાધુઓ પ્રત્યે અહોભાવ થયો. એમના મગજમાં સદ્‌બુદ્ધિના અંકુર ફૂટ્યા. 'આ પ્રસાદીથી એમને સદ્‌બુદ્ધિ જાગશે' એવી સાધુની વાણી સત્ય થઈ રહી હતી. પણ હવે બાજી બાઈના હાથમાંથી સરી ગઈ હતી.

વાત આટલે સુધી વણસી જશે એવી બાઈને કલ્પના નહોતી. તેના અંતરમાં ભારોભાર પસ્તાવો થયો અને નેત્રમાંથી ઉના ઉના નીર વરસવા લાગ્યા પણ હવે એ નીર ભગતના વૈરાગી દિલને પલાળી શકે એમ નહોતા અને પાછા પણ વાળી શકે એમ નહોતા.

રાગ અને વૈરાગનો રણ સંગ્રામ

પંખીને માળો મળે અને આનંદ થાય એમ અરજણ ભગતને ગુણાતીતાનંદ સ્વામીના ચરણમાં ભારે આનંદ થયો. સ્વામી પણ જેમ માછલી ઈંડાને સેવે એમ આ મુમુક્ષુને સેવવા લાગ્યા.

અરજણ ભગતનું અંગ સેવાનું હતું. એટલે તેઓ જૂનાગઢ રાધારમણ દેવના મંદિરની નીચામાં નીચી ટેલ ચાકરીની સાથોસાથ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા લાગ્યા.

ગુણાતીત સભામંડપમાં બ્રહ્મરસ વરસી રહ્યો હતો. ગુણાતીતાનંદ સ્વામીની વાતો એટલે અક્ષરધામનું અમૃત. કામધેનુના દૂધથી વાછરડાનું પોષણ થાય એમ સ્વામીના સમાગમથી મુમુક્ષુના અંતરમાં શ્રીહરિની સર્વોપરિ નિષ્ઠા દૃઢ થાય. સ્વામીની વાતોમાં સાંખ્ય અને યોગ બન્ને સહજ વણાય જાય.

સ્વામી કહેતા, 'કરોડ કામ બગાડીને મોક્ષ સુધારી લેવો.'

સ્વામી કહેતા કે 'ગમે તેટલો ત્યાગ પાળતો હોય, ધર્મ રાખતો હોય, સાંખ્ય અને યોગ સાધતો હોય પરંતુ જો સદ્‌ગુરુના મુખેથી શ્રીહરિના સર્વોપરિ મહિમાની વાતો ન સાંભળે તો તેના કોઈ સાધન લાંબા ટકે નહિં. સમજણ વગરનું બધું નકામું છે અને સમજણ તો આવા સદ્‌ગુરુના સમાગમથી જ આવે.'

અરજણ ભગત એકાગ્ર મનથી સ્વામીની વાતોનું અમૃતની પેઠે પાન કરતા હતા. સ્વામીને વેણે વેણે ભગતના મનમાં સમજણની વીજળી ઝબકારા મારતી હતી. સંસાર પ્રત્યેનો એમનો વૈરાગ્ય મજબૂત થતો હતો અને મન વાદળા વગરના આકાશ જેવું નિર્મળ થયું હતું. એમના અંતરમાં સાંસારિક વાસનાની ગંધ સુદ્ધાયે નાશ પામી હતી, પણ સંસારીઓ એમને છોડે તેમ નહોતા.

અરજણ ભગત ગોખરવાળા છોડીને જૂનાગઢ ગયા. બીજી બાજુ એમના માતા-પિતા અને સગાં સંબંધીઓએ ચારે બાજુ એની શોધખોળ માંડી. ભગત ન ગામમાં મળ્યા, કે ન સીમમાં મળ્યા. આખરે વાવડ મળ્યા કે અરજણ તો જૂનાગઢ જઈને બેઠો છે. મેઘજી બાપા અરજણને તેડવા જૂનાગઢ પહોંચ્યા અને અરજણને ઘરે આવવા સમજાવ્યા પણ અરજણ કોઈ રીતે માન્યા નહિં.

મેઘજી પટેલે ગુણાતીતાનંદ સ્વામીને વિનંતી કરી કે 'સ્વામી ! અરજણ વરેલો-પરણેલો છે, એ આમ સાધુ થઈ જાય તે ઠીક નહીં. ઘરે બધા કકળાટ કરે છે. તમે આને પાછો મોકલો.'

સ્વામીએ પણ ભગતના વૈરાગ્યની કસોટી કરતા હોય એમ એમને ઘરે પાછા મોકલ્યા. સ્વામીના વચને અરજણ ભગત ઘરે તો આવ્યા પણ આ બૈરાં-છોકરાં, માતા-પિતા, ઘર-બાર એમને બળતા અગ્નિ જેવા લાગતા હતા. કોઈ રીતે એનું મન સંસારમાં ચોંટતું નહોતું. થોડા દિવસ ઘરે રહ્યા બાદ એક દિવસ લાગ જોઈને ભગત પાછા ભાગી છૂટ્યા અને જૂનાગઢ પહોંચી ગયા.

મેઘજી બાપા ફરીથી તેમને તેડવા જૂનાગઢ આવ્યા અને સ્વામીએ પણ અરજણની કસોટી ચાલુ રાખવાનું નક્કી કર્યું હોય તેમ ફરીથી એમને પાછા ઘેર જવા આજ્ઞા કરી. સ્વામીના વચને અરજણ ભગતે ઘેર પાછા તો આવવું પડ્યું પણ હવે એને ઘરમાં રહેવું આકરું પડતું હતું. એક દિવસ રાત્રે લાગ જોઈને અરજણ ભગત પાછા જૂનાગઢ પહોંચી ગયા. મેઘજી બાપા પાછા એને જૂનાગઢથી તેડી આવ્યા.

અરજણ ભગત પાછા ચોથી વાર ઘરેથી ભાગી છૂટ્યા.

આમ આ ચાર ચાર વારની આ ભાગદોડમાં ન અરજણ ભગત થાક્યા કે ન મેઘજી બાપા થાક્યા.

એક બાજુ રાગ અને બીજી બાજુ વૈરાગ ! આ બન્નેના રણસંગ્રામે પરાકાષ્ઠા પકડી. કોઈ કોઈને મચક આપે એમ જણાતું નહોતું.

ઓસરીમાં કૂવો

મેઘજી બાપા ચોથી વાર જૂનાગઢ પહોંચ્યા. હવે તેના અંતરમાં ભારે અકળામણ થતી હતી. પરિણામે એમના વેણમાં પણ ભારે આકરપ આવી.

મેઘજી બાપાએ ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું, ‘સ્વામી આ જુવાન છોકરો વારે ઘડીયે ભાગીને તમારી પાસે આવે છે, તમે એને રોકતા કેમ નથી !’

સ્વામી કહે, ‘પટેલ ! અમે કોઈને પરાણે બોલાવતા નથી અને પરાણે રોકતા નથી. ઈ માને તો લઈ જાવ, અમારી ના નથી.’

મેઘજી બાપાએ કહ્યું, ‘સ્વામી ! અમારું તો એ સાંભળતો જ નથી. વારે ઘડીયે ભાગી જાય છે. અમારે એની પાછળ કેટલા ધક્કા ખાવા ? અમે કાંઈ તમારી સાધુની જેમ નવરા થોડા છીએ ! અમારી જંજાળનો પાર ન હોય. આ છોકરાની પાછળ તો અમે હેરાન હેરાન થઈ ગયા.’

સંસારીઓની મોહમાયાના દર્દને સ્વામી બરાબર જાણતા હતા. સ્વામીએ કરુણા સભર નયને મેઘજી બાપાની સામે જોયું અને કહ્યું, ‘મેઘજીભાઈ ! તમને નથી લાગતું કે આ છોકરો સંસારમાં ટકે એવો નથી. તમે ગમે તેટલી મહેનત કરશો પણ હવે તેને વૈરાગ્યના માર્ગથી પાછા વાળી નહિં શકો. તમારો છોકરો અહીંયા ભગવાનની અને સાધુ સંતોની સેવામાં રહેશે તો એનો જન્મારો સફળ થશે અને તમારી એકોતેર પેઢીઓનો ઉદ્ધાર થશે. માટે તમે રાજી થઈને એમને રજા આપી દ્યો.’

સ્વામીની વાત મેઘજી બાપાના સાંસારિક દિમાગમાં બેસે તેમ નહોતી.

મેઘજી પટેલે કહ્યું, ‘સ્વામી ! તમારે અહીં સેવા કરનારાઓની ક્યાં તાણ

છે? તમને તો સેવા કરનારા ઘણાય મળી રહેશે પણ અમારું કોણ? અમારો આ ડાયો અને કામઢો છોકરો છે. એ અહીં રોકાઈ જાય તો અમારી સેવા કોણ કરશે?'

મેઘજી પટેલની વાત સાંભળી સ્વામીએ વિચાર્યું કે 'આ સંસારી જીવના અંતરની લોઢી ભારે તપેલી છે. એમાં આ વાતોના અમીછાંટણાં ઝાઝું કામ નહિં કરે પણ પરિસ્થિતિ જ એમને સમજાવશે. આમ વિચારી સ્વામીએ ફરીથી અરજણ ભગતને ઘરે જવાની આજ્ઞા કરી.

વારંવાર ઘરે જવું એ અરજણ ભગતની આકરી કસોટી હતી. સ્વામીની આજ્ઞા થાય એટલે ઘરે જવું પડતુ, પરંતુ ઘર બાર એમને બળતા અગ્નિ જેવા લાગતા હતા.

સગાં સંબંધીઓ દ્વારા અરજણ ભગતને અનેક રીતે સમજાવવામાં આવ્યા, અનેક પ્રલોભનો આપવામાં આવ્યાં, તેમના ઘરવાળાઓએ અનેક પ્રકારની લાગણીના બંધનોથી બાંધવાનો પ્રયાસ કર્યો પરંતુ આ વૈરાગી પંખીડાને હવે કોઈ પાંજરે પૂરી શકે તેમ નહોતું! અરજણ ભગતનો દેહ ગોખરવાળામાં હતો પરંતુ મન તો સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના ચરણોમાં હતું. એમણે વિચાર કર્યો કે સ્વાર્થી સંસારીઓની લાગણીઓને તોડવા માટે કંઈક અનોખો ઉપાય કરવો પડશે.

એમણે મુક્તાનંદ સ્વામીની જેમ અડધા ગાંડપણનો અંચળો ઓઢ્યો. એમને ખબર હતી કે સંસારીઓની સગાઈ સ્વાર્થથી ભરેલી હોય છે. 'સ્વાર્થ સિદ્ધ નહિં થાય' તેવું લાગે ત્યારે કાચા સૂતરના તાંતણા જેવા આ સ્વાર્થનાં બંધનોને તૂટી જતા વાર લાગતી નથી.

અરજણ ભગતના અંતરમાં સમજણનો ધોધ વહેતો હતો પરંતુ ઉપરથી સૂનમૂન વર્તી રહ્યા હતા. ચિત્તભ્રમ થઈ રહ્યો હોય તેવો દેખાવ કરી રહ્યા હતા.

તેમાં એક દિવસ તો તેમણે અનોખી યુક્તિ શોધી કાઢી.

રાત્રિનો સમય હતો. આડોશી પાડોશી નિદ્રા દેવીના શરણે થયા હતા. ઘરના બધા સભ્યો પણ સૂઈ ગયા હતા. આ સમયે જાગતો જોગી અરજણ પથારીમાંથી ઊભો થયો. તેણે હાથમાં કોસ ને કોદાળી લીધા અને ઉંબરા પાસેની ઓસરીમાં ખોદવા માંડ્યા.

ટચાક... ટચાક... અવાજ સાંભળી ઘરના સભ્યો જાગી ગયા. અરજણને ઓસરીમાં ખાડો ખોદતો જોઈ મેઘજી બાપાએ પૂછ્યું, 'એલા શું કરે છે ?' પણ સાંભળે તો અરજણ શાનો ?

ઘોંઘાટ થવાથી આડોશી પાડોશી પણ જાગી ગયા. અરજણે તો ટચાક...

ટચાક... ખોદવાનું ચાલુ રાખ્યું. અરજણ ભગતનો ચિત્ત ભ્રમ જેવો ચહેરો જોઈ ઘણાને થયું કે આનું ચસકી ગયું લાગે છે ! એક જણાએ અરજણનું બાવડું પકડી લીધું અને પૂછ્યું, 'એલા શું કરે છે ? આ શું ઓસરી ખોદવા બેઠો ?'

અરજણ ભગતે ઠાવકે મોઢે જવાબ દીધો, 'કૂવો ગાળું છું.' સાંભળીને બધાને થયું, 'ખરેખર આનું ચસકી ગયું લાગે છે !' કોઈએ પૂછ્યું 'પણ એલા ગાંડા ! ઓસરીમાં કૂવો ગાળવાનો?' અરજણ ભગતે કહ્યું, 'બાપા ! સાંભળો સાંભળો ! મારે માવતરની સેવા કરવી છે, હું યુવાન દીકરો છું. કામઢો છું, મારી માને દૂર પાણી ભરવા પાદરે જવું પડે તો આ યુવાન દીકરો શું કામનો ? આ ઓસરીમાં જ કૂવો ગાળી દઉં એટલે દૂર જવું ન પડે !'

અરજણની વાત સાંભળી સર્વેને થયું, 'ખરેખર આ છોકરો ગાંડો થઈ ગયો છે.' મેઘજી બાપાને પણ અરજણ ભગતનું ગાંડપણ સમજમાં આવતું નહોતું. પરંતુ અરજણ ભગતના જવાબમાં એના જ શબ્દો પડઘાઈ રહ્યા હતા કે જે એમણે જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામીને કહ્યા હતા.

બધાએ મળીને ઓસરીમાં ગળાતો કૂવો બંધ તો રખાવ્યો પણ મનમાં થયું 'આવા અર્ધગાંડીયા છોકરાને હવે ઘરે રાખવાનું શું કામ છે ?' ઘણા ઘણા સમયથી ચાલતી ખેંચતાણ અને અરજણ ભગતની ભાગાદોડીની બધાને ખબર તો હતી જ, એથી કોઈ ડાહ્યા માણસે મેઘજી બાપાને કહ્યું કે 'હવે આ જુવાન જોધ ચસકેલ જેવા છોકરાને રાજી થઈને જૂનાગઢ રહેવાની રજા દઈ દ્યો, નહિંતર આ અર્ધગાંડો કાં તો પૂરેપૂરો ગાંડો થઈ જશે અથવા તો કાંઈક નવાજૂની કરી બેસશે.' પરંતુ મેઘજીબાપા કોઈ રીતે માનતા ન હતા.

આખરે ફરીથી લાગ જોઈને અરજણ ભગત ઘરેથી ભાગી છૂટ્યા અને મમતાના પાશથી બંધાયેલા મેઘજી બાપા પાછળ ને પાછળ જૂનાગઢ પહોંચ્યા.

આખરે આવરણ ભેદાયાં

સમર્થ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી આ વૈરાગ્ય અને બંધનના રણસંગ્રામને ધૈર્યપૂર્વક નિહાળી રહ્યા હતા. એક બાજુ એમના અંતરમાં અરજણ ભગતની શુદ્ધ મુમુક્ષુતા પ્રત્યે સ્નેહ હતો તો બીજી બાજુ એમને વૃદ્ધ મેઘજી બાપાની દયા આવતી હતી.

સ્વામીએ મેઘજી પટેલને ખૂબ સમજાવ્યા પણ એમણે પોતાની હઠ છોડી નહિ અને દીકરાને ઘરે લઈ જવા માટે દુરાગ્રહ ચાલુ જ રાખ્યો.

સોની સોનાને અગ્નિમાં તપાવે એમ સ્વામીએ ફરીથી અરજણ ભગતની

ધીરજની પરીક્ષા કરવા તાવણી ચાલુ જ રાખી. એમણે મર્મભરી નજરે અરજણ ભગતની સામે જોયું અને કહ્યું, 'અરજણ ! તમે પાછા ઘરે જાવ.'

સ્વામીની આજ્ઞા સાંભળી અરજણ ભગત અત્યંત દિલગીર થઈ ગયા અને રડી પડ્યા. એમણે બે હાથ જોડી સ્વામીને વિનંતી કરી, 'સ્વામી હવે કૃપા કરો, મને આ સળગતા ભઠ્ઠામાં ન નાખો. તમારી આજ્ઞાએ વારે ઘડીયે ઘરે જાવ છું પણ મને ત્યાં એક પળ પણ ચેન પડતું નથી.

સ્વામીએ કહ્યું, 'અરજણ ! બ્રહ્મરુપ થવું હોય તો સોનાની પેઠે તાપ સહન કરવા જ પડે.'

અરજણ ! 'સંસારનો માર્ગ નોખો છે અને મોક્ષનો માર્ગ નોખો છે. સંસારના માર્ગે મનનું ધાર્યું ચાલે પણ મોક્ષના માર્ગે તો મનનું ધાર્યું મેલવું જ પડે ! આ માર્ગે તો 'વચને પ્રવૃત્તિ અને વચને નિવૃત્તિ' એમાં જ કલ્યાણ છે.'

અરજણ ભગતે કહ્યું, 'સ્વામી ! હવે મારા ઉપર દયા કરો અને આ ડોસાને સમજાવો.' સ્વામીએ કહ્યું, 'અરજણ ! ડોસો નહિં સમજે. એ માયાનો જીવ છે પણ તું જરાય મૂંઝાઈશ નહિં. અમે તારી સાથે છીએ, તારો સંકલ્પ સિદ્ધ થશે, પરંતુ હમણાં તો તારે તારા બાપ સાથે ઘરે જવું પડશે !'

અરજણ ભગતને તો સ્વામીનું વચન એ જ જીવન હતું.

તન કરી નાખે રે ગુરુ વચને ચૂરે ચૂરા.

ગુરુવચનમાં વિશ્વાસ રાખી અરજણ ભગત બાપા સાથે ગોખરવાળા તરફ ચાલી નીકળ્યા.

બાપ-દીકરો જૂનાગઢથી રવાના થયા. રસ્તામાં ભેંસાણ ગામ આવ્યું.

રાત પડી ગઈ હતી. મેઘજી બાપા ચાલીને થાકી ગયા હતા. એમણે ભેંસાણ રાતવાસો કરવાનો નિર્ણય કર્યો.

ભેંસાણમાં ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર એક દરજી હરિભક્ત હતા. તેમણે પોતાને ઘેર નાનકડું મંદિર કરાવ્યું હતું.

મેઘજી બાપા દરજી ભગતને ઘેર આવ્યા. દરજી ભગત પણ હરિભગતને નાતે આ બાપ-દીકરાને સારી રીતે ઓળખતા હતા. તેમણે આ બન્ને બાપ-દીકરાનો આદર સત્કાર કર્યો, ભોજન પાણી કરાવ્યા અને રાતવાસા માટે મંદિરમાં વ્યવસ્થા કરી આપી. બન્ને બાપ-દીકરો મંદિરમાં સૂતા, પરંતુ બન્નેના મનના પ્રવાહો જુદી જુદી દિશામાં ફંટાયેલા હતા. ડોસાના દિલમાં દીકરાને માયાના બંધને બાંધી રાખવાના કોડ હતા અને દીકરાને લાગ મળે તો ભાગી છૂટવાના કોડ હતા. રાત્રે અરજણ

ભાગી ન જાય એટલા માટે મેઘજી બાપાએ મંદિરના ઓરડાના દરવાજાને અંદરથી સાંકળ ચડાવી તાળું માર્યું અને ચાવી પોતાની કેડ્યે ચઢાવી પછી સૂતા. પથારીમાં પડતાંવેત થાક્યા પાક્યા મેઘજી બાપાની આંખ મીંચાઈ ગઈ અને ઘાટી ઊંઘ આવી ગઈ. આ બાજુ અરજણ ભગતને ઊંઘ આવતી નહોતી. તેઓ હાથમાં માળા લઈ શ્રીહરિનું સ્મરણ કરતા કરતા પ્રાર્થના કરવા લાગ્યા, 'હે મહારાજ! હે સ્વામી! હવે મને આ ઉપાધિમાંથી છોડાવો.

અરજણ ભગતે આ રીતે મોડે સુધી માળા ફેરવી. આખરે એમને પણ ઊંઘ આવી ગઈ.

અરજણને નિદ્રામાં ને નિદ્રામાં વહેલી સવારે સપનું આવ્યું. સપનામાં ગુણાતીતાનંદ સ્વામી અને શ્રીજી મહારાજના દર્શન થયાં. અરજણ ભગતની આંખ ઉઘડી ગઈ તો સ્વામી અને મહારાજ સાક્ષાત્ એમની સામે મંદ મંદ હસતા હસતા ઉભા હતા.

આવા અદ્‌ભૂત દર્શન થતાં ભગતના અંતરમાં આનંદનો પાર ન રહ્યો. તેઓ બે હાથ જોડી સ્વામી અને મહારાજને પ્રાર્થના કરવા લાગ્યા. થોડી વારમાં સ્વામી અને મહારાજ અદૃશ્ય થઈ ગયા.

અરજણ ભગતે ચારેતરફ જોયું. બહાર દીવડો બળતો હતો. જાળીયામાંથી એનું આછું આછું અજવાળુ ઓરડામાં પથરાતું હતુ. પોતે કોઈક જુદી જ જગ્યાએ આવી ચડ્યા હોય એમ લાગી રહ્યું હતું. ચારે બાજુ દૃષ્ટિ કરી તો બાપા ક્યાંય દેખાતા નહોતા. અરજણ ભગતને વિચાર થયો, 'અરે આ હું ક્યાં છું? કાંઈ સમજાતું નથી !' ત્યાંતો ભગતને ખ્યાલ આવ્યો, અરે ! આતો જૂનાગઢ મંદિરના દરવાજા ઉપરનો મેડો લાગે છે !

ભગવાન શ્રીહરિએ પોતાના અલૌકિક પ્રભાવથી અરજણ ભગતને ભેસાણથી જૂનાગઢ મંદિરના દરવાજા ઉપરના મેડાના ઓરડે પહોંચાડી દીધા હતા !

હું અહીં કઈ રીતે આવી ચઢ્યો ? એની અરજણ ભગતના અંતરમાં ઘેડ્ય બેસતી નહોતી. ભગત તો મહારાજની અલૌકિક લીલા સમજી માથે ફાળીયું ઓઢી માળા ફેરવવા લાગ્યા.

આ બાજુ આશરે ચાર વાગ્યાનો સમય થયો હતો. ગુણાતીતાનંદ સ્વામી રોજના ક્રમ પ્રમાણે વહેલા જાગ્યા અને સીધા મંદિરના દરવાજે આવ્યા.

સ્વામીએ દરવાણીને કહ્યું, 'ઉપરને મેડે તપાસ કરો, રાતે કોણ આવ્યું છે ?'

દરવાણીએ કહ્યું, 'રાતે કોઈ આવ્યું નથી. મેં જાતે તપાસ કર્યા પછી જ મેડાને

તાળું મારેલું છે !' સ્વામીએ કહ્યું, 'તમે જાવ ! તાળું ખોલીને તપાસ કરો, કોઈક આવ્યું લાગે છે!' સ્વામીની આજ્ઞાથી દરવાણીએ ઉપર જઈ તાળું ખોલી અંદર જોયું તો અરજણ ભગત માથે ઓઢીને માળા કરી રહ્યા હતા.

દરવાણીના આશ્ચર્યનો પાર ન રહ્યો. એણે પૂછ્યું, 'અરે ભાઈ ! તમે કોણ છો?' દરવાણીનો અવાજ સાંભળી ભગતે માથેથી ફાળીયું એકબાજુ કર્યુ અને બોલ્યા, 'હું અરજણ !'

દરવાણીએ સ્વામીને સાદ કરીને કહ્યું, 'સ્વામી ! આ તો અરજણ ભગત છે.' તાળું મારેલા બંધ ઓરડામાં અરજણ ભગત કઈ રીતે આવ્યા ? એની દરવાણીને ઘેડ્ય પડતી નહોતી.

સ્વામીએ કહ્યું, 'એમને નીચે મોકલો અને કહો કે સ્વામી બોલાવે છે.'

સ્વામીનો અવાજ સાંભળીને અરજણ ભગત પણ ઊભા થઈ ગયા. ભગતના આશ્ચર્યનો પાર ન રહ્યો. હવે એને સમજાણું કે મહારાજે રાત્રે દર્શન દઈ મારા આ દેહને નિરાવરણ કર્યો છે અને રાતોરાત ભેંસાણથી જૂનાગઢ પહોંચાડી દીધો છે.

શ્રીહરિએ પણ કમાલ કરી હતી. એક તાળાબંધ ઓરડામાંથી અરજણ ભગતને ઉઠાવ્યા હતા અને બીજા તાળાબંધ ઓરડામાં મૂકી દીધા હતા.

અરજણ ભગત નીચે આવ્યા. સ્વામીને દંડવત્ કરવા લાગ્યા.

સ્વામીએ આ મુમુક્ષુ જીવના માથે બે હાથ મેલ્યા અને કહ્યું, 'અરજણ ! હવે તારી કસોટી પૂરી થઈ. હવે તારો સાધુ થવાનો સંકલ્પ પૂરો થશે.'

આ બાજુ ભેંસાણમાં મેઘજી બાપા જાગ્યા. ચારેય બાજુ જોયું તો અરજણને જોયો નહિં. દરવાજાની સાંકળે મારેલું તાળું જેમનું તેમ અકબંધ લટકી રહ્યું હતું પણ અરજણ ક્યાંય દેખાતો નહોતો !

ડોસાને અંતરમાં આશ્ચર્યનો પાર ન રહ્યો. તાળું વસાયેલું હોય અને અરજણ નીકળી જાય એ વાત જ એનાં મનમાં સમજાતી નહોતી. આખરે એ પણ હરિભક્ત હતા. મનમાં માયાના ભાવ હોવાથી દીકરા પ્રત્યેના મમતાના ભાવને તોડી શકતા નહોતા પણ સત્સંગનો મહિમા તો એ પણ જાણતા હતા.

દરજી ભગતને પણ આ ઘટનાથી ભારે આશ્ચર્ય થયું હતું એમણે પણ મેઘજી બાપાને ખૂબ સમજાવ્યા અને કહ્યું, 'બાપા ! આ કોઈ અલૌકિક ઘટના છે. આ રીતે ઉપર નીચે ચારે બાજુ બંધ મંદિરના ઓરડામાંથી અરજણ નીકળી જાય એ કોઈ રીતે શક્ય નથી. તમારો અરજણ નક્કી કોઈ મુક્ત જીવ છે. એ સિવાય આવું ન બને. માટે તમે તંત મેલો અને એને સાધુ થવા દ્યો.'

'ગુણાતીતાનંદ સ્વામી જેવા ગુરુ ગોત્યાય નો જડે ! અને તમેય ભાગ્યશાળી છો કે આવો જીવ તમારે ત્યાં અવતર્યો.'

મેઘજી બાપાને પણ થયું, 'આમેય મારું શરીર વૃદ્ધ થયું છે. શરીર થાકી જાય છે. આ જુવાન છોકરા પાછળ હવે આ રીતે વારે ઘડીયે ક્યાં સુધી દોડાદોડી કરીશ? માટે ભલે હવે સાધુ થતો ! '

આમ વિચારતા વિચારતા મને કમને મેઘજી બાપાએ પોતાનું મન વાળી લીધું. દરજી ભગતની રજા લઈ આ અલૌકિક ઘટનાને વાગોળતા વાગોળતા તેઓ ગોખરવાળા આવ્યા અને સૌ સગાં-સંબંધીઓને આ બનેલી ઘટનાની બધી વાત કરી અને આખરે બધાએ પોતાના દુરાગ્રહોને છોડી દીધા અને એ સિવાય બીજો કોઈ આરો પણ નહોતો.

ઉકાખાચર જેવી સેવાનું વ્યસન !

ગુણાતીતાનંદ સ્વામીની કૃપાથી અરજણ ભગતના સાંસારિક આવરણો દૂર થઈ ગયાં. એમનો સાધુ થવાનો માર્ગ મોકળો થઈ ગયો.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં એક સમયે વણ લખ્યો નિયમ હતો, કોઈપણ મુમુક્ષુ સાધુ થાવા આવે ત્યારે તેને વર્ષ-બે વર્ષ સફેદ કપડામાં પાર્ષદ તરીકે રાખવા.

આ પાર્ષદી દીક્ષામાં એમને અનેક પ્રકારની નાની મોટી સેવાઓ કરવાની રહેતી. તેમજ મોક્ષ માર્ગના પ્રારંભિક પગથિયાં જેવી વિવિધ કેળવણીમાંથી પસાર થવાનું રહેતું. આ રીતે પાર્ષદી દીક્ષામાં સાધુ થવાની પાત્રતા કેળવાતી. સદ્‌ગુરુ દ્વારા વૈરાગ્યના વેગના પારખાં થતાં. કાચો પોચો હોય તો પાછો રવાના થાતો અને પાકો મુમુક્ષુ હોય તો સાધુ થતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે અનોખો સેવાયોગ પ્રવર્તાવ્યો છે. એમણે વચનામૃતમાં કહ્યું છે કે જીવને બળ પામવાને અર્થે ભગવાન અને ભગવાનના ભક્તની સેવા બરાબર બીજો કોઈ ઉપાય નથી.

'ઉકા ખાચર જેવી સેવાનું વ્યસન પડે તો તેના અંતઃકરણની મલીન વાસનાઓ નાશ પામી જાય છે.' અરજણ ભગતે આ સેવાયોગને નાનપણથી ઝીલ્યો હતો. તેઓ મંદિરની નાનામાં નાની ટેલ-ચાકરી કરતા.

મંદિરની ગાયોનું જતન કરવું, વાસીદું વાળવું, છાણાં થાપવાં વગેરે નીચામાં નીચી ટેલ અરજણ ભગત ઉત્સાહથી કરતા.

એટલું જ નહિં, સેવા કરનારા સંતો અને પાર્ષદોની હાર્યે તેઓ દૂર દૂર

જંગલમાં ઘાસ વાઢવા જતા. સાથોસાથ મંદિરમાં બાંધકામ ચાલતા હોય, તેમાં પણ બધાની હાર્યો હાર્ય ભારે સેવા કરતા. એમની સેવામાં રહેલો ઉત્સાહ, મહિમા અને ખંત જોઈને ગુણાતીતાનંદ સ્વામી સહિત બધા સંતો તેમના ઉપર ખૂબ જ રાજી થતા.

સેવાની સાથોસાથ અરજણ ભગત મહાસમર્થ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરતા. ગમે તેટલી સેવા પ્રવૃત્તિ હોય પરંતુ સ્વામીની વાતો સાંભળવા માટે અરજણ ભગત અચૂક અવસર કાઢી લેતા અને સ્વામી પણ જેમ માછલું ઈંડાને સેવે તેમ આ મુમુક્ષુનું સેવન કરતા.

ગુણાતીતાનંદ સ્વામીના સમાગમથી અરજણ ભગતના અંતરમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની સર્વોપરિ અને વિશુદ્ધ ઉપાસના સુદઢ થઈ હતી.

જ્યાં ગુણાતીતાનંદ સ્વામી બિરાજતા હોય ત્યાં કથાવાર્તાનો અખાડો અખંડ મંડાયેલો હોય. સ્વામીના મુખેથી બ્રહ્મરસ વરસતો હોય અને મુમુક્ષુના અંતરમાં એકાંતિક ભાગવત ધર્મનું પોષણ થતું હોય.

સ્વામીની વાતોમાં વારંવાર એક વાતનું બીજ આવતું **निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम्** । 'ત્રણ દેહથી પર થઈ બ્રહ્મરુપ થાવું અને પ્રગટ પરબ્રહ્મ શ્રીહરિને ભજવા.' સ્વામીની કથાવાર્તાનો સાર કંઈક આવો રહેતો-

'સેવા સાવરણી છે. મોટા પુરુષોની રુચિમાં રહીને મનની ધારણાઓ છોડીને મહિમાપૂર્વક સેવા કરે અને મોટા પુરુષોનો સમાગમ કરે તો એના અંતરમાંથી દેહાભિમાનરુપી કચરો વળાઈ જતાં વાર ન લાગે.'

'સેવા અને સમાગમ બ્રહ્મરુપ થવાનું સાધન છે અને બ્રહ્મરુપ થયા પછી પણ પુરુષોત્તમ નારાયણની સેવા જ કરવાની છે.'

'અક્ષર પર્યંત કોઈપણ પુરુષોત્તમ નારાયણની જેવો સમર્થ નથી. અક્ષરબ્રહ્મ મહા સમર્થ છે પણ સેવાનો અવસર શોધતાં શોધતાં પુરુષોત્તમ નારાયણની મોજડીઓ ઉપાડી આગળ ને આગળ ચાલે છે.'

'ગમે તેવો બ્રહ્મનિષ્ઠ થયો હોય પરંતુ જો એના અંતરમાં પરબ્રહ્મ પ્રત્યે સેવકભાવ ન હોય તો એનો બ્રહ્મભાવ ધડ વિનાના માથા જેવો છે.'

અક્ષરબ્રહ્મ સહિત અનંત મુક્તો પુરુષોત્તમ નારાયણની દાસભાવે ઉપાસના કરે છે. પુરુષોત્તમ નારાયણ જેવો કોઈ થયો નથી અને થવાનો નથી. માટે પુરુષોત્તમ નારાયણમાં જેવું હેત કરવું એવું હેત અક્ષરબ્રહ્મ પર્યંત કોઈમાં ન કરવું. આ અમારા અંતરનો સિદ્ધાંત છે. સર્વ શાસ્ત્રો અને વચનામૃતનું પણ એ જ રહસ્ય છે.'

અનાદિ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીના વેણે વેણે મોતી વીંધાય તેમ

અરજણ ભગતનું અંતર વીંધાઇ રહ્યું હતું અને વીંધાયેલા મોતીમાં દોરો પરોવાય તેમ શ્રીહરિની મૂર્તિ પરોવાતી જતી હતી. અરજણ ભગતનો નિર્માનીભાવ મૌન ભાવે મહિમાપૂર્વક સેવા કરવાની ધગશ, કથા શ્રવણની રુચિ અને ધ્યાન-ભજનનું અંગ જોઇને ગુણાતીતાનંદ સ્વામી એમના ઉપર ખૂબ રાજી રહેતા હતા.

આ મુમુક્ષુની સંભાળ રાખજો

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી હવે ધામમાં જવાની તૈયારી કરી રહ્યા હતા. એમના અંતરમાં સરળ સ્વભાવના અરજણની ચિંતા હતી. એમણે પોતાના મહાન શિષ્ય સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીને ભલામણ કરતાં કહ્યું, 'તમે આ મુમુક્ષુની સંભાળ રાખજો, સાધુતાની રીત શીખવજો. આ ભગત સ્વભાવે અતિ સરળ છે, ભલાભોળા છે, મોઢાના મોળા છે, માટે એને સાચવજો અને સમય ઉપર સાધુની દીક્ષા આપજો.' આવા સમર્થ સદ્‌ગુરુ જેની ચિંતા કરે, ભલામણ કરે એ સાધુની મહાનતા કેટલી હશે ! જનની જેમ બાળકનું જતન કરે એમ સદ્‌ગુરુ સાચા મુમુક્ષુનું જતન કરતા હોય છે.

મા અને સદ્‌ગુરુ વચ્ચે ફરક એટલો છે કે મા બાળકના શરીરની સાર સંભાળ રાખે છે અને સદ્‌ગુરુ શિષ્યના ચૈતન્યની સંભાળ રાખે છે. મા શરીરને પોષે છે, સદ્‌ગુરુ અધ્યાત્મને પોષે છે. માને દીકરો ગઢપણમાં પાળશે એવો સ્વાર્થ હોઇ શકે છે, સદ્‌ગુરુ સર્વ પ્રકારે સ્વાર્થ રહિત હોય છે.

ગુણાતીતાનંદ સ્વામી વાત્સલ્યભાવે અરજણ ભગતના ચૈતન્યનું પોષણ કરી રહ્યા હતા. થોડા સમય બાદ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી ધામમાં સિધાવ્યા.

સ્વામીના ધામમાં ગયા બાદ સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીએ અરજણ ભગતને માટે સ્વામીનું સ્થાન લીધું અને સ્વામીના અંતર્ધાન થયાની સ્હેજ પણ ખોટ વર્તાવા દીધી નહિં. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞા પ્રમાણે બાલમુકુંદદાસજી સ્વામીએ અરજણ ભગતની મુમુક્ષુતાનું જતન કર્યું અને આચાર્ય શ્રી ભગવદ્‌પ્રસાદજી મહારાજ પાસે ભાગવતી દીક્ષા અપાવી.

વસંતઋતુમાં વૃક્ષ જેમ નવા કલેવર ધરે એમ અરજણ ભગત અરજણ મટીને હવે ધર્મસ્વરુપદાસજી બન્યા અને સાધુતાના અનોખા કેસરીયા રંગથી દીપી ઉઠ્યા.

એમનો આ રંગ ક્ષણિક નહોતો, શાશ્વત હતો. એમનું અંતર શ્રીહરિની ભક્તિના રંગથી રંગાઇ ચૂક્યું હતું. એમના ધર્મમય જીવનમાંથી સદાચારની સુગંધ ઉઠતી હતી અને ચોતરફ પ્રસરતી હતી.

તમે આ સંતની સેવામાં રહો

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી ગામડાઓમાં વિચરણ કરતા ત્યારે સ્વામી ધર્મસ્વરુપદાસજીને સાથે ને સાથે રાખતા અને એમના અંતરમાં ભાગવત ધર્મનું પોષણ કરતા રહેતા. સ્વામી ધર્મસ્વરુપદાસજી અલગારી સંત હતા. વ્યવહારથી સર્વથા અલિપ્ત રહીને મૌનભાવે સેવા-ભજન-સ્મરણ કરતા રહેતા.

એકવાર સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીના મનમાં થયું કે 'ધર્મસ્વરુપદાસજીને મંડળધારી કરીએ જેથી તેઓ સ્વતંત્રપણે સત્સંગમાં વિચરણ કરી સત્સંગનું પોષણ કરતા થાય.'

સ્વામીએ પોતાના મનની વાત ધર્મસ્વરુપદાસજી સ્વામીને કરી. સ્વામી ધર્મસ્વરુપદાસજીએ વિનયપૂર્વક હાથ જોડીને કહ્યું, 'સ્વામી ! તમે તો જાણો છો, મંડળધારીને તો જાત જાતની વ્યાવહારિક પ્રવૃત્તિ કરવાની હોય, મને વ્યાવહારિક પ્રવૃત્તિ ફાવે તેમ નથી. હું તો ભજન કરું અને તમે કહો તો સેવા કરું.'

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીએ કહ્યું કે 'સ્વામી ! તમે ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર છો. સ્વામી અને મહારાજ તમારા બધા કાર્યો કરી દેશે. તમે સત્સંગમાં વિચરણ કરશો તો હજારો જીવોનો સમાસ થશે.' સ્વામી ધર્મસ્વરુપદાસજીએ કહ્યું, 'પણ સ્વામી ! જાત જાતની વ્યાવહારિક પ્રવૃત્તિઓ મારાથી કેમ થશે?' સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીએ કહ્યું, 'અમે તમને એક મહાપ્રતિભા સમ્પન્ન સાધુ આપીશું. તમારો બધો જ ભાર ઉપાડી લેશે. તમારે જરાય ચિંતા કરવી નહિ પડે. તમારા વતી બધી જ સેવા પ્રવૃત્તિ ઉપરાંત કથા વાર્તાનું કાર્ય પણ એ સંભાળી લેશે.' સ્વામી ધર્મસ્વરુપદાસજીએ કહ્યું કે 'જો સ્વામી ! આ રીતે આપની રુચિ હોય તો આપની જેમ આજ્ઞા હશે તેમ હું કરીશ.'

સ્વામી ધર્મસ્વરુપદાસજીની વાત સાંભળી સ્વામી બાલમુકુંદદાસજી અત્યંત રાજી થયા. પોતાની રુચિ બહાર હોય છતાં સદ્‌ગુરુની આજ્ઞા થાય તો એમાં રાજીપે વર્તે એ ઉત્તમ મુમુક્ષુનું લક્ષણ છે.

ધર્મસ્વરુપદાસજી સ્વામીએ બાલમુકુંદદાસજી સ્વામી પાસે પોતાની બધી જ મનની ધારણાઓ છોડી દીધી હતી.

સ્વામી બાલમુકુંદદાસજીના મંડળમાં અનેક પવિત્ર સંતો હતા. એમાનાં એક હતા પુરાણી સ્વામી ગોપીનાથદાસજી. તેઓ પ્રતિભાશાળી અને વિદ્વાન સંત હતા. એમનું જીવન વિદ્વત્તાની સાથોસાથ સાધુતાથી ભરપૂર હતું.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીએ પુરાણી શ્રી ગોપીનાથદાસજી સ્વામીને આજ્ઞા કરી કે 'તમે હવેથી ધર્મસ્વરુપદાસજી સ્વામીની સાથે રહો. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ આ સંતને સાચવવાની જવાબદારી અમને સોંપી છે અને હવેથી એ જવાબદારીનો નિભાવ તમારે શિષ્યભાવે એમની સેવામાં રહીને કરવાનો છે.'

'આ સંત અત્યંત પવિત્ર છે. એમનું અંતર દયાથી ભરપૂર છે. બીજાના દુઃખ દેખીને એમનું અંતર દ્રવી ઊઠે છે અને આંખમાં આંસુડાં આવી જાય છે. ગુણાતીતાનંદ સ્વામીના આ પરમ કૃપાપાત્ર શિષ્યની તમે સર્વ પ્રકારે સેવા કરો અને એમને રાજી કરો.' આ રીતે સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીએ પુરાણી શ્રી ગોપીનાથદાસજી સ્વામીને ધર્મસ્વરુપદાસજી સ્વામીની સેવામાં સોંપ્યા અને મન, વચન, કર્મથી આ પવિત્ર સંતને રાજી કરી લેવાનો આદેશ કર્યો.

પુરાણી શ્રી ગોપીનાથદાસજી સ્વામીએ શ્રી બાલમુકુંદદાસજી સ્વામીના વચને સદ્‌ગુરુ શ્રી ધર્મસ્વરુપદાસજી સ્વામીની બધી જ જવાબદારી ઉપાડી લીધી. સત્સંગમાં જ્યાં જ્યાં વિચરણ કરવાનું થાય, નવા નવા મંદિરો કરાવવાનાં થાય, કથાવાર્તાના પ્રસંગો હોય, પુરાણી શ્રી ગોપીનાથદાસજી સ્વામી સદ્‌ગુરુ શ્રી ધર્મસ્વરુપદાસજી સ્વામીની સાથે ને સાથે વિચરણ કરતા, એમની રુચિમાં રહી સેવા કરતા અને આ અલગારી સંતને ધ્યાન-ભજન-સ્મરણમાં કોઈ જાતની અગવડતા પડવા દેતા નહિં.

પોતે ધ્યાન-ભજન-સ્મરણ કરવું એ ઉત્તમ વાત છે, પરંતુ સાથે સાથે ધ્યાની ભજનિક સંતને ધ્યાન-ભજન કરવાની સર્વ પ્રકારે અનુકૂળતા કરી આપવી અને તેની તમામ જવાબદારીઓ પોતે ઉપાડી લેવી એ પણ એટલી જ ઉત્તમ વાત છે.

પુરાણી શ્રી ગોપીનાથદાસજી સ્વામી સદ્‌ગુરુ શ્રી ધર્મસ્વરુપદાસજી સ્વામીની સેવામાં જોડાયા અને મન-વચન-કર્મથી એમની સેવા કરી અપાર રાજીપો મેળવ્યો.

આ રીતે પુરાણી શ્રી ગોપીનાથદાસજી સ્વામીએ બે મહાન સદ્‌ગુરુઓની કૃપાના પાત્ર બન્યા.

ધર્માવતાર સંત

સ્વામી ધર્મસ્વરુપદાસજી સ્વામી મૂર્તિમંત ધર્મનું સ્વરુપ હતા. એમની પ્રત્યેક ક્રિયા ધર્મ પરાયણ હતી. એમનો સ્વભાવ ભારે કરુણામય હતો. એ સંત કીડી જેવા જીવને પણ દુઃખવતા નહિં અને કોઈના દુઃખ સહી પણ શકતા નહિં.

પારકી પીડા જોઈને એ સંતનું હૃદય માખણની જેમ પીગળી જતું એટલે સ્વામી બાલમુકુંદદાસજી એમની અવાર નવાર પ્રશંસા કરતા કહેતા કે 'જેમણે ધર્મરાજા

ન જોયા હોય એમણે આ ધર્મસ્વરુપદાસજી સ્વામીનાં દર્શન કરી લેવા. આ સંત સાક્ષાત્ ધર્મનો અવતાર છે.’

સદ્‌ગુરુ શ્રી ધર્મસ્વરુપદાસજી સ્વામીએ પુરાણી શ્રી ગોપીનાથદાસજી સ્વામીને સાથે લઈને કુંકાવાવ, અમરેલી, ઉના, જામનગર વગેરે અનેક પ્રદેશોમાં ખૂબ જ વિચરણ કરેલું છે.

એક સમયે જામનગર વિસ્તારના ગામડાંઓમાં વિચરણ કરતા કરતા સ્વામી જામવંથલી પધાર્યા. અહીંયા કડિયા હરિભક્તોનો સારો એવો સત્સંગ છે.

સ્વામી જેવા પવિત્ર સંતના આગમનથી ભક્તોને ભારે આનંદ થયો. પુરાણી સ્વામીની કથાવાર્તા સાંભળીને એમના અંતર શીતળ થયા.

આવા પવિત્ર સંતોને પ્રતાપે જામવંથલીનો સત્સંગ બરાબર જામ્યો. આજે પણ વડલો જેમ વડવાઈઓ મૂકીને વિસ્તરે તેમ જામવંથલીના કડિયા ભક્તોનો સત્સંગ દેશ અને વિદેશમાં વિસ્તરેલો છે. સ્વામી જામવંથલીથી તરઘડી દેવળીયા પધાર્યા. અહીંયા રજપૂત દરબારો અને વણિકોનો સત્સંગ છે.

રજપૂત દરબારો સત્સંગમાં આજે પણ એવા જ શૂરવીર અને નિષ્ઠાવાન છે. વણિક હરિભક્તો મોટે ભાગે આજીવિકા અર્થે વિદેશોમાં વસેલા છે અને ત્યાં પણ તેઓ સારી રીતે સત્સંગ સાચવી રહ્યા છે.

સ્વામી ફરતા ફરતા સમાણા ગામે પધાર્યા. સ્વામીના પધારવાથી અહીંયા સત્સંગનો ખૂબ જ સારો સમાસ થયો.

સ્વામી સમાણામાં બિરાજતા હતા ત્યારે સ્વામીનાં અંતરમાં શ્રીહરિની ઈચ્છાથી આગામી દુકાળના એંધાણ વર્તાયાં. કરુણાના સાગર સ્વામીના હૃદયમાં દુકાળના ઓળાએ દુઃખ પેદા કર્યું. દુકાળને લીધે માલઢોર અને માણસો દુઃખી થાય એ આવા કરુણામૂર્તિ સંત કેમ સહન કરી શકે ?

સ્વામીએ હરિભક્તોને કહ્યું, ‘ભક્તો ! આગામી વર્ષે દુકાળ પડશે માટે આ વર્ષે તમે બીજું બધું પડતું મેલીને જેમ બને તેમ જુવાર વધારે વાવો. જુવાર વાવી હશે તો માણસોને દાણા મળશે અને પશુઓને ચાર્ય મળશે. પરિણામે તમે સુખેથી કાળ ઉતરી જશો.’ હરિભક્તોએ પણ ભગવાન જેવા પ્રતાપી આ સંતના વચને મોટા પાયે જુવારના વાવેતર કર્યાં.શ્રીહરિએ મ્હેર કરી હોય એમ જુવાર પણ ખૂબ થઈ.

સ્વામીએ આગમ ભાખ્યા હતા તેમ વર્ષ ખૂબ જ નબળું રહ્યું. વરસાદ નહિવત્ વરસ્યો. પરંતુ સ્વામીએ વવરાવેલી જુવારના પ્રતાપે સમાણા અને આસપાસના સેંકડો માણસોએ દુકાળનો કપરો કાળ પાર કર્યો.

આજે ખેતરે ભાત દેવા જતો નહિ

એક સમયે સદ્‌ગુરુ શ્રી ધર્મસ્વરુપદાસજી સ્વામી ઉના પ્રદેશમાં વિચરણ કરી રહ્યા હતા. સ્વામી ફરતા ફરતા કાંધી ગામે પધાર્યા. મોટા મોટા સદ્‌ગુરુઓએ આ ગામને પાવન કરેલું છે અને આ ગામનો સત્સંગ પણ ખૂબ જ સારો છે.

આ ગામમાં રૂખડ ભગત કરીને આગેવાન કુંભાર હરિભક્ત હતા. તેઓ જ્ઞાતિએ ખેડવાયા કુંભાર હતા. એક દિવસ સ્વામીએ રૂખડ ભગતને કહ્યું, 'રૂખડ ! આજે તું ખેતરે ભાત દેવા જતો નહિં.'

રૂખડ ભગતે હાથ જોડીને કહ્યું, 'કેમ સ્વામી ?'

સ્વામીએ કહ્યું, 'આજે વાડીએ તારો કાળ તને તેડવા આવવાનો છે. વાડીયે જઈશ તો એ તને ભરખી જશે. તું મંદિરમાં બેસ. સ્વામિનારાયણ મહામંત્રની માળા ફેરવ એટલે તારો કાળ દૂર થઈ જશે.'

રૂખડ ભગતને સ્વામીના વચનમાં બહુ વિશ્વાસ હતો. એમણે ખેતરે જવાનું માંડી વાળી અને બીજા કોઈને ભાત લઈ જવાની ભલામણ કરી, પોતે મંદિરમાં જઈ સ્વામિનારાયણ મહામંત્રની માળા કરવા લાગ્યા.

રૂખડ ભગતને બદલે બીજો માણસ ભાત લઈ ખેતરે ગયો. ખેતરમાં કામ કરતા બધા જ માણસો વૃક્ષને છાંયડે ભેગા થઈને જમવા બેઠા.

બધા શાંતિથી જમી રહ્યા હતા એ જ વખતે એક મોટો ફણિધર સર્પ આવ્યો અને ફૂંફાડા મારીને ફેણ ચઢાવી. આમથી તેમ આંટા મારવા લાગ્યો. લોકો બીકના માર્યા હાંફળા ફાંફળા થઈ ગયા. સર્પ સંતાકૂકડી રમતો હોય તેમ ઘડીક અહીંયા અને ઘડીક ત્યાં આટાંફેરા કરતા ડોકા કાઢવા લાગ્યો.

લોકોને ડરતા જોઈ ભાત લાવનારો માણસ બોલ્યો, 'તમે કોઈ બીશો નહીં, આ સર્પ તો રૂખડ ભગતનો કાળ છે અને એને ગોતી રહ્યો છે. રૂખડ ભગતના ગુરુએ એમને જે વાત કરી છે તે મેં કાનોકાન સાંભળી છે. એમણે જ રૂખડ ભગતને વાડીયે આવતા રોક્યા છે અને તેને બદલે ભાત લઈને હું આવ્યો છું.'

ભાત લાવનારની વાત સાંભળી લોકોને આશ્ચર્ય થયું. પેલો સર્પ પણ આમતેમ આંટા મારી, રૂખડ ભગતને ભાળ્યા નહીં એટલે ક્યાંક અદશ્ય થઈ ગયો. કામ કરનારાઓના પડીકે બંધાયેલા જીવ હેઠા બેઠા.

આ વાત વાયુ વેગે ગામમાં પહોંચી. ગામલોકોના અંતરમાં પણ આશ્ચર્ય થયું. સમર્થ સદ્‌ગુરુ શ્રી ધર્મસ્વરુપદાસજી સ્વામીના આશીર્વાદથી રૂખડ ભગતની રક્ષા થઈ.

ઉપદેશથી ન સુધરે એને જમ સુધારે

એક સમયે સદ્‌ગુરુ શ્રી ધર્મસ્વરુપદાસજી સ્વામી ફરતા ફરતા દેરડી ગામે પધાર્યા હતા. પુરાણી શ્રી ગોપીનાથદાસજી સ્વામી પણ સાથે હતા.

દેરડીમાં નવું મંદિર કરવાનું હતું તેથી ગામલોકોએ એ માટે સ્વામીને વિનંતી કરી. સ્વામીએ પણ હરિભક્તોની વિનંતીને માન્ય રાખી.

સ્વામીનાં મનમાં નવા નવા મંદિરો કરાવવાનું ભારે તાન રહેતું. કારણ કે ગામડાના આ નાના નાના મંદિરો મુમુક્ષુઓનું આશ્રયસ્થાન હતા અને ભજન સ્મરણનું કેન્દ્ર હતાં. સ્વામીએ પુરાણી શ્રી ગોપીનાથદાસજી સ્વામીને આ મંદિર નિર્માણ અંગેની સર્વ જવાબદારી ઉપાડી લેવા જણાવ્યું.

પુરાણી સ્વામીએ કહ્યું, ‘સ્વામી ! આપની આજ્ઞા શિરોધાર્ય છે. આપની રુચિ પ્રમાણે અહીયાં મંદિર થઈ જશે. આપ જરાય ચિંતા કરશો નહિ.’

ગામના સત્સંગીઓના સંપૂર્ણ સાથ સહકાર સાથે મંદિર નિર્માણનું કાર્ય શરુ થયું. સ્વામિનારાયણ સંપ્રદાયમાં જાત સેવાનો ભારે મહિમા છે. સંપ્રદાયના મંદિરોમાં નિર્માણ કાર્યો મોટે ભાગે જાત સેવાથી થતા. ભગવાન સ્વામિનારાયણે સ્વયં માથે ઈંટ, પત્થર, ચૂનો અને ગારાના તગારા ઉપાડીને આ પરંપરા શરુ કરેલી છે, જે અદ્યાપિપર્યંત ચાલી આવે છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના મોટા ભાગનાં હરિમંદિરો જાત મહેનતથી થયા છે. દેરડીમાં પણ સંતો અને સત્સંગીઓ જાત મહેનતથી મંદિરના પાયા ખોદવા લાગ્યા.

ગામમાં એક વિઘ્નસંતોષી વાણિયો હતો. એનું નામ ફૂલચંદ હતું. એને સત્સંગ સાથે ભારે દ્વેષ હતો. ગામમાં સ્વામિનારાયણનું મંદિર થાય એ એને ગમ્યું નહિં.

વાણિયો જાહેરમાં જીવદયાની મોટી મોટી વાતોકરતો અને ખાનગીમાં ગરીબોના ગળા કરતો.

સ્વામિનારાયણ સંપ્રદાય પ્રત્યે તેજોદ્વેષને લીધે વાણિયાએ જીવદયાને આગળ કરી લોકોમાં અવળી વાતો કરવાનું શરુ કર્યું. ‘આ મંદિર બાંધે, પાયા ખોદે, એમાં કેટલા જીવડા મરે! આનું કેટલું બધું પાપ લાગે ! આ તે ધર્મનું કામ કહેવાય !’

આવી વાતો કરી કરીને વાણિયાનું લક્ષ્ય મંદિર નિર્માણમાં સેવા કરનારાઓનો ઉત્સાહ ભંગ કરવાનું હતું. ધર્માવતાર સદ્‌ગુરુ શ્રી ધર્મસ્વરુપદાસજી સ્વામીને કાને

આ વાત આવી. શાંત અને ધીર પ્રકૃતિવાળા સ્વામી કાંઈ બોલ્યા નહિં. એમણે તો મંદિરનું કાર્ય આગળ ચલાવ્યું.

એકવાર હરિભક્તો સ્વામીની દેખરેખ નીચે પાયા પૂરવાની સેવા કરી રહ્યા હતા. એટલામાં પેલો વિઘ્નસંતોષી વાણિયો ત્યાંથી નીકળ્યો. એનાથી રહેવાયું નહિં એટલે બોલ્યો, ‘સ્વામીજી ! તમે સાધુ થઈને આવું જીવહત્યાનું પાપ કરાવો તે સારું નહિં. આટલું બધું પાપ કોને માથે જશે ?’

સ્વામીને વાણિયાની અવળ વાણી ઉપર ભારે દયા આવી. સ્વામી બોલ્યા, ‘અમે આ મંદિર કરાવીએ છીએ. એમાં અનેક લોકો આવશે અને ભજન ભક્તિ કરશે, કથાવાર્તા સાંભળશે, દારુ, માંસ, ચોરી, અવેરીનો ત્યાગ કરશે એનું ભારે પુણ્ય થશે અને એ પુણ્ય આ સેવા કરનારાઓને મળશે અને આ બાંધકામમાં જાણે અજાણે જે જીવ જંતુઓ મરશે તેનું પાપ જે મનમાં દાઝતા હશે અને અવગુણ લેતા હશે તેને માથે જશે.’ સ્વામીનો ઉત્તર સાંભળી વાણિયો હેબતાઈ ગયો અને નીચી મૂંડીએ ચાલતો ગયો. સ્વામીએ હરિભક્તોને પૂછ્યું, ‘આ કોણ છે?’

હરિભક્તોએ કહ્યું, ‘સ્વામી ! એ અમારા ગામનો અદેખો અને આખાબોલો વાણિયો છે. એણે કંઈકને કરજના દેવામાં ડૂબાડ્યા છે. વાતો જીવદયાની કરે છે અને વર્તન તો જમ લેવા આવે તેવું છે.’

હરિભક્તોની વાત સાંભળી ભોળા હૃદયના સંતના મુખમાંથી ઉદ્‌ગારો સર્યા, ‘ઉપદેશથી ન સુધરે તેને જમ સુધારે.’

આ બાજુ એ જ રાત્રે વાણિયાને ભયંકર કાળા જમદૂતો દેખાયા. વાણિયો ભયથી બેશુદ્ધ બની ગયો. ઝાડો પેશાબ છૂટી ગયા. જમદૂતો એને મારવા લાગ્યા. વાણિયો રાડારાડ કરવા લાગ્યો. આડોશી પાડોશી ભેગા થઈ ગયા. માર મારતા યમદૂતોએ વાણિયાને કહ્યું, ‘તેં ભગવાનના સાચા સંતનો અપરાધ કર્યો છે. એનું ફળ હવે ભોગવવું પડશે. વાણિયાને પોતાની ભૂલ સમજાણી. વાણિયો સીધો દોર થયો. એણે સ્વામી પાસે આવી ક્ષમા માગી અને સત્સંગનો દ્વેષ કરવાનું છોડી દીધું.

દેરડી મંદિરનું કાર્ય પૂર્ણ થયું અને રંગે ચંગે પ્રતિષ્ઠા ઉત્સવ ઉજવાયો.

ધામમાં જવાનો સંકલ્પ

પુરાણી સ્વામી ગોપીનાથદાસજી સદ્‌ગુરુ ધર્મસ્વરુપદાસજી સ્વામીના સુપાત્ર શિષ્ય હતા. એમના અંતરમાં સ્વામી પ્રત્યે અપાર હેત હતું. સ્વામીની કૃપાથી પુરાણી સ્વામીના જીવનમાં અધ્યાત્મ સોળે કળાએ ખીલ્યું હતું. સ્વામીની છત્રછાયાએ

પુરાણી સ્વામીના જીવન ઘડતરમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. પુરાણી સ્વામી હંમેશા સ્વામીની રુચિમાં રહીને એમને રાજી રાખવાનો પ્રયાસ કરતા હતા.

પુરાણી સ્વામી જેવા જ બીજા શિષ્ય સ્વામી અક્ષરપ્રિયદાસજી હતા. તેઓ પણ સાધુતાની મૂર્તિ હતા અને સ્વામીને શુદ્ધ અંતઃકરણથી સેવતા હતા. એ જ રીતે સ્વામીના મંડળના બીજા સંતો પણ ભારે મુમુક્ષુ અને ગુણિયલ હતા.

સદ્‌ગુરુ શ્રી ધર્મસ્વરુપદાસજી સ્વામી અંતરવૃત્તિથી વર્તનારા સંત હતા. તેઓ વિશેષ ને વિશેષ મહારાજની મૂર્તિમાં નિમગ્ન રહેતા હતા. સ્વામીને અવાર નવાર મહારાજના દર્શન થતાં હતાં. શ્રીહરિની કૃપાથી એમનામાં અપાર ઐશ્વર્ય પ્રગટ્યું હતું, પરંતુ સ્વામીએ સરળતા અને સાદાઈથી એ ઐશ્વર્યને ઢાંકી રાખ્યું હતું.

હવે સ્વામીનું શરીર વૃદ્ધ થયું હતું અને મન હવે સર્વ રીતે ઉદાસીન થયું હતું. સ્વામીને મનમાં થતું હતું કે ‘હવે મહારાજ ધામમાં તેડી જાય તો સારું.’

આ સમયે સ્વામી ઉનામાં બિરાજતા હતા અને ઉના પ્રદેશના ગામડાંઓમાં વિચરણ કરી સત્સંગનું પોષણ કરતાં હતાં.

એકવાર ઉનામાં સ્વામી મહરાજની મૂર્તિને સંભારી માળા કરી રહ્યાં હતાં. એવામાં અચાનક દિવ્ય પ્રકાશ પથરાયો અને એ પ્રકાશમાં મંદ મંદ હસતા શ્રીહરિએ સ્વામીને દર્શન દીધાં. મહારાજના દર્શન થતાં સ્વામીના અંતરમાં અત્યંત આનંદ થયો અને મહારાજની સ્તુતિ કરવા લાગ્યા. સ્વામીને ધામમાં જવાનો તીવ્ર સંકલ્પ હતો પણ સ્વામીને મનમાં થયું કે ‘મહારાજ પાસે હું આવી માગણી કરું તો સકામભાવ કહેવાય. મહારાજ આપણા અંતર્યામી છે અને બધું જ જાણે છે. માટે એમની મરજી હોય એમ થાય. મારે મહારાજ પાસે ધામમાં લઈ જાઓ એવુંય માગવું નથી. આવા વિચારથી સ્વામી કાંઈ બોલી શક્યા નહિં. મહારાજ થોડી વાર મંદ મંદ હસતા ઊભા રહ્યા અને પછી અદૃશ્ય થઈ ગયા.

વચનામૃતના ૧૦૦ પાઠ

સ્વામીએ મોટા સદ્‌ગુરુઓ પાસેથી સાંભળ્યું હતું કે ‘શુદ્ધ ભાવથી વચનામૃતની ૧૦૦ પારાયણ કરે તેને મહારાજ ધામમાં તેડી જાય છે.’ સદ્‌ગુરુઓના આ વચનોને સંભારીને સ્વામીએ વચનામૃતના ૧૦૦ પાઠ કરવાનો સંકલ્પ કર્યો અને વચનામૃતના પાઠ શરુ કરી દીધા. સ્વામી બહુ ભણેલા નહોતા. વળી વૃદ્ધાવસ્થાને લીધે આંખે ઓછું દેખાતું હોવાથી ઝીણા અક્ષરના ચોપડા વાંચવાનું ફાવતું નહોતું.

મંડળમાં વચનામૃતના સ્વાધ્યાય માટે મોટા અક્ષરમાં લખેલો ચોપડો હતો

તે સ્વામીને વાંચવામાં માફક આવતો.

વચનામૃતના પાઠ કરતા કરતા સ્વામીએ અઠાણું પાઠ પૂરા કર્યા. હવે સો પાઠ પૂરા થવામાં માત્ર બે જ બાકી રહ્યા હતા. સ્વામીના અંતરમાં આનંદ હતો કે આ પાઠ પૂરા થઈ જશે એટલે મહારાજ ધામમાં તેડી જશે. આવા આનંદમાં ને આનંદમાં સ્વામીએ અક્ષરપ્રિયદાસજી સ્વામીને વાત કરી કે ‘હવે આપણે ધામમાં જવાનો સમય આવી ગયો છે.’

ગુરુ સાથે અત્યંત હેત હોવાથી ધામમાં જવાની વાત સાંભળતાં જ સ્વામી અક્ષરપ્રિયદાસજીને અત્યંત આંચકો લાગ્યો. એમણે કહ્યું, ‘સ્વામી! આપ આવી વાત ન કરો. આપ તો અમારા આધાર છો.’

સદ્‌ગુરુ શ્રી ધર્મસ્વરુપદાસજી સ્વામીએ કહ્યું, ‘હવે અમારે કોઈ રીતે આ લોકમાં રહેવું નથી. વચનામૃતના સો પાઠ કરે તેને મહારાજ ધામમાં તેડવા આવે છે એવું અમે મોટા સંતો પાસેથી સાંભળ્યું છે. અમે ધામમાં જવાના સંકલ્પથી જ વચનામૃતના પાઠ શરુ કર્યા છે. અઠાણું પાઠ પૂરા થઈ ગયા છે, હવે બે પાઠ થશે એટલે મહારાજ તેડી જશે.’

સ્વામીની વાત સાંભળી અક્ષરપ્રિયદાસજી સ્વામીનું હૈયું ભરાઈ આવ્યું. કાંઈ બોલી ન શક્યા. એમણે પુરાણી સ્વામી ગોપીનાથદાસજીને બધી વાત કરી. પુરાણી સ્વામી ગોપીનાથદાસજીને પણ સ્વામી પ્રત્યે અત્યંત પ્રેમ હતો. ગુરુનો વિરહ અંતેવાસી શિષ્યો કઈ રીતે જીરવી શકે ?

પુરાણી સ્વામીને થયું, ‘સ્વામી હજી થોડો સમય આ લોકમાં રહીને આપણને દર્શન આપે તો સેવા સમાગમનો વિશેષ લાભ મળે. પરંતુ સ્વામીને ધામમાં જતાં કેમ રોકવા ?’ એ મોટો કોયડો હતો.

પુરાણી સ્વામી ગોપીનાથદાસજીએ યુક્તિ વિચારી. સ્વામી વચનામૃતની જે પ્રત વાંચતા હતા તે પ્રતને તેમણે ગોદડાં ભરવાના પટારામાં તળિયે સંતાડી દીધી !

સ્વામી વૃદ્ધ થયા હતા એટલે આંખે ઝાંખપને લીધે ઓછું સૂઝતું હતું. પોતે વચનામૃતની જે પ્રત વાંચતા હતા એ સિવાય બીજો ચોપડો એમને ફાવે તેમ નહોતો.

વચનામૃતની પ્રત હાથમાં આવી નહિં એટલે સ્વામી મૂંઝાયા. વચનામૃત ખોળવા ચાર પાંચ દિવસ મથ્યા પણ પ્રતનો પત્તો મળ્યો નહિં એટલે સ્વામીએ પુરાણી સ્વામીને કહ્યું, ‘પુરાણી ! આપણી વચનામૃતની પ્રત દેખાતી નથી. કોઈએ લીધી હોય તો કહેજો ને!’

પુરાણી સ્વામીએ હાથ જોડીને વિનયપૂર્વક કહ્યું, ‘સ્વામી ! હવે તમે વૃદ્ધ થયા

છો, આંખે ઓછું દેખાય છે, માટે વધારે વાંચવું સારું નહિં. આપે ઘણા દિવસ વચનામૃતના પાઠ કર્યા છે. હવે માળા, ધ્યાન, ભજન-સ્મરણ કરો.’

મોઢાના મોળા અને સરળ હૃદયના સ્વામી કાંઈ બોલી ન શક્યા, પરંતુ સમજી ગયા કે ‘નક્કી પુરાણીએ જ મને ધામમાં જતા રોકવા માટે વચનામૃતની પ્રત ક્યાંક મૂકી દીધી છે.’

સ્વામીએ અક્ષરપ્રિદાસજી સ્વામીને ભોળા ભાવે કહ્યું, ‘આ પુરાણીએ મારી પ્રત ક્યાંક સંતાડી દીધી હોય એમ લાગે છે. તમે પુરાણીને કહો, મને પ્રત પાછી આપે. મારે પાઠ પૂરા કરી ધામમાં જવું છે.

અક્ષરપ્રિયદાસજી સ્વામીએ પણ કહ્યું, ‘સ્વામી! તમે ખૂબ વાંચો છો, એટલે આંખો ખરાબ થઈ જાય, માટે હવે વાંચવાને બદલે માળા ફેરવો તો સારું.’

અક્ષરપ્રિયદાસજી સ્વામીની વાતનો સૂર પણ પુરાણી સ્વામી જેવો જ હતો.

ગુરુ અને શિષ્યોના પ્રેમની આ રોચક કહાની છે.

ઉના વિસ્તારના ગામડાંઓના હરિભક્તો પુરાણી સ્વામીને વારંવાર વિનંતી કરતા હતા કે ‘તમે અમારા ગામમાં પધારો.’

પુરાણી સ્વામીએ એક બાજુ હરિભક્તોની સત્સંગની પ્યાસ પૂરવાની હતી તો બીજી બાજુ એમના અંતરમાં સ્વામી ધામમાં ન પધારી જાય એની ચિંતા સતાવતી હતી.

હરિભક્તોનો આગ્રહ ખૂબ જ વધ્યો એટલે પુરાણી સ્વામીએ અક્ષરપ્રિયદાસજી સ્વામીને કહ્યું, ‘સ્વામી! હું ગામડે જાઉં છું. મેં સ્વામીની પ્રત સંતાડી છે, તે કોઈ રીતે હાથમાં આવે એમ નથી. છતાં હાથમાં આવી જાય અને સ્વામી પાઠ શરૂ કરે તો મને તરત ખબર કરજો.’

પટારામાંથી પ્રત મળી

પુરાણી સ્વામી ગામડામાં વિચરણ કરવા પધાર્યા અને આ બાજુ બન્યું એવું કે પટારામાં ગોદડાં ફેરવતા ફેરવતા પટારાને તળીયે સંતાડેલી વચનામૃતની પ્રત સ્વામીના હાથમાં આવી ગઈ. સ્વામી તો રાજીના રેડ થઈ ગયા અને પાઠ શરુ કરી દીધો. અક્ષરપ્રિયદાસજી સ્વામીને આ વાતની ખબર પડી એટલે તુરત જ એમણે પુરાણી સ્વામી ગોપીનાથદાસજીને સમાચાર મોકલ્યા કે ‘પ્રત હાથમાં આવી ગઈ છે ને સ્વામી પાઠ કરવા લાગ્યા છે. તમે વહેલાસર આવો, અત્યારે તમારી હાજરીની અહીં ખૂબ જરુર છે.’ સમાચાર મળતાં જ સ્વામી ઉતાવળી

ગતિએ ઉના આવ્યા.

ધર્મસ્વરુપદાસજી સ્વામી એક બાજુ બેસીને વચનામૃતનો પાઠ કરી રહ્યા હતા.

'સ્વામીને પાઠ કરતા કેમ રોકવા ?' એ મોટો પ્રશ્ન હતો. પુરાણી સ્વામીએ હાથ જોડીને સ્વામીને કહ્યું, 'સ્વામી ! તમે માનતા નથી, વાંચવાથી આંખો ખરાબ થાય છે. હું તમને વચનામૃત વાંચવા નહિં દઉં.' આમ કહી પુરાણી સ્વામીએ સ્વામીના હાથમાંથી પ્રત લઈ લીધી અને પાછી સંતાડી દીધી.

પુરાણી સ્વામીની વાતમાં અને વર્તનમાં ગુપ્ત પ્રેમ સમાયો હતો. એ ગુપ્ત પ્રેમને સ્વામી પારખી ગયા હતા. સ્વામીને થતું હતું કે 'જો આ બધાનું ચાલશે તો મને ધામમાં જવા નહિં દે.' સ્વામીએ ફરીથી અક્ષરપ્રિયદાસજી સ્વામીને વાત કરી કે 'તમે પુરાણીને સમજાવો. ખોટો દુરાગ્રહ ન કરે. મને પાઠ પૂરા કરવા દે. મને આ લોકમાં જરાય ગમતું નથી.'

અક્ષરપ્રિયદાસજી સ્વામીએ કહ્યું, 'પણ સ્વામી ! તમે ધામમાં જાઓ એ અમનેય કોઈને ગમતું નથી. અમારી કોઈની ઈચ્છા નથી કે તમે પાઠ પૂરા કરો.'

અક્ષરપ્રિયદાસજી સ્વામીની વાત સાંભળીને સ્વામી પાછા મૌન થઈ ગયા.

આ જ અરસામાં ગરાળ ગામના શેઠીયાઓ ઊના આવ્યા. તેઓએ પુરાણી સ્વામી ગોપીનાથદાસજીને ગરાળ પધારવા આગ્રહ કર્યો, પણ હવે ગુરુને છોડીને ગરાળ જવાનું પુરાણી સ્વામીને જરાય ગમતું નહોતું.

સ્વામીએ પુરાણી સ્વામીને આજ્ઞા કરતાં કહ્યું, 'પુરાણી ! તમે ગરાળ જાઓ, હરિભક્તોને કથાવાર્તાથી રાજી કરો.' સ્વામીના મનમાં હતું 'પુરાણી અહીયાં હશે ત્યાં સુધી મને પાઠ પૂરા કરવા નહિં દે એટલે એ દૂર જાય તો સારું.'

પુરાણી સ્વામીએ કહ્યું, 'સ્વામી ! હું ગરાળ જાઉં ને પાછળથી તમે ધામમાં ચાલ્યા જાઓ તો અમારા પસ્તાવાનો પાર ન રહે. માટે જો તમે વચન આપો કે મારા આવ્યા સિવાય તમે ધામમાં નહિં જાઓ, તો હું ગરાળ જાઉં.' સ્વામીએ કહ્યું, 'પુરાણી ! ભલે મારું વચન છે કે હું તમને મળ્યા સિવાય ધામમાં નહિં જાઉં.'

સ્વામીના વચનથી પુરાણી સ્વામી આશ્વસ્ત થયા અને ગરાળ પધાર્યા પણ સ્વામી ક્યાંક પાઠ પૂરો ન કરી નાખે એ બીકે વચનામૃતની પ્રત સ્વામીને પાછી આપી નહીં. ગરાળમાં પુરાણી સ્વામીએ હનુમાનજી-ગણપતિજીની પ્રતિષ્ઠા કરી, થોડા દિવસ રોકાયા. કથાવાર્તાથી હરિભક્તોને રાજી કર્યા.

આ બાજુ ઉનામાં અક્ષરપ્રિયદાસજી સ્વામીને પણ બે ત્રણ દિવસ માટે બહારગામ જવાનું થયું. હવે બીજી બાજુ સ્વામી વચનામૃતની પ્રત ખોળ્યા જ કરતા

હતા. એમને તો કોઈપણ રીતે પાઠ પૂરા કરી ધામમાં જવું હતું.

આખરે શ્રીહરિની ઈચ્છાથી ધર્મશાળાના દરવાજા ઉપરના ગોખલામાં સંતાડેલી વચનામૃતની પ્રત સ્વામીના હાથમાં આવી ગઈ અને સ્વામી તુરંત પાઠ કરવા માંડ્યા !

અક્ષરપ્રિયદાસજી સ્વામી ગામડેથી પાછા પધાર્યા અને સ્વામીને વચનામૃતનો પાઠ કરતા જોયા. વચનામૃતનો આ ૧૦૦ મો પાઠ ચાલી રહ્યો હતો.

અક્ષરપ્રિયદાસજી સ્વામીના મનમાં ફાળ પડી. તેમણે તુરત જ ગરાળ માણસ મોકલ્યો અને પુરાણી સ્વામીને કહેવડાવ્યું કે 'તમે જલદી ઉના આવો. વચનામૃતની પ્રત સ્વામીએ ખોળી કાઢી છે અને હવે છેલ્લો પાઠ ચાલી રહ્યો છે.'

પુરાણી સ્વામી તુરત જ ઉના પધાર્યા. પુરાણી સ્વામી સમજી ગયા હતા કે 'હવે સ્વામી કોઈ રીતે રાખ્યા રહે તેમ નથી, માટે હવે એમને કોચવવા નથી.'

પુરાણી સ્વામીએ એકાંતમાં સ્વામીને હાથ જોડી વિનંતી કરી કે 'સ્વામી અમારા ઉપર રાજી રહેશો અને કોચવાશો નહિં. તમે ધામમાં જાઓ એ અમને કોઈ રીતે રુચે નહિં, માટે વચનામૃતની પ્રત વારેઘડીએ સંતાડી દઈએ છીએ. તમે કૃપા કરી ચાર છ મહિના પછી પાઠ પૂરા કરો. કારણ કે તમારા સિવાય અમારાથી રહેવાય એમ નથી.' બોલતા બોલતા પુરાણી સ્વામી ગળગળા થઈ ગયા.

સ્વામી બોલ્યા, 'પુરાણી ! દિલગીર થાવ મા, હું જરાય કોચવાણો નથી. તમારા બધાના પ્રેમ અને લાગણીને સમજું છું, પણ આ લોકમાં કોઈ કાયમ રહેતું નથી. મને હવે અહીં જરાય ગમતું નથી, માટે તમે બધા રાજી થઈને રજા આપો.'

સ્વામીની વાત સાંભળી પુરાણી સ્વામીનું હૈયું વધારે ભરાઈ આવ્યું. આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી. મન મક્કમ કર્યું અને સ્વામીને રોકવાનો આગ્રહ છોડી દીધો.

આખરી વિદાય

વચનામૃતનો ૧૦૦ મો પાઠ પૂરો થઈ ચૂક્યો હતો. બસ હવે સ્વામી મહારાજ તેડવા આવે એની રાહ જોઈ રહ્યા હતા.

પુરાણી સ્વામીના મનમાં થયું કે સ્વામી ધામમાં પધારે એ પહેલાં હું એમની પૂજા કરી લઉં. પુરાણી સ્વામીએ પોતાના હાથે જ ઘસીને ચંદન ઉતાર્યું, ફૂલની માળા ગૂંથી અને છેલ્લી વિદાય આપતા હોય એમ ભારે હૈયે અને ભારે પગલે સ્વામી પાસે આવ્યા અને વિનંતી કરી કે 'સ્વામી તમે રાજી થાઓ તો મારે તમારી પૂજા કરવી છે.' બોલતા બોલતા પુરાણી સ્વામીના નેત્રમાંથી આંસુ વહેવા લાગ્યાં. સાથે સ્વામી અક્ષરપ્રિયદાસજી વગેરે સંતોની પણ એ જ ભાવદશા હતી.

સ્વામીએ કહ્યું, 'તમે શોકાતુર ન થાઓ. આપણે કાયમ સાથે જ છીએ. તમે ઠાકોરજીની પૂજા કરો. એમાં અમારી પૂજા આવી ગઈ. અમારે સાધુને વળી આ પૂજાનું શું ?' પરંતુ પુરાણી સ્વામીએ ખૂબજ પ્રેમભરી વિનંતી કરી એટલે સ્વામીએ હા પાડી. પુરાણી સ્વામીએ સ્વામીના ભાલમાં ચંદનની અર્ચા કરી ફૂલનો હાર પહેરાવ્યો. દંડવત્ પ્રણામ કર્યા અને કહ્યું, 'સ્વામી ! અમારાથી કંઈ અપરાધ થયો હોય, તમારી સેવા સરખી ન થઈ હોય તો ક્ષમા કરજો.'

સ્વામી કહે, 'પુરાણી ! તમે અમને ખૂબ જ રાજી કર્યા છે. તમારી સાધુતા અને વિદ્વત્તા જોઈને અમારું અંતર ઠરે છે. શ્રીજી મહારાજે તમને કથાવાર્તા દ્વારા સત્સંગનું પોષણ કરવા મોકલ્યા છે અને એ કાર્ય તમે સારી રીતે બજાવી રહ્યા છો. હજુ દીર્ઘકાળ સુધી તમારા દ્વારા સત્સંગનું પોષણ થતું રહેશે. અમે તમારા ઉપર ખૂબ જ રાજી છીએ.' આટલું કહી સ્વામીએ પુરાણી સ્વામી ઉપર હાથ મેલ્યો અને કહ્યું, 'પુરાણી ! આજથી આઠમે દિવસે અમને મહારાજ તેડી જશે.'

આમ કહી સ્વામીએ અંતરવૃત્તિ વાળી લીધી. પોતે ભજન સ્મરણ કરવા લાગ્યા, સાથે વચનામૃતના પાઠ પણ ચાલુ રાખ્યા.

સ્વામીનું શરીર સ્વસ્થ હતું. કોઈ માંદગી નહોતી. વાંસામાં એક નાનકડું ગૂમડું થયેલું. જેની આછી પાતળી પીડા થતી હતી. સ્વામીને ધામમાં જવાનો દિવસ જેમ જેમ નજીક આવતો ગયો તેમ તેમ ગૂમડાંની પીડા વધતી ગઈ.

આઠ દિવસનો વાયદો પૂરો થવા આવ્યો હતો. દિવસના બરાબર સાડા અગિયાર વાગ્યાનો સમય હતો. ભગવાન સ્વામિનારાયણ સ્વામીને તેડવા પધાર્યા હતા.

સ્વામીએ પુરાણી સ્વામીને કહીને પૃથ્વી ઉપર ગાયનું છાણ લીપાવ્યું. ઘીનો દીવો કરાવ્યો પછી સ્વામી બોલ્યા, 'સંતો ! ગુણાતીતાનંદ સ્વામી જેવા મોટા મોટા સદ્‌ગુરુઓને સાથે લઈને મહારાજ અમને તેડવા પધાર્યા છે. હવે અમે મહારાજની સાથે ધામમાં જઈશું.' એમ કહી ગાયના છાણથી લીપેલી પવિત્ર જગ્યા ઉપર સ્વસ્તિક આસને બિરાજમાન થયા અને સર્વ વૃત્તિઓ મહારાજની મૂર્તિમાં જોડી દીધી અને સ્વતંત્ર થકા મહારાજના ધામમાં સીધાવ્યા.

જગતમાં રોજે રોજ કરોડો જીવ જન્મે છે અને મરે છે પણ આવી અલૌકિક રીતે ધામમાં જવું એ તો મોટા મોટા યોગીઓથી પણ શક્ય નથી.

ધર્મરાજાના અવતાર સમા સદ્‌ગુરુ સ્વામી ધર્મસ્વરુપદાસજીના ચરણોમાં 'સદ્‌ગુરુ વંદના મહોત્સવ' પ્રસંગે વારંવાર વંદન !



સદ્‌ગુરુ પુરાણી શ્રી ગોપીનાથદાસજી સ્વામી

સદ્‌ગુરુ પુરાણી શ્રી ગોપીનાથદાસજી સ્વામી

ભાગ્યવંતી ભોમકા

સૌરાષ્ટ્રના અમરેલી વિસ્તારની ખારાપાટની ભૂમિ ભાગ્યવંતી રહેલી છે.

આ ભૂમિમાં અનેક સંતો-ભક્તો અને શૂરવીરો પ્રગટ્યા છે. ઈતિહાસને પાને એમનાં નામ અમર થયેલા છે.

આવા આ ખારાપાટ વિસ્તારમાં શેત્રુંજી અને સાતલ્લી નદીઓનો પવિત્ર સંગમ થાય છે અને આ નદીઓના વહેણ ઉત્તરથી પૂર્વ તરફ વહે છે.

બરાબર આ સંગમના વળાંક પાસે વાંકિયા ગામ આવેલું છે. નદીઓના વળાંક પાસે વસેલું હોવાથી આ ગામ વાંકિયા કહેવાય છે. આ ગામમાં દેવરાજ બાપા ડુંમર, વૈજનાથ મહારાજ વગેરે અનેક મુક્તો પ્રગટેલા છે.

આ ગામની કસવંતી અને રસવંતી ભૂમિમાં સદ્‌ગુરુ શ્રીનારાયણદાસજી સ્વામી તથા પુરાણી સ્વામી શ્રીગોપીનાથદાસજી જેવા અનેક મહાન સંતો પ્રગટ્યા છે.

આ ગોકુળિયા ગામમાં બાબાપુરથી નંદાણિયા પરિવાર રહેવા આવ્યો.

વિ. સં. ૧૯૨૦ ની સાલમાં આ પરિવારમાં એક મહામુક્તનો જન્મ થયો, જેનું બાળપણનું નામ બેચર હતું.

બેચરના પિતાશ્રીનું નામ માવજીભાઈ અને માતુશ્રીનું નામ ડાહીબેન હતું.

માવજીભાઈ નંદાણિયાને ત્યાં બીજો એક દીકરો અને બે દીકરીઓ હતી. દીકરાનું નામ જીવો હતું અને દીકરીઓનાં નામ લાડુ અને જાનુ હતા.

બેચર નાનપણથી જ સ્વભાવે ગરવો અને ગુણિયલ હતો. એમનું જીવન સૌને ગમી જાય તેવું હતું. લોકો એને ‘ગોવિંદ’ એવા હુલામણા નામે બોલાવતા હતા.

આ ગુણિયલ ગોવિંદના જન્મ પાછળ સંતોના આશીર્વાદ કારણભૂત હતા.

બાબાપુરને ચોરે

સૌરાષ્ટ્રના ખારાપાટ વિસ્તારમાં બાબાપુર ગામ આવેલું છે. એક સમયે કૃપાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી ગામના પાદરમાંથી પસાર થયા. સ્વામીની સાથે ધ્યાની સંત ભગવાનદાસજી તેમજ સ્વામી ગોવિંદાનંદજી વગેરે સંતો હતા.

આ પવિત્ર સંતોના દર્શન કરતાં ગામના ભાવિકો શ્રીગોપાળભાઈ કાપડીયા તથા નાગજીભાઈ શેઠ અત્યંત રાજી થયા. એમણે સંતોને ગામમાં પધારવાનો આગ્રહ કર્યો. એ સમય સત્સંગના પ્રારંભનો સમય હતો. બાબાપુર ગામમાં ભગવાન સ્વામિનારાયણનું મંદિર નહોતું.

ગામમાં રામજી મંદિર હતું. જે કોઈ સાધુ-સંતો આવતા, એ રામજી મંદિરે ઊતરતા. ગોપાળભાઈ અને નાગજીભાઈએ પૂજારીને પૂછીને સંતોને રામજી મંદિરે ઊતારો આપ્યો.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી હોય, એટલે કથા-વાર્તાનો અખાડો મંડાયા સિવાય ન રહે. સ્વામીએ ગામના મુમુક્ષુઓને ભેગા કરી કથા-વાર્તા કરવા માંડી.

સ્વામીની ઉપદેશ શૈલીથી લોકો આકર્ષાયા અને સારી સંખ્યામાં ભેગા થયા.

સ્વામીના ઉપદેશનો સાર હતો,“જગત નાશવંત છે, માટે પંચવિષયથી મન પાછું વાળી પ્રગટ ભગવાનનું ભજન કરી લેવું અને ભગવાન સ્વામિનારાયણે બાંધેલી પંચવર્તમાનની મર્યાદાઓનું પાલન કરવું.”

સ્વામીની સીધી-સાદી, સરળ ઉપદેશ શૈલી લોકોને હૈયા સોંસરવી ઊતરી જતી હતી. આ જ સમયે ગામના પટેલ રૂડાભાઈ નંદાણીયા ચોરે આવ્યા. તેઓ ગામના આગેવાન હતા. થોડા માથાભારે હતા. ભગવાન સ્વામિનારાયણ અને એમના સંતો પ્રત્યે એ જાતજાતના પૂર્વગ્રહથી પીડાઈ રહ્યા હતા.

ગોપાળભાઈ કાપડીયાએ એમને સંતોનો પરિચય આપ્યો. સ્વામીએ રૂડા પટેલને મીઠો આવકાર આપ્યો. રૂડા પટેલ ઉપર આ મીઠા આવકારની કોઈ અસર થઈ નહિ. સ્વામિનારાયણના સાધુ જાણીને એના હૃદયમાં ભારે અણગમો આવ્યો અને તોછડાઈથી પૂછ્યું,“તમે અહીં કોને પૂછીને ઊતર્યા છો ?”

સ્વામીએ કહ્યું, “પટેલ ! આ તો રામજી મંદિર છે. આ ભગવાનને દ્વારે તો કોઈપણ સાધુ-સંત ઊતરે. અમે પૂજારીની રજા લઈને અહીં ઊતર્યા છીએ.”

પટેલે તુમાખીમાં કહ્યું, “ગામનો મુખી હું છું, પૂજારી નથી. મને પૂછ્યા વગર તમે ગામના ચોરે તો શું ગામમાં જ પગ કેમ મેલ્યો ? અમારે અમારા ગામમાં

સ્વામિનારાયણના મુંડીયા જોતા નથી.'' સ્વામીએ કહ્યું, ''પટેલ ! અહીંયા અનેક બાવા-સાધુઓ ઊતરે છે, તો અમારા માટે મનાઈ કેમ કરો છો ?''

એ જ વખતે સભામાંથી કોઈ બોલ્યું, ''સ્વામીની વાત સાચી છે, એવો પક્ષપાત ન ચાલે.'' પટેલનો પીત્તો ગયો, એ કોણ બોલ્યું ? એની ખબર પડી નહિ, એટલે ચોતરફ નજર ફેરવી કરડાકીથી કહ્યું,''કોણ છે એ પક્ષપાતનો દીકરો ?''

સ્વામીએ કહ્યું,''પટેલ ! તમે નકામા ગુસ્સે થાઓ છો. અમે કોઈનું કાંઈ બગાડતા નથી. અમારી પાસે આવે એ જીવોને સારે માર્ગે વાળીયે છીએ. થોડો સમય રોકાઈશું, પછી જતાં રહેશું.''

પટેલનું વિક્ષિપ્ત મન સંતોની વાત સાંભળવા તૈયાર નહોતું. એણે કહ્યું,''તમે સ્વામિનારાયણના મુંડીયાઓ માણસોને ભરમાવો છે, તમારી કંઠીઓ બાંધી તમારા ભગત બનાવો છો. અમારા ગામમાં તમારો નવો ધરમ ન પોસાય, માટે તમે હમણાંને હમણાં ગામ છોડી રવાના થઈ જાઓ.''

ગામના લોકો આ વાત સાંભળીને દુઃખી થઈ રહ્યા હતા. બોલવાથી કજિયો વધશે, એમ માની સૌ ચૂપ હતા.

''નાગાની પાનશેરી ભારે'' એ ન્યાયે પટેલ સામે બોલવામાં કોઈ સાર પણ નહોતો. કૃપાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી જેવા મહા સમર્થ સત્પુરુષોએ રામજી મંદિરની ખીલીએથી પોતાની ઝોળીઓ ઊતારી અને શ્રીહરિનું સ્મરણ કરતાં કરતાં ચાલી નીકળ્યા.

રૂડા પટેલ તો જાણ્યે પોતાની જબરી જીત થઈ હોય, એમ ગામને ચોરે ઊભા ઊભા સંતોને જતાં જોઈ રહ્યા હતા. પટેલને ખબર નહોતી કે, સંતોની હાર્યે એની પટલાઈ પણ વિદાય લઈ રહી હતી.

શેત્રુંજીના કિનારે

ભગવાન જેવા સાધુઓ અપમાનિત થઈને બાબાપુરથી નીકળ્યા, એમના મુખ ઉપર માન-અપમાનના કોઈ ભાવ જણાતા નહોતા.

વાંકિયાને માર્ગે ચાલતા ચાલતા તેઓ શેત્રુંજીને કિનારે પહોંચ્યા.

વર્ષાઋતુનો સમય હતો, આભમાં ઘનઘોર વાદળાઓ છાયા હતા, વીજળી ઝબકારા મારી રહી હતી, મેઘ-ગર્જનાઓ થઈ રહી હતી. ઉપરવાસમાં ખૂબ વરસાદ હોવાથી શેત્રુંજીમાં ઘોડાપુર આવ્યું હતું.

શેત્રુંજી બે કાંઠે વહી રહી હતી. કોઈ રીતે સામે કિનારે જવાય એમ નહોતું.

સંતો અને સાથે આવેલા હરિભક્તો નદીને કિનારે ઊભા રહ્યા, 'ક્યાં જવું ?' એની વિમાસણમાં સહુ પડ્યા હતા.

એ જ સમયે જાણે ભગવાન જ કોઈને અણધારી મદદ માટે મોકલી રહ્યા હોય, એમ એક અડાબીડ આદમી સંતો પાસે આવીને ઊભો રહ્યો. એનું નામ બેચરભાઈ હતું. તેઓ બાબાપુરના જ વતની હતા.

એમણે સંતોને 'જે નારાયણ' કર્યા અને પૂછ્યું,"મા'રાજ ! આવી વરસાદની સીઝનમાં કઈ બાજુ પધારી રહ્યા છો ?"

સ્વામી સાથેના હરિભક્તોએ બાબાપુરમાં બનેલી બધી બીના સંભળાવી અને કહ્યું, 'હવે સંતોને વાંકિયા જવું છે, પણ શેત્રુંજી નદીમાં ઘોડાપુર હોવાથી સામે જવાય એમ નથી, એટલે અહીં ઊભા છીએ.'

બેચરભાઈ બોલ્યા,"એ રૂડો શું સમજે છે એના મનમાં, આ રીતે સાધુને ગામ બહાર કાઢનાર રૂડો કોણ ?"

આટલું કહી વળી બેચરભાઈ બોલ્યા, "સ્વામી ! હજુ પાણી ઊતરતાં વાર લાગશે. તમે મારે ઘરે પધારો અને મારા ઘરને પાવન કરો."

બેચરભાઈની વિનંતી સાંભળી સ્વામીએ કહ્યું,"પણ બેચરભાઈ ! રૂડા પટેલે પૂછ્યા વિના ગામમાં પગ મૂકવાની ના પાડી છે."

બેચરભાઈએ કહ્યું, "સ્વામી ! રૂડો પટેલ ગામનો ધણી છે, મારા ઘરનો ધણી નથી, માટે તમે કોઈ જાતની શંકા રાખ્યા સિવાય મારે ઘરે પધારો."

હરિભક્તોએ કહ્યું,"સ્વામી ! બેચરભાઈ ગામના આબરૂદાર અને આગેવાન પટેલ છે. આપ એમને ત્યાં રોકાશો, તો રૂડો પટેલ તમારું નામ પણ નહિ લઈ શકે."

સ્વામી શેત્રુંજીને કિનારેથી પાછા વળ્યા અને બેચર પટેલને ઘરે પધાર્યા.

એક બાજુ રૂડા પટેલના ભાગ્યનો દરવાજો બીડાયો તો બીજી બાજુ બેચર પટેલના ભાગ્યનો દરવાજો ઉઘડી ગયો.

રાત્રે ધૂન-ભજન, કથા-વાર્તા કરી સૌએ શયન કર્યું.

સ્વામી વહેલી સવારે ઊઠ્યા, સંત-મંડળ સાથે શેત્રુંજીમાં સ્નાન કરી પૂજા-પાઠ કર્યા અને ઘણા સમય સુધી સ્વામી ધ્યાનમાં બેઠા.

બેચરભાઈ સંતોની આવી રૂડી રીત જોઈને ખૂબ જ રાજી થયા.

સ્વામીએ કહ્યું, "બેચરભાઈ ! શેત્રુંજીનું પૂર ઊતરી ગયું છે, એટલે હવે અમે વાંકિયા જઈશું." બેચરભાઈએ સંતોને ભાવભરી વિદાય દીધી. ગામના હરિભક્તો

ગોપાળભાઈ કાપડીયા, નાગજીભાઈ શેઠ વગેરે સ્વામીને શેત્રુંજીના કિનારા સુધી વળાવવા સાથે આવ્યા. શેત્રુંજીને કિનારે સરસ મજાની રેતીમાં બેસીને સ્વામીએ હરિભક્તોને થોડીવાર કથાવાર્તા કરી.

એવામાં વાતમાંથી વાત નીકળી, નાગજીભાઈ શેઠ બોલ્યા, ‘‘સ્વામી ! અમારા ગામનો રૂડો પટેલ ભારે કૂડો છે. ગરીબોનો તો એ કાળ છે, મનફાવે એવી અનીતિ કરી પૈસા ભેગા કરે છે. એણે અનેકના દિલ દુભવ્યા છે, એ પાપે કરીને એને સંતાન ઉજરતાં નથી.’’

અવળાઇ ઉપર અનુગ્રહ

‘રૂડા પટેલને સંતાન ઉજરતાં નથી’ એ શબ્દો મહાકૃપાળુ સંત કૃપાનંદ સ્વામીને કાને પડ્યા. એમણે સંકેતભરી નજરે ગુણાતીતાનંદ સ્વામીની સામે જોયું.

ગુણાતીતાનંદ સ્વામી એ સંકેતનો મર્મ પામી ગયા. એમણે કહ્યું,‘‘સ્વામી ! આપનો વિચાર બરાબર છે. આપણે ભગવાનને પ્રાર્થના કરીએ કે, ભગવાન રૂડા પટેલને દીકરો આપે અને એના કુળમાં સત્સંગ થાય અને એ કુળમાંથી સંપ્રદાયને શ્રેષ્ઠ સાધુ મળે.’’

કૃપાનંદ સ્વામીએ કહ્યું, ‘‘તો જોગી ! આપણે એ માટે માળા કરી મહારાજને પ્રાર્થના કરીએ.’’

શેત્રુંજીને પાવન કિનારે બધા જ પવિત્ર સંતોએ રૂડા પટેલને દીકરો થાય, એવા શુભ મનોરથ સાથે અગિયાર અગિયાર માળા કરી.

સાથેના હરિભક્તો ગોપાળભાઈ કાપડીયા, નાગજી શેઠ વગેરે તો સંતોના આવા સાગર જેવા દિલને જોઈને આશ્ચર્ય પામી ગયા.

અવળાઈ ઉપર અનુગ્રહ કરે, એવા સંતો વિરલ હોય છે.

સંતોએ હરિભક્તોની વિદાય લઈને વાંકિયા તરફ પ્રયાણ કર્યું.

આ બાજુ બાબાપુરમાં અનોખી ઘટના ઘટી, રૂડા પટેલની જોહુકમીથી ગામ ત્રાસી ગયું હતું. સત્તાની સામે બધા સમસમી રહ્યા હતા.

એવામાં એક એવી ઘટના બની કે, આખું ગામ રૂડા પટેલની વિરુદ્ધ થઈ ગયું.

અમરેલી સુબા પાસે પટેલ વિરુદ્ધ ફરિયાદો ઉપર ફરિયાદો ગઈ.

ગાયકવાડી સુબા બાબાપુર આવ્યા, સમાધાન કરાવવા પ્રયાસ કર્યો પરંતુ લોકલાગણી રૂડા પટેલની વિરુદ્ધમાં હતી, એટલે આખરે ગાયકવાડી સુબાએ રૂડા પટેલની પટલાઈ લઈ લીધી. રૂડા પટેલની પટલાઈ ઝૂંટવાઈ જતાં, એમને ભારે

અપમાન જેવું લાગ્યું. ગામમાં અત્યાર સુધી ઊંચે માથે ફર્યા હોય અને હવે નીચી મુંડીયે ફરવું પડે ! એ એનાથી સહન થઈ શકે એવી વાત નહોતી.

પરિણામે રૂડા પટેલે બાબાપુરનો ત્યાગ કર્યો અને વાંકિયા જઈને વસ્યા.

વાંકિયામાં રૂડા પટેલ નંદાણીયા ઉપર ભગવાન જેવા સાધુઓએ વરસાવેલો આશીર્વાદ ફળ્યો. એમને ત્યાં પાછલી ઉંમરે માવજી નામે દીકરો થયો.

રૂડા પટેલને પુત્ર થતાં અંતરમાં આનંદ થયો.

બીજી બાજુ પોતે અપમાન કર્યું છતાં સાધુઓએ દીકરાના આશીર્વાદ દીધા, એ વાત સંભારતા એના અંતરમાં પસ્તાવો પણ થવા લાગ્યો.

માવજીભાઈ નંદાણીયાને ત્યાં ગોવિંદ અને જીવો, એમ બે દીકરા થયા અને જાનુ અને લાડુ, એમ બે દીકરીઓ થઈ.

આ ગોવિંદ એ જ મહાન વિદ્વાન સંત પુરાણી શ્રી ગોપીનાથદાસજી સ્વામી.

ગોવિંદનું બાળપણ

રૂડા પટેલના વંશમાં ગોવિંદનો જન્મ ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદનું પરિણામ હતું. નાનકડા ગોવિંદને જોઈને અનુમાન પણ થઈ શકતું નહોતું કે, એક મહાન મુક્તે વાંકિયામાં જન્મ ધારણ કર્યો છે.

વાંકિયામાં એ વખતે ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર દેવરાજબાઈ ઠુમ્મર તથા વૈજનાથ મહારાજ રહેતા હતા. વાંકિયામાં નાનકડું મંદિર હતું. બાલમુકુંદદાસજી સ્વામી જેવા સાધુ-સંતો અહીં પધારતા રહેતા હતા. ગોવિંદ નાનપણથી જ ભગવદીય વૃત્તિ ધરાવતો હતો, તે આરતી સમયે દોડીને મંદિરે પહોંચી જતો, નગારું-ઝાલર વગાડતો, ધૂન-ભજન, કથા-વાર્તામાં ભાગ લેતો.

દેવરાજ બાપા ઠુમ્મર પાસે બેસીને ગોવિંદ વચનામૃત વાંચતો, કીર્તનો બોલતો.

બાપા આ છોકરાની આવી ભક્તિભરી પ્રકૃતિ જોઈને ખૂબ રાજી થતા અને એને મહારાજ અને મોટા સંતોના મહિમાની વાતો કરતા.

ગોવિંદ શાળાએથી છૂટી પહેલાં બાપા પાસે જતો પછી ઘરે જમવા જતો અને પાછો મંદિરે પહોંચી જતો.

ગોવિંદના પિતા માવજીભાઈ આર્યસમાજી હતા. એ ભગવાન સ્વામિનારાયણમાં માનતા નહિ. ગોવિંદ સ્વામિનારાયણના મંદિરે જાય, એ એમને ગમતું નહિ.

એમણે ગોવિંદને મંદિરે જવાની બંધી ફરમાવી.

ગોવિંદ તો મંદિરનો નિયમધારી હતો, એટલે એને મંદિરે ગયા સિવાય ચેન પડતું નહોતું. ગોવિંદ માવજીભાઈને ખબર ન પડે, એ રીતે મંદિરે પહોંચી જતો અને દર્શનનો નિયમ સાચવી લેતો. ક્યારેક ક્યારેક આ વાતની માવજીભાઈને ખબર પડતી, એટલે એને ભારે ઠપકો સાંભળવો પડતો.

ગોવિંદ મૂંગે મોઢે, નીચી મૂંડીએ થોડીકવાર બાપાનો કકળાટ એક કાને સાંભળતો અને બીજા કાને કાઢી નાખતો અને પાછો પોતે જેમ કરતો હોય, એમ જ કરતો. માવજીભાઈ નંદાણીયાની જમીન ટૂંકી હતી. ચાર-ચાર સંતાનો હતા, એટલે માંડ માંડ પૂરું થતું હતું.

વાંકિયામાં રાઘવજીભાઈ માદળીયા કરીને હરિભગત હતા. એમને પોતાની ખેતીમાં મદદ કરે તેવા સાથીની જરૂર હતી.

માવજીભાઈને પોતાનો દીકરો ક્યાંક કામે લાગે, એવી ગરજ હતી.

માવજીભાઈના કહેવાથી રાઘવભાઈએ ગોવિંદને સાથી તરીકે રાખ્યો.

ગોવિંદ માટે તો આ આકાશમાંથી અચાનક ઊતરેલી મદદ હતી, કારણ કે રાઘવભાઈ માદળીયા ખૂબ સારા હરિભગત હતા, એટલે એમને ત્યાં કામ કરવામાં ગોવિંદને કામની સાથોસાથ સત્સંગ પણ થાય એમ હતો અને બાપાના નકામા ત્રાસથી મુક્તિ મળતી હતી. ગોવિંદ બાપાની તાબેદારીમાંથી છૂટી એક સારા સત્સંગીને ત્યાં સાથી તરીકે જોડાયો. ગોવિંદ ખૂબ કામઢો છોકરો હતો, એનું શરીર મજબૂત હતું, કામકાજ કરવામાં કોઈ આળસ નહોતી.

રાઘવભાઈ ગોવિંદ ઉપર બધી રીતે રાજી હતા.

આ બાજુ માવજીભાઈ પણ હવે આ કમાઉ દીકરાને કંઈ કહી શકે એમ નહોતા, એટલે ગોવિંદ માટે સ્વામિનારાયણ મંદિરે દર્શન, દેવરાજ બાપાનો સમાગમ વગેરે બેરોકટોક ચાલવા લાગ્યા.

વેદનાની ધરતીમાં વૈરાગ્યના બીજ

જિંદગીમાં ક્યારેક એવી નાની ઘટના બનતી હોય છે, જે જીવનમાં બહુ મોટી અસર કરી જતી હોય છે અને જિંદગીને જબરો વળાંક દેતી હોય છે.

આવી જ એક ઘટના ગોવિંદના જીવનમાં બની. ઘટના નાની હતી પણ ગોવિંદ માટે ભારે પીડાદાયક હતી.

ગોવિંદ વાડીયેથી ગાડું લઈને ઘરે આવતો હતો. રસ્તામાં શેરીમાં એક ગલુડિયું આમથી તેમ આંટા મારતુ રમતું હતું. અચાનક ગલુડિયું ગાડાના પૈડાંમાં

આવી ગયું. ગાલુડિયાએ કારમી ચીસ પાડી. આ એની આખરી મરણ ચીસ હતી.

ગલુડિયાની એ કારમી ચીસ ગોવિંદના અંતરમાં તીરની જેમ આરપાર ઊતરી ગઈ. ગલુડિયાના મૃત્યુએ ગોવિંદના હૃદયને પીડાથી ભરી દીધું.

સામાન્ય સંસારીઓને તો આવી ઘટનાઓ અવાર-નવાર બનતી હોય છે, પરંતુ એમના પાષાણ હૈયામાં આવી ઘટનાઓની લાંબી અસર પડતી નથી.

પરંતુ આ તો ગોવિંદ હતો, ગોવિંદ સાધુ હૃદયનો હતો. ગલુડિયાના મૃત્યુએ એના કુમળા દિલ ઉપર ઘેરી અસર કરી હતી.

ગોવિંદે ઘરે ગાડું છોડ્યું, આજ એને જમવાનું ફાવે એમ નહોતું, ગોવિંદ દોડતો સીધો મંદિરે ગયો.

ભગવાન પાસે ઠાકોરજી સામે ઊભા રહી ભારે હૈયે પ્રાર્થના કરી, પછી દેવરાજ બાપા પાસે આવી રડી પડ્યો.

દેવરાજ બાપાએ ગોવિંદને માથે હાથ મેલીને પૂછ્યું, "એલા, ગોવિંદ ! કેમ રડે છે ?"

ગોવિંદે બનેલી બધી બીના બાપાને સંભળાવી અને કહ્યું, "બાપા ! મને પ્રાયશ્ચિત આપો, મારાથી આજે અસહ્ય પાપ થઈ ગયું છે."

બાપાએ કહ્યું, "ગોવિંદ ! મહારાજ તને ક્ષમા કરશે. તું એકાદશીને દિવસે નકોરડો ઉપવાસ કરી થોડી માળા કરજે, એટલે તારા પાપનું પ્રાયશ્ચિત થશે અને એ ગલુડીયાના જીવનો પણ ઉદ્ધાર થશે."

ગોવિંદે બાપાના કહેવા પ્રમાણે પ્રાયશ્ચિત કર્યું, પરંતુ આ ગલુડિયાના મૃત્યુએ ગોવિંદના મનમાં જીવન કેટલું ક્ષણભંગુર છે ! એ સમજાવી દીધું.

ગોવિંદના અંતરમાં વારેઘડીએ મનુષ્યજીવનના નાશવંતપણાના વિચારો ઘુમરાયા કરતા હતા.

અને એમાં ધીમે ધીમે વૈરાગ્યના બીજ પાંગરી રહ્યા હતા.

બીજને વરસાદનો જોગ થતાં ઊગે, એ રીતે દેવરાજ બાપાનો ઉપદેશ ગોવિંદના હૃદયમાં રહેલા વૈરાગ્યના બીજને અંકુરિત કરી રહ્યો હતો.

દેવરાજ બાપાએ કહ્યું, "ગોવિંદ ! માનવજીવન તો વીજળીના ઝબકારા જેવું છે. કોઈ સારા સદ્‌ગુરુનો જોગ થઈ જાય, તો એમની કૃપાથી વીજળીને ઝબકારે મોતી પરોવાઈ જાય."

અને થોડા જ સમયમાં એવા મહાન સદ્‌ગુરુનો જોગ ગોવિંદને સાંપડી ગયો.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી સત્સંગ વિચરણ કરતા કરતા સંત-મંડળ

સાથે વાંકિયા પધાર્યા.

સ્વામીએ મંદિરમાં ઊતારા કર્યા. દેવરાજ બાપાએ સ્વામીને ગોવિંદની ઓળખાણ કરાવી. અને ગોવિંદનો હાથ સ્વામીના હાથમાં મેલીને કહ્યું, ‘‘સ્વામી! આ છોકરાનો હાથ હવે તમારે ઝાલવાનો છે.’’

સ્વામીએ ગોવિંદનો હાથ પકડીને કહ્યું, ‘‘દેવરાજ બાપા ! આ છોકરો તો અમારો જ છે. મહારાજે એમને મોટાં કાર્ય માટે મોકલ્યો છે. આ છોકરો માયાના બંધનોમાં બંધાઈ રહેવા માટે આવ્યો નથી. આ છોકરો તો અનેકને માયાજાળમાંથી મુક્ત કરવા આવ્યો છે.’’

બસ, આ રીતે એક મહાન સદ્‌ગુરુની દૃષ્ટિ ગોવિંદ ઉપર પડી ગઈ અને એના અંતરમાં સાધુતાના અંકુરો ફૂટી નીકળ્યા.

ગોવિંદનો ગૃહત્યાગ

વાંકિયામાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ દેવરાજ બાપાની વિનંતીથી નાનકડું ધૂળીયું મંદિર કરાવ્યું હતું.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી એ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવી રહ્યા હતા.

મંદિરના આ નિર્માણકાર્યમાં ગામના હરિભક્તો ભારે ઉત્સાહથી સેવા કરી રહ્યા હતા. ગરવો ગોવિંદ આ સેવામાં પાછો કેમ પડે ? એ દોડી દોડીને મંદિરમાં સેવા કરતો હતો. આ સેવાયોગને લીધે એને સ્વામી અને સંતોનું સાનિધ્ય પ્રાપ્ત થતું હતું. ગોવિંદના મનમાં હવે થયા કરતું હતું કે, ‘આવા ભગવાન જેવા સાધુની સાથે મને કાયમ રહેવા મળે તો સારું.’

હવે એનું શરીર સંસારમાં હતું, પરંતુ મન સ્વામી જેવા પવિત્ર સંત સાથે બંધાઈ ચૂક્યું હતું.

બાલમુકુંદદાસજી સ્વામી પણ ગોવિંદની મુમુક્ષુતા જોઈને એના ઉપર ખૂબ જ રાજી હતા.

જોગી જેમ ધૂણીમાં લાકડાં સંકોરી ધૂણી ધખતી રાખે, એમ દેવરાજ બાપા ઠુમ્મર ગોવિંદના મનમાં પ્રજ્વલિત વૈરાગ્યના અગ્નિને સતેજ રાખતા હતા.

સ્વામી થોડો સમય વાંકિયા રોકાઈને જૂનાગઢ પધાર્યા.

આ બાજુ ગોવિંદને સંતોના સહવાસ વગર ચેન પડતું નહોતું.

એક દિવસ ગોવિંદે કોઈને પૂછ્યા સિવાય જૂનાગઢનો મારગ લીધો અને સીધો સ્વામી પાસે પહોંચી ગયો.

જૂનાગઢમાં રાધારમણદેવનાં દર્શન કરી ગોવિંદ સ્વામીને દંડવત્ કરવા લાગ્યો.

આમ અચાનક ગોવિંદને આવેલો જોઈને સ્વામીએ પૂછ્યું, “એલા, ગોવિંદ ! આમ અચાનક ક્યાંથી ?”

ગોવિંદે કહ્યું, “સ્વામી ! મારાથી તમારા દર્શન વિના રહેવાયું નહિ, એટલે આવ્યો છું.” સ્વામીએ પૂછ્યું, “પણ ઘરે કોઈને પૂછીને આવ્યો છો કે એમને એમ ?” ગોવિંદે કહ્યું, “સ્વામી ! પૂછવા જાઉં તો પાધરું પડે એમ નહોતું, એટલે ઘરે કોઈને કહ્યા સિવાય ભાગીને આવ્યો છું.”

સ્વામી ગોવિંદના વૈરાગ્યનો વેગ જોઈને રાજી થયા.

આ બાજુ વાંકિયામાં ગોવિંદના પરિવારજનો દ્વારા ગોવિંદની શોધખોળ ચાલી.

ખબર પડ્યા કે ગોવિંદ જૂનાગઢ છે, એટલે એમના બાપા માવજીભાઈ અને બે-ચાર કુટુંબીઓ જૂનાગઢ પહોંચ્યા અને ગોવિંદને ઘરે તેડી ગયા.

થોડા સમય પછી ગોવિંદ પાછો ઘરેથી ભાગ્યો અને જૂનાગઢ પહોંચ્યો.

એમના કુટુંબીઓ પાછા એમને ઘરે તેડી લાવ્યા.

ગોવિંદની ભાગાભાગી ઉપરાઉપરી ચાલુ રહી, સામે સગાં-વ્હાલાંઓની ઉપાધિઓ પણ વધતી રહી. આખરે કુટુંબીઓ કંટાળી ગયા અને ગોવિંદ પાછળ દોડવાનું બંધ કર્યું. ઘરની ઉપાધિ થોડી શાંત થઈ, એટલે સ્વામી બાલમુકુંદદાસજીએ ગોવિંદને પાર્ષદ તરીકે પોતાના મંડળમાં રાખ્યા.

આમ ગોવિંદે ત્યાગી જીવનનું પહેલું સોપાન સર કર્યું. તેઓ હવે ગોવિંદ મટીને ‘ગોવિંદ ભગત’ બન્યા.

ગોવિંદમાંથી ગોપીનાથદાસજી

પાર્ષદ ગોવિંદ ભગત મંદિરની વિવિધ સેવા-પ્રવૃત્તિઓમાં શ્રદ્ધાપૂર્વક ભાગ લેતા. ગૌશાળામાં ગાયોની સેવા કરતા, છાણાં થાપતાં તેમજ સંતોની આજ્ઞા પ્રમાણે જીવન સેવામય બનાવતા.

બાલમુકુંદદાસજી સ્વામીએ સંવત્ ૧૯૩૪ની સાલમાં વડતાલ ધામનાં તત્કાલીન આચાર્ય મહારાજ શ્રી ભગવત્‌પ્રસાદજી મહારાજ પાસે ગોવિંદને ભાગવતી દીક્ષા અપાવી અને ગોવિંદ સાધુ ગોપીનાથદાસજી બન્યા.

સદ્‌ગુરુ સંતોએ નવા સાધુને સાધુજીવનની રીતિ-નીતિ સમજાવી. ગોપીનાથદાસજી સ્વામી પણ સંપૂર્ણ રીતે સાધુજીવનની શિક્ષા દીક્ષા ગ્રહણ કરવા લાગ્યા. સદ્‌ગુરુ સ્વામી બાલમુંકુંદદાસજીના શિષ્ય મંડળમાં સાક્ષાત્ ધર્મમૂર્તિ સંત

સ્વામી ધર્મસ્વરુપદાસજી હતા.

સ્વામી અત્યંત ભલાભોળા અને ભજનિક સંત હતા. એમની સેવા કરે અને એમના વતી વ્યવહારને સંભાળે એવા એક પ્રતિભાસંપન્ન શિષ્યની સ્વામીને ખાસ જરૂર હતી, તેથી સદ્‌ગુરુ સ્વામી બાલમુકુંદદાસજીએ સાધુ ગોપીનાથદાસજીને એમની સેવામાં રહેવાની આજ્ઞા કરી હતી . સદ્‌ગુરુના વચનને મસ્તક ઉપર ચડાવી સાધુ ગોપીનાથદાસજી સદ્‌ગુરુ સ્વામી ધર્મસ્વરુપદાસજી સાથે શિષ્યભાવે રહ્યા.

શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રવર્તાવેલ સાધુજીવનની રીત પ્રમાણે નવા સાધુને કેળવવા મોટા સંતો હમેશા આગ્રહ સેવતા. પોતે પણ પોતાના જીવન દ્વારા નવા મુમુક્ષુઓને ઉદાહરણ પૂરા પાડતા.

જૂનાગઢમાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની સંત પરંપરામાં આ જીવનરીતી ખૂબ જોવા મળતી. નાના સાધુ ગોપીનાથદાસજી મંદિરની સેવા -પ્રવૃત્તિમાં ઉત્સાહથી ભાગ લેતા અને નવી નવી સેવાઓ શીખતા.

સેવા કરતા કરતા કીર્તનો કંઠસ્થ કરતા, પ્રકરણોના ઢાળ શીખતા અને ધ્યાન, માનસીપૂજાના સમયે મંદિરમાં દેવોની સમક્ષ બેસીને ભજન કરતા. તેઓ શ્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે ભગવાનની સેવા-ભક્તિ વિના એક ક્ષણ પણ વ્યર્થ જવા ન દેતા. સાધુ ગોપીનાથદાસજીની સ્મૃતિશક્તિ તીવ્ર હતી. એમનો કંઠ ઘેરો અને મધુર હતો. તેઓ કીર્તનો ગાય ત્યારે સ્વામી બાલમુકુંદદાસજી સહિત સર્વે સંતો-હરિભક્તો સાંભળવા તત્પર બની જતા. સાધુ ગોપીનાથદાસજીએ નિર્માનીભાવે રહી સેવા-ભજન સાથે ઘણાં કીર્તનો અને પ્રકરણો કંઠસ્થ કર્યાં હતાં.

સાથે સાથે સંપ્રદાયનાં ગ્રન્થો વચનામૃત, ભક્તચિંતામણી, નિષ્કુળાનંદ કાવ્ય, ગુણાતીતાનંદ સ્વામીની વાતો વગેરે ગ્રંથોનું સભામાં વાચન અને ગાન કરતા ત્યારે સૌ સંતો ખૂબ જ પ્રભાવિત થતા અને અંતરનાં આશીર્વાદ આપતા. આ રીતે સાધુજીવન સાથે સેવા-ભજન-ભક્તિસભર જીવન અપનાવીને સાધુ ગોપીનાથદાસજી સ્વામી સૌના કૃપાપાત્ર બન્યા.

સંસ્કૃતનો વિદ્યાભ્યાસ

સત્સંગમાં સંત-પાર્ષદ તરીકે પ્રવેશ પામેલા નવા સાધુમાં મુમુક્ષુતા હોય. આ સમયે સદ્‌ગુરુ તેમની સંભાળ લે તો એની સાધુતા ખીલી ઉઠે છે.

સ્વામી બાલમુકુંદદાસજીના સાન્નિધ્યમાં નાના સાધુ ગોપીનાથદાસજીની સાધુતા વસંતની જેમ મ્હોરી રહી હતી. આ નાના શ્રદ્ધાવાન સાધુનું ચોખ્ખું વાચન, મીઠી

વાણી અને ઉત્સાહને કારણે મોટા સંતો ખૂબ રાજી થતા.

નાના સાધુ ગોપીનાથદાસજીએ ઘણાં કીર્તનો અને પ્રકરણો કંઠસ્થ કર્યા હતાં. કંઠસ્થ કીર્તનો અને પ્રકરણોનું તેઓ મધુરા સ્વરે ગાન કરતા અને સેવામાં જોડાઇ જતા. નિત્ય નવું શીખવાની ધગશ ધરાવતા.

આ સંતની શ્રદ્ધા-ભક્તિ નિહાળીને સ્વામી બાલમુકુંદદાસજીએ તેમને વિદ્યાભ્યાસ કરાવવાનો સંકલ્પ થયો.

સ્વામી બાલમુકુંદદાસજીએ પોતાના શિષ્ય શાસ્ત્રી ધર્મતનયદાસજી સ્વામીને આ નાના સાધુ ગોપીનાથદાસજીને સંસ્કૃત ભણાવવા ખાસ ભલામણ કરી.

શાસ્ત્રી ધર્મતનયદાસજી સ્વામી એ સમયમાં એક સારા અગ્રગણ્ય વિદ્વાન સંત હતા. નાના સાધુની તેજસ્વી પ્રતિભા નિહાળી તેઓ ખૂબ રાજી થયા.

આવી ઉત્તમ લાયકાત ધરાવતા સાધુને ગુરુની આજ્ઞા મુજબ ખૂબ જ ઉત્સાહથી સંસ્કૃતના પાઠ આપવા લાગ્યા. શાસ્ત્રી સ્વામી ધર્મતનયદાસજી જે જે પાઠ આપે તેને ગોપીનાથદાસજી તરત તૈયાર કરી દેતા. તેમની મેધાવી પ્રતિભાથી શાસ્ત્રી ધર્મતનયદાસજી ખૂબ જ પ્રસન્ન થતા.

આ રીતે ઘણા ટૂંકા સમયમાં ગોપીનાથદાસજી સ્વામીએ વ્યાકરણ, પંચકાવ્યો, શ્રીમદ્ ભાગવત અને ગીતાભાષ્ય જેવા શાસ્ત્રોનો અભ્યાસ કરીને કથા કરવાનો પ્રારંભ કર્યો. સાધુ ગોપીનાથદાસજી સ્વામીએ જૂનાગઢ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા નિર્માણ પામેલી ધર્મશાળામાં સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીના સાન્નિધ્યમાં પ્રથમ કથા કરી ત્યારે બધા ખૂબ જ રાજી થયા.

સ્વામીજીની સુમધુર કથાશૈલી અને વાક્‌ચાતુર્યથી મોટા મોટા સદ્‌ગુરુઓ સહિત સૌ ભક્તજનો પ્રભાવિત થતા. ધીરે ધીરે જૂનાગઢ સત્સંગમાં તેઓ એક પ્રસિદ્ધ વિદ્વાન સંત અને કથાકાર પુરાણી તરીકે પ્રસિદ્ધ થયા. હવે સૌ કોઈ તેમને પુરાણી સ્વામી ગોપીનાથદાસજી તરીકે ઓળખવા લાગ્યા.

સત્સંગ સમાજમાં ઉત્તમ જીવન જીવનારા સંત કથાકારોની કાયમ માગ રહી છે. પુરાણી સ્વામી ગોપીનાથદાસજીની બહુમુખી પ્રતિભા, સંતજીવન અને કથાકાર તરીકેની છાપ સમગ્ર સત્સંગમાં ફેલાવા લાગી.

વિશેષ અભ્યાસ વડતાલમાં

ઉત્તમ કથાકાર તરીકે પ્રસિદ્ધિ પામ્યા પછી પણ પુરાણી સ્વામી ગોપીનાથદાસજીને પોતાની ઉણપો અનુભવાતી હતી. સંસ્કૃતમાં નિત્ય નવું જ્ઞાન પ્રાપ્ત

કરવાની અભિરુચિ પણ વધતી જતી હતી. પોતાના ગુરુ સ્વામી ધર્મસ્વરુપદાસજી સ્વામી અને સ્વામી બાલમુકુંદદાસજી સ્વામીની આજ્ઞા મેળવીને તેઓશ્રી રાજકોટના વિદ્વાન પંડિત જીવરામ શાસ્ત્રી પાસે સંસ્કૃતનો અભ્યાસ કરવા લાગ્યા.

શાસ્ત્રજ્ઞાનમાં જીજ્ઞાસુ જેમ જેમ ઊંડા ઊતરતા જાય તેમ તેમ એમને નવા નવા અણમૂલા રત્નો પ્રાપ્ત થતા જાય છે. પુરાણી સ્વામી પણ શાસ્ત્રોના આ રત્નોને પરખવા લાગ્યા હતા.

પુરાણી સ્વામીના અંતરમાં વેદાંત શાસ્ત્રનો વિશેષ તલસ્પર્શી અભ્યાસ કરવાની તાલાવેલી લાગી હતી. તેઓ આ જ્ઞાન પિપાસાને સંતોષવા વડતાલ પધાર્યા.

સદ્‌ગુરુઓનો રાજીપો, સત્સંગની સેવા કરવાની તમન્ના અને જ્ઞાન પ્રાપ્તિની ઉત્સુકતાથી ભરેલા આ સંતે વડતાલમાં સંતોની સેવા, જ્ઞાન સાધના અને કથાવાર્તાનો યજ્ઞ આરંભ્યો. એ સમયમાં વરતાલ ગાદીસ્થાને આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ બિરાજતા હતા. મહારાજશ્રી સ્વયં વિદ્યાના ઉપાસક અને સારા અભ્યાસુ હતા. સંપ્રદાયના સંતો સંસ્કૃત અભ્યાસ કરીને સારા વિદ્વાન કથાકાર બને, એવી એમની અભિલાષા સદાય રહેતી.

તેઓશ્રીએ વડતાલ ધામમાં સંસ્કૃત પાઠશાળાની સ્થાપના કરેલી. શ્રીજી મહારાજની આજ્ઞા મુજબ તેઓશ્રી આ પાઠશાળામાં વિદ્વાન પંડિતોને રાખીને સદ્‌વિદ્યા પ્રવર્તનની પુણ્ય પ્રવૃત્તિ કરાવતા હતા.

પુરાણી સ્વામી ગોપીનાથદાસજી વડતાલ આવ્યા અને આ સંસ્કૃત પાઠશાળામાં પ્રવેશ મેળવીને વિશિષ્ટાદ્વૈત વેદાંતનો અભ્યાસ કરવા લાગ્યા. આચાર્ય શ્રી દ્વારા ભણનારા સંતોને ખૂબ જ પ્રેરણા અને પ્રોત્સાહન મળ્યા કરતું. સંતોને ભણવા માટે તમામ જરૂરિયાતો આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સરસ રીતે પૂરી પાડવામાં આવતી. વડતાલ સંસ્કૃત પાઠશાળામાં એ સમયે ૬૦ જેટલા સંતો સંસ્કૃતનો અભ્યાસ ઉત્સાહથી કરતા હતા. આ બધા સંતોમાં પુરાણી ગોપીનાથદાસજી વિદ્યાભ્યાસમાં અગ્રેસર રહેતા. તેમની ગ્રહણશક્તિ, શ્રદ્ધા, તત્પરતા અને સાધુજીવનથી સહપાઠી સંતો પણ પ્રભાવિત થતા અને ભણાવનારા પંડિતજી પણ આ સંત ઉપર ખૂબ જ પ્રસન્ન રહેતા.

નંદ સંતોની સેવા અને આશીર્વાદ

પુરાણી સ્વામીએ વિક્રમ સંવત્ ૧૯૩૯થી ૧૯૪૫ સુધી વડતાલમાં રહીને વિદ્યાભ્યાસ કર્યો હતો. આ સમય દરમ્યાન વડતાલ ધામ ખાતે આશરે પાંત્રીસ

જેટલા શ્રીજી સમકાલીન નંદ સંતો હતા. આ નંદ સંતોનો મહિમા સૌના અંતરમાં અદકેરો રહેતો.

પુરાણી ગોપીનાથદાસજી સ્વામીએ આ નંદ સંતોની સેવા કરવાની સોનેરી તક ઝડપી લીધી. તેઓ શાસ્ત્રઅભ્યાસ સાથે સેવાની શ્રદ્ધા પણ ખૂબ જ ધરાવતા. તેઓ વહેલી સવારે પોતાની દેહક્રિયા તેમજ પૂજાપાઠથી પરવારીને વયોવૃદ્ધ નંદ સંતોની સેવામાં લાગી જતા.

પુરાણી સ્વામીનું શરીર પૂર્વાશ્રમમાં ખેતીકામ કરવાથી ખૂબ જ કસાયેલું અને ખડતલ હતું, તેથી તેઓ સેવામાં થાકતા નહીં.

વૃદ્ધ સંતો માટે કૂવામાંથી પાણી સીંચવું, સંતોને સ્નાન કરાવવું, એમના ધોતીયાં ધોઈ આપવાં અને તેમના આસને સફાઈ કરવી વગેરે સેવાઓ પુરાણી સ્વામી ભારે ઉત્સાહથી કરતા અને ધન્યતા અનુભવતા.

સેવા કરતા કરતા તેઓ કંઠસ્થ કીર્તનોનું ગાન અને પ્રકરણોનું ગાન કરીને નંદ સંતો તેમ જ અન્ય સંતોને ખૂબ જ રાજી કરતા.

આ અરસામાં શ્રીજી મહારાજના કૃપાપાત્ર સંતવર્ય અદ્‌ભૂતાનંદ સ્વામી હયાત હતા અને લગભગ ૧૦૦ વર્ષની ઉંમરે પહોંચ્યા હતા. કોઈ વિમુખ માણસે એમને હળાહળ ઝેર આપેલું. શ્રીજીની કૃપાથી આ સંત એ હળાહળ ઝેર પચાવી ગયેલા. પરંતુ વૃદ્ધાવસ્થામાં આ ઝેરની અસરથી શરીર કળતર અને પીડા અનુભવતું. શ્રદ્ધાવાન યુવાન સંતો આ મહાન સંતની સેવામાં તત્પર રહેતા. તેઓ સ્વામીના શરીરને દાબતા, પગચંપી કરતા.

એક દિવસ અદ્‌ભૂતાનંદ સ્વામીને શરીરમાં વધારે કળતર હતી. પુરાણી ગોપીનાથદાસજી સ્વામી શરીર દાબી રહ્યા હતા. પુરાણી સ્વામીને દાબતા સરસ આવડતું તેથી અદ્‌ભૂતાનંદ સ્વામીને ગાઢ નિદ્રા આવી ગઈ.

શ્રદ્ધાળુ પુરાણી સ્વામીએ દાબવાનું ચાલુ રાખ્યું. સ્વામી આખી રાત ઘસઘસાટ ઊંઘી ગયા અને આ શ્રદ્ધાળુ સંત આખી રાત એમનું શરીર દાબતા રહ્યા. કેટલો મહિમા અને અપાર શ્રદ્ધા હશે ?

આ રીતે રાત પૂરી થતાં વહેલી સવારે ચાર વાગ્યે મંદિરના ચોઘડિયા વાગવા લાગ્યા. ચોઘડિયા સાંભળીને અદ્‌ભૂતાનંદ સ્વામી જાગૃત થયા.

પુરાણી સ્વામીને આ રીતે આખી રાત સેવા કરતા જોઈને અતિ કરુણાથી અને સ્નેહભાવથી અદ્‌ભૂતાનંદ સ્વામીએ પુરાણી સ્વામીના મસ્તક ઉપર પોતાનાં બન્ને હાથ મૂકી દીધા.

આ રીતે અંતરના આશીર્વાદ વરસાવતા અદ્‌ભૂતાનંદ સ્વામી બોલી ઊઠ્યા, 'પુરાણી ! તું તમામ વિદ્યામાં પારંગત થઈશ અને વિદ્વાનોમાં તારું સ્થાન હમેશા આગળ રહેશે. સત્સંગ સેવાનો તું યશભાગી બનીશ અને અંતકાળે શ્રીજી મહારાજ તને અગાઉથી દર્શન આપીને ધામમાં તેડી જશે.'

શ્રીજીના કૃપાપાત્ર સંતવર્યનો રાજીપો અને આવા આશીર્વાદ પામીને પુરાણી સ્વામી તો ભાવવિભોર બની ગયા.

આ રીતે પુરાણી સ્વામીના વિદ્યાના ઓજસમાં એક મહાન સંતના આશીર્વાદ ભળ્યા તેથી તેમની સાધુતાયુક્ત વિદ્વત્તા સોળે કળાએ ખીલી ઊઠી.

આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ ભણનારા સંતોને પ્રોત્સાહન આપવાના શુભ હેતુથી પોતાના નિવાસસ્થાને બોલાવીને પરસ્પર જ્ઞાનચર્ચા કરાવતા. મહારાજશ્રી પોતે સંતોને પ્રશ્નો પૂછતા અને સંતોની બુદ્ધિ પ્રતિભાની પરીક્ષા કરતા. પુરાણી સ્વામી ગોપીનાથદાસજી આ પ્રકારની સભામાં ઉત્સાહથી ભાગ લેતા અને શાસ્ત્રોના પ્રમાણો આપીને પ્રશ્નોના ઉત્તર આપતા.

આચાર્ય મહારાજશ્રી આ સંતની બુદ્ધિપ્રતિભા અને પ્રશ્નોત્તર કરવાની આગવી સૂઝબૂઝથી પ્રભાવિત થતા અને ઘણીવાર બોલી ઊઠતા કે, 'જૂનાગઢના બાલમુકુંદદાસજી સ્વામીના કૃપાપાત્ર શિષ્ય આવા બળીયા જ હોય ને !!'

વડોદરાની સભામાં

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના પ્રતાપથી જ્યાં ખૂબ જ સારો સત્સંગ ફેલાયો એવા વડોદરાના સત્સંગીઓના ભાવભર્યા આમંત્રણથી આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ વડોદરા પધાર્યા.

વડોદરા રાજ્ય તરફથી મહારાજશ્રીનું રાજસન્માન સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. મહારાજશ્રી હાથી ઉપર બિરાજ્યા. બીજા સંતો વિવિધ વાહનોમાં બિરાજ્યા. ભવ્ય શોભાયાત્રા નીકળી. નગરના માર્ગો પરથી પસાર થતી આ શોભાયાત્રાએ રાજદરબાર પ્રતિ પ્રયાણ કર્યું.

વડોદરા નરેશ મહારાજા સયાજીરાવે આચાર્યશ્રી અને સંતોની પોતાની કચેરીમાં પધરામણી કરાવી ભાવથી પૂજન-અર્ચન કર્યું. ત્યારબાદ મહારાજશ્રી અને સંતો સ્વામિનારાયણ મંદિરે પધાર્યા. દેવદર્શન કરીને સૌએ મંદિરમાં ઊતારા કર્યા. બીજા દિવસે વડોદરા સ્વામિનારાયણ મંદિરના વિશાળ પ્રાંગણમાં સભાની તૈયારી કરવામાં આવી. આ સભામાં આચાર્ય મહારાજશ્રી અને સયાજીરાવ મહારાજ પણ

પધાર્યા. સંતો, હરિભક્તો, વિદ્વાનો, દરબારીઓ અને આમજનતા પોતાનાં આસને બિરાજમાન થયા. આ સભામાં વિદ્વાનો અને સંતોના સત્સંગ પ્રવચનોનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવેલો હતો. જેમાં મહારાજા સયાજીરાવ અર્ધો કલાક બેસવાના હતા. મહારાજા પધાર્યા એટલે તરત જ વિદ્વાનોના પ્રવચનો શરૂ થયા.

આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે છોટી કાશી ગણાતા વડોદરાની આ દિવ્ય સભામાં પુરાણી સ્વામી ગોપીનાથદાસજીને પ્રવચન કરવા માટે આજ્ઞા કરી.

આ સમયે મહારાજા સયાજીરાવનો સભામાંથી ઊઠવાનો સમય થઈ ગયો હતો, પરંતુ પુરાણી સ્વામીની ધીર ગંભીર ગંગાપ્રવાહ સમાન સુમધુર વાણીનો પ્રારંભ થતાં જ મહારાજા થોડીવાર રોકાયા.

પુરાણી સ્વામીએ શિક્ષાપત્રી ભાષ્યના આધારે રાજાના ધર્મોની છણાવટ શરુ કરી એટલે સયાજીરાવ મહારાજાને વધુ રસ પડ્યો. રાજ દરબારીઓ અને સભાસદો પુરાણી સ્વામીના કથાપ્રવચનથી ભારે પ્રભાવિત થયા અને એકાગ્ર ચિત્તે શ્રવણ કરવા લાગ્યા.

પુરાણી સ્વામીનું પ્રભાવશાળી પ્રૌઢ શરીર, તેજસ્વી મુખારવિંદ, પ્રતાપી નેત્રો અને મુખારવિંદમાંથી ધારાપ્રવાહરૂપે અસ્ખલિત વહેતી વાણીથી સભા મંત્રમુગ્ધ બની ગઈ. પુરાણી સ્વામી રાજનીતિ ઉપર વ્યાખ્યાન આપી રહ્યા હતા. એમણે સભામાં રાજના સામ, દામ, દંડ અને ભેદ એ ચાર ઉપાય તેમજ રાજાના ગુણ, સંધિ, વિગ્રહ, આસન, સંશય અને દ્વૈધિભાવ વગેરેનું શાસ્ત્રીય અને વ્યાવહારિક રીતે ઉપયોગી એવું નિરુપણ કર્યું કે એ વર્ણન સાંભળીને ખુદ સયાજીરાવ સરકાર પણ ભારે પ્રભાવિત થઈ ગયા.

પોતાને જવાનો સમય થઈ ગયો હતો તો પણ આવા પવિત્ર સંતના મુખેથી રાજ વ્યવસ્થાની માર્ગદર્શનરૂપ સૈદ્ધાંતિક વાતો સાંભળવા મહારાજા સયાજીરાવ બેસી રહ્યા. મહારાજાના સેવકે ઘડિયાળ બતાવી ઊઠવાનો સમય થઈ ગયો છે તેવો સંકેત કર્યો, પણ મહારાજાએ એ તરફ લક્ષ્ય ન આપ્યું અને સેવકને બેસી જવાનો ઈશારો કર્યો. પુરાણી સ્વામીનું શ્રીજી મહારાજના સિદ્ધાંતોને બિરદાવતું વ્યાખ્યાન પૂરું થયું ત્યારે આટલી નાની વયના વિદ્વાન સંતપુરુષને બિરદાવતા સ્વયં સયાજીરાવે ભારે પ્રશંસા કરી.

શ્રીમંત સયાજીરાવે ધીમે રહીને આચાર્ય મહારાજશ્રીને કહ્યું, “આ સંતની વાક્છટા અદ્‌ભૂત છે અને જ્ઞાન અગાધ છે. રાજનીતિ ઉપર આવું વ્યાખ્યાન મેં ક્યારેય સાંભળ્યું નથી. મને તો આ પ્રતાપી સંત કોઈ રાજબીજ લાગે છે.”

આચાર્ય મહારાજશ્રી પણ સ્વામીના પ્રવચનથી ખૂબ રાજી થયા અને પુરાણી સ્વામી ગોપીનાથદાસજીને અંતરના આશીર્વાદ આપ્યા.

આ રીતે પુરાણી સ્વામીએ વડતાલમાં સાત વર્ષ રહી સંસ્કૃત અભ્યાસ કર્યો. સાથે મોટા મોટા સદ્‌ગુરુઓની સેવા કરી એમનો રાજીપો મેળવ્યો. પ્રસંગોપાત આચાર્ય મહારાજશ્રી અને સત્સંગીઓનો પણ રાજીપો પ્રાપ્ત કર્યો.

વરતાલમાં વિદ્યાભ્યાસ પૂર્ણ કરી પુરાણી સ્વામી વિક્રમ સંવત્ ૧૯૪૪માં પુનઃ જુનાગઢ પધાર્યા, ત્યારે સદ્‌ગુરુ સ્વામી બાલમુકુંદદાસજી અને સ્વામી ધર્મસ્વરુપદાસજી વગેરે સંતો ખૂબ જ રાજી થયા.

શ્રીભાષ્યની પારાયણ

એક વખત પુરાણી સ્વામી ગોપીનાથદાસજીને એવો વિચાર આવ્યો કે જામનગર મહારાજ જામસાહેબ વિદ્વાનોનું સારું પોષણ અને સન્માન કરે છે. આ પશ્ચિમ ભારતના કાશી સમાન જામનગરમાં વિદ્વાનો, પંડિતો સાથે શાસ્ત્રચર્ચા કરી હોય તો સંપ્રદાયના સિદ્ધાંતોનો બહોળો પ્રચાર કરી શકાય.

આવો પવિત્ર વિચાર તેમણે સ્વામી બાલમુકુંદદાસજી અને પોતાના ગુરુ સ્વામી ધર્મસ્વરુપદાસજી સમક્ષ રજૂ કર્યો. બન્ને સદ્‌ગુરુઓએ રાજી થઈને આજ્ઞા આપી અને સાથે આશીર્વાદ પણ આપ્યા.

પુરાણી સ્વામી સંતમંડળ સાથે જામનગર પધાર્યા. વિદ્વાનો સાથે ચર્ચા-વિચારણા કરીને પુરાણી સ્વામીએ શ્રીભાષ્યની કથાનું આયોજન કર્યું. બધા વિદ્વાનોને કથાશ્રવણ કરવા પધારવાનું નિમંત્રણ આપ્યું.

શ્રીભાષ્યની કથાનો પ્રારંભ થયો. વિદ્વાન વિપ્રો કથાશ્રવણ કરવા આવ્યા. પુરાણી સ્વામી પોતાની વિદ્વત્તાપૂર્ણ રસાળ શૈલીમાં શ્રી રામાનુજાચાર્યકૃત શ્રીભાષ્યનું સરસ નિરૂપણ કરતા અને કથાશ્રવણ કરતા વિદ્વાનોના તર્ક શમી જતા. એટલું જ નહિ, પણ નવા અર્થો અને નવા વિચારો સાંભળીને પ્રભાવિત થતા.

જામનગર રાજ્યના ઉચ્ચ અધિકારીઓ પણ આ કથાની પ્રશંસા સાંભળીને કથાશ્રવણ કરવા આકર્ષાયા. આ બધા વિદ્વાનો અને રાજકારભારીઓ ઉપર તેમજ જામનગર રાજમાં પુરાણી સ્વામીની વિદ્વત્તા અને સ્વામિનારાયણ સંપ્રદાયની વૈદિકતા અને વિશાળતાની ભારે અસર પડી હતી.

પુરાણી સ્વામીની કથા કરવાની શૈલી ઘણી જ ઉત્તમ હતી. મોટા સંતોની કૃપા એમાં ભળેલી હતી તેથી એમના સ્વરનો રણકાર કંઈક જુદો જ હતો. વાણીમાં

મધુરતા ટપકતી. ખૂબ જ સહજભાવે સરળતાથી કથા-પ્રસંગોની એવી છણાવટ કરતા કે અન્ય કથાકારો પણ એમની આ શૈલી શ્રવણ કરવા નમ્ર બનીને સભામાં બેસી જતા. ઉપરાંત પુરાણી સ્વામીનું શરીર, કંઠ, સ્વર એવા બળવાન હતા કે ક્યારેય થાકતા નહિ.

વિશાળ સભા સમક્ષ પુરાણી સ્વામી જ્યારે કથાના પ્રસંગોનું નિરૂપણ કરતા હોય, ત્યારે એ પ્રસંગને શ્રોતાઓ સમક્ષ આબેહૂબ ખડો કરી દેતા. રમૂજી દૃષ્ટાંતો સાથે શ્રોતાજનોને પેટ પકડીને હસાવતા. દ્રૌપદી વસ્ત્રાહરણ જેવા પ્રસંગોનું ભાવપૂર્ણ વર્ણન કરતા ત્યારે શ્રોતાઓની આંખમાંથી અશ્રુ ટપકતાં અને પુરાણી સ્વામી સ્વયં ગળગળા થઈ જતા. એમની વાગ્ધારા એવી આકર્ષક હતી કે શ્રોતાજનો એ ભાવપ્રવાહમાં તણાઈ જતા અને સભામાં કેટલો સમય વ્યતીત થયો તેનું કોઈને ભાન રહેતું નહિ.

સ્વામીની વાતોમાં વચનામૃતનું રહસ્ય ભર્યું છે

પુરાણી સ્વામી વડતાલથી વિદ્યાભ્યાસ પૂર્ણ કરીને જૂનાગઢ પધાર્યા અને સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી તથા સદ્‌ગુરુ ધર્મસ્વરુપદાસજી સ્વામી જેવા મહાન ગુરુઓની સેવામાં જોડાયા.

સ્વામી ધર્મસ્વરુપદાસજી અત્યંત દયાળુ સંત હતા, સ્વભાવે શાંત હતા અને ગરીબ પ્રકૃતિના હતા.

તેઓ ગુણાતીતાનંદ સ્વામી સાથે રહેલા અને સ્વામીનો રાજીપો મેળવેલો.

સ્વામી ધર્મસ્વરુપદાસજી નિયમિત રીતે સ્વામીની વાતોનો પાઠ કરતા.

પુરાણી સ્વામી વડતાલથી ભણીને આવ્યા, વડતાલના વાતાવરણને લીધે એમને સ્વામીની વાતો પ્રત્યે થોડો અણગમો હતો.

સ્વામી ધર્મસ્વરુપદાસજી સ્વામીની વાતો વાંચે, એ એમને ગમતું નહિ.

એક દિવસ સ્વામી ધર્મસ્વરુપદાસજી પુરાણી સ્વામીને સાથે લઈ જામનગર વિસ્તારમાં વિચરણ કરી રહ્યા હતા. વિચરણ કરતાં કરતાં માટલી ગામે પધાર્યા.

માટલી ગામના એક પટેલે શેરડીનો વાઢ કર્યો હતો. એણે સંતોને વાડીએ શેરડી ખાવા પધારવા આગ્રહ કર્યો.

પુરાણી સ્વામી બે-ત્રણ સંતોને સાથે લઈને પટેલની વાડીએ પધાર્યા.

આ બાજુ સ્વામી ધર્મસ્વરુપદાસજી અને સ્વામી અક્ષરપ્રિયદાસજી સાથે મળીને સ્વામીની વાતો વાંચવા લાગ્યા અને આનંદથી જ્ઞાનચર્ચા કરવા લાગ્યા.

પુરાણી સ્વામી વાડીએથી પાછા પધાર્યા અને ગુરુને સ્વામીની વાતો વાંચતા જોયા, એટલે તેઓ થોડા અકળાઈ ઊઠ્યા અને બોલ્યા, “સ્વામી ! તમને ના પાડી છે, તોય તમે શું કામ આ વાતોનું પુસ્તક લઈને બેસો છો ?”

ગરીબ પ્રકૃતિના સ્વામી ધર્મસ્વરુપદાસજીએ એ જ વખતે સ્વામીની વાતોનું પુસ્તક પોટલામાં બાંધીને મૂકી દીધું.

આમને આમ સાંજનો સમય થયો. સંધ્યા-આરતી, નિયમ-ચેષ્ટા થયા.

રાત્રિના સમયે પુરાણી સ્વામી ગોપીનાથદાસજી પોતાની આદત પ્રમાણે વાંચવા-લખવાનું કાર્ય કરી રહ્યા હતા. અચાનક એમના અંતરની અંદર ઝીણી પીડાદાયક ટસ ફૂટી.

પુરાણી સ્વામીના મનમાં થયું, “મેં ભગવાન જેવા મારા ગુરુને અકળાઈને બે વેણ કહ્યાં, એ સારું ન થયું. આવા ભગવદીય ગુરુ કોચવાઈ જાય, એ સારું નહિ.”

“સ્વામી સ્વામીની વાતો વાંચે છે, એમાં શું છે એની મને ખબર નથી. કોઈ પણ ગ્રંથ વિષે સમજ્યા વગર કાંઈપણ કહેવું, તે ઠીક નથી. હું સ્વામીની વાતો વાંચી જોઉં અને એમાં શું છે ? એ જોઉં તો ખરો.”

આમ વિચારી પુરાણી સ્વામીએ પોટલામાં બાંધેલો વાતોનો ચોપડો કાઢ્યો અને વાંચવા લાગ્યા.

થોડી વાતો વાંચી તો એમને વાતો ખૂબ સારી લાગી.

હવે બન્યું એવું કે, પુરાણી સ્વામીને વાતો વાંચતા વાંચતા જ ઊંઘ આવી ગઈ, ચોપડાને છાતી ઉપર રાખી પુરાણી સ્વામી સૂઈ ગયા.

એવામાં અચાનક એમને સ્વપ્નમાં ગુણાતીતાનંદ સ્વામીના દિવ્ય દર્શન થયા. સ્વામીએ સ્વામી બાલમુકુંદદાસજી અને શાસ્ત્રી સ્વામી ધર્મતનયદાસજીના હાથ પકડ્યા હતા.

સ્વામી બાલમુકુંદદાસજીએ પુરાણી સ્વામીનો પગ દબાવી બોલ્યા, “પુરાણી ! ઊઠો, શું સૂતા છો ?”

પુરાણી સ્વામીની ઊંઘ ઊડી ગઈ તો ત્રણેય સદ્‌ગુરુઓને સામે પ્રત્યક્ષ જોયા.

સ્વામી બાલમુકુંદદાસજીએ કહ્યું, “પુરાણી ! તમે તમારા ગુરુ સ્વામી ધર્મસ્વરુપદાસજીની રુચિ શું છે તે જાણતા નથી ? તમે ગુણાતીત પરંપરાના સંત છો, એ ભૂલશો નહિ. સ્વામીની વાતોમાં તો વચનામૃતનું રહસ્ય ભર્યું છે. તમે ધર્મસ્વરુપદાસજીની આજ્ઞામાં રહેજો, એમને કોચવશો નહિ અને એમના જેવી રુચિ કેળવજો. એમના જેવો સાધુ મળવો મુશ્કેલ છે.”

આટલું કહી ત્રણેય સંતો અદશ્ય થઈ ગયા.

પુરાણી સ્વામીને ભારે પસ્તાવો થયો. તેઓ સવારે પૂજા-પાઠમાંથી પરવારી સ્વામી ધર્મસ્વરુપદાસજી પાસે આવ્યા અને નિષ્કપટભાવે પોતાની ભૂલ કબૂલી માફી માગી. સ્વામી ધર્મસ્વરુપદાસજીએ પુરાણી સ્વામીને માથે હાથ મેલ્યો. પુરાણી સ્વામી ગળગળા થઈ ગયા.

ત્યાર પછી સ્વામીની સાથે પુરાણી સ્વામી ગોંડલ પધાર્યા. શાસ્ત્રી સ્વામી ધર્મતનયદાસજીને પોતાના દિવ્ય અનુભવની બધી વાત કરી.

ત્યાર પછી પુરાણી સ્વામીએ સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીનો એકધારો છ મહિના સુધી સમાગમ કર્યો અને પોતાની સમજણની જે કચાશ હતી, તે ટાળી નાખી.

પારાયણોની પરંપરા

પુરાણી સ્વામીનું જ્ઞાન અગાધ સાગર જેવું હતું. સ્વામી પ્રખર પ્રતિભાસંપન્ન હોવાથી શ્રીભાષ્ય જેવા ગ્રંથો અને અઢારે અઢાર પુરાણના મર્મજ્ઞ હતા.

શાસ્ત્રોની ગહન વાતને પણ તેઓ સરળ અને રસાળ રીતે રજૂ કરતા, તેથી ગામડાના અભણ માણસોને પણ સ્વામીના મુખેથી કથાવાર્તા સાંભળવામાં ભારે આનંદ આવતો. પુરાણી સ્વામી ગોપીનાથદાસજી પ્રત્યે રાજકોટ સત્સંગસમાજને ખૂબ જ પ્રેમ અને આદરભાવ હતો. વિ. સં. ૧૯૩૭માં સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીની આજ્ઞાથી પુરાણી સ્વામી રાજકોટ ખાતે સંસ્કૃતનો ઉચ્ચ અભ્યાસ કરવા પધારેલા.

એ વખતે સ્વામી અહીંના દાણાપીઠ ખાતે જૂના મંદિરમાં એક વર્ષ સુધી રોકાયા હતા અને રાજકોટના વિદ્વાન શાસ્ત્રી જીવણરામજી પાસે સંસ્કૃતનો અભ્યાસ કર્યો હતો. આ સમય દરમ્યાન સ્વામીએ પોતાની યુવાનવયે રાજકોટ સત્સંગસમાજને એક વર્ષ સુધી કથાવાર્તાનો અલભ્ય લાભ આપ્યો હતો.

યુવાન ઉંમરના સ્વામીની સાધુતા અને વિદ્વત્તાથી રાજકોટનો સત્સંગસમાજ ભારે પ્રભાવિત થયો હતો.

વિ.સં. ૧૯૪૫માં ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર માવામુસા કંપનીવાળા માવજીબાપા તથા એમના દીકરાઓ લક્ષ્મણદાસ વગેરેએ સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીની દેખરેખ નીચે રાજકોટ ખાતે બહુ મોટો યજ્ઞ અને સત્સંગીજીવનની પારાયણ કરાવી હતી.

આ પ્રસંગે સંપ્રદાયના બન્ને ગાદીના આચાર્યશ્રીઓ વડતાલથી આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ અને અમદાવાદથી આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજ પૂરા પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ ખાતેના આ સમૈયામાં આ પરિવારે એ જમાનામાં આશરે રૂા. ૪૫,૦૦૦/- નો ખર્ચ કર્યો હતો.

આ પ્રસંગે સત્સંગીજીવન પારાયણના વક્તા તરીકે સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીના બે કૃપાપાત્ર શિષ્યો શાસ્ત્રી સ્વામી ધર્મતનયદાસજી અને પુરાણી સ્વામી ગોપીનાથદાસજી સ્વામીએ વ્યાસાસને બિરાજીને કથામૃતનું રસપાન કરાવ્યુ હતું.

આ પારાયણના પ્રસંગથી પુરાણી સ્વામી સંપ્રદાયના વિદ્વાન સંત તરીકે પ્રસિદ્ધ થયા હતા.

વડતાલ, જૂનાગઢ, ગઢપુર અને અમદાવાદ દેશના સંત સમુદાયમાં પુરાણી સ્વામીની વિદ્વત્તાનો અને સાધુતાનો ભારે આદર હતો.

સૌરાષ્ટ્રના હૃદય સમાન ગણાતું રાજકોટ સત્સંગના સુદૃઢ ગઢ સમાન હતું. રાજકોટનો સત્સંગ સમજણ અને સમૃદ્ધિ બન્નેથી ભરપુર હતો અને અહીંથી પૂરાયે સંપ્રદાયની સારી એવી સેવા થતી હતી.

રાજકોટમાં અનેક મહાન એકાંતિક ભક્તો રહેતા હતા.

માવા-મુસા પરિવાર ઉપરાંત પીતાંબર સવા, નારાયણ સવા, મેઘજી વાલા, પિતાંબર ડોસા, કાનજીભગત, જટાશંકર માવજી, કામદાર અમૃતલાલભાઈ, રાજારામ માસ્તર વગેરે અનેક મહાન ભક્તો સત્સંગ સમાજના સ્તંભ સમાન હતા.

આ બધા ભક્તજનો પુરાણી સ્વામીનો સમાગમ કરવા માટે સદૈવ આતુર રહેતા. તેથી પુરાણી સ્વામીને અવારનવાર રાજકોટ આવવાનું થતું.

રાજકોટના સત્સંગસમાજને સુદૃઢ કરવામાં પુરાણી સ્વામીનું મહત્વપૂર્ણ યોગદાન હતું.

પુરાણી સ્વામીની રસાળ કથાશૈલીથી શેઠ લક્ષ્મણદાસ ખૂબ જ પ્રભાવિત થયા હતા. દક્ષિણ ભારતમાં તેઓના કોન્ટ્રાક્ટના કામકાજ ચાલતા હતા. તેથી લક્ષ્મણદાસભાઈ પુરાણી સ્વામીને મદ્રાસ, પામીડી અને બોડીનાયકનુર વગેરે સ્થળોએ લઈ ગયા હતા અને ચાર ચાર મહિના સુધી કથાવાર્તાનો લાભ અપાવ્યો હતો. પરિણામે દક્ષિણ ભારતમાં સત્સંગીઓને ભારે બળ મળ્યું હતું.

પુરાણી સ્વામી કથાઓ કરતા પણ ભારે નિઃસ્પૃહી રહીને કરતા. એમને માટે વ્યક્તિગત રીતે તો ધનસંપત્તિ સંગ્રહ કરવાનું આવતું જ નહોતું, પરંતુ કથાપારાયણ

અંગે જે કંઈ સેવાઓ થતી તે જૂનાગઢ મંદિરની દેવસેવામાં વપરાવી નાખતા. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ રચેલાં કીર્તનોનું સંશોધન કરાવીને પુરાણી સ્વામીએ લક્ષ્મણદાસ શેઠની મદદથી આ કીર્તનોનું પુસ્તક પ્રકાશિત કરાવ્યું અને સંતોને આ પુસ્તકો ભેટ અપાવ્યાં હતાં.

પુરાણી સ્વામીની આ નિઃસ્પૃહીતાને લીધે તેઓ સંત સમુદાયમાં ભારે આદર પામ્યા હતા અને પ્રેરણારૂપ બન્યા હતા.

શ્રીજી મહારાજે સાધુઓ માટે બાંધેલી પંચવર્તમાનની મર્યાદામાં તેઓ સારધાર હતા. મુંબઈના સત્સંગસમાજને પુરાણી સ્વામીના મુખારવિંદથી કથા સાંભળવાની ભારે પ્યાસ રહેતી. તેથી સ્વામીને સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીની સાથે અવારનવાર કથાપારાયણ માટે મુંબઈ પધારવાનું થતું.

મુંબઈમાં સત્સંગસમાજના મૂળ મજબૂત કરવામાં અને ભૂલેશ્વર સ્વામિનારાયણ મંદિરના નિર્માણમાં પુરાણી સ્વામીનું યોગદાન મહત્ત્વપૂર્ણ રહ્યું છે, જેની વિશેષ વાત બાલમુકુંદદાસજી સ્વામીના જીવનચરિત્રમાં આલેખાયેલી છે.

શ્રીહરિનો સાક્ષાત્કાર

સંવત્ ૧૯૫૮ની સાલમાં પુરાણી સ્વામી ગોપીનાથદાસજી ઉપલેટા ગામ પધાર્યા હતા.

આ વિસ્તારમાં આહીર સમાજ તેમજ પટેલિયાઓનો સત્સંગ ખૂબ જ સારો હતો. સહુ હરિભક્તોના અંતરમાં પુરાણી સ્વામીના મુખારવિંદથી કથાવાર્તાનો લાભ લેવાની ખૂબ ઈચ્છા હતી. તેથી હરિભક્તોએ આગ્રહ કરીને પુરાણી સ્વામીને ત્રણ મહિના સુધી રોક્યા હતા.

પુરાણી સ્વામી પણ હરિભક્તોનો ભાવ જોઈને ઉપલેટા રોકાયા અને કથાવાર્તાનો ખૂબ જ લાભ આપ્યો.

એક દિવસ પુરાણી સ્વામી મંદિરમાં કથા કરી રહ્યા હતા. ભગવાનના સાક્ષાત્ દર્શન કરવા માટે ભક્તની કેવી તત્પરતા જોઈએ એ અંગે ભાવવાહી કથા સાંભળીને ઉપલેટા ગામની શાળાના પ્રિન્સિપાલ ભાઈશંકરભાઈએ જિજ્ઞાસાથી પુરાણી સ્વામીને પૂછ્યું, 'હે સ્વામી ! હું શું કરું તો ભગવાન મૂર્તિમાંથી પ્રગટ થઈને મને સાક્ષાત્ દર્શન આપે ?'

ભાઈશંકરભાઈની શ્રીહરિનાં પ્રગટ દર્શન માટેની આતુરતા સાંભળીને પુરાણી સ્વામી આંખો મીંચીને થોડા ઊંડા ઊતરી ગયા. સ્વામીના મનમાં થયું, આ ગૃહસ્થના

મનમાં શ્રીહરિનાં પ્રગટ દર્શનની કેટલી આતુરતા છે. જ્યારે હું તો સાધુ છું. મારે તો શ્રીહરિના દર્શનની પ્યાસ હોવી જ જોઈએ ! જ્યાં સુધી મને શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન ન થાય, ત્યાં સુધી મારાથી આ જિજ્ઞાસાનો યથાર્થ જવાબ કઈ રીતે આપી શકાય ?

પુરાણી સ્વામીએ ધીરે રહીને નેત્ર ખોલ્યાં અને ભાઈશંકરભાઈને કહ્યું, 'શ્રદ્ધા, વિશ્વાસ અને પ્રેમ હોય, તો શ્રીહરિ અવશ્ય દર્શન આપે છે, પરંતુ આ અંગેની ચર્ચા આપણે પછી કરીશું.'

ભાઈશંકરભાઈ જિજ્ઞાસા ભરેલા હૈયે ઘરે ગયા અને આતુરતાપૂર્વક ઉત્તરની પ્રતીક્ષા કરવા લાગ્યા.

આ બાજુ સ્વામીએ મોટા સંતો થકી સાંભળેલું કે, 'જો કોઈ ખરા દિલથી ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ શ્રીહરિનું અખંડ ભજન કરે તો મહારાજ એમને પ્રત્યક્ષ દર્શન આપે છે.' પુરાણી સ્વામીએ મોટા સંતોના વચનને પ્રયોગમાં મૂકી શ્રીહરિનો સાક્ષાત્કાર કરવાનો દૃઢ નિશ્ચય કર્યો.

સ્વામી નિર્જળા ઉપવાસ કરી મંદિરના નાનકડા એકાંત ઓરડામાં મહારાજની મૂર્તિ પધરાવી ધ્યાનસ્થ થયા અને શ્રીહરિનું અખંડ ભજન આરંભી દીધું.

સ્વામીએ મંડળનાં સંતોને કહી રાખ્યું હતું કે પોતે એક અનુષ્ઠાનમાં બેસે છે, તેથી કોઈએ એમને વિક્ષેપ કરવો નહીં.

ત્રણ દિવસ અને ત્રણ રાત્રિના બદલે માત્ર એક રાત્રિ પસાર થઈ, ત્યાં શ્રીહરિની કૃપાથી સ્વામીનો મનોરથ પૂર્ણ થયો.

બીજા દિવસની વહેલી સવારનો સમય હતો. ઓરડીમાં અજવાળાં પથરાયાં. અતિ અદ્‌ભૂત એવા શીતળ શાંત તેજના વાદળો ઘેરાયા. એ તેજમાં ભગવાન શ્રીહરિની કિશોર મૂર્તિ મંદ મંદ હસતી ઊભી હતી.

શ્રીહરિને સાક્ષાત્‌ સામે પ્રગટ થયેલા જોઈને પુરાણી સ્વામીના અંતરમાં અત્યંત આનંદ થયો. પુરાણી સ્વામીની સ્થિતિ ધ્રુવજી જેવી થઈ. એમનું હૃદય ગદ્‌ગદ્‌ થયું. આંખમાંથી અશ્રુધારાઓ વહેવા લાગી અને તેઓ મહારાજની સ્તુતિ કરવા લાગ્યા.

પુરાણી સ્વામી ગદ્‌ગદ્‌ કંઠે સ્તુતિ કરી રહ્યા હતા અને ભગવાન સ્વામિનારાયણ તેજોમય કિશોરમૂર્તિ રૂપે પુરાણી સ્વામીની સામે પ્રેમભરી દૃષ્ટિ કરતા કરતા મંદમંદ હસી રહ્યાં હતાં. પુરાણી સ્વામી થોડો સમય સુધી આ અદ્‌ભૂત દર્શન કરતા રહ્યા અને આખરે શ્રીહરિ અદૃશ્ય થયા.

આ રીતે શ્રીજી મહારાજના સાક્ષાત્કારથી પુરાણી સ્વામી ભારે ધન્યતા અનુભવવા લાગ્યા.

આ બાજુ મંડળનાં સર્વ સંતો પુરાણી સ્વામીની ચિંતા કરી રહ્યા હતા. સ્વામીની આજ્ઞા હોવાથી ઓરડીમાં વિક્ષેપ કરવાની કોઈની હિંમત ચાલતી નહોતી.

આખરે શ્રીહરિની દિવ્ય અનુભૂતિ પ્રાપ્ત કરી પુરાણી સ્વામીએ અનુષ્ઠાન પૂર્ણ કર્યું. શ્રીહરિના સાક્ષાત્કારને લીધે પુરાણી સ્વામીનું મુખારવિંદ અત્યંત દેદીપ્યમાન બની ગયું હતું. એમના રોમેરોમમાંથી શ્રીહરિની દિવ્ય અનુભૂતિનો આનંદ નીતરી રહ્યો હતો, જે દર્શન કરનારાઓના અંતરમાં અત્યંત આશ્ચર્ય પેદા કરતો હતો.

પુરાણી સ્વામીની તીવ્ર શ્રદ્ધા અને મહારાજની મૂર્તિમાં અપાર હેતને લીધે મોટા સંતોએ બતાવેલો પ્રયોગ ધાર્યા કરતા ટૂંક સમયમાં સફળ નીવડ્યો હતો.

સદ્‌ગુરુના વચને સાક્ષાત્કાર

આ બાજુ ભાઈશંકરભાઈના અંતરમાં શ્રીહરિના સાક્ષાત્કારની પ્યાસ ભારે બળવત્તર બની રહી હતી. એમના મનમાં થતું હતું કે, ‘સ્વામી મને સાક્ષાત્કારનો ઉપાય ક્યારે બતાવશે ?’

ભાઈશંકરભાઈને ખ્યાલ આવ્યો કે, સ્વામીનું અનુષ્ઠાન પૂર્ણ થયું છે એટલે તેઓ સ્વામી પાસે આવ્યા અને બે હાથ જોડી કહ્યું, ‘સ્વામી ! હવે કરૂણા કરીને મને જલ્દી શ્રીહરિના પ્રત્યક્ષ દર્શન કરવાનો ઉપાય બતાવો.’

પુરાણી સ્વામીએ કહ્યું, ‘ભાઈશંકર ! તમે શ્રદ્ધા અને પ્રેમથી ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ મહારાજનું ભજન કરો. મહારાજ તમને પ્રત્યક્ષ દર્શન આપશે.’

સદ્‌ગુરુના વચનમાં વિશ્વાસ રાખી ભાઈશંકરભાઈ પોતાને ઘેર ગયા અને એકાંત ઓરડામાં શ્રીહરિની મૂર્તિ પધરાવી, ઘીનો દીવો કરી, હાથમાં જપમાળા લઈ અને ‘સ્વામિનારાયણ’ મહામંત્રનું ભજન કરવા લાગ્યા.

સમય વીતવા લાગ્યો એમ એમ ભાઈશંકરભાઈનું ભજન ગહન થવા લાગ્યું. એમની શ્રદ્ધા ઉત્તરોત્તર વધવા લાગી. શ્રીહરિની મૂર્તિમાં એમની એકાગ્રતા વધવા લાગી. તેઓ ભજનમાં તલ્લીન બની ગયા. કોઈ હરિભક્તે પુરાણી સ્વામીને સમાચાર આપ્યા કે, ‘ભાઈશંકરભાઈ તો ભજનમાં ઊંડા ઊતરી ગયા છે.’

શિષ્યની ઉત્કૃષ્ટ શ્રદ્ધાની વાત સાંભળી પુરાણી સ્વામી અત્યંત રાજી થયા અને મહારાજને પ્રાર્થના કરી કે, ‘હે મહારાજ ! આપે મને દર્શન દઈને કૃતાર્થ કર્યો, એ જ રીતે ભાઈશંકરને પણ પ્રત્યક્ષ દર્શન દઈને કૃતાર્થ કરો.’

આ બાજુ ભજન કરતા કરતા ભાઈશંકરભાઈને ત્રણ દિવસને ત્રણ રાત્રી વીત્યા. ચોથા દિવસની વહેલી સવારે શ્રીહરિએ ભાઈશંકરભાઈને પ્રત્યક્ષ દર્શન દીધા. ભાઈશંકરભાઈ તો અત્યંત ભાવવિભોર બની શ્રીજી મહારાજને દંડવત્‌ પ્રણામ કરવા લાગ્યા. સ્વામિનારાયણ મહામંત્રનું અખંડ ભજન અને પુરાણી સ્વામી જેવા અનુભવસિદ્ધ સદ્‌ગુરુના આશીર્વાદથી ભાઈશંકરભાઈ કૃતાર્થ થઈ ગયા.

આ પ્રત્યક્ષ દર્શન સ્વપ્ન નથી, ભ્રમણા નથી પણ સત્ય છે એની ખાતરી કરાવવી હોય એ રીતે ભગવાન શ્રીહરિએ ભાઈશંકરભાઈને કહ્યું, ‘ભાઈશંકર ! તમે પુરાણી ગોપીનાથદાસજીને કહેજો કે તેઓ તત્કાલ ગોંડલ જાય. ગોંડલમાં બ્રહ્મચારી શાંતાનંદજીને આજે રાત્રે બાર વાગે અમે અમારા ધામમાં તેડી જશું.’ આટલો સંદેશો કહીને શ્રીજીમહારાજ અદૃશ્ય થઈ ગયા.

શ્રીજી મહારાજના પ્રત્યક્ષ દર્શન પામીને ભાઈશંકરભાઈ તો ગાંડા-ઘેલા જેવા થઈ ગયા. તેઓ સ્નાન, પૂજાપાઠથી પરવારીને ઝડપથી મંદિરમાં આવ્યા. આ સમયે પુરાણી સ્વામી પૂજા કરી રહ્યા હતા.

ભાઈશંકરભાઈ તો પુરાણી સ્વામીને દંડવત કરતા જાય અને આંખોમાંથી અશ્રુધારાઓ વહેતી જાય.

પુરાણી સ્વામીએ ભાઈશંકરભાઈની સામે દૃષ્ટિ કરી. ભાઈશંકરભાઈના મુખની આભાને જોઈને જ પુરાણી સ્વામી પામી ગયા કે, ભાઈશંકરને મહારાજનાં પ્રત્યક્ષ દર્શન થઈ ચૂક્યાં છે. પુરાણી સ્વામી બોલ્યા, ‘કેમ ભાઈશંકર ! તમારો મનોરથ પૂરો થયો ?’ ભાઈશંકરભાઈ બોલ્યા, ‘હા સ્વામી ! આપની કૃપાથી મને આજે વહેલી સવારે શ્રીજી મહારાજનાં પ્રત્યક્ષ દર્શન થયાં છે.’

પુરાણી સ્વામીએ અંતર્યામી ભાવથી પૂછ્યું, ‘ભાઈશંકર ! મહારાજે મારા માટે કોઈ સંદેશ કહ્યો છે ?’

ભાઈશંકરભાઈ બોલ્યા, ‘હા સ્વામી ! મહારાજે તમને તત્કાલ ગોંડલ જવા કહ્યું છે. મહારાજ આજે રાત્રે બ્રહ્મચારી શાંતાનંદજીને ધામમાં તેડી જશે.’ ભાઈશંકરભાઈની વાત સાંભળી પુરાણી સ્વામી પણ ગદ્‌ગદિત થઈ ગયા અને પોતાના શિષ્ય દેવપ્રસાદદાસજી સ્વામીને સાથે લઈને તત્કાળ ગોંડલ જવા રવાના થયા.

બ્રહ્મચારી શાંતાનંદજી

શાંતાનંદ બ્રહ્મચારી અચિંત્યાનંદજી બ્રહ્મચારી મહારાજના કૃપાપાત્ર શિષ્ય હતા. અચિંત્યાનંદ બ્રહ્મચારી સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય હતા. આ

અચિંત્યાનંદ બ્રહ્મચારી મહારાજે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી અને આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજની આજ્ઞાથી ‘હરિલીલાકલ્પતરુ’ જેવો મહાન ગ્રંથ સંસ્કૃત ભાષામાં લખ્યો છે.

અચિંત્યાનંદ બ્રહ્મચારી મહારાજની સેવા કરીને શાંતાનંદ બ્રહ્મચારીએ પોતાના ગુરુનો ખૂબ જ રાજીપો મેળવ્યો હતો. ગુરુની કૃપાથી શાંતાનંદ બ્રહ્મચારી ધર્મનિષ્ઠ અને મહાન કથાકાર થયા હતા.

બ્રહ્મચારી શાંતાનંદજી સાથે પુરાણી સ્વામી ગોપીનાથદાસજીને ઘણો જ પૂજ્યભાવ અને મહિમાભાવ રહેતો અને પુરાણી સ્વામીની સાધુતા અને તેજસ્વી વિદ્વતા નિહાળીને બ્રહ્મચારી મહારાજ પણ ખૂબ જ પ્રસન્ન હતા. યુવાન પુરાણી સ્વામી અને વયોવૃદ્ધ બ્રહ્મચારી મહારાજ ઘણીવાર સાથે બેસીને સત્સંગની પ્રણાલિકાની જૂની વાતો કરતા અને તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતોની ચર્ચા કરતા.

ભાઈશંકરભાઈએ કહેલ સંદેશો સાંભળીને પુરાણીસ્વામી ગોંડલ પધાર્યા. શાંતાનંદ બ્રહ્મચારી એક મહિનાથી ખૂબ જ બીમાર રહેતા. પુરાણી સ્વામીએ બ્રહ્મચારી મહારાજને દંડવત્ પ્રણામ કરીને શ્રીજીમહારાજનો સંદેશો કહી સંભળાવ્યો.

શ્રીજીનો સંદેશ સાંભળીને બ્રહ્મચારી રાજી રાજી થઈ ગયા અને ધામમાં જવાની તૈયારી કરી લીધી. શ્રીજીમહારાજે કહ્યું હતું એ જ રીતે સંવત્ ૧૯૫૮ના ચૈત્ર વદ ૪ ની રાત્રિના ૧૨ વાગે મહારાજ શાંતાનંદ બ્રહ્મચારીને ધામમાં તેડી ગયા.

નૂતન મંદિરોના નિર્માણ

પુરાણી સ્વામી ગોપીનાથદાસજીએ જૂનાગઢ પ્રદેશના વિસ્તારોમાં સત્સંગ વિચરણ કરીને કેટલાક ગામોમાં નવાં મંદિર તૈયાર કરાવ્યાં અને કેટલાક જૂનાં જર્જરિત મંદિરોનાં જીર્ણોદ્ધાર કરાવ્યા છે.

મંદિર નિર્માણ કરવા પાછળ મુખ્ય હેતુ અનેક જીવોના કલ્યાણનો જ હોય છે અને આવી સેવા દ્વારા ભગવાન પ્રસન્ન થાય છે એવા શુભ આશયથી આપણા સંતો મંદિરના નિર્માણ કરતા.

જેતપુરમાં ખૂબ જ દાખડો કરીને સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીએ શ્રીજીમહારાજના ગાદી સ્થાને હરિમંદિર બનાવ્યું હતું. તેમાં પુરાણી સ્વામી ગોપીનાથદાસજીની સેવાભાવના, સૂઝબૂઝ અને આયોજન શક્તિના દર્શન થયાં હતાં, તેથી સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીએ પુરાણી સ્વામીને આજ્ઞા કરેલી કે આ સ્થાને સુંદર મંદિર તૈયાર કરાવજો. સ્વામીની આજ્ઞાથી પુરાણી સ્વામીએ

જેતપુરના સત્સંગીઓ માંડણભાઈ કાપડીયા વગેરેને પ્રેરણા કરેલી. તેથી તેઓએ જેતપુર મંદિરના નિર્માણમાં ખૂબ ભાવપૂર્વક સેવા કરેલી. માંડણભાઈ કાપડીયાને કોઈ સંતાન નહોતું, તો પણ નિષ્કામભાવે પુરાણી સ્વામીની આજ્ઞા પ્રમાણે સેવા કરતા.

એમની નિષ્ઠાપૂર્ણ સેવાથી પ્રસન્ન થઈને પુરાણી સ્વામી ગોપીનાથદાસજીએ માંડણભાઈને વગર માગ્યે દીકરો આપેલો. પુરાણી સ્વામીના આશીર્વાદથી એમના ઘેર પુત્ર રત્નની પ્રાપ્તિ થઈ. પરિવારજનોએ આ આશીર્વાદથી થયેલા પુત્રનું નામ ગોવિંદ પાડ્યું.

જેતપુર ખાતે ભવ્ય મંદિર તૈયાર થયું; મૂર્તિપ્રતિષ્ઠા કરવાની હતી. ગામમાંથી કોઈ યજમાન તરીકે સત્સંગી તૈયાર નહોતા ત્યારે ગોરધનભાઈ લુહારના હાથનું કાંડું ઝાલીને પુરાણી સ્વામીએ કહ્યું, 'તું આ મૂર્તિપ્રતિષ્ઠા વિધિના યજ્ઞમાં બેસ.' ત્યારે ગોરધનભાઈ કહે, 'સ્વામી ! હું તો વ્યવહારે નબળો છું અને વળી વાંઝિયો છું, કોઈ સંતાન નથી.'

પુરાણી સ્વામી શ્રીજીમહારાજને અંતરમાં ધારીને પ્રબળ પ્રભાવથી બોલ્યા, 'અલ્યા ગોરધન ! દીકરા દીકરા શું કરે છે ! જા, મહારાજ તને ત્રણ દીકરા આપશે અને વ્યવહારે પણ સુખીયો થઈશ.'

પુરાણી સ્વામીની આજ્ઞાથી ગોરધનભાઈએ યજ્ઞવિધિમાં લાભ લીધો અને એમના ઘેર ત્રણ દીકરા થયા. આ રીતે કોઈ પણ જીવાત્માને શુભ હેતુમાં જોડવા અને આ લોક-પરલોકમાં સુખીયા કરવા એ જ મોટા પુરુષોનું જીવનકાર્ય હોય છે. ભગવાન પણ આવા પુરુષોના વચન સત્ય કરવા બંધાયેલા છે.

પુરાણીસ્વામી ગોપીનાથદાસજીએ આ રીતે કુંભાજીની દેરડી, ભાચા, ટીંબી, ચાડીયા, કુંકાવાવ, ભડીયાદર વગેરે અનેક ગામોમાં મંદિરના નવનિર્માણ અને જીર્ણોદ્ધારના સેવાકાર્ય કરાવ્યા છે અને તે ગામડાંઓમાં પુરાણી સ્વામીએ ભગવાન સ્વામિનારાયણના પ્રગટ પ્રતાપ અને ઐશ્વર્યનાં દર્શન પણ કરાવ્યાં છે. તેમાંના કેટલાક પ્રસંગો માણવા જેવા છે.

દેરડી ગામમાં ઐશ્વર્ય દર્શન

સ્વામી બાલમુકુંદદાસજીની આજ્ઞાથી દેરડી ગામમાં નવું પાકું મંદિર તૈયાર કરવામાં સ્વામી ધર્મસ્વરુપદાસજી અને પુરાણી સ્વામી ગોપીનાથદાસજી વગેરે સંતોએ ખૂબ સેવા કરેલી. ખૂબ સરસ મંદિર તૈયાર થયું, પરંતુ હનુમાનજીની મૂર્તિ હજુ તૈયાર થઈ નહોતી તેથી હરિમંદિરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રતિષ્ઠા

કર્યા પછી હરિભક્ત રામભાઈએ પુરાણી સ્વામીને વિનંતી કરી કે 'સ્વામી ! મંદિરમાં હનુમાનજીની મૂર્તિ પધરાવો તો ખૂબ સારું થાય અને ગામના બધા લોકો દર્શને આવે.'

પુરાણી સ્વામીએ કહ્યું કે, 'હનુમાનજીની મૂર્તિ બનાવતા સમય લાગશે, પરંતુ જો આ ગામના દરબારગઢમાં શ્રીજી મહારાજ પધાર્યા હતા ત્યારે જે પથ્થર ઉપર ચરણ રાખીને માણકી ઘોડીએ અસવાર થયા હતા, એ પત્થર જો દરબાર આપે તો આપણે એને હનુમાનજી તરીકે પધરાવીએ.'

ગામના દરબાર સારા હરિભક્ત હતા. પુરાણી સ્વામીએ કરેલી વાત હરિભક્તોએ દરબાર પાસે પહોંચાડી ત્યારે દરબારે ખૂબ રાજી થઈને એ પ્રસાદીનો પત્થર મંદિરમાં આપવાની હા પાડી. એ મોટા વજનદાર પત્થરને બળદગાડામાં ચઢાવીને હરિભક્તો મંદિરમાં લાવ્યા.

પુરાણી સ્વામીએ એ પ્રસાદીના પત્થર પર સિંદુર લગાવ્યો અને ધૂપ-દીપ કરીને સ્વામી ધર્મસ્વરુપદાસજી સ્વામી પાસે આરતી ઊતરાવી અને હનુમાનજી તરીકે પ્રતિષ્ઠા કરવામાં આવી.

આજે પણ આ પ્રસાદીના હનુમાનજી દેરડી ગામમાં બિરાજે છે અને ભક્તજનોના મનોરથ પૂર્ણ કરે છે.

ભૂત ભગાડ્યું

આધુનિક વિજ્ઞાન અને સુવિકસિત ટેકનોલોજીના યુગમાં પણ ભૂત-પ્રેતાદિકની માન્યતાઓ અને અનુભવો ચર્ચાનો વિષય રહ્યા છે, ત્યારે આ વાતો તો ૧૫૦ વર્ષ પહેલાની છે. પુરાણી સ્વામી ગોપીનાથદાસજી જેવા સંતો શ્રીજી મહારાજનું બળ પ્રેરીને ભૂત-પ્રેતાદિકના ભયમાંથી લોકોને મુક્ત કરતા.

દેરડી ગામની જ આ ઘટના છે. એક વખત પુરાણી સ્વામી મંદિરમાં કથાવાર્તા કરી રહ્યા હતા; એ વખતે રામભાઈ આવ્યા અને પુરાણી સ્વામીને કહ્યું, 'સ્વામી ! રાણાને કંઈક થઈ ગયું છે. આખું શરીર લાકડાં જેવું થઈ ગયું છે અને પડ્યો પડ્યો ધ્રૂજે છે. સ્વામી તમે દયા કરો તો એને સારું થઈ જાય.'

પુરાણી સ્વામી કહે, 'તમે એને અહીં મંદિરમાં લઈ આવો, ભગવાન બધું સારું કરી દેશે.' સ્વામીની આજ્ઞાથી રાણાભાઈને મંદિરમાં લાવવામાં આવ્યા એટલે એમણે ચીસો પાડવા માંડી અને બોલવા લાગ્યા કે 'હું જાઉં છું... જાઉ છું...'

પુરાણી સ્વામીએ ધૂન ચાલુ રખાવીને પૂછ્યું કે 'તું કોણ છો ?' ત્યારે એ બોલ્યો કે 'હું આડોડિયો છું' ત્યારે સ્વામીએ ફરી પૂછ્યું કે 'આને શા માટે વળગ્યો

છે ?' ભૂતે જવાબ આપ્યો કે 'એ ખાતો હતો ને હું ત્યાં જ બેઠોતો પણ એણે મને કાંઈ ખાવા ન આપ્યું એટલે હું એને વળગ્યો છું, મારે એનો જીવ લઈને જાવું છે, પણ હવે મને જાવા દ્યો. હું બળું છું, મને જવા દ્યો. મને આ તમે જે બોલો છો તેની જ બીક લાગે છે, આખા શરીરે કાળી બળતરા થાય છે. હવે મને પાણી આપો અને મને જાવા દ્યો.'

પુરાણી સ્વામીએ શ્રીજીપ્રસાદીનું જળ ભરેલો પાણીનો પ્યાલો આપ્યો; એને અડતા જ ભૂતે ફરી કારમી ચીસ પાડી. પુરાણી સ્વામીએ સ્વામિનારાયણ ભગવાનનું નામ લઈને જળમાં ફૂંક મારી અને કહ્યું 'લે હવે પી જા.'

રાણાના શરીરમાં રહેલ ભૂતે એ પાણી પીધું. પુરાણી સ્વામીએ રાણાના મસ્તકની ચોટલી છોડી નાખી. ભૂત તેના શરીરમાંથી ભાગી ગયું અને રાણાભાઈ સ્વસ્થ થયા. આ રીતે દેરડી ગામમાં દોંગા પરિવારના કુટુંબીઓમાં અને કાઠી દરબારોમાં સત્સંગનું અનેરું બળ પુરાણી સ્વામી ગોપીનાથ દાસજીએ પ્રેર્યું હતું.

નાગદેવતાનો ઉદ્ધાર

શ્રીજી મહારાજના સમકાલીન ભક્તરાજ રામભાઈ ભંડેરી ચાડિયા ગામે રહેતા હતા. અમરેલી નજીક આવેલા આ ગામમાં સ્વામિનારાયણ મંદિર નહોતું, તેથી જ્યારે ગામમાં સંતો સત્સંગ કરવા પધારે ત્યારે ઊતારા માટે ચિંતા રહેતી. રામભાઈ ભંડેરીના વંશજો સારો સંત્સગ રાખતા. તેમણે ભજન-ભક્તિ કરવા અને સંતોના ઊતારા માટે નાનકડું મંદિર બાંધવાનો નિર્ણય કર્યો અને પુરાણી સ્વામી ગોપીનાથદાસજીને આ અંગે વાત કરી.

રામભાઈ ભંડેરીના પુત્ર જીવાભાઈ તથા વાળા દરબાર નથુભા વગેરે હરિભક્તોને રાજી કરવા પુરાણી સ્વામીએ મંદિર કરાવી આપવાની માગણી સ્વીકારી અને ઈંટો પાડવા માટે ભલામણ કરી.

હરિભક્તોને ભલામણ કરીને પુરાણી સ્વામી સંતમંડળ સાથે ગોખરવાળા, સોનારીયા, ચાંદગઢ, પીઠવાજાળ, તરકતળાવ વગેરે ગામડાંઓ ફરીને ચાડિયા ગામે પધાર્યા. આ ગામના જ એક હરિભક્તને પ્રેરણા કરીને મંદિર માટે જમીન પસંદ કરી, ઉત્સાહી ભક્તજને મંદિર બનાવવા માટે પોતાની જમીન દાનમાં આપી. પુરાણી સ્વામીની આજ્ઞા મુજબ મંદિરના પાયા ખોદવાનું સેવાકાર્ય શરૂ થયું. એ સમયમાં ઓછામાં ઓછી સાધનસામગ્રીથી મંદિરોના નિર્માણ કરવા સંતો-હરિભક્તો જાતમહેનત કરતા.

મંદિરનું ચણતર શરૂ થતાં તેમાં બારી-બારણા માટે લાકડાંની જરૂર પડી. એ જ ગામમાં એક પીપળો હતો. બધા હરિભક્તોએ પુરાણી સ્વામીને વાત કરી કે જો આ પીપળો કાપીને લાકડાં મળી જાય તો મંદિરનું કામ ઘણું સરળ થઈ જાય, પરંતુ આ પીપળાની પોલમાં એક ભયંકર નાગદેવતા રહે છે, કોઈને પાસે આવવા દેતા નથી. પુરાણી સ્વામીએ હરિભક્તો પાસેથી હકીકત જાણી અને જેની માલિકીનો એ પીપળો હતો તેને પણ પૂછી લીધું. પીપળાનો અને નાગદેવતાનો ઉદ્ધાર કરવાનો સંકલ્પ કર્યો.

પીપળો ભગવાનની વિભૂતિ ગણાય અને નાગદેવતા પણ દૈવી છે. તેથી બન્નેનો મંદિરની સેવા માટે ઉપયોગ કરવામાં કાંઈ વાંધો નહીં.

ભગવાનનું કામ છે તેથી ભગવાન સાથે રાખવાથી બધી જ અનુકૂળતા થઈ રહેશે એમ માનીને પુરાણી સ્વામીએ બીજા દિવસે પીપળા પાસે જઈ પ્રસાદીનું જળ છાંટ્યું. તરત જ એક મોટો કાળોતરો નાગ બહાર આવ્યો અને ફેણો પછાડવા લાગ્યો. પુરાણી સ્વામીએ જરાપણ ખચકાયા વિના એ નાગદેવતા ઉપર અંજલિ છાંટી એટલે એ શાંત થઈ ગયો.

બીજી અંજલિ છાંટતા પુરાણી સ્વામી બોલ્યા, 'હે દેવતા ! તારા ક્રોધી સ્વભાવ અને તીવ્ર વાસનાને લીધે તારે સર્પ થવું પડ્યું છે અને આ તમોગુણી સ્વભાવને વશ થઈને તેં કેટલાય નિર્દોષ માનવીઓ-પ્રાણીઓનો ભોગ લીધો છે; હવે ક્યાં સુધી આ યોનિમાં ભટક્વું છે ? માટે જા હવે બદ્રિકાશ્રમમાં, ત્યાં તપ કરીને સત્સંગમાં જન્મ ધારણ કરીને મોક્ષભાગી બનો.'

પુરાણી સ્વામીના વચનો સાંભળીને નાગદેવતાએ પાંચ વખત ફેણ નીચે નમાવીને નમસ્કાર કર્યા અને ત્યાંથી સડસડાટ ચાલ્યા ગયા. ગામના સૌ લોકો આ દૃશ્ય નિહાળીને આશ્ચર્ય પામ્યા. પુરાણી સ્વામીની ભગવાન પ્રત્યેની નિષ્ઠા અને હિંમત જોઈને સહુ પ્રભાવિત થયા.

આ રીતે ચાડિયા ગામના ગોંદરે ઊભેલા પીપળાનો અને સર્પનો ઉદ્ધાર કરીને પુરાણી સ્વામીએ ગામ લોકોને ભયમુક્ત કર્યા અને મંદિર માટે લાકડાંની વ્યવસ્થા કરી આપી.

જૂનાગઢ મંદિરમાં સેવા

શ્રી સ્વામિનારાયણ મંદિર જૂનાગઢના પ્રથમ મહંત તરીકે શ્રીજી મહારાજે અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની નિમણૂક કરી. સ્વામીએ સં.૧૮૮૪થી

સં. ૧૯૨૩ સુધી એમ ચાલીસ વર્ષ મહંત પદે રહી રાધારમણ દેવની સેવા કરી. ત્યારપછી સદ્‌ગુરુ બ્રહ્મચારી અચિંત્યાનંદજીએ છ માસ, સદ્‌ગુરુ રઘુવીરચરણદાસજી સ્વામીએ ત્રણ વર્ષ અને સ્વામી મુકુંદચરણદાસજીએ પચ્ચીસ વર્ષ સુધી રાધારમણ દેવના કોઠારી તરીકે સેવા બજાવી હતી.

સ્વામી મુકુંદચરણદાસજી પછી સ્વામી ધર્મસ્વરુપદાસજી કોઠારી તરીકે નિમાયા ત્યારે પુરાણી સ્વામી ગોપીનાથદાસજીએ એમના સહાયક તરીકે મંદિરની સરસ સેવા બજાવી હતી.

ત્યાર પછી સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી ૧૪ વર્ષ સુધી મહંત તરીકે રહ્યા ત્યારે પણ પુરાણી સ્વામી તેમની મદદમાં સક્રિય રહ્યા હતા. એટલું જ નહિ પણ સ્વામી નારાયણદાસજીએ બીજી વખત કોઠારી તરીકે જવાબદારી સંભાળી ત્યારે પુરાણી સ્વામી ગોપીનાથદાસજી એમની સહાયમાં જોઈન્ટ કોઠારી તરીકે હતા અને એ નિમણૂંક સ્વામી નારાયણદાસજીએ પોતે જ કરાવી હતી.

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી અને સદ્‌ગુરુ ગોપીનાથદાસજી સ્વામી બન્નેની જોડી નરનારાયણની જોડી સમાન શોભતી.

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી કુશળ વહીવટકર્તા હતા, તો પુરાણી સ્વામી સમર્થ વિદ્વાન અને મધુરભાષી કથાકાર હતા. સત્સંગના અભ્યુદય માટે ચંદનની પેઠે સતત ઘસાઈને ચોમેર સુવાસ પ્રસરાવવી એવી બન્ને સદ્‌ગુરુઓની રૂચિ હતી.

જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં પાણીની થોડી તકલીફ હતી.

મંદિરમાં પાણી પૂરું પાડવા સેવાભાવી સંતો ને પાર્ષદો હાથે ફાળકા ખેંચી ખેંચીને થાકી જતા.

પાણીની આ મુશ્કેલી દૂર કરવા સ્વામી નારાયણચરણદાસજી અને પુરાણી સ્વામીએ વાડીના કૂવા ઉપર બે પવનચક્કીઓ ગોઠવી.

પાણીનાં સંગ્રહ માટે ટાંકીની જરૂરિયાત ઊભી થતા પુરાણી સ્વામીએ કારીગર પાસે પાકી મજબૂત બે ટાંકીઓ કરાવી, જેમાં પવનચક્કી વડે પાણીનો સંગ્રહ થતાં ઘણી રાહત થઈ.

આ ટાંકીઓ હાલ જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરની વાડીમાં છે.

સંતોને સંસ્કૃતનો અભ્યાસ

ભગવાન સ્વામિનારાયણને કોઈ સંત સંસ્કૃત શાસ્ત્રનો અભ્યાસ કરે એ ખૂબ જ ગમતું. ભગવાન સ્વામિનારાયણે મોટી ઉંમરના અને પોતાની મૂર્તિમાં જ રત

રહેનારા સંતોને પણ સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ કરવાની આજ્ઞા કરી હતી.

ભગવાન સ્વામિનારાયણની રુચિને સમજીને જ પુરાણી સ્વામી ગોપીનાથદાસજીએ વડતાલમાં રહીને સંસ્કૃતનો ઉચ્ચ અભ્યાસ કર્યો હતો. સાથોસાથ નંદ સંતોની સેવા કરીને એમના આશીર્વાદ મેળવ્યા હતા.

પુરાણી સ્વામીના અંતરમાં સંતોને સંસ્કૃતનો અભ્યાસ કરાવવાની ખૂબ જ ધગશ હતી. 'પોતે જે વિદ્યા ભણ્યા હોઈએ એ બીજાને ભણાવવી' શિક્ષાપત્રીમાં સહજાનંદ સ્વામીએ આપેલ આજ્ઞાના પુરાણી સ્વામી ભારે હિમાયતી હતા. એટલું જ નહિ પણ પોતે સંતોને પ્રોત્સાહન આપી આગ્રહથી ભણાવતા. ભણનારા સંતો પર ખૂબ પ્રેમભાવ રાખતા. આથી જૂનાગઢ મંદિરના બધા ભણનારા સંતો સ્વામી પાસે રહી હોંશે હોંશે ભણતા.

પુરાણી સ્વામીની ભણાવવાની પદ્ધતિ બહુ સારી હતી. એમણે સંસ્કૃત ભણાવીને ઘણા પુરાણીઓ તૈયાર કર્યા હતા. જેમાંના કેટલાક તો નામાંકિત કથાકારો પણ બન્યા હતા. પુરાણી પતિતપાવનદાસજી, પુરાણી હરિનારાયણદાસજી, પુરાણી શ્યામસુંદરદાસજી, પુરાણી વ્રજવલ્લભદાસજી આ બધા પુરાણીઓને ભણાવીગણાવી પુરાણી સ્વામીએ તૈયાર કર્યા હતા.

પોતાના નાના સાધુ ધર્મજીવનદાસજી ધોળે કપડે હતા, ત્યારથી જ પુરાણી સ્વામીએ ભારે ખંતથી એમને સંસ્કૃત ભણાવવાનું શરુ કર્યું હતું. પ્રારંભમાં મળેલ પ્રેરણા અને પ્રોત્સાહનથી સ્વામી ધર્મજીવનદાસજીને સંસ્કૃત ભાષા પ્રત્યે ભારે અભિરુચિ ઉત્પન્ન થયેલી.

સાહિત્યનું જતન

પુરાણી સ્વામીને સંપ્રદાયના સાહિત્યનાં રક્ષણ અને પ્રચાર માટે ભારે અભિરુચિ હતી. એથી એમણે 'સત્સંગ સાહિત્ય પ્રચાર સમિતિ'ની સ્થાપના કરી હતી અને સહુના આગ્રહથી પુરાણી સ્વામીએ પોતે એ સમિતિના પ્રમુખપદની જવાબદારી સંભાળી હતી.

પૂજ્ય પુરાણી સ્વામીએ મંદિરમાં રહેતા સંતોના અભ્યાસ માટે વિશાળ ગ્રંથાલયનું નિર્માણ કર્યું. જેમાં ઉપયોગી પ્રાચીન ગ્રંથો, પુરાણો, સત્‌શાસ્ત્રો તેમજ સંપ્રદાયના વિવિધ ગ્રંથો વસાવવામાં આવ્યા.

આ પુસ્તકાલયમાં સંસ્કૃત તેમજ પ્રાકૃત ભાષાના ઘણા સારા ગ્રંથો હતા. હવેલીમાં આગ લાગી એ વખતે પુસ્તકાલયમાં રહેલા અપ્રાપ્ય, પ્રાચીન અને દુર્લભ

ગ્રંથો બળીને ખાખ થઈ ગયા.

રાજકોટ ખાતે હરિભક્ત શ્રી દામોદરભાઈએ મુદ્રણાલય શરુ કર્યું એટલે સ્વામી બાલમુકુંદદાસજીને વિચાર આવ્યો કે આ પ્રેસમાં ઇષ્ટદેવ શ્રીહરિની પરાવાણી વચનામૃત છપાવીએ તો સત્સંગમાં સહુને વચનામૃત ગ્રંથ મેળવવો સુલભ બને.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીએ વચનામૃત પ્રકાશનની જવાબદારી પુરાણી સ્વામીને સોંપી હતી અને પુરાણી સ્વામીએ એ કાર્ય સારી રીતે પૂર્ણ કર્યું હતું.

માધવતીર્થનો પરાભવ

સંવત્ ૧૯૬૪ની સાલમાં શારદાપીઠના શંકરાચાર્યજી શ્રી માધવતીર્થે કેટલાક તેજોદ્વેષી લોકોના ઈર્ષ્યાભાવથી પ્રેરાઈને સ્વામિનારાયણ સંપ્રદાય સામે મોટો કલહ ઊભો કર્યો હતો.

એણે એવો અવળો પ્રચાર શરુ કર્યો કે 'આ સંપ્રદાય તો અવૈદિક છે, માટે ઉચ્ચ વર્ણના બ્રાહ્મણાદિક લોકો આ સંપ્રદાયનો આશ્રય ન કરી શકે.' આથી સંપ્રદાયમાં ભારે ખળભળાટ મચી ગયો.

વડતાલમાં આચાર્ય શ્રી લક્ષ્મીપ્રસાદજી મહારાજ ને અમદાવાદમાં આચાર્ય શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ ગાદીએ હતા. સમગ્ર સંપ્રદાયના વિદ્વાન સંતો તથા સમજુ હરિભક્તોના લોહી ઉકળી ઊઠ્યા હતા.

શંકરાચાર્યના આવા હડહડતા જૂઠાણાનો જડબાતોડ જવાબ આપવા વડોદરા, ઉમરેઠ, નાંદોલ, ભદામ વગરે ઘણે સ્થળે ઉગ્ર વાદવિવાદની સભાઓ યોજાણી હતી. શંકરાચાર્યના શિષ્યોએ પૂછેલ પ્રશ્નો અને કરેલ આક્ષેપોના આપણા સંપ્રદાયના વિદ્વાન સંતોએ શાસ્ત્ર, પુરાણ ને વેદોક્ત રીતે ઉત્તરો આપ્યા, છતાં વિરોધીઓએ એને માન્ય ન રાખ્યા. જેથી સામસામા કોર્ટમાં કેસ પણ થયા અને આખો મામલો કાશી સુધી પહોંચ્યો.

કાશીમાં વિદ્વાન પંડિતોની સભા યોજાણી. જેમાં આપણા સંપ્રદાયને ઉદ્દેશીને કરવામાં આવેલા પ્રશ્નોના આપણા વિદ્વાન સંતોએ શાસ્ત્રીય રીતે સુંદર ઉત્તર આપ્યા, જે ત્યાંની વિદ્વત્ સભાએ માન્ય રાખ્યા ને પછી આપણા તરફથી શંકરાચાર્યના શિષ્યોને પ્રતિપ્રશ્નો પૂછવામાં આવ્યા; જેના જવાબ આપવામાં એમણે ઘણા પ્રયાસો કર્યા, પણ શાસ્ત્રીય રીતે તો કશા જ ઢંગધડા વગરના જવાબોને કાશીના પંડિતોએ માન્ય કર્યા નહિ.

છેવટે કાશીના ૩૦૦ ઉપરાંત પંડિતોએ સ્વામિનારાયણ સંપ્રદાય વૈદિક છે

એવો નિર્ણય આપ્યો. વિરોધીઓના હાથ હેઠા પડ્યા અને આપણા સંપ્રદાયનો ભવ્ય વિજય થયો. આ વિજયના ઘડવૈયા હતા આપણા વિદ્વાન સંતો જેમાં શાસ્ત્રી બળરામદાસજી, બ્રહ્મચારી શાસ્ત્રી મુનીશ્વરાનંદજી તથા પુરાણી ગોપીનાથદાસજી તથા પ. ભ. નાથજીભાઈ શુક્લ આદિ અનેક નામી-અનામી ઘણાએ સંપ્રદાયની વૈદિકતા પૂરવાર કરવા અપૂર્વ સેવા બજાવી હતી.

આચાર્ય શ્રી લક્ષ્મીપ્રસાદજી મહારાજે પુરાણી ગોપીનાથદાસજીને વડતાલ તેડાવી ખૂબ જ પ્રસન્નતા વ્યક્ત કરી.

બે - ત્રણ મહિના પછી પુરાણી સ્વામી આ સંતમંડળ સાથે જૂનાગઢ પધાર્યા ત્યારે એમણે કરેલ સંપ્રદાયના દિગ્વિજયની વાત અગાઉથી જૂનાગઢ પહોંચી ગઈ હતી. સમર્થ સંતવર્ય સ્વામી બાલમુકુંદદાસજીએ સભામાં પુરાણી સ્વામી તથા સાથેના સંતોને પ્રસાદીના ફૂલહાર પહેરાવી, પ્રસન્ન થઈ, રુડા આશીર્વાદ આપ્યા.

ટીંબીના ભુટા શેઠ

પુરાણી સ્વામી ગોપીનાથદાસજીએ શ્રીહરિની કૃપા અને મોટા સંતોના આશીર્વાદથી ઘણાય આશ્ચર્યજનક પરચાઓ બતાવી આર્ત ભક્તજનોનાં દુઃખ દૂર કર્યાં હતાં. જેમાંના કેટલાકનો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ઉના પાસે ફૂલઝર નદીને કાંઠે ટીંબી ગામ વસેલું છે. અહીં વાણિયાઓનો સારો સત્સંગ છે. એક વખત પુરાણી સ્વામી ગોપીનાથદાસજી ટીંબી પધાર્યા. સહુના આગ્રહથી પુરાણી સ્વામી અહીં થોડા દિવસ રોકાયા.

પ્રસંગોપાત એક દિવસ વાત નીકળી કે સ્વામી મહાપુરુષદાસજીને વચને વચ્છરાજ શેઠે આ મંદિર કરાવ્યું, તેથી તેમને ત્યાં આ રતનશી શેઠનો જન્મ થયો. (તેઓ ભુટા શેઠના હુલામણા નામથી પ્રસિદ્ધ હતા)ભુટા શેઠ સર્વ વાતે સુખી છે, પરંતુ સંતાનમાં એને દીકરાની ખોટ છે.

આ સાંભળી પુરાણી સ્વામીએ હસતા હસતા કહ્યું, ‘શેઠના પિતાએ મંદિર તો સરસ બંધાવ્યું, પણ અહીં મંદિરમાં ગણપતિજી અને હનુમાનજી પધરાવવાના બાકી છે. જો ભુટા શેઠ આ બન્ને દેવને પધરાવવાની સેવા કરે, તો તેને શ્રીજી મહારાજ બે દીકરા આપે.’ ભુટા શેઠ જરા તર્કબુદ્ધિવાળા હતા એટલે એ બોલ્યા, ‘સ્વામી ! દીકરો તમારા આશીર્વાદથી થયો એમ ખાત્રી શી રીતે આવે ?’

શેઠનું આવું સંશયવાળું વચન સાંભળીને પુરાણી સ્વામી તુરત જ બોલ્યા, ‘જુઓ શેઠ ! દીકરાનો જન્મ આસો વદ ચૌદશ ને શનિવારે થાય, શરીરનો વર્ણ

શ્યામ હોય, તો તમારે માનવું કે આ પુત્ર હનુમાનજીએ આપ્યો અને ગણેશ ચોથને દિવસે જન્મ થાય ને શરીરે ગૌરવર્ણ હોય તો માનજો કે ગણપતિજીએ પુત્ર આપ્યો છે.'

પુરાણી સ્વામીની આ સ્પષ્ટ બળભરી વાણી સાંભળી સહુ આશ્ચર્ય પામ્યા. ભુટા શેઠે હનુમાનજી અને ગણપતિજી પધરાવવાનો શુભ સંકલ્પ કર્યો. ભગવાનની અસીમ કૃપા ને સંતના વચને એ જ વર્ષે શેઠને ત્યાં આસો વદ ૧૪ ને શનિવારે પુત્રનો જન્મ થયો. વર્ણ શ્યામ હતો ને તેનું નામ મોહન પાડ્યું. ત્રીજે વર્ષે બરોબર ગણેશ ચોથના દિવસે ગૌરવર્ણના બાળકનો જન્મ થયો તેનું નામ હરગોવિંદ પાડ્યું.

આ પછી પુરાણી સ્વામી ટીંબી પધાર્યા અને હનુમાનજી તથા ગણપતિજી પધરાવવા દેરીનું કામ શરુ કરાવ્યું. શેઠનું ગાડું લઈ પુરાણી સ્વામી પત્થરની ખાણે ગયા. ત્યાં મોટો સારો ધોળો પત્થર પસંદ કરી ગાડા ઉપર ચડાવતા હતા, એવામાં પત્થર વચ્ચેથી તૂટી ગયો. એથી પુરાણી સ્વામીને મનમાં થયું, 'નિષ્કામ ભાવે ધર્મનું કામ કરીએ છીએ ને તેમાં આ વિઘ્ન કેમ આવ્યું ? માટે નક્કી આમાં ભુટા શેઠનું કાંઈક કપટ હશે, નહિંતર આમ બને નહિ.'

બીજે દિવસે ભુટા શેઠનું ગાડું લઈ સ્વામી પાછા ખાણે ગયા. પથ્થર ચડાવી રવાના કર્યો. ગામ પાસે નદીનો તટ ચડતા પથ્થરના વજનથી બળદો લપસ્યા, તેમાં એક બળદના પગમાં વધારે પડતું લાગી ગયું. ઘણું બધું લોહી નીકળ્યું. આ જોઈ પુરાણી સ્વામીના દિલમાં બહુ જ દુઃખ થયું. ત્યાંથી તુરત જ મંદિરે આવી ભુટા શેઠનું નામ લઈ કહેવા માંડ્યા, 'ભુટા શેઠને પેટમાં પાપ રાખી અમારી પાસે બારોબાર આ કામ કરાવવું છે, નહિતર આવું ન બને.'

સ્વામી તો જવા તૈયાર થયા પણ સત્સંગીઓએ સ્વામીને પ્રાર્થના કરીને રોક્યા. ભુટા શેઠના માતુશ્રીને ખબર પડતાં એણે મંદિરની ખડકીએ આવી હરિભક્તો દ્વારા બહુ પ્રાર્થના કહેવરાવી. ભુટા શેઠને પુરાણી સ્વામી પાસે મોકલ્યા. આથી ભુટા શેઠ મંદિરે આવી સ્વામીને દંડવત કરવા લાગ્યા એટલે પુરાણી સ્વામીએ હાકલ મારીને કહ્યું, 'બોલ ભુટા ! મનમાં શું કપટ રાખ્યું છે ? તારા પાપનું આ પરિણામ છે, નહિતર સારા કામમાં વિઘ્નો આવે નહીં.'

ભુટા શેઠને પોતાની ભૂલ સમજાણી. એમણે સ્વામીની માફી માગતાં કહ્યું, 'મા બાપ ! મારા ચોપડામાં મંદિરના પાંચસો રૂપિયા પડ્યા હતા, તે આ કામમાં વાપરવાનો મેં સંકલ્પ કર્યો હતો તેથી એમ થયું હશે.'

સ્વામી કહે, 'અરે ભલા માણસ ! મંદિરને પૈસે બારોબાર આ કામ પતાવવાનું તેં કપટ રાખ્યું, પછી તો આમ જ થાય ને ! તમને વાણિયાને કોઈ ન પહોંચે. તમારી

વિદ્યામાં બ્રહ્મા ય ભૂલા પડી જાય ! '

આ પછી શેઠના માતુશ્રી ઘેર જઈને તત્કાળ હજાર રુપિયા લઈ આવ્યા ને મંદિરમાં સોંપ્યા. તેનો ખર્ચ કરી હનુમાનજી અને ગણપતિજીની દેરીઓ બનાવી. સુંદર મૂર્તિઓ તૈયાર કરાવી. પુરાણી સ્વામીએ સ્વામી બાલમુકુંદદાસજીને તેડાવી ધામધૂમથી મૂર્તિપ્રતિષ્ઠા કરાવી.

એક દિવસ પુરાણી સ્વામીએ રમૂજમાં પૂજ્ય બાલમુકુંદદાસજી સ્વામીને કહ્યું, 'સ્વામી, આ વાણિયાઓને વ્યાજ બહુ વહાલું હોય. આ સેવાથી એમને ત્યાં બે પુત્ર જન્મ્યા છે, પણ સેવાનું વ્યાજ તમારી કૃપાથી મળે એવી સહુની પ્રાર્થના છે.' આ પછી શેઠને ત્યાં સેવાના વ્યાજરૂપે ત્રીજા પુત્રનો જન્મ થયો જેનું નામ મગનલાલ પાડવામાં આવ્યું. આ ત્રણેય ભાઈના પરિવારમાં આજે પણ સારો સત્સંગ છે.

કોઠીમાં અખૂટ બાજરો

એક વખત લક્ષ્મણ ભગતે પુરાણી સ્વામીને પ્રાર્થના કરતાં કહ્યું, 'સ્વામી ! ઓણ સાલ અનાજ પાક્યું નથી ને દેશકાળ કઠણ છે. એની ચિંતામાં મન ઉચક રહે છે.' પુરાણી સ્વામીએ ભગવાનને સંભારીને કહ્યું, 'ઘરમાં અનાજ કેટલું છે ?' ભગત કહે,'હશે સાત આઠ મણ બાજરો, પણ પછી લેવો પડશે.'

સ્વામીએ પૂછ્યુ, 'અનાજ શેમાં ભરી રાખ્યું છે ?' ભગત કહે, 'ગારાની કોઠીમાં રાખ્યું છે.'

સ્વામી કહે, 'કોઠીનું ઢાંકણ ઉપરથી છાંદી દ્યો. પછી દર સોમવારે મહારાજની મૂર્તિ કોઠી આગળ મૂકી, ઘીનો દીવો કરી, શ્રીહરિનું સ્મરણ કરતા કરતા સાણેથી જોઈએ એટલું કાઢી લેવું, પણ હવે કેટલું છે એ જોવા માટે ઢાંકણ ખોલશો નહિ.' એ પછી સ્વામીનાં વચને લક્ષ્મણ ભગતે કોઠીનું ઢાંકણ બંધ કરી, સાણેથી બે વર્ષ સુધી બાજરો ખાધો. એવામાં ત્રીજે વર્ષે પુરાણી સ્વામી સંતમંડળ સાથે પધાર્યા ત્યારે પૂછ્યું, 'ભગત અનાજનું કેમ છે ?' ભગતે હર્ષભેર કહ્યું, 'સ્વામી તમારી દયાથી હજુ સાણેથી બાજરો કાઢીને ખાઈએ છીએ. ઓણ વરસ સારું છે ને બાજરો ઘણો પાક્યો છે.' સ્વામી કહે, 'ભગત ! હવે કોઠીમાંથી બાજરો ખૂટી જાય તો વાંધો નથી ને ?' ભગતે હાથ જોડીને કહ્યું, 'સ્વામી હવે ભગવાનની દયાથી કાંઈ વાંધો નથી. જેવી આપની મરજી.'

આ પછી કોઠીમાંથી બાજરો ખલાસ થઈ ગયો હતો.

રાણા ભગતની રક્ષા કરી

ભગતના સમઢિયાળા ગામે ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર ભક્તરાજ ભાયાભાઈ અરજણ આહિર રહેતા હતા.

આ જ ગામની અંદર રાણો નામે એક કોળી મુમુક્ષુ પણ રહેતો હતો. રાણો સત્સંગી નહોતો, પણ એના અંતરમાં સત્સંગ પ્રત્યે ભારે ગુણભાવ હતો.

પુરાણી સ્વામીના યોગમાં આવતા પોતાના ફેલ છોડી, કંઠી બંધાવી, વર્તમાન ધારી, ભગવાનને માર્ગે વળ્યો હતો. આ પછી એ વ્યવહારે ઘણો સુખી થયો હતો. આ કોળી ભક્ત રાણાભાઈને ટૂંકી ખેતી અને આઠ દસ ભેંસોનું ખાડુ હતું. નદીના કાંઠા પર ભેંસોની જોક હતી. બાજુમાં રાણાને પોતાને રહેવાનું ઘર હતું.

રાણો રોજ મંદિરે દર્શને આવતો અને સંતો હોય ત્યારે બોઘરું ભરીને દૂધ લેતો આવતો. એક વખત મધરાત ભાંગતે કોઈ ચોર ડાકુ રાણાભાઈની જોકમાંથી હાથણી જેવી ભેંસો લઈને ચાલતા થયા. રાણો ઘરની ઓસરીમાં ઘસઘસાટ ઊંઘતો હતો.

આ જ સમયે સ્વામી બાલમુકુંદદાસજી અને પુરાણી સ્વામીએ દિવ્ય સ્વરુપે આવીને રાણાને જગાડ્યો અને કહ્યું, ‘રાણા ઊઠ ! આમ સૂઈ શું રહ્યો છો ? જોતો ખરો, તારી હાથણી જેવી ભેંસોને હાંકીને ચોર રાવળ નદીના ઉગમણે કાંઠે ભાગ્યા જાય છે.’ આ સાંભળતાં જ રાણો સફાળો બેઠો થઈ ગયો. હાથમાં ડાંગ લઈ દોડ્યો ચોરની પાછળ. એના હાકલા પડકારા સાંભળીને બીજા મદદે દોડી આવ્યા. પાછળ થતા હાકલા પડકારા સાંભળીને ચોરોને ભીંસ પડી, એટલે એ લોકો ભેંસો મેલીને જીવ બચાવવા ભાગી છૂટ્યા. રાણો ભેંસો હાંકીને પાછો પોતાની જોકે આવ્યો, પણ ક્યાંય સંતોને ત્યાં જોયા નહિ, એટલે મનમાં થયું કે બન્ને સંતો મંદિરે ગયા હશે.

સંતોને શોધતો શોધતો રાણો રાતે મંદિરે આવ્યો, તો મંદિરને તાળું દીધેલું જોયું. એટલે રાણો ભક્તરાજ ભાયાભાઈને ઘરે ગયો. ભાયા ભગતને જગાડીને પૂછ્યું, ‘બાપા, પુરાણી સ્વામી અને મોટા સ્વામી અહીં તમારે ત્યાં આવ્યા છે ?’

ભાયા ભગતે કહ્યું, ‘એલા રાણા ? અત્યારે મોડી રાતે સંતો અહીં ક્યાંથી હોય ? સાંભળ્યું છે કે, સ્વામી તો કુંકાવાવમાં બિરાજે છે. કાલે જ સમાચાર આવ્યા છે.’ રાણો કહે, “પણ બાપા ! મારી નજર સામે મેં જોયું છે કે સંતો અહીં ગામમાં આવ્યા છે. હમણાં જ મારે ઘેર આવી મને ભર ઊંઘમાંથી જગાડ્યો અને કહ્યું કે ‘તારી ભેંસો ચોર હાંકી જાય છે.’ એટલે હું લાકડી લઈને નદી તરફ દોડ્યો. ચોર

બીકના માર્યા ભાગી ગયા અને હું ભેંસુ પાછી હાંકી લાવ્યો, પણ પછી સંતોને ક્યાંય ભાળ્યા નહિ એટલે ગોતવા અહીં આવ્યો છું.''

ભાયા ભગત બોલ્યા, ''અરે રાણા ! ઈ તો ખરેખર ભગવાન પોતે સાધુરૂપે આવીને તારી ભેંસો પાછી વળાવી ગયા. તું કાયમ મંદિરે દૂધ લઈ જાય છે. તારી ભેંસોનું દૂધ ઠાકોરજી અને સંતોના ઉપયોગમાં આવ્યું તેનું આ ફળ છે. ભગવાને જ સાધુરૂપે આવીને તારી રક્ષા કરી છે.''

રાણો તો આશ્ચર્યથી ભાયા ભગતની વાત સાંભળી રહ્યો.

વનમાળી શેઠને વરદાન

ઉના પાસે આવેલા ભાચા ગામના શેઠ ભગવાન ગીગાભાઈ પુરાણી સ્વામીના કૃપાપાત્ર શિષ્ય હતા. વ્યવહારે સુખી ને દિલે ઉદાર એવા આ ભગવાન શેઠ પુરાણી સ્વામીના વચને હરવખત સત્સંગમાં નાનીમોટી સેવાઓ કર્યા કરતા.

આ ભાચા ગામના ને મુંબઈમાં વસેલા શેઠ વનમાળી જેઠાલાલ મુંબઈથી ભાચા આવ્યા. શેઠ ભગવાનભાઈ આ મોટા શેઠને મળવા ગયા ત્યારે વનમાળી શેઠે કહ્યું, 'મારે વાવરડા રામદાસ બાપુના દર્શને જવું છે. આપને આવવું હોય તો ચાલો મારી સાથે.' આ સાંભળી ભગવાનદાસે કહ્યું, ''શેઠ ! વાવરડા જવાનું છે તો ત્યાં સ્વામિનારાયણ મંદિરમાં ભારે પ્રતાપી અને વચનસિદ્ધ સમર્થ સંત બિરાજે છે. તેનાં પણ સાથેસાથે દર્શન કરતા આવીએ, ચાલો હું તૈયાર થઈને આવું છું.''

બન્ને શેઠિયા વાવરડા આવ્યા. રામજી મંદિરમાં દર્શન કરી, સ્વામિનારાયણ મંદિરે દર્શન કર્યા ને પુરાણી સ્વામીને વંદન કરી પાસે બેઠા. પુરાણી સ્વામીએ એકાદ કલાક સરસ વાતો કરી, જે સાંભળીને વનમાળી શેઠ ખૂબ રાજી થયા.

ભગવાનદાસે સાથે આવેલા શેઠનો પુરાણી સ્વામીને પરિચય આપતા કહ્યું, 'સ્વામી આ વનમાળી શેઠ અમારા ગામના જ છે ને મુંબઈમાં વેપારધંધા સારા છે. વળી પોતે દિલના ઉદાર છે. દેવમંદિર, ધર્મશાળા, પાંજરાપોળ વગેરેમાં પરોપકારના સેવાકાર્યો કરે છે. એમને ત્યાં સદાવ્રત ચાલુ છે. સાધુસંતોમાં શ્રદ્ધાવાળા છે. પ્રભુની દયાથી બધુંય સાનુકૂળ છે, પણ ઘેર શેર માટીની ખોટ્ય છે એટલે જીવ સંતાન માટે તલસ્યા કરે છે. આપ દયા કરીને સંકલ્પ પૂરો થાય એવા આશીર્વાદ આપો.'

શેઠની વાત સાંભળી પુરાણી સ્વામી જરા ઊંડા ઊતરી ગયા ને ભગવાનને સંભારીને કહ્યું, ''શેઠ ! તમારો સંકલ્પ ભગવાન જરૂર પૂરો કરશે, પણ તમારે ભાચા ગામમાં જીર્ણ થઈ ગયેલ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવવો પડે.''

વનમાળી શેઠે સ્વામીની વાત સહર્ષ સ્વીકારી લીધી. આ પછી શેઠની સાથે પુરાણી સ્વામી ભણનારા સંતોને સાથે લઈ વાવરડાથી ભાચા પધાર્યા. મંદિરનું કામ શરુ કરાવ્યું. વનમાળી શેઠ જરૂરી પૈસા ભગવાન શેઠને આપી પોતે મુંબઈ ગયા.

ગુમડાની પીડા મટી

એક બાજુ ભાચા મંદિરનું કામ શરુ થયું, બીજી બાજુ પુરાણી સ્વામીને આચાર્યશ્રીનો પત્ર આવતા વડતાલ જવાનું થયું ને મંદિરનું કામ સાધુ ધર્મવલ્લભદાસજીએ સંભાળ્યું.

પુરાણી સ્વામી કાશીથી બે ત્રણ મહિને ભાચા આવ્યા, ત્યાં તો મંદિર ચણાઈને તૈયાર થઈ ગયું હતું. માત્ર ઉપર માળવાનું કામ બાકી હતું. આથી પુરાણી સ્વામીએ ભગવાનજી શેઠને બોલાવી કહ્યું, 'કાલે સવારે વરણનો સરસામાન લેવા જાફરાબાદ જવાનું છે. માટે ગાડાની વ્યવસ્થા કરો ને તમે પણ તૈયાર રહેજો.'

'સ્વામી ! મારે પગે મૂંઢ ગૂમડું થયું છે ને પગમાં પીડા થાય છે, એટલે મારે બદલે ઉનાવાળા નંદલાલ મેઘજીને સાથે લઈ જાવ તો સારું.' સ્વામી કહે, ' નંદલાલ ને તમારે બન્નેને આવવું પડશે.' 'સ્વામી ! આપ આગ્રહ કરો છો પણ મારાથી ચલાય એમ નથી. પગ મટાડી દો તો મારે આવવામાં કોઈ વાંધો નથી.'

સ્વામી કહે, 'આ તો ભગવાનનું કામ છે. શ્રીજી મહારાજ એક રાતમાં તમને આરામ કરી દે તો પછી તમારે શું વાંધો છે ? ઝાઝો માલસામાન લેવાનો છે એટલે લાકડાનાં માપતોલમાં અને હિસાબમાં તમારું બન્નેનું કામ પડે. નહિ તો હું આગ્રહ ન કરું.' આમ વાત કરી સહુ છૂટા પડ્યા. ભગવાનભાઈને પાછલી રાતે સ્વપ્નું આવ્યું ને તેમાં બાલસ્વરુપ ઘનશ્યામ મહારાજનાં દર્શન થયાં. પોતે પ્રભુનાં ચરણસ્પર્શ કરવા દોડ્યા અને પ્રભુની મનોહર મૂર્તિ પાછળ ત્રણ પ્રદક્ષિણા ફર્યા પણ પ્રભુને પકડી શક્યા નહિ. મૂર્તિ અદૃશ્ય થઈ ગઈ ને પોતે જાગી ગયા. જ્યાં તપાસ કરે છે ત્યાં તો ગૂમડું ફૂટી ગયેલું ને દુઃખાવો સાવ બેસી ગયો ને શાંતિ થઈ ગઈ. વહેલી સવારે પુરાણી સ્વામીને સ્વપ્નની સઘળી વાત કરી ને સાથે જાફરાબાદ જવા તૈયાર થયા. શેઠે ભાતું ભેળું લીધું. વહેલી સવારે ત્રણ ગાડાં રવાના થયાં

પંખી ઊડે ત્યાં પાણી હોય !

પુરાણી સ્વામી અને ભગવાનભાઈ જાફરાબાદથી સરસામાન લઈ પાછા વળ્યા. ઉજ્જડ અને ડુંગરાળ વગડા સોંસરા રસ્તે ત્રણેય ગાડાં ચાલ્યાં જાય છે.

આગલા ગાડામાં પુરાણી સ્વામી ભગવાનને સંભારી માળા ફેરવે છે. સ્વામી દેવપ્રસાદદાસજી ભક્તચિંતામણિના કંઠસ્થ પ્રકરણો બોલે છે. પાછલા ગાડામાં નંદલાલભાઈ ને ભગવાનદાસ બેઠા છે. બપોરનો સમય છે. માથે વૈશાખનો સૂર્ય સખત તપી રહ્યો છે. ગરમ ગરમ લૂ અકળાવી જાય છે. ભગવાનશેઠને ખૂબ તરસ લાગી હોવાથી હવે ગળામાં સોસ પડવા લાગ્યો. અંતરમાં પાણીનો પોકાર ઊઠ્યો.

પુરાણી સ્વામીનું ગાડું ઉભું રખાવી ત્યાં પાણી માટે પૂછાવ્યું. પણ સંતોએ પોતાની સાથે પાણીનું વાસણ નહોતું લીધું. પુરાણી સ્વામીએ શેઠ પાસે જઈને કહ્યું, 'કેમ શેઠ ! બહુ તરસ લાગી છે ?' શેઠ કહે, 'વાત પૂછો મા, થોડી તરસ હતી ને એમાં વળી ટીમણ કર્યું એટલે તરસ વધારે લાગી ને જીભમાં લોચા વળે છે ને ગળું સૂકાય છે.' શેઠને થતું કષ્ટ જોઈ પુરાણી સ્વામીએ શ્રીજી મહારાજને યાદ કરી એ દયાળુ અંતર્યામીની અંતરમાં પ્રાર્થના કરવા માંડી. પછી કહ્યું, 'ભગવાનભાઈ ! આ ધારના પેટાળમાં થોડે દૂર પક્ષીઓ બોલે છે ત્યાં પાણી હશે. તમે મહારાજને સંભારીને ત્યાં જાવ ને પાણી પીતા આવો.' એમ કહી તેઓશ્રી પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યા.

તૃષાતુર ભગવાનભાઈ સ્વામીના વચનમાં વિશ્વાસ રાખી લોટો લઈને એ તરફ ગયા. ત્યાં નાનકડા નહેરામાં પાણીનો વીરડો જોવામાં આવ્યો. હર્ષભેર શેઠ લોટો ભરી રૂમાલથી ગાળીને પાણી પીધું ને લોટો પણ ભરી લીધો.

પુરાણી સ્વામીને તો હરિજયંતીનો ઉપવાસ હતો એટલે મહારાજની મૂર્તિનું ચિંતવન કરવા લાગ્યા. થોડીવાર થઈ ત્યાં નંદલાલે સાદ કરીને શેઠને બોલાવ્યા, 'અહીં સૂકા વગડામાં આવા સખત ઉનાળામાં પાણી ક્યાંથી હોય ? ત્યાં ખાલી ખોટી થાવ મા ને પાછા આવતા રહો.'

થોડીવાર થઈ ત્યાં તો શેઠ સામેથી આવતા દેખાયા.મોં પર હાસ્ય ને હાથમાં પાણી ભરેલો લોટો. આવતાની સાથે જ એમણે સહર્ષ કહ્યું, 'સ્વામીએ બતાવ્યું ત્યાં નાનો એવો પાણીનો વીરડો હતો ને તેમાં તાજું પાણી ભર્યું હતું. મેં તે પીધું ને જુઓ આ લોટો પણ તમારા માટે ભરતો આવ્યો છું.'

આ જોઈ નંદલાલને તો નવાઈનો પાર ન રહ્યો. એને વાત માનવામાં ન આવી પરંતુ પાણીનો લોટો ભરેલો હતો એટલે એણે કહ્યું, 'ભાઈ, હું અહીં ઘણું રખડ્યો છું. મેં તો અહીં કોઈ દિવસ પાણી ભાળ્યું નથી ને તમે આ પાણી લાવ્યા ક્યાંથી? ચાલો મને પાણી બતાવો, હું તમારી સાથે પાણી પીવા આવું.'

બન્ને જણે જ્યાં પાણી હતું ત્યાં તપાસ કરી પણ વીરડાનું નામ નિશાન જોવા

ન મળ્યું. બન્નેને આમ આંટા મારતા જોઈ પુરાણી સ્વામીએ એમને સાદ કરી પાછા બોલાવ્યા ત્યારે કહ્યું, 'તમે વાણિયા વેવલા બહુ હો, નાની વાતમાં વાર બહુ લગાડો.'

નંદલાલે કહ્યું, 'સ્વામી મારેય પાણી પીવું છે.'

'હવે અહીં પાણી કેવું ? એ તો ભગવાનભાઈને ભગવાને પાણી પાયું. હવે ગાડામાં બેસી જાવ અને લોટામાંથી પીવું હોય તો પી લ્યો.'

શેઠિયા ગાડામાં ગોઠવાયા ને ગાડાં ચાલતાં થયાં. ભાચા આવી મંદિર માળીને ઉપર નળિયા ઢાંકી દીધાં. સુંદર સિંહાસન કરાવી મંદિરનું ભર્યું કરવાની તૈયારી કરવા માંડી. મુંબઈથી વનમાળી શેઠ પણ આવી ગયા. પુરાણી સ્વામીના આશીર્વાદથી એમને ત્યાં પુત્રનો જન્મ થવાથી એમના અંતરમાં આનંદ ઉભરાતો હતો.

સદ્‌ગુરુ સ્વામી બાલમુકુંદદાસજીના વરદ હસ્તે મૂર્તિપ્રતિષ્ઠા કરાવી આખું ગામ જમાડ્યું. શેઠે પોતાના પુત્રને પૂજય બાલમુકુંદદાસજી સ્વામીના હાથે વર્તમાન ધરાવી કંઠી બંધાવી ને પુરાણી સ્વામીએ એનું 'શાંતિલાલ' નામ પાડ્યું.

કુંવરોને તડકે તપ કરાવ્યું

એક વખત પુરાણી સ્વામી ગાડું જોડાવી માણસા આવી રહ્યા હતા. પાર્ષદ જેરામ ભગત મૂર્તિનાં કીર્તનો બોલતા હતા ને પુરાણી મહારાજ ધ્યાનથી સાંભળતા હતા. એવામાં આગળ જતાં રામલીલાવાળાનું ગાડું ભેળું થયું. એનો કલબલાટ સાંભળીને સ્વામીએ એમને પૂછ્યું, 'ક્યાં જાવો છો ?' ગાડાવાળો કહે, 'આ માણસા ગામના દરબારોએ અમને તેડાવ્યા છે તે ત્યાં આજ રાતે રામલીલા કરવા જઈએ છીએ.'

આ વાત સાંભળી પુરાણી મહારાજના દિલમાં થોડું દુઃખ થયું ને મનમાં થયું કે ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર વાલેરા વરુના આ ગામમાં બધા દરબારો સત્સંગી છે અને તેમાં વળી આ રામલીલા કરાવે એવો કોણ જાગ્યો ?

સ્વામી મંદિરમાં આવ્યા ત્યાં દરબાર ભાયાભાઈ મહારાજ પાસે માળા ફેરવતા હતા. સ્વામીએ ઠાકોરજીનાં દર્શન કર્યાં. દરબાર સ્વામીને દંડવત કરવા માંડ્યા ત્યારે સ્વામીએ પૂછ્યું, 'આ રામલીલાવાળાને અહીં કોણ તેડી લાવ્યું ?'

'માબાપ, મને ખબર નથી.' દરબારે સ્પષ્ટતા કરતાં કહ્યું.

આથી સ્વામીએ કુંવરોને બોલાવ્યા. એ આવ્યા અને દંડવત્ કરીને પાસે બેઠા. એટલે એમનેય સ્વામીએ પૂછ્યું, સ્વામીનો પ્રશ્ન સાંભળી કુંવરો પરસ્પર એકબીજા સામું જોવા લાગ્યા. એમના માથા શરમથી ઝૂકી ગયાં.

કોઈ કશું બોલ્યા નહિ એટલે પુરાણી સ્વામીએ જરા કડક થઈને કહ્યું, 'આવી કમત કોને સૂઝી ? કેમ બોલતા નથી?'

એક કુંવરે ભૂલનો એકરાર કરતા કહ્યું, 'સ્વામી અમારી ભૂલ થઈ ગઈ. અમારા કહેવાથી એ આવ્યા છે, હવે એને વે'તા કરી દઈએ.'

'ભગવાન રામચંદ્રજી, માતા જાનકીજી તથા અન્ય અવતારો અને ભક્તોનો વેશ પહેરી આ લોકો એમની નકલ કરે, ચાળા પાડે એ કેટલું બધું અજુગતું કહેવાય? ભાંડ-ભવાઈ જોવાની શ્રીજી મહારાજે મનાઈ કરી છે અને તમે સામેથી નોતરું આપી બીજાને આજ્ઞાભંગ કરાવો છો?'

'સ્વામી અમારી ભૂલ થઈ, હવે પછી આવું નહિં કરીએ. આપ અમને માફ કરો. આપ જે સજા કરો તે અમને મંજૂર છે.' સ્વામી કહે, 'તમે હાથમાં માળા લઈ તડકે ઊભા ઊભા ભજન કરો.'

કુંવરોએ તડકે ઊભા રહી ભજન કર્યું. પછી સ્વામીએ એમને છાંયે બોલાવી લીધા અને રામલીલાવાળાને બોલાવીને કહ્યું, 'આ ગામ તો અમારુ સત્સંગી છે. માટે કોઈ દરબાર જોવા આવશે નહિં.'

ગામમાં વાત પ્રસરી ગઈ, પ્રજા પણ જોવા આવી નહિં. રામલીલાવાળામાં અંદરોઅંદર કલેશ થયો. સામસામા બાઝયા અને પછી બધો સામાન મેલી ભાગી ગયા. એમાંથી નગારું આ પ્રસંગની સાક્ષીરૂપે હજુ પણ માણસા મંદિરમાં છે.

ભલાને ભગત બનાવ્યો

પુરાણી સ્વામી ગોપીનાથદાસજી ઉચ્ચ કોટિના વિદ્વાન સંતપુરુષ હતા. વિદ્વાન ને સમજુ શ્રોતાની સમક્ષ તત્ત્વજ્ઞાનની અતિ સૂક્ષ્મ બાબતોનું સુંદર નિરુપણ કરનાર પુરાણી સ્વામી ભલાભોળા ગ્રામજનો વચ્ચે પણ ભારે સહજતાથી સરળ અને સાદી ભાષામાં કથાવાર્તા કરી એમનાં દિલ જીતી લેતા, એ એમની વિશેષતા હતી.

ગામડાંનો કે મેલાઘેલા ગ્રામજનોનો એમને અણગમો નહોતો, બલ્કે આવા નિર્દોષ ને વિશ્વાસુ લોકો વચ્ચે એમને અદકેરો આનંદ આવતો.પુરાણી સ્વામીને બાબરિયાવાડ દેશ ફરવાનો વારો આવેલ, ત્યારે પોતે ગામડાં ફરતા. ભગતના સમઢિયાળામાં ભાયાભાઈના આગ્રહથી થોડું વધુ રોકાયા હતા. એ વખતે આ ગામનો ભરવાડ ભલો રાતે સભામાં કથાવાર્તા સાંભળવા આવતો.

પુરાણી સ્વામી ગ્રામજનોને સમજાય ને રસ પડે એ રીતે છંદ, સવૈયા અને દુહા બોલી ભગવાનની વાતો કરતા. ભલાને દુહા ઘણા આવડતા. એટલે એક દિવસ

ભલે સ્વામીને કહ્યું, 'સ્વામી, હું દુહો બોલું ?'

પુરાણી સ્વામીએ ખુશીથી હા પાડી એટલે ભલે કાને હાથ રાખીને દુહો લલકાર્યો—

'સો પાડમાંથી સાંઠ, ખાધા ખાંતે કરી

ચાલીશને મારી લાત, ભાંગીને ભૂકો કર્યો.'

પુરાણી સ્વામીએ હસતાં હસતાં કહ્યું, 'તું તો બહુ સારો દુહો બોલ્યો, પણ આનો અર્થ તને આવડે છે.' 'ના મા'રાજ, હું તો બોલી દઉં, ક્યો તો બીજો બોલું?'

'ના, જો સાંભળ ! માણસની જિંદગીના સો વર્ષ ગણાય. એમાંથી ૬૦ વર્ષ સુધી ખૂબ લહેર કરીને ધાર્યું કર્યું પણ પછી તો ગઢપણમાં માન ઘટવા લાગે, ધાર્યું થાય નહિ, ઘાટ તો ઘણાય ઘડે પણ એકેય પાર પડે નહિ ને ભાંગીને ભૂકો થઈ જાય.'

ભલો કહે, 'હા માબાપ ! સંસારમાં તો એવું જ છે.'

સ્વામી કહે, 'પણ ભગવાન ભજવામાં લાભ છે.'

એક દિવસ ભલો તિલક ચાંદલો કરીને આવ્યો એટલે પુરાણી સ્વામીએ કહ્યું, 'ભલા, તું તો મોટો ભગત છો ?'

'ના મા'રાજ, હું મોટો ભગત નથી, મોટો ભગત તો ભગવાન છે.'

આ સાંભળી પુરાણી સ્વામી તથા બીજા હસી પડ્યા ને સ્વામીએ કહ્યું, 'ભલા, ભગવાનને ભગત ન કહેવાય. ભગત તો ભગવાન ભજે એને કહેવાય.'

આ ભલો સંતોના યોગથી સારો ભગત થયેલો. દરરોજ મંદિરે દર્શને આવતો ને સંતો માટે દૂધનો લોટો ભરી લાવતો.

રામકીની રામ કહાણી

એક વખત સમઢિયાળા ગામમાં ઠાકોરજીના ઉત્થાપન પછી રાવલ નદીએ નહાવા જતી વખતે પુરાણી સ્વામી ગામને ચોરે દર્શને ગયા. ત્યાં એક બાવાજીને બેઠેલા દેખ્યા. એથી એને 'જય સ્વામિનારાયણ' કહ્યા એટલે બાવાએ બે હાથ જોડીને સામે નમસ્કાર કર્યા ને સ્વામીને આવકાર આપ્યો.

પુરાણી સ્વામી આમ સ્વભાવે આનંદી એટલે થોડીવાર બાવાજી સાથે વિનોદમાં વાતચીત કરી. ત્યારે બાવાજીએ કહ્યું, 'સ્વામીજી ! ગત સાલ મેં ઈધર આયા થા તબ ગાંવ કા ઉત્સાહ અચ્છા થા. જ્યાદે લોગ ઈધર આતે થે, મગર ઈસ સાલ બહોત કમ ઈનેગીને આદમી આતે હૈ !'

'એસા ક્યોં હો ગયા ?' સ્વામીએ પૂછ્યું.

'અરે સ્વામીજી ! તબ તો સાથ મેં રામકી થી, અચ્છા ગાના ગાતી થી,

ઈસલિયે સારા ગાંવ ઉમટ આતા થા.'

'રામકી કો સાથ મેં ક્યો નહિ લાયે ?'

'ક્યા બતાઉં સ્વામીજી ! શિવરાત કે મેલે મેં હમ ગયે થે. ઉધર દૂસરે મહાત્મા કે મૂંહ કી માયા લગી. મૂજે છોડકર ચલી ગઈ.' 'યહ તો બહુત બૂરા હુઆ !'

'ઈસમેં બુરા ક્યા ? ઈસ સાલ મૈં શિવરાત કે મેલે મેં જાઉંગા ઓર દૂસરે કી રામકી ઊઠા લાઉંગા.'

આવી વાત સાંભળી સ્વામી હસ્યા ને બાવાને આ ઉંમરે હવે રામકીમાં નહિ પણ રામમાં જોડાવાનું તાન રાખવા સદ્‌બોધ આપ્યો. બ્રહ્મચર્યનું મહત્ત્વ સમજાવી સાધુના ધર્મ સમજાવ્યા ને પછી સ્વામી સંતો સાથે નદીએ ન્હાવા ગયા.

સંતના આ વચન બાવાનાં મનમાં ઊતરી ગયાં. પછી તો એ સ્વામિનારાયણ મંદિરે સ્વામી પાસે આવવા લાગ્યો. બધા ફેલ છોડી ભગવાનનું ભજન કરી જીવન સાર્થક કરવાનું એણે નિયમ લીધું.

પશુ તણી પંક્તિ મેલાવી

સમઢિયાળા ગામના હરિભક્તોના આગ્રહથી પુરાણી સ્વામી વખતોવખત પધારતા અને કથાવાર્તા કરી સહુને સત્સંગનું બળ પ્રેરતા. ભાયા ભગત આહિર પરિવાર તેમજ કોરાટ પટેલ પરિવારને તો પુરાણી સ્વામી ઉપર અનન્ય પૂજ્યભાવ હતો.

ઠાકોરજી જાગ્યા પછી સ્વામી રાવળ નદીએ નહાવા જતા હતા. ચોરાના પગથિયા પાસે ગાય બાંધેલ જોવામાં આવી અને ઉપર જોયું તો એક બાવાજી બેઠેલા અને એના પડખામાં નાનો કૂતરો સૂતેલો. થોડેક દૂર એક બકરું બેઠેલું ને ચોરાને થાંભલે એક વાંદરો બાંધેલો. આ બધું જોઈ આનંદી પુરાણી સ્વામી ચોરાના પગથિયાં ચડી ઉપર આવ્યા એટલે બાવાએ 'આઈએ મહારાજ' એમ કહી આવકાર આપ્યો.

'જે નારાયણ' કહી સ્વામી નજીક ગયા ત્યાં તો ખાટી વાસ આવી ને સ્વામીની નજરે એક કૂંડું ચડ્યું. એમાં ખાટી છાસ, રોટલાનાં બટકાં અને વાસી ખીચડી પડ્યાં હતાં અને એની આ બદબૂ હતી. સ્વામીએ હસતાં પૂછ્યું, 'મહાત્મા યે ક્યા હે ?'

'મહારાજ યહ તો બડા અક્ષયપાત્ર હે. ઈસમેં યહ કૂત્તા ખાતા હે, બંદર ખાતા હે, બકરા ખાતા હે, ગૌમાતા ખાતી હે ઔર હમ ભી ખાતે હૈં.' આમ કહી એણે કૂતરા તરફ જોઈને કહ્યું, 'બોલો કુત્તા રામ રામ.' એટલે કૂતરાએ ઊંચું મોઢું કરીને ઉવાં ઉવાં કર્યું, બકરાએ પણ બેં બેં કરીને અને ગાયે ભાંભરીને બાવાજીના આદેશનો

અમલ કર્યો. આ બધું જોઈને સાથેના સંતો હરિભક્તો હસી પડ્યા પણ પુરાણી સ્વામીએ ગંભીર બની બાવાજીને ટકોર કરતા કહ્યું, 'આપ તો મહાત્મા હો. પ્રભુને કૃપા કરકે માનવ બનાયા, મગર આપ તો પશુ કી પંક્તિ મેં મિલ ગયે. માનવ ઔર પશુ કા ધર્મ અલગ હૈ, ખાના અલગ હૈ, સદાચાર પાલન કરના હી ચાહિયે.'

પુરાણી સ્વામીએ અનુકંપાભરી વાણીમાં સદાચારનો એવો બોધ દીધો કે આ બાવાને સંતનાં વચન આરપાર ઊતરી ગયાં અને બાવાનું માનસ પલટાઈ ગયું. એણે પેલું અક્ષયપાત્ર ફેંકી દીધું. ગાય બ્રાહ્મણને આપી દીધી. બકરું ભરવાડને દઈ દીધું. કૂતરો ને વાનરને છોડી મૂક્યા. હાથમાં માળા લઈ લીધી અને ભજનસ્મરણ શરુ કરી દીધું. થોડા દિવસ ચોરામાં ભજન કર્યું. ગામને પણ એના વિષે ભાવ થયો. લોકો ખાવાનું આપી જવા લાગ્યા. અમુક સમય પછી આ બાવાજી ત્યાંથી બીજે ચાલ્યા ગયા.

આવતે ભવ તમારો અવતાર આવે !

એક સમયની વાત છે. સમર્થ સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી જૂનાગઢ મંદિરના મહંતપદે બિરાજમાન હતા. પુરાણી સ્વામી ગોપીનાથદાસજી એમની સહાયતામાં હતા.

આ અરસામાં એક રમૂજી પ્રસંગ બન્યો.

એક મધિયો મધ વેચવા માટે જૂનાગઢ મંદિરમાં આવ્યો અને મંદિરના ચોકમાં ઊભો રહી "મધ લ્યો, મા'રાજ ! મધ લ્યો, તાજું ચોખ્ખું મધ લ્યો..." એમ ઊંચેથી બોલવા માંડ્યો.

નારાયણદાસજી સ્વામીએ પુરાણી સ્વામીને કહ્યું, "પુરાણી ! આપણે માંદા-સાજા સાધુ માટે મધની જરૂર છે, માટે તમે જાવ, ખાતરી કરી અને મધ ખરીદી લ્યો."

પુરાણી સ્વામી સભા-મંડપમાંથી ઊઠી, પગથિયા પાસે ઊભા રહી, સાન કરી મધિયાને પાસે બોલાવ્યો.

મધિયો પાસે આવ્યો. પુરાણી સ્વામીએ મધનો ભાવ પૂછ્યો.

મધિયાએ મધનો ભાવ જણાવ્યો.

પુરાણી સ્વામીએ પૂછ્યું, "એલા, મધિયા ! તારું આ મધ બનાવટી તો નથીને ?"

મધિયાએ કહ્યું, "મા'રાજ ! ઠાકર દ્વારે તમારા જેવા સાધુમા'રાજની પાસે મારે ખોટું ન બોલાય. આ મધ સાવ સાચું છે. ગીરના જંગલમાંથી તાજું ઊતારીને

લાવ્યો છું.'' પુરાણી સ્વામીને મધિયા હાર્યે રમૂજ કરવાનું સૂઝ્યું. સ્વામી કહે, ''મધિયા ! કોઈ વેપારી પોતાના માલને મોળો કહે નહિ !''

મધિયાએ કહ્યું, ''મા'રાજ ! આ ગરીબ માણસના બોલ્યામાં વિશ્વાસ રાખો. મધમાં જરાય બનાવટ નથી.''

સ્વામીએ કહ્યું, ''પણ મધિયા ! અમને કેમ ખાતરી થાય ?''

મધિયાએ કહ્યું, ''બોલો, મા'રાજ ! તમારે શું ખાતરી જોઈએ છે ?''

સ્વામીએ સહેજ હસીને કહ્યું, ''મધિયા ! તું તારી મેલડી માના સમ ખાઈને કહે કે, આ મધમાં બનાવટ નથી, તો હું માનું.''

પુરાણી સ્વામી અને મધિયાનો રસપ્રદ સંવાદ ચાલી રહ્યો હતો. આસપાસ કેટલાક સાધુ અને પાળાઓ પણ ભેગા થઈ ગયા હતા.

મધિયો બોલ્યો, ''મા'રાજ ! મારાથી મેલડીના સમ ન ખવાય, મારી મેલડી ખીજાય તો મારી આડી, વાડી, ઘોડી ઉજ્જડ કરી નાખે.''

પુરાણી સ્વામીએ કહ્યું, ''જો તું સમ નહિ ખા, તો અમે તારું મધ લેવાના નથી.''

મધિયાએ કહ્યું, ''મા'રાજ ! મેલડીના સમ રહેવા દ્યો. હું બીજા સમ ખાઉં અને ખાતરી આપું.'' પુરાણી સ્વામીએ કહ્યું, ''ભલે, તું ગમે તે સમ ખાઈને કહે કે, આ મધમાં કાંઈ ભેળસેળ નથી.''

મધિયો ઠાવકું મોઢું રાખીને બોલ્યો, ''મા'રાજ ! જો મારા આ મધમાં કાંઈ ભેળસેળ હોય, તો મને મારી મેલડી આવતે ભવ તમારો અવતાર આપે.''

મધિયાના સમ સાંભળી બધા સ્તબ્ધ થઈ ગયા અને ખડખડાટ હસી પડ્યા.

પુરાણી સ્વામીએ પૂછ્યું, ''એલા, મધિયા ! તું જોતો ખરો, અમારે સોનાના કળશવાળા મંદિર છે, રહેવા માટે રાજભવન જેવી ધર્મશાળા છે, રોજ લાડવાની રસોઈઓ છે, હજારો લોકો માને છે, પૂજે છે. તેં અમારામાં એવું શું દુઃખ ભાળ્યું કે અમારો અવતાર આવે, એવા સમ ખાધા ?''

મધિયો હસતો હસતો બોલ્યો, ''મા'રાજ ! તમારી બધી વાત સાચી પણ તમે નહિ માના, નહિ બાપના, તમારે નહિ બૈરાં, નહિ છોકરાં, તમારે નહિ સગાં, નહિ સાંઈ, આ કાંઈ ઓછું દુઃખ કહેવાય !''

મધિયાની વાત સાંભળી ફરીથી બધા હસવા માંડ્યા.

પુરાણી સ્વામીએ કહ્યું, ''જુઓ તો ખરા ! આ મધિયાનો જીવ ! ઘાસના કૂબામાં રહેનારો, જીવડાં મારી પેટ ભરનારો, આભને અજવાળે ખાનારો, એને સંસારમાં કેટલું સુખ મનાયું છે અને ભગવાનને ખોળે કેટલું દુઃખ માને છે. આ

ખાખરાની ખીસકોલી આંબાના રસને શું જાણે !"

સ્વામીએ હસતાં હસતાં મધ લીધું. રૂપિયા, દાણા-પાણી આપી મધિયાને રાજી કર્યો. મધિયો મધ આપીને જતો રહ્યો, પરંતુ પુરાણી સ્વામી અને મધિયાના સંવાદની સુગંધ કાયમ માટે રહી ગઈ.

બલઢે પાલી

ઊના પાસે ફાટસર ગામ આવેલું છે. આ ગામમાં પહેલેથી જ ઘણો સારો સત્સંગ છે. અહીં એક જૈન વણિક રહેતા હતા. મોતીચંદ શેઠ એનું નામ હતું.

એકવાર મોતીચંદ શેઠ અતિ આનંદમાં ગાંડા થઈ ગયા હતા.

પુરાણી સ્વામી ગોપીનાથદાસજીએ પોતાની આગવી સૂઝ અને કૃપાથી એમને સાજા કરેલા.

બાબત એમ બનેલી કે આ મોતીચંદ શેઠે પોતાના ખેતરમાં તલ વાવેલા.

સારી જમીન, સારી ખેડ્ય, સારું ખાતર ને પૂરતું પાણી, જેને લીધે તલના છોડ ભારે જોર કરી ગયા.

પાક એવો સારો આવ્યો કે જોનાર ઘડીભર દંગ રહી જાય.

શેઠ રોજ ખેતરે જાય. તલ જોઈને મનમાં હરખ ન માય.

શેઠને તલના છોડમાં રૂપિયા દેખાવા લાગ્યા. તલના ભાવ પણ રોજ રોજ વધતા રહેતા. તલ પાકવા આવ્યા, શેઠે હિસાબ માંડ્યો 'બલઢે પાલી.' એક રાત્રે એણે ગણતરી કરી. ખેતરમાં આટલી ઓળ, ઓળમાં આટલા છોડ અને છોડે પાલી એટલે આટલા તલ થાવા જોઈએ ! એમાં ફેર નહિ.

બસ આમ વિચાર કરતા કરતા એમનું મગજ ચસકી ગયું. પછી તો જે સામે મળે એને કહે 'બલઢે પાલી'. શેઠ દોડાદોડ કરે. ક્યાંય જંપીને ન બેસે. કુટુંબીજનો મૂંઝાઈને રુમમાં પૂરે. કેટલાય ઉપાય કરે પણ ફેરફાર ન થયો. મોતીચંદ શેઠને આ ગાંડપણમાં ચારપાંચ માસ થઈ ગયા. એવામાં પુરાણી સ્વામી ફાટસર પધાર્યા. ભવાન પટેલે સ્વામીને વાત કરી.

"સ્વામી ! ગામના મોતીચંદ શેઠ સ્વભાવે ભલા છે પણ હમણા હમણા ચાર છ મહિનાથી એમને શું ગાંડપણ વળગ્યું છે કે 'બલઢે પાલી, બલઢે પાલી' એમજ બોલ્યા કરે છે. આપ કૃપા કરો તો શેઠને સારું થાય."

શેઠના પરિવારજનોએ પણ સ્વામીને અનુગ્રહ કરવા વિનંતી કરી.

સ્વામી શેઠને ત્યાં પધાર્યા અને જય સ્વામિનારાયણ કહ્યા.

શેઠે કહ્યું, 'બલઢે પાલી.'

સ્વામીએ શેઠ ઉપર પ્રસાદીનું પાણી છાંટ્યું અને પૂછ્યું, 'શેઠ કેમ છો ?'

શેઠે કહ્યું, 'બલઢે પાલી, એમાં ફેર નહીં.'

સ્વામીએ ભારે કુનેહપૂર્વક શેઠ સાથે વાત કરી. શેઠ, તમારી વાત સાચી છે 'બલઢે પાલી.'

આજ સુધી લોકો શેઠની મજાક કરતા હતા. આજ પ્રથમવાર પોતાની વાતમાં સંમતિ મળતી જોઈ શેઠ સ્વામીની સામે જોઈ રહ્યા. સ્વામીએ પણ શેઠ સામે અનુગ્રહભરી નજર કરી. સ્વામી બીજે દિવસે પણ શેઠ પાસે પધાર્યા અને પૂછ્યુ, 'કેમ શેઠ, ઠીક છે ને ?' શેઠને તો એક જ રટણ હતું. શેઠ બોલ્યા, 'બલઢે પાલી.'

સ્વામીની સાથેના હરિભક્તોને થાય કે શેઠની વાત સાંભળી હસવું કે શેઠની દયા ખાવી !

પુરાણી સ્વામીએ પોતાની આગવી તર્કબુદ્ધિથી કહ્યું, 'શેઠ ! હમણાં મુંબઈથી તાર આવ્યો છે, તમને એની કાંઈ ખબર છે કે નહિ ?'

શેઠ કહે, 'ના ના, શું તાર છે ?'

સ્વામી કહે 'તલની બજાર બેસી ગઈ છે, તલના ભાવ સાવ ગગડી ગયા છે, તલ તો બજારમાં હાડ હાડ થયા છે અને કોઈ મફતમાંય રાખતું નથી.'

શેઠને આ વાત સાંભળતાં મનમાં ઊંડી ચોટ લાગી. એના મગજમાં આંચકો લાગ્યો. શેઠના મોઢામાંથી આઘાતમાં અને આઘાતમાં શબ્દો નીકળ્યા, 'હેં.'

સ્વામી કહે, 'હા.'

આ જ સમયે આશ્ચર્ય સર્જાયું. આ આંચકાને લીધે શેઠનું મગજ ઠેકાણે આવી ગયું. શેઠના ઉન્માદપણાનો ઉભરો બેસી ગયો. સંકલ્પો વિરામ પામી ગયા ને તૂર્ત જ આરામ થઈ ગયો.

ધ્યાનમૂર્તિ સંત

અમરેલી જીલ્લાના વાંકિયા ગામે અનેક મુક્તાત્માઓ પ્રગટ થયા છે. વ્યાસ વૈજનાથજી મહારાજ એમાંના એક હતા. તેઓ ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર હતા.

તેમને ત્યાં હરિકૃષ્ણ નામે પુત્ર થયા. તેઓ પણ ખૂબ જ સારા ભક્ત હતા. દેવરાજ બાપા ઠુંમર જેવા એકાંતિક ભક્તોનો સમાગમ કરીને તેઓ સત્સંગમાં ખૂબ જ બળિયા થયા હતા. હરિકૃષ્ણભાઈને ત્યાં નરભેરામભાઈ નામે પુત્ર થયા. નરભેરામભાઈ પુરાણી સ્વામી ગોપીનાથદાસજીના પૂર્ણ કૃપાપાત્ર અંતેવાસી હતા.

પુરાણી સ્વામી નરભેરામને પોતાની સાથે રાખીને સંસ્કૃતનો અભ્યાસ કરાવતા હતા.

નરભેરામની ઉંમર નાની હતી. સ્વામી એમને રસોઈ કરતા શીખવતા. દૂધમાં સુખડી કરી ડબરો ભરી આપે. આ રીતે પુરાણી સ્વામીએ નરભેરામને ત્રણ વર્ષ સાથે રાખી સંસ્કૃતમાં તૈયાર કર્યા.

ત્યાર બાદ સ્વામીએ એમને જૂનાગઢ ભણવા મોકલ્યા. નરભેરામભાઈએ સ્વામીની કૃપાથી એ જમાનામાં બી.એ.નો અભ્યાસ પૂરો કર્યો. સ્વામીએ ભલામણ કરીને એમને સારી નોકરીએ પણ ચઢાવ્યા.

નરભેરામભાઈ કવીશ્વર ત્રિભુવનભાઈ વ્યાસ તથા કલેક્ટર શ્રી વસંતભાઈ દવેના સસરા થતા હતા. નરભેરામભાઈને પુરાણી સ્વામી સાથે ભારે આત્મબુદ્ધિ હતી. તેઓ નાના હતા ત્યારે પુરાણી સ્વામીની સાથે ગામડે ફરતા. એ વખતના કેટલાક પ્રસંગોને યાદ કરતા નરભેરામભાઈ ગદ્‌ગદ્‌ થઈ જતા હતા.

નરભેરામભાઈ કહેતા, કે અમે ગામડાઓમાં ઠાકોર જાગ્યા પછી સ્વામીની સાથે નદીએ સ્નાન કરવા જતા. સ્વામી સ્નાન-શૌચાદિકથી પરવારી નદીના રેતીના પટમાં ધ્યાન ધરવા બેસતા. નદીનો પ્રવાહ વહેતો હોય, ચારે બાજુ હરિયાળી છવાયેલી હોય, શાંત વાતાવરણ હોય અને સ્વામી મહારાજનું ધ્યાન ધરતા હોય, આ દર્શન જ કોઈ અલૌકિક લાગતું. પુરાણી સ્વામી ધ્યાનના જબરા અભ્યાસી હતા. તેઓ જ્યારે મહારાજની મૂર્તિને હૃદયમાં ધારીને ધ્યાન કરતા હોય ત્યારે એમનાં મુખારવિંદ ઉપર અલૌકિક આભા પથરાઈ જતી.

સ્વામીની આ ધ્યાન સમાધિનું દર્શન જ ખૂબ અદ્‌ભૂત રહેતું. સ્વામી સ્થળ-સમયનું ભાન ભૂલીને મહારાજની મૂર્તિમાં લીન થઈ જતા. એમનાં મુખારવિંદ ઉપર અલૌકક શાંતિ અને પ્રસન્નતા પથરાયેલા રહેતા.

નરભેરામભાઈ કહેતા, ધ્યાન-માનસી પૂજા તો બધા કરતા હોય પરંતુ પુરાણી સ્વામીની ધ્યાન-મુદ્રા સર્વથા જુદી તરી આવતી. દર્શન કરનારને સ્વામી મહારાજની મૂર્તિમાં નિમગ્ન છે એવી અનુભૂતિ થયા સિવાય રહેતી નહોતી.

કરુણામૂર્તિ સંત

ભક્તરાજ નરભેરામભાઈએ પુરાણી સ્વામીના કરુણામય સ્વભાવનો એક પ્રસંગ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજને કહ્યો હતો.

એક સમયે પુરાણી સ્વામી બાબરીયાવાડ દેશમાં ફરી રહ્યા હતા. સ્વામી

કોઈ ગામડામાં પધાર્યા હતા. ગામમાં ચોરાની બાજુમાં નાનકડું મંદિર હતું. સ્વામી મંદિરમાં ઊતર્યા હતા.

રાત્રિનો સમય હતો. હરિભક્તો સ્વામીના મુખેથી કથા-વાર્તાનું શ્રવણ કરી પોતપોતાને ઘરે ગયા. એવામાં મોડી રાત્રે મંદિરથી થોડે દૂર ચોરાને પછવાડે કોઈ ગરીબ વિધવા બાઈ રુદન કરી રહી હતી. સાથે નાના નાના છોકરાઓ પણ રડી રહ્યા હતા. વાત એમ હતી કે, આ ગરીબ બાઈને કાંઈ ખાવાનું મળ્યું નહોતું. એના છોકરાઓ ભૂખે ટળવળતા હતા અને રડતાં હતાં.

ગરીબ બાઈ બાળકોને સમજાવીને સૂવડાવવા મથતી હતી, પણ ભૂખ્યાં બાળકો માનતા નહોતા. 'મા ખાવા દે, મા ખાવા દે' કહીને રડ્યા કરતા હતા.

આખરે જનેતાનો જીવ, તેથી ભૂખ્યા બાળકોનું આક્રંદ બાઈથી સહન થઈ શક્યું નહિ. બાઈ પણ ધ્રૂસકું મૂકીને રડવા માંડી.

આ રુદનનો અવાજ પુરાણી સ્વામીને કાને પડ્યો. પુરાણી સ્વામીએ નરભેરામને જગાડ્યા અને કહ્યું, 'નભુ ! જો તો કોઈ દુખિયારી બાઈ અને એના છોકરાં રડી રહ્યા છે.' રાત્રિના શાંત વાતાવરણમાં રુદનની સાથે, 'મા ખાવા દે' એ શબ્દો સ્પષ્ટ સંભળાતા હતા. તેથી સ્વામીએ કહ્યું, 'નભુ ! આ ગરીબ પરિવાર ભૂખ્યો લાગે છે. આપણે એને કંઈક ખાવાનું આપવું જોઈએ.'

પુરાણી સ્વામીએ રસોડામાં તપાસ કરી, પણ જમવાનું કંઈ હતું નહિ. એટલામાં પુરાણી સ્વામીને યાદ આવ્યું અને બોલ્યા, 'નભુ ! મેં તને સુખડીનો ડબરો ભરી આપ્યો છે. તે લઈને તું જા અને પેલી બાઈને આપી આવ. હું તને કાલે બીજી સુખડી બનાવી દઈશ.'

આટલું કહી સ્વામીએ મંદિરની ખડકી ખોલી સતેજ કરેલું ફાનસ નરભેરામને સોંપ્યું . સ્વામી મંદિરના દરવાજે ઊભા રહ્યા. નરભેરામભાઈ એક હાથમાં ફાનસ અને બીજા હાથમાં સુખડીનો ડબરો લઈ ચોરાને પછવાડે જ્યાં પેલી ગરીબ બાઈનું ઘર હતું ત્યાં ગયા.

નરભેરામભાઈએ રડતી બાઈના હાથમાં સુખડીનો ડબરો સોંપ્યો અને કહ્યું કે 'બહેન ! સ્વામીએ આ પ્રસાદની સુખડી મોકલી છે, તારા છોકરાને જમાડ.'

આમ, અડધી રાત્રે આ ભૂખ્યા પરિવારને સુખડીનું ભોજન મળ્યું એટલે આખો પરિવાર રાજી રાજી થઈ ગયો. બાઈને તો એમ જ લાગ્યું કે, ખરેખર આ તો આભમાંથી મારો પ્રભુ જ ઊતર્યો છે.

છોકરાઓ તો સુખડીનો પ્રસાદ મળતાં રાજીના રેડ થઈ ગયા. બાઈના

અંતરમાંથી આશીર્વાદના ઉદ્‌ગાર સર્યા, 'ભાઇ, તમે કોણ છો એની અમને ખબર નથી, પણ તમે અમારી આંતરડી ઠારી, તમારી આંતરડી મારો ઠાકોર ઠારશે.'

દુખિયારી બાઈના પરિવારની આંતરડી ઠારીને નરભેરામભાઇ પાછા મંદિરે આવ્યા. કરુણામૂર્તિ સંત પુરાણી સ્વામી નરભેરામભાઈની રાહ જોતા ખડકીયે જ ઊભા હતા.

નરભેરામભાઈએ સ્વામીને બધી હકીકત જણાવી, ત્યાર પછી સ્વામી શયન કરવા પધાર્યા. જાણવા જેવી બીના તો બીજે દિવસે બની. મધ્યરાત્રિએ બાઈ માણસનો આર્તનાદ આ રીતે લક્ષ્ય દઈને સંભળાયો એના પ્રાયશ્ચિતરુપે પુરાણી સ્વામીએ આખો દિવસ ઉપવાસ કર્યો.

દુખિયારાઓના દુઃખોને દૂર કરવાની દયામય દૃષ્ટિ અને સાથોસાથ સાધુઓના ધર્મ વિશે પુરાણી સ્વામીની જાગૃતિ અજોડ હતી.

સ્વામીની કરુણા, સ્વામીનો ઉપવાસ અને દુખિયારી બાઈના આશીર્વાદ નરભેરામભાઈના અંતરમાં કાયમને માટે કોતરાઈ ગયા.

જ્યારે જ્યારે કુદરતી આપત્તિઓનો સમય આવતો ત્યારે ભગવાન સ્વામિનારાયણના આદેશોને અનુસરીને આ કરુણામૂર્તિ સંત દીનદુઃખીયાઓ અને આપત્તિગ્રસ્તોની ભાવથી સેવા કરતા.

વિક્રમ સંવત્‌ ૧૯૫૬માં છપ્પનિયો દુષ્કાળ પડ્યો, ત્યારે સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીએ જૂનાગઢ મંદિરમાં દુકાળગ્રસ્તોને જમવા માટે રસોડું ખોલાવ્યું હતું. પુરાણી સ્વામીએ એ પ્રસંગે રસોઈ કરવી તેમજ ભૂખ્યાઓને ભોજન કરાવવું વગેરે કાર્યોમાં રાત-દિવસ ખડે પગે રહીને સેવા બજાવી હતી.

સેવામૂર્તિ સંત

ભક્તરાજ નરભેરામભાઈ આ સેવામૂર્તિ સંતનો પોતે અનુભવેલો એક બીજો પ્રસંગ કહેતા.

પુરાણી સ્વામી મહાન વિદ્વાન હોવા છતાંય અતિ સીધું -સાદું જીવન જીવતા અને નાનામાં નાની સેવામાં સતત પ્રવૃત્ત રહેતા.

નરભેરામભાઈ કોલેજમાં અભ્યાસ કરતા હતા. એક વાર તેઓ વેકેશનમાં પોતાને ઘેર વાંકિયા આવ્યા. ત્યારે જાણવા મળ્યું કે પુરાણી સ્વામી ચાડિયા ગામે મંદિર કરાવે છે, એથી તેઓ ત્યાં સ્વામીના દર્શને ગયા.

મંદિરમાં સુથારી કામ ચાલતું હતું. લાકડાં વેરાતા હતા. આશ્ચર્યની વાત એ

હતી કે એક બાજુ સ્વામી અને બીજી બાજુ વેરણીયા સામસામે કરવત ખેંચતા હતા.

નરભેરામભાઈ તો સ્વામીને કરવત વેરતા જોઈ આભા જ બની ગયા. મનમાં થયું, 'અરે ! આ કેવા મોટા સંત લાકડા વેરવાનું કામ કરી રહ્યા છે !'

મહિમા અને અહોભાવથી નરભેરામભાઈ સ્વામીને દંડવત કરવા લાગ્યા.

સ્વામીએ નરભેરામભાઈ સામે દૃષ્ટિ કરી અને વ્હાલથી બોલ્યા, 'એલા નભુ ! તું આવી ગયો !'

નરભેરામભાઈ કહે, 'હા સ્વામી ! વેકેશન પડ્યું એટલે ઘરે આવ્યો હતો, ત્યાં સાંભળવા મળ્યું કે, આપ ચાડિયા પધાર્યા છો એટલે દર્શને આવ્યો છું.'

આટલું કહીને નરભેરામભાઈ બોલ્યા, 'સ્વામી! તમારે બદલે મને લાકડા વેરવા દ્યો.' પુરાણી સ્વામી હસ્યા અને બોલ્યા, 'નભુ ! તું બ્રાહ્મણનો દીકરો, તને કલમ ચલાવતા આવડે, કરવત ચલાવતા ન આવડે.'

નરભેરામભાઈએ આગ્રહ કર્યો એટલે સ્વામીએ હસતા હસતા કરવતનો છેડો નરભેરામભાઈના હાથમાં આપ્યો અને બોલ્યા, 'લે, કરી લે અખતરો.'

હવે, નરભેરામભાઈના બાપદાદાની જિંદગીમાં કોઈ દિ' કોઈએ કરવત હાંકવાનું કામ કર્યું હોય એવું જોયું નહોતું. નરભેરામભાઈ તો મહિમાબુદ્ધિથી સ્વામીને વિસામો દેવા માગતા હતા. નરભેરામભાઈએ કરવત હાથમાં લીધી. પણ બ્રાહ્મણના દીકરાથી કાંઈ કરવત ચાલે ! એટલે કરવત આમથી તેમ ફગવા માંડી.

પુરાણી સ્વામી એ જોઈને હસવા માંડ્યા. એટલામાં કોઈ હરિભક્ત આવ્યા. એટલે સ્વામીએ એને કહ્યું, 'તું આ બ્રાહ્મણના છોકરાના હાથમાંથી કરવત લઈ લે અને વેરણીયાને લાકડાં વેરવામાં મદદ કર.'

હરિભક્તે નરભેરામભાઈના હાથમાંથી કરવત લઈ લીધી અને લાકડું વેરવા લાગ્યા. લાકડું વેરતા વેરતા લાકડાના વેરથી ખરડાયેલી સ્વામીની સેવામય મૂર્તિ નરભેરામભાઈના હૃદયમાં કાયમ યાદ રહી ગઈ.

ભગવાન સ્વામિનારાયણની બલિહારી છે. એમણે મહાસમર્થ સિદ્ધ સદ્‌ગુરુઓને પણ નાનામાં નાની સેવા કરતા કરી દીધા હતા.

ભગવાન સ્વામિનારાયણનું સૂત્ર છે, 'સેવા એ જ મુક્તિ છે.'

પરંતુ માણસોને એના માન અને મોટાઈ સેવા કરવામાં આડા આવે છે અને નીચી ટેલ કરતા શરમ અને સંકોચ અનુભવે છે, જ્યારે ભગવાન સ્વામિનારાયણના મહાન સંતો નાનામાં નાની ટેલ ચાકરી ભારે ઉત્સાહથી કરે છે. એમને કોઈ જાતનો સંકોચ ક્યારેય નડતો નથી.

ક્ષમામૂર્તિ સંત

એકવાર વાંકિયાના ભક્તજનોના આગ્રહથી પુરાણી સ્વામી અમરેલીથી વાંકિયા પગપાળા જઈ રહ્યા હતા. સાથે બે સાધુ ને એક પાર્ષદ હતા. ગાવકડા થઈ શેત્રુંજી નદી ઊતરી એક ખેતરમાં ચાલતી કેડીએ ચાલ્યા જતા હતા.

એ વખતે ખેતરના માલિક આહીરે એમના રસ્તાને આંતરી પૂછ્યા વિના પારકા ખેતરમાં કેમ ચાલ્યા ? એમ કહી એક એક લાકડી મારી અને થોડીવાર રોકી સંતો પાસે ખડ વઢાવ્યું.

પુરાણી સ્વામી શરીરે કદાવર અને બળવાન હતા. સાથે બે યુવાન સંતો હતા. જો ધાર્યું હોત તો એ ત્રણેયે થઈને પેલા અડબંગ આહીરની પૂજા કરી હોત, છતાં પુરાણી સ્વામીએ સાધુભાવે આ બધું સહન કર્યું ને સાથેના સંતોનેય ધીરજ બંધાવી.

ખડ વઢાઈ ગયા પછી પેલા અડબંગે રજા આપી, ત્યારે પુરાણી સ્વામી વાંકિયા આવ્યા. રાતે કથાવાર્તા કરી સહુને ખૂબ રાજી કર્યા. બીજે દિવસે ત્યાંથી પુરાણી સ્વામી પીઠવાજાળ ગયા.

વાંકિયાના હરિભક્તોને ખબર પડી કે અડબંગ આહીરે સીમમાં સંતોને હેરાન કર્યા હતા. આથી હરિભક્તો પીઠવાજાળ પુરાણી સ્વામીના દર્શને આવ્યા અને કહ્યું, ‘સ્વામી તમે તો અમને આ બાબતની જાણ પણ ન કરી ?’

આ સાંભળી હસતા હસતા પુરાણી સ્વામીએ કહ્યું, ‘હશે ભાઈ, એમાં શું વાત કરવાની હોય ? હાલ્યા કરે. મોટા સંતોએ માર ખાઈને જ આ સત્સંગ પ્રવર્તાવ્યો છે. આ પ્રસાદી અમારા ભાગમાં આવી અને શ્રીજીની આજ્ઞા પણ પાળી એ કાંઈ થોડી વાત છે, ભગવાન એનું ય ભલું કરશે.’

આ સાંભળી જીવા પટેલે કહ્યું, ‘સ્વામી એમાં એનું શું સારું થશે ?’ ત્યારે કોઈકે મર્મ કરતા કહ્યું, ‘એ અનાડીને દીકરોય ક્યાં છે?’

એ સાંભળી ક્ષમામૂર્તિ પુરાણી સ્વામી બોલી ઊઠ્યા, ‘તો તો મહારાજ એને ચાર પુત્રો આપે.’

હરિભક્તો તો આ સાંભળી વિચાર કરતા થઈ ગયા. અવળાઈ ઉપર આવો અનુગ્રહ અને આવી કરુણા.

આ ક્ષમામૂર્તિના અશીવાર્દથી પેલા આહીરને ત્યાં ચાર પુત્રો થયા અને સંતના આવા અનુગ્રહ પછી ઘણો પશ્ચાતાપ થયો.

લાલજીને લખેસરી કર્યા

પુરાણી સ્વામી ગોપીનાથદાસજી પ્રત્યે તરઘરી દેવળિયાના હરિભક્તોને ભારે પૂજ્યભાવ હતો. પુરાણી સ્વામી જામનગર બાજુ આવે એટલે હરિભક્તોના આગ્રહથી તેઓશ્રી તરઘરી દેવળિયા થોડા દિવસ રોકાતા ને કથાવાર્તા કરી સહુને રાજી કરતા.

એક વખત પુરાણી સ્વામી અત્રે પધાર્યા ત્યારે અહીંના મકનજી શેઠ પોતાના નાના પુત્રને પુરાણી સ્વામી પાસે લાવ્યા. સાકરનો પડો ને નાળિયેર સ્વામી પાસે મૂકી પુત્રને વર્તમાન ધરાવવા ને નામ પાડી આપવા વિનંતી કરી. વર્તમાન ધરાવી કંઠી પહેરાવી અને ભગવાનની યાદી આપે એવું 'લાલજી' નામ રાખવા કહ્યું ને આ સમર્થ સંતે ભવિષ્યવાણી ભાખી કે 'આ લાલજી વેપાર ઉદ્યોગમાં ભારે હોશિયાર થશે ને સત્સંગની સારી સેવા કરી તેનો પ્રચાર પણ કરશે.' આ સાંભળી શેઠ ભારે રાજી થયા.

સાચા સંતોના હૃદયમાંથી નીકળેલી વાણી ફળે છે. સમય જતાં આ લાલજી શેઠ આફ્રિકા ગયા અને ત્યાં જ વસવાટ કર્યો. અહીં પોતે કેનિયા, નાઈરોબી, ટાંઝાનિયા, લીંડી વગેરે શહેરોમાં સારો વેપાર વિકસાવ્યો.

તેમજ સાથોસાથ સત્સંગનો પ્રચાર પણ કરતા રહ્યા. અત્રે ધંધાર્થે વસેલા ગુજરાતી, કાઠિયાવાડી ને કચ્છી હરિભક્તોને ભેળા કરી શ્રી પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળની સ્થાપના પણ કરી અને ધૂન, કીર્તન, ભજન, સ્મરણ ને કથાવાર્તા દ્વારા સત્સંગ પ્રચારનું કાર્ય પણ શરુ કર્યું.

સમય જતાં આ લાલજી શેઠે ભારે પ્રયાસો કરી નાઈરોબી ખાતે સને ૧૯૪૫માં સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કર્યું, જે વિદેશની ધરતી પર થયેલ સ્વામિનારાયણ સંપ્રદાયનું પ્રથમ મંદિર બની રહ્યું.

તેનો મહોત્સવ પણ આ શેઠના શુભ હસ્તે ઉજવાયો.

સમય જતાં લાલજી શેઠ ૧૯૫૪માં નાઈરોબીથી લીંડી જઈ વસ્યા ને ત્યાં પણ સત્સંગની પ્રવૃત્તિઓ કરી. દારેસલામમાં પણ મંદિરની પ્રેરણા આપી. ત્યાં ૧૯૫૭માં દેવનો પ્રતિષ્ઠોત્સવ તેમણે અપૂર્વ ઉત્સાહ સાથે ઉજવ્યો હતો. આ રીતે પુરાણી સ્વામીની ભવિષ્યવાણી સાચી પડી.

સને ૧૯૭૦માં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ પ્રથમ આફ્રિકા પધારેલા, ત્યારે પ. ભ. લાલજી શેઠ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજને સંતમંડળ સાથે લીંડીમાં પોતાના

વિશાળ ફાર્મમાં તેડી ગયા હતા અને સત્સંગનો સારો લાભ લીધો હતો.

ઈ.સ.૧૯૮૪માં આ નાઈરોબી મંદિરનું નવનિર્માણ કરી મંદિરના પ્રમુખ શ્રી દેવશીભાઈ ધનજીભાઈ વેકરિયાની આગેવાની નીચે પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળે હાલ નવ્ય ભવ્ય વિશાળ મંદિર બાંધ્યું છે.

ગોંડલ મંદિરનો વિકાસ

ગોંડલના ગુણિયલ રાજવીઓમાં સદ્‌ગુરુ રામાનંદ સ્વામીના સમયમાં સત્સંગ થયેલો. દરબાર દેવાજી બાપુએ ગોંડલમાં ધામધૂમથી સુંદર હરિમંદિર કરાવ્યું ને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના હસ્તે શ્રીજીની સુંદર ચિત્રપ્રિતમા પધરાવી. હાલ ગોંડલમાં નાની બજારમાં જે શિખરબંધ મંદિર છે તે સં ૧૯૨૮માં રાજમાતા મોંઘીબાએ રાજના ખર્ચે બંધાવેલું છે. આચાર્ય શ્રી ભગવત્‌પ્રસાદજી મહારાજના હસ્તે મૂર્તિપ્રતિષ્ઠા કરાવી હતી. પ્રારંભમાં ગોંડલ મંદિરનો વહીવટ વડતાલના પાર્ષદો સંભાળતા હતા, પરંતુ ગોંડલ મંદિરનો વહીવટ સાવ ખાડે ગયો હતો.

ગોંડલ મંદિરના વહીવટની સુધારણા માટે વિક્રમ સંવત્‌ ૧૯૪૯માં આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીને ગોંડલ મંદિરનો વહીવટ સંભાળવા આગ્રહ કર્યો, પરંતુ સ્વામીએ પોતે વહીવટ ન સંભાળતા પોતાના શિષ્ય શાસ્ત્રી ધર્મતનયદાસજીને ગોંડલ મંદિરનો વહીવટ સોંપ્યો. સ્વામી ધર્મતનયદાસજીએ ભારે કુશળતાપૂર્વક લગભગ વીસ વર્ષ સુધી મંદિરનો વહીવટ સંભાળ્યો અને મંદિરને સમૃદ્ધ કર્યું.

શાસ્ત્રી ધર્મતનયદાસજી સ્વામી સં. ૧૯૬૮માં અક્ષરવાસી થયા ત્યારબાદ સ્વામી બાલમુકુંદદાસજીની આજ્ઞાથી પુરાણી સ્વામીએ ગોંડલ મંદિરનું સુકાન સંભાળ્યું. પુરાણી સ્વામીની વ્યવહાર કુશળતાને લીધે ગોંડલ મંદિરની ખૂબ જ સારી પ્રગતિ થઈ હતી, મંદિરની સમૃદ્ધિ ખૂબ જ વૃદ્ધિ પામી હતી.

પુરાણી સ્વામીએ ગોંડલ મંદિરમાં ખૂબ સુંદર ગૌશાળાનું નિર્માણ કરાવ્યું હતું તથા અન્ય અનેક નવાં મકાનોનાં નિર્માણ થયાં હતાં.

કૈલાસબાગમાં શ્રીજી મહારાજ સાત વખત પધારેલા, તે ભૂમિકા ઉપર દરબાર ભાણાભાઈએ દેરી કરાવેલી હતી. પુરાણી સ્વામીએ ડેરીને પ્રદક્ષિણા ને દંડવત્‌ સહેલાઈથી થઈ શકે તે માટે ફરતા નાનકડા ઓટાને પહોળો કરાવ્યો હતો

અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીનો મંદિરની વાડીમાં જ્યાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો છે તે મહા પ્રસાદીના સ્થળે દરબાર શ્રી સંગ્રામસિંહજીએ ઉત્તરાદા

મુખે વિમાન આકારની ડેરી કરાવી હતી અને એમાં ચરણારવિંદ પધરાવ્યાં હતાં.

પુરાણી સ્વામીએ આ અક્ષરડેરીના નાનકડા ઓટાને વિસ્તારીને મોટો કર્યો હતો. અક્ષરદેરી ખુલ્લી હતી. તેને ફરતાં પીત્તળના સળિયા નખાવી પેક કરીને એક બાજુ દરવાજો રખાવ્યો હતો.

અક્ષરડેરીને ફરતા ફૂલછોડ ને ફળાઉ ઝાડ વાવીને સુંદર બગીચો બનાવ્યો હતો. જેનાં ફળ અને ફૂલ જૂનાગઢ તેમજ મોટા મંદિરોમાં દેવસેવા માટે મોકલવામાં આવતાં.

ગોંડલ મંદિરની આ અક્ષર દેરીવાળી વાડીની દેખરેખ પુરાણી સ્વામીએ ખીમા ભગતને સોંપી હતી. ઉત્સાહી સેવાભાવી ખીમા ભગતે વાડીમાં આંબા, આંબલી, કોઠા, ગુંદા, જામફળી, લીંબુડી, પપૈયા, દાડમડી વગેરે ઘણાય ફળાઉ વૃક્ષો તેમજ શાકભાજી અને ફૂલછોડ વાવ્યા હતા.

વાડીના બગીચાને પાણી પાવા માટે કૂવાની ખાસ જરૂર હતી. પુરાણી સ્વામીએ તેમજ સ્વામી નારાયણસેવાદાસજી વગેરે સંતો-પાર્ષદોએ ખૂબ જ પરિશ્રમ કરીને કાળા પથ્થરની શિલાઓ તોડીને જાતે કૂવો ગાળ્યો હતો અને શ્રીજી મહારાજની કૃપાથી એમાં ખૂબ સારું પાણી થયું હતું.

દુર્ભાગ્યે આ મહા પ્રસાદીની વાડી અનેક રાજકીય કાવાદાવાઓને લીધે મૂળ સંપ્રદાયના હાથમાંથી નીકળી ગઈ.

સાધુતા, વિદ્વત્તા અને વ્યવહાર દક્ષતાનો ત્રિવેણી સંગમ

સાધુતા, વિદ્વત્તા અને વ્યવહાર કુશળતાનો ત્રિવેણી સંગમ ભાગ્યે જ જોવા મળતો હોય છે. પુરાણી સ્વામી સાધુતાની મૂર્તિ હતા, મહાન વિદ્વાન હતા તો સાથે સાથે એટલા જ વ્યવહારકુશળ હતા.

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી જેવા સમર્થ સંત પણ સત્સંગ અને મંદિરોના અનેક આંટીઘૂંટીભર્યા પ્રશ્નો પુરાણી સ્વામીના સાથ સહકારથી ઉકેલતા હતા.

પુરાણી સ્વામીની સાધુતા અજોડ હતી. સ્વામી ધર્મપાલનમાં ખૂબ જ ચુસ્ત હતા. ધર્મપાલનમાં સંત-પાર્ષદની સહેજ પણ કચાશ તેઓ ચલાવી લેતા નહિ. જૂનાગઢના ત્યાગી વર્ગ ઉપર સ્વામીની વિદ્વત્તા અને વર્તનનો ભારે પ્રભાવ હતો.

ધર્મપાલનમાં શિથિલ રહેનારાઓ પુરાણી સ્વામીના પુણ્યપ્રકોપને સહન કરી શકતા નહિ, એથી તેઓ ધર્મભંગ કરવામાં ભારે ડરતા રહેતા હતા.

પુરાણી સ્વામી અજોડ તપસ્વી સંત હતા. ભગવાન સ્વામિનારાયણે

સત્સંગિજીવનનાં પાંચમાં પ્રકરણમાં અનેક નાના-મોટા કઠિન વ્રતો અને તપના અનેક પ્રકારો બતાવેલા છે. જેમકે દંડ ચાંદ્રાયણ, ઋષિ ચાંદ્રાયણ, જવ ચાંદ્રાયણ, પિપીલિકા ચાંદ્રાયણ, પર્ણકૃચ્છ્ર, કૃચ્છ્રાતિકૃચ્છ્ર, પારાક વ્રત, સૌમ્ય કૃચ્છ્ર, આગ્નેય કૃચ્છ્ર વગેરે...

સત્સંગિજીવનમાં બતાવેલા આ તમામ કઠિનમાં કઠિન વ્રતો અને તપ પુરાણી સ્વામીએ પૂર્ણ શ્રદ્ધાથી કર્યા હતા. આ રીતે સત્સંગિજીવનમાં બતાવેલા બધાં જ વ્રતો કોઈ એક સંતે કર્યા હોય એવા દાખલા બહુ ઓછા મળશે.

પુરાણી સ્વામીની વિદ્વત્તા અને કથાવાર્તાથી સમસ્ત ગોંડલ ભારે પ્રભાવિત હતું. રાજના મોટા અમલદારો પણ સ્વામી પાસે સત્સંગનો લાભ લેવા આવતા.

ગોંડલના સર ન્યાયાધીશ શ્રીમાન ગણેશભાઈ તો પુરાણી સ્વામીની વિદ્વત્તા ને સાધુતાથી ખૂબ પ્રભાવિત થયા હતા. સમય હોય કે ન હોય તો પણ ગણેશભાઈ બબ્બે કલાક બેસીને સ્વામીના મુખેથી સત્સંગનો લાભ લેતા.

ગોંડલ નરેશ ભગવત્‌સિંહજીના અંતરમાં પણ પુરાણી સ્વામીની વિદ્વત્તા અને સાધુતા પ્રત્યે ખૂબ જ આદરભાવ હતો. તેઓ પ્રસંગોપાત પુરાણી સ્વામીને પોતાને બંગલે બોલાવી એમની મનનીય વાતો સાંભળી પરમ આનંદ અનુભવતા.

પુરાણી સ્વામી દરબારોના ગુરુ ગણાતા. મેંગણી દરબાર રાઘવસિંહજી, લોધિકા દરબાર શ્રીદાનસિંહજી, માખાવડના માનભા અને મુળવાજી, ખાંભાના દરબાર વિજયસિંહજી તથા નારુભા, વાગુદડ દરબાર વજેસિંહજી તેમજ ગણોદ, વાવડી, કાંગશિયાળી, ખીરસરા, પડવલા, કાળીપાટ વગેરે અનેક ગામોના દરબારો તેમજ હરિભક્તો સ્વામીના સમાગમ માટે ગોંડલ આવતા.

સત્સંગનો બહુ મોટો સમુદાય પુરાણી સ્વામી સાથે આત્મબુદ્ધિથી જોડાયેલો હતો.

પુણ્યશાળી પારેવડો

સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી ધર્મતનયદાસજી ધામમાં ગયા બાદ સ્વામી બાલમુકુંદદાસજીની આજ્ઞાથી પુરાણી સ્વામીએ ગોંડલ મંદિરોનો વહીવટ સંભાળ્યો હતો. તેઓ અવારનવાર રાજકોટ પધારતા રહેતા અને સત્સંગસમાજને કથાવાર્તાનો લાભ આપતા રહેતા હતા.

રાજકોટ ઉપરાંત આસપાસના ગામડાઓમાં પણ સ્વામીનું ખૂબ જ વિચરણ રહેતું. રાજકોટ વિસ્તારના ગામડાઓમાં દરબારો પુરાણી સ્વામીને પોતાના ગુરુ માનતા અને જેમ સ્વામી કહે તેમ કરતા હતા.

લોધિકા દરબાર શ્રીદાનસિંહજીએ પુરાણી સ્વામીને ગામડાઓમાં વિચરણ કરવા માટે બળદ સાથેનો એક એકો અર્પણ કર્યો હતો.

પુરાણી સ્વામીનું શરીર પ્રૌઢ અને સ્થૂળ હતું તેથી એકાને લીધે સ્વામીને ગામડા ફરવાનું સરળ રહેતું. એકાનો બળદ શંકરના પોઠિયા જેવો હતો. આ બળદ પારેવા જેવો ખૂબ જ સોજો અને ભલો હતો એટલે બધા એને પારેવડો કહીને બોલવતા.

આ અરસામાં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ પાર્ષદ અરજણ ભગત તરીકે સ્વામીની સેવામાં જોડાયા હતા.

અરજણ ભગત એકો હાંકતા, સાથોસાથ મધુર કંઠે કંઠસ્થ કરેલાં કીર્તનો અને પ્રકરણો બોલતા.

પારેવડાની ઉમંગ ભરેલી ચાલ અને અરજણ ભગતના કીર્તનો પુરાણી સ્વામી જેવા મહાન સંતની કૃપાનું નિમિત્ત બન્યા હતા.

શંકરની સાથે પોઠિયો પૂજાય એમ સ્વામી જયાં જ્યાં પધારે ત્યાં આ પારેવડાને પણ ભારે આદર-સત્કાર મળતા.

પુરાણી સ્વામી જે જે ગામમાં જતા ત્યાં નાના નાના હરિભક્તો તો ઠીક, ગામધણી દરબારોના દીકરાઓ પણ પારેવડાને સાચવવામાં લાગી જતા. પારેવડાને નીરણ-પાણીથી ધરવતા. પારેવડો પણ ક્યારેય ગુડિયા વાળતો નહિ, આડું તાણતો નહીં. અવસર આવે ત્યારે આજ્ઞાંકિત સેવકની જેમ દોડીને ધોંસરીને કાંધે લઈ લેતો.

પારડીના પરબતબાપા પુરાણી સ્વામીના પારેવડાના ખૂબ વખાણ કરતા.

હરિભક્તોની મહિમાબુદ્ધિ જબરી હતી. હરિભક્તો ભગવાન સ્વામિનારાયણના સંતો-પાર્ષદોનો મહિમા તો સમજતા જ, સાથે સાથે એમની સેવામાં કામ લાગતા પારેવડા જેવા પશુઓનો પણ મહિમા સમજતા. મહિમા વિનાનો સત્સંગ સાકર વગરના કંસાર જેવો છે.

પારેવડે જોડેલા એકામાં બેસીને પુરાણી સ્વામીએ રાજકોટ આસપાસના નાના મવા, ખીરસરા, વાગુદડ, વાવડી, લોધીકા, નોંઘણચોરા, મેંગણી, પડવલા, રીબ, ખાંભા, ઢોલરા, કાંગશીયાળી, પારડી, કાળીપાટ, પાડાસણ વગેરે અનેક ગામડાઓમાં વિચરણ કરેલું છે.

બળદ તો ઘણા હોય પરંતુ આ પારેવડો ખરેખર કોઈ પુણ્યશાળી જીવ હશે કે જેને પશુયોનિ હોવા છતાંય પ્રગટ ભગવાનને અંતરમાં અખંડ ધારી રહેલા પુરાણી સ્વામી જેવા મહાન સંતની સેવાનો અવસર પ્રાપ્ત થયો હતો અને પારેવડાએ એ સેવા સારી રીતે બજાવીને મોક્ષ સાધી લીધો હતો.

દરબાર દાનસિંહજી તો એકો અને પારેવડો અર્પણ કરીને પુરાણી સ્વામીનો રાજીપો મેળવી કૃતાર્થ થયા હતા, સાથે સાથે પશુયોનિમાં જન્મેલો પારેવડો પણ પુરાણી સ્વામી જેવા એકાંતિક સંતની સેવામાં આવતા ખાટી ગયો હતો અને બડભાગી બન્યો હતો. સર્વોપરી ભગવાન સ્વામિનારાયણ અને એમના સંતોનો મહિમા અપરંપાર છે. એમના યોગમાં આવેલા પશુ-પંખીના પણ ભગવાન સ્વામિનારાયણે કલ્યાણ કર્યા છે, એવા સેંકડો દાખલાઓ સત્સંગમાં પ્રસિદ્ધ છે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ ઘણીવાર પારેવડાના પ્રસંગને યાદ કરીને પોતાના પાર્ષદ જીવનના સંસ્મરણોને તાજા કરતા.

કલ્પતરુની કથા અને અલૌકિક અનુભવ

વિક્રમ સંવત્ ૧૯૭૩ની સાલ હતી. અધિક ભાદરવો માસ હતો. સદ્‌ગુરુ શ્રી બાલમુકુંદદાસજી સ્વામી ધામમાં ગયા એને થોડા મહિનાઓ વીત્યા હતા.

રાજકોટનો સત્સંગસમાજ પુરાણી સ્વામીના અમૃતવચનોનો લાભ લેવા તલસતો હતો. સત્સંગસમાજના મનમાં ઈચ્છા હતી કે આ પવિત્ર અધિક માસમાં પુરાણી સ્વામી ગોપીનાથદાસજી રાજકોટ પધારે અને હરિલીલાકલ્પતરુ ગ્રંથની કથા સંભળાવે. રાજકોટમાં સ્વામીના મંડળના જ સંત સ્વામી ધર્મવલ્લભદાસજીની કોઠારી તરીકે નિમણૂક થઈ હતી, તેથી સ્વામીને તેડાવવામાં વાતાવરણ અનુકૂળ હતું.

હરિભક્તોના આગ્રહથી સ્વામી ગોંડલથી રાજકોટ પધાર્યા.

દેવપ્રસાદ સ્વામી, નારાયણસેવાદાસ સ્વામી અને પાર્ષદ અરજણ ભગત એમની સાથે હતા. મંદિરમાં કલ્પતરુની કથાનો આરંભ થયો. મોટી સંખ્યામાં ભક્તજનો કથા સાંભળવા એકઠા થતા હતા.

પુરાણી સ્વામી કથારસ વરસાવી સર્વને રસતરબોળ કરતા હતા. સમય કેમ પસાર થઈ જતો એની પણ કોઈને ખબર રહેતી નહોતી.

કલ્પતરુની કથાને લીધે પવિત્ર પુરુષોત્તમ માસના દિવસો વિશેષ પાવનકારી થઈ રહ્યા હતા. પુરાણી સ્વામી જેવા મહાન સંતના મુખેથી કથાવાર્તા સાંભળીને હરિભક્તો પણ ધન્ય ધન્ય થઈ રહ્યા હતા.

આમ કરતા કરતા અધિક માસ પૂરો થઈ રહેવા આવ્યો. કલ્પતરુના અગિયારમા સ્કંધની કથા પૂરી થવા આવી હતી અને છેલ્લો બારમો સ્કંધ બાકી હતો.

આ અરસામાં એક દિવસ રાત્રિના સમયે પુરાણી સ્વામી પોતાનાં આસને સૂતા હતા. રાત્રિનો આશરે ત્રણેક વાગ્યાનો સમય હતો. આ સમયે પુરાણી સ્વામીને

એક અલૌકિક સ્વપ્ન આવ્યું.

સ્વપ્નમાં એમને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી અને હરિલીલાકલ્પતરુ ગ્રન્થના રચયિતા બ્રહ્મચારી મહારાજ શ્રી અચિંત્યાનંદજીના દર્શન થયાં.

પુરાણી સ્વામી અત્યંત ભાવ-વિભોર થઈ ગયા. સ્વામીએ બન્ને સદ્‌ગુરુ સંતોને વંદન કર્યાં. ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા, “પુરાણી ! ચાલો મારી સાથે, બહાર ફળિયામાં હનુમાનજીની ડેરી પાસે શ્રીજી મહારાજ તમારી રાહ જુએ છે.”

સ્વામીની વાત સાંભળતા પુરાણી સ્વામીને વિશેષ આનંદ થયો. સ્વામી બન્ને મહાન સદ્‌ગુરુઓ સાથે ચાલતા ચાલતા મંદિરની બહાર ફળિયામાં હનુમાનજીની ડેરી પાસે પધાર્યા. ફળિયામાં દિવ્ય વિમાન ઊભું હતું અને વિમાનની બહાર ભગવાન શ્રીહરિ મંદ મંદ હસતા ઊભા હતાં.

સ્વપ્નમાં આવાં દિવ્ય દર્શનથી પુરાણી સ્વામી અત્યંત ભાવવિભોર થઈ ગયા. ત્યાં તો શ્રીજી મહારાજ હસીને બોલ્યા, “સ્વામી ! ચાલો ધામમાં. અમે તમને તેડવા આવ્યા છીએ.”

મહારાજની વાત સાંભળી પુરાણી સ્વામીથી બોલાઈ ગયું, “મહારાજ ! ધામમાં આવવા માટે તો મારી પૂર્ણ તૈયારી છે, પરંતુ અહીં કલ્પતરુની કથા ચાલે છે. અગિયારમો સ્કંધ પૂરો થવા આવ્યો છે, બારમો સ્કંધ લેવા માટે માણસ જૂનાગઢ ગયો છે. આ કથા અધૂરી છે, એનું મારે શું કરવું ?” પુરાણી સ્વામીની વાત સાંભળી મહારાજ માત્ર હસ્યા.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, “મહારાજ ! આપણે પુરાણીને કથાવાર્તા દ્વારા તમારા સ્વરૂપનો મહિમા સમજાવી, હરિભક્તોને સુખ દેવા માટે મોકલ્યા છે.”

“આપના સુપુત્ર રઘુવીરજી મહારાજની ઈચ્છાથી અને અમારી આજ્ઞાથી આ અચિંત્યાનંદ બ્રહ્મચારીએ કલ્પતરુની રચના કરી છે. આ ગ્રન્થમાં આપનો સર્વોપરી મહિમા વર્ણવાયો છે, માટે આ ગ્રન્થ સર્વોપરિ છે. મહારાજ ! આ બધી વાત આપ સારી રીતે જાણો છો.”

“પુરાણી સ્વામી જેવા સંત આ ગ્રંથની કથા કરશે તો હરિભક્તોને આપનો મહિમા યથાર્થ સમજાશે અને સત્સંગમાં સમાસ થશે. માટે એ હમણાં ભલે કથા કરે. આપણે એમને પછી ધામમાં લઈ જશું.”

ગુણાતીતાનંદ સ્વામીની વાત સાંભળી મહારાજ બોલ્યા, “ભલે સ્વામી ! જેવી આપની મરજી.”

આટલું કહેતાંની સાથે જ મહારાજ અદૃશ્ય થઈ ગયા.

પુરાણી સ્વામીનું સ્વપ્ન પૂરુ થયું. ઊંઘ ઊડી ગઈ. મહારાજ અદૃશ્ય થઈ ગયા એનો પુરાણી સ્વામીને ભારે આઘાત લાગ્યો.

આઘાતમાં અને આઘાતમાં સ્વામીનો કંઠ સાવ બેસી ગયો, ગળું રુંધાઈ ગયું, વાચા બંધ થઈ ગઈ. સ્વામી બોલવા જાય તો પણ ગળામાંથી અવાજ નીકળતો નહોતો. સ્વામીએ બે-ત્રણ ખોંખારા મારી જોયા, પણ અવાજ ખૂલ્યો નહિ.

સ્વામીના મનમાં થયું, “અરે ! મહારાજ મને તેડવા આવ્યા અને આ કથા ક્યાં આડી આવી !!”

રાત્રિના સાડા ત્રણ વાગ્યા હતા. સ્વામીએ પોતાના સેવક સંત દેવપ્રસાદદાસજીને જગાડ્યા. સ્વામી કંઈક કહેવા માગતા હતા, પણ બોલી શકતા નહોતા. પુરાણી સ્વામીની આવી અવાચક સ્થિતિ જોઈને દેવપ્રસાદ સ્વામી પણ હાંફળાફાંફળા થઈ ગયા. એમણે બીજા સંતોને જગાડ્યા.

બધા સંતો સ્વામીની આસપાસ એકઠા થઈ ગયા. સ્વામી કાંઈ બોલી શકતા નહોતા. સ્વામીને શું થઈ ગયુ છે ? એ કોઈને સમજાતું નહોતું.

સ્વામીએ હાથના સંકેતથી પાણી માંગ્યુ. સેવક સંતે પાણી આપ્યું. સ્વામીએ પાણીથી કોગળા કર્યા, પણ વાચા ખૂલી નહીં.

આશરે સવારના ચાર વાગ્યાનો સમય થયો. પુરાણી સ્વામી સ્નાનાદિકથી પરવારી પૂજામાં બેઠા અને પોતાથી થયેલી ભૂલ બદલ મહારાજની પાસે મનોમન માફી માગવા લાગ્યા.

સવારની મંગળા આરતી બાદ સ્વામીનું ગળું થોડું ખૂલ્યું.

સ્વામીને થતું હતું કે, કદાચ હવે મારાથી કથા નહિ થઈ શકે !! પરંતુ ધીરે ધીરે સ્વામીનો કંઠ ખૂલવા લાગ્યો.

આખરે તો મહારાજે એમને કથાવાર્તાથી સત્સંગનું સુખ આપવા માટે જ રાખ્યા હતા....! કથાનો સમય થયો, મંદિર હરિભક્તોથી ભરાઈ ગયું. સ્વામીએ બેસી ગયેલ સાદે કલ્પતરુની કથા શરૂ કરી.

સાંભળનારા ભક્તજનોને આશ્ચર્ય થયું કે, “સ્વામીનો સાદ આમ અચાનક કેમ બેસી ગયો !”

સ્વામીએ સભામાં પોતાના રાત્રિના અનુભવની વાત કરી કહ્યું, “ભક્તો, મહારાજ મને ધામમાં તેડી જવા આવ્યા, પણ આ કથા આડી આવી એટલે મૂકીને જતા રહ્યા.”

વાત કરતા કરતા સ્વામી દિલગીર થઈ ગયા. હરિભક્તોએ કહ્યું, “સ્વામી

! તમને કથા આડી નથી આવી પણ અમને કથા સંભળાવવા માટે જ મહારાજે તમને રાખ્યા છે.'' સ્વામીએ કલ્પતરુની કથા આગળ ચલાવી. ધીરે ધીરે સ્વામીનો કંઠ ખૂલવા લાગ્યો અને આખરે ગળું પૂર્વવત્ થયું.

રાજકોટમાં કથા પૂર્ણ કરી સ્વામી ગોંડલ પધાર્યા અને મહારાજ ક્યારે ફરીથી તેડવા આવે ? તેની રાહ જોવા લાગ્યા.

ધામમાં જવાની પૂર્વ તૈયારી

વિક્રમ સંવત્ ૧૯૭૩માં ભાદરવા માસની જલઝીલણી એકાદશીનો સમૈયો કરવા પુરાણી સ્વામી, સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી, સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસજી સ્વામી તેમજ પોતાના સેવક સંતો દેવપ્રસાદદાસજી તથા પાર્ષદ અરજણ ભગત વગેરેને સાથે લઈને ગઢપુર પધાર્યા.

ગઢપુરમાં જલઝીલણીનો સમૈયો પૂર્ણ કરી પુરાણી સ્વામી સાળંગપુર પધાર્યા અને અહીંયા ભાદરવા વદી પંચમીના પવિત્ર દિવસે તેમણે આચાર્યશ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજ પાસે પોતાના પાર્ષદ અરજણ ભગતને ભાગવતી દીક્ષા અપાવી અને 'સાધુ ધર્મજીવનદાસ' નામ રાખ્યું. ત્યારબાદ સ્વામી પાછા ગોંડલ પધાર્યા. પુરાણી સ્વામી સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીની આજ્ઞાથી વર્ષોથી ગોંડલ મંદિરનો વહીવટ સંભાળતા હતા.

પુરાણી સ્વામીની કથાવાર્તા અને સમાગમથી ગોંડલના હરિભક્તોના અંતરમાં સત્સંગ ખૂબ જ સુદૃઢ થયો હતો.

પુરાણી સ્વામીની વિદ્વત્તાએ ગોંડલના બુદ્ધિજીવી વર્ગના દિલને જીતી લીધા હતા. ગોંડલના સર ન્યાયાધીશ ગણેશભાઈ જેવા વિદ્વાનો અને રાજ્યના મોટા મોટા માણસો સ્વામીનો સમાગમ કરવા આવતા.

ગોંડલ નરેશ ભગવત્‌સિંહજીના અંતરમાં પુરાણી સ્વામી પ્રત્યે ખૂબ જ આદરભાવ હતો. તેઓ પ્રસંગોપાત પુરાણી સ્વામીને આદરપૂર્વક પોતાને બંગલે પધરાવતા અને સ્વામીના મુખેથી જ્ઞાનવાર્તાનું શ્રવણ કરતા હતા.

ઉપરાંત મેંગણી દરબાર રાઘવસિંહજી, લોધિકા દરબાર શ્રી દાનસિંહજી, માખાવડનાં શ્રી માનભા તથા મુળવાજી, ખાંભા દરબાર શ્રી વિજયસિંહજી તથા નારુભા બાપુ, વાગુદડ દરબાર શ્રી વજેસિંહજી તેમજ કાળીપાટ, પાડાસણ, પડવલા, કાંગસિયાળી વગેરે અનેક ગામોના દરબારો તેમજ ગોંડલ અને રાજકોટ વિસ્તારના અનેક ગામડાઓના હરિભક્તો અવારનવાર ગોંડલ આવતા અને પુરાણી સ્વામીનો

સમાગમ કરતા રહેતા.

આ બધા જ ભક્તજનોના દિલ પુરાણી સ્વામી જેવા સદ્‌ગુરુ સાથે ભારે આત્મબુદ્ધિથી જોડાયા હતા, પરંતુ પુરાણી સ્વામીને હવે ક્યાંય ગોઠતું નહોતું.

સ્વામીએ રાજકોટમાં જે અલૌકિક પ્રસંગ અનુભવ્યો તેથી પોતે આ લોકમાંથી વિશેષને વિશેષ ઉદાસ રહેવા લાગ્યા હતા. 'મહારાજ ફરીથી ક્યારે તેડવા પધારે ?' એની આતુરતાપૂર્વક રાહ જોતા હતા અને પોતાને હવે ધામમાં તેડી જવાની શ્રીહરિને પ્રાર્થના કરતા રહેતા હતા.

પુરાણી સ્વામીના મનમાં આ લોકની વાસનાની ગંધની કોઈ સંભાવના જ નહોતી. હવે એમણે પોતાના મનમાંથી શુભ સંકલ્પોની ચાદર પણ ઊતારી નાખી હતી. સત્સંગના ઉત્કર્ષના સંકલ્પો પણ છોડી દીધા હતા.ધામમાં જવાની પૂર્વતૈયારી રૂપે ગોંડલ મંદિરના અગત્યના કાર્યો પણ એમણે ઝડપથી પૂર્ણ કરી નાખ્યા હતા.

આ રીતે સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીએ એમને સોંપેલી જવાબદારીઓ પૂર્ણ કરી લીધી હતી.

પુરાણી સ્વામી પાસે મોટા મોટા સદ્‌ગુરુઓ પાસેથી પરંપરાગત રીતે પ્રાપ્ત થયેલી શ્રીહરિની પ્રસાદીની અનેક વસ્તુઓ હતી.

પુરાણી સ્વામીએ સ્વહસ્તે કાગળ ઉપર લખાણ કરીને એ પ્રસાદીની વસ્તુઓ, માળાઓ, કંઠીઓ, ચરણારવિંદ, વસ્ત્રો વગેરે પોતાના શિષ્યો સંત-પાર્ષદોને વિતરણ કરવાની વ્યવસ્થા ગોઠવી દીધી હતી.

સ્વામીએ કાગળમાં ટાંક મારી હતી કે, આ શરીરનો અવસાનકાળ હવે નજીક છે એનો મને અણસાર આવી ગયો છે. માટે આ બધી શ્રીહરિની પ્રસાદીની વસ્તુઓ અને અન્ય પદાર્થોની નીચે પ્રમાણે વ્યવસ્થા કરી રહ્યો છું.

આમ નોંધ લખીને સ્વામીએ પોતાનાં મંડળના સર્વ સંત-પાર્ષદોનાં નામ લખ્યા અને એની સામે એને આપવાની પ્રસાદીની વસ્તુઓની યાદી લખી.

આ રીતે આખરી લખાણ તૈયાર કરી સ્વામીએ પોતાનાં મંડળના મોટેરા સંત અક્ષરપ્રિયદાસજી સ્વામીને ભલામણ કરીને કહ્યું, 'મારી પાસે જે આ સંસ્કૃતના પુસ્તકો છે, તે આ નાના સાધુ ધર્મજીવનદાસજીને આપજો. તેમની ઉંમર નાની છે પણ તે ભારે બુદ્ધિશાળી છે અને ભણે એવા છે, તેથી આ પુસ્તકો એમને ભણવામાં કામ લાગશે.'

આ રીતે નાના સંત ધર્મજીવનદાસજી ઉપર પોતાનો વિશેષ રાજીપો દર્શાવી સ્વામીએ પોતાનાં સર્વ કાર્યોને સંકેલી લીધાં.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કૂર્મનું દૃષ્ટાંત આપીને સ્થિતપ્રજ્ઞના લક્ષણ લખ્યા છે, તે રીતે સ્વામીએ પોતાનાં મનની વૃત્તિઓને પાછી વાળી લીધી.

હવે સ્વામી ઉપર ઉપરથી તેમના દેહની ક્રિયા તેમજ આવશ્યક સેવાઓ કરતા હતા, પણ અંદરથી એમનું મન તો મહારાજની મૂર્તિ સાથે જોડાઈ ચૂક્યું હતું.

માંદાઓની માવજત

વિક્રમ સંવત્ ૧૯૭૪ની સાલ હતી. ચોમાસાના દિવસો પૂરા થઈ રહ્યા હતા. અચાનક સૌરાષ્ટ્રમાં કડકડીયાનો રોગ ફાટી નીકળ્યો.

એ સમયે આજના જેવા મેડિકલ સાધનો ઉપલબ્ધ નહોતાં. કડકડીયાના વાયરસને નાથી શકાય એવી કોઈ સ્થિતિ નહોતી.

આ કડકડીયાના રોગમાં લોકોને ઝેરી તાવ ચડતો, ઝાડા - ઉલટીઓ થતી, શરીરમાં ગાંઠ્યો નીકળતી અને જોતજોતામાં માણસો મોતના મુખમાં હોમાઈ જતા.

કડકડીયાના આ ભીષણ રોગે ભારે હાહાકાર મચાવ્યો. સરકાર દ્વારા અનેક ઉપાયો કરવા છતાં રોગ કાબુમાં આવતો નહોતો.

લોકો શહેર અને ગામડાં છોડીને દૂર દૂરની સીમમાં રહેવા ચાલ્યા ગયા હતા. ગોંડલ મંદિરમાં મોટા ભાગનાં સંતો-પાર્ષદો આ ઝેરી વાયરસમાં સપડાયા હતા. માત્ર પુરાણી સ્વામી અને નાના સંત ધર્મજીવનદાસજી એમાંથી મુક્ત હતા.

કરુણામૂર્તિ સંત પુરાણી સ્વામી સ્વભાવથી જ સેવાભાવી સંત હતા. એમણે માંદાઓની સેવા કરવાની જવાબદારી ઉપાડી લીધી.

પુરાણી સ્વામી જાતે વૈદ્યોએ બતાવેલ વિવિધ ઔષધીઓને ભેગી કરી એનો ઉકાળો કરતા અને ગાળીને દેગડું ભરતા. નાના સંત ધર્મજીવનદાસજી પાસે દેગડું ઉપડાવતા અને માંદાઓને ઉકાળો પાતા. પુરાણી સ્વામીએ શહેરમાં રોગગ્રસ્ત માણસો માટે પણ બચાવની કામગીરી ઉપાડી હતી. મંદિરની વાડીમાં નાની નાની ઝૂપડી બાંધી એમાં માંદાઓને રાખવામાં આવ્યા હતા અને સ્વામી ત્યાં એમની સારવાર કરાવતા હતા. ધીરે ધીરે કડકડીયાના રોગનો પ્રભાવ ઓસરવા લાગ્યો.

પુરાણી સ્વામીની સેવાની બલિહારી કહો કે ભગવાન શ્રી હરિની કૃપાનો ચમત્કાર કહો; બાહેર મૃત્યુનું તાંડવ ચાલી રહ્યું હતું, માણસો ટપોટપ મરતા હતા, પરંતુ મંદિરનાં સંત-પાર્ષદોને કાંઈ ન થયું. માંદા પડેલા સર્વે સંત-પાર્ષદો સાવ સાજા-સારા થઈ ગયા.

આગમનાં એંધાણ

ધીરે ધીરે કડકડીયાનો રોગ જતો રહ્યો. રોગથી ઘેરાયેલા ગોંડલ શહેરને કળ વળી, પરંતુ માંદાની માવજત માટે પુરાણી સ્વામીએ રાત - દિવસ જોયા સિવાય પરિશ્રમ ઊઠાવ્યો હતો એને પરિણામે એમની તબિયત લથડવા લાગી અને શરીરમાં ઝીણો ઝીણો તાવ આવવા લાગ્યો.

પુરાણી સ્વામી સમજી ગયા કે, 'આ તાવ તો મહારાજ તેડવા આવવાના છે, એના આગમના એંધાણ સમો છે.' સ્વામીને પોતાનાં શરીરના તાવની કોઈ જ ચિંતા નહોતી. તેમનું મન તો હવે દેહ છોડીને ધામમાં જવા માટે તત્પર થઈ ગયું હતું.

એક બાજુ પુરાણી સ્વામીને આગમનનાં એંધાણ વર્તાઈ ચૂક્યા હતા, બીજી બાજુ પુરાણી સ્વામીના હૃદય સમાન મહાન સંત સદ્‌ગુરુ નારાયણદાસજી દેરડી ગામે બિરાજતા હતા. સ્વામી કૃષ્ણચરણદાસજી સ્વામી એમની સાથે હતા.

સદ્‌ગુરુ નારાયણદાસજી અને પુરાણી સ્વામી મહાસમર્થ સંત સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીના ડાબા-જમણા હાથ સમાન હતા.

પુરાણી સ્વામીએ ધામમાં જતાં પહેલા સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીને છેલ્લે-છેલ્લે મળી લેવાનો સંકલ્પ કર્યો.

એમણે નાના સાધુ ધર્મજીવનદાસજીને કહ્યું, "સાધુરામ ! તમે કાગળ, કલમ અને ખડિયો લઈ આવો, આપણે દેરડી સ્વામીને કાગળ લખવાનો છે."

નાના સંત ધર્મજીવનદાસજી બધી સામગ્રી સાથે ગુરુદેવ પુરાણી સ્વામી પાસે હાજર થયા. પુરાણી સ્વામીએ સદ્‌ગુરુ નારાયણદાસજી અને સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસજી પ્રત્યે પત્ર લખાવતા ભારપૂર્વક જણાવ્યું કે, "આ તાવ તેડવા આવ્યો છે, હવે અમે અન્નકૂટનો ઉત્સવ અહીંયા નહિ, અક્ષરધામમાં કરીશું. માટે આ કાગળ મળે એટલે ભેળું થાવું હોય તો વહેલાસર ગોંડલ પધારશો."

પુરાણી સ્વામીનો પત્ર લઈને માણસ દેરડી રવાના થયો. પુરાણી સ્વામીનો પત્ર સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીએ વાંચ્યો અને સ્વામી કૃષ્ણચરણદાસજીને પત્રની હકીકત જણાવી. બન્ને સદ્‌ગુરુ સંતોને પુરાણી સ્વામી પ્રત્યે અત્યંત હેત હતું એટલે બન્ને સંતો આશરે વીશ જેટલા સાધુઓને સાથે લઈને દેરડીથી ગોંડલ પધાર્યા. આ જ સમયે ગોંડલની ધર્મશાળાની ઓસરીમાં પાટ્ય ઉપર બેઠા બેઠા પુરાણી સ્વામી ગોંડલના સર ન્યાયાધીશ શ્રી ગણેભાઈ સાથે સત્સંગ કરી રહ્યા હતા.

તબિયતની ખબર કાઢવા આવેલા સ્વામીએ પુરાણી સ્વામીને વાતો કરતા

જોયા એટલે એમણે સહેજ હસીને સ્વામી કૃષ્ણણચરણદાસજીને કહ્યું, “જુઓ તો ખરા ! આ પુરાણી માંદગીનો કાગળ લખીને આપણને મળવા માટે ગોંડલ તેડાવે છે અને પોતે સાવ સાજા સારા હોય, એમ કથાવાર્તા કરી રહ્યા છે...!”

પુરાણી સ્વામી હસીને બોલ્યા, “સ્વામી ! કથાવાર્તા કરું છું એટલે માંદગી વિસરાય જાય છે.”

ભગવાન સ્વામિનારાયણે ગઢડા મધ્ય પ્રકરણના ૨૯મા વચનામૃતમાં ભગવાનની મૂર્તિને વિશે અસાધારણ સ્નેહ થયો હોય તેનાં લક્ષણો લખ્યાં છે. પુરાણી સ્વામીના ઉત્તરમાં એ લક્ષણ સ્પષ્ટ રીતે વર્તાઈ આવતા હતા.

પુરાણી સ્વામીની માંદગીના સમાચાર જૂનાગઢ પહોંચી ગયા હતા. જૂનાગઢથી પણ અનેક હેતવાળા સંતો ગોંડલ પહોંચી ગયા હતા.

આખરે આખરી પ્રયાણ

ધનતેરસના દિવસે પુરાણી સ્વામીના શરીરમાં તાવે જોર કર્યું.

નાના-મોટા સંતો પણ સ્વામીની સેવામાં ખડે પગે રહેતા હતા.

નાના સંત ધર્મજીવનદાસજીને સ્વામીમાં અપાર હેત હતું, એટલે એ સ્વામી પાસેથી ખસતા જ નહોતા.

ડૉ. ઉમિયાશંકરભાઈ ભારે મહિમાપૂર્વક ઘણા પ્રકારે ઉપચારો કરી રહ્યા હતા.

દેવપ્રસાદ સ્વામી પુરાણી સ્વામીને ઠંડા પાણીનાં પોતાં મૂકી રહ્યા હતા, પણ તાવ ઊતરવાનું નામ લેતો નહોતો.

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી અને સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસજી સ્વામી પુરાણી સ્વામીની પાટ પાસે જ ખુરશી ઉપર બેસી માળા ફેરવી રહ્યા હતા.

અન્ય સંતો પુરાણી સ્વામીની પાટ પાસે બેસી ધૂન-કીર્તન કરતા હતા.

ધનતેરસની રાત્રિનું અંધારું વધારે ને વધારે ઘેરું થઈ રહ્યું હતું.

પુરાણી સ્વામીએ મહારાજની મૂર્તિમાં મન જોડી દીધું હતું અને મહારાજના આગમનની રાહ જોઈ રહ્યા હતા.

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીએ સંતોને એકસાથે જાગવાને બદલે વારાફરતી જાગતા રહેવાની ભલામણ કરી અને કહ્યું, “મોડી રાત થઈ ગઈ છે, માટે હમણાં જે સંતો આવ્યા છે તે સેવામાં રહે અને અત્યાર સુધી જાગતા હતા તે સૂઈ જાય.”

આટલું કહી સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીએ નાના સાધુ ધર્મજીવનદાસજીની સામે જોયું અને બોલ્યા, ‘સાધુરામ, તમે પણ હવે સૂઈ જાવ.’

સ્વામીની આજ્ઞા થઈ એટલે નાના સંત ધર્મજીવનદાસજી પુરાણી સ્વામીની પાટથી થોડે દૂર સૂતા તો ખરા પણ ગુરુદેવમાં અપાર હેત હોવાને લીધે એમને ઊંઘ આવતી નહોતી. તેઓ થોડા આડે થયા, થોડી કાગાનિંદર આવી, ત્યાં એક આઘાતજનક સ્વપ્નએ એમની ઊંઘ ઊડાડી દીધી !

એમને સ્વપ્રમાં એવું દેખાયું કે પુરાણી સ્વામીએ દેહ છોડી દીધો છે. પુરાણી સ્વામી દેહમાંથી બહાર નીકળીને પોતાના જ શરીરની નાડી તપાસી રહ્યા છે અને પછી આકાશમાર્ગે પ્રયાણ કરી રહ્યા છે.

આવું સ્વપ્ર આવતાં જ સાધુ ધર્મજીવનદાસજી બેબાકળા થઈને બેઠા થઈ ગયા. શરીરે પરસેવો પરસેવો થઈ રહ્યો. સ્વપ્રમાં થયેલી ગુરુની વિદાયનું દુઃખ તેઓ સહન કરી શક્યા નહીં.

ઝબકીને જાગેલા ધર્મજીવનદાસજી સ્વામી આકુળવ્યાકુળ થઈને ચારે તરફ જોવા લાગ્યા તો એમને આશ્ચર્ય થયું, કારણકે સામે સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી પુરાણી સ્વામીની સાથે કાંઈક વાત કરી રહ્યા હતા.

સાધુ ધર્મજીવનદાસજીને થયું, ‘અરે ! મેં તો પુરાણી સ્વામીને ધામમાં જતા જોયા પણ સ્વામી તો હજુ હયાત છે, માટે મારા સ્વપ્રની વાત હું કોઈને કહું એ ઠીક નહીં.’ સાધુ ધર્મજીવનદાસજી આવું વિચારતા હતા એ જ સમયે સ્વામી નારાયણદાસજી બોલ્યા, ‘પુરાણી લ્યો, આ નાના સાધુ જાગી ગયા. હવે અમે સ્નાન-પૂજાપાઠ કરવા જઈએ.’

આટલું કહીને સદ્‌ગુરુ નારાયણદાસજી સ્નાન-પૂજા માટે પધાર્યા.

સાધુ ધર્મજીવનદાસજી તો હજુ વિચારમાં જ મગ્ન હતા. ગુરુ તો હજુ હયાત છે અને મને આવું સ્વપ્ર કેમ આવ્યું ?

આ બાજુ આસો વદ ચૌદશનો બ્રાહ્મમૂહુર્તનો સમય થયો હતો. ધરતી ઉપરથી ધીરે ધીરે અંધારાં ઓસરી રહ્યાં હતાં અને અજવાળાં પથરાઈ રહ્યાં હતાં.

પુરાણી સ્વામીના મંડળના મોટેરા સંત અક્ષરપ્રિયદાસજી સ્વામી વહેલા ઊઠીને ગૌશાળામાં ગાયોની સેવા કરવા પહોંચી ગયા હતા.

સ્વામી ગૌશાળામાં ગાયોને નીરણ નાંખી છાણ ભેગું કરવા લાગ્યા. એ જ સમયે એમણે આકાશમાં તેજનો લીસોટો પ્રગટ થતો જોયો.

તેજલીસોટો આકાશમાંથી ઊતરી રહ્યો હતો. નીચે ઊતરતાંની સાથે જ એણે તેજોમય ગોળાનું રૂપ લીધું. પછી એ ગોળો ગોંડલ મંદિરના વચલા શિખર ઉપર સ્થિર થયો.

સ્વામી હવે એ તેજના ગોળામાં તેજોમય દિવ્ય વિમાનની આકૃતિ સ્પષ્ટ પણે જોઈ રહ્યા હતા અને એ દિવ્ય વિમાનમાંથી ભગવાન સ્વામિનારાયણ નીચે ઊતરી રહ્યા હતા.

આવાં દિવ્ય દર્શન થતાં જ સ્વામી અક્ષરપ્રિયદાસજી પામી ગયા કે મહારાજ પુરાણી સ્વામીને ધામમાં તેડી જવા પધાર્યા છે. એમણે છાણવાળા હાથે જ ધર્મશાળા તરફ દોટ દીધી.

સ્વામી દોડતા જાય અને કહેતા જાય કે, 'મહારાજ પુરાણી સ્વામીને તેડવા પધાર્યા છે.'

આ જ સમયે પૂજામાં બેઠેલા સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીને મહારાજે તેજોમય રૂપે દર્શન દીધાં. સ્વામી તુરત જ 'મહારાજ આવ્યા, મહારાજ આવ્યા' એમ બોલતા બોલતા પૂજામાંથી ઊભા થઈ ગયા અને સેવક સંતને કહ્યું, 'તમે પૂજા સંકેલી લેજો, હું પુરાણી સ્વામી પાસે જાઉં છું.'

એક બાજુ ગૌશાળામાંથી સ્વામી અક્ષરપ્રિયદાસજી અને બીજી બાજુ આસનેથી સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી બન્ને સાથે જ પુરાણી સ્વામી પાસે પહોંચ્યા.

પુરાણી સ્વામી પાટ ઉપર પરમ શાંત મુદ્રામાં પોઢ્યા હતા. નાડી અત્યંત ધીમી થઈ ગઈ હતી. બન્ને સદ્‌ગુરુ સંતોએ પાથરેલાં પાથરણાં એકદમ એકબાજુ કર્યાં અને પુરાણી સ્વામીને ભોંય ઉપર લીધા. નાના સાધુ ધર્મજીવનદાસજી માટે આવું દૃશ્ય પહેલુંવહેલું હતું. તેઓ સાવ સૂનમૂન બનીને જોઈ રહ્યા હતા. 'શું થઈ રહ્યું છે ?' એ એમને સમજાતું નહોતું.

આખરે પુરાણી સ્વામી ધામમાં ગયા છે એ સમજ પડતાં જ ધર્મજીવનદાસજી સ્વામીની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વરસવા લાગ્યો. પોતાનાં પ્રાણપ્રિય ગુરુનો વિરહ જીરવવો એના માટે ભારે અઘરી વાત હતી.

એક બાજુ સ્વામીની અંત અવસ્થા સાંભળીને સંતો-પાર્ષદો એકદમ ભેગા થઈ ધૂન-ભજન કરવા લાગ્યા હતા.

બીજી બાજુ આભમાં પણ પ્રભાતનાં અજવાળાં પથરાઈ ગયાં હતાં.

પુરાણી સ્વામીના મુખ ઉપર અવર્ણનીય કાંતિ અને શાંતિ પથરાયેલાં હતાં. એમનું આખું શરીર તેજોમય ભાસતું હતું.

જોતજોતામાં ગોંડલમાં પુરાણી સ્વામીના અક્ષરવાસના સમાચાર વાયુવેગે પ્રસરી ચૂક્યા હતા. હરિભક્તોનો વિશાળ સમુદાય પુરાણી સ્વામીના અંતિમ દર્શન માટે મંદિરમાં ઉમટ્યો હતો.

ગોંડલ નરેશ મહારાજ ભગવતસિંહજી સ્વામીના અક્ષરવાસના સમાચાર સાંભળીને અત્યંત દિલગીર થયા અને કહેવડાવ્યું હતું કે ‘સ્વામીની પાલખીને અમારા બંગલા પાસેથી લઈ જવી, જેથી અમને સ્વામીના અંતિમ દર્શનનો લાભ મળે.’

નામદાર દરબાર શ્રી ભગવત્‌સિંહજીની ઈચ્છા અનુસાર સ્વામીની સ્મશાનયાત્રા એમના બંગલા પાસેથી નીકળી. ગોંડલ નરેશે આંખમાં આંસુ સાથે સ્વામીનાં દર્શન કર્યાં અને ભાવપૂર્ણ રીતે સ્વામીને અંતિમ વિદાય આપી.

સૌ સંતો-હરિભક્તો ધૂનભજન કરતા કરતા ગોંડલી નદીના કિનારે પહોંચ્યા. નદીને કિનારે પુરાણી સ્વામીના પાર્થિવ દેહનો તુલસી, ચંદનકાષ્ઠથી ગોઠવેલી ચિતામાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

એક બાજુ પુરાણી સ્વામીનો પાર્થિવ દેહ અગ્નિને સમર્પિત થઈ રહ્યો હતો, તો બીજી બાજુ ઉપસ્થિત સંતો-હરિભક્તોના વિશાળ સમુદાયની આંખોમાંથી અશ્રુધારાઓ વહી રહી હતી. પુરાણી સ્વામીના શિષ્ય કોઠારી સ્વામી કેશવપ્રિદાસજી સ્વામી ધ્રૂસકે ધ્રૂસકે રડતા હતા.

કેશવપ્રિયદાસજીને ધ્રૂસકે ધ્રૂસકે રડતા જોઈને સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી એકદમ ઊભા થયા, કોઠારીની પાસે આવ્યા અને એમનો હાથ પકડી આશ્વાસન આપવા ગયા. પણ ત્યાં તો સ્વામી સ્વયં ધીરજ ખોઈ બેઠા. એમને ગળે ડૂમો ભરાઈ ગયો. સ્વામી અત્યંત ગળગળા થઈ ગયા અને કાંઈ બોલી શક્યા નહીં.

સ્વામીને આમ અત્યંત દિલગીર થતા જોઈ ગોંડલ રાજ્યના કારભારી ભાણાભાઈ એકદમ સ્વામી પાસે આવ્યા અને કહ્યું, ‘સ્વામી ! તમે આમ ઢીલા પડી જશો, તો બીજાને ધીરજ કોણ આપશે ?’

ભાણાભાઈની વાત સાંભળી સ્વામી કશું જ બોલ્યા નહિ. એમણે પડખે ઊભેલા નાના સંત ધર્મજીવનદાસજીનું કાંડું પકડ્યું અને એમને ખેંચીને દૂર એક બાવળિયાના ઝાડ પાસે ઊભા રહ્યા અને ભાંગેલ હૈયે ત્યાં જ બેસી ગયા.

સ્વામીની આંખોમાંથી શ્રાવણ અને ભાદરવો વરસી રહ્યા હતા. સ્વામીને અતિ દિલગીર જોઈને ભાણાભાઈ કારભારી અને બે ચાર મોટેરા હરિભક્તો સ્વામી પાસે આવ્યા અને હાથ જોડીને બોલ્યા, ‘સ્વામી આપ આમ દિલગીર ન થાવ.’

સ્વામી થોડા સ્વસ્થ થયા. ધીરજ ધારી આંસુ લૂછ્યાં, ગળું ખંખેર્યું અને બોલ્યા, ‘ભાણાભાઈ ! તમારી વાત સાચી છે. હું ય સમજું છું કે મારે મારું મન મજબૂત રાખવું જોઈએ. પુરાણી સ્વામીને તો ભગવાન સ્વામિનારાયણ પ્રૌઢ પ્રતાપ દેખાડીને ધામમાં તેડી ગયા છે એનો શોક કરવાનો ન હોય, એમાંય આજે જ્યારે

બધાને સાંત્વના આપવાની જવાબદારી મારી છે, ત્યારે મારાથી ધીરજ ખોવાય નહિ પરંતુ સાંભળો ભાણાભાઈ ! સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી ધામમાં ગયા ત્યારે પણ હું આટલો ઢીલો થયો નહોતો, કારણ કે તે દિવસે મારી પડખે આ પુરાણી જેવા આભને ટેકો દે તેવા સંતો હયાત હતા.

પરંતુ આજે તો એય થાંભલો ભાંગ્યો, હવે આખા સત્સંગમાં નજર નાંખુ છું તો આવા આભને થોભ દે તેવા સંતોનો દુકાળ દેખાય છે. પુરાણી સ્વામી મારી જમણી ભુજા હતા, મારી હિંમત અને હૂંફ હતા, આજે એ ગયા એટલે મારી પણ ધીરજ ખૂટી ગઈ છે.'

સદ્‌ગુરુ નારાયણદાસજીના શબ્દે શબ્દે સત્સંગનું જતન કરે એવા મહાપુરુષની ખોટ્યનો શોક વર્તાતો હતો. ભાણાભાઈ સાથે વાત કરતા કરતા સ્વામી પાછા ઢીલા થઈ ગયા અને આગળ બોલી શક્યા નહીં.

પુરાણી સ્વામીનો અક્ષરવાસ ભલભલા જ્ઞાની મહાપુરુષોની પણ ધીરજ ખૂટાડી દે તેવો હતો. આખરે સદ્‌ગુરુ સ્વામી નારણદાસજીએ મન મજબૂત કર્યું. સર્વ સંતો - હરિભક્તોને ધીરજ આપી.

પુરાણી સ્વામીના મંડળના સંતોને પણ ધીરજ આપતા સ્વામીએ શિખામણના બે શબ્દો કહ્યા, ‘હવે તમે બધા સંપ રાખજો અને સ્વામી અક્ષરપ્રિયદાસજીની આજ્ઞામાં રહેજો.'

ભાચામાં ભગવાનદાસને દિવ્યરુપે દર્શન

એક સમયની વાત છે. વિક્રમ સંવત્ ૧૯૭૩ની સાલ ચાલતી હતી.

પુરાણી સ્વામી ગોંડલ મંદિર માટે ભેંસો લેવા બાબરીયાવાડ ગયા હતા અને ભગતના સમઢિયાળે રાત રોકાયા હતા. પુરાણી સ્વામીની સાથે સ્વામી દેવપ્રસાદદાસજી અને પાર્ષદ જેરામ ભગત હતા.

સમઢિયાળાથી થોડે દૂર ભાચા ગામ છે. ભાચાના શેઠ ભગવાનદાસને પુરાણી સ્વામી પ્રત્યે ભારે હેત હતું.

સ્વામી સમઢિયાળા પધાર્યા છે એ વાત માલુમ પડતાં જ શેઠ ભગવાનદાસ સ્વામીનાં દર્શન માટે સમઢિયાળા આવ્યા. એમણે સ્વામીને આગ્રહભરી પ્રાર્થના કરી કે ‘સ્વામી, આપ કોઈપણ રીતે ભાચા પધારો અને અમારા પરિવારજનો તેમજ ભાચાના ભક્તોને દર્શન આપો.

અમારા માને પણ તમારા દર્શનની ખૂબ જ તાણ્ય છે.' પુરાણી સ્વામીએ

કહ્યું, 'અમારે ગોંડલ પહોંચવાની ઉતાવળ છે, એટલે હમણાં ભાચા આવી શકાય તેમ નથી.' શેઠે ખૂબ આગ્રહ કર્યો ત્યારે પુરાણી સ્વામીએ કહ્યું, 'અમે એકવાર ચોક્કસ ભાચા આવીશું અને તમારી ઈચ્છા પૂર્ણ કરીશું.'

આ રીતે સ્વામીએ શેઠને વચન આપ્યું, ત્યારે ભગવાનદાસે આગ્રહ માંડી વાળ્યો.

બાબરિયાવાડના હરિભક્તોએ ગોંડલ મંદિરની સેવામાં સાત ભેંસો, ચાર ગાયો, બે બળદ, બે ઘોડા અને બાર ડબ્બા ઘી અર્પણ કર્યું હતું. તે લઈને પગે ચાલતા ચાલતા સ્વામી ગોંડલ પધાર્યા અને ત્યારબાદ થોડા સમયમાં સ્વામી ધામમાં પધાર્યા.

સ્વામીના અક્ષરવાસના સમાચાર ભાચા પહોંચ્યા અને એ સમાચાર સાંભળીને શેઠ ભગવાનદાસ અને એમના માતુશ્રી ભારે દિલગીર થયા. શેઠે કહ્યું, 'મા ! આપણા ગુરુ તો ભાચા આવવાનું વચન દીધું હતું તે પુરું કર્યા સિવાય ધામમાં પધારી ગયા, એમણે એમનું વચન પાળ્યું નહિ.'

માએ કહ્યું 'બેટા ! જેવી મહારાજની મરજી.' માએ પોતાના પુત્ર ભગવાનદાસને આશ્વાસન આપ્યું.

પુરાણી સ્વામીના મહિમાની વાતો કરતા કરતા મોડી રાત થઈ ચૂકી હતી. મા-દીકરાને પુરાણી સ્વામીનાં દર્શન ન થયાનો ભારે વસવસો થતો હતો. આખરે સ્વામીની વાતો કરતા કરતા જ મા દીકરો સૂઈ ગયા.

રાત્રિના ત્રણ વાગ્યાનો સુમાર થયો હતો, ત્યાં શેઠની ખડકી ખખડી અને અવાજ આવ્યો, 'ભગવાનદાસ ! ખડકી ખોલો.'

ઊંઘમાંથી અચાનક જાગેલા ભગવાનદાસ આંખો ચોળતા ચોળતા બોલ્યા, 'મા ! અવાજ તો પુરાણી સ્વામી જેવો લાગે છે.'

માએ કહ્યું 'બેટા ! સ્વામી તો ધામમાં પધાર્યા છે, માટે સ્વામી ક્યાંથી હોય ? તું ખડકી ખોલીને જોઈ લે કોણ આવ્યું છે ?' ત્યાં ફરીથી અવાજ આવ્યો, 'ભગવાનદાસ ! જાગો, ખડકી ખોલો.'

ભગવાનદાસને થયું, અવાજ તો ખરેખર પુરાણી સ્વામીનો જ છે.

આમ આશ્ચર્યમાં ગડમથલ કરતા ભગવાનદાસે ખડકી ખોલી તો સાચે જ સ્વામી સંતમંડળ સાથે ખડકીની બહાર ઊભા ઊભા મંદ મંદ હાસ્ય કરી રહ્યા હતા.

ભગવાનદાસે ખડકી ખોલી કે તુરત જ સ્વામીએ ફળિયામાં પ્રવેશ કર્યો.

આશ્ચર્યના સાગરમાં ડૂબેલા ભગવાનદાસ કાંઈ સમજી શક્યા નહિ. એ તો ગદ્‌ગદ્‌ કંઠે થઈને સ્વામીને દંડવત્‌ કરવા લાગ્યા અને બોલ્યા, 'મા ! આ તો ખરેખર

પુરાણી સ્વામી જ છે....!'

ડોશીમાના અંતરમાં પણ આશ્ચર્યનો પાર ન રહ્યો. તેઓ દૂરથી સ્વામીના દર્શન કરવા લાગ્યા. શેઠે કહ્યું, 'અરે ! સ્વામી તમે અત્યારે ક્યાંથી ?'

સ્વામી કહે, 'ભગવાનદાસ ! અમે ઘણે દૂરથી આવીએ છીએ. અમારે મંદિરમાં ઊતારા કરવા છે, તો ચાવી લાવો અને મંદિર ખોલો.'

હરખઘેલા ભગવાનદાસ ચાવી લેવા અંદર ગયા. એમના માતુશ્રીએ ઝટઝટ ચાવી આપી.

પરંતુ આ શું ? જેવા શેઠ બહાર આવ્યા, તો ન મળે સ્વામી કે ન મળે સંતો !

'સ્વામી મંદિરે રાહ જોતા ઊભા હશે !' એમ ધારી શેઠ ઉતાવળે પગલે મંદિરે ગયા. એમણે જોયું તો મંદિરની ખડકી બંધ હતી. બહાર તાળું લટકતું હતું.

શેઠે આસપાસ દૃષ્ટિ કરી પણ એમને સ્વામી કે સંતોનાં દર્શન થયાં નહિ.

ભગવાનદાસ ઘરે પાછા આવ્યા અને માને બધી જ વાત કરી.

સંતો અને મહારાજનો મહિમા જેમના હૈયામાં ભરપૂર હતો એવા માતુશ્રીએ કહ્યું, 'દીકરા !

આપણે રાત્રે સ્વામીને ખૂબ યાદ કર્યા અને સ્વામીના છેલ્લાં દર્શન ન થયાં તેનો અફસોસ કર્યો ત્યારે તું બોલ્યો હતો, કે આપણા ગુરુએ વચન પાળ્યું નહિ.

તારી વાત સાંભળીને મહારાજને થયું કે મારા સંતનાં વચન ખોટા પડે એ કેમ ચાલે ? એટલે મહારાજે સ્વામીને વચન પૂરું કરવા માટે દિવ્ય સ્વરુપે આપણે ઘેર મોકલ્યા હશે અથવા તો મહારાજ જ સ્વામીનું રૂપ ધારીને આપણને દર્શન દેવા આવ્યા હશે !'

ખરેખર પુરાણી સ્વામીનો અક્ષરવાસ અલૌકિક હતો.

પુરાણી સ્વામીનું શિષ્ય મંડળ

પુરાણી સ્વામીનું શિષ્યમંડળ ખૂબ મોટું હતું. જેમાં કેટલાય સંતો જ્ઞાની અને ભજનિક હતા. કેટલાય સંતો કથાકાર, પુરાણીઓ તથા તપ અને સાધુતાથી સમ્પન્ન હતા. પુરાણી સ્વામી સ્વયં શ્રીહરિની આજ્ઞા અને ઉપાસનામાં સારધાર હતા; પંચવર્તમાનમાં શૂરાપૂરા હતા અને પોતાના શિષ્યોને પણ એ જ રીતે વર્તાવવામાં જાગૃત હતા. કુશળ શિલ્પી સુંદર શિલ્પ કંડારે એમ એમણે પોતાના શિષ્યોનું જીવનઘડતર કર્યું હતું.

પુરાણી સ્વામીના મંડળમાં નીચે પ્રમાણે સંતો-પાર્ષદો હતા.

૧. સદ્‌ગુરુ અક્ષરપ્રિયદાસજી સ્વામી, ૨. સદ્‌ગુરુ ધર્મવલ્લભદાસજી સ્વામી, ૩. સદ્‌ગુરુ કૃષ્ણજીવનદાસજી સ્વામી(મહંત સ્વામી), ૪. સદ્‌ગુરુ પુરાણી પતિતપાવનદાસજી સ્વામી, ૫. સદ્‌ગુરુ પુરાણી વ્રજવલ્લભદાસજી સ્વામી, ૬. સદ્‌ગુરુ પુરાણી સંતવલ્લભદાસજી સ્વામી, ૭. સદ્‌ગુરુ પુરાણી માધવજીવનદાસજી સ્વામી, ૮. શાસ્ત્રી ધર્મપ્રસાદદાસજી સ્વામી, ૯. પૂજ્ય દેવપ્રસાદદાસજી સ્વામી, ૧૦. પૂજ્ય નારાયણસેવાદાસજી સ્વામી, ૧૧. કોઠારી કેશવપ્રિયદાસજી સ્વામી, ૧૨. કોઠારી કૃષ્ણવલ્લભદાસજી સ્વામી, ૧૩. કોઠારી હરિજીવનદાસજી સ્વામી, ૧૪. કોઠારી નિર્ગુણજીવનદાસજી સ્વામી, ૧૫. કોઠારી જ્ઞાનજીવનદાસજી સ્વામી, ૧૬. કોઠારી નરનારાયણદાસજી સ્વામી, ૧૭. કોઠારી કેશવજીવનદાસજી સ્વામી, ૧૮. કોઠારી નંદકિશોરદાસજી સ્વામી ૧૯. સાધુ ધર્મજીવનદાસજી સ્વામી(ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ), ૨૦. સાધુ નારાયણવલ્લભદાસજી સ્વામી, ૨૧. સાધુ ધર્મપ્રિયદાસજી સ્વામી, ૨૨. સાધુ અક્ષરપુરુષદાસજી સ્વામી, ૨૩. સાધુ જગન્નાથદાસજી સ્વામી, ૨૪. સાધુ ગિરધરપ્રસાદદાસજી સ્વામી, ૨૫. સાધુ ગોવિંદપ્રસાદદાસજી સ્વામી, ૨૬. સાધુ રામસુખદાસજી સ્વામી, ૨૭. સાધુ મોહનપ્રસાદદાસજી સ્વામી, ૨૮. પાર્ષદ રામ ભગત, ૨૯. પાર્ષદ જેરામ ભગત.

નોંધ :- ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ પાર્ષદ અરજણ ભગત તરીકે સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રી ગોપીનાથદાસજી સ્વામીની સેવામાં જોડાયા ત્યાર પછીના તમામ પ્રસંગો તેઓશ્રી પ્રસંગોપાત્ આંખે દેખ્યા અહેવાલની જેમ જણાવતા.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની પ્રકૃતિ અત્યંત ધીરગંભીર હતી, છતાં પણ તેમને ગુરુદેવ પુરાણી સ્વામી પ્રત્યે અત્યંત સ્નેહ હોવાથી આ બધા પ્રસંગો સંભારતી વખતે ગળગળા થઈ જતા. એમની વાતમાં સદ્‌ગુરુઓ પ્રત્યેનો અપાર મહિમા અને સ્નેહ નીતરતો હતો.

સાભાર વિશેષ નોંધ : જેમનાં જન્મથી જનની અને જન્મભૂમિ બન્ને પ્રસિદ્ધ બની જાય છે, એવા સંતો-ભક્તોની આ સદ્‌ગુરુ ગાથામાં આપણા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીના ગુરુ પુરાણી સ્વામી શ્રી ગોપીનાથદાસજી સ્વામીનું સંતજીવન આલેખતા હરખ અને ધન્યતાની લાગણી પ્રગટે છે.

આ સંતવર્યનાં સત્સંગ - સેવાપરાયણ જીવનપ્રસંગોને સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી ધર્મવલ્લભદાસજી સ્વામીએ ‘બ્રહ્મનિષ્ઠ સંતો’ પુસ્તકમાં આલેખ્યા છે. ત્યારબાદ પરમ પૂજ્ય પુરાણી સ્વામી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામીએ ‘પુરાણી સ્વામીનું જીવન’

લખ્યું હતું. પુરાણી સ્વામીએ લખેલ આ જીવનપ્રસંગોને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે વાંચ્યા હતા અને પુસ્તકરૂપે પ્રકાશિત કરવાની આજ્ઞા કરી હતી.

ગુરુદેવની આજ્ઞા મુજબ સ્વામી લક્ષ્મીનારાયણદાસજીએ સંકલિત કર્યા હતા અને શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ - રાજકોટ દ્વારા સંવત્ ૨૦૪૬ના રથયાત્રાના (ગુરુદેવના જન્મદિને) મંગલ દિવસે પુસ્તક રૂપે પ્રકાશિત કર્યા હતા.

'સદ્‌ગુરુ વંદના મહોત્સવ' ઉપક્રમે એ પ્રસંગોને ફરીથી સંકલિત કરીને સદ્‌ગુરુ ગાથામાં પ્રકાશિત કરતા હર્ષ અનુભવીએ છીએ.

હવે એને દસ વર્ષ પછી ધામમાં લઇ જઇશું

પુરાણી સ્વામી ગોપીનાથદાસજીના કૃપાપાત્ર શિષ્ય નરભેરામભાઈના દોહિત્ર વિમલભાઈ વી. દવેએ નરભેરામભાઈએ સ્વમુખે કહેલો એક દિવ્ય અનુભવ અત્રે લખીને મોકલ્યો છે, જે જાણવા જેવો અને માણવા જેવો હોવાથી અત્રે આપેલ છે.

મારા નાના અક્ષરનિવાસી શ્રી નરભેરામભાઈ હરિકૃષ્ણ વ્યાસ એક મળવા જેવી વ્યક્તિ હતા. ગૌર વર્ણ, સરસ ઊંચાઈ, ગરવો સુરેખ ચહેરો, સફેદ મૂંછ, માથે પાઘડી, કોટના ખીસ્સામાં ચેનવાળું સરસ ઘડિયાળ, ઘણા બધા લોકોમાં અલગ તરી આવે તેવું તેમનું વ્યક્તિત્ત્વ હતું.

તેઓ અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, હિન્દી બધી ભાષાઓ પર ભારે પ્રભુત્વ ધરાવતા. તે જમાનામાં મુંબઈની વિલ્સન કોલેજના સ્નાતક હતા.

સદ્‌ગુરુ પુરાણી શ્રી ગોપીનાથદાસજી સ્વામી સાથે દીર્ઘકાળ સુધી રહીને તેઓ ગુરુકુળ પદ્ધતિથી સંસ્કૃત શીખેલા.

મારી કિશોરાવસ્થામાં તેમની સાથે ભાવનગરમાં રોજ સાંજે ફરવા જવાનું અને તેમની વિવિધ વિષયો વિશેની વાતો સાંભળવાનું પરમ સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું.

તેઓના હૃદયમાં ભગવાન સ્વામિનારાયણની એકનિષ્ઠ ભક્તિ હતી, છતાં મહત્ત્વની વાત એ હતી કે તેઓ બધા ધર્મો પ્રત્યે ખૂબ આદર અને શ્રદ્ધા ધરાવતા હતા. અત્યારે જ્યારે હું આ વાત વિચારું છું, ત્યારે આ બાબત મને ભારે આશ્ચર્યજનક લાગે છે. મને સાથે લઈને ક્યારેક તેઓ ખ્રિસ્તી ચર્ચની પ્રાર્થનાસભામાં પણ જઈ ચડતા અને ત્યાં બધાની સાથે પ્રાર્થનામાં જોડાતા !

આવી તદ્દન ખુલ્લી, વળી વૈજ્ઞાનિક અભિગમ ધરાવતી વ્યક્તિ પાસેથી તેમના

પિતાશ્રી હરિકૃષ્ણ વૈજનાથ વ્યાસના શ્રીજી મહારાજના પરચાનો એક અનુભવ મેં અનેક વખત તેમના સ્વમુખેથી સાંભળેલો, જે અહીં ઊતારું છું.

અમરેલી જિલ્લાના વાંકિયા ગામની વાત છે. નરભેરામભાઈ કિશોર અવસ્થામાં, લગભગ ૧૫-૧૬ વર્ષની ઉંમરના હતા, ત્યારે એક વખત તેમના પિતાશ્રી હરિકૃષ્ણભાઈએ તેમને એકાન્તમાં બોલાવીને કહ્યું, "જો, તું મારો મોટો પુત્ર છો એટલે તને આ વાત કરું છું. શ્રીજી મહારાજે મને દર્શન આપી કહ્યું હતું કે, આજથી અમુક દિવસે તેઓ મને આવીને ધામમાં લઈ જશે. તારે કોઈને કહેવાનું નથી. આ તો માત્ર તને કહી રાખું છું." હરિકૃષ્ણભાઈ શરીરે તો ત્યારે સાવ નિરામય હતા, એમના નખમાં પણ રોગ ન હતો, તેથી નરભેરામભાઈએ આશ્ચર્ય સાથે ચોક્કસ દિવસ નોંધી રાખ્યો.

હરિકૃષ્ણભાઈનો કારોબાર મોટો હતો. અમુક ખેતરો ઉપરાંત ધીરધારનો પણ ધંધો હતો, જે નિમિત્તે કોર્ટ કચેરીએ પણ જવાનું થતું.

ઉપરોક્ત દિવસના આગલા દિવસે તો હરિકૃષ્ણ અદા અમરેલીની કોર્ટમાં આવા કોઈ કામે હાજરી આપવા તેમના ઘોડે ચડીને ગયા. સાંજ પડી ગઈ, અંધારું થવા લાગ્યું, પણ તેઓ આવ્યા નહીં, તેથી નરભેરામભાઈને ચિંતા થઈ.

અમરેલીના તે સમયના કાચા રસ્તે જવા માટે બે ખેતરોની વચ્ચે એક સાંકડો કેડો જતો હતો. તેના નાકે નરભેરામભાઈ ચિંતાતુર હૈયે પિતાની રાહ જોતા ઊભા રહ્યા. થોડાક સમય બાદ હરિકૃષ્ણ અદા ધૂળ ભરેલા કપડાં અને છોલાયેલા ગોઠણ સાથે ઘોડાને દોરતાં દોરતાં આવતા જણાયા.

નરભેરામભાઈએ આ વિશે પૂછતાં હરિકૃષ્ણ અદાએ કહ્યું, "ઘોડા પર બેસી એક સાંકડી નેળમાં થઈને આવતો હતો, ત્યાં સામે ભયાનક નાગ ધસમસતો આવતો દેખાયો. ઘોડો ચમક્યો, એ કૂદીને બાજુના ખેતરના શેઢાને વળોટી બીજી બાજુએ પડ્યો, તો ત્યાં કૂવો હતો. જાતવાન ઘોડો તુરત ચેતીને કૂવાની ધારે ઝાડ થઈ ગયો અને મને પાડી દીધો. હું અને ઘોડો બંને કૂવામાં જાત, પણ શ્રીહરિની અદૃશ્ય પ્રેરણાથી જાતવાન ઘોડાએ મને બચાવી લીધો. પછી ધીમે ધીમે ઊઠીને ચાલતો આવું છું."

નરભેરામભાઈને મનમાં થયું, ઘાત ગઈ. મહારાજે રક્ષા કરી, હવે વાંધો નહીં આવે. પરંતુ બીજા દિવસની સવાર પડી, રોજના ક્રમ પ્રમાણે હરિકૃષ્ણભાઈ સવારે બ્રાહ્મમૂહુર્તે ઊઠીને કીર્તન ગાતા, પરંતુ આજે મોડે સુધી ઊઠ્યા નહીં.

નરભેરામભાઈએ ઉપલી મેડીએ તેમના સૂવાના ખોરડામાં તપાસ કરી, તો

નરભેરામભાઈનું આખું શરીર ધગધગતું હતું અને તેઓ અર્ધબેભાન અવસ્થામાં હતા. નરભેરામભાઈને સ્વાભાવિક રીતે જ હરિકૃષ્ણભાઈએ કહેલો પેલો દિવસ યાદ આવી ગયો અને ભારે ચિંતા થઈ. તેઓ તુરત જ વાંકિયાના હરિમંદિરે શ્રીજી મહારાજના પરમ ભક્ત દેવરાજબાપા પાસે દોડ્યા.

દેવરાજબાપા હરિકૃષ્ણ અદાના પરમ મિત્ર હતા. નરભેરામભાઈની વાત સાંભળીને દેવરાજબાપાએ કહ્યું, "મહારાજ સમજે છે શું ? તું હજુ સાવ નાનો છે અને મહારાજ હરિકૃષ્ણને લઈ જાય તો આખા કુટુંબનું શું થાય ? ઊભો રહે, મહારાજને વાત કરું."

દેવરાજબાપા શ્રીજી મહારાજની મૂર્તિ સામે પલાંઠી વાળીને બેસી, મહારાજને મીઠો ઠપકો આપવા માંડ્યા. થોડીવાર પછી ઊઠીને બાપાએ નરભેરામભાઈને કહ્યું, "ચાલ, હરિકૃષ્ણ પાસે જઈએ."

બંને મેડી પર હરિકૃષ્ણભાઈના ઢોલિયા પાસે આવ્યા અને દેવરાજબાપાએ હરિકૃષ્ણભાઈનું બાવડું પકડી તેમને હલાવ્યા અને કહ્યું, "ઊઠો, ઊઠો !"

હરિકૃષ્ણભાઈએ આંખો ખોલી, દેવરાજબાપા સામે જોયું અને કહ્યું, "અરે ભગત ! તમે તો મારા મિત્ર કે દુશ્મન ? મહારાજ મને લેવા આવ્યા હતા પણ પછી બોલ્યા, પેલો દેવરાજ ભગત બહુ બૂમ પાડે છે અને મને ઠપકો આપે છે, માટે હમણાં નહીં, દસ વર્ષ પછી લઈ જઈશ."

આ પ્રસંગને દસ વર્ષ વીતી ગયા. નરભેરામભાઈ જૂનાગઢના એમના ઘરની અગાસીમાં પથારી કરીને સૂતાં સૂતાં આકાશના તારાઓનું દર્શન કરતા હતા, ત્યાં એક તેજસ્વી તારો ખરી પડ્યો. તુરત જ તેમને હરિકૃષ્ણભાઈની ઉપરોક્ત વાતને દસ વર્ષ પૂરાં થયાં તે યાદ આવ્યું અને ચિંતા થઈ આવી. ત્યાર પછી ખરેખર થોડાક જ દિવસોમાં હરિકૃષ્ણ અદાએ દેહત્યાગ કરી દીધો.



સદ્‌ગુરુ શ્રી નારાયણદાસજી સ્વામી

સદ્ગુરુ શ્રી નારાયણદાસજી સ્વામી

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી જેમની વાત કરતા ત્યારે અંતરના અહોભાવથી ભરાઈ જતા અને ગદ્ગદિત થઈ જતા, એવા વચનસિદ્ધ મહાપુરુષ અને સમર્થ સદ્ગુરુ નારાયણદાસજી સ્વામીના જીવન પ્રસંગોને આ સદ્ગુરુ ગાથામાં આલેખતા અને વાંચતા આપણા હૃદયમાં કૃતજ્ઞતા સાથે અહોભાવની અનુભૂતિ થાય છે.

અમરેલી જિલ્લાનું વાંકિયા ગામ મુક્તોની પ્રાગટ્યભૂમિ રહ્યું છે. આ ભૂમિને જૂનાગઢ દેશના મહાન સંતોએ પોતાના વિચરણ અને સત્સંગથી તીર્થ સમાન બનાવી છે. આ નાનકડા વાંકિયા ગામમાં સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાય અને ધર્મજગતમાં પ્રસિદ્ધ કરનારા જેટલા મુક્તો આ ગામમાં પ્રગટ્યા, તેની ગાથાઓનું આલેખન કરીએ તો એક એક મુક્ત વિષે એક એક મહાન ગ્રંથ લખાય તેમ છે.

અહીં આ સદ્ગુરુ ગાથામાં આપણે આ જ વાંકિયા ગામને પાવન કરનાર મહામુક્તોમાંથી સદ્ગુરુ નારાયણદાસજી સ્વામીના જીવન અને કાર્ય વિષે કેટલાક પ્રસંગો માણીએ.

સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના પાવન ચરણથી પવિત્ર થયેલ આ ભૂમિમાં પરમભક્તરાજ શ્રી દેવરાજબાપા ઠુંમર, વૈજનાથ મહારાજ વગેરે મહાન હરિભક્તો થયા. આ પવિત્ર વાંકિયા ગામમાં નારાયણદાસજી સ્વામીનો જન્મ ચૈત્ર સુદ ૧૦, વિક્રમ સંવત્ ૧૯૦૬ની સાલમાં થયો હતો. તેમનું બાળપણનું નામ અરજણ હતું. તેમની માતાનું નામ જશોદા હતું અને પિતાનું નામ કાળાભાઈ હતું.

બોદર પરિવારમાં ઉછરેલા અરજણને બાળપણથી સત્સંગનું વાતાવરણ પ્રાપ્ત થયું હતું.

અરજણ નામ અર્જુનમાંથી બનેલું છે, આપણી સદ્ગુરુ ગાથામાં ત્રણ ત્રણ અર્જુનની કથાઓ અને તેમના જીવનપ્રસંગોનો લાભ આપણને મળ્યો છે.

ધર્માવતાર ધર્મસ્વરુપદાસજી સ્વામીનું પૂર્વાશ્રમનું નામ અરજણ હતું.

સ્વામી નારાયણદાસજીનું પૂર્વાશ્રમનું નામ અરજણ હતું.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનું પૂર્વાશ્રમનું નામ પણ અરજણ હતું.

આ બધા અર્જુનો સદ્‌ગુરુ રૂપે પ્રગટ થઈને આપણને ભગવાન શ્રી પુરુષોત્તમ નારાયણનો ભેટો કરાવવા પધાર્યા હતા. વાંકિયા ગામના હરિમંદિરમાં સંતો અવારનવાર પધારતા. સંતોના સત્સંગની અસર આખા ગામ પર પથરાયેલી હતી. બાળકો અને યુવાનોના જીવનમાં પણ સત્સંગ અને સંતો પ્રત્યે ભારે આકર્ષણ હતું.

સવારની પૂજા-આરતી-કીર્તન-ધૂન અને પ્રસાદ માટે ઘણાં બાળકો મંદિરમાં આવતાં. સાયંકાળે પણ હરિભક્તો કીર્તનગાન-નિયમચેષ્ટા-કથાવાર્તા કરે, તેનો સૌ લાભ લેતા.

વાંકિયામાં હરિભક્ત પટેલ રાઘવભાઈ માદળિયા હતા. તેઓ રોજ સાંજે મંદિરમાં શ્રીજી મહારાજની પ્રતિમા સામે બેસીને સુંદર ઢાળ-રાગના કીર્તનોનું ગાન કરતા. એમના કંઠની મધુરતા અને ગાવાની રીત ખૂબ જ આકર્ષક હતી. રાઘવભાઈ જ્યારે મૂર્તિમાં તલ્લીન બનીને અતિ પ્રેમભાવથી કીર્તનો ગાતા હોય, ત્યારે સાંભળનારા સ્થિર થઈને ભક્તિભાવમાં લીન થઈ જતા.

અરજણને આ કીર્તનભક્તિ ખૂબ જ ગમતી. દેવરાજબાપાની પ્રેમભરી લાગણી અને આગ્રહથી અરજણ જેવા બાળકો દરરોજ સવાર-સાંજ મંદિરે આવતા અને કથાવાર્તા સાથે કીર્તનભક્તિનો લાભ લેતા.

જે બાળક નાનપણથી મંદિરે જાય, દેવદર્શન કરે, સંતો-હરિભક્તો સાથે સ્નેહભાવથી જોડાય, તેનામાં સહેજે સત્સંગના સંસ્કારો આવે. અરજણ પણ નિત્યદર્શન, સત્સંગ-કથાવાર્તાથી સત્સંગના રંગે રંગાવા લાગ્યો.

રાઘવભાઈ માદળિયાના પ્રેમભક્તિભર્યા કીર્તનોનું શ્રવણ, દેવરાજબાપાનો દરરોજનો મીઠો આવકાર અને સત્સંગ તેમજ ગામના ગોર વૈજનાથ વ્યાસ પાસેથી સ્વામિનારાયણ ભગવાનના ઐશ્વર્ય-પ્રતાપની વાતો સાંભળીને અરજણના અંતરમાં સત્સંગની સમજણ પ્રગટ થવા લાગી. ધીરે ધીરે અરજણને શ્રી સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય-સર્વોપરિ સ્વરુપમાં પાકી નિષ્ઠા થઈ અને એવા દિવ્યભાવમાં રહીને અરજણ સત્સંગ સાથે ભજન-ભક્તિ કરવા લાગ્યો. બાળપણમાં જ કોઈ પૂર્વના પુણ્યે અને સત્સંગના યોગમાં અરજણ ધર્મનિયમ પાલન, સેવા-ભક્તિ અને શ્રીજી મહારાજની અનન્ય ભાવે ઉપાસના કરવામાં જ પોતાનો સમય પસાર કરવા લાગ્યો.

દેવરાજબાપા જેવા એકાંતિક ભક્તરાજના મનમાં અરજણનાં આચરણની ભારે છાપ પડી અને તેઓ અરજણમાં રહેલા સાધુગુણોને પારખી ગયા અને એવી જ પ્રેરણા આપવા લાગ્યા. ગૃહસ્થાશ્રમમાં રહીને પણ જનક વિદેહી જેવી સ્થિતિ ધારણ કરી રહેલા દેવરાજબાપા ઠુંમરના જીવન અને ઉપદેશની અસર અરજણ જેવા મુમુક્ષુ ઉપર થયા વગર રહે ખરી ?

ગુણાતીત ગુરુના યોગમાં

જૂનાગઢ પ્રદેશના ગામડાંઓમાં શ્રીજી મહારાજના સમયથી સંતોનાં વિચરણ અને સત્સંગથી સ્વામિનારાયણ સંપ્રદાયનો ખૂબ જ પ્રચાર થયેલો છે.

સદ્‌ગુરુ રામાનંદ સ્વામી અને સહજાનંદ સ્વામીનાં જીવનકાર્યનાં કેન્દ્ર સમાન સોરઠના સત્સંગમાં કાંઈક જૂદી જ ભાત પડેલી છે. તેમાં પણ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢ મંદિરમાં ૪૦ વર્ષ મહંતપદે રહીને સમગ્ર સોરઠના સત્સંગમાં ઉપાસના અને આજ્ઞાનું દઢીકરણ કરાવેલું, તેના ભાગરૂપે ગામડે ગામડે સ્વામિનારાયણ ભગવાનનાં મંદિરો બનવા લાગ્યા હતા.

સંવત્ ૧૯૨૦ની સાલમાં અમરેલી શહેરમાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની પ્રેરણાથી નૂતન મંદિરનું નિર્માણકાર્ય ચાલુ હતું, ત્યારે સ્વામી શ્રી ગુણાતીતાનંદજી વીસ દિવસ સુધી અમરેલીમાં રોકાયા હતા.

સ્વામી બિરાજતા હોય એટલે અમરેલી વિસ્તારના ગામડાંઓના હરિભક્તો તેમજ અન્ય ભાવિકો સ્વામીજીનો સત્સંગ કરવા અને મંદિરની સેવા કરવા ઉમટી પડે, એમાં કોઈ નવાઈની વાત નહોતી !

વાંકિયા ગામ અમરેલીથી બાર કિમી દૂર છે. ભક્તરાજ દેવરાજબાપા ઠુંમરની પ્રેરણાભરી વાતોથી વાંકિયા ગામના સત્સંગીઓ અને યુવાનો પણ અમરેલી સેવા કરવા આવતા. આ બધા હરિભક્તો સાથે અરજણ પણ જોડાઈ જતો.

અરજણના પિતા કાળાભાઈ સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી નહોતા. તેથી અરજણ આ બધા સાથે જાય - આવે એ પિતા કાળાભાઈને રુચતું નહિ. તેઓ અરજણને વારંવાર રોકતા અને ઘરના બીજા કામે લગાડી દેતા, તો પણ અરજણ ડાહ્યો અને સહનશીલ હોવાથી પિતાને સમજાવી, અનુમતિ લઈને દરરોજ અમરેલી ગુણાતીતાનંદ સ્વામી પાસે પહોંચી જતો.

ગુણાતીતાનંદ સ્વામી જ્યાં બિરાજતા હોય, ત્યાં સેવા સાથે સત્સંગની બળભરી વાતોનો પ્રવાહ અવિરતપણે વહેતો જ હોય. આ સેવા તેમજ સંત - સમાગમથી

અનેક જીવોના મોક્ષના દ્વાર ખૂલી જતાં હોય.

અરજણને ગુણાતીતાનંદ સ્વામીના સમાગમમાં એવો રસ પડવા લાગ્યો કે પિતા જે કામ બતાવે તે ઝડપથી પૂરું કરી, તે દોડીને અમરેલી પહોંચી જતો.

ક્યારેક ખેતીના કામમાં મોડું થઈ જાય, તો જમવાનું છોડીને અરજણ ખેતરથી સીધી અમરેલીની વાટ પકડી લેતો અને સ્વામી પાસે પહોંચી જતો.

દિવસે મંદિરની સેવા અને રાત્રે સ્વામીની વાતોનો લાભ મળતો.

અરજણને સેવામાં ખૂબ જ શ્રદ્ધા હતી અને સ્વામીની વાતો સાંભળીને એનું અંતઃકરણ સ્વામી સાથે આત્મબુદ્ધિથી જોડાઈ ગયું.

ગુણાતીતાનંદ સ્વામી પણ રાત્રે બે બે વાગ્યા સુધી શ્રીજી મહારાજના મહિમાની અને સત્સંગની બળભરી વાતો કરતા. આ રીતે વીસ દિવસ સુધી અરજણ અને અન્ય હરિભક્તોએ ગુણાતીતાનંદ સ્વામીના સમાગમનો દિવ્ય લાભ લીધો અને અમરેલી મંદિરની સેવા કરીને સ્વામીનો રાજીપો મેળવ્યો.

આમ ગુણાતીત ગુરુના યોગમાં આવેલા અરજણના અંતરમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનાં બીજ રોપાયાં. અરજણ જગતના નાશવંતપણા વિષે સભાન બન્યા. સંત - સમાગમથી સામાન્ય જીવને પણ ઉત્તમ પ્રાપ્તિ થતી હોય, તો આવા મુક્ત આત્મા અરજણના અંતરમાં સત્સંગનો ઉજાસ અનુભવાય તેમાં શી નવાઈ ?

અરજણનો આત્મા ત્યારબાદ શ્રીજી મહારાજના સ્વરૂપમાં જોડાઈ ગયો અને સંતો પ્રત્યે પરિવારની ભાવના પ્રગટ થઈ, અરજણ જાણે સાવ બદલાઈ ગયો !

સંતોનો સહવાસ

અરજણને હવે સદ્‌ગુરુ સાથે તાર લાગી ગયો હતો અને હવે સંતોનાં દર્શન વિના ગમતું નહીં. અમરેલીના દિવ્ય અનુભવો અને કથાવાર્તાને વાગોળતો અરજણ વાંકિયાથી મનોમન ગુણાતીતાનંદ સ્વામી પાસે પહોંચી જતો.

જૂનાગઢ ઘણું દૂર હોય, તેથી અરજણ શ્રીજી મહારાજને પ્રાર્થના કરતો કે, 'હે મહારાજ ! મને જલ્દી જલ્દી સ્વામી પાસે લઈ જાવ !'

શ્રીજીએ પ્રાર્થના સાંભળી હોય તેમ એક દિવસ જૂનાગઢથી કોઈ હરિભક્ત વાંકિયા પધાર્યા અને મંદિરમાં સૌ હરિભક્તોને ગુણાતીતાનંદ સ્વામીનો સંદેશો કહી સંભળાવ્યો કે 'જૂનાગઢમાં સંતોના નિવાસ માટે મોટી ધર્મશાળા બનાવીએ છીએ, તેમાં સેવા કરનારાની જરૂર છે, તેથી જૂનાગઢ આવો.'

આવો સંદેશ સાંભળીને અરજણ તો હરખઘેલો થઈ ગયો. મંદિરેથી રાત્રે ઘેર

ગયો. એને મનમાં ગુણાતીતાનંદ સ્વામી યાદ આવ્યા કરે. પિતાને કેમ પૂછવું ? રજા કેમ લેવી ? વગેરે વિચારો કરતો અરજણ પોઢી ગયો.

રાત્રે સ્વપ્નમાં ગુણાતીતાનંદ સ્વામીએ અરજણને જૂનાગઢ આવવા આદેશ આપ્યો. સવારે હિંમત રાખીને અરજણે પિતા પાસેથી જૂનાગઢ જવાની રજા મેળવી લીધી. જાણે સ્વામી બોલાવી રહ્યા છે, એમ માનીને વાંકિયા ગામના અન્ય યુવાનો અને વડીલ હરિભક્તો સાથે અરજણ પણ જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં સેવા માટે પહોંચી ગયો.

સંવત્ ૧૯૨૦ની સાલ હતી. જૂનાગઢ મંદિરની જૂની ધર્મશાળા જર્જરિત થઈ ગઈ હતી અને સંતોને રહેવા માટે ઘણી સંકડાશ પડતી હતી. તેથી ગુણાતીતાનંદ સ્વામીએ આ જૂની ધર્મશાળાના સ્થાને જ ત્રણ માળની વિશાળ ધર્મશાળા બનાવવાનો પ્રારંભ કર્યો હતો. ગામડે ગામડેથી હરિભક્તો સેવા માટે આવતા હતા. એમાં અરજણ પણ જોડાઈ ગયો હતો.

ખેડૂતનો દીકરો હોવાથી અરજણ શરીરે ખૂબ જ સશક્ત હતો. એ સેવા કરતા થાકતો જ નહિ. રાત્રિ-દિવસ ધર્મશાળાની સેવામાં લાગ્યો રહેતો.

સૌ હરિભક્તો સવાર-સાંજ સ્વામીના મુખેથી કથાવાર્તાનો લાભ લેતા. દિવસ દરમિયાન ગિરનારના જંગલોમાં જઈને લાકડાં કાપીને મંદિરમાં લાવતા. આ રીતે સૌ સેવા કરી સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનો રાજીપો મેળવતા હતા.

એ સમયમાં જૂનાગઢ મંદિરમાં એક મહાન ભક્તરાજ હતા. કેશવભગત એમનું નામ હતું. કેશવભગત ખૂબ જ તપસ્વી અને વૈરાગ્યવાન ભક્ત હતા.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી કેશવભગત મંદિરની દેખભાળ અને આવતા-જતા હરિભક્તોની સારસંભાળ રાખતા અને સેવાના આયોજનોની કામગીરી બજાવતા. તેઓ દરેકને કામકાજ સોંપતા અને સ્વામીની આજ્ઞા પ્રમાણે સમગ્ર મંદિરની વ્યવસ્થા સંભાળતા.

અરજણ કેશવભગતના યોગમાં આવ્યા. કેશવભગત અરજણની સેવા કરવાની રીત જોઈને રાજી થતા અને એમની આગળ ત્યાગ-વૈરાગ્યની વાતો કરતા. અરજણ બધા સેવાકાર્યો ઉત્સાહથી અને ઝડપથી પૂરા કરતા. અરજણની સેવા કરવાની શ્રદ્ધા, આવડત, કાર્યની સૂઝ-બૂઝ તેમજ શાંત સ્વભાવ જોઈને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી તેમજ અન્ય સંતો-હરિભક્તો અરજણ ઉપર ખૂબ જ રાજી થતા.

સેવા, સંત સમાગમ અને ભજન-સ્મરણ આ ત્રણેયનો ત્રિવેણી સંગમ અરજણને ત્યાગ-વૈરાગ્યમય જીવનની પ્રેરણા આપી રહ્યો હતો.

અરજણ હવે સંતોથી સુપરિચિત રહેવા લાગ્યો, તેમજ સંતો પણ વાંકિયા ગામના અરજણની મુમુક્ષુતાને પારખી ગયા હતા. તેથી જ્યાં જ્યાં સેવા, સમાગમ, ઉત્સવના આયોજનો હોય ત્યાં ત્યાં અરજણને બોલાવતા અને અરજણ પણ સંતોના આમંત્રણની રાહ જોતો.

સદ્‌ગુરુના આશીર્વાદ

એક વખત ગુણાતીતાનંદ સ્વામી સોરઠ દેશમાં વિચરણ કરતા કરતા ઉનાથી હામાપર પધાર્યા. હામાપરના ભક્તોને રાજી કરી સ્વામી બગસરા જઈ રહ્યા હતા. બગસરામાં મૂર્તિપ્રતિષ્ઠાનો અવસર હતો.

સ્વામીની સાથે માધવચરણદાસજી અને માધવપ્રિયદાસજી પણ હતા.

સ્વામી ઘોડી ઉપર બેઠા હતા અને બીજા સંતો-ભક્તો ચાલ્યા આવતા હતા.

લાંબો પંથ કાપવાથી સ્વામી ખૂબ થાકી ગયા હતા, સ્વામીને શરીરમાં ખૂબ અકળામણ થઈ રહી હતી.

સંતો-ભક્તોને પણ ખૂબ થાક લાગ્યો હતો. રસ્તામાં સારી છાંયડાવાળી જગ્યા આવી, પડખે પાણીનો કૂવો હતો. સ્વામીએ સંઘને થોડી વાર વિશ્રાંતિ માટે રોક્યો.

સ્વામીએ પણ થોડીવાર વિશ્રામ કર્યો, પછી બહિર્ભૂમિ જઈ આવ્યા.

સ્વામીના શિષ્ય માધવપ્રિયદાસજીએ કૂવાને કાંઠે એક પાટલો ઢાળી સ્વામીને સ્નાન કરાવવાની તૈયારી કરી.

સ્વામી માધવપ્રિયદાસજી ખૂબ શ્રદ્ધાથી સ્વામીની સેવા કરતા. સ્વામીનું શરીર અકળાઈ ગયું હતું. માધવપ્રિયદાસજીએ ધીરે ધીરે શરીર ચોળીને સ્વામીને સ્નાન કરાવ્યું. સ્નાન કરવાથી સ્વામીને થોડી રાહત થઈ. પછી સ્વામી કોરાં વસ્ત્રો પહેરી સંઘ સાથે બગસરા મંદિરમાં પધાર્યા.

એવામાં કલાભાઈ સથવારા અને વેલાભાઈ સથવારા સ્વામીના દર્શને આવ્યા. તેઓ સ્વામી માટે બાજરોનો કુંણો પોંક પાડીને લાવ્યા હતા.

માધવપ્રિયદાસજીએ એ પોંક ઠાકોરજીને ધરાવી સ્વામીને આપ્યો.

પોંક જમતાં જમતાં સ્વામીએ કલાભાઈને કહ્યું, “કલાભાઈ ! તમારા છોકરા હવે મોટા થઈ ગયા છે, માટે હવે ઘરનો વ્યવહાર છોકરાઓને સોંપી, તમે અમારી સાથે જૂનાગઢ ચાલો અને ત્યાં મંદિરમાં સેવા કરો અને અમારી કથા-વાર્તા સાંભળો.”

કલાભાઈએ કહ્યું, “સ્વામી ! મને તમારી સાથે આવવામાં કોઈ વાંધો નથી,

પણ હમણાં મારી ઉપર ખૂબ કરજ ચડી ગયું છે અને આવે ટાણે જો હું તમારી સાથે ચાલુ તો લોકો વાતો કરશે કે, આ કલાથી કરજ ચૂકવાયું નહિ, એટલે પોતાના કરજનો ભાર નાના છોકરાઓ ઉપર નાખી બાવા થઈ ગયા.''

સ્વામી બોલ્યા, ''ભગત ! તમને કરજની જ ચિંતા હોય તો એ કરજ તો અમે ચૂકવી દઈએ.'' એમ કહી સ્વામીએ પુરુષોત્તમદાસને બોલાવ્યા અને કહ્યું, ''રૂપિયા લાવો, અમારે આ ભગતનું કરજ ચૂકવવું છે. કરજ ચૂકવી દઈએ, એટલે એ ભગત આપણી સાથે આવશે.''

કલાભાઈની ત્યાગી થવાની કોઈ ઈચ્છા નહોતી, એટલે એમણે ફરીથી બહાનું કાઢી સ્વામીને કહ્યું, ''સ્વામી ! ઓણ મેં ખેતરમાં શેરડીનો વાઢ વાવ્યો છે, શેરડી ખૂબ સારી થઈ છે, એટલે એમાંથી કમાણી ખૂબ સારી થશે અને એમાંથી કરજ ચૂકવાઈ જશે. ત્યાર પછી હું વગર બોલાવ્યે તમારી પાસે આવી જઈશ અને જૂનાગઢ સેવા કરીશ.'' કલાભાઈની વાત સાંભળી સ્વામી હસ્યા. સ્વામીને મનમાં થયું આ જીવને માયા ગળે વળગી છે જે હાલ છૂટે એમ લાગતું નથી !

દરમ્યાનમાં સ્વામિનારાયણ મંદિર-બગસરાના નૂતન મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે મૂર્તિપ્રતિષ્ઠા તેમ જ સ્વામીનાં દર્શન - સમાગમનો લાભ લેવા આજુબાજુના ગામડાંના સત્સંગીઓ પહોંચી ગયા.

વાંકિયા ગામથી દેવરાજબાપા વગેરે હરિભક્તો પણ બગસરા આવ્યા. દેવરાજબાપાની સાથે અરજણ ભગત પણ હતા. બીજી બીજુ જાળિયાથી જેઠાભાઈ પણ આવ્યા હતા. બધા બે ત્રણ દિવસ રોકાયા. મહોત્સવનો લાભ લીધો, ખૂબ સેવા કરી અને સ્વામીની કથાવાર્તા સાંભળીને ધન્ય બન્યા.

મહોત્સવની પૂર્ણાહુતિ થઈ ત્યારે બધા હરિભક્તો સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને દંડવત્ પ્રણામ કરી પોતપોતાને ગામ જવા લાગ્યા. ત્યારે દેવરાજબાપા સાથે અરજણ ભગત અને જેઠાભાઈ પણ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. સ્વામીએ બેયના માથા ઉપર વારાફરતી હાથ મેલ્યા.

આ સમયે કલાભાઈ સથવારા પણ સ્વામી પાસે બેઠા હતા. સ્વામીએ હસીને કહ્યું, 'કલાભાઈ ! તમે તો સાધુ નહીં થાઓ, પણ આ બેય છોકરા સાધુ થાય એવા છે.' આમ કહી સ્વામી અરજણ ભગત અને જેઠાભાઈ સામું જોઈ રહ્યા અને બોલ્યા, 'ભણજો, ભણજો.'

દેવરાજબાપા ઠુંમર બોલ્યા, 'સ્વામી ! આ અરજણને આશીર્વાદ આપો, એની બુદ્ધિ જાડી છે, માટે કૃપાદૃષ્ટિ કરો તો કાંઈક ભણેગણે અને આગળ વધે !'

દેવરાજબાપાની વાત સાંભળીને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી મંદ મંદ હસવા લાગ્યા અને રાજીપો વરસાવતા હોય તેમ અરજણના મસ્તક ઉપર હાથ મૂકીને બોલ્યા, 'આ અરજણ તો બહુ મોટા અનુભવી થશે, એ તો અમારી પાસેથી બ્રહ્મવિદ્યા ભણશે. બ્રહ્મવિદ્યામાં ભણવાનું બધુંય ભણાય જાય અને બીજું, આ છોકરો તો આગળ જઈને જૂનાગઢ મંદિરનો મહંત થશે મહંત !'

પછી જેઠાના માથા ઉપર હાથ મૂકીને કહ્યું, "આ છોકરો ખૂબ સારો સાધુ થશે." વળી સ્વામી બોલ્યા, "કલાભાઈ ! આ બંને ખૂબ ડાહ્યા અને અનુભવી સાધુ થશે, બાલમુકુંદદાસજી તથા આચાર્યને ખૂબ મદદ કરશે. સત્સંગની ખૂબ સેવા કરી હરિભક્તોને રાજી કરશે." આટલી વાત કરી સ્વામી હરિભક્તોને ઘરે ઘરે પધરામણી કરી અને હરિભક્તોને કથા-વાર્તાનું સુખ આપી જૂનાગઢ પધાર્યા.

સમય જતાં સ્વામીના આશીર્વાદથી બેય મુમુક્ષુના અંતરમાં વૈરાગ્ય પ્રગટ્યો. જાળિયાના જેઠાભાઈ સાધુ થયા. એમનું નામ નિર્ગુણદાસજી પડ્યું અને વાંકિયાના અરજણભાઈ સાધુ થયા. એમનું નામ નારાયણદાસજી પડ્યું.

સ્વામીના આશીર્વાદથી બન્ને ઉત્તમ એકાંતિક સંતો થયા.

મને સ્વપ્ને ન ગમે સંસાર

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદ, સમાગમ અને શ્રદ્ધાપૂર્ણ સેવાના ફળ સ્વરુપે અરજણનું મન સંસારના વ્યવહારમાં લાગતું નહિ, પરંતુ ગામડાંના રીત-રિવાજ પ્રમાણે પિતાએ અરજણના લગ્ન કરી દીધાં. પિતાની પ્રતિષ્ઠા અને આકરા સ્વભાવ આગળ અરજણનું કાંઈ ઉપજ્યું નહિ.

અરજણ ઓગણીસ વર્ષની યુવાન વયે પરણ્યા હતા, છતાં તેનું મન તો ત્યાગ-વૈરાગ્યના વિચારોથી ભરેલું રહેતું. અરજણને છેલ્લા ચારેક વર્ષથી સાધુ થઈ જવાનો અને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના મંડળમાં રહેવાનો સંકલ્પ હતો, પરંતુ કોઈને કહી શકતો નહિ. માત્ર એક દેવરાજબાપા આગળ અરજણ પોતાના દિલની વાતો નિખાલસભાવે કહી દેતો. અનુભવી દેવરાજબાપા એની વૈરાગ્યવૃત્તિને પોષતા અને ધીરજ રાખવાનું કહેતા.

અરજણને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના કથાવાર્તાના શબ્દો વારંવાર યાદ આવતા. 'આ મનુષ્યનો જન્મ તો ભગવાનને ભેટવા મળ્યો છે. અનંત જન્મોથી આ જીવ ભટકતો આવ્યો છે. હજુ ભગવાન નહિ ભજાય તો કૂતરાં, બિલાડાં અને ગધેડાના અવતાર આવશે, માટે આ જન્મ છેલ્લો કરી લેવો. આ દેહથી હરિભક્તિ

કરીને એક મોક્ષ સુધારી લેવો.' સ્વામીની આવી વાતોથી અરજણના અંતરમાં સાધુ થઈ જવાનો સંકલ્પ પ્રબળ થઈ જતો.

પરંતુ કુટુંબમાં ઘણી જ પ્રતિકૂળતાઓ હતી. અરજણ ઘેરથી ભાગી જવાના વિચારોમાં ખોવાઈ જવા લાગ્યો.

એક દિવસ વહેલી સવારે ઊઠીને કોઈને પૂછ્યા વિના અરજણ ભાગી નીકળ્યો. એના મનમાં એકમાત્ર મહારાજની રટણા લાગી હતી. 'જૂનાગઢ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની પાસે પહોંચી જવું છે' એવા દૃઢ સંકલ્પ સાથે અરજણ સવારથી ચાલ્યો તે સાયંકાળે આરતીના સમયે જૂનાગઢ મંદિરમાં પહોંચી ગયો.

વાંકિયાથી જૂનાગઢ ૮૦ કિ.મી. થાય. ૧૮ કલાક સતત ચાલીને અરજણ જૂનાગઢ મંદિરમાં પહોંચ્યો. આરતીનાં દર્શન કર્યાં, સંતોને મળીને સ્વામી યોગેશ્વરદાસજી પાસે શાંતિથી બેઠો. સંસારથી કંટાળેલા અરજણને એવા સંતનો ભેટો થયો કે એ ના દર્શનથી જ શરીરનો અને સંસારનો થાક ઊતરી ગયો.

સ્વામી યોગેશ્વરદાસજીના યોગમાં

જૂનાગઢના જોગીઓની પરંપરામાં સ્વામી યોગેશ્વરદાસજી શ્રીજી મહારાજના દૃઢ ઉપાસક, સાક્ષાત્કારી સંત હતા અને ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર હતા.

અરજણ સ્વામી યોગેશ્વરદાસજી પાસે રહીને સેવા-સમાગમ કરવા લાગ્યો.

સ્વામીજીને અરજણના ત્યાગ-વૈરાગ્ય ભરેલા વિચારોની ખબર નહોતી, તેથી તેઓ અરજણને હરિભક્ત તરીકે સેવા ચીંધતા અને મહારાજના મહિમાની વાતો કરતા. સામાન્ય રીતે પરણ્યા પછી કોઈ સાધુ થાય નહિ, તેથી સંતો પણ પરણેલા પ્રત્યે ત્યાગ - વૈરાગ્યની અપેક્ષા ન રાખે, પરંતુ અરજણની વાત તો ન્યારી હતી.

એક દિવસ અરજણે પોતાનાં મનની વાત સ્વામી યોગેશ્વરદાસજી આગળ કહી સંભળાવી અને પોતે સાધુ થવા માટે અહીં સુધી ભાગીને આવ્યો છે એવી હકીકત જણાવી, ત્યારે સ્વામીજીને અરજણની મુમુક્ષુતા અને વૈરાગ્યવૃત્તિ પ્રત્યે ખૂબ જ આદર થયો. સંત હોય તે મુમુક્ષુને ઓળખે. સંત હોય તે જ સાધકનું પોષણ કરે. આવું સત્સંગનું પોષણ માત્ર વાતોથી નથી થતું, એ તો વર્તનથી જ પ્રગટે.

યોગેશ્વરદાસજી સ્વામી એવા શુદ્ધ વર્તનવાળા સંત હતા. તેમણે અરજણની મુમુક્ષુવૃત્તિને પારખીને તેને બળ પ્રેર્યું. ઓગણીસ વર્ષના યુવાન અરજણને આ સંતની સાધુતાનો સ્પર્શ થયો અને આદર્શ સંતવર્યના સમાગમથી અરજણ ધન્યતા અનુભવવા લાગ્યો.

વાંકિયાથી જૂનાગઢની પદયાત્રા

અરજણે ઘર છોડ્યા બાદ વાંકિયા ગામમાં વાતો થવા લાગી. 'કામગરો અને કહ્યાગરો છોકરો આમ ભાગી જાય તે સારું ન કહેવાય.'

પિતા કાળાભાઈને પણ આશ્ચર્ય થયું, કારણ કે અરજણ ક્યારેય પિતાને પૂછ્યા વિના બહારગામ જતો નહિં. તેમજ ઘરકામ અને ખેતીકામમાં ખૂબ જ મહેનતુ હતો, તેથી પિતાની મૂંઝવણ વધી ગઈ.

'ભક્તિભાવ ધરાવતો અરજણ કદાચ સાધુ થવા જૂનાગઢ તો નહિ ચાલ્યો ગયો હોય ને !' આમ વિચારી પિતા કાળાભાઈ જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરે પહોંચ્યા. અરજણને મંદિરમાં જોયો એટલે એમણે રાહતનો દમ લીધો. અરજણને મળ્યા અને ઘેરથી શા માટે પૂછ્યા વિના જતો રહ્યો ? વગેરે પૂછપરછ કરી.

અરજણની ઈચ્છા સાધુ થઈ જવાની છે, એવું જાણીને પિતા કાળાભાઈ ખૂબ જ અકળાયા અને અરજણને ઘર-કુટુંબની જવાબદારી તેમજ કુટુંબની પ્રતિષ્ઠાની વાતો કરી. પરંતુ અરજણની મક્કમતા જોઈને કાળાભાઈ સ્વામી યોગેશ્વરદાસજીને મળ્યા અને અરજણને સમજાવવા વિનંતી કરી.

અરજણના પિતાનું મન દુઃખી જોઈને સ્વામી યોગેશ્વરદાસજીએ અરજણને સમજાવીને તેના પિતા સાથે ઘેર જવા કહ્યું. અરજણનું મન માન્યું નહિ, પરંતુ સ્વામીજીની આજ્ઞા થતા પિતા સાથે જૂનાગઢથી વાંકિયા જવા નીકળ્યા.

એ સમયે વાહનોની વ્યવસ્થા નહોતી, તેથી ચાલીને જ જવાનું હતું. બન્ને જણ સવારે ચાલતા થયા. સાંજનો સમય થવા આવ્યો હતો. વાંકિયા ગામ એક માઈલ દૂર હતું ત્યારે બાબાપુર ગામને પાદર શેત્રુંજી નદીના પટમાં પિતા-પુત્ર થોડીવાર વિશ્રાંતિ લેવા બેઠા.

પિતા કાળાભાઈ શૌચવિધિ માટે ગયા ત્યારે ફરી એકલા પડેલા અરજણે જૂનાગઢ તરફ પવનવેગે પ્રયાણ કર્યું. આખી રાત્રિ પગપાળા ચાલીને અરજણ પુનઃ જૂનાગઢ પહોંચ્યો.

નદીના કિનારે પાછા ફરેલા કાળાભાઈએ જોયું તો અરજણ દેખાયો નહિ એટલે વિચાર કર્યો કે થાક્યોપાક્યો ઘેર પહોંચી ગયો હશે. પરંતુ ઘેર આવીને જોયું તો અરજણ ઘેર પહોંચ્યો નહોતો.

પિતા કાળાભાઈને અરજણ ઉપર અતિ ક્રોધ ઉપજ્યો અને અતિ આવેશમાં આવી ગયા. તેઓ સદાય પોતાના હાથમાં રાખતા તે લાકડી જોરથી પછાડીને બોલી

ઊઠ્યા, 'ધ્યાન રાખજે અરજણિયા ! હું જોઉ છું તું સાધુ કેમ થાય છે ? મારા કુળની આબરૂ તારે ધૂળમાં મેળવવી છે ?, 'લાકડીના બે ટુકડા થઈ ગયા. એમની ગર્જના અને ગુસ્સાથી પાડેલી ત્રાડથી ઘરના માણસો પણ ડરી ગયા.

કાળાભાઈને અરજણ ઉપર ભારે ક્રોધ ચડ્યો હતો. તેઓ જૂનાગઢથી ૩૦ ગાઉ જેટલું અંતર પગે ચાલીને આવ્યા હતા, તેથી જમીને થાક્યાપાક્યા સૂઈ ગયા. બીજા દિવસે વહેલી સવારે ઊઠીને તેઓ ફરી જૂનાગઢના પંથે પડ્યા, સાંજે જૂનાગઢ પહોંચી ગયા. એમણે અરજણને ખૂબ ઠપકો આપ્યો અને સ્વામી યોગેશ્વરદાસજીને પણ અરજણના લગ્નજીવનની અને પોતાના પ્રતિષ્ઠિત કુટુંબની વિગતવાર વાતો કરી.

સ્વામીજીએ ધીરજથી આખી હકીકત જાણી અને કાળાભાઈને કહ્યું, 'અરજણને સાધુ કરી દેવાનો અમારો કોઈ ઈરાદો કે દુરાગ્રહ નથી, તેથી તમે એને સમજાવીને ઘેર લઈ જાવ અને સાચો વૈરાગ્ય થયો હશે તો તમે ગમે તેટલા પ્રયત્નો કરશો તો પણ ઘરમાં નહિ ટકે.' અરજણને પણ સ્વામીએ પિતાની આજ્ઞા માનવા સમજાવ્યો. સ્વામીની આજ્ઞા પાસે અરજણ લાચાર હતો, તેથી તે પોતાના પિતા સાથે ફરીથી પોતાના ઘેર આવ્યો. આ રીતે પિતા-પુત્ર વચ્ચે વાંકિયાથી જૂનાગઢ અને જૂનાગઢથી વાંકિયાની પદયાત્રાની હરિફાઈ ચાલતી રહી.

અરજણ પગે ચાલીને જૂનાગઢ જતો રહે. પંદર દિવસ કે મહિનો મંદિરમાં રહે, અચાનક એના પિતા તેડવા આવે અને તેની સાથે ફરી વાંકિયા ગામે આવે.

બે-ત્રણ મહિના થાય, ત્યાં ફરીથી અરજણ ઘેરથી ભાગીને જૂનાગઢ પહોંચી જાય. કાળાબાપા એમને તેડવા પાછળ પાછળ આવી પહોંચે. આ રીતની દોડધામમાં પિતા-પુત્રમાંથી કોણ કંટાળે છે કે થાકે છે ? તેની બન્ને રાહ જોવા લાગ્યા.

અરજણ અને તેના પિતા બન્ને ભારે શકિતશાળી અને કસાયેલા પડછંદ શરીર ધરાવતા હતા. બન્ને ખૂબ જ મહેનતુ હતા. જૂના જમાનાની રીત પ્રમાણે બન્ને પોતાના હાથમાં કડીવાળી ડાંગ રાખતા, તેથી અન્ય લોકો એમનાથી ડરતા રહેતા.

એક વખત અરજણે એકલાએ એક ગાડું માથે ઉપાડીને એક બાજુ મૂકી દીધું હતું. આવી ભીમસેન જેવી તાકાત ધરાવતા, છતાં નમ્ર અને વિવેકી એવા પુત્ર પ્રત્યે કયા બાપને સ્નેહ અને મમત્વ ન થાય ?

સાત-સાત વર્ષ સુધી અરજણના પિતા જૂનાગઢના આંટાફેરા કરતા રહ્યા, પરંતુ અરજણના દૃઢ સંકલ્પ અને ત્યાગ-વૈરાગ્યમય વિચારોથી તેને કોઈ ચલાયમાન કરી શક્યા નહિ. વર્ષોથી પિતા - પુત્રની હરિફાઈને જોઈ રહેલા સ્વામી યોગેશ્વરદાસજી પણ અરજણની શ્રદ્ધા, ધૈર્ય અને વૈરાગ્યવૃત્તિને જોઈને ખૂબ રાજી થયા.

કલ્યાણભાઈનો સમાગમ

એક વખત ઘેરથી જૂનાગઢ તરફ જઈ રહેલા અરજણને વિચાર આવ્યો, કે આ વખતે કોઈ અજાણ્યા સ્થળે જતો રહું તો પિતા મને શોધી ન શકે અને મારે પણ શાંતિથી ભજન થાય. આવા વિચારો સાથે જૂનાગઢ પહોંચીને એણે સ્વામી યોગેશ્વરદાસજીને વાત કરી.

સ્વામી યોગેશ્વરદાસજીએ પણ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર વંથલીના ઉત્તમ અકાંતિક સ્થિતિવાળા ભક્તરાજ કલ્યાણભાઈને અરજણને ગુપ્ત રીતે રાખવા ભલામણ કરી. અરજણ વંથલી આવ્યો. અહીં એને કલ્યાણભાઈનો સત્સંગ પ્રાપ્ત થયો.

વંથલીમાં અરજણ છ મહિના ગુપ્ત રીતે રોકાયો અને કલ્યાણભાઈ સાથે દરરોજ સત્સંગ-કથાવાર્તાનો ખૂબ લાભ લીધો.

કલ્યાણભાઈ સમાધિનિષ્ઠ ભક્ત હતા. તેઓ દરરોજ અરજણને શ્રીજી મહારાજના લીલાચરિત્રોની અને મહિમાની ખૂબ વાતો કરતા. અરજણ પણ અતિશય શ્રદ્ધાળુ મુમુક્ષુની જેમ એમની વાતો સાંભળતો અને કલ્યાણભાઈ જે સેવા બતાવે તે કરતો. મોડી રાત સુધી કથાવાર્તા થાય તો પણ વહેલી સવારે ચાર વાગ્યે ઊઠીને અરજણ દરરોજ કલ્યાણભાઈને કંઠસ્થ કીર્તનો, પ્રકરણો સંભળાવતો. આખો દિવસ ખેતીકામમાં મદદ કરતો.

આ રીતે વંથલીમાં કલ્યાણભાઈના સમાગમથી અરજણની સત્સંગનિષ્ઠા વધારે દૃઢ થઈ અને હવે અરજણ પરિપક્વ અનુભવી ભક્ત બની ગયા. તેથી હવે આપણે અરજણને 'પાર્ષદ અરજણ ભગત' સંજ્ઞાથી જ ઉલ્લેખ કરીશું.

વડતાલ મંદિરની સેવામાં

અરજણમાંથી 'અરજણ ભગત' બની ગયેલા આ મુમુક્ષુના પિતા કાળાભાઈ વારંવાર જૂનાગઢ આવીને તપાસ કરતા, પરંતુ અરજણ ક્યાંથી મળે ? કેટલાય લોકોની પૂછપરછ કરી, પણ અરજણના કોઈ સમાચાર મળ્યા નહિ તેથી તેઓ થાકીને પોતાને ઘેર જતા રહ્યા.

એકવાર અરજણ ભગતને વિચાર આવ્યો કે જો પિતાને ખબર પડી જશે, તો વંથલી આવીને મને ઉપાડી જશે. માટે અહીંથી જો કોઈ દૂરનાં સ્થળે જતો રહું તો પછી કોઈને મારા સમાચાર મળે નહિ.

આવો વિચાર કરીને અરજણ ભગત જૂનાગઢ આવ્યા અને સ્વામી યોગેશ્વરદાસજીનીઆજ્ઞા લઈને તેઓ વડતાલ ગયા. વિ. સં. ૧૯૩૦ની સાલ હતી. અરજણની ઉંમર ૨૪ વર્ષની હતી.

વડતાલ આવેલા અરજણ ભગત મોટા સંતોની આજ્ઞા મુજબ અતિશય મહિમાબુદ્ધિથી સેવામાં જોડાઈ ગયા.

સંસાર પ્રત્યે વૈરાગ્ય થાય ત્યારે સંસારથી છૂટાય, પરંતુ સંસારથી છૂટ્યા પછી સત્સંગમાં જોડનારા સંત કે સેવા ન મળે તો મુમુક્ષુને ભટકી જવાની શક્યતા વધી જાય છે, માટે સંપ્રદાયની જૂની રીત પ્રમાણે મંદિરમાં નિવાસ કરનારા નાનામોટા સૌ સંતો, પાર્ષદો પોતાની યોગ્યતા અને આવડત પ્રમાણે સેવામાં જોડાઈ જતા અને સારા સારા સંતોના યોગમાં રહેતા.

મોટેરા સંતો બધાને સત્સંગ - ભજનની પ્રેરણા આપીને સેવામાં જોડી દેતા. શ્રીજી મહારાજે પણ ત્યાગાશ્રમીને નવરા રહેવાનો નિષેધ ફરમાવેલો છે. મહારાજે કહ્યું છે. 'અમારા સંતોએ નવધા ભક્તિ કર્યા વિના ઘડીભર પણ વ્યર્થ કાળ નિર્ગમવો નહિં.' શ્રીજી મહારાજના આ સિદ્ધાંતને પોતાનું જીવનમાં અપનાવીને સૌ સંતો-પાર્ષદો સેવા અને સત્સંગ કરવામાં પોતાનું અહોભાગ્ય સમજતા.

અરજણ ભગત નાનપણથી જ સેવાભાવી અને મુમુક્ષુ હતા. તેઓ ખૂબ જ શ્રદ્ધાથી દરેક પ્રકારની સેવા કરતા રહેતા.

એ સમયમાં વડતાલમાં હજાર ઉપરાંત સાધુ - બ્રહ્મચારી અને પાર્ષદો નિવાસ કરતા હતા. આ બધાની રસોઈ એક જ રસોડામાં થતી.

દરરોજ જેટલા અનાજનો લોટ જોઈએ, તેટલું અનાજ દળવાની મોટી ઘંટી મંદિરમાં રાખી હતી. તે ખૂબ જ મોટી હોવાથી તેને બધા 'ઘંટ' કહેતા.

અરજણ ભગત આખો દિવસ ઘંટથી અનાજ દળવાની સેવા કરતા. સાથે ભજન - કીર્તન તેમજ અન્ય સેવા તો ચાલુ જ હોય.

અરજણ ભગતનું શરીર મજબૂત હતું. તેઓ ભારે શ્રદ્ધાવાન હોવાથી શરીરની પરવા કર્યા વિના કઠિનમાં કઠિન શ્રમભરી સેવાઓ કરતા. સંતો તેમજ પાર્ષદો અરજણ ભગતની નિષ્કામ સેવાથી રાજી થતા અને એમની પ્રશંસા કરતા.

પાર્ષદનું જીવન એટલે કેળવણી પામવાનો ઉત્તમ સમય. જ્યાં સુધી ધોળે લૂગડે પાર્ષદ વેષમાં હોય ત્યાં સુધી નમ્રતા, નિર્માનીભાવ અને સેવા કરવાની શ્રદ્ધા વિશેષ હોય. તેથી આ સમયમાં સારા ગુરુનો જોગ થઈ જાય, તો પાર્ષદને સાધુજીવનની શ્રેષ્ઠ કેળવણી પ્રાપ્ત થઈ જાય.

સાધુ થયા પછી અર્થાત્ ભગવાં વસ્ત્ર ધારણ કર્યા પછીનું જીવન જપ-તપ-ભજન-ધ્યાન-કથાવાર્તામય વિશેષ હોય છે. તેમાંય જે વધારે શ્રદ્ધાળુ હોય તેનો વિકાસ ખૂબ સરસ થઈ જાય છે. અરજણ ભગત વડતાલમાં રહીને સત્સંગની સેવા સાથે ઉત્તમ રીતભાત પણ શીખ્યા.

પમા ભગતની સેવા અને રાજીપો

નિર્માની, સેવાભાવી સેવક સૌને ગમે. અરજણ ભગતની નિષ્કામભાવની સેવાથી સૌની નજરમાં તેઓ વસી ગયા.

એ સમયમાં વડતાલમાં શ્રીજી મહારાજને મળેલા ઘણાબધા સંતો-પાર્ષદો હયાત હતા. તેમાં એક પમાભગત નામના પાર્ષદ ખૂબ જ વૃદ્ધ થયેલા. પમાભગત પરમ ભગવદીય અને સત્સંગની રીતભાતના આગ્રહી હતા. તેથી તેમની સેવામાં કોઈ લાંબો સમય રહેતું નહિ. વારંવાર સેવકો બદલાતા રહેતા.

એક વખત આચાર્ય શ્રી ભગવત્‌પ્રસાદજી મહારાજનાં દર્શન કરવા માટે અરજણ ભગત ગયા ત્યારે મહારાજશ્રીએ અરજણ ભગત સામે જોઈને કહ્યું, ‘ભગત ! પમાભગત ખૂબ જ સારા એકાંતિક ભક્ત છે, એમની સેવામાં કોઈ રહેતું નથી તો તમે એમની સેવા કરશો ?‘

મહારાજશ્રીની આજ્ઞા થઈ એટલે અરજણ ભગત તો રાજી થઈ ગયા અને હા પાડી, એટલે આચાર્યશ્રીએ તેમને પમા ભક્તની સેવામાં રાખ્યા.

અરજણ ભગત ખૂબ જ ભાવથી પમા ભક્તની સેવા કરવા લાગ્યા. પમાભગત વૃદ્ધ અને શરીરે અશક્ત હતા. અરજણ ભગત તેમની પથારી પાથરતા, કપડાં-વાસણ સાફ કરતા, સવારે સ્નાન કરાવતા, સમય અનુસાર ભોજન કરાવતા, તેમજ રાત્રે પગ દબાવી આપતા. આ બધી સેવા અરજણ ભગત ઘણા પ્રેમથી કરતા.

હૃદયના શુદ્ધ ભાવથી કરેલી સમયાનુરુપ સેવાથી પમા ભક્ત એમની ઉપર ખૂબ જ રાજી થતા. એક દિવસ પોતાનાં અંતરનો રાજીપો વ્યક્ત કરતા પમા ભગત બોલ્યા, ‘અરજણ ભગત ! તમે હૃદયના સાચા ભાવથી મારી સેવા કરી છે, હું તમારા ઉપર ખૂબ રાજી થયો છું. મારી પાસે શ્રીજી મહારાજનાં ચરણારવિંદ અને બીજી શ્રીજી પ્રસાદીની વસ્તુઓ છે, તેમાંથી તમારે જે જોઈએ તે તમે લઈ લ્યો.‘

અરજણ ભગતે કહ્યું, ‘તમે ભગવદીય અને શ્રીજી મહારાજને મળેલા સેવક છો. તમે મારા ઉપર રાજી થયા એટલે મને બધું જ મળી ગયું.

તમારા જેવા ભક્ત પ્રસન્ન થાય એથી વિશેષ મારા મનમાં કોઈ ઈચ્છા નથી.

મહારાજની મૂર્તિ, ચરણારવિંદ, નખ, કેશ વગેરે પ્રસાદીની વસ્તુઓનાં દર્શન કરીએ, તેમની પૂજા કરીએ, તેના કરતાં પણ વધારે તમારા જેવા ભક્તોની અને સંતોની રુચિ પ્રમાણે જીવન જીવીએ અને સેવા કરીએ એ મારે મન વિશેષ છે. નિષ્કામ સેવાથી મોક્ષ થાય, તેવું મેં કથાવાર્તામાં સાંભળ્યું છે. હું તમારા રાજીપાથી પરમ શાંતિનો અનુભવ કરી રહ્યો છું. ‘અરજણ ભગતની વિનમ્ર વાત સાંભળીને પમા ભક્ત ખૂબ જ સંતોષ પામ્યા. પછી થોડા સમયમાં તેઓ અક્ષરધામમાં સિધાવ્યા.

અરજણ ભગતે તેમના અંતિમ શ્વાસ સુધી ખડે પગે સેવા કરી, તેથી આચાર્ય મહારાજે પમા ભગતના વારસાની શ્રીજી પ્રસાદીની વસ્તુઓ સ્વીકારવાનો અરજણ ભગતને આગ્રહ કર્યો હતો, પણ નિષ્કામી અરજણ ભગતે કોઈ વસ્તુ સ્વીકારી નહિ

આ રીતે અરજણ ભગતની નિષ્કામ સેવા-ભાવના અને ઉત્તમ સમજણ જોઈને આચાર્ય શ્રી ભગવદ્‌પ્રસાદજી મહારાજ તથા વડતાલના મોટા મોટા સંતો તેમના પર ખૂબ જ રાજી થયા.

વડતાલમાં છ મહિના સુધી સેવા-સમાગમ કરી સૌનો રાજીપો મેળવી અરજણ ભગત પાછા જૂનાગઢ આવ્યા.

અદાલતનો આદેશ

પાર્ષદ અરજણ ભગતે એક વર્ષ સુધી ગુપ્ત રીતે - છ મહિના વંથલીમાં કલ્યાણભાઈના યોગમાં અને છ મહિના વડતાલ પમા ભગતની સેવામાં વિતાવ્યા.

ભગતના આ એક વર્ષના ગુપ્તવાસની તેમના કુટુંબીજનોમાંથી કોઈને જાણ ન થઈ. આખરે એમના પિતા કાળાભાઈ બોદરને પણ શુભ વિચાર સ્ફૂર્યો કે ‘આજે સાત વર્ષથી હું અરજણને ઘેર લાવવા પ્રયત્ન કરું છું છુતાંય એ જરાય મનથી મોળો પડતો નથી. હર વખત ત્રીસ-ત્રીસ ગાઉનો લાંબો પંથ પગપાળા કરીને જૂનાગઢ પહોચવામાં થાકતો નથી. સગાં-સંબંધીઓનાં કડવાં વેણ સાંભળીને પણ કંટાળતો નથી. પોતે ૨૫ વર્ષનો ખૂબ જ શક્તિશાળી યુવાન છે ને ઘરમાં ગુણવાન - સ્વરુપવાન પત્ની રાહ જોઈને બેઠી છે, છતાં તેના પ્રત્યે જરાય તેને મોહ નથી. અર્જુન જેવી ધીરજવાળો મારો અરજણ કોઈપણ બાબતમાં લોભાતો નથી, કોઈની શેહ - શરમ કે લાગણીમાં દબાતો નથી. ધન્ય છે એની સમજણને ! શાબાશ છે એના વૈરાગ્યને બલિહારી છે એની સેવા ભાવનાને ! જેનો જીવ સાધુ - સંતો અને ભગવાન સાથે જોડાઈ ગયો હોય, જેને પરમાત્માની સાચી લગની લાગી ગઈ હોય, તેને મારા જેવો પામર જીવ ક્યાંથી પહોંચી શકે ? માટે હવે ભલે એ સાધુ થઈ જાય, મારે

હવે અરજણને રોકવો ન જોઈએ.' આમ પોતાના મનમાં નિર્ણય કરીને અરજણ ભગતના પિતા કાળાભાઈએ અરજણના સસરાને પોતાને ઘેર બોલાવ્યા અને અરજણ વિષે બધી વાતો વિગતવાર કરી. પોતે અરજણને ઘેર પાછો લાવવા માટે જે જે ઉપાયો કર્યા હતા તેની પણ વિસ્તારથી સમજ આપી અને કહ્યું, 'હવે હું બધી રીતે હારી ગયો છું અને હવે કાંઈ કરી શકું તેમ નથી.'

કાળાભાઈની વાત સાંભળીને અરજણ ભગતના સસરા અકળાઈ ઊઠ્યા અને કાળાભાઈને ઠપકો આપતા હોય તેમ કહેવા લાગ્યા કે 'તમારા પરિવારમાં મારી દીકરી દુઃખી થાય એ તમને ન શોભે અને મને પણ ન શોભે. તમે એમ થાકી જાવ તે ન ચાલે. તમે જે સમજો તે, પણ હું અરજણને પહોંચી વળીશ.'

અરજણના સસરા પણ સુપ્રતિષ્ઠિત ગૃહસ્થ હતા. મોટા મોટા અમલદારો અને અધિકારીઓ સાથે એમની સારી ઓળખાણ હતી. તેથી તેમણે અમરેલીના કેટલાક અમલદારો સાથે મળીને વકીલ મારફત અરજણને એવી નોટિસ આપી કે 'તમે તમારી યુવાન પત્નીનું ભરણપોષણ કરતા નથી ને સાધુસંતોની સેવામાં જ રહો છો. આથી તમને નોટિસ પાઠવવામાં આવે છે કે એક અઠવાડિયાની અંદર તમે તમારા ગુરુજી સાથે અમરેલીની કોર્ટમાં હાજર થઈ, ન્યાયાધીશની રુબરુમાં આ બાબતના બધા ખુલાસા કરી જશો. જો આવવામાં મોડું થશે, તો કોર્ટની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેની નોંધ લેશો.'

આખરે સાધુ થવાની રજા મળી

અરજણ ભગત જૂનાગઢ મંદિરમાં સેવા અને ભજનમાં મસ્ત રહેતા. અચાનક અદાલતની નોટિસ આવી, તેથી સ્વામી યોગેશ્વરદાસજીને મળ્યા. સ્વામીએ આ બાબતમાં વિચાર કરીને સ્વામી બાલમુકુંદદાસજીને જણાવ્યું કે 'આ અરજણ ભગત ઉપર અમરેલીથી ઉપાધિ આવી છે અને તમે તો સમર્થ છો, તેમજ વ્યવહારકુશળ પણ છો. તેથી તમે અરજણ ભગતની સાથે અમરેલી પધારો અને એમને સંસારની ઉપાધિમાંથી મુક્ત કરીને, સાધુ બનાવીને તમારી સેવામાં રાખો.

અરજણ ભગતને સાથે લઈને સ્વામી બાલમુકુંદદાસજી અમરેલી ગયા. ત્યાં અરજણના પિતા, એમના સસરા અને વકીલ આ બધા મળીને ન્યાયાધીશની પાસે કોર્ટમાં હાજર થયા. કોર્ટ કાર્યવાહી શરૂ થાય તે પહેલા સ્વામી બાલમુકુંદદાસજીએ બધા સાથે ચેમ્બરમાં બેસીને વાટાઘાટો કરી.

સ્વામીજીએ પોતાની પ્રભાવશાળી વાણીમાં સૌને જણાવી દીધું કે, 'સાહેબ ! આપની પાસે પતિપત્નીના ગૃહકંકાસ અંગેના ઘણા કેસ આવ્યા હશે, પરંતુ સ્ત્રી, ઘરબાર છોડીને સાધુ થવું છે, એવો કેસ આવ્યો નહિ હોય !

આજે ઘણા એવા દાખલા બને છે કે કેટલાક પરણેલા પુરુષો અંગત અણગમાના કારણે અથવા વ્યવહાર સંબંધી મુશ્કેલીઓને કારણે પોતાની પરણેલી પત્નીને તેડતા નથી. સામે એવું પણ બને છે કે ઘણા માવતર અણગમતા જમાઈને પોતાની કન્યા સોંપતા નથી. સંસાર-વ્યવહારમાં આવા અનેક બનાવો બન્યા જ કરે છે, તેમાં આ અરજણ ભગતની વાત અનોખી છે. પૂર્વ સંસ્કારના બળે એના અંતરમાં ભારે વૈરાગ્ય ઉત્પન્ન થયો છે. આપણા પ્રાચીન સમયના રાજા - મહારાજાઓ વૈરાગ્ય ઉત્પન્ન થતા રાજ્ય-લક્ષ્મી અને પરિવારનો ત્યાગ કરીને પ્રભુભજનમાં લાગી ગયાના ઘણા દાખલાઓ મળે છે. અરજણ ભગત આજે સાત સાત વર્ષથી એ ઘર સાથે શાંત લડાઈ લડી રહ્યા છે. એના પિતા કાળાભાઈ આ બાબત સારી રીતે સમજે છે. તેથી હવે આ બાબતમાં વધારે દુરાગ્રહ રાખવા જેવું નથી, કારણ કે જો હવે એ ભભૂતિ ચોળીને કોઈ અજાણ્યા દૂર પ્રદેશમાં ભાગી જશે, તો ક્યાંય પત્તો નહિં લાગે. માટે એને સુખેથી ભજન-ભક્તિ કરવા માટે રજા આપો.'

'અરજણ અમારી પાસે મંદિરમાં રહેશે તો તમો સૌ એને જ્યારે મળવું હશે ત્યારે મળી શકશો. જેનું હૃદય ભગવાનના રંગે રંગાઈ ગયું હોય તેને રોકવામાં કોઈ ડહાપણ નથી. અમારી વાત માનશો તો સૌને સુખ - શાંતિ થશે, નહિતર ભવિષ્યમાં ખૂબ જ પસ્તાવું પડશે. આપ સૌ ડાહ્યા અને સમજદાર છો, માટે અમારી વાત ધ્યાનમાં લઈને આજે જ આ કલેશની પૂર્ણાહુતિ કરી નાખો.'

સ્વામી બાલમુકુંદદાસજી ઉપરોક્ત હિતકારી વાણી ઉચ્ચારી મંદિરે પધાર્યા. સ્વામીજીની પ્રભાવશાળી વાતો સાંભળી બધા ખૂબ જ પ્રભાવિત થયા. સૌએ શાંતિથી સ્વામીજીનાં વચનો વિષે ચર્ચા કરી. આખરે આ કેસ અને કલેશને ત્યાં જ પૂરો કરી બધાએ સુખદ સમાધાન કર્યું અને અરજણ ભગતને સાધુ થવાની સૌએ રજા આપી.

જે ભગવાનના માર્ગે ચાલે તેને વિઘ્નો તો જરૂર આવે, પરંતુ શ્રદ્ધાવાન થઈને મંડ્યો રહે તો ભગવાન અને સંતો જ તેમાંથી માર્ગ કાઢી આપે, કારણ કે સૌના અંતરમાં પરમાત્મા શ્રીહરિ અખંડ બિરાજે છે. જો કોઈ સાચો થઈને સમર્પિત બની જાય, તો અરજણ ભગતની જેમ ઉપાધિઓ ઓળંગીને સર્વ રીતે સુખિયો બની જાય.

અરજણ ભગતનો માર્ગ નિર્વિઘ્ન બન્યો અને જૂનાગઢ આવીને સૌને વાત કરી. સ્વામી યોગેશ્વરદાસજી પણ ખૂબ રાજી થયા.

ભાગવતી દીક્ષા

વડતાલ ધામમાં દર વર્ષે રામનવમીનો સમૈયો ધામધૂમથી ઉજવાય છે. આ સમૈયામાં નવા મુમુક્ષુને તેના ગુરુની ઈચ્છા અનુસાર આચાર્ય મહારાજશ્રી ભાગવતી દીક્ષા આપે છે.

વિક્રમ સંવત્ ૧૯૩૧ની સાલમાં સ્વામી બાલમુકુંદદાસજી પોતાનાં મંડળના સંતો અને અરજણ ભગતને સાથે લઈને વડતાલ પધાર્યા.

રામનવમીના સમૈયામાં વૈદિક વિધિ સાથે તત્કાલીન આચાર્ય મહારાજશ્રી ભગવદ્‌પ્રસાદજી મહારાજના વરદ હસ્તે અરજણ ભગતને ભાગવતી દીક્ષા આપવામાં આવી અને 'સાધુ નારાયણદાસજી' એવું નામ ધારણ કરાવ્યું.

'સાધુ દીક્ષા' એ મનુષ્ય જન્મની ઉત્તમ ઉપલબ્ધિ છે, કારણ કે ભગવાનના સાક્ષાત્કાર માટે જ માનવ જન્મ મળે છે. તેને કેવળ ભોગ ભોગવવામાં વેડફી નાખવો એ પશુતા છે. સાધુ નારાયણદાસજીએ દીક્ષા લીધી. સૌપ્રથમ વડતાલ ખાતે મંદિરમાં શ્રીજી સ્થાપિત શ્રી હરિકૃષ્ણ મહારાજને એકાવન દંડવત્ પ્રણામ કર્યા, પછી પોતાના ગુરુ સ્વામી બાલમુકુંદદાસજીની આજ્ઞાથી દરેક મોટા સંતોના દર્શન કરવા ગયા. શ્રીજી મહારાજના સમકાલીન નંદ સંતોમાંથી અદ્‌ભૂતાનંદ સ્વામી વગેરે નંદ સંતોને પણ દંડવત્ પ્રણામ કરીને સૌના શુભાશીર્વાદ લીધા.

થોડા સમય પહેલા પોતે પાર્ષદ તરીકે વડતાલમાં છ મહિના રહ્યા હતા અને સેવા કરીને સૌને રાજી કર્યા હતા, એટલે સૌ સંતો એમને સાધુ થયેલા જોઈને ખૂબ રાજી થયા. ત્યારબાદ સ્વામી બાલમુકુંદદાસજી સંતમડંળ સાથે ડભાણ, જેતલપુર, અમદાવાદ, મૂળી વગેરે સત્સંગના પ્રસિદ્ધ ધામોમાં દર્શન કરતા કરતા ગઢડા થઈને જૂનાગઢ પધાર્યા.

જેણે જીભ જીતી એણે જગત જીત્યું

કોઈપણ મુમુક્ષુ ત્યાગાશ્રમી દીક્ષા ગ્રહણ કરે, ત્યારબાદ તરત તેની સાધુ - જીવનની રીતભાત શીખવાની શરુઆત થાય. ગુરુઓ અને વડીલ સાધુઓ નવા આગંતુકને હિતકારી ઉપદેશ અને પ્રત્યક્ષ અનુભવો આપીને કેળવે એવી સત્સંગની પ્રણાલિકા છે. નારાયણદાસજી સ્વામીને પ્રારંભમાં જૂનાગઢ ખાતે સ્વામી યોગેશ્વરદાસજી અને સ્વામી બાલમુકુંદદાસજી દ્વારા સાધુજીવનની શિક્ષા-દીક્ષાનો લાભ મળ્યો.

એક દિવસ સ્વામી યોગેશ્વરદાસજીએ આ નવા સાધુ નારાયણદાસજીને પાસે બેસાડીને કહ્યું, 'સાધુરામ ! સાધુદીક્ષા સ્વીકારી ભગવાં કપડાં પહેરી સાધુ થયા, એટલે આપણા ઉપર ઘણી મોટી જવાબદારી આવે છે.

આ દીક્ષાનો અર્થ એવો થાય છે કે શ્રીહરિએ બાંધેલી પંચવર્તમાનની મર્યાદાઓનું શ્રદ્ધાપૂર્વક, શૂરવીરતાથી પાલન કરવાની દૃઢ પ્રતિજ્ઞા.

'જે પોતાનો અને બીજાનો મોક્ષ સિદ્ધ કરે, તે સાધુ કહેવાય. સાધુ એટલે ભગવાનનું કામ કરનાર સાચો સેવક. જે સેવક હોય તે ક્યારેય દેહના સુખની ઈચ્છા ન કરે. 'મારા પ્રભુ રાજી થાય' એ જ એનું ધ્યેય હોય. ધર્મ - નિયમો પાળીએ અને રાગદ્વેષથી રહિત થઈએ તો ભગવાન રાજી થાય. માટે હે સાધુરામ ! આજથી અમે કહીએ તેટલા નિયમો ધારણ કરો.'

સ્વામી યોગેશ્વરદાસજીના હિતકારી કૃપાવચનો સાંભળીને સાધુ નારાયણદાસજી બે હાથ જોડીને નમસ્કાર કરીને નિયમ ધારવા તત્પર થયા અને બોલ્યા કે, 'સ્વામી' આજે આપ જે નિયમો આપશો તે હું આજીવન ધારણ કરી રાખીશ. નારાયણદાસજી સ્વામીની નમ્રતા સાથે તત્પરતા જોઈને સ્વામી યોગેશ્વરદાસજીએ તેમને ચાર નિયમો આપ્યા.

૧. ખાંડ - સાકરમાંથી બનેલું મિષ્ટાન ખાવું નહિ.

૨. બાર મહિનાની એકાદશીઓના નકોરડા ઉપવાસ કરવા.

૩. કથાવાર્તા, ધૂનકીર્તન, નિત્યનિયમ કર્યા પછી દરરોજ રાત્રિના અગિયાર વાગ્યા સુધી સત્સંગના ગ્રંથો વાંચવા અને માળા ફેરવવી.

૪. ગામડાંમાં ફરવા જવું ત્યારે ગાડામાં બેસવું નહિ અને હમેશા જાતમહેનતથી એક પછી એક સેવાકાર્યો કરતા રહેવું.

સ્વામી નારાયણદાસજીએ આ નિયમો ધારણ કર્યા.

સદ્‌ગુરુ સત્‌શિષ્યનું કેવું ઉત્તમ ઘડતર કરી શકે છે, એનું આ ઉદાહરણ છે. નારાયણદાસજી સ્વામીનું પ્રારંભિક સાધુજીવન સ્વામી યોગેશ્વરદાસજીના સાન્નિધ્યમાં ઘડાયું. સ્વામી યોગેશ્વરદાસજી સાચા સંત હતા. સ્વધર્મનિષ્ઠ અને પ્રભાવશાળી હતા. મયૂરનો કંઠ જેમ સતત ચાલતો હોય તેમ સ્વામીના કંઠમાં અખંડ નામસ્મરણ ચાલુ રહેતું.

તેઓ વચનામૃતના ઊંડા અભ્યાસી હતા. વચનામૃતના શબ્દોનું ચિંતન-મનન કર્યું હતું અને ગુણાતીતાનંદ સ્વામીના મુખેથી વચનામૃતોના સૂક્ષ્મ રહસ્ય સમજ્યા હતા. ગુણાતીતાનંદ સ્વામીની પરંપરાને અનુસરીને તેઓ વચનામૃતનું રહસ્ય બીજાને

સમજાવવા સદાય તત્પર રહેતા. ઉપરાંત તેઓ શ્રીહરિની આજ્ઞા પ્રમાણે વર્તવામાં અને બીજાને વર્તાવવામાં પણે ભારે આગ્રહી હતા.

સ્વામી યોગેશ્વરદાસજીની દૃઢ માન્યતા હતી કે ‘જે સર્વસ્વનો ત્યાગ કરે તે ત્યાગી કહેવાય, પરંતુ જો તેણે ઈન્દ્રિયો ઉપર વિજય ન મેળવ્યો હોય તો તેનો ત્યાગ વ્યર્થ બની જાય છે.’

ઈન્દ્રિયોને જીતવાનું પ્રથમ પગથિયું છે, સ્વાદ પર વિજય. અર્થાત્ રસના ઈન્દ્રિયને પ્રથમ જીતવી.

જેણે ‘મન જીત્યું તેણે જગત જીત્યું’ એમ શાસ્ત્રો કહે છે, પણ સાધુજીવનમાં તો ‘જેણે જીભ જીતી એણે આખું જગત જીતી લીધું.’

જીભને બે રીતે જીતાય. એક તો અખંડ હરિગુણગાન અને બીજું ખાવા - પીવામાં સંયમ.‘ સાધુજીવનના આ ચાર નિયમોને નારાયણદાસજી સ્વામીએ આજીવન પાળ્યા હતા. વયોવૃદ્ધ થયા ત્યારે સ્વામી બાલમુકુંદદાસજીની આજ્ઞાથી એમણે ઔષધિના સેવનમાં દૂધ-ઘી-ખાંડના નિયમોમાં થોડી છૂટ લીધી હતી.

નિઃસ્વાદી વ્રતના આગ્રહી

કોઈપણ નિયમ ધારણ કરવું કદાચ સરળ છે, પરંતુ એને આજીવન આગ્રહપૂર્વક ધારી રાખવું એ ખૂબ જ અઘરું છે.

નારાયણદાસજી સ્વામીએ જે જે નિયમો ધારણ કર્યા હતા તેમાં તપ, ત્યાગ, સેવા-ભજન મુખ્ય હતા.

ખાસ કરીને સ્વામીશ્રીનું નિઃસ્વાદી વ્રત ખૂબ જ કડક હતું. તેઓશ્રીની વૃદ્ધાવસ્થામાં આંખે મોતીયો આવેલો અને તેનું ઓપરેશન કરાવેલું. ડૉક્ટરે સ્વામીને દવા સાથે ખોરાકમાં શીરો ખાવાનું કહેલું.

સ્વામીશ્રીની સેવામાં રહેલા સંતોએ ખૂબ જ ભાવથી શીરો બનાવ્યો અને તેમાં સુગંધ માટે એલચી, તજ વગેરે મસાલા પણ નાખ્યા. ઠાકોરજીને ધરાવીને એ પ્રસાદીનો શીરો સ્વામીને જમવા આપ્યો.

સ્વામી તેમાંથી એક કોળિયો જમ્યા, ત્યારે તેમાં એલચી વગેરે મસાલાની સુગંધ આવી. એટલે સેવક સંતને કહ્યું, ‘ડૉક્ટરે માત્ર દવા તરીકે શીરો ખાવાનું કહ્યું છે, પણ મસાલાવાળો સ્વાદિષ્ટ શીરો ખાવાનું નથી કહ્યું. માટે હવેથી ક્યારેય મસાલા નાખશો નહિં. શરીરને સાજું કરવા માટે આ શીરો પણ એક દવા જ છે. શરીર સાજું રહે તો મહારાજની આજ્ઞા પાળવામાં અને સત્સંગની સેવા કરવામાં

અનુકૂળતા રહે.' સેવક સંત પણ સ્વામીશ્રીના નિયમપાલનની રૂચિને સમજી ગયા હતા અને એમણે સ્વામીની આજ્ઞા પ્રમાણે ક્યારેય મસાલા વાપર્યા નહોતા.

નારાયણદાસજી સ્વામી ભોજનમાં ખૂબ સાદગી સેવતા. બાજરાનો રોટલો અને શાક એ એમનું કાયમીનું રુચિકર ભોજન હતું.

સેવક સંતો બાજરાનો રોટલો કરે, ત્યારે રોટલાને ફૂલાવીને તેમાં રુપિયાભાર ઘી નાખે. સ્વામીજી મહારાજને સંભારીને જમે.

વૃદ્ધાવસ્થામાં સંતો રોટલામાં વધારે ઘી ભરવા લાગ્યા, એટલે એક દિવસ સ્વામીજીએ સેવક સંતોને ટકોર કરી કે ઘી ચોપડ્યા વિના રોટલો મહારાજને ન ધરાવાય. માટે એટલા પૂરતું જ ઘી ચોપડવું. વધારે ઘી નાખો એટલે આ અવસ્થામાં રોટલો પચે નહિ અને રુચે પણ નહિ. માટે રોટલામાં ઘી વધારે ન નાખવું. નિયમ વ્રત અને શ્રીજીની આજ્ઞાપાલનનું કેવું અનુસંધાન આ સંત રાખતા હશે !

પ્રાકૃત ગ્રંથોના પ્રખર અભ્યાસી

ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે, 'અમારા સંતોએ નવધાભક્તિ કર્યા સિવાય વ્યર્થ કાળ નિર્ગમન કરવો નહીં તથા સંસ્કૃત અથવા પ્રાકૃત ગ્રંથોનો અભ્યાસ કરવો.'

આ આજ્ઞાને અનુસરીને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી તથા મોટા સંતોએ સંપ્રદાયમાં ત્યાગી સંતો-પાર્ષદો માટે સુંદર દૈનિક નિયમો ઘડ્યા છે.જેને લીધે બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠવાથી માંડીને રાત્રિ પડે ત્યાં સુધી સંતો - પાર્ષદો યેનકેન પ્રકારેણ નવધા ભક્તિમાં પરોવાયેલા રહે છે.

વહેલા ઊઠીને સ્નાન - પૂજાપાઠ કરવા, પ્રભાતી કીર્તનો બોલવા, દંડવત્, માળા, પ્રદક્ષિણા કરવા, યથા યોગ્ય વિવિધ સેવાપ્રવૃત્તિઓમાં જોડાવું. સંપ્રદાયના વિવિધ ગ્રંથો - શિક્ષાપત્રી, વચનામૃત, ભક્તચિંતામણી, નિષ્કુળાનંદ કાવ્ય, મુકુંદ બાવની, બ્રહ્મવિલાસ, વિવેક ચિંતામણિ વગેરે ગ્રંથોનો અભ્યાસ કરવો.

કીર્તનો કંઠસ્થ કરવા, પ્રકરણો કંઠસ્થ કરવા, કંઠસ્થ કર્યું હોય તેનું આવર્તન કરવું. આ બધી જ બાબતો ત્યાગીવૃંદની દૈનિક ક્રિયામાં વણાયેલી રહેલી છે.

આ ઉપરાંત પાંચ વખત માનસીપૂજા કરવી અને પાંચ વખત કથા કરવી અનિવાર્ય હોય છે.

સંધ્યા સમયે આરતી-સ્તુતિ બાદ નિત્યનિયમ, સ્વભાવિક ચેષ્ટાનું ગાન, વંદુના પાઠ અચૂક કરવાના હોય છે.

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં કહ્યું છે કે, 'મન ભૂત જેવું છે. એને નવધાભક્તિ રુપી વાંસડો પકડાવી દેવો, અન્યથા મનરુપી ભૂત આપણને ખાઈ જાય તેવું છે.' ભગવાન સ્વામિનારાયણની આ આજ્ઞા અનુસાર સમસ્ત ત્યાગી સમુદાય સવારથી રાત્રિ સુધી પોતાના મનને નવધાભક્તિ રુપી વાંસડો પકડાવી રાખતો.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીએ પોતાના શિષ્યોને સંપ્રદાયના ગુજરાતી ભાષાના ગ્રંથોનો ખૂબ જ અભ્યાસ કરાવેલો. સ્વામીએ દરેકને નિશ્ચિત સંખ્યાના વચનામૃતોનો પાઠ કરવાના નિયમ આપેલા.

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી આ દિવ્ય પરંપરામાં ઉછર્યા હતા. સ્વામી પોતાની એક ક્ષણ પણ નવધાભક્તિ કર્યા સિવાય વ્યર્થ જવા દેતા નહોતા.

સંપ્રદાયના ગુજરાતી ગ્રંથોનો સ્વામીને સારો એવો અભ્યાસ હતો. સ્વામીએ બ્રહ્મવિલાસ, મુકુંદબાવની, વિવેક ચિંતામણિ જેવા ગ્રંથો કંઠસ્થ કર્યા હતા.

સ્વામી દરરોજ ગુણાતીતાનંદ સ્વામીની વાતો, નિષ્કુળાનંદ કાવ્ય વગેરે ગ્રંથોનું નિયમિત વાચન કરતા. એમાં પણ સ્વામી વચનામૃતના પ્રખર અભ્યાસી હતા. શ્રીજી મહારાજના ૨૬૨ વચનામૃત સ્વામીને મુખપાઠ કર્યા હોય એમ ઈદમ્ હતા.

અભણ સાધુએ સભા જીતી

એક સમયની વાત છે.

આચાર્ય મહારાજ શ્રી વિહારીલાલજી મહારાજે વડતાલમાં સંતોની છાવણી કરી હતી. જેમાં વડતાલ, ગઢપુર, જૂનાગઢ આ ત્રણેય દેશના સંતો - પાર્ષદો મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા.

ભગવાન જેવા પવિત્ર આચાર્ય અને પવિત્ર સંતોના મિલનથી આ છાવણી સર્વ માટે અત્યંત દિવ્ય, પ્રેરક અને ઉત્સાહવર્ધક હતી.

છાવણીમાં સવારથી સાંજ સુધી સદ્‌ગુરુ સંતો વિવિધ વિષયો ઉપર કથાવાર્તા કરતા અને ધૂન-ભજન-સ્મરણની ઝકોળ બોલતી .

આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ પણ સભામાં પૂરતી હાજરી આપતા, સંતોના મુખેથી કથા-વાર્તાનું શ્રવણ કરતા અને સમય સમય ઉપર કથાવાર્તા કરી સંતોને ધર્મ-નિયમ તેમજ પંચ-વર્તમાન પાળવામાં જાગૃત કરી ઉત્સાહ પ્રેરતા.

આ છાવણી દરમ્યાન એક યાદગાર પ્રસંગ બન્યો.

કોઈ એક વિદ્વાન બ્રાહ્મણ સભામાં આવ્યા અને મહારાજશ્રીને કહ્યું, 'મારે તમારા સંપ્રદાય સંબંધી પ્રશ્ન પૂછવો છે.'

એ સમયે સંપ્રદાયનાં ધુરંધર વિદ્વાનો, શાસ્ત્રીઓ, પુરાણીઓ સભામાં વિરાજમાન હતા. મહારાજશ્રીએ એમની સામે સૂચક દૃષ્ટિ ફેરવી.

સંતોએ કહ્યુ, 'મહારાજ ! એ વિદ્વાન ભૂદેવને જે પ્રશ્ન પૂછવા હોય તે ભલે પૂછે. અમે એનો યથાયોગ્ય જવાબ આપીશું.'

એ જમાનો શાસ્ત્રાર્થનો હતો. સંપ્રદાયના સિદ્ધાંતોને પ્રમાણોની કસોટીએ ચઢાવવામાં આવતા. આ શાસ્ત્રાર્થમાં હારવું એ અત્યંત નાલેશી હતી અને જીતવું એ અત્યંત ગૌરવ અને હર્ષનો વિષય હતો.

વિહારીલાલજી મહારાજે વિદ્વાન બ્રાહ્મણને કહ્યું, 'પંડિતજી ! આપને જે પ્રશ્ન પૂછવો હોય તે પૂછો. અમારા આ વિદ્વાન સાધુઓ એનો ઉત્તર કરશે.'

વિદ્વાન બ્રાહ્મણે પ્રશ્ન કર્યો, 'ભગવાન સ્વામિનારાયણ શિક્ષાપત્રીમાં લખે છે એ પ્રમાણે તમારો સંપ્રદાય વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્તને અનુસરે છે અને આત્મા અને અક્ષરને પરમાત્માનું શરીર માને છે.'

'હવે પ્રશ્ન એ છે કે શરીર હોય એ તો નાશવંત હોય, આત્મા અને અક્ષર તો અવિનાશી છે, અવિનાશી એવા આત્મા અને અક્ષર પરમાત્માનું શરીર કેમ હોઈ શકે ?' સભામાં બેઠેલા સંપ્રદાયનાં વિદ્વાન શાસ્ત્રીઓ રામાનુજ સંપ્રદાયને અનુસારે શ્રીભાષ્યના પ્રમાણો ટાંકીને જવાબ દેવા લાગ્યા, પણ પેલા વિદ્વાન બ્રાહ્મણ એ જવાબ સ્વીકારવા તૈયાર નહોતા. સભામાં ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. ચર્ચા ઉપર ચર્ચા થઈ રહી હતી, પરંતુ ભૂદેવના પ્રશ્નોનો સંતોષકારક ઉકેલ મળી રહ્યો નહોતો.

આ વાતની ખબર ચારેબાજુ પ્રસરતા પ્રસરતા અંતે રસોડામાં પહોંચી. રસોડામાં એ સમયે જૂનાગઢ દેશનાં સંતોનો વારો હતો.

પ્રથા એવી હતી કે, આવા પ્રસંગોએ જૂદા જૂદા દેશના સંતો વારાફરતી રસોડાની સેવા કરતા અને બાકીના સંતો સભામંડપમાં બેસતા અને કથાવાર્તાનો લાભ લેતા.

આ શાસ્ત્રાર્થના દિવસે રસોડામાં જૂનાગઢનાં સંતોનો વારો હતો. નારાયણદાસજી સ્વામી પણ રસોડાની સેવામાં હતા.

કોઈ અજાણ્યા બ્રાહ્મણના પ્રશ્નનું સમાધાન થતું નથી અને આખા સંપ્રદાયની આબરુનો સવાલ છે, એ સાંભળીને નારાયણદાસજી સ્વામી થોડા અકળાયા.

સ્વામી સભામંડપમાં ગયા અને સભાને છેડે ઊભા રહ્યા .

શાસ્ત્રાર્થ જામ્યો હતો. નીવેડો આવતો નહોતો. સંપ્રદાયનાં શાસ્ત્રીઓ, પુરાણીઓ થોડી મૂંઝવણ અનુભવી રહ્યા હતા.

સ્વામીના અંતરમાં ઉત્તરનો ઝબકારો થયો પરંતુ સભાની મર્યાદા આડી આવતી હોવાથી સ્વામી કાંઈ બોલ્યા નહીં.સ્વામી થોડીવાર ભંડારમાં જાય પાછા બહાર આવી સભાને છેડે ઊભા રહે.

આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજની ચકોર દૃષ્ટિ સ્વામી ઉપર પડી.

મહારાજશ્રીને થયું ક 'જરુર સ્વામીને કંઈક કહેવું છે.'

વિહારીલાલજી મહારાજે કહ્યું, 'સ્વામી ! તમારે કાંઈ કહેવું છે ?'

સ્વામી બોલ્યા, 'મહારાજશ્રી ! હું તો અભણ સાધુ છું એટલે આવા મોટા મોટા શાસ્ત્રી - પુરાણીઓ વચ્ચે મારું કામ નહિં, પરંતુ મને એટલી ખબર છે કે આપણા બાપ ભગવાન સ્વામિનારાયણે આ પ્રશ્નનો જવાબ વચનામૃતમાં આપ્યો છે.

ગઢડા પ્રથમ પ્રકરણના ૬૪ મા વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે 'જે વ્યાપ્ય, આધીન અને અસમર્થ હોય તે શરીર કહેવાય. અને જે વ્યાપક, આધાર અને સમર્થ હોય તે શરીરી કહેવાય.' ભગવાન પુરુષોત્તમનારાયણની પાસે આત્મા અને અક્ષર બંને વ્યાપ્ય, આધીન અને અસમર્થ છે. માટે એ બેય શરીર છે. ભગવાન એ બંનેની દૃષ્ટિએ વ્યાપક, આધાર અને સમર્થ છે માટે ભગવાન શરીરી છે.'

સ્વામીનો જવાબ સાંભળી પેલો બ્રાહ્મણ એકદમ ઊભો થઈ ગયો અને બોલ્યો, 'હવે ખરો ઉત્તર થયો !'

એમણે વિહારીલાલજી મહારાજને કહ્યું, 'મહારાજશ્રી ! મેં ભગવાન સ્વામિનારાયણના વચનામૃત વાંચીને જ તમારા સાધુઓની પરીક્ષા કરવા આ પ્રશ્ન કર્યો હતો. તમારા શાસ્ત્રી - પુરાણીઓએ બીજાં શાસ્ત્રોનાં અનેકવિધ પ્રમાણો આપીને સમાધાન કરવા સારો પ્રયાસ કર્યો, પરંતુ તમારા જ શાસ્ત્રનું પ્રબળ પ્રમાણ કોઈએ આપ્યું નહિ, એટલે હું સમાધાન સ્વીકારવા તૈયાર નહોતો. આખરે ભગવાન સ્વામિનારાયણનાં મુખનું પ્રમાણ મળ્યું એટલે મને સંતોષ થયો. આ સીધાસાદા દેખાતા સાધુ વચનામૃતના ભારે ગજબના અભ્યાસી લાગે છે !'

બ્રાહ્મણની વાત સાંભળતા સભામાં જાણે જીવ આવ્યો.

વિહારીલાલજી મહારાજે નારાયણદાસજી સ્વામીને કહ્યું, 'સ્વામી ! તમને ધન્ય છે, તમે આજે સંપ્રદાયની લાજ રાખી !'

નારાયણદાસજી સ્વામી બોલ્યાં, 'બાપજી ! હું તો અભણ સાધુ છું. આમાં મારું કાંઈ નથી. આ તો ભગવાન સ્વામિનારાયણનાં વચનામૃતોનો પ્રતાપ છે.'

મહા યોગીરાજ ગોપાળાનંદ સ્વામી સમ ખાઈને કહી ગયા છે, આ વચનામૃત બા'રું કાંઈ હોય તો અમને સ્વામિનારાયણ ભગવાનના સમ છે.'

વિહારીલાલજી મહારાજ હસીને બોલ્યા, 'સ્વામી ! તમે ભલે અભણ હો પણ અનુભવી છો, આજે તો ભણેલા જોતા રહ્યા અને તમે સભા જીતી લીધી.'

આટલું કહી વિહારીલાલજી મહારાજે સભાના વિદ્વાન સદ્‌ગુરુ સાધુઓ સામે જોઈ માર્મિક ટકોર કરી, 'મહાપુરુષો ! તમે તરેહ તરેહના શાસ્ત્રો ભલે ભણો, પણ આજથી તમે બધા વચનામૃત વાંચવાનું નિયમ રાખજો. ભગવાન સ્વામિનારાયણ આપણને જે અણમોલ વારસો આપી ગયા છે, એનું જતન આપણે નહિ કરીએ તો કોણ કરશે ? આ જૂનાગઢવાળા અભણ સાધુ વચનામૃતના પ્રખર અભ્યાસી છે, માટે એણે આજ આપણી લાજ રાખી, નહિતર નાક કપાઈ જાત અને સંપ્રદાયનું હલકું દેખાત.' વિહારીલાલજી મહારાજની મીઠી અને માર્મિક ટકોરથી સંતોની સર્વ સભા સચેત થઈ ગઈ અને સર્વેએ વચનામૃત વાંચવાના નિયમ લીધા.

કથાશ્રવણના અભંગ વ્યસની

કથાવાર્તા કરવી અને સાંભળવી એ સ્વામીનું અભિન્ન અંગ હતું.

સ્વામી કથાશ્રવણના ભારે વ્યસની હતા. ગમે તેવી સેવાપ્રવૃત્તિ હોય પણ કથાનો સમય થાય ત્યારે સ્વામી અચૂક કથામાં પહોંચી જતા. સ્વામી જૂનાગઢમાં હોય કે બહાર, પરંતુ કથાવાર્તા સિવાય રહી શક્તા નહીં.

સ્વામી ગુજરાતી ગ્રંથો ઉપરાંત પુરાણો, રામાયણ, મહાભારત, ગર્ગસંહિતા, સાંખ્યદર્શન, યોગદર્શન જેવા ગ્રંથોનું ભારે રસપૂર્વક શ્રવણ અને વાચન કરતા.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ ઉપર નારાયણદાસજી સ્વામીનો ખૂબ જ રાજીપો હતો. વિ. સં. ૧૯૭૫માં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે નારાયણદાસજી સ્વામીને સત્સંગિજીવનની કથા સંભળાવી હતી.

સ્વામીની સુમધુર કથાશૈલીથી નારાયણદાસજી સ્વામી ખૂબ જ રાજી થયા હતા અને કથાની પૂર્ણાહુતિના દિવસે સ્વામીએ ગુરુદેવનું પૂજન કરી આશીર્વાદ આપ્યા હતા કે 'તમે તમારા ગુરુ પુરાણી સ્વામી ગોપીનાથદાસજી જેવા મહાન કથાકાર થશો.'

એકવાર વિ. સં. ૧૯૮૧ ની સાલમાં તીર્થયાત્રા કરતા કરતા સ્વામી છપૈયા પધાર્યા હતા. આ સમય દરમિયાન જૂનાગઢના વિદ્વાન શાસ્ત્રી કૃષ્ણવલ્લભાચાર્યજી કાશીમાં અભ્યાસ કરતા હતા. સ્વામીએ તેમને કાશીથી છપૈયા બોલાવ્યા અને એમના મુખેથી ગર્ગ સંહિતા, સાંખ્યદર્શન, યોગદર્શનની કથાઓ સાંભળી હતી.

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીની આજ્ઞાથી ગુરુદેવ વડતાલમાં રહીને

સંસ્કૃતનો અભ્યાસ કરી રહ્યા હતા. આ દરમિયાન એમણે સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીને 'હરિલીલા કલ્પતરુ'ની સંપૂર્ણ કથા સંભળાવી હતી. નારાયણદાસજી સ્વામી આ કથાથી ગુરુદેવ ઉપર ખૂબ રાજી થયા અને ગુરુદેવને શ્રીહરિની પ્રસાદીનું દાતણ, કંઠી અને પ્રસાદીની અન્ય વસ્તુઓ ભરેલી એક પેટી ભેટ આપી પોતાના હૃદયનો રાજીપો વ્યક્ત કર્યો હતો. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ વરતાલમાં સંસ્કૃતનો અભ્યાસ કરતા ત્યારે સ્વામીએ સંકલ્પ કર્યો હતો કે 'મારે નારાયણદાસજી સ્વામીને સત્શાસ્ત્રોની કથા સંભળાવી મારા અભ્યાસને સાર્થક કરવો છે.'

વરતાલમાં ગુરુદેવ સંસ્કૃતનો અભ્યાસ પૂર્ણ કરી જૂનાગઢ પરત પધાર્યા. નારાયણદાસજી સ્વામીએ જાણે એમનો મનોરથ જાણી લીધો હોય એમ કહ્યું, 'ધર્મજીવનદાસ ! તમે વરતાલથી ભણીને આવ્યા છો, હવે અમને સંપ્રદાયના સત્શાસ્ત્રોની કથા સંભળાવો.' સદ્‌ગુરુ નારાયણદસજી સ્વામીની વાત સાંભળી ગુરુદેવને તો ભાવતું હતું ને વૈદ્યે કહ્યું. ગુરુદેવે સ્વામીની વાતને વધાવી લીધી.

નારાયણદાસજી સ્વામી ગુરુદેવને પોતાની પાસે જ રાખતા અને એમના મુખેથી સંસ્કૃત ગંથોનું પ્રેમપૂર્વક શ્રવણ કરતા. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનો મધુર કંઠ, શુદ્ધ ઉચ્ચારણ અને સુંદર નિરુપણ શૈલીથી નારાયણદાસજી સ્વામી અત્યંત રાજી થતા.

પ્રેમાનંદ સ્વામી કીર્તનમાં કહે છે કે,

'પ્રેમાનંદ આગે ગાવે ત્યારે, આવે ઓરા ઓરા ખસતા
ક્યારે હવે દેખું રે હરિ હસતા.'

પ્રેમાનંદ સ્વામી ગાવણું કરતા ત્યારે રસતરબોળ થયેલા મહારાજ પોતાના આસનેથી ખસતા ખસતા પ્રેમાનંદ સ્વામી સુધી પહોંચી જતા. એ જ રીતે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ કથા કરતા ત્યારે, નારાયણદાસજી સ્વામી પણ અત્યંત ભાવવિભોર થઈ જતા અને પોતાની ગાદી ઉપરથી ખસતા ખસતા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના કથાના બાજોઠ સુધી પહોંચી જતા. આ રીતે સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીએ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના મુખેથી સત્સંગિજીવન, શિક્ષાપત્રી ભાષ્ય, વાસુદેવ મહાત્મ્ય વગેરે અનેક ગ્રંથોનું શ્રવણ કર્યું હતું.

શ્રીહરિલીલાકલ્પતરુની કથા

મેંગણી દરબાર માનસિંહજીના વંશજ દરબાર શ્રી રાઘવસિંહજી ખૂબ સારા હરિભક્ત હતા. સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી પ્રત્યે તેમને ખૂબ જ ભાવ હતો.

દરબાર રાઘવસિંહજીને વિચાર આવ્યો કે, ‘અમારા પૂર્વજોએ શ્રીજી મહારાજના લીલાચરિત્રો અને સર્વોપરિપણાથી ભરપૂર ‘હરિલીલાકલ્પતરુ’ ગ્રંથ બ્રહ્મચારી અચિંત્યાનંદજી પાસે કરાવ્યો છે. બ્રહ્મચારી મહારાજે એ ગ્રંથ મેંગણીમાં રહીને કર્યો છે, માટે અમારે સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી અને સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં આ ગ્રંથની સંપૂર્ણ કથા કરાવવી.’

દરબારે આ અંગે સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી અને સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસજી સ્વામીને મેંગણી પધારવા વિનંતીપત્ર લખ્યો અને પત્રમાં પોતાનો સંકલ્પ જણાવ્યો. દરબારનો પત્ર વાંચી સ્વામી અત્યંત રાજી થયા. સ્વામીને તો કથા સાંભળવી એ જ જીવન હતું. એમાંય હરિલીલાકલ્પતરુની વાત આવે એટલે સ્વામીને અત્યંત આનંદ થાય એમાં કોઈ વાતની નવાઈ નહોતી, કારણ કે ભગવાન જેવા આદિ આચાર્ય રઘુવીરજી મહારાજની ઈચ્છા અને અનાદિ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી બ્રહ્મચારી અચિંત્યાનંદજીએ આ ગ્રંથની રચના કરી હતી. આ ગ્રંથમાં બાર સ્કંધ છે અને છત્રીસ હજાર શ્લોક છે. આ ગ્રંથ મેંગણી દરબાર માનસિંહજી અને શુકાનંદ સ્વામીના સંવાદમાં છે. આ ગ્રંથને સ્વામિનારાયણ સંપ્રદાયનું ‘ભક્તિશાસ્ત્ર’ કહી શકાય.

આ ગ્રંથમા ભગવાન સ્વામિનારાયણની ‘સર્વોપરિ નિષ્ઠા’ માળાના પારામાં દોરાની જેમ વણાયેલી છે. મેંગણી દરબાર રાઘવસિંહજીનો હરિલીલાકલ્પતરુની કથા અંગેનો પત્ર આવતા સ્વામી અત્યંત રાજી થયા. સ્વામીએ દરબારની વિનંતી માન્ય રાખી અને મેંગણી જવાનો નિર્ણય કર્યો.

સ્વામીએ કથાકાર સંતો તરીકે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ અને પુરાણી શ્રી હરિસ્વરુદાસજીને પસંદ કર્યા. પુરાણી સ્વામી હરિસ્વરુપદાસજી સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીના શિષ્ય હતા. એમણે શાસ્ત્રી શ્રી ધર્મતનયદાસજી સ્વામી પાસે અભ્યાસ કર્યો હતો. સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસજી સ્વામી વગેરે ત્રીસ સંતોને સાથે લઈ મેંગણી પધાર્યા.

અહીં સ્વામી સતત બે મહિના રોકાયા અને બન્ને વિદ્વાન સંતો પાસેથી હરિલીલાકલ્પતરુની સંપૂર્ણ કથા સાંભળી. બંને વક્તા સંતો ઉપર સ્વામી ખૂબ રાજી થયા. આ કથા પ્રસંગે ચાંપાબેડા, નોંધણચોરા, કાળાંભડી, લોધિકા વગેરે ગામોના દરબારો અને હરિભક્તો મોટી સંખ્યામાં કથા સાંભળવા આવતા.

આ રીતે જે સ્થળે ગ્રંથ રચાયો હતો, એ જ પવિત્ર સ્થળે હરિલીલાકલ્પતરુની સંપૂર્ણ કથા થઈ. સમસ્ત સોરઠ દેશ માટે આ પ્રસંગ સુવર્ણ અક્ષરે લખાયો.

આજથી સાતમે દિવસે ગરાસ મળશે

સ્વામી નારાયણદાસજી મેંગણીમાં હરિલીલાકલ્પતરુની કથા કરાવી રહ્યા હતા, ત્યારે એક અલૌકિક ઘટના ઘટી.

લોધિકામાં દરબાર અભયસિંહજી થયા. એમના પ્રસંગો સત્સંગમાં સુવર્ણ અક્ષરે લખાયેલા છે.

સમય જતાં અભયસિંહજીના વંશમાં દરબાર વિજયસિંહજી થયા.

વિજયસિંહજી સગીર વયના હતા. રાજકોટના ખોરી દાનતવાળા અંગ્રેજ અધિકારીઓ એમનો ગરાસ માન્ય કરતા નહોતા અને ગરાસ જપ્ત થવાની તૈયારી હતી.

આ જ અરસામાં ચાતુર્માસના સમયમાં મેંગણી દરબાર રાઘવસિંહજીએ મેંગણીમાં 'શ્રીહરિલીલા કલ્પતરુની કથા બેસાડી હતી.'

સ્વામી નારાયણદાસજી તથા સ્વામી કૃષ્ણચરણદાસજી આ બન્ને મહાન સંતો મેંગણીમાં વિરાજમાન હતા.

ખાંભા દરબાર વેરુભા જાડેજા દરબાર વિજયસિંહજીને લઈને મેંગણી આવ્યા અને વિજયસિંહજીને સ્વામીને પગે લગાડી કહ્યું, "સ્વામી ! આ વિજયસિંહજી લોધિકા દરબાર અભયસિંહજીના વંશજ છે. એમનો તાલુકો જપ્ત થવાની તૈયારી છે. આપ કૃપા કરીને એમને આશીર્વાદ આપો કે, જેથી એમનો તાલુકો એમને મળી જાય."

બંને મહાન સંતોએ કરુણા કરી આશીર્વાદ આપ્યા કે, "પોતાના ભક્તોને સાચવવાનું શ્રીજી મહારાજનું બિરુદ છે, તેથી વિજયસિંહજીને એમનો ગરાસ મળશે." દરબાર વેરુભા બોલ્યા, "પણ સ્વામી ! ઘણો સમય વીતી ગયો છે. સાંભળ્યું છે કે જપ્તીનો ઓર્ડર પણ નીકળવાની તૈયારીમાં છે."

સ્વામી કૃષ્ણચરણજાસજી બોલ્યા, "મહારાજનો ભરોસો રાખો. મહારાજ કર્તુંમ્-અકર્તુમ-અન્યથાકર્તુમ છે." આટલું કહી સ્વામી બોલ્યા, "જુઓ દરબાર ! શ્રીજી મહારાજ દયા કરશે. આજે શ્રાવણ વદી દશમ છે. આજથી સાતમે દિવસે એટલે કે ભાદરવા સુદી બીજને દિવસે તમને તમારો ગરાસ મળી જશે."

બન્ને મહાપુરુષોના આશીર્વાદથી દરબારોને આનંદ થયો.

આ રીતે સાત દિવસમાં ગરાસ મળવાની વાત અત્યંત અશક્ય હતી, છતાં આશ્ચર્યકારક રીતે સત્ય થઈ હતી અને બરાબર ભાદરવા સુદી બીજને દિવસે વિજયસિંહજીને એમનો ગરાસ પ્રાપ્ત થયો હતો.

શ્રીહરિચરિત્રામૃત સાગરની કથા

વિ. સં. ૧૯૮૪માં રાધારમણદેવનો શતવાર્ષિક પાટોત્સવ પૂર્ણ થયા બાદ સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી હવે મોટાભાગની સેવાપ્રવૃત્તિઓમાંથી પોતાના મનને પાછું વાળી, પોતાનો મોટાભાગનો સમય ભગવાન શ્રીહરિના ચરિત્રો સાંભળવા અને સંભળાવવામાં જ પસાર કરતા હતા.

સ્વામીએ અનેક ગ્રંથોનું શ્રવણ કર્યું હતું. હવે એમના મનમાં 'હરિચરિત્રામૃતસાગર'ની કથા સાંભળવાની ઈચ્છા હતી.

સદ્‌ગુરુ આધારાનંદ સ્વામીએ આ મહાકાય ગ્રંથની રચના કરેલી છે. આ ગ્રંથમાં આશરે એક લાખ જેટલી ચોપાઈઓ છે. આ ગ્રંથની રચના હિન્દી ભાષામાં થયેલી છે. હિન્દી સાહિત્યમાં આવડો મોટો ગ્રંથ ક્યારેય રચાયો નથી.

આ ગ્રંથ સાહિત્ય ક્ષેત્રે અજોડ છે. આ ગ્રંથમાં આધારાનંદ સ્વામીએ શ્રીહરિનાં દિવ્ય ચરિત્રોને ભારે રસપ્રદ રીતે વર્ણવેલા છે.

આ ગ્રંથની દુર્લભ પ્રત વરતાલની લાઈબ્રેરીમાં હતી. સ્વામીએ એ પ્રત વરતાલના કોઠારી પાસેથી મંગાવી. સ્વામી એક મહિના સુધી રાજકોટના રીબ ગામમાં રોકાયા અને આ વિશાળ ગ્રંથનું સાંગોપાંગ શ્રવણ કર્યું. આ રીતે કથાવાર્તા સાંભળવી એ જ સ્વામીનું જીવન હતું. સ્વયં ભગવાન હોવા છતાંય ભગવાન સ્વામિનારાયણને કથાશ્રવણનો જેવો આગ્રહ હતો, એવો જ આગ્રહ સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીના જીવનમાં જોવા મળે છે.

વણ વિચાર્યે પણ વાતુ રે આવે એના અંતરથી

સ્વામીશ્રીની કથાવાર્તા કરવાની શૈલી ખૂબ જ આકર્ષક હતી, જેની સ્મૃતિ ક્યારેક આપણા પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી ગુરુકુલની સાયં સભામાં કરતા અને સ્વામી નારાયણદાસજીનો પ્રસિદ્ધ દોહો વારંવાર દોહરાવતાઃ

સો સો માથા જાતા રે, સોંઘા છોગાળા
એક શિર કે વાસ્તે, ક્યું ડરત હૈ ગેમારા.

સત્સંગના તમામ ગુજરાતી ગ્રંથો ઉપરાંત સ્વામીજીએ પુરાણો, રામાયણ, ગર્ગસંહિતા જેવા ગ્રંથોનું વાચન કરેલું. એ ગ્રંથોમાંથી પ્રેરણા મળે એવા કેટલાક આદર્શ પ્રસંગો પોતે યાદ રાખી લેતા અને સભામાં પોતાને કથા કરવાનો પ્રસંગ આવે, ત્યારે પોતે તે અંગેની સરસ વાતો કરતા.

નારાયણદાસજી સ્વામી સરળ ભાષામાં ખૂબ મુદ્દાસર વાતો કરતા. ભગવાનના સ્વરૂપના નિશ્ચયની વાતો ખૂબ જ હોંશથી કરતા અને શ્રીજી મહારાજનાં લીલાચરિત્રોની વાતો કરતા, ત્યારે પ્રસંગોનું તાદશ ચિત્રણ કરી દેતા અને કથાવાર્તામાં ગમે તે પ્રસંગો ચાલતા હોય પરંતુ કથાના સમાપન સમયે સ્વામીશ્રીની વાતોમાં ત્યાગ - વૈરાગ્યનો રણકો પ્રગટ થાય જ.

સ્વામીશ્રીની પોતાની કથાવાર્તાની શૈલી આગવી હતી. કથાવાર્તામાં મોટે ભાગે વચનામૃતના પ્રમાણો આપતા. બ્રહ્મવિલાસ, મુકુંદબાવની અને વિવેકચિંતામણિના પદો, સવૈયા વગેરે ગાન કરીને સમજાવતા.

વચનામૃતના ગૂઢ અટપટા પ્રશ્નો અને ઉત્તરોને સ્વામીશ્રી ખૂબ જ સરળતાપૂર્વક સમજાવતા. ક્યારેક તો દિવસે અથવા રાત્રે ચાર કલાક સુધી એકધારા કથા કરતા અને પોતે જરા પણ થાક અનુભવતા નહિં.

સ્વામી નારાયણદાસજીને સંપ્રદાયના ગ્રંથોનો નિયમિત અભ્યાસ હોવાથી કથા કરવી અને કથા સાંભળવી એ તેમનું મુખ્ય અંગ હતું. તેઓ શ્રી રામાયણની પ્રસિદ્ધ ચોપાઈઓનું સભામાં ઘણીવાર ગાન કરતા.

‘બહુત કાલ કરત સતસંગા
તબ હોવત સંશય કા ભંગા,
કોટિ કલપ લગ પઢત પુરાના
બિનુ સત્સંગ ન હોવૈહિ જ્ઞાના.’

કોઈ સાધુસંત કે હરિભક્ત કથા વાંચે, કથા સાંભળે તો સ્વામીજી ખૂબ જ રાજીપો વરસાવતા. નવા સાધુ-પાર્ષદોને પ્રારંભમાં કથાશ્રવણનું અંગ પડે, તે માટે સ્વામીશ્રી તેને પ્રેરણા આપતા. તેઓશ્રી કહેતા કે આપણે કોઈ કાર્યનું કે આવડતનું અભિમાન રાખવું નહિ. માત્ર એક શ્રીજી મહારાજનું બળ રાખવું. બસ, આપણે તો મહારાજની આજ્ઞા પાળવી, સાધુના ધર્મમાં રહેવું અને સદાય સેવા-ભજન કરતા રહીને કથા સાંભળવી અને કથા કર્યા કરવી.

વિક્રમ સંવત્ ૧૯૮૪ના શ્રી રાધારમણદેવના શતવાર્ષિક પાટોત્સવ પછી તરત જ નારાયણદાસજી સ્વામીએ જૂનાગઢ પ્રદેશના ગામડાંઓમાં સતત ચાર વર્ષ સુધી વિચરણ કરીને કથાવાર્તાનો લાભ ગામડે ગામડે આપ્યો હતો.

જે ગામડે સ્વામીશ્રી પધારે ત્યાં સવારે બે કલાક અને બપોર પછી બે કલાક, એમ દરરોજ ચાર કલાક સ્વામીશ્રી કથાવાર્તા કરતા અને સૌને શ્રીજી મહારાજના સર્વોપરિ સ્વરૂપનો નિશ્ચય દૃઢ કરાવીને સત્સંગની ઉત્તમ પ્રથાનું પોષણ કરાવતા.

ભણો, ભણાવો અને કથા કરો

સંત સદાય ફરતા રહે, નિયમિત કથાવાર્તા કરતા રહે તો સત્સંગનું પોષણ અને વિકાસ થાય એનું ઉત્તમ ઉદાહરણ સ્વામીશ્રીએ પોતાનાં વર્તન દ્વારા પૂરું પાડ્યું હતું.

શ્રીજી મહારાજે વિદ્યા ભણવા વિષે અને સદ્વિદ્યા પ્રવર્તન અંગે શિક્ષાપત્રીમાં જે જે આજ્ઞાઓ પોતાના સર્વે આશ્રિતોને આપેલી છે તેના અનુસંધાનમાં આપણા સંપ્રદાયમાં શિક્ષણ અને જીવન ઘડતર અંગે ખૂબ જ પ્રચાર થયેલો છે.

સંસ્કૃત અને ગુજરાતી સાહિત્યરચના અને તેના અભ્યાસનો બહોળો પ્રચાર સંપ્રદાયમાં પ્રારંભથી જ થયેલો છે.

સદ્ગુરુ નારાયણદાસજી સ્વામીએ સંસ્કૃત ગ્રંથોનો અભ્યાસ કર્યો નહોતો, પરંતુ તેઓ યુવાન સંતો, પાર્ષદો અને બ્રાહ્મણોને સંસ્કૃત ગ્રંથોના અભ્યાસ માટે ખૂબ જ પ્રેરણા અને પ્રોત્સાહન આપતા.

વિદ્યાર્થી સંતોને પુસ્તકો વગેરે જે કાંઈ વસ્તુઓની જરૂરિયાત હોય, તેની વ્યવસ્થા કરાવતા. જૂનાગઢના વિદ્યાર્થી સંતો વડતાલમાં રહીને અભ્યાસ કરતા. તેમનું સ્વામીશ્રી ખાસ ધ્યાન રાખતા. સાધુજીવનની જાળવણી કરીને શાસ્ત્રોનો અભ્યાસ કરવાની ખૂબ જ ભલામણ કરતા.

આપણા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીના ભણતર અને જીવનઘડતરમાં સ્વામી નારણદાસજીનો અમૂલ્ય ફાળો રહ્યો છે. આ અંગેના પ્રસંગોનું કથાવાર્તા દરમિયાન વર્ણન કરતા ગુરુદેવ ગદ્ગદિત બની જતા.

ભણવું એ મનુષ્ય માત્ર માટે આજે અનિવાર્ય છે. આજે કોઈ ભણ્યા વિના રહી નથી શકતું. આજથી સો-દોઢસો વર્ષ પહેલા ભણવાની વ્યવસ્થાઓ નહોતી, છતાં પણ ભણતર વિના જીવનના વ્યવહારો ચાલી જતા. તો પણ સાધુ-સંતો કે પાર્ષદો ભણ્યા વિના જ્યારે સમાજ સમક્ષ કથાવાર્તા કરવા જાય ત્યારે ઘણી મુશ્કેલી પડે. માટે જ આપણા સંપ્રદાયમાં સાધુસંતોના જીવનઘડતરમાં ભણતર વિશેષ મહત્ત્વ ધરાવે છે. નારાયણદાસજી સ્વામી જેવા સંતોએ જે જે સંતોને વિદ્યા-સદ્વિદ્યાની પ્રેરણા આપી, તેનાથી આજે સંપ્રદાયનો સર્વ રીતે વિકાસ અનુભવી શકાય છે.

જૂનાગઢના બ્રહ્મચારી મહારાજ શાસ્ત્રી શ્રી બાલકૃષ્ણાનંદજીએ સૌ પ્રથમ વડોદરા સંસ્કૃત મહાવિદ્યાલયમાં વિદ્યાભ્યાસ પૂર્ણ કરીને ખૂબ ઈનામો મેળવ્યાં.

આ ઈનામોમાં બ્રહ્મચારી મહારાજે ત્યાગીઓના પંચવર્તમાનને ધ્યાનમાં

રાખી રોકડા રૂપિયા ન લીધા, પરંતુ તેના બદલામાં પુસ્તકો સ્વીકાર્યાં. આ બધાં પુસ્તકો લઈને તેઓ જૂનાગઢ આવ્યા, ત્યારે નારાયણદાસજી સ્વામી ખૂબ રાજી થયા. બ્રહ્મચારી બાલકૃષ્ણાનંદજીએ સ્વામીશ્રીને વિનંતી કરી કે 'આપશ્રી રાજી થયા હો તો આપણા મંદિરમાં એક પુસ્તકાલય શરૂ કરીએ, બધા સંતો આ ગ્રંથોનું વાચન-મનન કરે, તેમજ કોઈને ભણવાની ઈચ્છા હોય તો હું સંસ્કૃત ગ્રંથો ભણાવું અને એ રીતે આપણા મંદિરમાં સંસ્કૃત પાઠશાળા શરૂ કરીએ.'

બ્રહ્મચારીની આવી વિનમ્ર અને ઉત્સાહભરી વાત સાંભળીને સ્વામીશ્રીએ રાજી થઈને અનુમતિ આપી.

જૂનાગઢ શ્રી સ્વામિનારાયણ મંદિરની ધર્મશાળામાં સૌ પ્રથમ પાઠશાળાનો પ્રારંભ થયો. પ્રારંભમાં બ્રહ્મચારી બાલકૃષ્ણાનંદજી મહારાજે એક હજાર જેટલા હસ્તલિખિત ગ્રંથો ભેગા કર્યા. દરેક ત્યાગી સંતો-પાર્ષદોને વાચનમાં રસ લેતા કર્યા અને પાઠશાળાને પણ નિયમ પ્રમાણે ચલાવી, ત્યારે બધાને તેમનો ખૂબ જ મહિમા સમજાયો હતો.

આ રીતે સંતોને ભણવા-ભણાવવાની વ્યવસ્થા કરવામાં નારાયણદાસજી સ્વામી પોતે અંગત રસ લઈને સૌને મદદ કરતા. મંદિરમાં જ પુસ્તકાલય અને પાઠશાળા શરૂ થતાં મોટાભાગના સંતો વિદ્યાભ્યાસમાં રસ લેતા થયા.

વિક્રમ સંવત્ ૧૯૭૩માં આ સંસ્કૃત પાઠશાળાના માધ્યમથી સ્વામીશ્રીએ પોતે એક પત્રિકા દ્વારા જાહેર વિનંતી કરી કે 'જેમની પાસે વધારાના કે ઉપયોગ વિનાના પુસ્તકો હોય તેમણે મંદિરની પાઠશાળામાં ભેટ તરીકે આપવાં. સૌ પુસ્તકાલયનો ઉપયોગ કરે અને સત્સંગ સાહિત્યના પ્રચાર અને ઉન્નતિમાં મદદરૂપ થવું. સ્વામીશ્રીની વિનંતીને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો.પરિણામે આગળ જતાં 'સત્સંગ સસ્તુ સાહિત્ય મંડળની સ્થાપના થઈ અને નવાં પુસ્તકોનું પ્રકાશન પણ આ મંડળ દ્વારા હાથ ધરાયું. આવી વિદ્યાની પ્રવૃત્તિના પ્રથમ પ્રેરક અને પોષક સ્વામી શ્રી નારાયણદાસજી હતા.

બ્રહ્મચારી બાલકૃષ્ણાનંદજી મહારાજને પ્રોત્સાહન આપીને નારાયણદાસજી સ્વામીએ મંદિરમાં વિદ્યાભ્યાસનું વાતાવરણ સર્જ્યું હતું. ભણનારા સંતોને સ્વામીશ્રી તમામ સગવડતા કરી આપતા અને હેતપૂર્વક તેમના સાધુજીવનનું પણ જતન કરતા.

આ રીતે સ્વામીશ્રી નારાયણદાસજીએ શ્રીજી મહારાજની આજ્ઞા મુજબ સદ્‌વિદ્યા પ્રવૃત્તિ કરાવી હતી. અનેક સંતોને વિદ્યાભ્યાસ કરાવી, કથાવાર્તાની પ્રેરણા આપીને, સત્સંગ પ્રચારમાં ખૂબ મોટું પ્રદાન કરેલ છે.

પ્રવૃત્તિમાં પણ નિવૃત્તિ

ત્યાગમય જીવનનો પાયો વૈરાગ્ય છે. અતિ વૈરાગ્યવાન ત્યાગી પાસેથી પ્રવૃત્તિમાર્ગની ક્રિયાઓ કરાવીને લોકકલ્યાણ સાધવું એ સ્વામિનારાયણ ભગવાનનો આગવો અને વિશિષ્ટ સિદ્ધાંત છે.

શ્રીજી મહારાજે તો સ્વયં પ્રવૃત્તિમાર્ગને પોષણ આપીને સંતોને જીવનમુક્તિની તાલીમ આપી છે. અતિ પ્રવૃત્તિઓ વચ્ચે પણ નિવૃત્તિની કલા હસ્તગત કરાવીને તૈયાર કરેલા પરમહંસોની પરંપરામાં નારાયણદાસજી સ્વામીએ તો સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના સેવા-સમાગમમાં રહીને વિશેષ કૃપા મેળવી હતી.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીના ઉપદેશ અને માર્ગદર્શનથી નારાયણદાસજી સ્વામીએ વૈરાગ્યનો ખરો મર્મ જીવનમાં અપનાવ્યો હતો. અંતરથી અનાસક્ત હતા, બહારથી સતત સેવામાં રત રહેતા. સાચા વૈરાગીની કસોટી સેવામાં થાય છે અને સેવકભાવની કસોટી ધ્યાન-ભજનમાં થઈ જાય છે.

નારાયણદાસજી સ્વામીએ પોતાને માટે કોઈ પદાર્થનો કે પ્રતિષ્ઠાનો આગ્રહ રાખ્યો નથી. પોતે સંપૂર્ણ અપરિગ્રહી હતા, તો પણ જૂનાગઢ પ્રદેશના સત્સંગના વિવિધ મંદિરોની સેવામાં ભગવાન માટે, સંતો માટે, હરિભક્તો માટે સુવિધાઓ ઊભી કરવામાં કોઈ કચાશ રાખી નથી.

એમના વૈરાગ્યસભર જીવનનો એટલો પ્રભાવ હતો કે એમના સંકલ્પમાં મહારાજ ભળતા અને મોટા મોટા સેવાકાર્યો નિષ્પન્ન થતાં.

જૂનાગઢ મંદિરના મહંતપદે

શ્રી સ્વામિનારાયણ મંદિરોની વહીવટી વ્યવસ્થા આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા પ્રમાણે સંતો, પાર્ષદો અને નિષ્ઠાવાન હરિભક્તો સંભાળતા. એમાં મુખ્ય વહીવટ સંભાળનારને કોઠારી તરીકે સંબોધતા. પરંતુ જૂનાગઢમાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના પ્રબળ પ્રતાપ અને પ્રૌઢ પ્રભાવથી આ સ્થાને બિરાજતા સંતને મહંત સ્વામી તરીકે આદરપૂર્વક સૌ બોલાવતા. સંતો પણ વિવેકભાવે આ સ્થાનને શોભાવતા. નારાયણદાસજી સ્વામીએ પણ ઘણા વર્ષો સુધી આ સ્થાનને શોભાવેલું.

વિક્રમ સંવત્ ૧૯૩૯ની સાલમાં વડતાલ પીઠાધિપતિ આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ જૂનાગઢ દેશના ગામડાંઓમાં પધરામણી માટે પધારેલા. આ વખતે તેઓશ્રી ગોંડલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં રોકાયા હતા.

એક દિવસ ઢોલિયાની પાટી વેચનાર માણસ ગોંડલ મંદિરમાં પાટી વેચવા માટે આવ્યો. તેણે જૂદી જૂદી જાતની સૂતરની પાટીઓ બતાવી. આ અનેક પ્રકારની પાટીઓના બંડલમાંથી એક બંડલ આચાર્ય મહારાજશ્રીને ગમી ગયું, એટલે તેની કિંમત પૂછી. વેચનારાએ તેની કિંમત ચાલીસ રૂપિયા ઠેરાવી.

મહારાજશ્રીએ પાર્ષદને કહ્યું કે, 'આ પાટીનું બંડલ લઈને આ માણસને કોઠારમાંથી ચાલીસ રૂપિયા અપાવી દેજો.'

પાર્ષદ આજ્ઞા મુજબ પાટી વેચનારને કોઠારની ઓફિસમાં લઈ ગયા અને કહ્યું કે 'આ વેપારીને ચાલીસ રૂપિયા આપીને આ પાટીનું બંડલ મહારાજશ્રી માટે લઈ લો.'

આ સમયે નારાયણદાસજી સ્વામી ત્યાં બેઠા હતા. તેમણે પાર્ષદને વિદાય કરીને પાટીવાળાને પોતાની પાસે બેસાર્યો અને કહ્યું, 'ભાઈ, આ પાટીની કિંમત હું જાણું છું. જો આમાં બે રૂપિયાનું સૂતર છે અને બીજી તમારી મજૂરી ગણીએ તો બે ને બે ચાર રૂપિયાની પાટી થાય. પાટી જરા વધારે સારી રીતે વણી છે અને અમારા આચાર્ય મહારાજશ્રીએ પસંદ કરી છે, તેનો એક રૂપિયો વધારે, એમ કુલ પાંચ રૂપિયાનું આ પાટીનું બંડલ થાય. આનાથી એક પૈસો પણ વધારે ન આવે.'

આમ પાંચ રૂપિયાની પાટીના તું ચાલીસ રૂપિયા માગે છે અમને તો મહારાજશ્રીએ પાટી લેવાનું કહ્યું છે તે જરૂર લઈશું, પણ કેટલા રૂપિયા દેવા એ તો અમારે જોવાનું છે. તું ગરીબ માણસ છો, તો તને લૂંટી લેવો નથી, તને રાજી કરીને પાટી લેવી છે. માટે હવે બોલ, કેટલા રૂપિયા લેવા છે ?'

પાટી વેચનારો કહે, 'સ્વામીજી, તમે રાજી થઈને જે આપો તે લેવું છે.'

સ્વામીશ્રી કહે, 'તને પાંચ રૂપિયા આપશું.'

પાટીવાળો પાંચ રૂપિયા લેવા તૈયાર થઈ ગયો.

પાટીનું બંડલ લઈને સ્વામીએ કોઠારી પાસેથી પાંચ રૂપિયા અપાવ્યા. ઉપરાંત તેને મંદિરમાં જમાડયો અને પ્રસાદી પણ આપી, એટલે પાટી વેચનાર તો રાજી રાજી થઈને ગયો.

આ ઘટનાની હકીકત આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજના જાણવામાં આવી. મહારાજશ્રી બહુ વિચક્ષણ મહાપુરુષ હતા. તેઓ વ્યક્તિની કામગીરીથી જ વ્યક્તિની કાર્યશક્તિનું માપ કાઢી લેતા.

નારાયણદાસજી સ્વામીએ ચાલીસ રૂપિયાની પાટી માત્ર પાંચ રૂપિયામાં લીધી એ જાણીને આ સંતની કરકસરપૂર્વક વ્યવહાર ચલાવવાની આવડતનું માપ

કાઢી લીધું અને 'આવા સંતને મંદિરના વ્યવહારમાં નિયુક્ત કર્યા હોય તો તેમની શક્તિનો ઉપયોગ કરી શકાય' આ વિચાર મનમાં રાખીને મહારાજશ્રી ગોંડલથી ફરતા ફરતા જૂનાગઢ પધાર્યા.

જૂનાગઢમાં કોઠારીપદે એ સમયમાં સ્વામી મુકુંદચરણદાસજી હતા. તેઓ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય હતા. તેઓ વયોવૃદ્ધ થયા હતા, તેથી આચાર્ય મહારાજશ્રી વિહારીલાલજીએ તેમના સહાયક કોઠારી તરીકે નારાયણદાસજી સ્વામીને સેવામાં રાખવા ભલામણ કરી.

મહારાજશ્રીની વાતથી કોઠારી મુકુંદચરણદાસજી સ્વામી પણ રાજી થયા.

આ રીતે સંવત્ ૧૯૪૦ની સાલમાં સ્વામી નારાયણદાસજી સ્વામી જૂનાગઢના શ્રી રાધારમણદેવ મંદિરના કોઠારી તરીકે નિયુક્તિ પામ્યા.

એકાદ વર્ષમાં જ મુખ્ય કોઠારી સ્વામી મુકુંદચરણદાસજી સ્વામી અક્ષરવાસી થયા. આ એક વર્ષમાં જ નારાયણદાસજી સ્વામી મંદિરના કામકાજ અને વહીવટથી પૂરા માહિતગાર થઈ ચૂક્યા હતા.

સ્વામી મુકુંદચરણદાસજીના અક્ષરવાસ બાદ સ્વામી નારાયણદાસજી જૂનાગઢ મંદિરના મુખ્ય કોઠારી બન્યા. સ્વામીએ વર્ષો સુધી આ શ્રીજી સ્થાપિત મંદિરનો કુશળતાપૂર્વક વહીવટ કર્યો. આ સમયગાળા દરમિયાન મંદિરની સર્વ રીતે પ્રગતિ થઈ.

ભવ્ય હવેલીનું નિર્માણ

જૂનાગઢ મંદિરથી ઉગમણી બાજુ જ્યાં આજે નારાયણદાસજી સ્વામીએ બંધાવેલી વિશાળ હવેલી અને સભામંડપ છે, એ જગ્યા પહેલા નવાબ સરકારની હતી.

કેટલાક દ્વેષી લોકો અહીંયા કોઈપણ રીતે મસ્જિદ થાય, એવું ઈચ્છતા હતા. આ સમયે જૂનાગઢની ગાદીએ નવાબ રસૂલખાનજી હતા. પેલા દ્વેષી લોકોએ બરાબરનો લાગ સાધ્યો હતો. એમણે નવાબ રસૂલખાનજીને એ સ્થળે મસ્જિદ બાંધવા માટે માનસિક રીતે તૈયાર કર્યા હતા. નવાબે પણ મસ્જિદ નિર્માણની વાતમાં પોતાની ઈચ્છા વ્યક્ત કરી હતી. મંદિરના સંતોને આ વાતની ખબર પડી. સંતોને થયું, "મંદિરની બાજુમાં જ આ રીતે મસ્જિદ થાય, તો કાયમની મુશ્કેલી ઊભી થાય ! પરંતુ એક તો સરકારની જમીન અને સ્વયં નવાબની ઈચ્છા હોવાથી આ કાર્ય અટકાવી શકાય એવી પરિસ્થિતિ નહોતી.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી વગેરે મહાન સંતો શ્રીહરિને પ્રાર્થના કરતા હતા કે, "હે મહારાજ ! આનો રસ્તો તો હવે આપ કૃપા કરશો તો જ નીકળશે."

શ્રીહરિએ સંતોની પ્રાર્થના સાંભળી. દૈવયોગે નવાબ સાહેબનું અવસાન થયું. એમને સ્થાને નાની ઉંમરના શાહજાદા મહોબતખાન જૂનાગઢની ગાદીએ આવ્યા.

મહોબતખાનની ઉંમર નાની હોવાથી દીવાન બાઉદ્દીનજીભાઇ રાજ્યનો વહીવટ સંભાળતા હતા. સત્સંગના પ્રસિદ્ધ ઈતિહાસ પ્રમાણે દીવાન બાઉદ્દીનજી ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી આગળ આવ્યા હતા.

એમના અંતરમાં સ્વામી તેમજ મંદિર પ્રત્યે ખૂબ જ ભાવ હતો. સંતોના ધર્મસંકટની એમને જાણ હતી. એમણે ભારે કુશળતાપૂર્વક આ પ્રશ્ન હલ કર્યો.

એમણે નવાબ પાસે નિર્ણય લેવડાવ્યો કે, "જૂનાગઢમાં ઘણી બધી મસ્જિદો હોવાથી હવે આ મસ્જિદની કાંઈ જરૂર નથી, માટે એ અંગે રાજ્યે ખર્ચ કરવો યોગ્ય નથી." આ રીતે નવાબ સરકાર તરફથી મસ્જિદનિર્માણની વાત ઉપર પૂર્ણવિરામ મૂકાયું.

ત્યારબાદ બાઉદ્દીનજીભાઈએ ભારે કુનેહપૂર્વક એ સરકારી જમીનની હરાજીનું નિમિત્ત ઊભું કરી અને એ જમીન મંદિરને અપાવી.

સમય જતાં સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીએ આ જગ્યા ઉપર વિશાળ સભામંડપ તેમજ આચાર્ય મહારાજ અને હરિભક્તોના ઉતારાની ત્રણ માળની હવેલી બંધાવી.

નવાબે ગાયો માટે ચરિયાણની વ્યવસ્થા કરી

જૂનાગઢના નવાબને સ્વામિનારાયણ મંદિર અને સંતો પ્રત્યે ભારે ભાવ હતો. એમને મંદિરની ગાયો ખૂબ જ ગમતી.

એકવાર એક ગાય નવાબ સરકારના મનમાં વસી ગઈ. એમણે સ્વામીને કહેવડાવ્યું, "અમારે ત્યાં ગાયો ઘણી છે, પણ આવી રૂપાળી ગાય નથી. તો આ ગાય અમને આપો. અમારે મંદિરની ગાય મફત જોઈતી નથી. જે કિંમત જોઈતી હશે, એ અમે આપીશું."

સ્વામીએ નવાબ સાહેબને કહેવડાવ્યું, "આપ પ્રેમથી એ ગાય રાખો, અમારે કોઈ કિંમત જોઈતી નથી."

નવાબે ખૂબ જ આગ્રહ કર્યો ત્યારે સ્વામીએ કહેવડાવ્યું કે, "મંદિરની ગાયો માટે ચરિયાણની જગ્યા અંગે ભારે મુશ્કેલી છે. મંદિરની ગાયોને ચરવા માટે પથરાળ ડુંગરામાં જ્યાં ત્યાં રખડવું પડે છે. જો આપ રાજી થયા હો તો મંદિરની ગાયો માટે ચરિયાણ માટે વ્યવસ્થા કરાવી આપો."

સ્વામીની વાત સાંભળી નવાબ સરકારે પોતાના અધિકારી સિકવેરા સાહેબને આદેશ કર્યો કે, "આપણી સાગડી વીડીમાં રાજની ગાયો ચરે છે, એ જ વીડીમાં મંદિરની ગાયોને પણ ચરવા દેવામાં આવે." આજે જ્યાં મોતીબાગમાં કૃષિયુનિવર્સીટી આવેલી છે, ત્યાં આ વીડી હતી.

નવાબ સાહેબના હુકમથી રાજની વીડીમાં રાજની ગાયોની સાથે મંદિરની ગાયો પણ ચરતી થઈ. ઉપરાંત, નવાબ સરકારે લીલિયા ગીરની બાજુમાં સાંખડાંવદરની વીડી હતી, તે પણ મંદિરને આપેલી હતી.

બીલખાના દરબારે પણ સાંખડાંવદરની નાની વીડી મંદિરને અર્પણ કરી હતી.

સાંખડાંવદરની આ નાની-મોટી બંને વીડી આજે પણ મંદિરના કબજામાં છે.

જૂનાગઢ મંદિરનો વિકાસ

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી સાધુતાની મૂર્તિ હતા, સાથોસાથ સેવામૂર્તિ સંત હતા અને સ્વામીમાં જેવી સાધુતા હતી એવી જ કોઠાસૂઝ અને કુશળતા હતી.

સ્વામી આજાનબાહુ હતા, સ્વામીના શરીરનો બાંધો સુદૃઢ હતો. જાત મહેનત કરવામાં ક્યારેય થાકતા નહિ. ગમે તેવી સેવા પ્રવૃત્તિ હોય, તો પણ કથાવાર્તાનું અનુસંધાન ચૂકતા નહિ.

પુરાણી સ્વામી ગોપીનાથદાસજી અને નારાયણદાસજી સ્વામી આ બન્ને મહાન સંતો સદ્‌ગુરુ બાલમુકુંદદાસજીના ડાબા - જમણા હાથ હતા. બન્નને એકબીજા સાથે હેત હતું અને બન્ને પરસ્પર એકબીજાના પૂરક હતા.

સ્વામીશ્રી વર્ષો સુધી જૂનાગઢ મંદિરમાં રહ્યા, એ દરમિયાન જૂનાગઢ મંદિરનો સારો વિકાસ થયો. સ્વામીશ્રીએ મંદિરમાં વિશાળ ભંડારનું નિર્માણ કરાવ્યું.

નિજ મંદિરમાં એક દેરામાંથી બીજા દેરામાં જઈ શકાય એવી વ્યવસ્થા નહોતી. માત્ર નાની નાની બારીઓ હતી. તેથી પૂજારીઓને એક દેરામાંથી બીજા દેરામાં થાળ વગેરે લઈ જવામાં ભારે મુશ્કલી પડતી હતી.

સ્વામીશ્રીએ કુંડલાવાળા મિસ્ત્રી કાનજીભાઈને બોલાવ્યા. તેઓ કુશળ કારીગર હતા. સ્વામીએ એની સાથે ચર્ચા વિચારણા કરી, શિખરોને નુકશાન ન થાય તે રીતે વચલી નાની બારીઓની જગ્યાએ કમાનો કરાવી, તેથી કાયમને માટે સરળતા થઈ ગઈ.

જૂનાગઢ મંદિરમાં હરિભક્તોની આવ-જા ખૂબ જ રહેતી હતી, પરંતુ ઉતારાની જોઈએ એવી વ્યવસ્થા નહોતી.

વિ. સં. ૧૯૭૨ની સાલમાં સ્વામીએ મંદિરના પૂર્વ ભાગે સરકારી પડતર જમીન પડેલી તે મેળવીને ત્રણ માળની મોટી હવેલી બંધાવી. જેમાં વિશાળ સભા મંડપ, આચાર્ય શ્રી તથા હરિભક્તોના ઉતારાનો સમાવેશ થતો હતો. જૂનાગઢ મંદિરમાં પાણીના સંગ્રહની તકલીફ હતી, તેથી સ્વામીએ વિ. સં. ૧૯૮૦ની સાલમાં કુંડલાથી મિસ્ત્રી કાનજીભાઈને બોલાવી કમાનોવાળું બાંધકામ કરાવી આશરે ૧૦૦ ફૂટ પહોળી અને ૧૫૦ ફૂટ લાંબી મોટી ટાંકી કરાવી.

અનોખી એકાદશી

વિ. સં. ૧૯૮૩ની સાલમાં સ્વામીએ નિજ મંદિરમાં ઈટાલીયન આરસ પથરાવ્યો હતો, જે આજે પણ જેમનો તેમ છે. આ આરસની સેવા રાજકોટના મિસ્ત્રી હરિભાઈ ગંગદાસભાઈ તથા વાગુદડ દરબારે કરી હતી. જેમાં મિસ્ત્રી તરીકે જામનગરના ગોવાભાઈ પમાભાઈએ સેવા આપી હતી. મુખ્ય કારીગર તરીકે જામનગરના મૂળજીભાઈ લધાભાઈ હતા. તેઓ સ્વામીના ખૂબ જ કૃપાપાત્ર હતા.

જૂનાગઢ મંદિરની સામેની બાજુ ગૌશાળાવાળા વંડામાં પાણીની ટાંકીનું કામ ચાલી રહ્યું હતું. કુંડલાના કાનજીભાઈ મિસ્ત્રીની દેખરેખ નીચે એ કામ થતું હતું. કાનજીભાઈ ખૂબ સારા ભક્તરાજ હતા.

કાનજીભાઈ મિસ્ત્રીને સ્વામીના વચનમાં પૂર્ણ વિશ્વાસ હતો. પોતે ખૂબ સારા કારીગર હોવા છતાં કોઈપણ કામમાં સ્વામીની રુચિને જ અનુસરતા હતા. તેઓ યોગ્ય સલાહ સૂચન કરતા, પણ ક્યારેય પોતાનું ધાર્યું કરતા નહોતા.

એના અંતરમાં હંમેશા સ્વામીને રાજી કરવાનું તાન રહેતું. તેઓ માત્ર કારીગર નહોતા, સારા ભક્ત અને ઉત્તમ મુમુક્ષુ પણ હતા.

નારાયણદાસજી સ્વામી પણ કાનજીભાઈ મિસ્ત્રી પર ખૂબ જ રાજી હતા અને બન્ને વચ્ચે ગુરુ-શિષ્યનો અનુપમ સંબંધ હતો.

જૂનાગઢની પાણીની ટાંકીનું કામ મોટું અને જોખમી હતું. આશરે સો બાય દોઢસો ફૂટની ટાંકી કરવી એ કાંઈ નાની વાત નહોતી !

કાનજીભાઈ મિસ્ત્રીએ પોતાની આગવી કુનેહ વાપરી કમાન આકારનું બાંધકામ કરી તેના ઉપર પાણીની વિશાળ ટાંકી બાંધી.

આ ટાંકીને લીધે મંદિરને જળસંગ્રહની સમસ્યા સારી રીતે હલ થઈ હતી. આ ટાંકીમાં દિવસો સુધી ચાલે એટલાં પાણીનો સંગ્રહ થઈ શકતો હતો. મંદિરની દરેક જગ્યાએ સરળતાથી કુદરતી દબાણથી જ પાણી પહોંચી જતું હતું.

આ ટાંકીના બાંધકામથી નારાયણદાસજી સ્વામી કાનજીભાઈ મિસ્ત્રી ઉપર ખૂબ જ રાજી થયા હતા.

કાનજીભાઈને સવાર - સાંજ નાસ્તા - પાણી ભોજન વગેરેની વ્યવસ્થા સ્વામીએ સારી રીતે ગોઠવી દીધી હતી. ક્યારેક ક્યારેક સ્વામી સ્વયં કાનજીભાઈને પીરસવા આવતા. આવા મહાન સંતો પોતાના હાથે પીરસે એ હરિભક્તો માટે બહુ મોટો લહાવો ગણાય.

એક સમયની વાત છે. એકાદશીનો પવિત્ર દિવસ હતો. પાણીની ટાંકીનું કામ લગભગ પૂરું થવા આવ્યું હતું.

સવારના સમયમાં કાનજીભાઈ મિસ્ત્રી નાસ્તાપાણી માટે ભંડારમાં આવ્યા હતા. નારાયણદાસજી સ્વામી પણ આ ભક્તને ભાવથી પીરસવા માટે ભંડારમાં આવ્યા હતા. સ્વામીને આજે અંતરમાં આ સેવક ઉપર ખૂબ જ હેત ઉભરાયું હતું, એટલે સ્વામી પોતે પોતાના હાથે કાનજીભાઈ મિસ્ત્રીને પ્રસાદ પીરસવા માગતા હતા.

કોણ જાણે કેમ, સ્વામીને એકાદશીનો ખ્યાલ રહ્યો કે ન રહ્યો, એમણે રાધારમણદેવના થાળમાં આગલા દિવસે ધરાવેલા ચૂરમાનાં ચાર લાડુ હાથમાં લીધા અને બહાર આવી કાનજીભાઈ મિસ્ત્રીની થાળીમાં મૂકી દીધા.

કાનજીભાઈ એકાંતિક ભક્તરાજ હતા. તેઓ નિયમિત રીતે એકાદશી કરતા હતા. ચૂરમાના લાડુ જોઈ કાનજીભાઈ એકદમ ખચકાયા અને સ્વામીની સામે જોયું. સ્વામી સામે ઊભાઊભા રાજીપાથી મંદમંદ હસી રહ્યા હતા.

સ્વામી બોલ્યા, ‘કાનજીભાઈ ! તમે પ્રેમથી પ્રસાદ જમી લો. તમારે આખો દિવસ કામ કરવાનું છે, એટલે શરીરને ટેકો જોઈએ.’

કાનજીભાઈ મિસ્ત્રીના મનમાં વિચારોનો પ્રવાહ અત્યંત વેગથી વહી રહ્યો હતો. એમને થયું, ‘જો હું કહીશ કે આજે એકાદશી છે, તો સ્વામી ક્ષોભ પામશે ! અને જો જમીશ તો એકાદશી ભાંગશે.’ કાનજીભાઈ ભારે ધર્મસંકટમાં મૂકાયા.

કાનજીભાઈએ તાત્કાલિક નિર્ણય લીધો. ‘એકાદશી ભાંગશે તો પ્રાયશ્ચિત કરી લઈશ, પણ સ્વામીના રાજીપાના પ્રસાદનો અનાદર કરવો નથી.’

એમણે કોઈ વિશેષ વિચાર કે આનાકાની કર્યા સિવાય સ્વામીના હાથનો પ્રસાદ સ્વીકારી લીધો.

સ્વામીના હાથનો પ્રસાદ જમતા કાનજીભાઈના હૈયામાં ભારે ટાઢક થઈ. એણે અંતરની આવી શાંતિ પહેલા ક્યારેય અનુભવી નહોતી ! કાનજીભાઈ મિસ્ત્રીની આજની એકાદશી કોઈ અનોખી એકાદશી હતી !

વર્ષો પછી કાનજીભાઈ મિસ્ત્રી સ્વયં આ પ્રસંગને યાદ કરી ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજને કહેતા, 'સ્વામી ! મેં આખી જિંદગી એકાદશી કરી છે, પણ નારાયણદાસજી સ્વામીએ એકાદશીના દિવસે મને ચૂરમાના લાડુ જમાડ્યા, એવી એકાદશી મેં ક્યારેય કરી નથી. સ્વામીના હાથની એ પ્રસાદીથી મારા અંતરમાં જે શાંતિ થઈ અને ભજન-સ્મરણમાં સુખનો જે વધારો થયો એનું વર્ણન મારાથી થઈ શકે એમ નથી.'

આ અકલ્પનીય પ્રસંગનો મર્મ છે કે, વિધિ-નિષેધો કરતાંય સદ્‌ગુરુનો રાજીપો વિશેષ મહત્વનો છે. જોકે આવા પ્રસંગો અપવાદરૂપ હોય છે. આવા પ્રસંગોના છાસવારે પુનરાવર્તન થતાં નથી અને મહિમાને ઓથે પુનરાવર્તન કરાય પણ નહિ.

એક તો નારાયણદાસ સ્વામી અત્યંત ધર્મનિષ્ઠ સંત હતા, બીજું કાનજીભાઈ મિસ્ત્રી પણ આજ્ઞા અને ઉપાસનામાં દૃઢ એકાંતિક ભક્ત હતા.

બે માંથી એકેય ધર્મ-પાલનમાં ક્યારેય છૂટ લેતા નહોતા. કાચાપોચાને તો વ્રતઉપવાસના દિવસે મિષ્ટ ભોજન જમવાની છૂટ મળે, તો રાજીરાજી થઈ જાય !

કાનજીભાઈની વાત નોખી હતી. એમને એકાદશીએ ચૂરમાના લાડુ મળ્યા એનો આનંદ નહોતો, એમને મન તો ભગવાન જેવા સમર્થ નારાયણદાસજી સ્વામીનો રાજીપો મળ્યો એ જ મહત્વનું હતું.

હનુમાનજી હળવા થયા !

જૂનાગઢ મંદિરના નિજમંદિરમાં ઉત્તરાદે ભાગે હાલમાં જ્યાં પગથિયાં છે, ત્યાં હનુમાનજી-ગણપતિજીની ભવ્ય મૂર્તિઓ છે.

વિ. સં. ૧૯૧૧માં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ આ મૂર્તિઓ મંદિરના નીચેના ભાગમાં હાલ જ્યાં છત્રી છે, ત્યાં પધરાવેલી હતી.

પૂજારીઓને દરરોજ નીચે થાળ ધરવા જવા-આવવાની તકલીફ પડતી હતી. ચોમાસાની ઋતુમાં તો મુશ્કેલીમાં ભારે વધારો થતો હતો. સ્વામી યોગેશ્વરદાસજી, સ્વામી અક્ષરસ્વરુપદાસજી, સ્વામી બાલમુકુંદદાસજી વગેરે મહાન સદ્‌ગુરુ સંતોની ઈચ્છા હતી કે 'આ બન્ને મૂર્તિઓ નિજ મંદિરની પ્રદક્ષિણાના ભાગમાં જ પધરાવાય તો ઠીક.' નારાયણદાસજી સ્વામીએ આ પવિત્ર સંતોના સંકલ્પને પૂર્ણ કરવાનો નિર્ણય કર્યો.

સ્વામીએ નિજ મંદિરની ઉત્તરાદિ પ્રદક્ષિણાના પગથિયાની બન્ને તરફ પૂર્વ પશ્ચિમ ભાગે બે સુંદર શિખરોવાળા મંદિરો તૈયાર કરાવડાવ્યા.

મંદિર તૈયાર થઇ ગયા પછી સ્વામીએ કુશળ કારીગરો પાસે બન્ને મૂર્તિઓ ખંડિત ન થાય એ રીતે ખોલાવી. ત્યાર પછી બન્ને મહાકાય મૂર્તિઓને ઉપર ફેરવવાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું.

એમાં ગણપતિજીની મૂર્તિ તો હળવા ફૂલની જેમ ઉપડી ગઇ અને નવા ડેરામાં યથાસ્થાને સરળતાપૂર્વક બિરાજીત થઇ, પરંતુ હનુમાનજી મહારાજની મૂર્તિ કોઇ રીતે ઉપડતી નહોતી. સ્વામીની દેખરેખ હેઠળ સંતો અને હરિભક્તાએ વજન ઉંચકવાની મોટી કંપી ઊભી કરેલી. કંપી સાથે દોરડા બાંધી સંતો - ભક્તો હનુમાનજી મહારાજની મૂર્તિને ઉપર લેવા ભગીરથ પુરુષાર્થ કરી રહ્યા હતા, પણ હનુમાનજી મહારાજ જાણે પોતાનો પ્રભાવ બતાવવા માગતા હોય એમ પર્વત જેવા વજનદાર બની ગયા હતા.

મૂર્તિને ઉપાડતી વખતે એક બે વાર કંપીના દોરડા પણ તૂટી ગયા, પરંતુ હનુમાનજી મહારાજ ન ઉપડ્યા તે ન જ ઉપડ્યા.

બપોરના બાર વાગ્યાનો સમય થઇ ચૂક્યો હતો. બધા મહેનત કરી કરીને થાકી ગયા હતા. હઠીલા હનુમાનજી મહારાજ ઉઠવાનું નામ લેતા નહોતા.

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીએ કહ્યું, ‘બપોરના બાર વાગવા આવ્યા છે, એટલે હમણાં આ કામ બંધ રાખો. બધા ઠાકોર જમાડી થોડો સમય આરામ કરી લ્યો, પછી કાર્ય કરીશું.’

સ્વામીએ હાથ-પગ ધોયા, ઠાકોર જમાડ્યા, બપોરની કથા કરી પછી સ્વામી એકલા જ હનુમાનજી મહારાજ પાસે પધાર્યા.

સ્વામીએ હનુમાનજીને હાથ જોડીને પ્રાર્થના કરી કે ‘દાદા ! તમે શા માટે હઠ કરો છો ? છે એના કરતાં ઉપરના ભાગે સારું દેરું તૈયાર થયું છે. તમારી સેવાવિધિ પણ ત્યાં બરાબર થશે. અહીયાં ચોકમાં કૂતરા-બિલાડાં રખડે છે, તે વારંવાર સ્થાનને અપવિત્ર કરે છે. માટે કૃપા કરી ઉપર પધારો.’

સ્વામીની પ્રાર્થના સાંભળી લીધી હોય એમ હનુમાનજી મહારાજની મૂર્તિ મંદ મંદ સ્મિત કરવા લાગી. સ્વામીએ કામ કરનારા સંતો-હરિભક્તોને તેડાવ્યા, કંપી બરાબર ફીટ કરી. તૂટેલા દોરડા બદલાવ્યાં અને મૂર્તિને ઉપાડવાનો પ્રયાસ શરુ કર્યો.

એ જ સમયે અદ્‌ભૂત ચમત્કાર સર્જાયો. જે મૂર્તિ કોઇ રીતે ઉપડતી નહોતી એ મૂર્તિ હળવા ફૂલની જેમ ઊચકાઇ ગઇ અને હનુમાનજી મહારાજ યથાસ્થાને બિરાજી ગયા.

આ ચમત્કાર જોઇને સર્વને આશ્ચર્ય થયું.

હનુમાનજીએ હરિભાઇને પરચો દીધો

આ સમયે બીજો એક અદ્‌ભૂત પ્રસંગ બન્યો. હનુમાનજી મહારાજની આ મૂર્તિને ફરતી વાનરસેના નહોતી. સ્વામીને મનમાં થયું કે 'મૂર્તિને ફરતી વાનરસેના ફીટ થાય તો મૂર્તિ વધારે રમણીય લાગે.'

સ્વામીએ જામનગરના સુપ્રસિદ્ધ કારીગર મિસ્ત્રી હરિભાઇ ઘેલાભાઈને બોલાવ્યા અને કહ્યું, 'હરિભાઈ ! તમે સારા કારીગર છો, તેથી આ મૂર્તિને ફરતી ત્રણ થરી વાનરસેના કરી આપો.'

હરિભાઈએ કહ્યું, 'સ્વામી ! તમે માર્ગદર્શન આપો તે પ્રમાણે હું હનુમાનજીની સેના તૈયાર કરીશ.' સ્વામીએ હરિભાઇને હનુમાનજીની સેના કઇ રીતે કરવી તેનું માર્ગદર્શન આપ્યું.

હરિભાઈએ મૂર્તિને ફરતી સેનાનું કામ શરૂ કર્યું. નીચેથી શરૂ થયેલું કામ હનુમાનજીની ગદા અને મુગટના તોરા સુધી પહોંચ્યું.

બન્યું એવું કે તોરા પાસે એક વાનરનું સ્વરૂપ ફીટ કરવામાં હનુમાનજી મહારાજના મુગટનો તોરો થોડો નડતો હતો. હરિભાઈએ સ્વામીને કહ્યું, 'સ્વામી ! આ તોરાને લીધે વાનરનું એક સ્વરુપ ફીટ થતું નથી. તમે જો રજા આપો તો હું આ તોરાનો સહેજ ભાગ કાપી નાખું અને આ વાનર સ્વરુપને ફીટ કરી દઉં.'

સ્વામી તુરંત બોલ્યા, 'જો જો હરિભાઈ ! એવી ભૂલ રખે કરતા ! વાનરનું સ્વરૂપ ફીટ ન આવે તો સ્વરુપ નાનું કરો અથવા એ ભાગ ખાલી રાખી દ્યો. પરંતુ તોરામાં કાપકૂપ કરશો નહિં કારણ કે આ મૂર્તિમાં હનુમાનજી મહારાજ હાજરાહજૂર બિરાજે છે.' આટલી ચેતવણી આપી સ્વામી આસને પધાર્યા.

આ બાજુ હરિભાઈએ કામ આગળ વધાર્યું. વાનર સ્વરુપમાં થોડા ફેરફાર કર્યા છતાં એ સ્વરુપ બરાબર ફીટ ન થયું. હરિભાઈને થયું સહેજ ટાંકણું મારીને તોરો સરખો કરું એમાં વાંધો નહીં આવે !

સ્વામીએ સ્પષ્ટ ચેતવણી આપી હતી, છતાં એમણે હથોડી અને ટાંકણું હાથમાં લીધા. તોરા ઉપર સહેજ ટચકો માર્યો, એ જ વખતે જાણે વીજળીનો કરંટ લાગ્યો હોય એમ હરિભાઈને આંચકો આવ્યો ! એનાથી રાડ પડાઈ ગઈ અને પછડાટ ખાઈને નીચે પડ્યા ! કામ કરનારા ભક્તો એમને તરત જ ઝોળીમાં નાખી નીચે લાવ્યા, પણ શરીર ભય અને તાવથી ધ્રૂજી રહ્યું હતું. હનુમાનજી મહારાજે હરિભાઈને ભારે પરચો બતાવ્યો. પાંચ-પાંચ દિવસ સુધી તાવ ઊતર્યો નહિ.

સ્વામીએ હનુમાનજી મહારાજને પ્રાર્થના કરી કે, 'દાદા ! તમે દયાળુ છો, જીવ બાળક જેવા છે. એનાથી તો ભૂલ થયા જ કરે, માવતર બાળકના અપરાધ જોતા નથી. હરિભાઈ સેવક છે, માટે એમને માફ કરો.' સ્વામીની પ્રાર્થના હનુમાનજી મહારાજે સાંભળી. હરિભાઈનો તાવ ઊતરી ગયો.

સ્વામીએ હરિભાઈને કહ્યું, 'હરિભાઈ ! હનુમાનજીની કૃપાથી હવે તમે સાજા થઈ ગયા છો, માટે તમે હનુમાનજીની સેનાનું કામ આગળ વધારો.'

હરિભાઈએ કહ્યું, 'સ્વામી ! હવે મને બીક લાગે છે. મારાથી આ કામ પૂરું નહીં થાય.'

સ્વામીએ ખૂબ સમજાવ્યા, પણ એમનો ભય ઓછો ન થયો.

ભયના માર્યા કામ અધૂરું મૂકીને હરિભાઈ જામનગર ચાલ્યા ગયા.

સ્વામીએ હનુમાનજીની સેનાનું અધૂરું કામ બીજા કારીગર પાસે પૂરું કરાવ્યું.

આજે પણ હનુમાનજીના દેરામાં નીરખીને દર્શન કરીએ, તો જણાઈ આવે છે કે હનુમાનજી સેનાની નીચેની મૂર્તિઓ કરતાં ઉપરની મૂર્તિઓ જૂદી પડે છે.

સુવર્ણનાં સિંહાસનો

વિ. સં. ૧૯૮૫ની સાલમાં સ્વામીએ રાધારમણદેવનું સિંહાસન સુવર્ણનું કરાવ્યું, જેમાં લગભગ આઠ હજાર રૂપિયાનો ખર્ચ થાય તેમ હતો. આ સેવા મેંગણી દરબાર અર્જુનસિંહજીએ એકલાએ કરી હતી.

સ્વામીના મનમાં થયું કે 'રાધારમણદેવનું સુવર્ણ સિંહાસન તો થયું, પણ હવે રણછોડ ત્રિકમરાયનું સિંહાસન સોનાનું થાય તો સારું. 'આવા શુભ સંકલ્પ સાથે સ્વામી રાજકોટ પધાર્યા. રાજકોટના હરિભક્તોએ સ્વામીને કહ્યું, 'સ્વામી ! અમારે લાયક સેવા બતાવો.'

સ્વામીએ પોતાના મનનો સંકલ્પ રાજકોટના હરિભક્તોને જણાવ્યો. રાજકોટના હરિભક્તોએ સહુએ મળીને આ સેવા ઉપાડી લીધી.

બે સિંહાસનો તો સુવર્ણના થયા પરંતુ હવે સિદ્ધેશ્વર મહાદેવજીના સિંહાસનનું કામ રહી જતું હતું.

સ્વામીનો સંકલ્પ હતો કે 'હવે આ કાર્ય પૂરું થાય, તો ત્રણેય સિંહાસનો સુવર્ણના થઈ જાય' સુવર્ણના સિંહાસનના સેવાકાર્ય માટે સ્વામી રાજકોટમાં રોકાયા હતા. આ વાતની ખબર જામનગરના હરિભક્તોને પડી. તેઓને થયું, 'સ્વામી જામનગર પધારે તો સારું.'

બધા હરિભક્તોએ મળી સત્સંગના આગેવાન દલપતભાઈ કરુણાશંકર ઓઝાને કહ્યું, 'તમે રાજકોટ જાવ. સ્વામીને જામનગર પધારવા વિનંતી કરજો અને બને તો તેડી લાવજો.' દલપતભાઇ રાજકોટ આવ્યા. સ્વામીનાં દર્શન કર્યાં અને બોલ્યા, 'સ્વામી ! અમારું જામનગર ધરતીને છેડે છે. અમે ગરીબ હરિભક્તો છીએ. તમે અમને ભૂલી ગયા તો નથી ને !'

સ્વામીએ કહ્યું, 'દલપતભાઈ ! અમે જામનગરને ક્યારેય ભૂલ્યા નથી.' દલપતભાઈ બોલ્યા, 'સ્વામી ! તો જામનગરના બધા હરિભક્તોનો આગ્રહ છે કે આપ જામનગર પધારો.' સ્વામીએ કહ્યું, 'દલપતભાઇ ! અમે અમારી અનુકૂળતાએ જામનગર અવશ્ય આવીશું, પરંતુ તમે જૂઓ છો કે રાધારમણદેવનું સિંહાસન સુવર્ણનું થઇ રહ્યું છે. મધ્ય મંડપમાં રણછોડ - ત્રિકમરાયજીના સુવર્ણ સિંહાસનની સેવા રાજકોટના સત્સંગ સમાજે કરી છે. હવે સિદ્ધેશ્વર મહાદેવનું સિંહાસન રહી જાય છે અને એ સિંહાસન બીજા કરતાં નાનું હોવાથી એનો ખર્ચ પણ ઓછો આવે તેમ છે. શું જામનગરના સત્સંગીઓ થોડી સેવા કરીને આ કાર્ય પૂરું કરાવી શકશે ?'

દલપતભાઈએ કહ્યું, 'સ્વામી ! આપ જાણો છો. જામનગરનો સત્સંગ સમાજ રાજકોટ જેવો સમૃદ્ધ નથી, છતાં સેવાભાવી ખૂબ છે. માટે અમે બધા સિંહાસન માટે જેટલી બની શકશે તેટલી વધારે સેવા કરીશું.'

સ્વામીએ કહ્યું, 'ભલે દલપતભાઈ ! અમે અવશ્ય જામનગર આવીશું.' થોડા સમય બાદ સ્વામી જામનગર પધાર્યા. જામનગરના હરિભક્તો અત્યંત આનંદમાં આવી ગયા. બધાએ સિદ્ધેશ્વર મહાદેવના સિંહાસન માટે યથાશક્તિ સેવા કરી.

સ્વામીએ ખાસ ભલામણ કરી હતી કે 'જેની જેવી પહોંચ હોય એ પ્રમાણે જ સેવા કરજો. કોઇ હરિભગત ગરીબ હોય અને એક રૂપિયો આપે તોય સ્વીકારી લેવો, પરંતુ એમની પાસેથી વધારે સેવાનો આગ્રહ રાખશો નહિં.'

જામનગરના હરિભક્તોએ ઉત્સાહથી સેવાઓ નોંધાવી અને સિધ્ધેશ્વર મહાદેવનું સિંહાસન પણ સુવર્ણનું થઇ ગયું. ગોખરવાળાના સુતાર ભગવાનજીભાઈની કારીગરી સમસ્ત સત્સંગમાં પ્રસિદ્ધ હતી.

સ્વામીની આજ્ઞાથી લાકડાના સિંહાસનની કોતરણીનું કામ અને એના ઉપર સોનાનું પતરું મઢવાનું કામ સુતાર ભગવાનજીભાઈએ તથા બીજા સુતાર મિસ્ત્રી દેવજીભાઈએ સેવાભાવનાથી કરી આપ્યું હતું અને સ્વામીનો રાજીપો મેળવ્યો હતો.

આ રીતે કલ્પવૃક્ષ સમાન શ્રીહરિએ સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીનો ત્રણેય સિંહાસનોને સોનેથી મઢવાનો સંકલ્પ પૂર્ણ કર્યો.

ધ્યેય અને ઉપાસ્ય માત્ર મહારાજ જ હોય !

સ્વામિનારાયણ સંપ્રદાયમાં ધ્યેય અને ઉપાસ્ય માત્રને માત્ર એક પરબ્રહ્મ પરમાત્મા જ છે.

ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે ભગવાન અને ભગવાનના અવતારો નિર્ગુણ છે માટે એમનું ધ્યાન કરવું, પરંતુ ભગવાનના ભક્તો ગમે તેવા બ્રહ્મનિષ્ઠ થયા હોય તો પણ એમનું ધ્યાન કરવું નહિ.

સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો, ભક્તો, આચાર્યો ક્યારેય પોતાની પ્રતિષ્ઠાનો મોહ રાખતા નહીં. તેઓ વ્યક્તિગત ફોટા કે પ્રતિમાઓના મોહથી મુક્ત રહેતા. તેઓ સત્સંગીઓને નિત્ય પૂજન, ઉપાસના માટે હમેશા પરમાત્માની જ છબીઓ, પ્રતિમાઓ કે ફોટાઓ આપતા, પરંતુ ક્યારેય પોતાની છબીઓ કે ફોટા આપતા નહીં.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કે સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીએ પણ પોતાનાં જીવનમાં ક્યારેય સ્વતંત્ર રીતે પૂજાવાનો કે પોતાના ફોટા શિષ્યોને આપવાનો મોહ રાખ્યો નહોતો. સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી પણ એ જ પરંપરાને દૃઢપણે અનુસર્યા હતા. તેઓ પોતાના ગુરુઓની પેઠે જ વ્યક્તિપૂજાના સખત વિરોધી હતા.

તેઓ ક્યારેય પોતાનો ફોટો પાડવા દેતા નહિ. કોઈ ફોટા પાડવા આવે, તો સ્પષ્ટ કહેતા કે 'સાધુઓના ફોટાઓનો આગ્રહ ન રાખવો. આપણે ભગવાનના સ્વરુપમાં જ વળગવું જોઈએ અને એમની પ્રતિમાની જ પૂજા કરવી જોઈએ.'

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીના જીવનમાં અપવાદરુપે પડાયેલા માત્ર બે જ ફોટા જોવા મળે છે.

વિ. સં. ૧૯૮૪ની સાલ હતી. વૈશાખ વદ બીજનો દિવસ હતો. જૂનાગઢ રાધારમણ દેવનો શતવાર્ષિક પાટોત્સવ ભારે ધામધૂમથી ઉજવાઈ રહ્યો હતો. દેશ - દેશાંતરમાંથી હજારો હરિભક્તો ભેગા થયા હતા. વડતાલથી આચાર્ય શ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજ પણ આ પ્રસંગે પધાર્યા હતા.

આ શુભ પ્રસંગે ભવ્ય વિષ્ણુયાગનું આયોજન થયું હતું.

યજ્ઞવિધિના આરંભે સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી યજ્ઞમંડપમાં પધાર્યા.

ભૂદેવોએ વિધિવત્ વેદના મંત્રોનું ગાન કરી, યજ્ઞના અંગભૂત દેવતાઓનું સ્થાપન કર્યું હતું. મધ્યમાં ભગવાન શ્રીહરિની મૂર્તિ પધરાવી હતી.

હવે બન્યું એવું કે કોઈક પ્રેમઘેલા હરિભક્તે શ્રીહરિની મૂર્તિની સાથોસાથ સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીનો ફોટો પણ પધરાવ્યો હતો.

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીની દૃષ્ટિ એ ફોટા પર પડી. સ્વામીએ તુરત જ પોતાની પાસે ઉભેલા દેવપ્રસાદદાસજીને કહ્યું, 'એલા ! આ ફોટો કોનો છે ? મારી પાસે લઈ આવો.' સ્વામીની આજ્ઞાથી દેવપ્રસાદ સ્વામી ફોટો લઈ આવ્યા. સ્વામીએ જોયું તો પોતાનો જ ફોટો હતો.

યજ્ઞસ્થળે શ્રીહરિની મૂર્તિની સાથોસાથ પોતાનો ફોટો જોઈને સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીનો પુણ્યપ્રકોપ પ્રજ્વલી ઊઠ્યો. સ્વામીએ ફોટાને લઈ યજ્ઞમંડપમાંથી બહાર આવ્યા અને પડખેની દિવાલ પર ઘા કર્યો એટલે ફોટાના ટૂકડે ટૂકડા થઈ ગયા. સ્વામીએ દેવપ્રસાદ સ્વામીને કહ્યું, 'આ બધું કચરામાં ફેંકી દો.'

સ્વામી આટલેથી અટક્યા નહિ. એણે દેવપ્રસાદ સ્વામીને પૂછ્યું કે 'આ ફોટો અહીં કોણ લાવ્યું ?'

સ્વામીનો પુણ્ય પ્રકોપ જોઈને સ્વામી દેવપ્રસાદદાજી તો સ્તબ્ધ થઈ ગયા હતા. એણે કહ્યું, 'સ્વામી ! મને ખબર નથી કે આ ફોટો અહીં કોણ લાવ્યું ?'

સ્વામીએ તપાસ કરાવી અને જેણે ફોટો મૂક્યો હતો, એને બોલાવી સખત ઠપકો આપ્યો.

સ્વામીએ કહ્યું, 'ખબરદાર ! કોઈ દિવસ મારો ફોટો મહારાજની સાથે મૂકવો નહીં. ગુરુના ફોટા પૂજવાથી ગુરુનો મહિમા વધતો નથી. અને સાચો ગુરુ એથી રાજી પણ થતા નથી. ગુરુને રાજી કરવા હોય તો મહારાજનું ભજન - સ્મરણ કરો. શ્રીજી મહારાજે બાંધેલી આજ્ઞામાં રહો. એ સિવાય ગુરુય રાજી નહિ થાય અને મહારાજ પણ રાજી નહિ થાય.'

પેલા શિષ્ય શરમિંદા બની સ્વામીનો ઠપકો સાંભળતા રહ્યા. એણે હાથ જોડીને કહ્યું, 'સ્વામી ! એવી ભૂલ મારાથી નહિ થાય, હવેથી તમે જેમ રાજી થશો એમ જ કરીશું.' મોટા મોટા મહાત્માઓ પણ માન - સન્માનની લાલસાથી મુક્ત થઈ શકતા નથી. માન - સન્માનની લાલસાને શાસ્ત્રો 'લોકેષણા' કહે છે.

એમાંય મહિમાને ઓથે તો લોકેષણા ભારે પુષ્ટ થતી હોય છે.

મહિમા જરુરી છે, પરંતુ એની સાથે વિવેક પણ એટલો જ જરુરી છે. મહિમાના અતિરેકથી ગુપ્ત રીતે અહંકારને જ પોષણ મળતું હોય છે. મહિમાના ઓથે ગુરુઓ જાતજાતની યુક્તિઓ દ્વારા કોઠલાના બિલાડા જેવા પોતાના અહંકારને પોષતા હોય છે.

આવા વાતાવરણમાં સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી જેવા લોકેષણાથી મુક્ત મહાપુરુષો નોખા તરી આવે છે.

મહારાજ પાણી પૂરું પાડશે

જૂનાગઢમાં શ્રી રાધારમણ દેવના શત વાર્ષિક પાટોત્સવની તૈયારીઓ ચાલી રહી હતી, પરંતુ મોટી મુશ્કેલી પાણીની હતી.

ઉનાળાના દિવસો હતા. જૂનાગઢ મંદિરના કૂવામાં તળિયું દેખાઇ ગયું હતું. હજારો હરિભક્તો અને સંતો ભેગા થવાના હતા, ત્યારે પાણીનું શું કરવું ? એ બહુ મોટો પ્રશ્ન હતો. પાણીના પ્રશ્ને સૌના હૈયા ચિંતાતુર બન્યાં હતાં.

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી મંદિર ઉપર ગયા અને રાધારમણ દેવ તેમજ હરિકૃષ્ણ મહારાજની સામે ઊભા રહી ગદ્‌ગદ્‌ હૈયે પ્રાર્થના કરી.

‘હે દેવ ! ઉત્સવ આપનો છે. ઉત્સવમાં પાણીનું સંકટ મોટું છે. આપની કૃપા થાય, તો જ આ પ્રશ્ન હલ થાય એમ છે. અમે અમારાથી બને તે પ્રયત્ન કરીશું, પણ હે મહારાજ ! તમે સહાય કરજો.’ આટલી પ્રાર્થના કરી સ્વામી નીચે પધાર્યા. બે - ચાર સ્વયંસેવકો અને ઈજનેરને લઈ સ્વામી કૂવા પાસે આવ્યા.

સ્વામીએ ઈજનેરને કહ્યું, ‘આપણે કૂવા પર મશીન મૂકાવવું છે.‘ ઈજનેરે કહ્યું, ‘સ્વામી ! મશીન મૂકવાનો કોઈ અર્થ નથી. કૂવાનું પાણી માંડ એક દિવસ પણ ચાલે તેમ નથી, તો મશીન મૂકીને શું કરીશું ?’

સ્વામી બોલ્યા, ‘આપણે ભગવાનને સંભારી મશીન મૂકીને ચાલુ કરીએ. આગળ ભગવાનની ઈચ્છા હશે તેમ થશે. ભરોસો હશે તો ભગવાન અવશ્ય પાણી પૂરું પાડશે.’

સ્વામીનાં વચને કૂવા ઉપર મશીન મૂકવામાં આવ્યું. શ્રીહરિની કૃપાથી અણધાર્યો ચમત્કાર સર્જાયો. મશીન ચાલ્યે જ રાખ્યું, પણ પાણી ખૂટ્યું નહિ.

શતવાર્ષિક સમૈયામાં હજારો હરિભક્તો અને ધામધામના સંતો - બ્રહ્મચારીઓ ભેગા થયા હતા. જ્યાં સુધી સમૈયો ચાલ્યો, ત્યાં સુધી પાણીની સહેજ પણ ખોટ પડી નહિ. નવાઈની વાત એ છે કે સમૈયો પૂરો થયો અને સાથે સાથે પાણી પણ ખલાસ થયું !

ખારું પાણી મીઠું કર્યું

જે રીતે જૂનાગઢના શતવાર્ષિક મહોત્સવમાં પાણીની સમસ્યા સર્જાણી હતી, એ જ રીતે ધોલેરામાં મદનમોહનજી મહારાજના શતવાર્ષિક સમૈયામાં પણ પાણીની સમસ્યા સર્જાણી.

ધોલેરાની ધરતી એટલે દરિયા કાંઠાના ભાલની ધરતી. આ ધરતીમાં ખારું પાણી ખૂબ મળે, પણ મીઠાં પાણીની કાયમી ખેંચ રહે.

ઉત્સવ - સમૈયા પ્રસંગે ગાડાંઓ જોડી દૂર દૂર થી પાણી લાવવું પડે.

શતવાર્ષિક સમૈયો શરુ થઈ ચૂક્યો હતો. હજારો હરિભક્તો એકઠા થયા હતા. ભોજનની પંક્તિની તૈયારીઓ થઈ ચૂકી હતી. દૂરદૂર પાણી ભરવા ગયેલા પાણીનાં ગાડાં સમયસર પહોંચ્યા નહોતા અને પહોંચી શકે તેમ પણ નહોતા. આગેવાન કાર્યકર્તા સંતો - ભક્તોનાં મન ભારે મૂંઝવણ અનુભવી રહ્યાં હતાં. 'શું કરવું ?' એ સૂઝતું નહોતું. આ પ્રસંગે જૂનાગઢથી સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી પણ ઉપસ્થિત હતા. સ્વામીએ પાણીની મૂંઝવણને પારખી લીધી.

સ્વામીએ મનોમન મદનમોહનજી મહારાજને પ્રાર્થના કરી કે 'હે મદનમોહનજી ! સમૈયાની લાજ રાખજો.'

સ્વામી આગેવાન કાર્યકર્તાઓને મળ્યા અને કહ્યું, 'આપણે મૂંઝાવાની જરુર નથી. તમે એક કામ કરો. આ થોડું ઘણું મીઠું પાણી છે, એમાં ખારું પાણી ભેળવી દો એટલે પીવામાં ચાલશે અને કામ પૂરું થશે.'

કોઈએ કહ્યું, 'સ્વામી ! પણ આ ખારું પાણી કેમ પીવાય ?'

સ્વામીએ કહ્યું, 'મદનમોહનજીની કૃપા થાય, તો ખારું પાણી પણ મીઠું થઈ જાય. શ્રીજી મહારાજે ખૈયા ખત્રી માટે ખારું પાણી મીઠું કર્યું હતું. લાલજી સુતાર માટે પણ ખારું પાણી મીઠું કર્યું હતું. તો આપણા માટે પણ ખારું પાણી મીઠું કરશે. માટે મહારાજ ઉપર ભરોસો રાખી, ખારું - મીઠું ભેળું કરો. મહારાજ આપણી લાજ રાખશે. ચિંતા કરશો નહિ.'

સ્વામીનાં વચને થોડાં મીઠાં પાણીમાં ખૂબ ખારું પાણી ભેળવવામાં આવ્યું. ખરેખર અદ્‌ભૂત ચમત્કાર થયો. પાણી ખરેખર મીઠું થઈ ગયું ! હજારો હરિભક્તોએ પાણી પીધું પણ કોઈને સહેજ પણ ખારાશ ન વર્તાણી.

મદનમોહનજી મહારાજે સ્વામીની પ્રાર્થના સાંભળી, કૃપા કરી ટાણું સાચવી લીધું. પછી તો મીઠા પાણીના ગાડાંઓની હાર આવી ચૂકી હતી.

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીના જીવનમાં ભગવાન શ્રીહરિએ આવા તો કેટલાય પરચાઓ પૂર્યા હતા.

માણાવદરમાં લાલજીની પ્રતિષ્ઠા કરવામાં આવી, ત્યારે પણ પાણીની સમસ્યા સર્જાણી હતી.

મંદિરના કૂવામાં પાણી સાવ ડૂકી ગયું હતું.

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીએ કહ્યું, 'કૂવાને એક ફૂટ ખોદો એટલે મહારાજની કૃપાથી પાણી થશે.'

અને ખરેખર સ્વામીનાં વચને એક ફૂટ ખોદવાથી અખૂટ પાણી થયું હતું.

અદૃશ્ય દિવાલ અને ફકીરનો ઉદ્ધાર

જૂનાગઢ પાસે બિલખા ગામ છે. આ બિલખા ગામની પાસે ગરવા ગિરનારની ગોદમાં પીપળીયા નામનું ગામ આવેલું છે.

પીપળીયામાં ગલાભાઈ નામના હરિભક્ત રહેતા હતા. ગલાભાઈને નારાયણદાસજી સ્વામી સાથે ખૂબ હેત હતું.

એકવાર ગલાભાઈને જૂનાગઢમાં રાધારમણદેવને થાળ કરી સંતોને રસોઈ દેવાનું મન થયું, એટલે તેઓ જૂનાગઢ આવ્યા.

જોગાનુજોગ એ દિવસે નારાયણદાસજી સ્વામી ૪૦ જેટલા સાધુઓને લઈને માંડણપરાની વીડીમાં ઘાસ વાઢવા ગયેલા.

ગલાભાઈએ જૂનાગઢમાં રસોઈ તો આપી, પરંતુ સ્વામીની ગેરહાજરી હોવાથી એના મનને સંતોષ થયો નહિ.

સ્વામીનાં દર્શન વિના એને અધૂરું લાગ્યું એટલે તેઓ જૂનાગઢથી માંડણપરાની સીમમાં પહોંચ્યા. સ્વામી અહીં વીડી વઢાવી રહ્યા હતા. ગલાભાઈએ સ્વામીનાં દર્શન કર્યા. સ્વામીએ કહ્યું, 'ગલાભાઈ ! કેમ અચાનક આવવાનું થયું ?' ગલાભાઈએ કહ્યું, 'સ્વામી ! જૂનાગઢ દેવના થાળ અને સંતોને રસોઈ આપી હતી એટલે જૂનાગઢ ગયો હતો પરંતુ તમારા દર્શન ન થયા એટલે અહીં દર્શને આવ્યો છું !'

ગલાભાઈની વાત સાંભળી સ્વામી, ખૂબ જ રાજી થયા.

ગલાભાઈએ કહ્યું, 'સ્વામી ! શ્રીજી મહારાજ અને તમારા જેવા સંતોની કૃપાથી મારે રાધારમણદેવને એક ભેંસ પણ દાનમાં દેવી છે. આપ કહો ત્યારે મંદિરે ભેંસ બાંધી જાઉં.'

સ્વામીએ કહ્યું, 'ગલાભાઈ ! અમે થોડા સમયમાં જૂનાગઢ જઈશું. તમારી અનુકૂળતા પ્રમાણે ભેંસ લઈને આવી જજો.'

થોડીવાર પછી ગલાભાઈએ કહ્યું, 'સ્વામી ! મારે એક ઉપાધિ છે.'

સ્વામીએ કહ્યું, 'ગલાભાઈ ! જે હોય તે બોલો, મહારાજ તમારી ઉપાધિ દૂર કરશે.' ગલાભાઈએ કહ્યું, 'મારા ફળિયામાં અવારનવાર એક કૌતુક થાય છે. ફળિયામાં એક કબર છે. દરરોજ સાંજના સમયે એક ફકીર બે માણસોને સાથે

લઈ ઘોડાગાડીમાં બેસીને આવે છે અને કબરમાં સમાય જાય છે. ત્યાર પછી ઘોડાગાડી ક્યાં અદૃશ્ય થઈ જાય છે ? તે ખબર પડતી નથી.'

'આ ફકીરથી મને કોઈ પરેશાની નથી પરંતુ દરરોજ આવું કૌતુક થાય છે એટલે મનમાં થોડી શંકાકુશંકા રહ્યા કરે છે.'

ગલાભાઈની વાત સાંભળી સ્વામી થોડીવાર સ્થિર થયા, નેત્રો બંધ કર્યાં, પછી આંખ ઉઘાડીને કહ્યું, 'ગલાભાઈ ! તમારા ફળિયાની કબર અતૃપ્ત આત્માની કબર છે. એક જબરો ફકીર વાસના સાથે દેહ છોડવાથી પ્રેત થયો છે અને એનું શરીર ત્યાં દટાયેલું છે. એટલે એ દરરોજ ત્યાં આવ-જા કરે છે.'

ગલાભાઈએ કહ્યું, 'સ્વામી ! આનો કોઈ ઉપાય ખરો ?'

સ્વામીએ કહ્યું, 'ગલાભાઈ ! ફકીર જબરો છે અને જાવો કઠણ છે.'

ગલાભાઈએ કહ્યું, 'સ્વામી ! કંઈક દયા કરો અને મારી આ રોજની માથાકૂટ મટાડો. 'સ્વામીને ગલાભાઈ ઉપર દયા આવી અને કહ્યું, 'ગલાભાઈ ! તમે દેવને થાળ કર્યો, સંતોને રસોઈ આપી અને ભેંસના દાનનો સંકલ્પ કર્યો એટલે આપણા મંદિરના સિદ્ધેશ્વર મહાદેવ અને હનુમાનજી તમારી રક્ષા કરશે.'

આટલું કહી સ્વામીએ પડખેના ટાટના તંબુમાંથી પોતાની પૂજાની ઝોળી મંગાવી, ઝોળીમાંથી ચંદનની ગોટી બહાર કાઢી ગલાભાઈને આપીને કહ્યું, 'તમે આ ચંદનની ગોટી શુદ્ધ પાણીમાં બોળજો અને સ્વામિનારાયણ... મહામંત્રનું ભજન કરતા કરતા એ ચંદનવાળા પાણીથી તમારા ફળિયા અને ઘર ફરતી ધારાવાળી આપજો. મહારાજ તમારી ઉપાધિ દૂર કરશે.'

સ્વામીએ આપેલી ચંદનની ગોટી લઈને ગલાજી ઘેર ગયા.

સ્વામીએ કહ્યું હતું એ પ્રમાણે ગલાભાઈએ સ્વામિનારાયણ મહામંત્રના જપ સાથે ચંદનવાળા પાણીથી પોતાના ઘર અને ફળિયા ફરતી ધારાવાળી કરી અને હવે શું થાય છે, તેની આતુરતાપૂર્વક રાહ જોવા લાગ્યા.

બરાબર સાંજનો સમય થયો અને ફકીરની ઘોડાગાડી આવી.

પાણીની લક્ષ્મણરેખા પાસે પહોંચતાં જ ફકીરની ઘોડાગાડીના ઘોડા અટકીને ઊભા રહી ગયા ! ફકીર ચમક્યો અને ચારે તરફ જોવા લાગ્યો.

ગલાભાઈ ફળિયામાં ખાટલા પર બેઠા હતા. હાથમાં માળા હતી અને સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરી રહ્યા હતા.

ફકીરે દૂરથી સાદ કર્યો. 'અરે ભગત ! તુને યે ક્યા કિયા ? એક દિનમેં ઈતની બડી દિવાર કૈસે ખડી કર દી. મૂઝે ભીતર આને કા રાસ્તા નહીં મિલ રહા હૈ.'

ગલાજીએ કહ્યું, 'ફકીર બાપુ ! તમે કૃપા કરીને હવે બીજે રહેવા જાઓ. આ અમારું ઘર છે. આપ આ રીતે દરરોજ આવો એનાથી અમારા બૈરાં છોકરાંને ભારે ડર લાગે છે.'

ફકીર બોલ્યો 'અરે ભગત ! તુમ બડે અચ્છે ભગત હો. મૈંને કભી આપ લોગો કો પરેશાન કિયા નહીં હૈ ઔર નહીં કરુંગા. આપ મુજે ભીતર આને કા રાસ્તા દીખાઓ. મેં તુમ્હારા જો ભી મનોરથ હોગા, ઉસકો પૂરા કરતા રહૂંગા.'

ગલાભાઈ બોલ્યા, 'બાપુ ! મારા બધા મનોરથ તો મારા ગુરુ નારાયણદાસજી સ્વામીની કૃપાથી ભગવાન સ્વામિનારાયણ પૂરા કરે છે, એટલે એ માટે મારે તમારી કોઈ જરુર નથી. આપ અહીં ઘણો સમય રહ્યા. હવે કૃપા કરીને બીજે સ્થાનકે જાવ. એ જ મારો મનોરથ છે.'

ફકીર બોલ્યો, 'અરે ઓ ભગત ! જૂનાગઢવાલા નારાયણદાસ તો બહુત બડા ફકીર હૈ ! હમારી ફકીરોં કી સારી આલમ ઉનસે ડરતી હૈ ઔર આદર કરતી હૈ. અચ્છા ! અબ સમજ મેં આયા, યે દીવાર તો નારાયણદાસજી કે ઈલમ સે ખડી હુઈ હૈ. હમારે સારે પીર-ફકીર યહાં પહોંચ જાયે તો ભી અબ યે દીવાર કો નહીં ભેદ સકતે હૈ, ઠીક હૈં ભગત ! નારાયણદાસજી કી ઈચ્છા નહીં હૈ તો અબ હમ યહાં નહીં આયેંગે.' આટલું કહીને ફકીર પોતાના માણસો અને ઘોડાગાડી સાથે અદૃશ્ય થઈ ગયો અને કાયમને માટે દેખાતો બંધ થઈ ગયો.

પ્રગટ પુરુષોત્તમ નારાયણના સંતનો પ્રભાવ અલૌકિક હોય છે. સમર્થ સંત નારાયણદાસજી સ્વામીની કૃપાથી ગલાભાઈની ઉપાધિ કાયમ માટે દૂર થઈ ગઈ.

ઉનામાં મોટું મંદિર કરજો

ઉનામાં ભગવાન સ્વામિનારાયણ વિક્રમ સંવત્ ૧૮૫૬માં વર્ણીવેશે આવ્યા હતા. એ સમયે ઉનાના ગણેશ શેઠ અને હંસરાજભાઈ ગાંધી ભગવાન સ્વામિનારાયણના જોગમાં આવેલા.

સમય જતાં રાઘવાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, વ્રજયાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે ભગવાન સ્વામિનારાયણના મહાન સંતો બાબરીયાવાડ અને નાઘેરમાં ખૂબ જ વિચરણ કરતા કરતા ઉના પધારતા.

આ પવિત્ર સંતોના સમાગમથી આ શેઠિયાઓ એકાંતિક ભક્ત થયા હતા.

ભગવાન સ્વામિનારાયણે ગણેશ શેઠને દીકરા તરીકે લાલજી અર્પણ કર્યા હતા, એ વાત સત્સંગમાં સુપ્રસિદ્ધ છે.

ગણેશ શેઠે લાલજીને પોતાના બંગલા ઘાટના મકાનના ઓરડામાં પધરાવ્યા હતા અને પવિત્ર બ્રાહ્મણ દ્વારા એમની સેવા-પૂજા, નૈવેદ્ય-આરતી વગેરે કરવાની વ્યવસ્થા કરી હતી.

આ દૃષ્ટિએ ઉનાનું સ્વામિનારાયણ મંદિર ભગવાન સ્વામિનારાયણના સમયમાં થયું હતું, એમ કહી શકાય.

ગુણાતીતાનંદ સ્વામીએ અહીં ગણપતિ અને હનુમાનજી પધરાવ્યા છે.

સમય જતાં સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીએ એ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવી લાલજી મહારાજની પુનઃ પ્રતિષ્ઠા કરી હતી.

વિક્રમ સંવત્ ૧૯૬૮ની સાલમાં સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીનો ઉના દેશમાં ફરવાનો વારો આવ્યો. સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીએ નારાયણદાસજી સ્વામીને કહ્યું, 'ઉનામાં લાલજી મહારાજનું હાલ જે મંદિર છે તે જગ્યાએ મોટું મંદિર થાય એવું કરજો.'

નારાયણદાસજી સ્વામીએ કહ્યું, 'ભલે સ્વામી ! આપની આજ્ઞા પ્રમાણે કરીશ, પણ વરતાલથી આચાર્ય મહારાજશ્રીના આજ્ઞાપત્ર મેળવવાનું કેમ કરીશું ?'

બાલમુકુંદદાસજી સ્વામીએ કહ્યું, 'આજ્ઞાપત્ર તમે જ મંગાવી લેજો.'

નારાયણદાસજી સ્વામીએ કહ્યું, 'ભલે સ્વામી !'

નારાયણદાસજી સ્વામી ઉના પધાર્યા. ઉનાના સત્સંગીઓ ખૂબ જ રાજી થયા.

ઉનામાં પ્રથમ તો જૂના મંદિરની જગ્યાએ હતું તેથી મોટું બંગલા ઘાટનું મંદિર બનાવવાનું જ આયોજન કરવાનું હતું. પરંતુ નારાયણદાસજી સ્વામીને થયું, 'ઉના ભગવાન સ્વામિનારાયણનું મહાપ્રસાદીનું સ્થાન છે. મહારાજ અહીં વર્ણિવેશે પધારેલા છે. સ્વયં ભગવાને વનવિચરણ દરમિયાન પૂજેલા શાલિગ્રામ અહીં બિરાજે છે. વિશેષમાં શ્રીજી મહારાજે ગણેશ શેઠને અર્પણ કરેલા લાલજી મહારાજ પણ અહીં બિરાજે છે. અહીં આસપાસના નાઘેર અને બાબરીયાવાડ વિસ્તારના ગામડાંઓમાં સત્સંગ ખૂબ જ ફેલાયેલો છે. આ બધા સત્સંગીઓને અવારનવાર જૂનાગઢ જવું મુશ્કેલ પડે છે. માટે આ મહાપ્રસાદીની જગ્યાએ શિખરબંધ મંદિર થાય તો આ સાગરકાંઠાના છેવાડાના ગામડાંઓને સરળતાથી દેવદર્શનનો લાભ મળે અને સત્સંગ સુદૃઢ થાય.' આવું વિચારી સ્વામીએ ઉનાના આગેવાન સત્સંગીઓને ભેગા કર્યા અને પોતાના મનની વાત જણાવી.

સ્વામીએ કહ્યું, 'ભક્તો ! જો તમે બધા રાજી હો તો આપણે બંગલા ઘાટના મંદિરને બદલે મોટું શિખરબદ્ધ મંદિર જ કરીએ.'

સ્વામીની વાતથી હરિભક્તો ખૂબ જ રાજી થયા અને સર્વાનુમતે શિખરબદ્ધ મંદિર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. નારાયણદાસજી સ્વામીએ અને હરિભક્તોએ આ અંગે વડતાલ મહારાજશ્રીને પત્ર લખી આજ્ઞાપત્ર મંગાવ્યો.

આચાર્યશ્રીએ આજ્ઞાપત્ર તો આપ્યો પરંતુ તેમાં લખ્યું કે, 'ઉનામાં મોટું મંદિર કરો, એમાં લાલજી મહારાજ અને શાલીગ્રામની સાથે દેવ પધરાવો તેમાં અમને વાંધો નથી, પરંતુ શિખરબદ્ધ મંદિર કરવાથી રાધારમણદેવના મંદિરનો ધર્માદો ઓછો થાય અને જૂનાગઢનો મહિમા ઘટી જાય. માટે શિખરબદ્ધ મંદિર ન કરવું એવી અમારી આજ્ઞા છે. બીજી વાત એ કે નવા મંદિરમાં દેવ પધરાવવા હોય, તો પણ દેવને માટે બારે મહિના પાકો થાળ અને નૈવેદ્યની વ્યવસ્થા થઈ શકે એટલી રકમની વ્યવસ્થા થઈ શકે એમ હોય તો જ અમે મૂર્તિપ્રતિષ્ઠા કરવા આવીશું.'

વરતાલથી શિખરબદ્ધ મંદિરની ના આવી એટલે બધા મૂંઝાયા. પરંતુ સ્વામીએ ભારે કુનેહપૂર્વક માર્ગ કાઢ્યો. સ્વામીએ કહ્યું, 'આપણે મંદિર મોટું કરીશું પણ શિખર હમણાં નહીં કરીએ. શિખર મહારાજની ઈચ્છા હશે ત્યારે થશે !'

સ્વામીએ પ્રથમ સાધુઓના ઉતારા માટેની ધર્મશાળા બંધાવી. ધર્મશાળાનું કામ ચાલતું હતું એ દરમિયાન નારાયણદાસજી સ્વામીએ ભારે કાળજીપૂર્વક જાતે મંદિરનો નકશો બનાવ્યો. મંદિરની લંબાઈ પહોળાઈ નક્કી કરી પાયાનું ખોદકામ શરુ કરાવ્યું.

જમીન પોચી હોવાથી પાયો પચ્ચીસ ફૂટ ઊંડો ગયો. હાલ જે મંદિર છે એટલો જ લાંબો, પહોળો તથા ઊંડો પાયો તૈયાર થયો. મચ્છુંદ્રીના કાળા ગોળમટોળ પત્થરોથી પાયા પૂરવાનું કાર્ય કરવાનું હતું.

એટલો મોટો ઊંડો પાયાનો ખાડો પૂરવાનું કામ કાંઈ નાનું સૂનું નહોતું, પરંતુ સંતો-હરિભક્તોની શ્રદ્ધા જબરી હતી.

ઉનાની આસપાસના ગામડાઓનાં હરિભક્તો હોંશે હોંશે ગાડાંઓ લઈ લઈને આવ્યા અને સેવાકાર્યમાં જોડાયા. સંતો-પાર્ષદો-હરિભક્તો નદીમાંથી ગાડાં ભરીભરીને પત્થર લાવવા લાગ્યા. સખત પરિશ્રમ માગી લે એવી સેવા દ્વારા મંદિરના પાયા પૂરવાનું કામ પૂર્ણ થયું.

ભગવાને બેલાની ખાણ બતાવી

મંદિરના ચણતર માટે મજબૂત, ટકાઉ અને મોટા બેલાની જરુર હતી. આવા પત્થર પોરબંદર, જૂનાગઢ કે ધ્રાંગધ્રા સિવાય ક્યાંય મળતા નહોતા. એટલે બધે

દૂરથી પત્થર લાવવા ભારે મોંઘા પડતા હતા. સ્વામીએ વિચાર્યું કે ‘અહીં આસપાસના વિસ્તારમાંથી જ પત્થરની ખાણ મળી જાય તો જાતે જ ખાણ ખોદાવી બેલા કઢાવીએ, જેથી કામ સરળ થાય.’

સ્વામીએ આગેવાન હરિભક્તોની આગળ વાત મૂકી.

હરિભક્તોએ કહ્યું, ‘સ્વામી ! એક તો એ માટે પરવાનગી લેવી પડે. પરવાનગીનું કાર્ય તો સરળતાથી અહીં બેઠા બેઠા જ પૂર્ણ થઈ શકે એમ છે, પરંતુ મોટી મુશ્કેલી એ છે કે અહીંયા સારા પત્થર નીકળતા નથી. ગરીબ માણસોના ઝૂંપડાં થાય કે ઢોર બાંધવાના ફરજા થાય એવા સફેદ પત્થરોના ટૂકડા નીકળે છે. આપણે ખાણ રાખીએ અને સારા પત્થર ન નીકળે તો પૈસા પાણીમાં જાય.’

હરિભક્તોની વાત સાંભળી નારાયણદાસજી સ્વામી બોલ્યા, ‘ભક્તો ! ભગવાન ઉપર ભરોસો રાખો. પૃથ્વી બધેય સરખી છે, માટે જે પત્થર ધ્રાંગધ્રામાં નીકળે, જે પત્થર પોરબંદરમાં નીકળે કે જૂનાગઢમાં નીકળે એ પત્થર ઉનામાં પણ નીકળે !’

‘જયારે મૂળીનું મંદિર કરવું હતું ત્યારે સ્વયં ભગવાન સ્વામિનારાયણે બ્રહ્માનંદ સ્વામીને પત્થરની ખાણ બતાવી હતી અને એ ખાણમાંથી મૂળીનું મંદિર થયું હતું. તો આપણું મંદિર પણ મહારાજ પૂર્ણ કરાવશે.’

‘રાજની મંજૂરી મેળવવાનું કામ તમે કરો. બાકીનું કામ મહારાજ સંભાળી લેશે.’ સ્વામીના વચનમાં વિશ્વાસ રાખી હરિભક્તોએ રાજ્યની મંજૂરી મેળવવાની કાર્યવાહી શરુ કરી.

બીજી બાજુ સ્વામી હરિભક્તોને સાથે લઈને ખાણ માટેની જમીન જોવા પધાર્યા.

સ્વામીએ સ્વયં જમીન પસંદ કરી મહારાજને સંભારીને કહ્યું, ‘આ સ્થળે ખોદવાનું શરુ કરો. મહારાજ આપણું કામ પૂરું કરશે.’

સ્વામીએ બતાવેલાં સ્થળે ખાણીયાઓએ ખાણ ખોદવાનું શરૂ કર્યું.

ભારે ચમત્કાર સર્જાયો. ધાર્યો નહોતો એવો સારો પત્થર ખાણમાંથી નીકળવા લાગ્યો.

આમ, ઘરઆંગણે નીકળેલા પત્થરથી મંદિર - નિર્માણનું કામ ધમધોકાર ચાલવા લાગ્યું.

મંદિરનાં નિર્માણકાર્યની આ સેવામાં મોટા સમઢિયાળા, નાના સમઢિયાળા, નાની-મોટી મોલીઓ, મોતીસર, સામતેર, હરમડિયા, જરગલી, ફાટસર, ઈંટવાયા, ટીંબી, માણસા, ગાંગડા, ગરાળ, કાંધી, વડવીયાળા વગેરે અનેક ગામના હરિભક્તો હોંશે હોંશે ભાગ લેતા હતા.

ગણેશ શેઠના વંશજ મોતીચંદ શેઠ એ વખતે ઉનાના નગરશેઠ હતા અને મંદિર નિર્માણકાર્યમાં ખૂબ જ ધ્યાન આપતા હતા.

મોઢ જ્ઞાતિના અગ્રણી શેઠ દુર્લભજીભાઈ કોઠારી તરીકે સેવા આપતા હતા.

ઉનાના વણિક-મોચી-કોળી વેગરે વિવિધ જ્ઞાતિના ભક્તજનો પણ જેનાથી જે બની આવે એવી તન-મન-ધનથી સેવા કરી રહ્યા હતા.

નાઘેર - બાબરિયાવાડના આગેવાન ભક્તો, હરમડીયાના મેપાભાઈ ઠુંમર, જરગલીના નથુભાઈ શીંગાળા, ફાટસરના કાળાભાઈ, નાના - મોટા સમઢીયાળાના આહીર ભક્તો, માણસાના દરબારો, ટીંબીના વણિકો તેમજ કોળી ભક્તો અને સમસ્ત બાબરીયા - નાઘેર વિસ્તારના કણબી ભક્તો મંદિરના નિર્માણ કાર્યમાં સેવાઓ આપતા હતા.

બધી ચિંતા મહારાજ ઉપર છોડી દો

મંદિરનું નિર્માણકાર્ય ભારે ઉત્સાહપૂર્વક આગળ ધપી રહ્યું હતું.

આ દરમિયાન બાલમુકુંદદાસજી સ્વામી પણ એક-બે વખત ઉના પધાર્યા હતા અને મંદિરનું કાર્ય જોઈને અંતરનો રાજીપો વ્યક્ત કર્યો હતો.

નારાયણદાસજી સ્વામીના અંતરમાં 'વરતાલ તરફથી કોઇ મુશ્કેલી નહિં થાયને ?' તેવી દહેશત હતી.

બાલમુકુંદદાસજી સ્વામીએ નારાયણદાસજી સ્વામીને કહ્યું કે, 'તમે કોઇ જાતની મૂંઝવણ રાખશો નહિ, મહારાજને સંભારીને મંદિરનું કાર્ય આગળ ચલાવો. બીજી બધી ચિંતા શ્રીજી મહારાજ ઉપર છોડી દો. મહારાજનું કામ મહારાજ સંભાળી લેશે.' બાલમુકુંદદાસજી સ્વામીનો રાજીપો મળતાં નારાયણદાસજી સ્વામીને ખૂબ જ હૂંફ મળી. સ્વામીએ ઉના મંદિરનાં નિર્માણનું કાર્ય આગળ ધપાવ્યે રાખ્યું.

આ દરમિયાન વિ. સં. ૧૯૭૨માં સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી અલૌકિક ઐશ્વર્ય બતાવી અક્ષરવાસી થયા.

વિક્રમ સંવત્ ૧૯૭૫માં ઉના મંદિરનું નિર્માણકાર્ય પૂરું થયું અને મૂર્તિ પ્રતિષ્ઠાની તૈયારી કરવામાં આવી.

મંદિરના મધ્ય ખંડમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવ, હરિકૃષ્ણ મહારાજની પ્રતિમાઓના નિર્માણ કાર્યની સેવા ગણેશ શેઠના વંશજ શેઠ કેશવલાલ ઝવેરચંદ તરફથી કરવામાં આવી હતી અને દક્ષિણ ખંડમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિની સેવા શેઠ કેશવલાલ હીરાચંદ તરફથી કરવામાં આવી હતી.

મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ માટે શેઠ શ્રી કેશવલાલ ઝવેરચંદ, નારાયણદાસ ઘેલાભાઈ અને માધવજીભાઈ ગાંધી આ ત્રણ આગેવાન હરિભક્તોની કમિટી બનાવવામાં આવી હતી.

વિ. સં. ૧૯૭૬ના મહાસુદ પાંચમ (વસંતપંચમી)ના રોજ મૂર્તિ પ્રતિષ્ઠાનું શુભ મૂહુર્ત આવતું હતું. આચાર્ય શ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજે 'ઠાકોરજીના કાયમી થાળ અને નૈવેદ્યની વ્યવસ્થા થાય તો જ અમે મૂર્તિપ્રતિષ્ઠા માટે આવીશું' એવી શરત મૂકી હતી. આ વ્યવસ્થા માટે લગભગ છ હજાર રૂપિયાની જરુર હતી. એ જમાનામાં આ રકમ ઘણી મોટી ગણાતી હતી.

નારાયણદાસજી સ્વામીના મનમાં વિચાર આવતો હતો કે 'આ સેવા કરવાનું કોને કહેવું ?' સ્વામીની દૃષ્ટિ માધવજીભાઈ ગાંધી ઉપર ઠરી.

દેવનો પહેલો થાળ ગાંધી પરિવારનો

માધવજીભાઇ ગાંધીના પરિવારમાં રામાનંદ સ્વામી વખતથી સત્સંગ હતો. આ પરિવાર શ્રીજીમહારાજ તેમજ રાઘવાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે મોટા સંતોનો કૃપાપાત્ર હતો.

ઉનાના ગણેશ શેઠની જેમ જ હંસરાજ ગાંધી પણ સત્સંગમાં વિખ્યાત છે.

હંસરાજ ગાંધીના પરિવારમાં સવચંદભાઇ, જેચંદભાઇ વગેરે થયા. જેચંદભાઈને ત્યાં લાલજીભાઇ નામે પુત્ર થયા.

લાલજીભાઇને ત્યાં ભક્તરાજ માધવજીભાઇનો જન્મ થયો હતો.

માધવજીભાઇ તથા તેમના પત્ની કેસરબા અત્યંત ભાવિક હતા.

માધવજીભાઇ ભેંશો રાખતા, તેથી એમને ઘરે સારું દુઝાણું હતું. કેશરબા દરરોજ દહીં, દૂધ, માખણ, છાશ, અથાણાં, પાપડ વગેરે મંદિરે મોકલતા રહેતા.

માધવજીભાઈને ત્યાં વનમાળીભાઈ, દામધરભાઈ, દુર્લભજીભાઈ, માણેકચંદભાઈ, પાનાચંદભાઈ અને નરોત્તમભાઇ નામે છ દીકરા હતા. એમાંથી વનમાળીભાઈ અને દામોદરભાઈ નાની ઉંમરે અક્ષરવાસી થયા હતા.

આ ચારેય દીકરા પોતાના માતાપિતા જેવા જ શ્રદ્ધાવાન અને સેવાભાવી હતા.

માધવજીભાઈના બીજા નંબરના દીકરા માણેકચંદભાઇ સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીના આશીર્વાદથી મુંબઈ ગયા હતા અને ધંધાપાણીમાં માંડ માંડ સ્થિર થઈ રહ્યા હતા. માધવજીભાઈનો વ્યવહાર સાધારણ હતો, છતાં સ્વામીને માધવજીભાઈ ઉપર ભરોસો હતો કે 'દેવના પહેલા થાળની સેવા એ જરુર કરશે.'

સ્વામીએ માધવજી ભાઈને બોલાવ્યા અને કહ્યું કે ‘માધવજી ! અમારે તમારી પાસેથી એક સેવા લેવી છે.’

માધવજીભાઈએ હાથ જોડી વગર સંકોચે કહ્યું, ‘સ્વામી ! આપ જે કહેશો તે કરીશ.’ સ્વામીએ કહ્યું, ‘મંદિરનું કામ પૂર્ણ થવા આવ્યું છે. મૂર્તિઓ પણ આવી ગઈ છે. પરંતુ કાયમી થાળ અને નૈવેદ્યની વ્યવસ્થા કરવાનો આચાર્ય મહારાજશ્રીનો આદેશ છે, તો આ સેવા તમે કરો.’

માધવજીભાઈએ કહ્યું, ‘સ્વામી ! એમાં કેટલો ખર્ચ થશે ?‘

સ્વામી બોલ્યા, ‘આશરે છ હજાર રૂપિયાના વ્યાજમાંથી દેવોના કાયમી થાળ અને નૈવેદ્ય થઈ શકે.’ એ સમયે માધવજીભાઈની આર્થિક સંપત્તિ ઘણી ઓછી હતી, છતાં સ્વામીના પ્રસ્તાવને એણે હરખભેર વધાવી લીધો અને કહ્યું, ‘સ્વામી ! મારો વ્યવહાર સાધારણ છે, વર્ષ મોળું છે છતાં આપ જેવા સંતને રાજી કરવા માટે આ સેવા હું અવશ્ય કરીશ. પરંતુ એકવાર મને મારા પરિવાર સાથે વિચારણા કરી લેવા દો.’

સ્વામી બોલ્યા, ‘ભલે માધવજી ! તમે કુટુંબ પરિયાણ કરી મને મળો.’

માધવજીભાઈ ઘેર ગયા. પોતાના ધર્મપત્ની કેસરબા અને ચારેય પુત્રો સાથે ચર્ચા - વિચારણા કરી.

માધવજીભાઈએ કહ્યું, ‘તમે બધા જાણો છો કે આપણો વ્યવહાર સાધારણ હોવાથી છ હજાર રૂપિયા કાઢવા આપણા માટે કઠણ છે. પરંતુ ભગવાન જેવા સંત નારાયણદાસજી સ્વામી રાજી થાય, તે માટે આ સેવા કરવાની મેં હા પાડી છે.’

માધવજીભાઈની વાત સાંભળી બધાએ એક અવાજે કહ્યું કે, ‘ભલે કઠણ પડે પણ આપણે સ્વામીને રાજી કરી લેવા છે. તમે સેવાની હા પાડી એમાં અમે બધા રાજી છીએ.’

પરિવારના સભ્યોનો ઉત્સાહભર્યો એકસૂર જોઈ માધવજીભાઈને આનંદ થયો.

તેઓ પોતાના ચારેય દીકરાઓને સાથે લઈ સ્વામી પાસે આવ્યા. સાથે છ હજાર રૂપિયા પણ લેતા આવ્યા.

માધવજીભાઈએ સ્વામીને વંદન કરી કહ્યું, ‘સ્વામી ! આપે જે સેવા ચીંધી એમાં અમારો આખો પરિવાર રાજી છે.’ આટલું કહી માધવજી શેઠે સ્વામીના ચરણમાં છ હજાર ભરેલી કોથળીઓ અર્પણ કરી. આજની દૃષ્ટિએ મૂલવીએ તો એ જમાનામાં આ રકમ હજારો ગણી મોટી ગણાય.

સ્વામી આ પરિવારની આવી ઉત્તમ ભાવના જોઈ અત્યંત રાજી થયા અને

બોલ્યા, 'માધવજી! તમે ખૂબ મોટી સેવા કરી છે. મહારાજ તમારા બધા મનોરથ પૂર્ણ કરશે.' માધવજીભાઈએ સ્વામીને હાથ જોડી કહ્યું, 'સ્વામી ! મારે બીજી તો કોઈ ઈચ્છા નથી પણ આ છોકરાઓ ઉપર તમે દયાદૃષ્ટિ કરો અને આશીર્વાદ આપો કે તેઓ સુખી થાય.'

સ્વામી બોલ્યા, 'શેઠ ! એક તો આ તમારા છોકરાની માએ દરરોજ દૂધ-દહીં-માખણ-છાશ-અથાણાં વગેરેથી ઠાકોરજી તથા સંતોની સેવા કરી છે. બીજું, તમારો વ્યવહાર સાધારણ હોવા છતાં અમારા વચને તમે આટલી મોટી રકમ અર્પણ કરી, એટલે દેવ તથા શ્રીજી મહારાજ તમારા પૂરાયે પરિવાર ઉપર ખૂબ જ રાજી થશે.'

'તમારા આ દીકરાઓ ખૂબ સારા સત્સંગી થશે. એમના ઉપર લક્ષ્મીજીની મે'ર વરસશે. એના અન્ના ધનના કોઠાર છલકાતા રહેશે. તેઓ મોટાં મોટાં દાન કરી કરી સત્સંગ અને સમાજમાં સારી પ્રતિષ્ઠા મેળવશે.'

ગાંધી કુટુંબ ઉપર બાલમુકુંદદાસજી સ્વામીના આશીર્વાદ તો હતા જ, તેમાં સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીના આશીર્વાદનો ઉમેરો થયો.

આ ગાંધી કુટુંબ મુંબઈમાં જઈને વસ્યું. મોટા સંતોની કૃપાથી એમના એલચી, કેસર, મરીમસાલાના વેપાર - ધંધા ખૂબ જ વિકસ્યા. એમની 'ગાંધી એન્ડ સન્સ' ની પેઢી ખૂબ જામી અને પ્રતિષ્ઠા પામી.

તેઓ 'એલચી કેસરવાળા' તરીકે સત્સંગમાં ખ્યાતિ પામ્યા. ગાંધી પરિવારને ભગવાને ખૂબ સંપત્તિ આપી. તો સામે આ પરિવારે મોટી મોટી સખાવતો પણ ખૂબ કરી. મહાન સત્પુરુષના આશીર્વાદ લલાટના લખેલા પ્રારબ્ધને કેવા ફેરવી નાખે છે ! એનું પ્રસિદ્ધ ઉદાહરણ આ ગાંધી પરિવાર છે.

આચાર્ય મહારાજશ્રીએ દેવના કાયમી થાળની જે શરત મૂકી હતી તે ગાંધી પરિવાર દ્વારા પૂર્ણ થઈ.

ઉના ખાતે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. સમસ્ત સોરઠ દેશ તેમજ જૂનાગઢ, વરતાલ, અમદાવાદ, ગઢડા, મૂળી, ધોલેરા વગેરે વિવિધ સ્થાનોમાંથી સંતો, બ્રહ્મચારીઓ, પાર્ષદો ઉપસ્થિત રહ્યા અને હજારો હરિભક્તો ભેગા થયા.

વડતાલથી આચાર્ય શ્રીપતિપ્રસાદજી મહારાજ પધાર્યા. વિ. સં. ૧૯૭૬ના મહાસુદ પાંચમ (વસંતપંચમી)ના રોજ આચાર્ય મહારાજશ્રીના વરદ હસ્તે મૂર્તિઓની પ્રતિષ્ઠા થઈ.

સર્વત્ર જયજયકાર થયો.

અધૂરાં શિખરો પૂરા થયા

ઉના મંદિરનું કાર્ય પૂર્ણ થયું, મૂર્તિઓ પધરાવાઈ ગઈ, પરંતુ શિખરોનું કામ સંજોગવશાત્ બાકી રહી ગયું હતું.

સમય જતાં સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી ધામમાં ગયા.

સ્વામીના આ અધૂરાં કાર્યને પૂરું કરવાનો ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે દૃઢ સંકલ્પ કર્યો. નારાયણદાસજી સ્વામી પ્રત્યે ગુરુદેવને ખૂબ જ હેત હતું. ગુરુદેવના દીક્ષાગુરુ પુરાણી સ્વામી ગોપીનાથદાસજી હતા, પરંતુ પુરાણી સ્વામીના વહેલા ધામમાં જવાથી એમની સાથે રહેવાનો વિશેષ અવસર ગુરુદેવને પ્રાપ્ત થયો નહોતો.

નારાયણદાસજી સ્વામીએ ગુરુની પેઠે જ ગુરુદેવના જીવનનું જતન કર્યું હતું.

ગુરુદેવનો ઉના દેશમાં ફરવાનો વારો આવ્યો. સ્વામીએ ઉનાના આગેવાન હરિભક્તોને ભેળા કરી શિખરોનું અધૂરું કાર્ય પૂર્ણ કરવાનો પોતાનો શુભ સંકલ્પ જાહેર કર્યો. ઉનાના શેઠિયાઓ અને આગેવાન હરિભક્તો સ્વામીની વાત સાંભળી અત્યંત રાજી થયા.

શિખરનાં નિર્માણ માટે ફંડફાળો શરુ થયો. એ જ વખતે વચલા શિખરની સેવા ગણેશ શેઠના પરિવારના શ્રી કેશવલાલ ઝવેરચંદે ઉત્સાહથી ઉપાડી લીધી.

ગાંધી પરિવારના માણેકચંદભાઈએ બીજા શિખરની સેવા કરવાનો સંકલ્પ જાહેર કર્યો.

ત્રીજા શિખરની સેવા પરષોત્તમભાઈ માધવજીભાઈએ સહર્ષ સ્વીકારી.

આ રીતે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના માર્ગદર્શન નીચે ત્રણેય મુખ્ય શિખરો તેમજ હનુમાનજી-ગણપતિજીના શિખરોનું કામ ખૂબ ઉત્સાહથી પૂર્ણ થયું.

મહાન સદ્‌ગુરુનું અધૂરું કાર્ય પૂર્ણ કરવામાં નિમિત્ત થવાથી સદ્‌ગુરુ શાસ્ત્રીજી મહારાજના અંતરમાં ભારે સંતોષ અને આનંદ થયો.

મહારાજે સીધા - સામગ્રી પૂરા પાડ્યા

અમરેલી જીલ્લાના ખાંભા તાલુકામાં ગીર વિસ્તારમાં હનુમાનપરા ગામ આવેલું છે.

આ ગામમાં ખૂબ સારો સત્સંગ છે. આ ગામના હરિભક્તોએ સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી, સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી તથા સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસજી સ્વામી વગેરે મહાન સંતોની સેવા કરી રાજીપો મેળવ્યો હતો.

વિ. સં. ૧૯૭૬ની સાલ હતી. આચાર્ય શ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજ વડતાલથી ઉના દેવોની પ્રતિષ્ઠા માટે જઈ રહ્યા હતા.

સંતો, પાર્ષદો, બ્રહ્મચારીઓના સંઘ સાથે મહારાજશ્રી ઓઢાના સમઢિયાળા, ખાંભા વગેરે ગામડાંઓમાં વિચરણ કરતા હનુમાનપરા પધાર્યા.

સાંજનો પાંચ વાગ્યાનો સમય હતો. હરિભક્તોએ સંઘના ઉતારા માટે તંબુઓ અને રાવટીઓ તૈયાર રાખ્યા હતા અને જમવા માટેની બધી જ તૈયારીઓ કરી રાખી હતી. સંઘ સાથેના હાથી, ઘોડા, ઊંટ વગેરે પશુઓને બાંધવાની તેમજ પશુઓ માટે નીરણ, પૂળા વગેરેની પણ ખૂબ સારી વ્યવસ્થા કરી રાખી હતી.

એવામાં કુદરતને કરવું ને અચાનક જોરદાર વરસાદ પડ્યો. આખા ગામમાં કાદવ-કીચડ થઈ ગયું. ચાલી શકાય એવું પણ રહ્યું નહિ.

અણધાર્યા વરસાદને લીધે બધી જ વ્યવસ્થા પડી ભાંગી.

રસોઈ માટે સીધા-પાણીની બધી જ વ્યવસ્થા તૈયાર હતી પરંતુ ભારે વરસાદને લીધે રસોઈ કેમ કરવી ? અને કદાચ રસોઈ થાય, તો પણ આ કાદવકીચડમાં રાંધેલું ભોજન જૂદી જૂદી રાવટીઓમાં કેમ પહોંચાડવું ? એ મોટી સમસ્યા હતી. સામે સંઘને ભૂખ્યો પણ કેમ રખાય ? એ પ્રશ્ન હતો. છેવટે તાબડતોડ ખીચડી બનાવવામાં આવી. ખીચડી અને દૂધ સમસ્ત સંઘને જમાડવામાં આવ્યા, પરંતુ હરિભક્તોના હૈયામાં સંતોષ થતો ન હતો.

ગામમાં કોઈ હરિભક્તને ત્યાં શેરડીનો વાઢ હતો. સેવાભાવી યુવાનો વરસતા વરસાદે કાદવકીચડ ખૂંદતા ખૂંદતા વાડીએ પહોંચ્યા. શેરડી વાઢીને ભારા બાંધ્યા અને જૂદી જૂદી રાવટીઓમાં શેરડી પહોંચાડી દીધી.

સંઘે પણ ખીચડી અને દૂધ ઉપર મીઠી મધ જેવી શેરડી આરોગીને મીઠી નિંદરમાં રાત વીતાવી દીધી !

બીજે દિવસે બપોરે સંતો-બ્રહ્મચારીઓએ રસોઈ કરી. સમસ્ત સંઘને આનંદથી જમાડવામાં આવ્યો.

સંઘ એક ટંક રોકાઈને નીકળી જવાનો હતો એટલે હરિભક્તોએ એક ટંકના સીધા - સામાનની વ્યવસ્થા કરી હતી.

હરિભક્તોએ માલઢોર માટે સાચવેલ કડબ અને ઘાસની ગંજીઓ ખોલીને ગામના કીચડવાળા રસ્તા ઉપર ઘાસ અને કડબ પાથરી દીધા હતા.

વરસાદને લીધે કાદવ ખૂબ થયો હોવાથી નીકળવું મુશ્કેલ હતું, એટલે ન છૂટકે સંઘને બીજી રાત પણ રોકાવું પડ્યું.

હવે બન્યું હતું એવું કે હરિભક્તોએ એક ટંક માટેની જ સીધા - સામગ્રી ભેગી કરી હતી. સાંજના સીધા - સામાન માટે શું કરવું ? એ પ્રશ્ન હતો. માત્ર ડેડાણથી જ સીધુ સામાન લાવી શકાય તેમ હતું.

કીચડને લીધે ગાડાં ડેડાણ જઈ શકે તેમ નહોતાં એટલે હરિભક્તોએ ઘોડાઓ તૈયાર કર્યા. સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીએ પૂછ્યું, 'કેમ ઘોડા તૈયાર કર્યા ?'

હરિભક્તોએ કહ્યું, 'સ્વામી ! સાંજના સીધા સામાનની વ્યવસ્થા કરવા માટે ડેડાણ જવું પડે તેમ છે.'

સ્વામીએ કહ્યું, 'ડેડાણ જવાની જરુર નથી. મહારાજ ગમે ત્યાંથી સીધુ સામાન પૂરું પાડશે. તમે શાંતિથી સંતોનાં દર્શન કરો અને સત્સંગ કરો.'

સ્વામીનાં વચનમાં વિશ્વાસ રાખી હરિભક્તોએ ડેડાણ જવાનું માંડી વાળ્યું.

બપોર પછી આશ્ચર્યકારક ઘટના બની.

આચાર્ય મહારાજશ્રી અને સંતો હનુમાનપરા પધાર્યા છે એ ખબર આસપાસના ગામડાંઓમાં પહોંચી ગઈ હતી એટલે ફાચરીયા, ડેડાણ, નીંગાળા, જામકા, ગોરાણા વગેરે ગામડાંઓના હરિભક્તો દર્શને આવવા લાગ્યા. સાથે સાધુ સંતોને રસોઈ આપવા માટે ગોળ, ઘી, ખાંડ, લોટ વગેરે સીધુ - સામાન પણ લેતા આવ્યા.

જ્યાં એક ટંકનું પણ સીધુ - સામાન નહોતું ત્યાં ત્રણ દિવસનું સીધું ભેળુ થઈ ગયું ! સમર્થ સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીના વચનો સિદ્ધ થયાં. શ્રીહરિએ ગમે ત્યાંથી સીધા સામગ્રી પૂરી પાડી. હરિભક્તો હવે ભારે હોંશમાં આવી ગયા હતા. તેમણે આચાર્ય મહારાજશ્રી અને સંતોને વધારે રોકાવા આગ્રહ કર્યો.

એક બાજુ હરિભક્તોનો આગ્રહ હતો, બીજી બાજુ મારગમાં કાદવ કીચડ થયેલો હતો એટલે રોકાયા વિના છૂટકો પણ નહોતો. આખરે પરિસ્થિતિ થાળે પડતાં ત્રીજે દિવસે સંઘે વિદાય લીધી.

હનુમાનપરાના હરિભક્તોએ મહારાજને કહ્યું, 'આપે અને સંતોએ ખૂબ કૃપા કરી અમને એક ટંકને બદલે ત્રણ ત્રણ દિવસ સુધી લાભ આપ્યો !'

હરિભક્તોની વાત સાંભળી એક આગેવાન સંત બોલ્યા, 'સાચી કૃપા તો મેઘરાજાની માનજો. એમની મહેર થઈ એટલે આ સંઘ અહીં ત્રણ દિવસ સુધી રોકાયો. નહિતર આ કોઈ રોકાય એવા નથી.'

હરિભક્તો બોલ્યા, 'મેઘરાજા કરતાંય સાચી કૃપા તો સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીની છે. એમની પ્રાર્થનાથી મહારાજે અણધારી રીતે સીધા - સામગ્રી પૂરા પાડ્યા અને અમારા ગામની આબરુ સાચવી લીધી !'

આ છોકરાઓ સત્સંગમાં બળિયા થશે

નારાયણદાસજી સ્વામી અને કૃષ્ણચરણદાસજી સ્વામી અવારનવાર હનુમાનપરા અને આસપાસના વિસ્તારમાં પધારતા અને હરિભક્તોને કથાવાર્તાનું સુખ આપતા.

એકવાર આ બન્ને સદ્‌ગુરુઓ દેતડ થઈને ડેડાણ પધારેલા.

સ્વામી ડેડાણ પધાર્યા છે એ સાંભળીને હનુમાનપરાથી રત્નાભાઈ, ભીખાભાઈ, જીવરાજભાઈ, હરિભાઈ અને જાગાભાઈ વગેરે હરિભક્તો સ્વામીનાં દર્શને ડેડાણ આવેલા !

હરિભક્તોના નાનાં નાનાં છોકરાઓ ડાહ્યાભાઈ, વલ્લભ, મોહન વગેરે પણ સાથે હતા. હરિભક્તો સ્વામીનાં દર્શન કરીને પાસે બેઠા.

સ્વામીએ કહ્યું, 'રત્નાભાઈ ! હવે આ છેલ્લાં દર્શન કરી લેજો, હવે ભેળું નહિં થવાય. તમે બધા આજ્ઞા ઉપાસનામાં દૃઢ રહેજો અને સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરજો.'

રત્નાભાઈ કહે, 'સ્વામી ! આપ રૂડા આશીર્વાદ આપો કે જેથી અમારી આ નવી પેઢી સત્સંગ રાખે અને સુખી થાય.'

સ્વામી વલ્લભભાઈ વગેરે છોકરાઓની સામે જોઈને બોલ્યા, 'રત્નાભાઈ ! મહારાજ આ બધા છોકરાઓને સુખી રાખશે અને તેઓ સત્સંગમાં પણ બળિયા થશે.' સ્વામીના આશીર્વાદથી આજે પણ આ હરિભક્તોના વંશજો સારો સત્સંગ રાખે છે.

સ્વામી હનુમાનપરા ઉપરાંત ફાચરિયા, નીંગાળા, આદસંગ, દેતડ વગેરે ગામડાંઓમાં પણ ખૂબ વિચર્યા છે અને હરિભક્તોને સત્સંગ કથાવાર્તાનું સુખ આપ્યું છે. સ્વામીએ હરમડિયા, ગીરગઢડા, બાર પટોળી, આંબરડી, રામપર, તોરી, ચોરવાડી વગેરે અનેક ગામોમાં નવાં મંદિરો બંધાવ્યાં છે અને અનેક ગામડાંઓના જૂનાં મંદિરોનો જીર્ણોદ્ધાર કર્યો છે.

દેવતાઓ દર્શને આવ્યા

ઉના પાસેના ફાટસર ગામે હાલ જ્યાં બહેનોનું મંદિર છે, ત્યાં વર્ષો પહેલા બાલમુકુંદદાસજી સ્વામીની પ્રેરણાથી નારાયણદાસજી સ્વામીએ ઉગમણા બારનું મંદિર કરાવ્યું હતું. ફાટસર ગામનો સત્સંગ સમસ્ત નાઘેર પંથકમાં વખાણાતો.

બાલમુકુંદદાસજી સ્વામી, નારાયણદાસજી સ્વામી, પુરાણી સ્વામી ગોપીનાથદાસજી, સ્વામી કૃષ્ણચરણદાસજી વગેરે મોટા મોટા સદ્‌ગુરુઓ આ ગામે પધારતા.

અહીંના સત્સંગીઓ ભગવાન શ્રીહરિને વિષે દૃઢ નિષ્ઠાવાળા હતા અને મહાન સંતોના કૃપાપાત્ર હતા.

જેમને શ્રીજી મહારાજ દર્શન દેતા હોય અને અંત સમયે તેડવા આવ્યા હોય એવા અનેક મહાન ભક્તો આ ગામમાં થયા છે.

આ ગામમાં બહેનોનો સત્સંગ પુરુષો કરતાં પણ સવાયો છે.

મોટા મોટા સંતો આ ગામમાં મહિના મહિના સુધી રોકાતા અને ભજન, સત્સંગ કથાવાર્તાના અખાડા મંડાતા.

એક સમયની વાત છે. નારાયણદાસજી સ્વામી ફાટસર પધાર્યા હતા. હરિભક્તો મંદિરના ચોકમાં મહારાજની મૂર્તિને પધરાવી રાસ રમી રહ્યા હતા.

મંદિરના ચોકમાં રાસની રમઝટ બોલતી હતી. સ્વામી મંદિરમાં બેસીને માળા કરી રહ્યા હતા.

શરદપૂર્ણિમાનો દિવસ હોવાથી આકાશમાં ચંદ્રદેવ સોળે કળાએ ખીલ્યા હતા. હરિભક્તો દ્વારા ‘વેણ વાગે રે મીઠી વેણ વાગે’ એ કીર્તન મધુર કંઠે ગવાઈ રહ્યું હતું. રાસમંડળી મધુર સ્વરે કીર્તન ઝીલી રહી હતી, રાસ ભારે ચગ્યો હતો. રાસમાં ચોતરફ ભક્તિરસ રેલાઈ રહ્યો હતો.

બરાબર આ જ સમયે મંદિરથી નજીક જ રામજી મંદિરમાં કેટલાક રામભક્તો બેઠા હતા.

અચાનક વીજળીના જેવો તેજનો ઝબકારો થયો. બધા ચમક્યા અને આકાશ તરફ મીટ માંડી તો એમણે આકાશમાં પુષ્પક આકારનું દિવ્ય તેજોમય વિમાન જોયું.

વિમાન એકદમ નીચે હતું. વિમાનમાંથી મધુર વાજિંત્રોના સ્વર સંભળાઈ રહ્યા હતા અને નૂપુરના ઝણકાર ઊઠી રહ્યા હતા.

આ દિવ્ય તેજસ્વી વિમાન ધીમે ધીમે આકાશ માર્ગે ગતિ કરતું કરતું સ્વામિનારાયણ મંદિર તરફ જઈ રહ્યું હતું.

ચોરે બેઠેલા હરિભક્તો એકદમ આશ્ચર્યચકિત થઈ ગયા. એમને ભારે કૌતુક લાગ્યું. ત્યાં તો વિમાન સ્વામિનારાયણ મંદિર ઉપર સ્થિર થયું અને વિમાનમાંથી ફૂલોની વૃષ્ટિ થવા લાગી. ચોરે બેઠેલા ભક્તો એકદમ સ્વામિનારાયણ મંદિર તરફ દોડ્યા.

બીજી બાજુ બરાબર એ જ સમયે નારાયણદાસજી સ્વામી આસનેથી ઊભા થયા, મંદિરની ઓસરીમાં આવ્યા અને મંદિરની ઓસરીની થાંભલી ઝાલીને ઊભા રહ્યા.

સ્વામી ધીરગંભીર પ્રકૃતિના સંત હતા. તેઓને નાચગાનમાં બહુ રુચિ હતી નહિં, એટલે તેઓ ભાગ્યે જ આવા રાસોત્સવમાં ભાગ લેતા. એમ સ્વામી આવી ભક્તિ અને ઉત્સવમય બાબતોનો નિષેધ પણ ન કરતા.

સ્વામીને બહાર પધારેલા જોઈ સંતો અને હરિભક્તો પણ ભારે રંગમાં આવી ગયા અને રાસ બરાબર જામ્યો.

એક બાજુ વિમાનમાંથી દિવ્ય પુષ્પોની વૃષ્ટિ થઈ રહી હતી, બીજી બાજુ નારાયણદાસજી સ્વામી ઓસરીની કોરે ઊભા ઊભા મંદ મંદ હસી રહ્યા હતા. ત્રીજી બાજુ પેલા ચોરે બેઠેલા રામભક્તો સ્વામિનારાયણ મંદિરે પહોંચ્યા, ત્યાં તો પુષ્પવૃષ્ટિ કરતું વિમાન અદૃશ્ય થઈ ચૂક્યું હતું.

બધા જ ભક્તજનો નવાઈ ભરેલી નજરે ઘડીક આકાશ સામે તો ઘડીક સ્વામી સામે જોવા લાગ્યા. એમની નજરુમાં ભારે જિજ્ઞાસા તરવરતી હતી.

સ્વામીએ કહ્યું, ‘ભક્તો ! આજે શરદપૂર્ણિમાનો દિવસ છે. તમે ખૂબ ભક્તિભાવપૂર્વક રાસ રમી રહ્યા છો એટલે બ્રહ્માંડના અધિપતિ દેવતાઓ દર્શને આવ્યા હતા,’ સ્વામીનાં વચન સાંભળી સર્વને અત્યંત આશ્ચર્ય થયું અને સ્વામી મંદિરમાંથી અચાનક ઓસરીમાં કેમ આવ્યા ? તેનું રહસ્ય પણ સમજાયું.

હરિભક્તોએ કહ્યું, ‘સ્વામી ! આ દેવતાઓ અમારા નહિ, પરંતુ તમારા દર્શને આવ્યા હતા.‘ સ્વામી કાંઈ બોલ્યા નહિ, માત્ર મુખ મલકાવ્યું. ઠાકોરજીની આરતી ઊતારી, પછી પોતાના આસને જતા રહ્યા.

મોટા મોટા દેવતાઓને પણ ભગવાન સ્વામિનારાયણ અને એમના સંતોના દર્શન કરવાનું મન થયા કરતું હોય છે. ફાટસર ગામના અનેક હરિભક્તો આ દિવ્ય ઘટનાના સાક્ષી હતા. એમાંના એક હતા દેવશીભાઈ હપાણી. અમારે જ્યારે ફાટસર જવાનું થતું ત્યારે આ પ્રસંગની રોચક વાત તેઓ કરતા અને કહેતા, ‘સ્વામી ! મારી નાની ઉંમર હતી અને હું એ સમયે ‘વેણ વાગે રે મીઠી વેણ વાગે‘ એ કીર્તન ગવરાવી રહ્યો હતો, ત્યારે આ દિવ્ય ઘટના બની હતી.’

દેવશી ભગતનો કંઠ મધુર હતો. અમે એમની પાસે આ કીર્તન અવારનવાર ગવરાવતા. દેવશી ભગત મધુર હલકથી આ કીર્તન બોલતા અને ફાટસરના યુવાનો રાસ રમતા.

થયેલમાં થાય

ઉનાથી થોડે દૂર, ગાંડી ગીરને સીમાડે, મચ્છુંદ્રી નદીને કિનારે, ફાટસરની બાજુમાં ઈટવાયા નામે ગોકુળિયુ ગામ આવેલું છે. સદ્‌ગુરુ બાલમુકુંદ સ્વામી, સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી, પુરાણી ગોપીનાથદાસજી સ્વામી વગેરે મહાન સંતો અવારનવાર ફાટસર પધારતા. પરિણામે ફાટસરમાં સારો એવો સત્સંગ થયો હતો, પરંતુ ઈટવાયામાં સત્સંગ નહોતો.

કાનજીભાઈ કોરાટ ઈટવાયા ગામના આગેવાન હતા. તેઓ માર્ગી પંથમાં માનતા હતા. કાનજી પટેલે ગામના ચોરાનું નિમાર્ણ કરાવ્યું હતું અને એમાં સારો એવો ખર્ચ કરીને ભગવાન રામચંદ્રજીની મૂર્તિઓ પધરાવી હતી.

મૂર્તિપ્રતિષ્ઠા સમયે એમણે મોટો યજ્ઞ કર્યો હતો. બ્રાહ્મણોની ચોરાસી કરી હતી અને કેટલાય સાધુ-સંતો-મહંતોને તેડાવ્યા હતા. આ મહાત્માઓના સમુદાયમાં ભજનિક સાધુઓ પણ હતા અને ચલમો પીનારા પણ હતા, ગાંજો પીનારા પણ હતા અને ગાળો બોલનારા પણ હતા.

સાધુ - સંતો પ્રત્યે ભાવુક હૃદયવાળા કાનજી પટેલ આ બાવા સાધુઓનો પડ્યો બોલ ઝીલતા અને એની આંધળી સેવા કરતા.

એમણે આ બાવા - સાધુઓને રાજી કરવા માટે દરેકને એક એક ચલમ અને શેર શેર તમાકુનું દાન કર્યુ હતું અને બધાના આગેવાન શ્રીમહંતને એક મોટો હોકો, ચાંદી મઢેલી ચલમ અને સવા મણ તમાકુની ભેટ ધરી હતી !

આ સેવાથી બાવા - સાધુઓ રાજી રાજી થઈ ગયા હતા અને કાનજી પટેલનો જેજેકાર બોલાવ્યો હતો, કારણ કે આ રીતે આટલી મોટી તમાકુની સેવા કરનારો ભગત પહેલીવાર ભટકાણો હતો !

આ મેળાવડા પ્રસંગે ફાટસરથી કાનજી પટેલના વેવાઈ ભવાન પટેલ અને બીજા ઘણાય હરિભક્તો ઈટવાયા આવ્યા હતા.

આ બધા હરિભક્તો નારાયણદાસજી સ્વામી, પુરાણી સ્વામી ગોપીનાથદાસજી સ્વામી જેવા મહાન સંતોના જોગમાં આવ્યા હતા, એમનો સમાગમ કર્યો હતો, પરિણામે એમના હૃદયમાં સાચા - ખોટાનો વિવેક જાગૃત હતો.

સત્સંગી પટેલિયાઓ આ તમાકુનો તાલ જોઈ રહ્યા હતા !

કાનજી પટેલ સંતો-મહંતોને વિદાય આપ્યા પછી ભવાન પટેલ વગેરે સંબંધીઓને મળ્યા અને ઉત્સુક્તાવશ પૂછ્યું, 'આ મેળાવડો તમને કેવો લાગ્યો?'

ભવાન પટેલે મર્મમાં કહ્યું, 'મૂર્તિપ્રતિષ્ઠા તો સારી થઈ પણ બીજું બધું જોયું ત્યારે અમને લાગ્યું કે, 'થયેલમાં થાય !'

ભવાન પટેલનો મર્મ કાનજી પટેલ સમજી ન શક્યા. એમણે કહ્યું, પટેલ 'થયેલમાં થાય' એટલે શું ?

ભવાન પટેલ બોલ્યા, 'કાનજી પટેલ ! એનો અર્થ કહેવામાં સાર નથી.'

કાનજી પટેલે આગ્રહ કર્યો, 'નહિ પટેલ ! અમને 'થયેલમાં થાય' એનો અર્થ સમજાવો.' ભવાન પટેલે હસીને કહ્યું, 'અમારી વાતને માત્ર મજાક માનો અને માઠું ન લગાડો તો કહીએ.'

કાનજી પટેલે કહ્યું, 'વેવાઈનાં વેણથી માઠું નહિ લાગે.'

ભવાન પટેલે કહ્યું. 'તો સાંભળો ! વર્ષો પહેલાં તમારા વડવાઓ થયા. એ જીવદયામાં બહુ માનતા. એમણે ૨૦૦ વિઘાનો રજકો વાવ્યો. પછી એમને થયું કે ગાયોને તો સૌ લીલું ખવડાવે, આપણે આખા પરગણાના ગધેડા ભેગા કરી એને આ રજકો ખવડાવી દઈએ!'

'આ રીતે તમારા વડવાઓએ ગાયોને બદલે ગધેડાઓને ચાસટિયો ખવડાવેલો. તમારા વડવાઓની જેમ તમને કોઈ સારા સાધુ ન મળ્યા એટલે આવા ગંજેરી-ભંગેરીઓને ભેળા કર્યા. તમાકુના ટોપલે ટોપલાના દાન કર્યાં. એટલે અમને લાગે છે કે પટેલ ! 'થયેલમાં થાય.' વડ જેવા ટેટા અને બાપ એવા બેટા.'

ભવાનભાઈની વાણી સાંભળી કાનજીભાઈ પટેલ સ્તબ્ધ થઈ ગયા.

ભવાન પટેલ બોલ્યા, 'કાનજી પટેલ ! અમે જાણીએ છીએ કે તમને સાધુ સંતોમાં અપાર સ્નેહ છે, પણ સાધુ - સંત કોને કહેવાય ? એ પણ તમારે જાણવું જોઈએ. આ રીતે ખારામાં બી વાવો એનો શું અર્થ છે ?

'સાચા સાધુનો સંગ કર્યા સિવાય ભ્રમણા નહિ ભાંગે અને ભવસાગર પણ નહિ તરાય.'

ભવાન પટેલની વાત કડવી હતી છતાં મુમુક્ષુ હોવાથી કાનજી પટેલને એ વાત લીમડા જેવી હિતકારી લાગી. વેવાઈની વાતે એમના અંતરમાં સમજણનો દીવો પ્રગટ્યો. એમણે પૂછ્યું, 'પટેલ ! એવા સારા સાધુ ક્યાં મળે ?'

ભવાન પટેલે કહયું, 'મળે તો ખરા, પણ ઓળખાણ થવી જોઈએ અને ભરોસો બેસવો જોઈએ. ભગવાન સ્વામિનારાયણને ત્યાં સાચા સાધુઓની તાણ્ય નથી. એમાંથી એકાદ બેનો પણ જો જોગ થઈ જાય તો બેડો પાર થઈ જાય.'

કાનજી પટેલને ભવાન પટેલની સાથે ભારે હેત હતું. એટલે હિતની વાત

સમજતા વાર લાગી નહિં. એમણે કહ્યું, 'પટેલ ! સ્વામિનારાયણના સંતો ફાટસર આવે ત્યારે એમને ઇંટવાયા લઈ આવજો.'

ભવાન પટેલે કહ્યું, 'ભલે !'

આટલી વાત સાથે બધા છૂટા પડ્યા. ભવાન પટેલ અને અન્ય હરિભક્તો ફાટસર આવ્યા.

થોડા સમયમાં સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી અને પુરાણી સ્વામી ગોપીનાથદાસજી ફાટસર પધાર્યા.

ભવાન પટેલે ઇંટવાયા કાનજી પટેલને સમાચાર મોકલ્યા કે 'જીવનું કલ્યાણ કરે એવા સાધુ આવ્યા છે. તમે ફાટસર આવો. દર્શન કરી જાવ અને મન માને તો ઇંટવાયા તેડી જાવ.'

સમાચાર મળતાં જ કાનજી પટેલ, ગગજીભાઈ આણદાણી વગેરે પટેલિયાઓ ફાટસર આવ્યા. સંતોનાં દર્શન કરતાં અને એમના મુખેથી કથાવાર્તા સાંભળતાં હૈયામાં ટાઢક વળી.

તેઓએ સ્વામીને વિનંતી કરી કે, 'સ્વામી ! આપ ઇંટવાયા પધારો અને અમારા ગામને પાવન કરો.'

સ્વામીએ આ મુમુક્ષુ પટેલિયાઓની વિનંતી સ્વીકારી. સંતમંડળ તેમજ ભવાન પટેલ વગેરે હરિભક્તોને સાથે લઈ બન્ને મહાન સંતો ઇંટવાયા પધાર્યા. કાનજી પટેલે એમને ચોરામાં ઉતારો આપ્યો.

ઇંટવાયામાં સંતો પાંચ દિવસ રોકાયા.

પટેલિયાઓના અંતરમાં ભગવાન સ્વામિનારાયણનો નિશ્ચય થયો. એમણે ભગવાન સ્વામિનારાયણનું શરણું સ્વીકારી કંઠીઓ બંધાવી, પંચ વર્તમાનના નિયમો ધારણ કર્યા.

કાનજી પટેલે સ્વામીને વિનંતી કરી કે, 'સ્વામી ! અમારા ગામના ચોરામાં જ ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ પધરાવો, જેથી અમને દરરોજ દર્શન થાય.'

પટેલીયાઓની વાત સાંભળી સ્વામી અત્યંત રાજી થયા.

નારાયણદાસજી સ્વામીએ કહ્યું, 'પટેલિયાઓ ! તમે ખૂબ સારો સંકલ્પ કર્યો. ગામના ચોરામાં સહજાનંદ સ્વામીની મૂર્તિ પધરાવાય એથી રુડું બીજું શું હોઈ શકે ?'

આ અરસામાં ગીરગઢડા પાસેના સનવાવ ગામે ભગવાન સ્વામિનારાયણનું મંદિર જીર્ણ થઈ ગયું હતું. ત્યાં કોઈ નવું મંદિર થઈ શકે એવી સંભાવના નહોતી. તેથી ત્યાંના હરિભક્તો સનવાવ મંદિરની મૂર્તિ ઉના આપી ગયા હતા. સ્વામીએ

ઉનાથી એ મૂર્તિ મંગાવી. ઇંટવાયા ગામના ચોરામાં પધરાવી, પ્રતિષ્ઠાની આરતી ઊતારી.

આ રીતે ઇંટવાયા ગામના ચોરામાં સહજાનંદ સ્વામીની પ્રતિષ્ઠા થઈ અને સમસ્ત ગામમાં ભગવાન સ્વામિનારાયણનો જયજયકાર થયો.

ચોરો જીર્ણ થયો હતો. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની પ્રેરણાથી ચોરાનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો. આજે પણ ચોરામાં ભગવાન સહજાનંદ સ્વામીની મૂર્તિ બિરાજી રહી છે.

સમય જતાં ઇંટવાયા ગામનો સત્સંગ ખૂબ જ વૃદ્ધિ પામ્યો. કોરાટ, આણદાણી અને સાવલિયા વગેરે પરિવારોમાં સત્સંગ હતો જ. સાથે સાથે ફાટસરથી જસાણી પરિવારે ઇંટવાયામાં વસવાટ કર્યો એટલે સત્સંગમાં વિશેષ વૃદ્ધિ થઈ.

પીઠવડી વગેરે ગામોથી અનેક સત્સંગી દીકરીઓ પરણીને ઈંટવાયા આવી એટલે સત્સંગ વધારે વિકસ્યો. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે ઇંટવાયા ગામમાં ભગવાન સ્વામિનારાયણના બાઈઓ - ભાઈઓના સુંદર મંદિર બંધાવેલાં છે.

મુંબઇ પહોંચતાં જ તમારું કામ થઇ જશે

એક સમયની વાત છે, કાનજી પટેલ ઇંટવાયા ગામની પટલાઈ કરી રહ્યા હતા. ગામમાં સહેજે એમના પ્રતિસ્પર્ધીઓ તો હોય જ.

કાનજી પટેલ માર્ગીનો પંથ મેલી સત્સંગી થયા એ ઘણાને ગમ્યું ન હતું.

ગામમાં એક મુસલમાન હતો, એને પણ કોઈ બાબતમાં કાનજી પટેલ સાથે વાંધો પડ્યો હતો. રાગ-દ્વેષથી પ્રેરાઈને કેટલાક લોકોએ અને મુસલમાને સાથે મળીને કાનજી પટેલ માટે ભારે મુશ્કેલી સર્જી.

ઇંટવાયા જૂનાગઢ નવાબી રાજનું ગામ હતું. પેલા મુસલમાને નવાબ સરકારમાં કાનજી પટેલ વિરુદ્ધ સાચી - ખોટી ફરિયાદો કરી.

મુસલમાની રાજ અને મુસલમાન ફરિયાદ કરનાર હોવાથી વિશેષ તપાસ કર્યા વિના ફરિયાદો સાચી માની લેવામાં આવી.

જૂનાગઢથી પટેલની ધડપકડ માટે વોરંટ નીકળ્યું. પરિસ્થિતિ વિકટ હતી. તાત્કાલિક માલમિલ્કતની જપ્તી થાય અને પટેલને જેલમાં જવું પડે એવી પરિસ્થિતિ ઊભી થઇ હતી.

કાનજી પટેલ મારતી ઘોડીએ ઉના પહોંચ્યા. ઉનાથી રેલ્વે દ્વારા જૂનાગઢ આવ્યા. કાનજી પટેલના મનમાં હતું કે 'સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીના આશીર્વાદ

મળે તો મારી આ મુશ્કેલી દૂર થાય.' એમણે સ્વામીના દર્શન કરી, ભારે દિલગીરી સાથે સઘળી વાત કરી.

સ્વામીએ કહ્યું, 'પટેલ ! ધીરજ રાખો. મહારાજ તમારી રક્ષા કરશે. તમે રાજના દીવાન પાસે જઈ જે સાચી હકીકત છે તે જણાવો.'

કાનજી પટેલ દીવાનજીને મળવા ગયા, પણ જોગાનુજોગ દીવાનજી એ સમયે મુંબઈ ગયા હતા. દીવાનજી સિવાય બીજું કોઈ ધરપકડનું વોરંટ રોકી શકે તેમ નહોતું. કાનજી પટેલ પાછા મંદિરમાં આવ્યા અને સ્વામીને બધી વાત કરી.

સ્વામી કહે, 'પટેલ ! દીવાનજી મુંબઈ ગયા છે. તો તમે પણ મુંબઈ જાવ અને મુંબઈમાં દીવાનજીને મળો.'

કાનજી પટેલ બોલ્યા, 'સ્વામી ! મેં મુંબઈ જોયું નથી. મુંબઈમાં હું કોઈને ઓળખતો નથી. હું મુંબઈ જઈને શું કરું ?'

સ્વામીએ કહ્યું, 'પેટલ ! અમે મુંબઈ મંદિરના કોઠારી ઉપર ભલામણની ચિઠ્ઠી લખી દઈએ છીએ. ત્યાં તમારી રહેવા - જમવાની બધી વ્યવસ્થા થઈ જશે અને તમારું કામ તો તમે રેલ્વે સ્ટેશન ઊતરશો, ત્યાં સ્ટેશને જ પતી જશે. તમારો વાળ વાંકો નહિ થાય. તમે અમારા હાથે ગામના ચોરામાં સહજાનંદ સ્વામી પધરાવ્યા છે એનો ભરોંસો રાખજો.' સ્વામીના વચને કાનજી પટેલ મુંબઈ પહોચ્યા. તેઓ જેવા મુંબઈ રેલ્વે સ્ટેશને ઊતર્યા ત્યાં અણધારી ઘટના બની.

એક બાજુ કાનજી પટેલ મુંબઈ પહોંચ્યા અને બીજી બીજુ દીવાનજી પોતાના રસાલા સાથે મુંબઈથી જૂનાગઢ જવા રેલ્વે સ્ટેશને આવ્યા.

કાનજી પટેલને સ્ટેશન ઉપર જ દીવાનજીનો ભેટો થઈ ગયો.

કાનજી પટેલે દીવાનજીને મળી પોતાની ઓળખાણ આપી અને બધી જ વાત કરી. કાનજી પટેલની મુશ્કેલી દીવાનજીએ ધીરજથી સાંભળી. પટેલ નિર્દોષ છે એની એને ખાતરી થઈ.

દિવાનજીએ કહ્યું, 'પટેલ ! તમે ચિંતા ન કરશો. હું હમણાં જ જૂનાગઢ તાર કરી દઉં છું. તમે નિરાંતે ઈંટવાયા જજો. હવે તમને કાંઈ નહિ થાય.'

કાનજી પટેલનું કામ સ્વામીએ ભવિષ્યવાણી ભાખી હતી એજ પ્રમાણે જ મુંબઈ સ્ટેશને ઊતરતાવેંત જ પતી ગયું.

કાનજી પટેલ મુંબઈ મંદિરે ગયા. દેવદર્શન કર્યાં, કોઠારી સ્વામીને મળ્યા, પાછા જૂનાગઢ આવી સ્વામી નારાયણદાસજીને બધી હકીકત જણાવી કહ્યું, 'સ્વામી ! આપની કૃપાથી આપે કહ્યું હતુ એ જ રીતે મુંબઈ સ્ટેશને ઊતરતાવેંત મારું કામ

પૂર્ણ થયું.' સ્વામી કહે, 'પટેલ ! મહારાજ ભક્તવત્સલ છે. તમે સત્સંગ રાખ્યો તો મહારાજે તમારી રક્ષા કરી. હવે તમે સુખેથી ઇંટવાયા જાવ.'

સ્વામીની રજા લઈ પટેલ ઇંટવાયા પહોંચ્યા.

માઠા દેશકાળના ઘાટા વાદળા ઘેરાયા હોય, પણ સદ્‌ગુરુનો કૃપારૂપી પવનનો ઝપાટો લાગે ત્યારે એ વાદળાઓ પળવારમાં ક્યાંય ઉડી જાય છે !

★★★★★

કાનજી પટેલની જેમ જ ઇંટવાયાના ગગજી પટેલ નારાયણદાસજી સ્વામી જેવા સંતના જોગમાં આવવાથી ખૂબ સારા ભક્ત થયા હતા. ગગજી પટેલની વાડીના કૂવામાં પાણી નહોતું. એવામાં જૂનાગઢથી ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણચરણદાસજી સ્વામી ઇંટવાયા પધારેલા. સ્વામીની કૃપાથી ગગજી પટેલના કૂવામાં અખૂટ પાણી થયું હતું.

દરબારોનો તાવ સંતોએ સ્વીકાર્યો

ઉના વિસ્તારમાં ટીંબીની બાજુમાં 'પાટી માણસા' નામનું ગામ આવેલું છે.

આ ગામ જાફરાબાદ તાલુકાનું છે. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી દરબાર શ્રી વાલેરા વરુને માત્ર સાત દિવસમાં આ ગામનો ગરાસ પ્રાપ્ત થયો હતો.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ આ ગામનું તોરણ બાંધ્યું હતું. વાલેરા બાપુએ ગામ વસાવતા પહેલા પહેલું કામ મંદિર બાંધવાનું કર્યું હતું.

વાલેરા બાપુ ઉપર સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનો ખૂબ જ રાજીપો હતો.

વાલેરા વરુના વંશજોમાં આજે પણ સારો સત્સંગ જળવાયેલો છે.

વાલેરા વરુની ચોથી પેઢીએ એક મહાન મુક્તે જન્મ ધારણ કર્યો. એનું નામ હતું 'આપા બાપુ.'

આપા બાપુ ગામધણી દરબાર હોવા છતાં આત્મનિવેદી ભક્તિનું પાલન કરતા હતા. ઠાકોરજીની બધી જ સેવા તેઓ જાતે કરતા. ઠાકોરજીની સેવાની તમામ સામગ્રી અલગ રહેતી. એમનું રસોડું દરબારગઢને બદલે મંદિરમાં રહેતું.

તેઓ જાતે ગાય દોતા, જાતે ઠાકોરજીના થાળ કરતા અને ઠાકોરજીનાં વાસણ માંજવાનું કામ પણ તેઓ જાતે જ કરતા.

અમારે ઘણી વાર માણસા જવાનું થતું. આવડા મોટા ગામધણી દરબાર આપા બાપુ થાળ કરતા હોય, રોટલો ઘડતા હોય ! બાપુને રોટલા ઘડતા આવડે

નહિ. રોટલાના બટકે બટકા થઈ ગયા હોય અને બાપુ તાવડીમાં આ વિવિધ આકારના રોટલાના ટૂકડાઓને શેકતા હોય,આ બધો તાલ જોયા જેવો હોય !

અમને નાની ઉંમરે એ જોવાની મજા આવતી !

બાપુ પણ મજાકમાં કહેતા, ‘સ્વામી ! મારા હાથનો રોટલો હું અને મારો ઠાકોર બે જ જમીએ એવો હોય, આ રોટલો મહેમાનોને પીરસવામાં કામ ન આવે !’ બહારગામ જાય ત્યારે ઠાકોરજીની સેવા અચૂક બાપુ સાથે લેતા જાય.

આપા બાપુ હીરાપારખુ હતા. સાચા-ખોટા, સત્‌-અસત્‌ના ભેદને તેઓ પારખી લેતા હતા.

આપા બાપુ સાચા સંતોના દાસ થઈને રહેતા હતા, પરંતુ ધર્મ - નિયમમાં શિથિલ સાધુઓ બાપુનો આકરો તાપ સહી શકતા નહોતા.

સ્વામિનારાયણ સંપ્રદાય જો શોભતો હોય, તો આવા સત્સંગીઓ અને સાચા સાધુઓથી જ શોભે છે. દરબાર આપા બાપુ ઉપર સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીનો અઢળક રાજીપો હતો.

નારાયણદાસજી સ્વામીએ જ એમને નાનપણમાં વર્તમાન ધરાવ્યા હતા.

દરબાર જ્યારે નાની ઉમરના હતા, ત્યારે તેમણે નારાયણદાસજી સ્વામીનો એક અલૌકિક પ્રસંગ અનુભવ્યો હતો. તેનું વર્ણન તેઓ અત્યંત ભાવથી કરતા.

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી પાટી માણસા પધાર્યા હતા. સ્વામીશ્રીની સાથે અગિયાર સંતોનું મંડળ હતું.

યોગાનુયોગ એ જ સમયે તાવના વાયરા ચાલતા હતા. આ તાવના વાયરાએ દરબારગઢને ઝપાટામાં લીધો હતો. દરબારગઢના આશરે અગિયાર જેટલા સભ્યો તાવમાં સપડાઈ ચૂક્યા હતા.

દરબાર શ્રી ભાયાભાઈ થોડા સાજા હતા. સ્વામીને આવેલા સાંભળી ભાયાબાપુ સ્વામીના દર્શને આવ્યા.

સ્વામીએ કહ્યું, ‘બાપુ ! દરબારગઢનું કોઈ માણસ મંદિરમાં કેમ દેખાતું નથી ?’

ભાયાબાપુ બોલ્યા, ‘સ્વામી લગભગ આખો દરબારગઢ તાવમાં સપડાયો છે. કોઈ કોઈની સંભાળ લે એવી સ્થિતિમાં નથી. તમારી દયાથી મને કાંઈ થયું નથી. એટલે બધાની થાય તેટલી ચાકરી કરું છું.’

ભાયાબાપુની વાત સાંભળી સ્વામીના અંતરમાં કરુણા ઉપજી.

સ્વામી બોલ્યા, ‘દરબાર ! અમારે દરબાર ગઢમાં માંદાની ખબર કાઢવા આવવું છે. તમે આગળ જઈને તૈયારી કરો.’

ભાયા બાપુ દરબાર ગઢમાં ગયા. બાયુ - બહેનોને એકબાજુ કર્યા.

સ્વામી સંતમડળને સાથે લઈને દરબારગઢમાં દર્શન દેવા પધાર્યા.

સ્વામી બોલ્યા 'સંતો ! આ દરબારો ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર પરિવારના છે. સાધુ - સંતો અને દેવની તેઓ ખૂબ જ સેવા કરે છે. દશાંશ - વિશાંશ ધર્માદો નિયમિત જૂનાગઢ મોકલે છે. માટે આજે આપણે આ બધાની માંદગી કાઢવી છે.'

આ વાત કરતી વખતે સ્વામી પંદર - સોળ વર્ષના આપાભાઈના ઢોલિયા પાસે ઊભા હતા. સ્વામીએ સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરતા કરતા આપા બાપુના મસ્તક ઉપર હાથ મૂક્યો.

આટલું કહી વળી સ્વામી બોલ્યા, 'સંતો ! આપણે એક કામ કરીએ. આ સભ્યો અગિયાર છે અને આપણે પણ અગિયાર છીએ. તમે બધા સંતો મહારાજને સંભારીને સંકલ્પ કરો કે દરબારગઢના અગિયારે અગિયાર સભ્યોનો તાવ આપણામાં આવે અને દરબારગઢના સભ્યો સાજા થાય.'

આટલું કહી સ્વામીએ ઠાકોરજીને અભિષેક કરેલ પ્રસાદીનું જળ ભાયાબાપુને આપ્યું અને કહ્યું કે 'આ પ્રસાદીનું જળ તમે દરબારગઢના સભ્યોને પીવડાવો.'

સ્વામીનાં વચને ભાયાબાપુ દરબારગઢના માંદા સભ્યોને જળ પીવડાવવા ગયા. આપા બાપુને સ્વામીએ સ્વયં જળ પીવડાવ્યું.

જળપાન કરતાંની સાથે જ માંદાઓના શરીરમાંથી તાવ નીકળતો ગયો અને સીધો સાધુઓના શરીરમાં પ્રવેશ કરતો ગયો.

કુંવર આપાબાપુનો તાવ સ્વયં સ્વામીએ સ્વીકાર્યો.

આ મહાપ્રતાપી સંતના વચને ન માની શકાય એવો અલૌકિક ચમત્કાર સર્જાયો. એક બાજુ દરબારગઢના સભ્યો સાજા થતા ગયા અને બીજી બાજુ સાધુઓ માંદા થતા ગયા.

પાટી માણસા ગામનું મંદિર અગિયાર અગિયાર માંદા સંતોની પથારીમાં ફેરવાઈ ગયું.

નારાયણદાસજી સ્વામીને વિશેષ કરુણા ઉપજી. એમણે માંદા સંતોને કહ્યું, 'આપણે આટલા બધા માંદા સંતો એક સાથે ગામમાં રહીએ તો આ દરબારોને અને ગામના સત્સંગીઓને સેવા કરવામાં ભારે મુશ્કેલી પડે.'

'પાની તો બહતા ભલા, સાધુ તો ચલતા ભલા.' માટે આપણે અહીંથી ઉના જઈએ અને ઉનાની મચ્છુંદ્રી નદીમાં તાવને પધરાવી દઈએ !

હરિભક્તોએ તેમજ દરબારોએ ભારે આગ્રહ કર્યો પણ સ્વામી રોકાયા નહિ.

દરબારોએ ગાડાં જોડાવ્યાં. અગિયારે અગિયાર માંદા સંતોને ગાડામાં બેસાડ્યા. ગાડાંઓ ઉનાને માર્ગે ચાલવા માંડ્યાં.

સંતોના શરીર તાવથી ભરેલાં હતાં, છતાં એની કોઈ ચિંતા આ મહાપુરુષોના મનમાં નહોતી.

સમર્થ સદ્‌ગુરુના વચનનું પાલન કરવું એ આ સંત મંડળીનો જીવનમંત્ર હતો.

ગાડાંઓ મચ્છુંદ્રીને કિનારે પહોંચ્યાં. બપોર પછીનો સમય હતો. મધુર કલરવ કરતા મછુંદ્રી નદીના નીર વહી રહ્યાં હતાં. ફરતી હરિયાળી છવાયેલી હતી.

સ્વામીએ કહ્યું, 'સંતો ! આપણે મચ્છુંદ્રીને કિનારે થોડો વિશ્રામ કરીશું અને સ્નાન પણ કરીશું.'

તાવથી ધગતા શરીરવાળા સંતોએ સ્વામીનાં વચને રેતાળ પટમાં ધામા નાખ્યા અને સ્નાનની તૈયારી કરી.

સ્વામીએ સંતોને કહ્યું, 'પરમહંસો ! સાધુઓ પરમાર્થી હોય છે, એ વાત આજે તમે સત્ય કરી છે. તમે બધાએ નિઃસ્વાર્થ કરુણા કરીને કો'કનો તાવ પોતાના અંગમાં ધાર્યો છે.' સંતોએ કહ્યું, 'સ્વામી ! આ બધું તો આપ જેવા વચનસિદ્ધ સંતના પ્રભાવે થયું છે. અન્યથા આવી અકલ્પનીય ઘટના બની જ ન શકે. આપણે હરિભક્તોની રસોઈ જમીએ છીએ, એમણે આપેલાં વસ્ત્રો ઓઢીયે છીએ, આજ એનો તાવ ઓઢ્યો. આ તો આપણા માથેથી કરજ ઊતાર્યા બરાબર છે.'

સંતોની વાત સાંભળી સ્વામી અત્યંત રાજી થયા અને બોલ્યા, 'સંતો ! તમને અમારે આમ માંદા રાખવા નથી. હવે આપણે મહારાજને સંભારીને મચ્છુંદ્રીમાં સ્નાન કરીએ અને આપણાં શરીરમાં જે તાવ છે એને આ નદીમાં મેલીએ !

હેઠવાસમાં ઘણી ડોશીઓ લુગડાં ધુએ છે, એમાંથી જે બાઈઓ ધર્મ પાળતી નહિ હોય એને એ તાવ વળગશે.'

સ્વામીનાં વચને સંતો નદીના જળમાં ડૂબકી મારીને જેવા બહાર નીકળ્યા, એવા જ એમના શરીર હળવા ફૂલ થઈ ગયાં.

સાથેના હરિભક્તો આ અલૌકિક ચમત્કાર જોતા રહ્યા.

આ પ્રસંગનું વર્ણન કરતા દરબાર આપાભાઈ ગૌરવ સાથે કહેતા, 'મોટા સંતોની કૃપા તો જૂઓ. નારાયણદાસજી સ્વામીએ મારો તાવ લીધો ત્યાર પછી મને તાવ આવ્યો નથી . મેં ડૉક્ટરની દવા ક્યારેય લીધી નથી. ક્યારેક જરુર પડે તો આયુર્વેદ ઔષધિઓનું સેવન કરી લઉં છું, પણ વિલાયતી ગોળીને મેં મારા શરીરમાં

જવા દીધી નથી.' આપાબાપુ પુરાણી સ્વામી ગોપીનાથદાસજી સ્વામી અને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના પણ ખૂબ જ કૃપાપાત્ર હતા.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના તો તેઓ અંતેવાસી શિષ્ય ગણાતા.

દરબાર આપાબાપુના પરિવારમાં આજે પણ સારો સત્સંગ જળવાયેલો છે.

ભાડાં ગામના અતૃપ્ત પિતૃનો ઉદ્ધાર

ટીંબી પાસે ભાડાં ગામ છે. આ ગામના દરબારો માણસા ગામના દરબારોના સગાઓ થાય છે.

આ દરબારોનો કોઈ પૂર્વજ અસદ્‌ગતિને પામ્યો હતો અને ભયંકર કાળોતરો સર્પ થઈને દરબારગઢમાં આંટાફેરા કર્યા કરતો હતો. પરિણામે રાતના સમયે દરબારગઢમાં રહેવું મુશ્કેલ હતું. અનેક ઉપાય કરવા છતાંય કોઈ રીતે આ સર્પથી છૂટકારો થતો નહોતો.

સર્પને લીધે આખો દરબારગઢ પરેશાન હતો. આ દરબારોએ માણસાના દરબારોને વિનંતી કરી કે 'સાંભળ્યું છે કે તમારા ગુરુ નારાયણદાસજી સ્વામી મહા પ્રતાપી સંત છે. એમને અમારે ગામ તેડી લાવો અને અમારા પૂર્વજની સદ્‌ગતિ કરાવો.' થોડા સમય બાદ નારાયણદાસજી સ્વામી વિચરણ કરતા કરતા માણસા ગામે પધાર્યા. માણસાના દરબારોએ સ્વામીને ભાડાં ગામના દરબારોના પૂર્વજની વાત કરી અને ત્યાંના દરબારગઢમાં પધરામણી કરવા વિનંતી કરી.

દરબારોની વિનંતી સાંભળી સ્વામી ભાડાં ગામ પધાર્યા. ભાડાંના દરબારોએ દરબારગઢમાં રહેતા સર્પની ઉપાધિની સઘળી વાત સ્વામીને કરી.

સ્વામી થોડીવાર મહારાજને સંભારતા રહ્યા અને પછી બોલ્યા, 'દરબારો ! એ સર્પ તમારો પૂર્વજ છે. એને વાસના રહી ગઈ હતી, એટલે એ અતૃપ્ત આત્માએ સર્પનો દેહ ધર્યો છે. તમે બધા એના મોક્ષ માટે કાંઈક દાનપુણ્યનો સંકલ્પ કરો, તો એનો ઉદ્ધાર થાય !'

આગેવાન દરબારે કહ્યું, 'સ્વામી ! અમે એમના નિમિત્તે શ્રીમદ્ ભાગવત સપ્તાહની પારાયણ કરાવીશું અને બીજો જે કાંઈ દાનધર્માદો કરવાનો હશે તે આપ કહેશો તે પ્રમાણે કરીશું.'

સ્વામીએ કહ્યું, 'દરબારો ! હવે ચોખ્ખા વાસણમાં ચોખ્ખું પાણી ભરીને ફળિયામાં મૂકો.' દરબારોએ સ્વામીનાં વચને ચોખ્ખા પાણીનું વાસણ ફળિયામાં મૂક્યું.

સ્વામીએ કહ્યું, ‘હવે તમે બધા દરબારગઢના ફળિયામાં એક બાજુ ઊભા રહો.’ સ્વામીનાં વચને દરબારગઢના બધા જ સભ્યો ફળિયામાં એક બાજુ ઊભા રહ્યા.

આ બાજુ સ્વામીએ હાથમાં એક લાકડી લીધી અને દરબારગઢના ઓરડાના ખૂણે દાણા ભરવાની એક કોઠી હતી, એ કોઠીને લાકડીથી ઠપકારતાં ઠપકારતાં બોલ્યા, ‘હે અતૃપ્ત જીવ ! તમારી મુક્તિનો અવસર આવી ગયો છે. તમારે જે કાંઈ વાસના છે તે હવે છોડી દો અને પ્રગટ ભગવાન સ્વામિનારાયણને શરણે થાવ.’

આટલું કહી સ્વામી લાકડીનો લીટો કરતા કરતા ફળિયામાં આવ્યા. ત્યાં એક અદ્‌ભૂત ચમત્કાર સર્જાયો.

દાણાની કોઠી નીચે ધામા નાખીને પડેલો મોટો સર્પ બહાર નીકળ્યો અને લાકડીને લીટે લીટે ફળિયામાં આવ્યો અને પાણીનાં પાત્ર પાસે ગૂંચળું વળી ફેણ માંડીને બેઠો.

સ્વામીએ કહ્યું, ‘દરબારો ! કોઈ ડરશો નહિ. આ તમારા પૂર્વજ છે. એ તમને કાંઈ નહિં કરે. આજે એમની મુક્તિની ઘડી નજીક આવી છે.’

હવે જેણે ભાગવતજીની સપ્તાહનો સંકલ્પ કર્યો છે એ આગળ આવો અને આ વાસણમાંથી પાણીની ટબૂડી ભરી સર્પને પીવડાવો.’

આગેવાન દરબાર આગળ આવ્યા અને સ્વામીએ કહ્યા પ્રમાણે સર્પ ઉપર પાણીની ધાર કરી.

આશ્ચર્યકારક રીતે સર્પે મોઢું પહોળું કર્યું અને જળ પીધું. એ જ રીતે સ્વામીએ બધાને કહ્યું કે ‘હવે બાકીના તમે બધા જ તમારા પૂર્વજને પાણી પાવ.’

દરબારગઢના દરેક સભ્યે સર્પને જળ પાયું.

પછી સ્વામી બોલ્યા, ‘હે અતૃપ્ત આત્મા ! હવે તમે સુખેથી બદ્રિકાશ્રમમાં સિધાવો અને ત્યાં તપ કરી તમારી વાસનાને ટાળો.’

સ્વામીનાં વચને સર્પ પાણીના વાસણ પાસેથી ચાલવા માંડ્યો અને થોડો દૂર ગયો ત્યાં એનું શરીર છૂટી ગયું.

સર્પનો આત્મા સદ્‌ગતિને પામ્યો.

‘સર્પમોક્ષ’ની આ ઘટના સમસ્ત પરગણામાં પ્રસિદ્ધ થઈ.

વાસના બળવાન છે. ભલભલા જોગી - જતીઓને પણ વાસના ભવના ફેરામાં ભટકાવી દેતી હોય છે. વાસનિક જીવો અનેક પ્રકારની મલિન - તામસ યોનિઓમાં અતૃપ્તિની આગથી સળગતા રહે છે અને ભટકતા રહે છે.

જીવના અંતરમાંથી વાસના જવી ભારે કઠણ છે, પણ જો સમર્થ સદ્‌ગુરુ

નારાયણદાસજી જેવા પ્રગટ પુરુષોત્તમનારાયણના સાધુની કૃપાદષ્ટિ થઈ જાય તો વાસનામાંથી જીવનો સરળતાથી છૂટકારો થઈ જાય છે.

ભાડાં ગામના સર્પમોક્ષની આ ઘટના એનું પ્રમાણ છે.

પ્રેમજીભાઇની સર્પદંશથી રક્ષા

ઉનાથી થોડે દૂર સમઢિયાળા નામનું ગામ આવેલું છે. આ સમઢિયાળા રાવળ નદીને કાંઠે હોવાથી 'રાવળના સમઢિયાળા' તરીકે ઓળખાય છે. સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી વિચરણ કરતા કરતા સમઢિયાળા પધાર્યા હતા.

સમઢિયાળા ગામે ખોડાભાઈ કોરાટ નામે ખૂબ સારા હરિભગત હતા. એમનો પૂરો પરિવાર ભગવાન સ્વામિનારાયણનો આશ્રિત હતો.

સ્વામી મંદિરમાં બિરાજમાન હતા એ દરમિયાન એક અજુગતો પ્રસંગ બન્યો.

ખોડાભાઈના ભાઈ પ્રેમજીભાઈ વાડીમાં કામ કરતા હતા. એમનું ધ્યાન રહ્યું નહિ, એનો પગ ઘાસમાં સંતાઈને બેઠેલા સર્પ ઉપર પડ્યો.

સર્પ ઉપર પગ પડતાં કાળોતરો સાપ છંછેડાયો. એણે પ્રેમજીભાઈના પગમાં જોરથી દંશ દીધો. સર્પની દાઢો પ્રેમજીભાઈના પગમાં બેસી ગઈ. શરીરમાં સર્પનું ઝેર ચડવા માંડ્યું.

એમના ભાઈ ખોડાભાઈને આ દુર્ઘટનાની ખબર પડતાં જ તેઓ દોડતા મંદિરે સ્વામી પાસે આવ્યા અને બધી જ વાત કરી.

સ્વામીએ કહ્યું, 'ખોડાભાઈ ! ગભરાશો નહીં. મહારાજ પ્રેમજીની રક્ષા કરશે. તમે એને મંદિરે લઈ આવો.'

પ્રેમજીભાઈને મંદિરે લાવવામાં આવ્યા.

આ અજુગતી બીના સાંભળીને હરિભક્તો પણ ભેગા થઈ ગયા.

સ્વામીએ હરિભક્તોને કહ્યું, 'તમે બધા શાંતિથી મહારાજ સામે બેસીને સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરવા માંડો. સ્વામિનારાયણ મહામંત્ર નાગનું ઝેર ઊતારે એવો બળિયો છે.'

ખોડાભાઈ અને અન્ય હરિભક્તો મંદિરમાં બેસીને ધૂન કરવા લાગ્યા.

આ સમયે એક આહીર હરિભક્ત મંદિરમાં બેઠા હતા. એનું નામ ભોળાભાઈ હતું. સ્વામીએ ભોળાભાઈને નજીક બોલાવ્યા અને કહ્યું, 'તમે આ પ્રસાદીનું જળ પ્રેમજીભાઈને પીવડાવો, એમનું ઝેર ઊતરી જશે.'

ભોળાભાઈએ પ્રસાદીનું જળ પ્રેમજીભાઈને પીવડાવ્યું.

થોડીવારમાં ચમત્કાર સર્જાયો. પ્રેમજીભાઈના શરીરમાંથી કાળા નાગનું ઝેર ઊતરી ગયું અને પ્રેમજીભાઈ સ્વસ્થ થયા !

આખા ગામમાં આ વાત વાયુવેગે પ્રસરી ગઈ.

નારાયણદાસજી સ્વામીના આશીર્વાદ અને સ્વામિનારાયણ મહામંત્રના પ્રભાવથી પ્રેમજીભાઈની ઝેરથી રક્ષા થઈ.

સ્વામિનારાયણ મહામંત્ર કાળરૂપી સર્પથી રક્ષા કરે છે.

સ્વામિનારાયણ મહામંત્ર માયારૂપી નાગણીનું ઝેર ઊતારનારો છે.

સ્વામિનારાયણ મહામંત્ર ભવરોગ ટાળવાનું રામબાણ ઔષધ છે.

સ્વામિનારાયણ મહામંત્ર સર્વ પાપોને બાળીને ખાખ કરનાર છે.

સ્વામિનારાયણ મહામંત્ર ચાર વેદ, અઢાર પુરાણ અને સર્વ સત્શાસ્ત્રનો સાર છે. વિહારીલાલજી મહારાજ હરિલીલામૃતમાં કહે છે...

‘જે સ્વામિનારાયણ નામ લેશે, તેના બધા પાતક બાળી દેશે.’

કાલસારીમાં પ્રભુદાસને સાજા કર્યા

કાલસારીમાં કાળાબાપા ખૂબ જ સારા ભક્તરાજ હતા. તેઓ પંચાળાના મકનજી ઠક્કરના વંશજ હતા. તેમને નાની ઉંમરે ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદ પ્રાપ્ત થયા હતા.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીના તેઓ અનન્ય શિષ્ય હતા.

જૂનાગઢ દેશમાં કાળાબાપાની આગેવાન હરિભક્તોમાં ગણના થતી.

મોટા મોટા સદ્‌ગુરુઓ અવારનવાર કાલસારી પધારતા અને સત્સંગનું ભારે સુખ આપતા.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની પ્રેરણાથી કાલસારીમાં નાનકડું મંદિર કરવામાં આવ્યું હતું. સ્વામીએ અહીં સ્વહસ્તે હનુમાનજી પધરાવ્યા હતા.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જ્યારે જ્યારે નાઘેરમાં ઉના તરફ જતા ત્યારે કાલસારી થઈને જતા, એટલે આ ગામ અત્યંત પાવન થયેલું છે.

કાળાબાપાને ત્યાં કાનજીભાઈ નામે પુત્ર થયા હતા. તેઓ પણ એકાંતિક ભક્તરાજ અને મોટા સંતોના કૃપાપાત્ર હતા.

કાનજીબાપાને ત્યાં વિ. સં. ૧૯૭૬માં પ્રભુદાસ નામના પુત્રનો જન્મ થયો હતો. પ્રભુદાસની સાત આઠ વર્ષની ઉંમર થઈ ત્યારે તેમને ડબલ ન્યૂમોનિયા લાગુ થયો અને તેઓ બેશુદ્ધ બની ગયા. ભક્તરાજ કાળાબાપા અને કાનજીભાઈ ખૂબ

જ ચિંતામાં પડ્યા. તેમણે જૂનાગઢ, જેતપુર વગેરે મંદિરોમાં મહાપૂજા અને પ્રાર્થનાઓ કરાવી, પરંતુ પ્રભુદાસની તબિયતમાં કોઈ સુધારો જણાતો નહોતો.

પ્રભુદાસના મામા જૈન ધર્મના 'મહારાજ સાહેબ' હતા. તેઓ ખૂબ જ પ્રતાપી હતા. એમણે કાળાબાપાને કહેવડાવ્યું કે 'તમે કહો તો હું પ્રભુદાસને સાજો કરી દઉં.'

કાળાબાપા અને કાનજીબાપા ભગવાન સ્વામિનારાયણના અનન્ય આશ્રિત હતા. તેમણે જૈન મહારાજ સાહેબને વિનયપૂર્વક કહ્યું, 'તમારી ભાવના સારી હશે ! પરંતુ અમે તો ભગવાન સ્વામિનારાયણની ઈચ્છા ઉપર બધું છોડ્યું છે. ભગવાન સ્વામિનારાયણની ઈચ્છા હોય તો પ્રભુદાસને સારું થશે અને ઈચ્છા નહિ હોય તો સારું નહિં થાય !'

આ બાજુ પ્રભુદાસની તબિયત દિવસે દિવસે બગડતી જતી હતી. તેઓ વીસ - પચ્ચીસ દિવસથી બેશુદ્ધિમાં હતા.

કાળાબાપાના મનમાં થયું, 'હવે તો સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીના આશીર્વાદ મળે, તો જ પ્રભુદાસ બેઠો થાય.'

કાળાબાપા અને વેરાવળના ઘીવાળા જાદવજી શેઠે સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીને વિનંતિ કરી કાલસારી તેડાવ્યા અને બધી વાત કરી.

પ્રભુદાસની સ્થિતિ અત્યંત નાજૂક થઈ ગઈ હતી.

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી પ્રભુદાસને દર્શન દેવા પધાર્યા. સ્વામીએ પ્રભુદાસના માથા ઉપર હાથ મેલી કહ્યું, 'કાળાબાપા, ચિંતા કરશો નહિ, મહારાજ પ્રભુદાસને સારું કરશે.'

બીજે દિવસે સવારમાં પૂજાપાઠ કરી પ્રસાદીનું પાણી સાથે લઈ સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી ફરીથી પ્રભુદાસ પાસે પધાર્યા.

સ્વામીએ સ્વામિનારાયણ મહામંત્રનું સ્મરણ કરતા કરતા પ્રભુદાસ ઉપર પાણીની અંજલિ છાંટતા કહ્યું, 'એલા પ્રભુદાસ ! બેઠો થા.' પરંતુ પ્રભુદાસ ઉપર સ્વામીના વચનની કોઈ અસર થઈ નહિ.

સ્વામી મંદિરમાં પધાર્યા. બીજે દિવસે પણ સ્વામી ઠાકોરજીની પ્રસાદીનું જળ લઈ પ્રભુદાસ પાસે આવ્યા. પાણી છાંટ્યું અને કહ્યું, 'પ્રભુદાસ ! બેઠો થા.' પણ પ્રભુદાસની સ્થિતિમાં કોઈ પરિવર્તન જણાયું નહિં.

ત્રીજા દિવસે સ્વામીએ સિંહાસન સામે ઊભા રહી એક પગે માળા ફેરવતા ફેરવતા અત્યંત ગદ્‌ગદ્‌ કંઠે મહારાજને પ્રાર્થના કરી ને કહ્યું, 'મહારાજ ! તમારે ભરોસે પ્રભુદાસને સાજા કરવાનું કાર્ય કરી રહ્યો છું. માટે હવે મારી લાજ તમારા

હાથમાં છે. મહારાજ ! તમને જો યોગ્ય લાગે તો મારી આવરદા પ્રભુદાસને આપો પણ પ્રભુદાસને બેઠો કરો.'

આમ પ્રાર્થના કરી પ્રસાદીનું જળ લઈ સ્વામી ત્રીજી વાર પ્રભુદાસ પાસે આવ્યા.

પ્રભુદાસના શરીર ઉપર જળ છાંટી, પ્રભુદાસના કાનમાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ મંત્ર બોલી કહ્યું, 'પ્રભુદાસ ! બેઠો થા.'

એ જ વખતે સહુના આશ્ચર્ય વચ્ચે પચ્ચીસ પચ્ચીસ દિવસથી બેશુધ્ધિમાં પડેલા પ્રભુદાસ બેઠા થઈ ગયા !

એણે સ્વામીને વંદન કરી 'જય સ્વામિનારાયણ' કહ્યા અને બાપાને કહ્યું, 'બાપા ! મને ભૂખ લાગી છે, મને પૂરણપોળી ખવડાવો.'

પ્રભુદાસને આમ સાજોસારો થઈ પૂરણપોળી ખાવા માગતો જોઈ, સર્વના અંતરમાં આનંદ આનંદ થઈ ગયો.

સ્વામીની પ્રાર્થના મહારાજે સાંભળી અને પ્રભુદાસને મોતના મુખમાંથી ઉગાર્યો.

પ્રભુદાસ સાજા થયા પછી બે - ત્રણ વર્ષમાં જ સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી રાજકોટ ખાતે અક્ષરવાસી થયા હતા.

આગળ જતા પ્રભુદાસ ખૂબ સારા હરિભક્ત થયા. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ સાથે એમને ખૂબ હેત હતું.

તેઓ ખૂબ જ શૂરવીરતાથી સ્વામીનો પક્ષ રાખતા હતા. તેમના ભાઈ કરશનભાઈ પણ સારા ભક્તરાજ હતા. પ્રભુદાસના પુત્રો શ્યામ અને પ્રવીણ પણ ખૂબ સારો સત્સંગ રાખે છે.

અર્જુનસિંહજીને આશીર્વાદ

મેંગણી દરબાર માનસિંહજીની કથા સત્સંગમાં સુપ્રસિદ્ધ છે.

એમના વંશમાં દરબારશ્રી અર્જુનસિંહજી થયા. અર્જુનસિંહજી વિલાયતમાં ભણ્યા હતા. વિલાયતમાં રહેવા છતાં એમણે સત્સંગને દાગ લાગવા દીધો નહોતો. તેઓ ખૂબ સારા ભક્ત હતા.

યુવાન વયે તેઓ ભાવનગર રાજ્યના પોલીસ ખાતામાં ઊંચા સ્થાન પર બિરાજી ફરજ બજાવતા હતા. આ દરમિયાન એક દુઃખદ પ્રસંગ બન્યો, જેનાથી દરબારશ્રીનું મન હાલકડોલક થઈ ગયું.

બન્યું હતું એવું કે કોઈ જગ્યાએ ચોરી - લૂંટફાંટ થયેલી. રાજ્યની પોલીસ એક શકમંદ ગુનેગારને પકડીને લઈ આવી અને એને દરબાર સમક્ષ ઊભો રાખવામાં

આવ્યો. ગુનાની કબૂલાત માટે અર્જુનસિંહજીની નજર સામે પોલીસ દ્વારા એને અતિશય માર મારવામાં આવ્યો.

પોલીસનો માર સહન ન થવાથી એ તહોમતદાર બોલી ઉઠયો, 'હે મહારાજ ! હે સ્વામિનારાયણ ! બચાવો.'

તહોમતદારના મુખેથી 'સ્વામિનારાયણ' શબ્દ સાંભળતાં જ દરબાર ચમક્યા.

એમણે તુરત જ પોલીસને માર મારતા અટકાવ્યા..

દરબારે તહોમતદારને પૂછ્યું, 'એલા ! તું સત્સંગી છો ?'

એણે કહ્યું, 'હા બાપુ ! હું ભગવાન સ્વામિનારાયણનો આશ્રિત છું.'

દરબારે કહ્યું, 'ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આદેશ કર્યો છે કે 'સત્સંગીઓએ ચોરી-લૂંટફાટ ન કરવી.' સ્વામિનારાયણનો સત્સંગી કદી ચોરી - લૂંટફાટ ન કરે, તો તેં શા માટે કરી ?'

તહોમતદારે કહ્યું, 'બાપુ ! ભગવાન સ્વામિનારાયણની સાક્ષીએ કહું છું, મેં ચોરી કરી નથી. કેટલાક દ્વેષી લોકોએ મને ખોટી રીતે શકમંદ બનાવી દીધો છે.'

બાપુએ તહોમતદારનો નિર્દોષ ચહેરો અને નિર્દોષ આંખોને પારખી લીધી અને છોડી મૂક્યો.

પેલો સત્સંગી તો ઘેર ગયો પરંતુ બાપુના અંતરમાં ભયંકર ખળભળાટ થવા લાગ્યો. એક નિર્દોષ સત્સંગીને પોતાની નજર સામે માર પડ્યો, તેથી દરબારનું હૈયું વલોવાવા લાગ્યું.

એમને થયું કે 'આજ મારાથી એક નિર્દોષ ભગતને દંડ દેવાનો ઘોર અપરાધ થઈ ગયો. આ પોલીસ ખાતાની નોકરીમાં આવા તો કેટલાય નિર્દોષને દંડ આપવાના પ્રસંગો બન્યા કરશે. દેહ અને પરિવારના ભરણપોષણ માટે આવા પાપ કરવાં પડે ! એવી નોકરી મારે નથી કરવી. ભરણપોષણ પૂરતું તો ભગવાન આપે છે અને આપશે.'

આમ વિચારી દરબારે બીજા દિવસે જ નોકરીમાંથી રાજીનામું આપ્યું અને પોતાને ઘેર આવતા રહ્યા.

દરબારને સ્વામી બાલમુકુંદદાસજીના વચનસિધ્ધ શિષ્યો નારાયણદાસજી સ્વામી અને નિર્ગુણદાસજી સ્વામી સાથે ભારે હેત હતું. તેઓ સંતોના દર્શને જૂનાગઢ ગયા. યોગાનુયોગ બન્ને સંતો એક સાથે ત્યાં હાજર હતા.

નારાયણદાસજી સ્વામીએ દરબારને કુશળ પ્રશ્ન પૂછ્યા.

દરબારે કહ્યું 'સ્વામી ! નોકરીમાંથી રાજીનામું આપી ઘેર બેઠો છું.'

સ્વામીએ કહ્યું, 'કેમ નોકરીમાંથી છૂટું થવું પડ્યું ?'

દરબારે સ્વામીને બધી વિગત જણાવી.

દરબારની વાત સાંભળી સ્વામી ખૂબ રાજી થયા.

સ્વામીએ કહ્યું. 'દરબાર તમે મેંગણીના ભાયાત ગણાવ. તમારો ગરાસ થોડો છે, તો હવે નિર્વાહ કઈ રીતે કરશો ?'

દરબારે કહ્યું, 'સ્વામી ! નિર્વાહ તો તમારી કૃપાથી કોઈપણ રીતે થશે, પણ હવે કોઈ નિરપરાધી કે હરિભગતનો દ્રોહ થઈ જાય એવી નોકરી તો કરવી જ નથી.'

દરબારના હૈયાની ઉત્તમ ભાવના જોઈ બન્ને સંતોના હૈયામાં આનંદ થયો. નારાયણદાસજી સ્વામીએ નિર્ગુણદાસજી સ્વામીની સામે સંકેતભરી નજરે જોઈને કહ્યું, 'સ્વામી ! આવા સારા હરિભક્તને આજીવિકાની ચિંતા રહે, એવું ન થવા દેવાય.'

નિર્ગુણદાસજી સ્વામીએ કહ્યું, 'સ્વામી ! તમારી વાત સાચી છે.'

સ્વામી થોડીવાર નેત્ર મીંચી, મહારાજની મૂર્તિને ધારી, મનોમન થોડો વિચાર કરી પછી બોલ્યા, 'દરબાર ! ભગવાન ઘણા ભક્તોને કૃપા કરીને સુખસંપત્તિ આપે છે. ત્યારે એનો સત્સંગ ઝાંખો પડી જાય છે. તમને ભગવાન સુખસાહ્યબી આપે તો સત્સંગ ગૌણ તો નહિ થઈ જાય ને ?'

દરબારે વિનમ્રભાવે કહ્યું, 'સ્વામી ! આપ જેવા સંતોની મારા પર કૃપા છે. ભગવાન સુખસંપત્તિ આપે કે ન આપે, હું ક્યારેય મહારાજ અને સત્સંગને ગૌણ નહિં થવા દઉં.'

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીનું દિલ આ સુપાત્ર ભક્તરાજને અભરે ભરી દેવા માટે હેલે ચડી રહ્યું હતું.

સ્વામીએ કહ્યું, 'દરબાર ! શ્રીજી મહારાજ તમને અઢળક સંપત્તિ આપશે અને તમે પણ સત્સંગની ખૂબ જ સેવા કરજો.'

દરબારે હાથ જોડી અને કહ્યું, 'ભલે સ્વામી ! આપ જેમ કહેશો તેમ કરીશ.'

નારાયણદાસજી સ્વામીએ નિર્ગુણદાસજી સ્વામીને કહ્યું, 'સ્વામી ! તમે પણ દરબારને આશીર્વાદ આપો.' સ્વામીના કહેવાથી નિર્ગુણદાસજી સ્વામીએ પણ દરબારને આશીર્વાદ દીધા.

બન્ને મહાન સંતોના આશીર્વાદ ને લીધે દરબારને અણધારી રીતે અઢળક સંપત્તિ પ્રાપ્ત થઈ. દરબારે પણ એ સંપત્તિમાંથી દાન-ધર્માદો કરવામાં જરાય કચાશ ન રાખી.

સમર્થ સંતોની કૃપાથી એના અંતરને સંપત્તિનો મદ સ્પર્શી ન શક્યો.

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીની આજ્ઞાથી દરબારે જૂનાગઢમાં શ્રી રાધારમણદેવું સુવર્ણ સિંહાસન કરાવ્યું. સ્વામી નિર્ગુણદાસજીને રાજી કરવા માટે એમણે શ્રીજી મહારાજના ગાદીસ્થાન જેતપુરમાં પણ ખૂબ જ સેવા કરી. તેમજ અનેક સમૈયા ઉત્સવમાં શ્રીહરિએ આપેલી સંપત્તિને વાપરી, સંપત્તિને સફળ બનાવી.

દરબારના બે પુત્રો હતા. કુમાર પ્રદ્યુમ્નસિંહજી અને બળભદ્રસિંહજી. બન્ને ખૂબ સારા સત્સંગી હતા.

કુમાર પ્રદ્યુમ્નસિંહજી આઈ. એ. એસ. ઓફિસર થયા હતા અને ગુજરાત રાજ્યના મુખ્ય સચિવ પદે રહ્યા હતા.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે ગુરુકુલનું જે આદ્ય ટ્રસ્ટી મંડળ બનાવ્યું હતું તેમાંના એક કુમાર પદ્યુમ્નસિંહજી હતા.

રાજકોટ ખાતે ગુરુકુલનું ખાતમૂહુર્ત ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે પૂ. જોગી સ્વામીના ગુરુ મહંત સ્વામી અને કુમાર પ્રદ્યુમ્નસિંહજીના હસ્તે કરાવ્યું હતું.

સમર્થ સત્પુરુષોના આશીર્વાદ ભક્તને અને એમના વંશ - વારસાને પણ ન્યાલ કરી દેતા હોય છે.

ગોંડલની ધર્મશાળાનો જીર્ણોધ્ધાર

ગોંડલી નદીને કિનારે વસેલું ગોંડલ શહેર ભગવાન શ્રીહરિની પદરજથી અનેકવાર પાવન થયેલું છે. વર્ષો પહેલા દરબાર શ્રી ભાણાબાપુએ હાલ જ્યાં નાની બજારમાં સ્વામિનારાયણ મંદિરનો સભા મંડપ છે ત્યાં એક સુંદર મોટું મકાન બાંધીને મંદિર બનાવ્યું હતું અને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના વરદ હસ્તે એમાં ભગવાન શ્રીહરિની મૂર્તિ પધરાવી હતી.

સત્સંગ વિચરણ કરતા કરતા નંદ સંતો અહીં પધારતા અને આ સ્થળે ઊતરતા.

ગોંડલ નરેશ મહારાજ શ્રી ભગવત્‌સિંહજીના માતુશ્રી મોંઘીબાઈએ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની પ્રેરણાથી રાજ્યના ખર્ચે શિખરબદ્ધ મંદિર કરાવ્યું હતું. જેમાં વિ. સં. ૧૯૨૮ની સાલમાં આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજે પ્રતિષ્ઠા કરી હતી.

વડતાલના પાર્ષદો મંદિરનો વહીવટ ચલાવતા હતા, પરંતુ ન કલ્પી શકાય એવાં કારણને લીધે મંદિરનો વ્યવહાર દરેક રીતે કથળી ગયો હતો.

આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે સદ્‌ગુરુ શ્રી બાલમુકુંદદાસજી સ્વામીને ગોંડલ મંદિરનો વહીવટ સરખો કરવા આગ્રહ કર્યો હતો.

સ્વામીએ શાસ્ત્રી શ્રી ધર્મતનયદાસજી સ્વામીના નામે આજ્ઞાપત્ર મેળવી ધર્મતનયદાસજી સ્વામી દ્વારા વહીવટ સંભાળ્યો હતો. જેમણે એકધારા ૨૦ વર્ષ સુધી મંદિરનો વહીવટ સંભાળી મંદિરના વ્યવહારને સારી રીતે સુધાર્યો હતો.

વિ. સં. ૧૯૬૯ના આસો સુદ એકાદશીના દિવસે શાસ્ત્રી શ્રી ધર્મતનયદાસજી સ્વામી અક્ષરવાસી થયા હતા. ત્યાર પછી ગોંડલ મંદિરનો વહીવટ પુરાણી સ્વામી શ્રી ગોપીનાથદાસજીએ સંભાળ્યો હતો અને ગોંડલ મંદિરનો વિકાસ કર્યો હતો.

વિ. સં. ૧૯૮૫-૮૬ની સાલમાં મહંત સ્વામી શ્રી કૃષ્ણજીવનદાસજી ગોંડલમાં મહંત તરીકે સેવા બજાવતા હતા. તેઓ વ્યવહારથી અલિપ્ત અને ભજનિક સંત હતા. આ અરસામાં સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી ગોંડલ પધાર્યા હતા.

મહંત સ્વામીએ નારાયણદાસજી સ્વામીને વિનંતી કરી કે 'સ્વામી ! અહીંની હવેલી જીર્ણ થઈ ગઈ છે, મંદિરમાં થોડી રકમ છે, એમાંથી મોટી ધર્મશાળા કરીએ તો સારું.'

'હું તો આપના વચને અહીં મહંતાઈ સંભાળું છું. બાકી આ બધું કામ મારાથી થાય એમ નથી. આપે જ અહીં રોકાઈને આ કાર્ય કરવું પડશે.'

મહંત સ્વામીની વાત સાંભળી સ્વામી રાજી થયા અને બોલ્યા, 'તમે પવિત્ર-ભજનિક સંત છો. તમારો સંકલ્પ મહારાજ પૂરો કરશે.'

નારાયણદાસજી સ્વામી ગોંડલ રોકાયા. બાંધકામમાં નારાયણદાસજી સ્વામીની કોઠાસૂઝ અને કુશળતા અજોડ હતી. સ્વામીએ જૂના સંતોની પ્રસાદીની જગ્યા સચવાઈ રહે, ધર્મશાળા મોટી થાય અને મંદિરનો ચોક પણ મોટો થાય એ રીતે નકશા બનાવી ધર્મશાળાનું કામ શરૂ કરાવ્યું.

ધર્મશાળાનું તમામ સુતારીકામ ગામ તોરીના સુતાર અરજણભાઈ સંભાળતા હતા. ધર્મશાળાનું કામ ચાલતું હતું, સ્વામી સ્વયં એમાં દેખરેખ રાખતા હતા. સ્વામી ચૂનાના તગારા પણ ઉપાડતા હતા અને નાનામાં નાની સેવા કરતા હતા. સ્વામી સ્વયં સેવામાં જોડાય એટલે અન્ય સંતો અને હરિભક્તો પણ ઉત્સાહથી સેવા કરતા હતા.

ધર્મશાળાનું માળણનું કામ શરૂ થયું. માળવા માટે લાકડાના જાડા પાટડા ઉપર ચડાવવાના હતા. પાટડા ખૂબ ભારે હતા. પાટડા ચડાવવાનું કામ ચાલી રહ્યું હતું, એવામાં અચાનક એક પાટડો છટક્યો. જો એ પાટડો નીચે પડે તો અનેકનાં કચ્ચરઘાણ બોલી જાય એવી સ્થિતિ હતી.

સ્વામીએ એકદમ સમયસૂચકતા વાપરી નાનકડી, પાતળી વળી લઈ એ વળી

ઉપર પાટડાનો ભાર ઝીલી લીધો. આ સોટા જેવી પાતળી વળી મોટા પાટડાનો ભાર ઝીલે એવી કોઇ શક્યતા નહોતી. જે ચમત્કારિક રીતે બચાવ થયો હતો તે સ્વામીની અલૌકિક શક્તિથી જ થયો હતો.

આ સમયે સ્વામીની ઉંમર ૮૧ વર્ષની હતી. સ્વામીને શરીરે સારું નહોતું, છતાં એમણે પાટડાનો ભાર ઝીલી મોટી હોનારત અટકાવી દીધી હતી.

ભગવાન શ્રીકૃષ્ણે ગોવર્ધન ઝીલ્યો હતો અને ગોકુલવાસીઓની રક્ષા કરી હતી એ જ રીતે સ્વામીમાં રહીને શ્રીજી મહારાજે પાટડો ઝીલી સંતો-ભક્તોની રક્ષા કરી હતી.

ચરણારવિંદની જોડ્યનું સમર્પણ

ગોંડલની ધર્મશાળામાં જૂનું સિંહાસન હતું, જેમાં સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ મહારાજની મૂર્તિ અને ચરણારવિંદ પધરાવ્યા હતા.

આ સિંહાસન નાનું હોવાથી નારાયણદાસ સ્વામીએ મોટું અને ભવ્ય સિંહાસન બનાવડાવ્યું, જેમાં જૂની મૂર્તિ અને ચરણારવિંદ જેમના તેમ પધરાવ્યા. ઉપરાંત ગુણાતીતાનંદ સ્વામી તથા શ્રીજી મહારાજની સભાની બીજી મોટી ચિત્ર પ્રતિમા પણ પધરાવી.

'સિંહાસનમાં ચરણારવિંદની બે જોડ હોય તો સિંહાસન વધારે શોભે' એવી ભાવનાથી સ્વામીએ ચરણારવિંદની એક જોડ પધરાવાય એટલી જગ્યા ખાલી રાખી.

એકવાર સમૈયા-ઉત્સવ પ્રસંગે જૂનાગઢથી અનેક સંતો-પાર્ષદો ગોંડલ પધાર્યા હતા. નવી ધર્મશાળાનું કામ જોઈને બધા રાજી થતા હતા.

સંતો - ભક્તોની વિશાળ સભા થઈ હતી. નારાયણદાસજી સ્વામી સભા-મંડપમાં કથા-વાર્તા કરી રહ્યા હતા.

કથાવાર્તા પૂરી કર્યા પછી નારાયણદાસજી સ્વામીએ સંતોને ઉદ્દેશીને કહ્યું, 'તમે મોટા મોટા સંતો બેઠા છો તેમાંથી જો કોઈ સંત ચરણારવિંદની એક જોડ આપે તો એ ચરણારવિંદ આપણે સિંહાસનમાં પધરાવવા છે.' ચરણારવિંદ પધરાવવાની વાતમાં સર્વનો રાજીપો હતો, પરંતુ ચરણારવિંદ અર્પણ કરવા માટે કોઈનું મન તૈયાર નહોતું, તેથી સ્વામીની વાતનો કોઈ પ્રતિસાદ ન મળ્યો. આ પ્રસંગે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની ઉંમર નાની હતી. તેઓ સભામાં બેઠા હતા.

નારાયણદાસજી સ્વામીનાં વચનને પ્રતિસાદ ન મળ્યો તે જોઈને ગુરુદેવને મનમાં થયું 'સ્વામી જેવા મહાન સંતનાં વચન આમ હેઠા પડે તે ઠીક નહીં. મારી

પાસે ચરણારવિંદની બે જોડ છે એમાંથી એક સિંહાસનમાં પધરાવવા આપી દઉં અને ભગવાન જેવા સાધુનો રાજીપો મેળવી લઉં.'

નાની ઉંમર હોવાથી ગુરુદેવ સભામાં તો કાંઈ બોલી ન શક્યા, પરંતુ સભા પૂરી થયા પછી એમણે પોતાનો શુભ સંકલ્પ પોતાના મોટા ગુરુભાઈ સ્વામી દેવપ્રસાદદાસજીને કહ્યો.

'સ્વામી ! મારી પાસે ચરણારવિંદની બે જોડ છે, એમાં એક જોડ આપણા ગુરુદેવ પુરાણી સ્વામી ગોપીનાથદાસજીએ રાજીપાથી આપેલી છે અને બીજી જોડ તમે આપેલી છે. જો તમારી રજા હોય તો એક જોડ સિંહાસનમાં પધરાવવા માટે આપી દઉં, જેથી સ્વામી જેવા મહાન સત્પુરુષ આપણા ઉપર રાજી થાય.

નાના સાધુ ધર્મજીવનદાસજીની વાત સાંભળીને સ્વામી દેવપ્રસાદદાસજી રાજી થયા, પણ આ નાના સાધુના સંકલ્પની કસોટી કરતા હોય એમ કહ્યું, 'ધર્મજીવનદાસ ! સ્વામીએ ચરણારવિંદ આપવાની વાત મોટા - ઘરડા સાધુઓને કરી છે. તમે તો નાના સાધુ છો !' ગુરુદેવ બોલ્યા, 'સ્વામી ! મને થાય છે કે, મોટા સંતના વચન આમ હેઠા પડે એ સારું નહિ.'

દેવપ્રસાદદાસજી સ્વામી આ નાના સાધુનો સમજણભર્યો ઉત્તર સાંભળી અત્યંત રાજી થયા અને ચરણારવિંદ આપવાની હા પાડી.

આ રીતે મોટા ગુરુભાઈની અનુમતિ લઈને ગુરુદેવે ચરણારવિંદની એક જોડ નારાયણદાસજી સ્વામીને અર્પણ કરી.

નાના સાધુની આવી ઉદારતા જોઈ નારાયણદાસજી સ્વામી ખૂબ જ રાજી થયા અને કહ્યું, 'ધર્મજીવનદાસ ! મેં તો મોટા મોટા અને ઘરડા સાધુઓને કહ્યું હતું, તમે તો નાના સાધુ છો માટે રહેવા દ્યો.'

ગુરુદેવે કહ્યુ, 'સ્વામી ! મારી પાસે બે જોડ છે, એટલે એક અહીં પધરાવો અને એક હું મારી પૂજામાં રાખીશ. ચરણારવિંદની બે જોડ મારી પાસે હશે તો મને એકને જ દર્શન થશે, અહીંયા સિંહાસનમાં પધરાવ્યા હશે તો બધા સંતો-ભક્તોને દર્શનનો લાભ મળશે.'

નાના સાધુની વિનય-વિવેકભરી વાત સાંભળી નારાયણદાસજી સ્વામી અત્યંત રાજી થયા અને બોલ્યા, 'સાધુરામ ! તમારી ઉદારતા અને સમજણ બેયને ધન્ય છે.'

નારાયણદાસ સ્વામીએ ગુરુદેવ પાસેથી ચરણારવિંદ સ્વીકાર્યા અને ધર્મશાળાના નવા સિંહાસનમાં પધરાવ્યા, જે આજે પણ દર્શન આપે છે.

ગુરુદેવના હૃદયની ઉદારતાની બીજી વાત એ છે કે, એ ચરણારવિંદમાં અર્પણ

કરનાર તરીકે પોતાનું નામ નહિ લખાવતા, પોતાના મોટા ગુરુભાઈ દેવપ્રસાદદાસજી સ્વામીનું નામ લખાવ્યું છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભગવાન સ્વામિનારાયણની પ્રસાદીની વસ્તુઓનું ભાવનાત્મક રીતે ભારે મૂલ્ય હોય છે. એમાંય શ્રીજી મહારાજનાં ચરણારવિંદ તો સર્વને હૃદય સાથે જોડાયેલાં હોય છે.

ગુરુદેવને ચરણારવિંદની આ બેય જોડ પોતાના ગુરુ પુરાણી સ્વામી ગોપીનાથદાસજી અને પોતાના ગુરુભાઈ સ્વામી દેવપ્રસાદદાસજી તરફથી રાજીપાથી પ્રાપ્ત થયેલા હતા. છતાં પણ સ્વામીએ નારાયણદાસજી સ્વામી જેવા સંતને રાજી કરવા માટે એક જોડ અર્પણ કરી દીધી હતી.

ઘણાની પાસે ચરણારવિંદની ઘણી જોડ હોય પણ આપવાનું મન થતું નથી.

ઘણા ભાવિક સંતો - ભક્તો ચરણારવિંદની ભાવથી પૂજા કરે છે.

ઘણા ગુરુઓ 'ચરણારવિંદના વારસાની લાલચે ચેલો સારી સેવા કરે' એવી ભાવનાથી ચરણારવિંદ સાચવી રાખતા હોય છે. ઘણાય મહાત્માઓ કોઈ શ્રીમંત હરિભગત પાસેથી હજારો રૂપિયાની સેવા કરાવવા માટે ચરણારવિંદનો ઉપયોગ કરતા હોય છે. કોઈ માંધાતાઓ હજારો રૂપિયા કમાવા માટે ચરણારવિંદ વેંચતા હોય છે. કોઈ કોઈ ધૂતારાઓ વેવલા હરિભક્તોને નકલી ચરણારવિંદ પધરાવી હજારો રૂપિયા કમાઈ લેતા હોય છે.

ચરણારવિંદનો અસલ મર્મ તો કોઈ વિરલા જ જાણતા હોય છે. પ્રત્યક્ષ બિરાજમાન ભગવાન જેવા સંતનો રાજીપો પ્રસાદીની વસ્તુઓ કરતાં મહાન હોય છે. પ્રસાદીની મહામૂલી વસ્તુ હોય પણ જો તેની સાથે અહંમમત્વનો સંબંધ બંધાયો હોય તો એ પ્રસાદીની વસ્તુ દર્શનના કામમાં આવે, પણ મોક્ષમાં ઉપયોગી ન થાય ! જ્યારે ભગવાન જેવા મહાપ્રતાપી સંતનો રાજીપો જીવનો બેડો પાર કરી દેતો હોય છે.

ગુરુદેવ પ્રસાદીની વસ્તુના અસલ મર્મને સમજનાર વિરલ સંત હતા.

કામ પડતું મેલી જામનગર પહોંચો

જામનગરમાં એક ખૂબ જ સારા હરિભક્ત હતા. એમનું નામ મિસ્ત્રી મૂળજીભાઈ લાધાભાઈ હતું. તેઓ કુશળ કારીગર હતા.

મૂળજીભાઈને સદ્ગુરુ નારાયણદાસજી સ્વામી પ્રત્યે ખૂબ જ શ્રદ્ધા અને પ્રેમ હતાં. સ્વામીની આજ્ઞાથી એમણે જૂનાગઢ મંદિરમાં આરસ પાથરવાની સેવા કરી

હતી. તે જ રીતે જામનગર મંદિર તેમ જ ગોંડલ મંદિરના ઘુમ્મટના નિર્માણમાં પણ સેવા કરી હતી. ગોંડલ મંદિરનાં સિંહાસન અને આરસ કામમાં પણ ઘણું બધું કામ કરીને સ્વામીના આશીર્વાદ મેળવ્યા હતા.

વિ. સં. ૧૮૮૬ની સાલ હતી. મૂળજીભાઈ ગોંડલ મંદિરમાં આરસ પાથરવાનું કામ કરી રહ્યા હતા. આ જ અરસામાં નારાયણદાસજી સ્વામી રાજકોટમાં બિરાજતા હતા. રાત્રિનો સમય હતો. મૂળજીભાઈ થાક્યાપાક્યા સૂતા હતા. વહેલી સવારે સ્વામીએ મૂળજીભાઈને સ્વપ્નમાં દર્શન દીધા અને કહ્યું, 'મૂળજીભાઈ ! તમે કામ પડતું મેલી તુરત જ જામનગર ભેગા થઈ જાવ.' આટલું કહી સ્વામી અદૃશ્ય થઈ ગયા. મૂળજીભાઈની ઊંઘ ઊડી ગઈ.

મૂળજીભાઈના મનમાં થયું કે 'મને સ્વામી સાથે ખૂબ હેત છે એટલે આવું સ્વપ્ન આવ્યું. મંદિરનું કામ આઠ - દસ દિવસમાં પૂરું થઈ જશે, ત્યાર પછી હું ઘેર જઈશ.' આમ વિચારી મૂળજીભાઈએ કામ ચાલુ રાખ્યું. સાત - આઠ દિવસ થયા હશે અને મૂળજીભાઈને અચાનક કોઈ ભેદી બીમારી લાગુ પડી. શરીરમાં ખેંચ ઉપડી અને એકદંડો શ્વાસ શરુ થઈ ગયો.

મૂળજીભાઈના ભાઈ વાલજીભાઈ તાત્કાલિક એમને લઈને ગોંડલ રેલ્વે સ્ટેશને આવ્યા અને જામનગર જવા માટે ટ્રેન પકડી. રસ્તામાં રાજકોટ આવ્યું. અહીંયા ટ્રેન એકાદ કલાક રોકાવાની હતી.

વાલજીભાઈને ખબર હતી કે નારાયણદાસજી સ્વામી રાજકોટ દાણાપીઠ મંદિરમાં બિરાજે છે. એટલે તેઓ સ્વામીના આશીર્વાદ લેવા માટે મારતે વાહને મંદિરે પહોંચ્યા અને સ્વામીને દંડવત્ કરતા કરતા રડવા લાગ્યા.

સ્વામીએ કહ્યું, 'વાલજી ! કેમ રડે છે ?'

વાલજીભાઈએ કહ્યું, 'સ્વામી ! મૂળજીભાઈને અચાનક કાંઈક થઈ ગયું છે. અમે એને લઈને જામનગર જવા નીકળ્યા છીએ. ટ્રેન રાજકોટ સ્ટેશને રોકાણી છે અને હું તમારા દર્શને આવ્યો છું.'

સ્વામીએ કહ્યું, 'વાલજી ! ચિંતા ના કરીશ. મહારાજ મૂળજીભાઈની રક્ષા કરશે. ચાલ હું તારી સાથે સ્ટેશને આવું છું.'

આમ કહી સ્વામી સંતોને સાથે લઈ રેલ્વેસ્ટેશને આવ્યા.

રેલ્વેના ડબ્બામાં મૂળજીભાઈ બેશુદ્ધ થઈને સૂતા હતા.

સ્વામિનારાયણ મહામંત્ર બોલતા બોલતા નારાયણદાસજી સ્વામીએ મૂળજીભાઈના શરીર ઉપર પ્રસાદીનું પાણી છાંટ્યું અને સાદ કર્યો, 'મૂળજી !

એ મૂળજી !' સ્વામીનો સાદ સાંભળી મૂળજીભાઈ ભાનમાં આવ્યા અને આંખો ઉઘાડી તો સામે સ્વામીને ઉભેલા જોયા.

મૂળજીભાઈએ સ્વામીને હાથ જોડી વંદન કર્યા.

સ્વામીએ કહ્યું, 'મૂળજીભાઈ ! અમે તમને સ્વપ્નમાં ચેતવ્યા હતા અને કહ્યું હતું કે જામનગર પહોંચી જાવ છતાં અમારી વાત કેમ ન માની ?'

મૂળજીભાઈ ધીરે સ્વરે બોલ્યા, 'સ્વામી ! મારી ભૂલ થઈ. મને સ્વપ્નની વાત સત્ય મનાણી નહિ. મને થયું કે હેત હોય અટલે આવા સ્વપ્ન આવે.'

નારાયણદાસજી સ્વામી બોલ્યા, 'કાંઈ વાંધો નહિ. મૂળજીભાઈ ! હવે કોઈ મૂંઝવણ રાખશો નહિ. કાળ આવ્યો તો પણ મહારાજે તમારી રક્ષા કરી છે. તમે સાજાસારા થઈ જશો. જામનગર રેલ્વે સ્ટેશનેથી તમારી મેળે ઘરે પહોંચશો. મહારાજને હજી તમારા દ્વારા મંદિરોમાં ઘણાં કામ કરાવવાં છે.'

મૂળજીભાઈને આશીર્વાદ આપી સ્વામી મંદિરે પાછા પધાર્યા.

આ બાજુ મૂળજીભાઈ પાછા હતા એવા ને એવા બેભાન સ્થિતિમાં આવી ગયા, એટલે ફરીથી બધાની ચિંતાનો પાર ન રહ્યો.

ગાડી જામનગર સ્ટેશને પહોંચી ત્યાં બધાના આશ્ચર્ય વચ્ચે મૂળજીભાઈ ભાનમાં આવ્યા. પોતાની મેળે બેઠા થયા. જાતે પોતાનો કોટ પહેર્યો. જાતે માથે પાઘડી બાંધી અને પોતાની મેળે જ ગાડીના ડબામાંથી નીચે ઊતરી ઘોડાગાડીમાં બેઠા અને ઘરે પહોંચ્યા.

સમર્થ સંતનું વચન હતું કે 'તમે સાજાનરવા ઘરે પહોંચશો.' એ વચન સત્ય થયું.

મૂળજીભાઈનો મંદવાડ ગયો, પણ શરીરમાં ભારે અશક્તિ આવી ગઈ.

એક અઠવાડિયાના આરામ પછી અશક્તિ ઓછી થઈ.

સ્વામી જેવા સત્પુરુષની કૃપાથી એમનું શૂળીનું દુઃખ કાંટે મટ્યું. એમના માથેથી મોટી ઘાત ગઈ, તેઓ સાવ સાજા થઈ ગયા.

એક સમયે આશરે બપોરના ત્રણેક વાગ્યા હશે. ત્યાં અચાનક એમને સંતમંડળ સાથે નારાયણદાસજી સ્વામીનાં દર્શન થયાં.

સ્વામીએ કહ્યું, 'એલા મૂળજી શું સૂતો છો ? અમારી સાથે મંદિરે દર્શન કરવા ચાલ.' મૂળજીભાઈ ઘરે કોઈને કહ્યા સિવાય સ્વામીની સાથે મંદિરે દર્શને આવ્યા.

મૂળજીભાઈ મંદિરમાં દર્શન કરતા હતા. એ દરમિયાન સ્વામી અદૃશ્ય થઈ ગયા. દલપતભાઈ વગેરે હરિભક્તો પણ મંદિરે દર્શને આવ્યા હતા.

દલપતભાઈએ કહ્યું, 'અરે મૂળજીભાઈ ! તમે આમ માંદામાંદા એકલા દર્શને કેમ આવ્યા ? આવું જોખમ ન કરાય.'

મૂળજીભાઈએ કહ્યું, 'હવે મને સાવ સારું છે અને હું એકલો નથી આવ્યો. મારી સાથે નારાયણદાસજી સ્વામી અને બે-ચાર સાધુઓ પણ છે.'

મૂળજીભાઈની વાત સાંભળતા જ હરિભક્તો આશ્ચર્યથી મૂળજીભાઈ સામે જોઈ રહ્યા.

દલપતભાઈ બોલ્યા, 'મૂળજીભાઈ ! તમે કેવી વાત કરો છો ? નારાયણદાસજી સ્વામી તો હાલ રાજકોટ મંદિરમાં બિરાજે છે. અમે ક્યારના મંદિરે બેઠા છીએ, અહીં કોઈ સાધુ આવ્યા નથી.'

મૂળજીભાઈ ઘડીવાર તો કોઈની વાત માનવા તૈયાર નહોતા, પરંતુ મંદિરમાં સ્વામી ક્યાંય દેખાયા નહિ એટલે એમને પણ ભારે આશ્ચર્ય થયું.

આખરે સર્વને સમજાયું કે મૂળજીભાઈને સ્વામી સાથે ખૂબ સ્નેહ છે, માટે અવશ્ય સ્વામીએ એમને દિવ્ય રુપે દર્શન દીધાં લાગે છે !

પ્રગટ પુરુષોત્તમનારાયણને ધારી રહેલા સત્પુરુષોની ગતિ ન્યારી હોય છે. એને સામાન્ય બુદ્ધિથી સમજવી મુશ્કેલ છે.

મુઠ્ઠી ચણાથી ક્ષયરોગ મટાડ્યો

રાજકોટથી સરધાર જતા વચ્ચે રાજ સમઢિયાળા ગામ આવે છે.

રાજ સમઢિયાળામાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના સમયનો સત્સંગ છે.

રાજ સમઢિયાળાના ગામધણી દરબાર અખુભા હતા અને અખુભાને ત્યાં તખ્તસિંહજી નામના સુપુત્ર હતા.

તખ્તસિંહજીને ક્ષયનો રોગ લાગુ પડ્યો હતો. અખુભાએ દીકરાની ઘણી સારવાર કરાવી પણ રોગ કાબુમાં આવ્યો નહિ. તખ્તસિંહજીને મુંબઈ લઈ જવામાં આવ્યા. મુંબઈના ડૉક્ટરોએ પણ ઘણી મહેનત કરી, પણ સારું થયું નહિ.

દરબાર શ્રી અખુભાના મનમાં પુત્રની બિમારીથી ખૂબ જ ઉપાધિ રહેવા લાગી.

દરબારને નારાયણદાસજી સ્વામી સાથે ખૂબ હેત હતું. એમને થયું, 'હવે તો સ્વામી કૃપા કરી મહારાજને પ્રાર્થના કરે, તો જ કામ થાય એવું છે.'

અખુભાએ મુંબઈથી સ્વામીને પત્ર લખ્યો અને પ્રાર્થના કરી કે, 'સ્વામી ! હવે તો આપ દયા કરો તો જ તખ્તસિંહજીને સારુ થાય એમ છે. અમે મુંબઈ સુધીના બધા ડૉક્ટરોને બતાવી જોયું, પણ કાંઈ ફેર પડતો નથી.'

અખુભાનો પત્ર જૂનાગઢ આવ્યો.

સ્વામીએ કૃપા કરી જવાબ આપ્યો, ‘દરબાર ! તમે દરરોજ સાંજે ભગવાન સ્વામિનારાયણને સંભારી નાની માટલીમાં એક મૂઠી ચણા પલાળજો. પછી દરરોજ સવારે ભગવાનને ધરાવીને એ પ્રસાદીના ચણા તપ્તસિંહજીને ખવડાવજો. મહારાજ એમને સારું કરશે.’

આ બાજુ મુંબઈના ડૉક્ટરોએ દરબાર અખુભાને કહ્યું, ‘દરબાર ! અમે ખૂબ મહેનત કરી પણ તમારા દીકરાનો રોગ મટે એવું લાગતું નથી, માટે એને હવે ઘરે લઈ જાવ.’ દરબાર શ્રી અખુભાને આ વાત સાંભળતા ભારે આંચકો લાગ્યો. બરાબર એ જ સમયે નારાયણદાસજી સ્વામીનો પત્ર મુંબઈ પહોંચ્યો.

સ્વામીનો પત્ર આવતાં દરબારને માનસિક રીતે ખૂબ જ રાહત થઈ. તેઓ તપ્તસિંહજીને લઈને ઘરે આવ્યા અને સ્વામીએ કહ્યું હતું તે પ્રમાણે મુઠ્ઠી ચણા પલાળીને તપ્તસિંહજીને ખવડાવવા લાગ્યા.

સ્વામીના આશીર્વાદથી અને શ્રીજી મહારાજની કૃપાથી તપ્તસિંહજીને ધીરે ધીરે સારું થવા લાગ્યું અને એક મહિનામાં સાવ સાજાનરવા થઈ ગયા.

દરબાર શ્રી અખુભા તપ્તસિંહજીને સાથે લઈને જૂનાગઢ સ્વામીનાં દર્શને આવ્યા.

સ્વામીએ તપ્તસિંહજીને આશીર્વાદ આપ્યા અને કહ્યું, ‘દરબાર ! ભગવાન સ્વામિનારાયણે તમારો અસાધ્ય રોગ મટાડ્યો છે. ભગવાન કર્તુમ્ - અકર્તુમ્ - અન્યથાકર્તુમ્ છે. મહારાજે તમારે માથેથી મોતની ઘાત ઊતારી છે. માટે હવે પછીનું શેષ જીવન સત્સંગમય રાખજો. સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરજો અને શ્રીજી મહારાજે આપેલા પંચ વર્તમાનનું પાલન કરજો. લખચોરાસીના ફેરા ફરતા ફરતા માંડ મનુષ્ય દેહ મળે છે. આ માનવદેહ દેવતાઓને પણ દુર્લભ છે, માટે એને એળે જવા ન દેવો.’

દરબાર શ્રી અખુભા અને તપ્તસિંહજીએ સ્વામીનાં વચનોને હૃદયમાં ધાર્યા અને જીવનભર ખૂબ સારો સત્સંગ રાખ્યો.

આશ્ચર્યની વાત એ હતી કે દરબાર શ્રી તપ્તસિંહજી જ્યારે જ્યારે માંદા પડતા, ત્યારે સ્વામીએ બતાવેલ પ્રયોગ કરતા. મુઠ્ઠી ચણા પલાળી ઠાકોરજીને ધરાવીને ખાતા અને સાજા થઈ જતા.

રાજકોટ અને ગોંડલની આસપાસના મોટાભાગના તાલુકાદારો કે ગામધણી દરબારો શ્રદ્ધા અને વિશ્વાસથી ભરેલા હતા.

ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, બાલમુકુંદદાસજી સ્વામી, નારાયણદાસજી સ્વામી, કૃષ્ણચરણદાસજી સ્વામી, નિર્ગુણદાસજી સ્વામી વગેરે મહાન સંતોના જોગમાં આવતા આ બધા દરબારોએ પોતાના બધા જ અપલક્ષણો છોડ્યા હતા. ખૂબ જ સારા સત્સંગી અને ઉત્તમ એકાંતિક ભક્તરાજ થયા હતા.

જામનગરમાં શિખરબધ્ધ મંદિર

જામનગર હાલાર દેશનું મથક ગણાય છે. એક સમયે જામનગર ‘નવાનગર’ તરીકે ઓળખાતું હતું.

વર્ષો પહેલા સદ્‌ગુરુ સ્વરૂપાનંદ સ્વામીએ અહીં ભારે કષ્ટો વેઠીને સત્સંગના બીજ વાવ્યા હતા.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ અહીંના હરિભક્તોને ‘તમે બધા વ્યવહારે સુખીયા થશો’ એવા આશીર્વાદ આપ્યા હતા અને સ્વામીએ ભવિષ્ય ભાખ્યું હતું કે, ‘અહીં મોટું શિખરબદ્ધ મંદિર થશે.’

વચનસિદ્ધ સદ્‌ગુરુ મહાપુરુષદાસજી સ્વામી પણ અવાર-નવાર જામનગર પધારીને સત્સંગનું પોષણ કરતા હતા. સ્વામીના ઐશ્વર્ય-પ્રતાપથી જામનગરમાં સત્સંગનો સારો એવો વિકાસ થયો હતો.

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી પણ હાલાર દેશમાં વિચરણ કરતા કરતા અવાર-નવાર જામનગર પધારતા હતા. અહીંના હરિભક્તોને જામનગરમાં શિખરબદ્ધ મંદિર થાય એવો સંકલ્પ હતો.

સદ્‌ગુરુ નારાયણદાસ સ્વામીએ એ સંકલ્પને પરિપૂર્ણ કરવા માટે શિખરબદ્ધ મંદિરના નિર્માણકાર્યનો આરંભ કરાવ્યો હતો.

વિ. સં. ૧૯૭૨માં જામનગરમાં ટાઉનશીપ પ્લાનિંગની દોરી નંખાઈ રહી હતી.

આ નવા પ્લાનિંગમાં મંદિરની સ્થાવર ઈમારતોને નુકસાન ન થાય, એ માટે સદ્‌ગુરુ નારાયણદાસ સ્વામીએ સમયસૂચકતા વાપરીને મંદિરના ઘુમ્મટનું કામ અધૂરું હતું, છતાં મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરાવી લીધી હતી.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ વર્ષો પહેલા કહ્યું હતું કે ‘અહીં શિખરબદ્ધ મંદિર થશે’ એ વચન નારાયણદાસ સ્વામીના કુનેહભર્યા પુરુષાર્થથી પૂર્ણ થયું હતું.

બીજી એક ઘટના એવી બની કે મંદિરની બાજુમાં જ રાજ્યની જમીન હતી. રાજ્યે એ જમીન વેચવા કાઢી હતી. મંદિરની ભળતી ભેણીની એ જમીન મંદિરે

વેચાતી લેવી આવશ્યક હતી, પરંતુ મુશ્કેલી એ હતી કે મંદિર પાસે જમીન વેચાતી લેવાના પૈસા નહોતા. હરિભક્તોમાં પણ કોઈ એવા શ્રીમંત નહોતા કે જમીન માટે પૈસા આપી શકે.

આખરે 'રાજ પાસેથી લોન લઈને એ જમીન ખરીદવી' એવો નિર્ણય કરવામાં આવ્યો. હરિભક્તોએ રાજકચેરીએ લોન માટે માગણી મૂકી. રાજ તરફથી માગણી મંજૂર થઈ. આ રીતે રાજ્ય પાસેથી ઉદારતાપૂર્વક લોન મળવાથી જમીન લેવાઈ ગઈ.

લોનના હપ્તા નિયમિત ભરવા આવશ્યક હતા, પરંતુ મંદિર પાસે હપ્તા ભરી શકાય એટલી મૂડી પણ નહોતી. એટલે સમયસર હપ્તા ભરી શકાયા નહીં, પરિણામે મંદિર જપ્ત થાય તેવી પરિસ્થિતિ ઊભી થઈ.

રાજ તરફથી હૂકમ થયો. 'જામનગર રાજ્યમાં જેટલાં સ્વામિનારાયણના મંદિરો હોય તે બધાનો ધર્માદો જામનગર લાવવો અને જ્યાં સુધી હપ્તા ન ભરાય ત્યાં સુધી એ ધર્માદો રાજ્યની તિજોરીમાં જમા કરાવવો.'

હવે તકલીફ એ થઈ હતી કે જામનગર રાજ્યના કેટલાક મંદિરો મૂળી દેશમાં આવતાં હતાં. કેટલાક ગામડાંઓ જૂનાગઢ દેશમાં આવતાં હતાં. એટલે સંપ્રદાયના દેશવિભાગની મર્યાદા પ્રમાણે બધો ધર્માદો જામનગરમાં લાવવામાં મુશ્કેલી થાય તેમ હતું.

આ સમયે જૂનાગઢ મંદિરના મહંતપદે સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી બિરાજતા હતા. એમણે આ બધી જ આંટીઘૂંટીભરી વાત વડતાલના કાર્યકર્તાઓને સમજાવી અને એવો નિર્ણય કર્યો કે જૂનાગઢ મંદિરે જામનગર મંદિરને લોન આપવી. એ લોનમાંથી રાજ્યનું દેવું ભરપાઈ કરી દેવું અને ત્યારબાદ મંદિરમાં જે આવક થાય, તેમાંથી ધીરે ધીરે જૂનાગઢ મંદિરની લોન પરત કરવી.

આ રીતે સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીએ આગવી કુનેહથી માર્ગ કાઢી જામનગર મંદિરને આશરે તેર હજાર રૂપિયાની લોન આપી. પરિણામે જામનગર મંદિર રાજ્યના દેવામાંથી મુક્ત થયું અને ધીમે ધીમે જૂનાગઢ મંદિરની લોન પણ ભરપાઈ થઈ ગઈ.

વિ. સં. ૧૯૭૩-૭૪માં સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીએ જાતમહેનત કરીને મંદિરના ઘુમ્મટનું જે કામ અધૂરું હતું, તે પૂર્ણ કરાવ્યું. આ કામમાં અહીંના કડિયા હરિભક્તો તેમજ અન્ય હરિભક્તોનો ખૂબ જ સાથ-સહકાર પ્રાપ્ત થયો હતો.

સ્વામી જ્યારે ઘુમ્મટનું કાર્ય કરાવી રહ્યા હતા, ત્યારે એક અલૌકિક દિવ્ય ઘટના બની.

જામનગરમાં દેવતાનો ઉદ્ધાર

હાલાર પંથકના એક સુતાર બાઈ સારા સત્સંગી હતા. એમણે સાસરે જઈને પણ સત્સંગનું સારી રીતે જતન કર્યું હતું. એમના પતિ સત્સંગી નહોતા પણ પત્નીને લીધે એના અંતરમાં સત્સંગ પ્રત્યે ગુણભાવ જાગ્યો હતો.

સમય જતાં ભગવાન સ્વામિનારાયણ એ બાઈને પ્રત્યક્ષ દર્શન દઈને અક્ષરધામમાં તેડી ગયા.

થોડા સમય બાદ એના પતિનું પણ મૃત્યુ થયું.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે 'અમારા સત્સંગી બહેનોના હાથના રોટલા જમે, એમણે ભરેલા ગોળાનું પાણી પીવે, એનું પણ કલ્યાણ થાય છે.'

જાણે આ વાત સિદ્ધ થતી હોય એમ પેલા સત્સંગી બાઈનો પતિ મૃત્યુ પામીને સ્વર્ગમાં ગયો.

દયાના સાગર ભગવાન સ્વામિનારાયણને એ ગુણબુદ્ધિવાળા જીવનો ઉદ્ધાર કરવો હતો એટલે એમણે અક્ષરધામમાં દિવ્ય દેહે રહેલા પેલા બાઈને કહ્યું કે 'તમે સ્વર્ગલોકમાં જાવ અને તમારા પતિને અક્ષરધામનો માર્ગ બતાવો.'

મહારાજની આજ્ઞાથી એ બાઈએ પોતાના પતિને સ્વર્ગલોકમાં દિવ્યરુપે દર્શન દીધાં.

સ્વર્ગમાં પોતાની પત્નીને આમ તેજસ્વી દેહે પ્રગટેલા જોઈને એમનો પતિ તો આભો જ બની ગયો.

એણે પૂછ્યું, 'અરે ! તું ક્યાં છો ? અને અહીં અત્યારે ક્યાંથી ! હું તો તને ક્યારનોય ખોળું છું !'

પેલી બાઈએ કહ્યું, 'હું ભગવાન સ્વામિનારાયણની કૃપાથી અક્ષરધામને પામી છું.' પતિએ પૂછ્યું, 'એ ધામ ક્યાં આવ્યું ?'

બાઈએ કહ્યું, 'એ ધામ તો માયાના આઠ આવરણની પાર ખૂબ દૂર દૂર આવેલું છે.' પતિએ પૂછ્યું, 'એટલે બધે દૂરથી તું કઈ રીતે આવી ?'

પત્નિએ કહ્યું, 'ત્યાંથી કોઈ અહીં આવી જ ન શકે, પરંતુ ભગવાન સ્વામિનારાયણે તમારો ઉદ્ધાર કરવા મને મોકલી છે. એમની ઈચ્છાથી હું અહીં આવી છું.'

પતિએ પૂછ્યું, 'ત્યાં અક્ષરધામમાં કેવુંક સુખ છે ?'

પત્નીએ કહ્યું, 'એ સુખનું વર્ણન થઈ શકે તેમ નથી.અક્ષરધામના સુખની આગળ આ તમારા દેવતાના લોક નરક જેવા લાગે છે. '

બાઈના પતિએ કહ્યું, 'તો મારે આ સ્વર્ગમાં નથી રહેવું. તું જ્યાં છો ત્યાં મને લઈ જા.' બાઈ કહે, 'ભગવાન સ્વામિનારાયણના આશ્રિત થયા સિવાય અક્ષરધામમાં પ્રવેશ ન મળે.'

પતિએ પૂછ્યું, 'તો હવે એમના આશ્રિત થવા માટે મારે શું કરવું ?'

બાઈએ કહ્યું, 'તમે જામનગર જાવ. જામનગરમાં ભગવાન સ્વામિનારાયણના મહા સમર્થ સંત નારાયણદાસજી સ્વામી બિરાજે છે. એમની પાસે કંઠી બંધાવી ભગવાન સ્વામિનારાયણના આશ્રિત થાવ, તો તમને અક્ષરધામમાં પ્રવેશ મળે.'

દેવયોનિને પામેલો એ સુતાર તેજના લીસોટારૂપે જામનગર આવ્યો. રાત્રિના બે વાગ્યાનો સમય હતો.

સ્વામીશ્રી જામનગરનાં મંદિરના ઘુમ્મટનું કામ કરાવી રહ્યા હતા, એટલે દેવચંદભાઈ વગેરે કેટલાક સેવાભાવી હરિભક્તો રાત્રિના મોડે સુધી કામ કરતા હતા. સ્વામી નારાયણદાસજી જૂની હવેલીમાં પોઢ્યા હતા.

દેવચંદભાઈએ આકાશમાંથી ઊતરેલા તેજના લીસોટાને નારાયણદાસજી પાસે જતો જોયો. એમના આશ્ચર્યનો પાર ન રહ્યો.

આ બાજુ પેલો દેવ દિવ્યરુપ ધરી સ્વામીના પગ દાબવા લાગ્યો. સ્વામી એકદમ જાગ્યા અને પેલા દેવને અંતર્યામી ભાવે કહ્યું, 'તારે મારા પગ દાબવાની જરૂર નથી. તારો ઉદ્ધાર તો દાદર ઉપરની મેડીના ઓરડામાં સૂતેલા હરિપ્રકાશ કરશે.'

પેલો દેવ સ્વામી હરિપ્રકાશદાસજી પાસે આવ્યો અને બધી વાત કરી.

સ્વામી હરિપ્રકાશદાસજીએ સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીની આજ્ઞાથી એ દેવયોનિના જીવને વર્તમાન ધરાવી, કંઠી પહેરાવી, ભગવાન સ્વામિનારાયણના શરણે લીધો. એ જ વખતે આશ્ચર્યકારક રીતે દેવનું તેજોમય સ્વરૂપ પ્રગટ થયું અને ઉજ્જવળ પ્રકાશના લીસોટારૂપે આકાશમાર્ગે ગતિ કરી અક્ષરધામને પામ્યો.

સામાન્ય રીતે દેવયોનિમાંથી અક્ષરધામમાં જઈ શકાતું નથી. પરંતુ એક સત્સંગી બાઈના સતીધર્મના પ્રતાપથી, સ્વામી જેવા સદ્‌ગુરુના આશીર્વાદથી અને શ્રીહરિના સંકલ્પવિશેષથી આ અશક્ય કાર્ય શક્ય થયું.

ઘુમ્મટનું કામ કરતા દેવચંદભાઈ તેજ લીસોટાને આકાશમાંથી ઊતરી સ્વામી પાસે જતા અને પાછો આકાશમાં ચડતો જોઈ રહ્યા હતા.

એમણે સવારમાં સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીને રાત્રિની ઘટનાનું રહસ્ય પૂછ્યું.

સ્વામીએ કહ્યું, 'એ રહસ્ય હું નહિ, હરિપ્રકાશ સમજાવશે.'

હરિપ્રકાશદાસજી સ્વામીએ દેવચંદભાઈને આ અલૌકિક ઘટનાનું રહસ્ય કહ્યું, ત્યારે એમનું આશ્ચર્ય અનેકગણું વધી ગયું.

સત્સંગનો કેટલો મોટો પ્રતાપ છે ? એ એની સમજમાં આવ્યું.

કાલાવાડમાં ધોળો વડ

જામનગર જિલ્લામાં કાલાવડ નામે પ્રસિદ્ધ ગામ છે. અહીં કાલાવડી, ધોળાવડી અને ફૂલજર આ ત્રણ નદીઓનો ત્રિવેણી સંગમ છે.

નદીને કાંઠે શીતળા માતાનું પ્રસિદ્ધ સ્થાનક છે અને શીતળા માતાના નામ ઉપરથી આ ગામ 'કાલાવડ શીતલા'નું એવે નામે ઓળખાય છે.

ભગવાન સ્વામિનારાયણ કાલાવડ ગામે અનેકવાર પધાર્યા છે. અહીં મહારાજે સંતો સાથે ત્રિવેણી સંગમમાં શીતળા માતાના આરે અનેક વખત સ્નાન કર્યું છે.

શીતળા માતાના સ્થાનકની બાજુમાં નદીના કાંઠે ઘેઘૂર વડલો છે. આ વડલાની નીચે ભગવાન સ્વામિનારાયણે અનેકવાર વિસામો લીધો છે.

શ્રીજી મહારાજના સમયમાં કાલાવડમાં જાદવજી ખત્રીના નામે મહાન ભક્તરાજ હતા. મહારાજ એમને ઘરે ઘણીવાર પધારેલા છે.

જાદવજીભાઈની શ્રીજી મહારાજ પ્રત્યેની ભક્તિ અનન્ય હતી.

સદ્‌ગુરુ મહાનુભાવાનંદ સ્વામી દ્વારા રચિત શ્રીહરિચરિત્રલીલામૃત તથા ભૂમાનંદસ્વામી રચિત શ્રીહરિલીલામૃતમ્‌માં જાદવજી ખત્રીનો અદ્‌ભૂત પ્રસંગ લખવામાં આવ્યો છે.

એકવાર ભગવાન સ્વામિનારાયણ ધરમપુરમાં કુશળકુંવરબાઈના રાજ દરબારમાં સભા ભરીને બેઠા હતા.

મહારાજે મહાનુભાવાનંદ સ્વામીને કહ્યું, 'સ્વામી ! વર્તમાનકાળે સત્સંગમાં મોટેરા હોય એવા કેટલાક હરિભક્તોના નામ આપો.' મહાનુભાવાનંદ સ્વામીએ કેટલાક ભક્તોના નામ ગણાવતા કહ્યું, 'મહારાજ ! એવા શ્રેષ્ઠ ભક્તોમાં નચિકેતા, મયારામ ભટ્ટ, દરબાર જીણાભાઈ, દાદાખાચર, જાદવજી ખત્રી અને નાનાભાઈ વગેરે ગણી શકાય.' આ બધાં નામ સાંભળતાં મહારાજ અત્યંત રાજી થયા.

જાદવજી ખત્રી જામનગરના સુપ્રસિદ્ધ રંગરેજ હતા. એમનું વસ્ત્ર રંગવાનું કામ સારાયે પંથકમાં પ્રસિદ્ધ હતું.

સંપ્રદાયના શાસ્ત્રોમાં નવાનગરનું મોળિયું, નવાનગરનું શેલું અને નવાનગરનો રાતી કોરનો રેંટો વગેરે વસ્ત્રોનું જે વર્ણન આવે છે, એ બધાં વસ્ત્રો જાદવજીભાઈના

કસબથી તૈયાર થયેલાં હતાં. સૌરાષ્ટ્રના કાઠી દરબારો નવા નગરનું મોળિયું માથે બાંધવા માટે લાલાયિત રહેતા.

મહારાજ પણ કાઠી દરબારો સાથે કાલાવડ પધારતા, ત્યારે જાદવજી ખત્રીએ રંગેલાં મોળિયાં અને વસ્ત્રો કાઠી દરબારોને અર્પણ કરી એમનું બહુમાન કરતા.

જાદવજી ખત્રી આ બધી જ સેવા ખૂબ જ ભાવથી કરતા, એટલે ભગવાન સ્વામિનારાયણ એમના ઉપર ખૂબ જ રાજી હતા.

વડતાલના આદિ મહંત અક્ષરાનંદ સ્વામીને મહારાજે કાલાવડમાં દીક્ષા આપેલી. આ દીક્ષા પ્રસંગે શ્રીહરિએ જાદવજી ખત્રીને ઘેર મહાવિષ્ણુયાગ કર્યો હતો.

કાલાવડમાં હાલમાં જ્યાં સ્વામિનારાયણ મંદિર છે, એ જગ્યાએ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના મોસાળનું ઘર હતું.

ગુણાતીતાનંદ સ્વામીના મામા મૂળ લતીપુરના હતા અને પછી કાલાવડ આવીને વસ્યા હતા.

ઉદ્ધવાવતાર રામાનંદ સ્વામીના ગુરુ મહાયોગીરાજ આત્માનંદ સ્વામી અવાર-નવાર કાલાવડ પધારતા અને ગુણાતીતાનંદ સ્વામીના મોસાળના ઘરે ઊતરતા.

આત્માનંદ સ્વામી જે ઓરડામાં ઊતરતા એ ઓરડો 'ગુરુની મઢી' તરીકે ઓળખાતો.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ પૂજેલા મહાદેવજી આજે પણ મંદિરમાં જેમના તેમ છે. મહામુક્તરાજ જાદવજી ખત્રીનો અક્ષરવાસ થતા કાલાવડમાં સત્સંગ લગભગ લુપ્તપ્રાય થઈ ગયો હતો.

જાદવજી ખત્રીના અક્ષરવાસ બાદ થોડો સમય જતાં સુતાર પ્રેમજીભાઈ રાઘવજીભાઈને લીધે ફરીથી સત્સંગ પાંગર્યો હતો.

જેમ ગુણાતીતાનંદ સ્વામીનું મોસાળ લતીપુરમાં હતું એ જ રીતે લાલજી સુતાર (નિષ્કુળાનંદ સ્વામી)નું મોસાળ પણ લતીપુરમાં જ હતું અને લાલજી સુતારના મામાના પરિવારજનો પણ લતીપુરથી કાલાવડ આવીને વસ્યા હતા.

પ્રેમજીભાઈનો જન્મ લાલજી સુતારના મોસાળપક્ષમાં થયો હતો, પરંતુ સંજોગવશાત્ આ પરિવારમાં સત્સંગ નહોતો. તેઓ બધા ચુસ્તપણે વૈષ્ણવ ધર્મનું પાલન કરતા હતા.

પ્રેમજીભાઈના માતુશ્રી જૂનાગઢ પાસેના વંથલી ગામના હતાં. પ્રેમજીભાઈના મામાને ગુણાતીતાનંદ સ્વામી સાથે ખૂબ જ હેત હતું અને સ્વામીના સમાગમથી તેઓ ખૂબ સારા સત્સંગી થયા હતા.

પ્રેમજીભાઈના માતુશ્રી વંથલીથી કરિયાવરમાં સત્સંગ લઈને કાલાવડ આવ્યા હતા. પ્રેમજીભાઈને પ્રસંગોપાત્ વંથલી મામાને ઘેર જવાનું થતું.

એક સમયે પ્રેમજીભાઈના મામા એમને જૂનાગઢ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શને લઈ ગયા.

આ અરસામાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢમાં ધર્મશાળાનું બાંધકામ કરાવી રહ્યા હતા.

આ મામા-ભાણેજ સુતાર હોવાથી જન્મજાત કારીગર હતા. ધર્મશાળાના માળણકામમાં આ મામા ભાણેજે ખૂબ જ સેવા કરી હતી, જેથી સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી આ મામા-ભાણેજ ઉપર ખૂબ રાજી થયા હતા.

પ્રેમજીભાઈએ સ્વામી જેવા મહાન સદ્‌ગુરુ પાસે વર્તમાન ધરાવી ભગવાન સ્વામિનારાયણનો આશ્રય કર્યો હતો.

કાલાવડમાં પ્રેમજીભાઈના પરિવારજનો ચુસ્ત વૈષ્ણવો હતા. એમને પ્રેમજી સત્સંગી થયો એ વાત રૂચિ નહોતી એટલે તેઓ પ્રેમજીભાઈને ખૂબ જ પરેશાન કરતા હતા. પરંતુ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન સંતના જોગમાં આવેલા હોવાથી પ્રેમજીભાઈનું મનોબળ ભારે મજબૂત હતું અને તેઓએ હિંમતથી શિર સાટે સત્સંગ ધાર્યો હતો.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી પ્રેમજીભાઈને જોઈને રમૂજમાં કહેતા ‘કાલાવડ ગામમાં કાળા વડનો પાર નથી પરંતુ આ પ્રેમજી તો કાલાવડમાં ધોળા વડ જેવો છે.’

ચારણકુળનું સમર્પણ

યોગાનુયોગ મૂળીના ચારણકુળ ભૂષણ ભીમજીભાઈ રત્નુ કાલાવડમાં રહેવા આવ્યા. તેઓ મૂળ મૂળીના વતની હતા. એમના પિતાશ્રી બનેસંગ રત્નુ ઉપર ભગવાન સ્વામિનારાયણ ખૂબ રાજી હતા.

એકવાર બનેસંગ ભગવાન સ્વામિનારાયણનાં દર્શન માટે ગઢપુર આવ્યા હતા. ભગવાન સ્વામિનારાયણ એ સમયે કેરીઓ જમી રહ્યા હતા.

બનેસંગ પૂર્વના યોગભ્રષ્ટ જીવ હતા. બનેસંગને જોતાં મહારાજ ખૂબ જ પ્રસન્ન થયા. શ્રીહરિએ ટોપલામાંથી ચાર કેરીઓ ઉઠાવી અને ચારે ચાર કેરીઓ સહેજ ચૂસી એ મહાપ્રસાદીની કેરીઓ બનેસંગને આપી અને આશીર્વાદ આપ્યા કે ‘તમારા વંશ - વારસોમાં ખૂબ સારો સત્સંગ રહેશે. આ ચાર કેરીઓને લીધે તમારે ત્યાં ચાર પુત્રો થશે.’

મહારાજના આશીર્વાદથી જ બનેસંગભાઈ રત્નુને ત્યાં ભીમજીભાઈ રત્નુ વગેરે ચાર પુત્રોનો જન્મ થયો હતો.

ભીમજીભાઈ રત્નુનું મોસાળ કાલાવડમાં હતું. ભીમજીભાઈ રત્નુને મોસાળ પક્ષ તરફથી કાલાવડ પાસેના રાજવડનો ગરાસ પ્રાપ્ત થયો હતો.

તેઓ કાલાવડમાં રહેતા હતા અને રાજવડના ગરાસનો ભોગવટો કરતા હતા.

એ સમય અંધશ્રદ્ધાનો હતો એટલે લોકો નવરાત્રિના સમયે માતાજીની પાસે લીલાં નાળિયેર વધેરી માતાજીનું પૂજન કરતા હતા. ભીમજીભાઈ રત્નુએ એ રિવાજ બંધ કરાવ્યો હતો. 'કાગડાને બેસવું ને ડાળને ભાંગવું' એ ન્યાયે ભીમજીભાઈ રત્નુને ત્યાં દીકરાના જન્મ થતા, પણ એકેય દીકરો ઉજરતો નહિ એટલે લોકો છાની છાની વાતો કરતા કે 'માતાજીનાં ઘેટાં - બકરાંના નૈવેદ્ય બંધ કરાવ્યાં, એટલે ભીમજીભાઈ ઉપર માતાજી કોપ્યાં છે અને એના છોકરાં ઉજરવા દેતાં નથી.'

પરંતુ ભીમજીભાઈ રત્નુના હૃદયમાં ભગવાન સ્વામિનારાયણની નિષ્ઠા અડગ હતી, એટલે આવી વાતોની એમના ઉપર કોઈ અસર થતી નહોતી.

સમય જતા મહાસમર્થ સંત મહાપુરુષદાસજીની કૃપાથી એમને ત્યાં બે દીકરા થયા હતા. એક રાજકવિ માવદાનજી અને બીજા કવિ શ્રી ચતુરદાનજી. આ પ્રસંગ ઈતિહાસમાં સુપ્રસિદ્ધ છે.

ભીમજીભાઈ રત્નુના કાલાવાડ આગમનથી પ્રેમજીભાઈ સુતારને સત્સંગમાં ભારે બળ પ્રાપ્ત થયું હતું અને કાલાવડનો સત્સંગ ફરીથી તાજો થયો હતો.

સ્વામી મહાપુરુષદાસજી ભીમજીભાઈ રત્નુ ઉપર ખૂબ જ રાજી હતા.

અહીં જૂનું નાનકડું મંદિર હતું. સ્વામી મહાપુરુષદાસજીએ એનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો, તેમજ બે નાની ડેરીઓ કરી એમાં હનુમાનજી - ગણપતિજી પધરાવ્યા હતા. સ્વામીએ અહીંના હનુમાનજીની મૂર્તિમાં અપાર ઐશ્વર્ય મૂક્યું હતું.

સદ્‌ગુરુ સ્વામી નારાયણદાસજી અવારનવાર કાલાવડ પધારતા.

વિ. સં. ૧૯૫૪-૫૫માં સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીનો હાલાર પ્રદેશમાં ફરવાનો વારો હતો. સ્વામી હાલાર પંથકના જામ વંથલી, દેવળિયા વગેરે ગામડાંઓમાં ફરતા ફરતા કાલાવડ પધાર્યા. કાલાવાડમાં જૂનું નાનું મંદિર હતું, પણ ભંડાર નહોતો.

સ્વામીએ ભીમજીભાઈ રત્નુને વાત કરી કે 'આપણે અહીંયા ભંડાર કરીએ.'

ભીમજીભાઈએ કહ્યું, 'સ્વામી ! આપની આજ્ઞા હોય તો ભંડાર અવશ્ય કરીએ, પણ મુશ્કેલી એ છે કે ગામમાં હું અને પ્રેમજી બે જ સત્સંગી છીએ. મંદિરની કોઈ આવક નથી, તો ભંડાર કઈ રીતે કરીશું ?'

સ્વામીએ કહ્યું, 'ભીમજીભાઈ ! તમે હિંમત કરો, ભગવાન ધન તો ગમે ત્યાંથી આપશે.' ભીમજીભાઈએ ગમે તે ભોગે સ્વામીનાં વચનને શિરોધાર્ય કરવાનો નિર્ધાર કર્યો.

એમને અચનાક યાદ આવ્યું એટલે બોલ્યા, 'સ્વામી ! થોડા સમય પછી મારે પાલીતાણાના યુવરાજ સાહેબના લગ્ન પ્રસંગે પાલીતાણા જવાનું છે.

ત્યાં મને રાજ તરફથી જે પહેરામણી મળશે તે બધી જ હું ભંડારના નિર્માણકાર્યમાં અર્પણ કરીશ.'

ભીમજીભાઈની ભાવના જોઈને સ્વામી અત્યંત રાજી થયા અને બોલ્યા, 'ભીમજીભાઈ ! તમે આનંદથી પાલીતાણા જાવ. શ્રીજી મહારાજની કૃપાથી તમને રાજ તરફથી ધારણાબારી મોજ મળશે.'

ખરેખર એવું જ બન્યું. ભીમજીભાઈએ રચેલાં પ્રશસ્તિ કાવ્યો સાંભળી પાલીતાણાના રાજવીએ એમને ૨૦૦ કોરી, એક ઘોડી અને ઉત્તમ જરિયાની પોશાક આપી પહેરામણી કરી.

ભીમજીભાઈને થયું 'આ સઘળો પ્રતાપ તો સ્વામીના આશીર્વાદનો છે.' તેઓ કાલાવડ આવ્યા. ઘોડી વેચી નાખી અને જે રકમ આવી તે ૨૦૦ કોરીમાં ઉમેરી દીધી અને બધું જ દ્રવ્ય સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીના સંકલ્પ પ્રમાણે ભંડારની સેવામાં અર્પણ કરી દીધું.' ભંડારના નિર્માણકાર્ય માટે નારાયણદાસજી સ્વામી ખાસ ઉપસ્થિત રહ્યા અને બે મહિના સુધી રોકાયા.

સ્વામીએ જાતે ઈંટો પાડી, એકને બદલે બે ભંડાર કર્યા. એ સમયના રિવાજ પ્રમાણે એક ભંડાર સાધુ માટેનો હતો અને બીજો ભંડાર બ્રહ્મચારીઓ માટે હતો. આ પ્રસંગે સુતારી કામની સંપૂર્ણ સેવા પ્રેમજીભાઈએ કરી હતી.

ભીમજીભાઈ અને પ્રેમજીભાઈના સમર્પણથી સ્વામી આ બન્ને ઉપર ખૂબ રાજી થયા હતા.

હનુમાનજી આજે પણ હાજરા હજૂર છે

વિ. સં. ૧૯૮૦માં પુરાણી સ્વામી શ્રી સંતવલ્લભદાસજીએ આ દેરીઓનો જીર્ણોદ્ધાર કરી હનુમાનજી મહારાજ અને ગણપતિજીની પુનઃ પ્રતિષ્ઠા કરી હતી.

આ પુનઃ પ્રતિષ્ઠાથી માવદાનજીભાઈ વગેરેને મનમાં સંશય રહ્યા કરતો હતો કે 'સદ્‌ગુરુ મહાપુરુષદાસજીએ પધરાવેલા હનુમાનજી અને ગણપતિજીને ફેરવ્યા, તો એમાં હવે એવું ને એવું ઐશ્વર્ય હશે કે નહિ હોય ?'

રાજકવિ શ્રી માવદાનજી વગેરેને સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીને વિશે ભારે હેત હતું અને સ્વામીના ઐશ્વર્ય - પ્રતાપથી તેઓ પરિચિત હતા.

તેઓને મનમાં થયું કે સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી કાલાવડ પધારે અને આ મૂર્તિઓની ફરીથી આરતી ઊતારી જાય, તો આપણાં મનનું સમાધાન થઈ જાય.

આ અરસામાં સ્વામી જામનગરની બાજુમાં ખંઢેરા ગામમાં પધાર્યા હતા.

કાલાવડથી માવદાનજીભાઈ વગેરે હરિભક્તો આગ્રહ કરીને સ્વામીને કાલાવડ લઈ જવા આવ્યા. સ્વામીએ કહ્યું, ‘અમારે જામનગર પહોંચવાની ઉતાવળ છે, માટે હમણાં કાલાવડ આવી નહિ શકાય.’

માવદાનજીભાઈએ કહ્યું, ‘સ્વામી ! આપ દયા કરો, ગમે તેમ કરીને કાલાવડ પધારો અને હનુમાનજી - ગણપતિજીની આરતી ઊતારી જાવ.’

હરિભક્તોની આગ્રહભરી વિનંતી જોઈને સ્વામી કાલાવડ પધાર્યા.

યોગાનુયોગ શનિવારનો દિવસ હતો. સ્વામીએ હનુમાનજી - ગણપતિજીની આરતી ઊતારી પછી અંતર્યામીભાવે બોલ્યા, ‘કવિરાજ ! આ બન્ને મૂર્તિઓમાં સમર્થ સદ્‌ગુરુ મહાપુરુષદાસજીએ જે ઐશ્વર્ય મૂક્યું હતું, એવું ને એવું ઐશ્વર્ય આજે પણ છે. આ બન્ને દેવો અહીં હાજરાહજૂર છે. તમે સેવા પૂજા કરતા રહેજો. આ દેવતાઓ સંકટમાં તમારી રક્ષા કરશે અને તમારા નાનામોટા મનોરથો પૂર્ણ કરશે. હવે તમે કોઈ ખોટી શંકા રાખશો મા.’

માવદાનજીભાઈએ કહ્યું, ‘સ્વામી ! આપે અંતર્યામીભાવે અમારો સંશય જાણી લીધો અને અમારા મનનું સમાધાન કરી દીધું.’

એવામાં એક બીજી અલૌકિક ઘટના બની, જેને લીધે માવદાનજીભાઈ વગેરે સત્સંગીઓના મનનું સાવ સમાધાન થઈ ગયું.

બનેલું એવું કે કાલાવડના હનુમાનજી મહારાજનો પ્રતાપ ચારે બાજુ પ્રસિદ્ધ હતો એટલે ભૂત - પ્રેતથી પીડાતા અનેક જીવો અહીં આવતા.

એકવાર હનુમાનજી મહારાજે કાલાવડના સુપ્રસિદ્ધ શીતળા માતાના પૂજારીને રાત્રે દર્શન દઈને જગાડ્યા.

હનુમાનજી મહારાજે કહ્યું, ‘પૂજારી ! તમે અમને ઓળખો છો ?’

પૂજારીએ કહ્યું, ‘હે કષ્ટભંજન દેવ ! આપને કોણ ન ઓળખે !’ હનુમાનજી મહારાજે કહ્યું, ‘એમ નહિ, હું ક્યાં સ્થાનકનો હનુમાનજી છું ? એ કહે.’

પૂજારીએ કહ્યું, ‘મહારાજ તમે તો કાલાવડમાં મહાપુરુષદાસજીએ પધરાવેલા હનુમાનજી છો.’

હનુમાનજી મહારાજે કહ્યું, ‘હવે તમે અમને ઓળખ્યા.’

પૂજારીએ કહ્યું, ‘દેવ ! આપે કૃપા કરીને મને દર્શન દીધાં. હવે મારે લાયક કાંઈક સેવા હોય તો ચીંધો.’

હનુમાનજીએ કહ્યું, ‘પૂજારી, તમે સવારના પો’રમાં કવિરાજ માવદાનજી પાસે જાવ અને કહો કે અમને સ્વામી મહાપુરુષદાસજીએ અહીંના સત્સંગીઓની અને ગામની રક્ષા કરવા માટે પધરાવ્યા છે, પણ આખા પરગણાની નહિ.’

ગામ સિવાયના પરગામના જે જે દુઃખીયારા જીવ આવે એને સારંગપુર મોકલવા, અમારી પાસે નહિ અને કહેજો માવદાનજીને કે સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીનાં વચનોને કાયમ યાદ રાખે, અમારા ઐશ્વર્યમાં ક્યારેય શંકા ન કરે.’

શીતળા માતાજીના પૂજારી સવારે માવદાનજીભાઈને મળ્યા અને હનુમાનજી મહારાજે મોકલેલો સંદેશો સંભળાવ્યો.

આ પ્રસંગને લીધે માવદાનજીભાઈ વગેરે ભક્તોની નિષ્ઠા અત્યંત દૃઢ થઈ.

સદ્‌ગુરુ સ્વામી નારાયણદાસજી કાલાવડના ભક્તોના આગ્રહથી વારંવાર અહીં પધારતા. વિ. સં. ૧૯૮૭માં કવિરાજ માવદાનજી સ્વામીને આગ્રહ કરીને કાલાવડ તેડી ગયા હતા. ત્યારબાદ થોડા સમયમાં સ્વામી શરીર છોડી અક્ષરધામ સિધાવ્યા હતા.

રાજકોટમાં ઘનશ્યામ મહારાજ પધરાવ્યા

રાજકોટ સૌરાષ્ટ્રનું હૃદય છે. રાજકોટમાં ભગવાન સ્વામિનારાયણના સમયનો સત્સંગ છે.

ગોંડલ પાસેના બંધિયા ગામના વાઘેલા દરબાર મૂળુભાના બહેન લક્ષ્મીબાઈ રાજકોટના રાજકુટુંબમાં પરણ્યા હતા અને સત્સંગનો કરિયાવર સાથે લઈને આવ્યા હતા. લક્ષ્મીબાઈએ ભગવાન સ્વામિનારાયણને રાજકોટમાં વાજતેગાજતે પધરાવ્યા હતા. ભગવાન સ્વામિનારાયણે અહીં રાજવી પરિવારને ઉપદેશ આપ્યો હતો કે ‘દીકરીઓને દૂધપીતી કરવી એ મહાપાપ છે. માટે આ કુરિવાજ બંધ કરવો જોઈએ.’

રાજકોટના રાજવી પરિવારે ભગવાન સ્વામિનારાયણની આ વાતને શિરોધાર્ય કરી હતી.

ભગવાન સ્વામિનારાયણનું અંગ્રેજ ગવર્નર સર માલ્કમ સાથે ઐતિહાસિક મિલન રાજકોટમાં થયું હતું. જે બોરડી નીચે ભગવાન સ્વામિનારાયણ ઊતરેલા એ બોરડીને મહા યોગીરાજ ગોપાળાનંદ સ્વામીએ નિષ્કંટક કરી હતી.

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના ઐશ્વર્યની ગાથા ગાતી એ બોરડી આજે પણ ઊભી છે.

આજથી આશરે સો વર્ષ પહેલા રાજકોટમાં દાણાપીઠ વિસ્તારમાં ભગવાન સ્વામિનારાયણનું મંદિર આવેલું હતું. સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી જેવા સમર્થ સંતો તેમજ બન્ને દેશની ગાદીના આચાર્યશ્રીઓએ અવારનવાર રાજકોટ પધારીને રાજકોટના સત્સંગને પુષ્ટ કર્યો હતો.

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી, પુરાણી સ્વામી ગોપીનાથદાસજી, સદ્‌ગુરુ રુગનાથચરણદાસજી સ્વામી વગેરે મહાન સંતો અહીં ખૂબ જ રહ્યા છે અને સત્સંગસમાજને દર્શન-સમાગમનું ખૂબ જ સુખ આપેલું છે.

રાજકોટમાં લુહાણા જ્ઞાતિમાં નંદુબાઈ નામના ખૂબજ સારા સત્સંગી બહેન હતાં. ભગવાનની કૃપાથી એમની પાસે સારું દ્રવ્ય હતું. એમને પોતાની આ મરણમૂડી સત્સંગના વિકાસ માટે ખરચવી હતી. એમનો સંકલ્પ હતો કે મંદિરમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવવી, જેથી સર્વેને દર્શન તથા સેવા-પૂજાનો લાભ મળે.

નંદુબાઈએ આગેવાન સત્સંગીઓ આગળ પોતાના હૃદયની વાત રજૂ કરી. એમની વાત સાંભળીને હરિભક્તો ખૂબ રાજી થયા.

હરિભક્તોએ એ વાત સ્થાનિક વારાવાળા સંતોને કરી, પરંતુ કોઈપણ કારણવશાત્ મૂર્તિ પધરાવવાનું કાર્ય થઈ શક્યું નહીં.

વિ. સં. ૧૯૮૦ માં સદ્‌ગુરુ રુગનાથચરણદાસજી સ્વામીનો રાજકોટમાં વારો આવ્યો.

નંદુબાઈએ હરિભક્તો દ્વારા સ્વામીને કહેવડાવ્યું કે ‘મારું શરીર હવે વૃદ્ધ થતું જાય છે. માટે મારી હયાતીમાં જ ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવવાનો મારો સંકલ્પ પૂર્ણ કરવા વિનંતી છે.’

નંદુબાઈની ઉત્તમ ભાવના જોઈ સ્વામી અત્યંત રાજી થયા. એમણે જૂનાગઢ સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીને સમાચાર મોકલ્યા અને કહેવડાવ્યું કે ‘આપ પધારો અને રાજકોટના હરિભક્તોની ઈચ્છા પૂર્ણ કરો.’

સ્વામી રુગનાથચરણદાસજીના સમાચાર મળતાં જ સ્વામી નારાયણદાસજી રાજકોટ પધાર્યા.

રાજકોટમાં સ્વામીશ્રીના વરદ હસ્તે બંગલા ઘાટના મંદિરનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું. સ્વામી રુગનાથચરણદાસજીની દેખરેખ હેઠળ ટૂંક સમયમાં જ મંદિરનું કાર્ય પૂર્ણ થયું.

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી રાજકોટ પધાર્યા. વેદોક્ત વિધિથી મહાવિષ્ણુયાગ કરવામાં આવ્યો અને સ્વામીશ્રીના વરદ હસ્તે ઘનશ્યામ મહારાજની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી.

સ્વામીએ પ્રતિષ્ઠાની આરતી ઊતારી ઘનશ્યામ મહારાજને પ્રાર્થના કરી કે 'હે મહારાજ ! તમે આ સ્વરુપમાં અખંડ બિરાજીને હરિભક્તોની સેવાનો અંગીકાર કરજો અને એમનું કલ્યાણ કરજો.'

આજથી શુભ સંકલ્પો પણ છોડ્યા

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીએ વર્ષો સુધી જૂનાગઢ મંદિરના મહંત પદે રહીને કુશળતાપૂર્વક કરકસરથી મંદિરનો વહીવટ કર્યો હતો. એમના મહંતપદના સુવર્ણકાળમાં જૂનાગઢ મંદિરે ખૂબ પ્રગતિ સાધી હતી.

એમનાં માર્ગદર્શન નીચે ગામડાંઓમાં અનેક હરિમંદિરોનાં નવનિર્માણ અને જીર્ણોદ્ધાર થયા હતા.

સ્વામીની સાધુતા અજોડ હતી. ભગવાન સ્વામિનારાયણે સાધુઓને આપેલા પંચ વર્તમાન એમણે દૃઢતાથી પાળ્યા હતા.

તેઓ આજાનબાહુ, પ્રભાવશાળી મહાપુરુષ હતા. સખત શારીરિક શ્રમ કરવામાં એમણે પાછા વળીને ક્યારેય જોયું નહોતું. બાંધકામમાં એમની કુશળતા ભલભલા કારીગરોને શરમાવે એવી હતી.

ગમે તેવી સેવાપ્રવૃત્તિ વચ્ચે પણ તેઓ કથાવાર્તા અને ધ્યાનભજનનું અનુસંધાન ચૂક્યા નહોતા.

તેઓ વચનસિદ્ધ મહાપુરુષ હતા. તેમનાં વચનોને શ્રીજી મહારાજે આશ્ચર્યજનક રીતે પૂર્ણ કર્યાં હતાં.

તેમના આશીર્વાદથી અનેક હરિભક્તો સુખિયા થયા હતા અને અનેક જીવોનો ઉદ્ધાર થયો હતો.

તેઓ કહેતા, 'હાથમાં હાથ પકડી ધામમાં મોકલી દે એવા સદ્‌ગુરુ તો બાલમુકુંદદાસજી સ્વામી હતા. અમે તો મહારાજના દરબારમાં અરજીની ચિઠ્ઠી મોકલીએ છીએ.' એમને હૈયામાં આનંદ એ વાતનો હતો કે મહારાજ અને સદ્‌ગુરુઓની કૃપાથી અમારી ચિઠ્ઠી ક્યારેય પાછી ફરી નથી.

સદ્‌ગુરુ પુરાણી સ્વામી ગોપીનાથદાસજી, સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી બન્ને મહાપ્રતાપી સંત સદ્‌ગુરુ બાલમુકુંદદાસજીના ડાબા-જમણા હાથ સમાન

શિષ્યો હતા. પુરાણી સ્વામી ગોપીનાથદાસજીનો અક્ષરવાસ થવાથી એમની જોડ ખંડિત થઈ હતી.

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીને પુરાણી સ્વામીની ખોટ સતત સાલ્યા કરતી હતી. ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય સ્વામી કૃષ્ણચરણદાસજીએ એ ખોટ્ય પૂરવા સારો પ્રયાસ કર્યો હતો.

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીએ ભારે ધીરજથી વર્ષો સુધી સત્સંગની જવાબદારીઓનું વહન કર્યું હતું, પરંતુ હવે એમનું મન સત્સંગની પ્રવૃત્તિઓમાંથી પણ ઉદાસ થવા લાગ્યું હતું અને તેઓશ્રી હવે શરીર છોડીને ધામમાં જવા માટે આતુર રહેવા લાગ્યા હતા.

વિ. સં. ૧૯૮૭ની સાલ હતી. કાર્તિક માસ હતો. સ્વામીશ્રી રાજકોટ પધાર્યા હતા. વૃદ્ધાવસ્થાને લીધે સ્વામીના શરીરમાં હવે અશક્તિ જણાતી હતી. શરદી, જીર્ણ તાવ અને પેટનો દુઃખાવો રહેતો હતો. એમાં હવે હેડકીની બિમારી ભળી હતી.

સંતો - હરિભક્તોએ સ્વામીને વિનંતી કરી કે 'સ્વામી, આપને શરીરે સારું નથી, તો દેશી વૈદ્યને બોલાવી દવા કરાવીએ.'

સ્વામીએ કહ્યું, 'શ્રીજી મહારાજની મરજી એ જ આપણું પ્રારબ્ધ કહેવાય. આ શરીરે વર્ષો સુધી સત્સંગની સેવા કરી છે, હવે એ જીર્ણ થયું છે એમાં એનો કોઈ વાંક નથી. હવે તો મહારાજની મરજી હશે તેમ થશે માટે વૈદ્ય બોલાવવાની જરુર નથી.'

સ્વામીજીની મરજી ન હોવાથી વૈદ્ય બોલાવવાનું બંધ રાખવામાં આવ્યું.

પાંચ - સાત દિવસ વિત્યા. બિમારી યથાવત્ ચાલુ હતી, એટલે ફરીથી બધાએ વૈદ્યને બોલાવવાનો આગ્રહ કર્યો.

બધાનો આગ્રહ જોઈ સ્વામીએ કહ્યું, 'મહારાજની મરજી હોય તો શરીર સારું રહે અને મરજી ન હોય તો સારું ન રહે, છતાં તમારા બધાનો આગ્રહ છે તો વૈદ્યને બોલાવો. જેથી તમારા મનમાં કોઈ અધૂરપ ન રહે.'

એ સમયે રાજકોટમાં નટુભાઈ કરીને ખૂબ સારા વૈદ્ય હતા. હરિભક્તો નટુભાઈને સ્વામી પાસે લઈ આવ્યા.

વૈદ્યરાજે સ્વામીના શરીરની તપાસ કરીને કહ્યું, 'સ્વામીને કોઈ અસાધારણ બિમારી નથી. શરીર વૃદ્ધ થયું છે એને લીધે નબળાઈ વર્તાય છે. હું થોડી ઔષધિઓ આપું છું, એનાથી સ્વામીને સારું થઈ જશે.'

વાત કરતા કરતા નટુભાઈએ સ્વામીની નાડી તપાસી તો નાડી અત્યંત મંદ

જણાતી હતી.

નટુભાઈ આશ્ચર્યથી સ્વામીની સામે જોઈ રહ્યા. શરીરમાં રોગ જણાતો નથી છતાં નાડી આટલી મંદ ચાલે છે, એનું શું સમજવું ? વૈદરાજને બીજું આશ્ચર્ય એ થઈ રહ્યું હતું કે 'નાડી આટલી ધીમી હોવા છતાં આ સંત સ્વસ્થતાથી મારી સાથે વાત કરી રહ્યા છે.

શરીરની કાંતિમાં કોઈ ફેરફાર જણાતો નથી અને માંદગી કળાતી નથી. નક્કી આ કોઈ સિદ્ધ પુરુષ લાગે છે !'

સ્વામીએ મર્મમાં વૈદ્યરાજને પૂછ્યું, 'વૈદ્યરાજ! નાડી કેમ ચાલે છે ?'

વૈદ્યરાજે કહ્યું, 'સ્વામી ! નાડી અતિ મંદ છે. હું બીજી થોડીક ઔષધિઓ આપું એટલે નાડી બરાબર ચાલતી થઈ જશે.'

સ્વામી હસીને બોલ્યા, 'વૈદ્યરાજ ! ભલે જાવ. તમારા દવાખાનેથી દવા લઈ આવો, પછી કોઈને એમ ન થાય કે સ્વામીએ દવા કરાવવા ન દીધી.'

વૈદ્યરાજ નટુભાઈ પોતાના દવાખાને દવા લેવા ગયા, પરંતુ સંતો અને હરિભક્તોને એક બાજુ બોલાવીને કહેતા ગયા કે 'આ સંત કોઈ સાધારણ નથી. નાડી અતિ મંદ પડી ગઈ છે છતાં બોલે છે, ચાલે છે, દેહની સર્વ ક્રિયાઓ કરે છે.

આવું ભાગ્યે જ બને. પરંતુ હું તમને ચેતવણી આપું છું કે હવે આ સંત વધારે સમય દેહમાં નહિ રહે. તમને ખબરેય નહિ પડે એમ બોલતા - બોલતા ધામમાં જતા રહેશે.'

વૈદ્યરાજની વાત સાંભળી સંતો - હરિભક્તોએ સ્વામીશ્રીને વિનંતી કરી કે 'સ્વામી! આપ બિમાર છો તો સંતો હરિભક્તોને સમાચાર આપીએ કે બધા આવીને આપનાં દર્શન કરી જાય.'

સ્વામીએ કહ્યું, 'ભલે, જેમ તમારી મરજી હોય એમ કરો. બધાને દર્શન માટે બોલાવી લો અને જોજો, ધર્મજીવનદાસજીને ખાસ સમાચાર મોકલજો કે એ જલ્દી અહીં આવી જાય.

પુરાણી ગોપીનાથદાસજીના એ સાધુ ભારે ગુણિયલ છે અને અમારે વિષે એમને ખૂબ જ હેત છે.'

સ્વામી બિમાર છે એના સમાચાર ચારે બાજુ પ્રસર્યા.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ રાજકોટથી દૂર ગીર કાંઠાના મોતીસર ગામે હતા.

વિ. સં. ૧૯૮૭ માગશર સુદી બીજનો દિવસ આવ્યો. સ્વામી નારાયણદાસજી સવારમાં ઘનશ્યામ મહારાજનાં દર્શન કરવા માટે મંદિરમાં પધાર્યા. દંડવત્ પ્રણામ

કર્યા અને બે હાથ જોડી ઘનશ્યામ મહારાજને પ્રાર્થના કરી, 'હે મહારાજ ! મેં આજીવન આપની શુદ્ધ ઉપાસના કરવા પ્રયાસ કર્યો છે અને આજ્ઞા પાળવા પુરુષાર્થ કરતો રહ્યો છું. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી તેમજ સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીની કૃપાથી મારા અંતરમાં ક્યારેય અશુભ સંકલ્પ થયો નથી.'

'સત્સંગના હિત અને વિકાસ માટે મેં જે જે શુભ સંકલ્પો કર્યા તે સર્વે શુભ સંકલ્પો આપે પૂર્ણ કર્યા છે. આજથી હવે એ શુભ સંકલ્પોની ચાદરને પણ ઊતારીને આપનાં ચરણમાં સમર્પિત કરી દઉં છું.'

'હે કૃપાસિંધો ! બસ હવે મને આપ સંભાળી લેજો. શરીર વૃદ્ધ થયું છે, હવે આ લોકમાં રહેવું પણ ગમતું નથી.'

આટલી પ્રાર્થના કરી સ્વામીશ્રી નીચે પોતાનાં આસને પધાર્યા.

આખરે અક્ષરની વાટે પ્રયાણ

સ્વામીનાં દર્શન માટે સંતો અને હરિભક્તોનો ઘણો મોટો સમુદાય ઉપસ્થિત થયો હતો. સ્વામી સર્વને કુશળતાના સમાચાર પૂછતા અને આજ્ઞા-ઉપાસનામાં દૃઢપણે રહેવાની ભલામણ કરતા.

સ્વામીએ પાસે ઊભેલા સંતને પૂછ્યું, 'ધર્મજીવનદાસ આવ્યા ?'

સાધુએ કહ્યું, 'સ્વામી ! હજી એ પહોંચ્યા નથી.'

વળી થોડીવાર થઈ એટલે સ્વામીએ ફરીથી પૂછ્યું.

ત્યારે કોઈએ કહ્યું, 'સ્વામી ! સાંભળ્યું છે કે એ ખૂબ દૂરના ગીર કાંઠાના ગામડાંઓમાં ફરે છે, એટલે કદાચ પહોંચી નહિ શકે.'

સ્વામી બોલ્યા, 'એ બિચારાને અમારી બિમારીની ખબર નહીં પડી હોય. નહિતર એ આવ્યા સિવાય ન રહે !'

સ્વામીની વાત દરબાર અર્જુનસિંહજીએ સાંભળી. એ સમજી ગયા કે કોઈ અકળ કારણસર શાસ્ત્રીજીને સમાચાર મોકલવામાં આવ્યા નથી, એટલે એમણે તરત જ ઉના તાર કરી સ્વામીની માંદગીના સમાચાર જણાવ્યા અને તુરત જ આવી જવા જણાવ્યું.

આ મહાન સદ્‌ગુરુના અંતરમાં શરીર છોડતા પહેલાં એક પવિત્ર - ગુણિયલ સંતની સ્મૃતિ થઈ રહી હતી.

થોડીવાર બાદ સ્વામીએ ત્રીજી વાર પૂછ્યું, 'ધર્મજીવનદાસ આવ્યા ?' ત્યારે

પાસે ઊભેલા સેવકે કહ્યું, ‘ના, એ નથી આવ્યા.’

સ્વામી ધીમે રહીને બોલ્યા, ‘હશે, જેવી મહારાજની મરજી !’

માગશર સુદી બીજનો દિવસ પસાર થયો અને ત્રીજનો દિવસ આવ્યો.

બપોરે સાડા ત્રણ વાગ્યાનો સમય હતો. આગલા દિવસે સ્વામીએ કરેલી પ્રાર્થના શ્રીજી મહારાજે સાંભળી લીધી હતી.

શ્રીહરિએ સ્વામીને અંત સમયે પ્રત્યક્ષ દર્શન દીધાં. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી, સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી વગેરે મહાન સંતો મહારાજની સાથે હતા.

અશક્ત શરીરે સ્વામીએ આકાશ તરફ હાથ જોડ્યા અને બોલ્યા, ‘મહારાજે મારી પ્રાર્થના સાંભળી છે અને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી વગેરેને સાથે લઈને તેડવા પધાર્યા છે. હવે અમે મહારાજની સાથે ધામમાં જઈએ છીએ. સર્વને અમારા જય શ્રી સ્વામિનારાયણ.’ આટલું કહી સ્વામીએ દેહ મેલી દીધો.

સ્વામીના ધામમાં જવાથી સંતો અને હરિભક્તોના અંતરમાં ઘેરો શોક વ્યાપી ગયો. સ્વામીના શરીરને સ્નાનાદિક કરાવવામાં આવ્યું. અંતિમ દર્શન માટેની પાલખી તૈયાર કરવામાં આવી.

સેંકડો સંતો અને હરિભક્તો સ્વામીના પાર્થિવ શરીરને લઈને ધૂન ભજન કરતા કરતા આજી ગંગાને કિનારે આવ્યા.

અહીંના સ્મશાનઘાટે ચંદનનાં કાષ્ઠની ચિતામાં સ્વામીના પાર્થિવ દેહને રાખવામાં આવ્યો.

સ્વામિનારાયણ મહામંત્રની ધૂન અને ઔર્ધ્વદૈહિક વિધિની સાથે સ્વામીના શરીરનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

આ મહાન સંતનો પાર્થિવ દેહ પંચભૂતોમાં વિલીન થયો, પરંતુ એ દેહમાંથી ઊઠેલી દિવ્યતાની સુગંધ આજે પણ જેમની તેમ પ્રસરેલી છે અને પ્રસરતી રહેશે, હજારો જીવોને પાવન કરતી રહેશે.

વિરહાતુર સંત

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી વધારે બિમાર છે એ વાતની ખબર ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજને મોડી પડી હતી. તેઓ એકદમ ઉતાવળી ગતિએ શરીરની પરવા કર્યા સિવાય રાજકોટ તરફ રવાના થયા. રસ્તામાં સ્વામી અમરેલી પહોંચ્યા, ત્યાં ખબર મળ્યા કે સ્વામીનો અક્ષરવાસ થઈ ચૂક્યો હતો.

અમરેલીમાં સ્વામી કૃષ્ણચરણદાસજી નારાયણદાસજી સ્વામીને સંભારીને વિરહાતુર હૈયે રૂદન કરી રહ્યા હતા.

સ્વામી કૃષ્ણચરણદાસજીને શરીરે સારું ન હોવાથી તેઓ નારાયણદાસજી સ્વામીની માંદગીના સમાચાર મળવા છતાં રાજકોટ પહોંચી શક્યા નહોતા.

સ્વામી કૃષ્ણચરણદાસજીને રડતા જોઈ ગુરુદેવનું હૈયું પણ હાથ ન રહ્યું. સ્વામી કૃષ્ણચરણદાસજીએ રડતા રડતા ગુરુદેવને ધીરજ અને આશ્વાસન આપવા પ્રયાસ કર્યો.

ગુરુદેવ માટે પુરાણી સ્વામી ગોપીનાથદાસજી ધામમાં ગયા પછી આ બીજો આઘાત હતો. પંખી જેમ ઈંડાને પાંખમાં સેવે, કુંજ પક્ષી બચ્ચાને જેમ વૃત્તિથી સેવે એમ સદ્‌ગુરુઓએ ગુરુદેવનું જતન કર્યું હતું.

આ બન્ને સદ્‌ગુરુઓ પ્રત્યે ગુરુદેવને અસાધારણ પ્રીતિ હતી.

પુરાણી સ્વામી ગોપીનાથદાસજી ધામમાં ગયા, ત્યારે તો હજુ સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી હયાત હતા એ વાત ગુરુદેવ માટે ભારે આશ્વાસનરૂપ હતી. પરંતુ સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી ધામમાં પધાર્યા, ત્યારે એ આધાર પણ હવે ભાંગી ચૂક્યો હતો.

ગુરુદેવ ભારે શોકાતુર થયા. સ્વામી કૃષ્ણચરણદાસજી જેવા અનેક પવિત્ર સંતોએ સ્વામીને ખૂબ જ ધીરજ આપી, પરંતુ ગુરુદેવનું મન સ્વસ્થ થવું ભારે મુશ્કેલ હતું.

ગુરુદેવે સ્વામી નારાયણદાસજીના અક્ષરવાસને યાદ કરીને આજીવન ખાંડ અને ખાંડમાંથી બનેલા પદાર્થો નહીં ખાવાનું નિયમ લીધું હતું અને એ નિયમ એમણે છેલ્લા શ્વાસ સુધી પાળ્યું હતું.

ગુરુદેવ અત્યંત ધૈર્યવાન અને સ્થિતપ્રજ્ઞ સંત હતા, પરંતુ પોતાના ગુરુદેવ પુરાણી સ્વામી ગોપીનાથદાસજી અને નારાયણદાસજી સ્વામીને જ્યારે સંભારતા ત્યારે એમનું હૈયું ગદ્‌ગદ્‌ થઈ જતું હતું અને કંઠ રૂંધાઈ જતો હતો.

પ્રેમજી બાપાને દિવ્ય દેહે દર્શન

કાલાવડના મહાન ભક્તરાજ પ્રેમજીભાઈ ખૂબ લાંબુ જીવ્યા હતા.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીથી લઈને સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી પર્યંત મહાન સંતોની કૃપા એમના ઉપર વરસી હતી.

હવે તેઓનું શરીર વૃદ્ધાવસ્થાને લીધે ભારે અશક્ત થયું હતું.

તેઓને રાજકોટથી સમાચાર મળ્યા કે 'સ્વામી નારાયણદાસજી ખૂબ જ બિમાર છે.' પ્રેમજીભાઈના અંતરમાં સ્વામીના દર્શન કરવા જવાની તીવ્ર ઈચ્છા હતી, પરંતુ અશક્તિને લીધે જઈ શકાય તેમ નહોતું. પ્રેમજીભાઈનું અંતર કહેતું હતું કે 'હવે સ્વામી જરુર આ લોક છોડીને ધામમાં જશે, ગમે તેમ કરીને મને સ્વામીનાં છેલ્લાં દર્શન થઈ જાય તો સારું.'

એમણે ભગવાન શ્રીહરિને વિનંતી કરી કે 'હે મહારાજ ! મને એકવાર સ્વામીના દર્શન થાય તેવું કરી દો.'

વિ. સં. ૧૯૮૭ ની સાલ હતી. માગશર સુદી બીજનો દિવસ હતો. સવારનો સમય હતો.

પ્રેમજીભાઈ વૃદ્ધ શરીરે પણ હાથમાં સાવરણી લઈને ધીરે ધીરે મંદિર વાળી રહ્યા હતા. એટલામાં તો સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી ચાર પાંચ સંતોને સાથે લઈને કાલાવડ પધાર્યા અને ઉચ્ચ સ્વરે બોલ્યા, 'પ્રેમજીભાઈ, જય સ્વામિનારાયણ.'

પ્રેમજીભાઈએ જોયું તો નારાયણદાસજી સ્વામી મંદ મંદ હસતા હસતા એમની સામે ઊભા હતા. પ્રેમજીભાઈ બોલ્યા, 'અરે સ્વામી ! તમે તો બિમાર છો એવા સમાચાર હતા અને આમ અચાનક અહીં ક્યાંથી ?'

સ્વામીએ કહ્યું, 'પ્રેમજીભાઈ ! હવે અમે સાવ સાજાસારા થઈ ગયા છીએ અને આ તરફ દેશ ફરવા નીકળ્યા છીએ.' પ્રેમજીભાઈ બોલ્યા 'અરે મા-બાપ, હું તો દરરોજ મહારાજને પ્રાર્થના કરતો કે 'મને એકવાર સ્વામીનાં દર્શન કરાવી દ્યો.'

સ્વામીએ કહ્યું, 'પ્રેમજીભાઈ, તમારી પ્રાર્થના મહારાજે સાંભળી છે અને એટલે જ અમને અહીંયા તમને મળવા માટે મોકલ્યા છે.'

પ્રેમજીભાઈએ ફટાફટ ગાદલાં-ગોદડાં-પાથરણાં કાઢ્યાં અને આસન તૈયાર કર્યાં. સ્વામી તથા સંતોને બેસાડ્યા.

સ્વામીએ પ્રેમજીભાઈને કુશળઅંતર પૂછ્યા. પ્રેમજીભાઈ બોલ્યા, 'સ્વામી, આપ થોડીવાર અહીં બિરાજો, હું કવિરાજ માવદાનજી, ચતુરદાનજી વગેરે હરિભક્તોને સમાચાર આપતો આવું અને સીધાપાણીની વ્યવસ્થા કરતો આવું.'

સ્વામીએ કહ્યું, 'ભલે, તમે જાવ. અમે અહીં ભજન કરીએ છીએ.'

પ્રેમજીભાઈએ હરખભેર હરિભક્તોને સમાચાર આપ્યા.

સ્વામી પધાર્યાના સમાચાર સાંભળીને સર્વને આશ્ચર્ય થયું કે, 'સ્વામી તો રાજકોટમાં બિરાજે છે અને બિમાર છે. તે અહીં ક્યાંથી હોય ?' છતાં પ્રેમજીભાઈએ કહ્યું એટલે બધા દોડતા મંદિરે આવ્યા, પરંતુ જોયું તો મંદિરમાં પાથરણાં પાથરેલા


પડ્યા હતા પણ સ્વામી કે સંતો કોઈ ત્યાં નહોતા.


પ્રેમજીભાઈને પણ આ ઘટનાથી અત્યંત આશ્ચર્ય થયું. માવદાનજીભાઈએ કહ્યું, 'બાપા, તમારા અંતરમાં સ્વામીને મળવાની તીવ્ર ઈચ્છા હતી, તેથી સ્વામી તમને દિવ્યરૂપે દર્શન દેવા આવ્યા હોય એવું લાગે છે !'


પ્રેમજીબાપાને પણ લાગ્યું કે 'માવદાનજીભાઈની વાત ખરી લાગે છે.'


કાલાવડમાં ઘટેલી આ દિવ્ય ઘટનાના બીજે દિવસે એટલે કે માગશર સુદ ત્રીજના દિવસે બપોરના સમયે સ્વામી ધામમાં પધાર્યા અને એ સમાચાર કાલાવડ પહોંચ્યા ત્યારે એ દિવ્ય ઘટનાની સર્વને પ્રતીતિ આવી.

ઉના મંદિરનાં શિલાલેખો


॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥
ઊનાના રહીશ ગાંધી માધવજી લાલજી તથા તેમના
ધર્મપત્નિ કેશરબાઇ તથા તેમના પુત્રો વનમાળી
અને દામોદરના મોક્ષાર્થે તથા શ્રીજી પ્રસન્નતાર્થે
ઊના શ્રી સ્વામિનારાયણ મંદીરમાં શ્રીઠાકો-
રજીને દરરોજ રાજભોગ ધરવા માટે રૂ. ૯૦૦૧
અંકે નવ હજાર ને એક તેમના પુત્રો દુલભદાસ
માણેકચંદ નરોતમ તથા પાનાચંદ તરફથી
શ્રીકૃષ્ણાર્પણ થયા છે તેમના વ્યાજમાંથી યાવત
ચંદ્રદિવાકર શ્રીઠાકોરજીને રાજભોગ ધરવો છે
સંવત. ૧૯૭૬. વસંતપંચમી


श्री ॥
गाम श्री उनामां स्वामीनारायण ना मंदीर मां गाम
श्री टींबी वाळ्व शेठ रतनशी व छराज श्री अक्षरनि
वाशी थया तेना मोक्षार्थे तथा तेमना मातुश्री व
बाई ना मोक्षार्थे तेमना चरणजी वि मोहनलाल र
नशी ए रु १५०१ अंके पंदरसो ने एक श्री कृष्णार्प
ण कर्या छे तेना व्याज मांथी दर वरसे अनको
नी सामग्री मां वपराय ते यावत सुर्य चंद्र नपेत्
सुधी थाय संवत १९७५ ना भादरवा शुद १ ते बारमें म
दसकत स्वामि रुगनाथ चरणदास जी


श्री स्वामिनारायणाय नमः
सद्गुरु स्वामी बालमुकुंददासजी ना शीष्य
स्वामी नारायणदासजी नी आज्ञाथी अक्षर
निवासी शेठ जेठा वर्धमानना पौत्र
केशवलाल झवेरचंद तथा शेठ
माणेकचंद रामचंदे निज मंदिर तथा
घुमट मां पोताना मोक्षने अर्थे आरस
पथराव्यो छे सं. १९९८ ना जेठ वद २



સદ્‌ગુરુ કૃષ્ણજીવનદાસજી સ્વામી
(માનત સ્વામી)

સદ્‌ગુરુ કૃષ્ણજીવનદાસજી સ્વામી (માનત સ્વામી)

મહાન સંતોની પ્રાગટ્યભૂમિ હોવાથી ભારત ભાગ્યશાળી છે. એ જ રીતે અનેક મહાન સંતોને લીધે પૂરોયે સ્વામિનારાયણ સંપ્રદાય ધન્યભાગી બન્યો છે.

બગીચામાં જાતજાતના વૃક્ષો, વેલી, લતાઓ અને છોડ હોય પણ પારિજાતનાં પુષ્પોની સુગંધથી સમસ્ત બગીચો સુગંધમય બને છે, આમ્રવૃક્ષનાં મધુર ફળો બગીચાની સમૃદ્ધિમાં અનહદ વધારો કરે છે, પરંતુ સર્વમાં કપાસના ફૂલની તો વાત જ ન્યારી છે. કપાસનાં ફૂલમાં રૂપ નથી, સુગંધ નથી છતાં કપાસનું ફૂલ સર્વથી શ્રેષ્ઠ છે.

સીધુંસાદું કપાસનું ફૂલ ઘર અને મંદિરને અજવાળે છે.

સીધુંસાદું કપાસનું ફૂલ સમસ્ત જગતનું ઢાંકણ છે.

એ જ રીતે ધર્મજગતના બગીચામાં સાધુ-સંતો તો ઘણા હોય, પરંતુ એમાં કેટલાક સંતો એવા મહાન હોય છે કે જેને લીધે આખું ધર્મજગત દીપી ઊઠે છે.

મહંત સ્વામી કૃષ્ણજીવનદાસજી કપાસનાં ફૂલ જેવા જ મહાન સંત હતા.

ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત પરંપરામાં મહંત સ્વામી પોતાની આગવી ભાત ધરાવે છે. તેઓ વચનસિદ્ધ મહાપુરુષ હતા, છતાં ખૂબ સીધા - સાદા - સરળ સંત હતા. તેઓ સ્વભાવે અત્યંત ભલાભોળા અને માયાળુ હતા. સ્વામી હરિભક્તોના દુ:ખોને જોઈ શકતા નહિ.

સ્વામી આવા દુ:ખીયારા જીવોને પોતાનાં ભજનનું ફળ તેમજ આશીર્વાદ આપી સુખિયા કરતા હતા.

ભગવાન સ્વામિનારાયણે બાંધેલી પંચ વર્તમાનની મર્યાદામાં સ્વામી સાવધાનપણે વર્તતા હતા. તેઓ પરમ તપસ્વી અને ભજનપરાયણ સંત હતા.

સ્વામિનારાયણ મહામંત્રનું ભજન, શ્રીહરિની મૂર્તિનું ધ્યાન અને શ્રીહરિની

આજ્ઞાના પાલનના પરિણામે સ્વામીમાં અપૂર્વ તેજ, પ્રતાપ અને ઐશ્વર્ય પ્રગટ્યા હતા. આવા મહાન સંતનો જન્મ ઉપલેટામાં વિ. સં. ૧૯૨૭ માં થયો હતો. એમના પિતાશ્રીનું નામ કપુપરા વીરાભાઈ પટેલ હતું. સ્વામીનું નાનપણનું નામ પાંચો હતું.

દુર્ભાગ્યે આવા મહાન સંતને જન્મ આપનાર ભાગ્યવંતી માતાનું નામ મળતું નથી.

તીર્થભૂમિ ઉપલેટા

ઉપલેટા એટલે અનેક મહાન મુક્તોની નિવાસભૂમિ.

ઉપલેટા એટલે ભગવાન શ્રીહરિની પદરજથી પાવન થયેલું ગામ.

ઉપલેટા એટલે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની કૃપાદષ્ટિથી ધન્ય બનેલું ગામ.

ઉપલેટા એટલે ભગવાન સ્વામિનારાયણની સર્વોપરિ ઉપાસનાના રંગે રંગાયેલું ગામ. ભક્તરાજ લાલાબાપા, અરજણભાઈ, મલાઈ ડોશી વગેરે અનેક મહામુક્તો ઉપલેટામાં થયા.

ઉપલેટા ગામનાં આ બધા ભક્તો સાથે અનેક દિવ્ય, અલૌકિક, ચમત્કારિક ઘટનાઓ જોડાયેલી છે. સદ્‌ગુરુ ગાથા ભાગ-૧ માં ઉપલેટાના અનેક પ્રસંગોનું વર્ણન કરવામાં આવેલ છે.

લાલાબાપાના જોગમાં

વીરા પટેલ અને લાલાબાપા કૌટુંબિક રીતે સગપણમાં થતા હતા. વીરા પટેલના બહેનનું લગ્ન લાલાબાપાના સુપુત્ર ભગવાનભાઈ સાથે થયેલું.

લાલાબાપા ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર અને સંતો માટે પણ દર્શનીય મુક્તરાજ હતા. નાનકડા પાંચાને બાળપણથી જ લાલાબાપાના સમાગમનો મંગલ અવસર પ્રાપ્ત થયેલો, એટલે પાંચાને ગળથૂથીમાં જ સત્સંગના શુભ સંસ્કારો પ્રાપ્ત થયેલા.

પાંચાના પોતાના કુટુંબમાં સત્સંગ નહોતો પરંતુ પાંચાના પૂર્વ જન્મના સંસ્કારો ભારે બલિષ્ઠ હતા, એમાં વળી સોનામાં સુગંધ ભળે એમ લાલાબાપા જેવા મહાન ભક્તરાજનો જોગ થયો એટલે પાંચાના અંતરમાં સત્સંગના સંસ્કારો અત્યંત સુદઢ થયા. બાળસહજ ખેલકૂદમાં પાંચાનું મન માનતું નહોતું. એને તો રોજ મંદિરે જવું, માળા કરવી, સાધુ-સંતો કે લાલાબાપાના મુખેથી કથાવાર્તાનું શ્રવણ કરવું વગેરેમાં જ અત્યંત રુચિ હતી.

નાનકડા પાંચાની આ મુમુક્ષુતાને લાલાબાપાએ પારખી લીધી હતી. લાલાબાપાના મનમાં થયા કરતું હતું કે, “આ બાળક સંસાર કરતા ત્યાગાશ્રમમાં વિશેષ શોભે એમ છે.”

એટલે લાલાબાપા નાનપણથી જ પાંચાના અંતરમાં ત્યાગ-વૈરાગ્યના બીજ પોષી રહ્યા હતા.

મુક્ત ગગનનું પંખી

સમય પસાર થતો રહ્યો. પાંચાએ બાલ્યાવસ્થામાંથી કિશોર અવસ્થામાં પ્રવેશ કર્યો. કિશોર અવસ્થાથી એણે યુવાનીના ઉંબરે પગ માંડ્યા.

સામાન્ય રીતે જેમ જેમ બાળક યુવાન થતો જાય, તેમ તેમ એના અંતરમાં સંસારની વાસનાનો ઉદય થતો જતો હોય છે, પરંતુ પાંચાની સ્થિતિ જૂદી હતી. એને જેમ જેમ ઉંમર થતી જતી હતી, તેમ તેમ એના અંતરમાં વૈરાગ્યનો છોડ વધારેને વધારે ફૂલતો - ફાલતો જતો હતો.

પાંચા માટે વધારે સદ્‌ભાગ્યની વાત એ હતી કે, પાંચાના વૈરાગ્યના છોડને લાલાબાપા જેવા મહામુક્તના રખોપા હતા.

પાંચાના અંતરમાં સંસાર છોડીને સાધુ થવાનો તલસાટ ઉત્તરોત્તર વધી રહ્યો હતો અને ઘીથી યજ્ઞનો અગ્નિ સતેજ થાય, એ જ રીતે લાલાબાપાનો સત્સંગ એ તલસાટને વધારે ઉદ્દીપ્ત કરી રહ્યો હતો.

આખરે પાંચાએ ઘર છોડ્યું અને જૂનાગઢની વાટ લીધી.

જૂનાગઢમાં સદ્‌ગુરુ સ્વામી ધર્મસ્વરુપદાસજી બિરાજતા હતા. તેઓ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય હતા.

પાંચાએ સ્વામી જેવા મહાન સદ્‌ગુરુના ચરણમાં પોતાનું જીવન સમર્પિત કર્યું અને પાર્ષદ તરીકે સ્વામી પાસે સેવામાં જોડાયા.

સંસારના નિયમ પ્રમાણે ગુણિયલ દીકરો સંન્યાસને માર્ગે પ્રયાણ કરે ત્યારે માતાપિતાને દુઃખ થાય, તે સહજ છે. એ જ નિયમ પાંચાના માતાપિતાને લાગુ પડી રહ્યો હતો.

પાંચો ઘરેથી નીકળી ગયો એટલે એમના માતા-પિતાના મન ભારે દુઃખી દુઃખી થઈ ગયા. વીરાભાઈ જૂનાગઢ ગયા અને પાંચા ભગતને ઉપલેટા આવવા માટે ખૂબ સમજાવ્યા, પણ પાંચા ભગત હવે ત્યાગના માર્ગેથી પાછા વળવા માગતા નહોતા.

આખરે વીરાભાઈએ ધર્મસ્વરુપદાસજી સ્વામીને વિનંતી કરી કે, “સ્વામી ! આપ કૃપા કરી આ છોકરાને પાછો ઉપલેટા મોકલો.” પાંચા ભગતના વૈરાગ્યની કસોટી કરતા હોય એ રીતે સ્વામીએ પાંચા ભગતને ઉપલેટા જવાની આજ્ઞા કરી.

નિષ્કુળાનંદ સ્વામીએ વૈરાગી જીવનું લક્ષણ લખ્યું છે...

“ઉલટા અન્નને ભખે, મનુષ્યમાં નવ ખપે,
શ્વાન સૂકર તણી, જાત કહાવે.”

પાંચા ભગત ઉપલેટા તો આવ્યા પણ એમને માટે સંસાર હવે ઉલટી થઈ ગયેલા અન્ન જેવો હતો. એટલે કોઈ રીતે એમનું મન સંસારમાં ચોંટે એમ હતું નહિ.

માતાપિતાએ સ્નેહના બંધનથી બાંધવાના ઘણા પ્રયાસો કર્યા પરંતુ પાંચા ભગતનું મન પીંજરામાંથી ઊડી ગયેલા પંખી જેવું હતું, જેને હવે કોઈ રીતે પાછું પીંજરે પૂરી શકાય તેમ ન હતું.

એક વખત અવસર મળતાં પાંચા ભગત પાછા જૂનાગઢ પહોંચી ગયા.

આ બાજુ લાલાબાપાએ પાંચા ભગતના માતાપિતા અને સગાસંબંધીઓને જ્ઞાનવાર્તા કરી ખૂબ જ સમજાવ્યા અને કહ્યું, “પાંચા ભગત આ લોકના જીવ નથી. પાંચા ભગત અનેક જીવોના કલ્યાણ માટે પ્રગટ થયા છે. એ સાધુ થશે તો તમારી એકોતેર પેઢીઓના કલ્યાણ થઈ જશે. માટે એ મુક્તગગનના પંખી જેવા જીવને હવે તમે ફરીને બંધનમાં નાખવા પ્રયાસ ન કરો તો સારું.”

લાલાબાપાની જ્ઞાનવાર્તાને લીધે સર્વના મન થોડા શાંત થયા. પાંચા ભગતના અડગ નિરધાર સામે માતાપિતાએ પણ નમતું જોખીને પોતાનું મન વાળી લીધું અને પાંચા ભગતનો વૈરાગ્યનો પંથ વિઘ્ન વગરનો બન્યો.

સદ્‌ગુરુ સ્વામી ધર્મસ્વરુપદાસજીએ આ મુમુક્ષુ શિષ્યને પોતાના શિષ્ય પુરાણી સ્વામી ગોપીનાથદાસજીના હાથમાં સોંપ્યા અને ભલામણ કરતા કહ્યું, “પુરાણી ! આના જીવનું જતન હવે તમારે કરવાનું છે.”

પુરાણી સ્વામી ગોપીનાથદાસજીએ કહ્યું, “ભલે, સ્વામી ! આપની આજ્ઞા પ્રમાણે આ મુમુક્ષુના જીવને હું જાળવી લઈશ.”

પાંચાભગત સાધુ થયા

વિ. સં. ૧૯૪૯ ની સાલ હતી. શ્રીહરિની પદરજથી પાવન થયેલ તીર્થભૂમિ ગઢપુર ખાતે વિશાળ પાયા ઉપર યજ્ઞમહોત્સવ આરંભાયો હતો. સંપ્રદાયના મહાન સંતો અને વિશાળ સંખ્યામાં હરિભક્તો એકઠા થયા હતા.

સ્વામિનારાયણ સંપ્રદાયની વડતાલની ગાદીએ બિરાજમાન આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજ ગઢપુર પધાર્યા હતા.

પુરાણી સ્વામી ગોપીનાથદાસજી પાંચા ભગતને લઈને ગઢપુર આવ્યા અને ગઢપુરની રમણરેતીમાં આચાર્ય મહારાજે પાંચા ભગતને ભાગવતી દીક્ષા આપી અને "સાધુ કૃષ્ણજીવનદાસજી" નામ રાખ્યું.

સ્વામી કૃષ્ણજીવનદાસજીનું સેવાનું અંગ હતું. તેઓ ભારે લગનથી નીચામાં નીચી ટેલચાકરી કરતા.

વાળવું, ચોળવું, એઠાં વાસણ માંઝવા, ગાયોની સેવા કરવી, વૃદ્ધ કે માંદા સંતોની સેવા કરવી એમાં એમને સદૈવ શ્રદ્ધા અને ઉત્સાહ વધતા રહેતા હતા.

મહત્ત્વની વાત એ હતી કે, આ બધી સેવા કરતા કરતા પણ એમના મુખેથી સ્વામિનારાયણ મહામંત્રનું ભજન સતત થયા કરતું હતું. સેવાપ્રવૃત્તિ ન હોય ત્યારે તેઓ હાથમાં માળા લઈ સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરતા અથવા તો શ્રીહરિની મૂર્તિના ધ્યાનમાં નિમગ્ન બની જતા હતા. ભગવાન સ્વામિનારાયણે પ્રબોધેલા નિયમોમાં તેઓ સદાય સાવધાન વર્તતા હતા.

હીરાથી હીરો વેધાયો

જૂનાગઢમાં એક મહાન પવિત્ર સંત હતા. એમનું નામ સ્વામી યોગેશ્વરદાસજી હતું. તેઓ સદ્‌ગુરુ બાલમુકુંદદાસજીના જોડીદાર હતા અને ગુણાતીતાનંદ સ્વામીના પરમ કૃપાપાત્ર હતા.

અવસ્થાને લીધે સદ્‌ગુરુ યોગેશ્વરદાસજી સ્વામીનું શરીર સાવ અશક્ત થઈ ગયું હોવાથી પથારીવશ થઈ ગયા હતા.

સ્વામી કૃષ્ણજીવનદાસજીએ આ પરમ પવિત્ર સંતની સેવાનો અવસર ઝડપી લીધો અને ખૂબ ભાવ અને મહિમાથી સ્વામીની રુચિ પ્રમાણે સેવા કરવા લાગ્યા.

મોક્ષમાર્ગનો એક અદ્‌ભૂત નિયમ છે. સાધક સાધન કરી કરીને મરી જાય છતાં પણ જે પ્રાપ્તિ અથવા સિદ્ધિ મળી શકતી નથી, એ સિદ્ધિ મોટા સત્પુરુષોની સેવાથી અને પ્રસન્નતાથી સરળતાથી ઉપલબ્ધ થઈ જાય છે.

સ્વામી કૃષ્ણજીવનદાસજીના જીવનમાં પણ આવું જ બન્યું. આ પવિત્ર સંત ઉપર ધર્મમૂર્તિ સંત ધર્મસ્વરુપદાસજી અને પુરાણી સ્વામી ગોપીનાથદાસજીનો રાજીપો તો હતો જ, એમાં હવે સ્વામી યોગેશ્વરદાસજીનો રાજીપો ભળ્યો અને આ રાજીપાને લીધે હીરાથી હીરો વેંધાય, એમ સ્વામીનું ચૈતન્ય સોળે કળાયે ખીલી

ઊઠ્યું અને એમને શ્રીહરિની મૂર્તિનું અનુસંધાન સહજતાથી રહેવા માંડ્યું. સ્વામી યોગેશ્વરદાસજીને જ્યારે શરીર છોડવાનું થયું ત્યારે સ્વયં ભગવાન શ્રીહરિ એમને તેડવા પધાર્યા.

સ્વામી કૃષ્ણજીવનદાસજી આ પરમ પાવનકારી દિવ્ય પ્રસંગના સાક્ષી હતા. તેઓ કહેતા, "અમે બે સંતો સ્વામીની સેવામાં અખંડ ઉપસ્થિત રહેતા. એક દિવસ સ્વામીએ વાત કરી કે, 'સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામીએ જ્યારે દેહ મેલ્યો ત્યારે એમની આંખ દુ:ખતી હતી, એ જ રીતે આજે અમારી પણ આંખ દુ:ખે છે, એટલે અમારે ધામમાં જવાનો સમય નજીક આવી ગયો છે, આ આંખનો દુ:ખાવો એનો અણસાર આપે છે. હવે જરૂર મહારાજ અમને ધામમાં તેડી જશે.'

'સ્વામીની વાત સાંભળીને અમે સેવક સંતો ભારે સાવધાન થઈ ગયા અને નિરંતર સ્વામીની સંભાળ રાખવા લાગ્યા.'

'વિ. સં. ૧૯૫૮ ની સાલ હતી. શિયાળાનો પોષ મહિનો હતો. અમાસની રાત હતી. મહારાજે સ્વામીને દર્શને દીધા.'

'સ્વામીનું શરીર અત્યંત અશક્ત હતું. કોઈ સહાય કરે તો જ પડખું ફેરવી શકતા હતા પરંતુ મહારાજનાં દર્શન થતાં જ સ્વામી એકદમ ઊભા થઈ ગયા અને મહારાજને ભાવથી ભેટતા હોય એમ બે હાથ પહોળા કરી બોલ્યા, 'એ.. આ.. મહારાજ આવ્યા !' આટલું બોલતાની સાથે જ સ્વામીએ શરીર છોડી દીધું અને મહારાજની સાથે અક્ષરધામને પંથે પ્રયાણ કર્યું."

સ્વામી કૃષ્ણજીવનદાસજી કહેતા કે, "અમારી નજર સામે ઘટેલી આ દિવ્ય ઘટના અમે ક્યારેય ભૂલી શક્યા નથી, આ દિવ્ય ઘટનાને લીધે અમને મહારાજનો અને સ્વામીનો ખરો મહિમા સમજાયો."

કૃષ્ણજીવનદાસજી સ્વામીએ આવા મહાન સંતનો સેવાથી રાજીપો મેળવ્યો, એ સ્વામીના જીવનની અમૂલખ મૂડી સમાન હતો.

તપ અને જપનો શણગાર

સાધુઓ માટે તપ અને જપ બહુ મહત્ત્વના છે. તપથી ચિત્ત શુદ્ધ થાય છે અને જપથી શુદ્ધ થયેલા ચિત્તમાં શ્રીહરિની મૂર્તિનો આનંદરસ અભરે ભરાય છે.

ભારતવર્ષના સંતો હોય કે સ્વામિનારાયણ સંપ્રદાયના તપ અને જપ, એ તો એમના સાધુજીવનના શણગાર હોય છે.

સ્વામી કૃષ્ણજીવનદાસજી તપોનિધિ - ભજનપરાયણ સંત હતા. એમણે

આજીવન ચોખ્ખા એકટાણાનું વ્રત રાખેલું. ચોખ્ખા એકટાણાનો અર્થ છે, બપોરે સીધુંસાદું મિતાહાર ભોજન, પછી મોઢામાં જળ સિવાય કાંઈ ન મૂકવું.

જૂના સંતો કહેતા કે, "જે ચોખ્ખા એકટાણા કરે છે, તે સદા ઉપવાસી છે."

સ્વામી કૃષ્ણજીવનદાસજીએ આખી જિંદગી એકધારી રીતે ઉપવાસી વ્રત રાખ્યું હતું. સ્વામી બપોરે પંક્તિમાં જમવા બેસતા ત્યારે બરોબરિયા સાધુઓની પાસે ન બેસતા, કારણ કે બરોબરિયા પાસે બેસે તો તેઓ જમતી વખતે આગ્રહ કરી કરી, શરમાવી શરમાવી વધારે જમાડે ! સ્વામીને આ વાત પસંદ નહોતી.

પત્તરમાં જે ભોજન પીરસાય એમાં સ્વામી પોસ ભરીને પાણી નાખતા, બધું ભોજન મેળાવી એકરસ કરી દેતા અને શ્રીહરિને સંભારીને ભોજન કરતા.

સ્વામીને એકટાણા કાયમના હતા. એમાં પણ બન્ને એકાદશી, હરિજયંતિ, અમાવાસ્યા અને પૂર્ણિમાના દિવસોએ નિર્જળા ઉપવાસ કરતા.

ઉપવાસ પછીના પારણાં પણ બપોરે જ કરતા અને એકટાણાનું વ્રત જાળવી રાખતા. સ્વામીનું આ નિઃસ્વાદી વ્રત સાચા મુમુક્ષુઓ માટે ભારે પ્રેરણારુપ હતું.

મોક્ષમાર્ગે આગળ વધી રહેલા મુમુક્ષુઓ માટે કેટલાક સાધનોનું અનુષ્ઠાન અગત્યનું હોય છે. જેમાં રસના ઉપર વિજય, એ મહત્ત્વનું સાધન છે.

સંસારના સામાન્ય સંસારીઓ જીભના ટેરવાના સાગરમાં ડૂબેલા છે. સાચો સાધક ક્યારેય રસાસ્વાદને વશ થતો નથી.

ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા છે કે, "અમારા સાધુઓએ રસના ઈન્દ્રિયને વિશેષે કરીને જીતવી." આશ્ચર્યની વાત એ છે કે, "જિતં સર્વં જિતે રસે" જે રસના ઈન્દ્રિયને જીતે છે એને બધી ઈન્દ્રિયો જીતાઈ જાય છે. ભગવાન સ્વામિનારાયણ કહે છે કે, "જે પોતાની ઈન્દ્રિયોને જીતીને વશ કરે છે તે સદા સુખિયો રહે છે."

સ્વામી જીતેન્દ્રિય પુરુષ હતા. એમના મુખારવિંદ ઉપર તપની કાંતિ ઝળહળતી રહેતી. તપની સાથે જપ પણ એટલો જ આવશ્યક છે.

પંખીને જેમ બે પાંખ હોય તેમ મુમુક્ષુ માટે અધ્યાત્મગગનમાં ઊડવા માટે તપ અને જપ બે પાંખ છે.

ગમે એટલું તપ કરે, પણ જો હરિસ્મરણ ન કરે તો એનું તપ સૂકાં રણ જેવું છે. આવા ભક્તિ વગરના તપથી પરિશ્રમ અને સંતાપ સિવાય કશું જ મળતું નથી.

સાધક હરિસ્મરણ કરતો હોય, પણ તપથી પોતાની ઈન્દ્રિયોને જીતી ન હોય તો એનો જપ છિદ્રવાળા ઘડામાંથી જેમ પાણી સ્રવી જાય એમ એના જપનો પ્રભાવ સ્રવી જાય છે, પરિણામે જપ જોઈએ એટલો સફળ થતો નથી.

સ્વામી કૃષ્ણજીવનદાસજી તપની સાથે જપમાં પણ એટલા જ નિમગ્ન રહેતા. તેઓ અખંડ હરિસ્મરણ કરતા રહેતા, તેઓ વહેલી સવારે ઊઠતા અને મોડી રાતે સૂતા. આ પૂરા દિવસ દરમ્યાન તેઓ સતત ભજન અને સેવાપરાયણ રહેતા.

સેવાયોગની સાધના

મોક્ષમાર્ગમાં તપ અને ભજન જેટલાં મહત્ત્વનાં છે, એટલું જ મહત્ત્વ સેવાયોગનું છે. ભારતીય સંતપરંપરાના સંતજીવનમાં સેવાયોગ ઓતપ્રોત થયેલો જણાય છે.

સૌરાષ્ટ્રની ઘણી બધી જગ્યાઓ છે, જેને દેહાણ્યની જગ્યાઓ કહે છે. આ જગ્યાઓમાં નિવાસ કરતા સાધુઓ ભારે સીધા સાદા રહ્યા છે.

ટેલચાકરી કરવી, ટૂકડા માગવા જવું, જગ્યામાં આવતા અતિથિઓને ભોજન કરાવવા, વાળવું-ચોળવું, ગાયોની સેવા કરવી, છાણવાસીદા કરવાં અને સાથે હરિભજન કરવું, એ આ સાધુઓના જીવનવ્રત રહ્યા છે.

શાસ્ત્રો, પુરાણોના અભ્યાસ કરનારા પંડિતો ''સર્વત્ર બ્રહ્મનો વિલાસ છે'' એવી વાતો કરે છે, પરંતુ એમના અંતરમાંથી ઊંચનીચના ભેદ મટતા નથી. જ્યારે આ સીધાંસાદાં સાધુઓ નાતજાત કે ઊંચનીચના ભેદથી સ્વાભાવિકપણે મુક્ત રહેનારા હતા.

એમની પાસે બ્રહ્મની કોરી વાતો નહોતી, અનુભૂતિ પણ હતી અને આ અનુભૂતિ સેવા અને ભજનમાંથી પ્રગટી હતી. આ સેવાયોગને પરિણામે એ સાધુઓમાં અનેક પ્રકારની સિદ્ધિઓ સહજપણે પ્રગટી હતી, જેની કથાઓ સુપ્રસિદ્ધ છે.

ભાતભાતનાં ફૂલડાંઓની માળા બને એ રીતે ભગવાન સ્વામિનારાયણે ધ્યાનયોગ, જ્ઞાનયોગ, ભજનયોગ અને સાથેસાથે સેવાયોગને એક સાથે ગૂંથી લીધા હતા. ભગવાન સ્વામિનારાયણના સાધુઓ વિવિધ પ્રકારના યોગમાં ભારે પ્રવીણ રહ્યા છે. એમાં પણ સેવાયોગની વાત જ નોખી છે.

ભગવાન સ્વામિનારાયણના સમયથી આ સેવાયોગ ચાલ્યો આવે છે. આ સેવાયોગમાં મંદિરોના નિર્માણથી માંડીને છાણવાસીદા કરવા સુધીની તમામ સેવાઓ વણાઈ જાય છે. સેવાયોગનું એક અલૌકિક અને આશ્ચર્યકારક પરિણામ એ જોવા મળ્યું છે કે, આ સેવાયોગનું અનુષ્ઠાન કરનારાઓને બ્રહ્મ અને પરબ્રહ્મની અનુભૂતિ સહજતાથી થઈ જતી હોય છે.

સેવાયોગ એક ગજબનો યોગ છે. સ્વામી કૃષ્ણજીવનદાસજીના જીવનમાં તપ, ધ્યાન, ભજનની સાથે સાથે સેવાયોગ અદ્‌ભૂત રીતે વણાયો હતો.

કોઠારની સેવા

વિ. સં. ૧૯૬૫ની સાલમાં પુરાણી હરિદાસજી જૂનાગઢ મંદિરના મહંત તરીકે નીમાયા, ત્યારે એમણે સ્વામી કૃષ્ણજીવનદાસજીને કોઠારની સેવાનો હવાલો સોંપ્યો હતો. કોઠારની સેવા એટલે રસોડામાં આવતા ઘી-ગોળ, અનાજ વગેરે સીધા-સામાનની આવક-જાવકની વ્યવસ્થા સંભાળવી.

કોઠારની સેવા ભારે કઠણ હોય છે. એમાં લપસી જવાના અવસર વધારે હોય છે. સ્વામી પરમ નિઃસ્પૃહી, પ્રામાણિક અને સત્યનિષ્ઠ સંત હતા. પરિણામે એમના હાથમાં કોઠારની સેવા ભારે સુરક્ષિત હતી. સ્વામીએ આ જવાબદારી ઘણો સમય સુધી નિષ્ઠાથી નિભાવી હતી.

ચારે બાજુ રસકસના ગંજ ખડકાયા હોય, છતાં એ સંતનું નિઃસ્વાદી વર્તમાન ક્યારેય લોપાયું નહોતું. એમના ઉપવાસ, એકટાણાં અને સાદું ભોજન જેમના તેમ ચાલુ હતા.

ન મળે અને નિર્વિકારી રહે, એ વાત અલગ છે પણ વિષયોના સંગમાં રહીને પણ નિર્વિકારી રહેવું એતો કોઈ વીરલા મહાપુરુષો જ કરી શકે છે.

સ્વામી એવા જ વીરલ વિભૂતિ સંત હતા.

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી જૂનાગઢ મંદિરના મહંત બન્યા ત્યારે એમણે પણ સ્વામીની સાધુતા જોઈને એમને કોઠારની સેવામાં ચાલુ રાખ્યા હતા.

સ્વામીના આ પવિત્ર જીવનનો પ્રભાવ જૂનાગઢના સર્વ સંતસમુદાય ઉપર ભારે અસર ઉપજાવે એવો હતો અને પરિણામે બધો જ સંતસમાજ સ્વામી પ્રત્યે ભારે પૂજ્યભાવ અને આદરભાવ રાખતો હતો.

ગોંડલ મંદિરની સેવામાં

થોડો સમય જતાં પુરાણી સ્વામી ગોપીનાથદાસજી ગોંડલ મંદિરના મહંત બન્યા હતા, ત્યારે સ્વામી પોતાના આ મહાન ગુરુને રાજી કરવા માટે ગોંડલ મંદિરની સેવામાં જોડાયા હતા.

અહીંયા સ્વામી કૃષ્ણજીવનદાસજીની સેવાનો પ્રકાર બદલાયો હતો. સ્વામી મંદિરની ગાયોને મહિમાપૂર્વક સાચવતા, છાણવાસીદું કરતા, મંદિરનો ચોક વાળતા, સંડાસના ખાડા ધોવા સુધીની નીચામાં નીચી ટેલચાકરી કરતા.

મા જેમ દીકરાને સાચવે એમ મંદિરે આવતા હરિભક્તોની અન્નજળથી

સંભાવના કરીને સ્વામી એમને સાચવતા, એમની કુશળતાના ખબર પૂછતા અને પોતાના ભજનનું પુણ્ય આપીને એમના દુ:ખદર્દને દૂર કરતા.

વિ. સં. ૧૯૭૪માં સૌરાષ્ટ્રમાં કડકડીયાનો ભયંકર રોગ ફાટી નીકળ્યો હતો. આ કટોકટીપૂર્ણ કુદરતી આપત્તિના અવસરે પુરાણી સ્વામી ગોપીનાથદાસજીએ ગોંડલમાં કૈલાસબાગમાં મોટા પાયા ઉપર રાહત છાવણી ખોલી હતી અને નાતજાત, ઊંચ કે નીચના ભેદ જોયા સિવાય માંદા મનુષ્યોની ભારે સેવા કરી હતી.

આ સેવાના અવસરે સ્વામી કૃષ્ણજીવનદાસજીએ પણ પોતાનાં શરીરની દરકાર કર્યા સિવાય અહર્નિશ સેવા બજાવી હતી.

સ્વામીએ આ સેવાયોગથી પોતાના ગુરુ પુરાણી સ્વામી ગોપીનાથદાસજીનો અઢળક રાજીપો મેળવ્યો હતો.

પુરાણી સ્વામી ગોપીનાથદાસજી જ્યારે શરીર છોડવાના થયા, ત્યારે એમણે પોતાના શિષ્યમંડળને બે ભલામણ કરી હતી.

એક ભલામણ એ હતી કે, "બધા સંપ અને ધર્મ રાખજો." બીજી ભલામણ એ હતી કે, "આ નાના સાધુ ધર્મજીવનદાસજી સંસ્કૃત ભણે એવા છે, એને ભણાવજો અને મારા બધા સંસ્કૃત ગ્રંથો એમને આપજો."

સ્વામી કૃષ્ણજીવનદાસજી, સ્વામી દેવપ્રસાદદાસજી, સ્વામી અક્ષરપ્રિયદાસજી વગેરે સંતોએ ગુરુદેવ પુરાણી સ્વામીની આ ભલામણોનું અક્ષરશ: પાલન કર્યું હતું અને ગુરુદેવને આપેલો કોલ નિભાવ્યો હતો.

ગોંડલ મંદિરના મહંતપદે

પુરાણી સ્વામી ગોપીનાથદાસજીના અક્ષરવાસ પછી ગોંડલ મંદિરના મહંતપદે કોને નીમવા ? એ મોટો પ્રશ્ન હતો.

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીની નજર નિ:સ્પૃહી સંત સ્વામી કૃષ્ણજીવનદાસજી ઉપર ઠરી.

તેઓ સ્વામી કૃષ્ણજીવનદાસજીને ગોંડલ મંદિરના મહંતપદે નીમવા ઈચ્છતા હતા, પરંતુ સ્વામી કૃષ્ણજીવનદાસજી વ્યવહારથી અલિપ્ત રહેનારા ત્યાગી વૈરાગી સંત હતા.

મહંતપદ અનેક જવાબદારીઓથી પૂર્ણ હતું. સ્વામીનો સેવાભાવી સ્વભાવ હતો, પણ મહંતપદે રહીને સેવા કરવી એ આ અલગારી સંતને કોઈ રીતે અનુકૂળ આવે એમ નહોતું; કારણ કે મહંતપદની સેવા બીજી સેવાઓ કરતા જરા જૂદી

ભાતની હતી. એમાં ધનસંપત્તિ અને વ્યવહારિક આંટીઘૂંટીનો જોગ વધારે હતો અને આવો વ્યવહાર આ અલમસ્ત-ઓલિયા-ભજનિક સંતને રુચે તેવો નહોતો.

સામાન્ય રીતે જગતમાં મોટા સ્થાને નિમણૂક કરાવવા માટે પડાપડી થતી હોય છે. એ જ રીતે ધર્મના ક્ષેત્રમાં મહંતપદની મોટાઈ મેળવવા માટે ઘણાયનાં મન લાલાયિત રહેતા હોય છે. પરંતુ સ્વામી કૃષ્ણજીવનદાસજી આવા સાંસારિક પ્રવાહમાં વહેનારા સંત નહોતા.

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીએ જ્યારે એમને ગોંડલના મહંતપદને સંભાળવાની વાત કરી ત્યારે સ્વામીએ બે હાથ જોડીન કહ્યું કે, “સ્વામી ! તમે મારા ગુરુ પુરાણી સ્વામી ગોપીનાથદાસજીના સ્થાને છો. આપની આજ્ઞા માનવી એ મારો ધર્મ છે, પરંતુ કૃપા કરીને મને આ વ્યવહારના જાળામાં ન નાખો.”

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીએ કહ્યું, “કૃષ્ણજીવનદાસ ! તમે નિર્લોભી, નિઃસ્પૃહી અને નિર્લેપ સંત છો, એટલે આ પદને તમે દીપાવશો.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીએ યોગ્ય વ્યક્તિઓના હાથમાં સુકાન સોંપીને ગોંડલ મંદિરનો વહીવટ માંડ માંડ સારો કર્યો છે. જો આ પદે બીજા કોઈની નિમણૂક થશે તો એ પાછો જેમનો તેમ રફેદફે થઈ જશે અને સત્સંગને ભારે નુકશાન થશે. માટે તમે નિશ્ચિંત થઈને આ પદ સંભાળો.”

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીની વાત સાંભળી સ્વામી થોડા મૂંઝાયા. એમનાથી સ્વામી નારાયણદાસજીનાં વચનનો અનાદર થઈ શકે એમ નહોતો અને સામે એમનું મન વ્યવહારમાં પડવા માગતું નહોતું. છતાં સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીની રુચિ જોઈને એ ઈન્કાર ન કરી શક્યા.

તેઓ બે હાથ જોડીને બોલ્યા કે, “સ્વામી ! મેં ક્યારેય વ્યવહાર કર્યો નથી, કરતા આવડતું પણ નથી. તમારી આજ્ઞા છે તો હું ગોંડલનું મહંતપદ સ્વીકારું પરંતુ તમારે સદૈવ મારું ધ્યાન રાખવું પડશે, સતત માર્ગદર્શન આપવું પડશે અને અવારનવાર ગોંડલ પધારી થોડો સમય રોકાઈને સહાયતા કરવી પડશે. ”

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી બોલ્યા, “સ્વામી ! અમે કાયમ તમારી મદદમાં રહેશું. માટે તમે મૂંઝવણ રાખશો નહિ.”

આખરે સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીની આજ્ઞાથી સ્વામી કૃષ્ણજીવનદાસજીએ ગોંડલ મંદિરનું મહંતપદ સ્વીકાર્યું.

સ્વામી કૃષ્ણજીવનદાસજી સાચા ત્યાગી - વૈરાગી સંત હતા. મહંતપદે રહીને વ્યવહારિક જવાબદારીઓ નિભાવવી એ એમના સ્વભાવને અનુકૂળ નહોતું, છતાં

પણ ગુરુતુલ્ય સ્વામી નારાયણદાસજીની રુચિ જોઈને સ્વામી કૃષ્ણજીવનદાસજીએ પોતાનાં મનની ધારણા છોડી દીધી અને નારાયણદાસજી સ્વામીની આજ્ઞાને શિરોધાર્ય કરી.

સ્વામી નારાયણદાસજીએ વડતાલ ગાદીના આચાર્યશ્રી દ્વારા સ્વામી કૃષ્ણજીવનદાસજીની મહંતપદે નિમણૂક કરી.

સંસાર છોડ્યા પછી પણ મનની ધારણાઓ છોડવી એ મહત્ત્વની બાબત છે. મોક્ષમાર્ગે હૃદયથી આગળ વધનારા મુમુક્ષુઓ આ વાત સમજી શકે છે.

સામાન્ય સાંસારિક જીવો, પછી તે ગૃહસ્થાશ્રમી હોય કે ભગવા કપડાં પહેરીને બેઠા હોય, એમને માટે તો વ્યવહાર જ સર્વસ્વ હોય છે; જ્યારે ત્યાગી, વૈરાગી, નિવૃત્તિપરાયણ સાધકો સંસારના વ્યવહારની જેમ જ સંપ્રદાયના વ્યવહારને પણ મોક્ષમાર્ગમાં પરમ બાધારુપ માને છે અને એનાથી અલિપ્ત રહેવા માગતા હોય છે.

અહીં સમજવા જેવી વાત એ છે કે, આવી વિતરાગી વૃત્તિ હોવા છતાંય જો ગુરુદેવની આજ્ઞા થાય તો એ સાધક પોતાના મનની મોક્ષમૂલક ધારણાઓનો પણ ત્યાગ કરી દેતા હોય છે. મોક્ષમાર્ગનું રહસ્ય એ છે કે, મોક્ષમાર્ગે સાધકને વ્યવહારો જેટલા બાધક છે, એથી વિશેષ બાધક મનની ધારણાઓ છે. સદ્‌ગુરુના વચને મનની ધારણાઓનો ત્યાગ કરે છે, એ જ સાધક મોક્ષપદને પામી શકે છે.

સ્વામી કૃષ્ણજીવનદાસજીએ સદ્‌ગુરુઓના સમાગમથી આ વાતને આત્મસાત્ કરી લીધી હતી. પરિણામે તેઓ મહાન સદ્‌ગુરુઓના કૃપાપાત્ર બન્યા હતા.

મહિમા મોટો છે મહંતનો

સ્વામી કૃષ્ણજીવનદાસજીએ ગોંડલ મંદિરનું મહંતપદ સ્વીકારીને સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીનો રાજીપો મેળવ્યો હતો.

સામાન્ય રીતે જ્યારે સભા થાય ત્યારે મહંતનું આસન બીજા આસનો કરતાં થોડી ઊંચી ગાદી ઉપર રહેતું હોય છે. સ્વામી કૃષ્ણજીવનદાસજીએ ભારે વિનમ્રતા સાથે મહંતની ઊંચી ગાદીએ બેસવાનો ઈન્કાર કર્યો હતો અને બધાની સાથે જ પોતાનું આસન રખાવ્યું હતું.

મહંતપદનો મોહ આ નિર્મોહી સંતને સ્પર્શી શક્યો નહોતો.

મહંત થયા પછી પણ સ્વામીની જપ-તપપરાયણ સાદી જીવનરીતિમાં કશો જ ફરક પડ્યો નહોતો.

મહંત બન્યા પહેલા તેઓ મંદિરમાં જે રીતે નીચામાં નીચી ટેલચાકરી કરતા હતા, એવીને એવી ટેલચાકરી એમણે મહંત બન્યા પછી પણ ચાલુ રાખી હતી.

નાનીમોટી સેવા કરવામાં એમણે કદી નાનપ અનુભવી નહોતી.

એમના છાણવાળા હાથ અને ધૂળથી ખરડાયેલાં વસ્ત્રો જોઈને કોઈ કલ્પના પણ ન કરી શકે કે, આ સંત આવા મોટા મંદિરના મહંત છે.

સ્વામી વહેલી સવારે બ્રાહ્મમૂહુર્ત પહેલા ઊઠતા. પછી દેહક્રિયા પતાવી ધ્યાનમાં બેસી જતા. ધ્યાનમાંથી જાગીને નિયમિત માળા, દંડવત્ અને પ્રદક્ષિણા કરતા. આખો દિવસ ભજન - સ્મરણ સાથે વિવિધ સેવાઓમાં રત રહેતા.

સાયંકાળે આરતી, સ્તુતિ, ધૂન-ભજન, કથાવાર્તા અને નિયમચેષ્ટાના પદોનું ગાન થયા બાદ સ્વામી મંદિર ઉપર જતા અને ત્યાં બાર વાગ્યા સુધી પ્રદક્ષિણા કરતા કરતા માળા ફેરવતા અને પછી ધ્યાનમાં બેસી જતા.

સ્વામી ક્યારેય નિદ્રાને આધીન ન થતા. મહારાજની મૂર્તિનું ધ્યાન એ જ સ્વામીનો વિશ્રામ હતો. કોઈ સંતો - હરિભક્તોએ સ્વામીને ક્યારેય લાંબો પગ કરીને સૂતેલા જોયા નથી.

સ્વામી આખી રાત્રિ ધ્યાનમાં જ વીતાવતા અને વહેલી સવારે પાછા પૂર્વવત્ ભજન, સ્મરણ અને સેવામાં લાગી જતા.

આ રીતે સ્વામી નવધા ભક્તિમાં નિરંતર નિમગ્ન રહેતા. એક પણ પળ વ્યર્થ જવા દેતા નહિ.

દેહે કરીને નાની - મોટી સેવાઓ કરતી વખતે પણ એમના અંતરમાં સ્વામિનારાયણ મહામંત્રનું સ્મરણ અને શ્રીહરિની મૂર્તિનું અખંડ અનુસંધાન રહેતું.

સ્વાર્થ માટે ક્રિયા કરવામાં આવે, એને ‘કર્મ’ કહેવાય.

એજ કર્મ અનાસક્તભાવે કરવામાં આવે, ત્યારે એ ‘કર્મયોગ’ કહેવાય.

એજ કર્મમાં જ્યારે હરિસ્મરણ અને સમર્પણ ભળે, ત્યારે એ ‘સેવાયોગ’ બની જાય છે.

મુમુક્ષુને મોક્ષમાર્ગમાં ભારે અવરોધરુપ હોય, તો એ પોતાનો અહંકાર છે. અહંકાર સર્વ વિકારોનો જનક છે.

હરિસ્મરણ સાથે દાસભાવે સેવા કરવાથી અહંકારનું મૂળ ઉખડી જાય છે અને સાધકનું હૃદય યોગીઓ જેવું નિર્વિકાર બને છે.

સાવરણીથી જેમ કચરો વળાય, એ જ રીતે સેવાથી સેવકના અંતરમાંથી જન્મોજનમની વાસનાનો કચરો વળાઈ જાય છે અને અંતઃકરણ સ્વચ્છ થઈ જાય

છે. આ સેવાયોગનું પરમ રહસ્ય છે. સેવાનો આ મર્મ સમજવો ભારે મુશ્કેલ હોવાથી શાસ્ત્રોએ કહ્યું છે કે, “સેવાધર્મો પરમ ગહનો”

ગમે તેવા જ્ઞાની, ધ્યાની, તપસ્વી, ત્યાગી, વૈરાગી હોય પણ એમના અંતરમાંથી મનની ધારણાઓ અને એ ધારણાઓના સર્જક અહંકારનું વિસર્જન થવું મુશ્કેલ છે.

સદ્‌ગુરુની રુચિમાં રહીને દાસભાવે હરિસ્મરણ સાથે સેવાયોગનું અનુષ્ઠાન કરવાથી એ મુશ્કેલ કાર્ય સરળ બની જાય છે. એટલે જ ભગવાન સ્વામિનારાયણે સેવાયોગને શ્રેષ્ઠ યોગ કહ્યો છે.

સ્વામી કૃષ્ણજીવનદાસજીએ આ સેવાયોગને પોતાનાં જીવનમાં યથાર્થ જાળવ્યો હતો. આટલા મોટા મંદિરના મહંત થયા પછી પણ સ્વામીનું આસન મોટે ભાગે સભામંડપમાં જાહેરમાં જ રહેતું. તેઓ સૂવા - બેસવા માટે પોતાનું આસન સર્વની સાથે સમૂહમાં જ રાખતા.

એમનું અપરિગ્રહપણું અજોડ હતું. એમના આસને લાકડાની ત્રણ ખીંતીઓ હતી. તેઓ એક ખીંતી પર પોતાની પૂજાની ઝોળી, ધોતી અને ચાદર રાખતા.

બીજી ખીંતી ઉપર માથે બાંધવાનો રૂમાલ(પાઘ) રાખતા.

ત્રીજી ખીંતી ઉપર પત્તર તુંબડાની ઝોળી રાખતા.

આ ત્રણ ખીંતી ઉપર એમનો સારોયે ખજાનો સમાઈ જતો હતો !

એમની પાસે કોઈ જાતના પદાર્થ કે વસ્ત્રનો સંગ્રહ રહેતો નહિ.

તેઓએ જીવનભર નવું વસ્ત્ર પહેર્યું નહોતું. અન્ય સંતોના જૂનાં વસ્ત્રો ભેગાં કરી, સોયદોરાથી સાંધી, એ વસ્ત્રો પોતે પહેરતા.

અપરિગ્રહ સુખનું મૂળ છે, સંગ્રહ સર્વ દુઃખ અને ઉપાધિનું મૂળ છે.

આ અપરિગ્રહી સંત જીવનના ઓછામાં ઓછાં સાધનોએ વધારેમાં વધારે આનંદ માણતા હતા. એમના અંતરના એ આનંદની સામે અનંત બ્રહ્માંડના વૈભવ પણ ઝાંખા ભાસતા હતા.

તેઓ વિષયાનંદી નહોતા, ભજનાનંદી અને સહજાનંદી સંત હતા.

એમની પાસે બેસવાથી મુમુક્ષુઓને ભારે શાંતિ અને હૂંફ મળતી. દૂરદૂરના ગામડાઓમાંથી હરિભક્તો એમનાં દર્શન અને સમાગમ માટે દોડીદોડીને આવતા હતા. એમના અંતરમાં નાના-મોટા, ગરીબ-શ્રીમંત કે ઊંચ--નીચનો કોઈ ભેદ નહોતો[redacted]. એમની પાસે સર્વને સદૈવ મીઠો પ્રેમભર્યો આવકાર મળતો. તેઓ સાચા અર્થમાં મહંત હતા.

મહંત શબ્દ મૂળ તો સંસ્કૃત ભાષાના મહત્ શબ્દ ઉપરથી બનેલો છે.

જેને કોઈ જાતના વાડા-સીમાડા ન હોય, એવા અસીમ અનંત તત્ત્વને મહત્ કહેવામાં આવે છે.

મહત્ શબ્દ ઉપરથી અપભ્રંશ થઈને મહંત શબ્દ બન્યો છે. આજે આ શબ્દનું ભારે અવમૂલ્યન થયેલું દેખાય છે.

મહંત શબ્દ ભૌતિક સમૃદ્ધિ અને ઠાઠમાઠપૂર્ણ વૈભવ સાથે જોડાઈ ગયેલો દેખાય છે, ખરા અર્થમાં જેના હૃદયમાં મારા-તારાના ભેદ ન હોય, જેના હૃદયમાં રાગ અને દ્વેષ ન હોય, જેની ઝૂંપડીએ રાજા અને રંકના ભેદ ન હોય, જેનું અંતર આકાશ જેવું વિશાળ હોય, જેના ખોળામાં સમસ્ત વિશ્વ સમાઈ જતું હોય, એને મહંત કહેવાય.

વેદોએ કહ્યું છે, "યત્ર વિશ્વં ભવત્યેકનીડમ્"

મહંતનો ખોળો પંખીઓના માળા જેવો એક એવો વિશાળ માળો છે, કે જેમાં સમસ્ત વિશ્વના ભાતભાતનાં પંખીડાઓ વિરામ કરે છે.

સ્વામી કૃષ્ણજીવનદાસજી આવા સાચા મહંત હતા. મહંતપદના ગૌરવને એમણે યથાર્થ સાચવ્યું હતું અને એટલે જ તેઓ સ્વામી કૃષ્ણજીવનદાસજીને બદલે "મહંત સ્વામી"ના નામથી ઓળખાવા લાગ્યા હતા.

એમાં પણ ગામડાંના લોકો ભારે પ્રેમ અને આદરથી સ્વામીને "મહંત સ્વામી"ને બદલે "માનત સ્વામી" કહેતા હતા.

આજે પણ રાજકોટ અને ગોંડલના ગ્રામ્ય વિસ્તારમાં મહંત સ્વામી કૃષ્ણજીવનદાસજી "માનત સ્વામી" એવા હુલામણા નામે પ્રસિદ્ધ છે.

હવે પછી આપણે આ ગ્રંથમાં સ્વામીને મહંત સ્વામી તરીકે ઓળખીશું.

ગોંડલ મંદિરની પ્રગતિ

ભગવાન શ્રીહરિ ગોંડલ અનેક વખત પધાર્યા છે અને ગોંડલની ભૂમિને પાવન કરેલી છે. ગોંડલ કૈલાસબાગમાં ભગવાન શ્રીહરિએ ભવ્ય શાકોત્સવ કરેલો છે.

ગોંડલના રાજવીઓ ભગવાન સ્વામિનારાયણના સમયથી શ્રીહરિના આશ્રિત રહ્યા છે. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીની પ્રેરણાથી દરબાર ભાણભાઈએ અહીંયા હરિમંદિર કરાવેલું.

દરબાર સંગ્રામસિંહજી અને મોંઘીબાઈએ ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી અહીં શિખરબદ્ધ મંદિર કરાવેલું છે.

અનેક દુ:ખદ કારણોને લીધે ગોંડલ મંદિરનો વહીવટ ખરાબ પરિસ્થિતિમાં

મૂકાયો હતો. વડતાલ ગાદીના આચાર્ય મહારાજ શ્રીવિહારીલાલજી મહારાજના અંતરમાં આ અંગે ભારે ચિંતા ઉદ્‌ભવી હતી.

એમણે સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીની પ્રેરણાથી મંદિરનો વહીવટ પવિત્ર, નિસ્પૃહી અને સમર્થ સંત શાસ્ત્રી શ્રીધર્મતનયદાસજી સ્વામીને સોંપ્યો હતો. શાસ્ત્રી સ્વામીએ ગોંડલ મંદિરની તમામ ગેરરીતિઓ દૂર કરી વહીવટને સુધારી ગોંડલ મંદિરને સમૃદ્ધ કર્યું હતું.

શાસ્ત્રી સ્વામી ધર્મતનયદાસજીના અક્ષરવાસ પછી પુરાણી સ્વામી ગોપીનાથદાસજી ગોંડલ મંદિરના મહંત બન્યા હતા અને ત્યારબાદ પુરાણી સ્વામીના શિષ્ય મહંત સ્વામીએ ગોંડલ મંદિરનું સુકાન સંભાળ્યું હતું.

ગોંડલનો સત્સંગ ભાગ્યશાળી રહ્યો કે શરૂઆતનો થોડો સમય બાદ કરતા તેમને ઉત્તરોત્તર નિસ્પૃહી, અપરિગ્રહી અને મહાન સંતો મહંતપદે મળતા રહ્યા.

મહંત સ્વામીની છત્રછાયામાં ગોંડલ મંદિરનો અને સત્સંગનો ખૂબ સારો વિકાસ થયો. મહંત સ્વામીને આપેલાં વચન પ્રમાણે સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી અવારનવાર ગોંડલ પધારતા રહેતા હતા અને ગોંડલ મંદિરના વ્યવહાર કાર્યમાં મહંત સ્વામીને કોઈ જાતની અડચણ પડવા દેતા નહોતા અને મૂંઝવણ રહેવા દેતા નહોતા. સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીના મનમાં હતું કે, "આ પવિત્ર સંત વધારેમાં વધારે સમય સુધી આ મંદિરને સંભાળે અને એનો વિકાસ કરે."

હૈયું ઠારે એવા સંત મળ્યા, એટલે ગોંડલમાં સત્સંગીઓનો પ્રવાહ ખૂબ જ વધ્યો હતો.

મહંત સ્વામી પણ મંદિરે આવનારા હરિભક્તોને માની પેઠે સાચવતા હતા.

સ્વામીની ગામઠી ભાષામાં થતી કથાવાર્તા હરિભક્તોના હૈયામાં સોંસરવી ઊતરી જતી હતી. સ્વામીની વાતો અનુભવની વાતો હતી, ઉપલક નહોતી અને એટલે જ સ્વામીના મુખેથી કથાવાર્તા સાંભળતા હરિભક્તોના હૈયામાં ભારે શાંતિ અનુભવાતી હતી. ગોંડલ મંદિરના સુકાનને સંભાળવાની સાથોસાથ મહંત સ્વામી આસપાસના ગામડાંઓમાં વિચરણ કરતા રહેતા હતા અને સત્સંગને પોષણ કરતા રહેતા હતા.

સ્વામી હવે મને મહંત પદેથી મુક્ત કરો

મહંત સ્વામીના મનમાં ગુણાતીતાનંદ સ્વામીએ બંધાવેલી હવેલીનો જીર્ણોદ્ધાર કરી નવેસરથી મોટી ધર્મશાળા બાંધવાનો શુભ સંકલ્પ થયો.

આ અરસામાં જૂનાગઢથી સદ્ગુરુ નારાયણદાસજી સ્વામી ગોંડલ પધારેલા.

મહંત સ્વામીએ સ્વામીને પોતાનો સંકલ્પ જણાવ્યો અને કહ્યું કે, "અમને આ રીતે ગુણાતીતાનંદ સ્વામીએ બંધાવેલી હવેલીનો જીર્ણોદ્ધાર કરવાનો વિચાર છે."

નારાયણદાસજી સ્વામીએ હસીને કહ્યું, "સ્વામી ! જીર્ણોદ્ધાર માટે પૈસાનું શું કરીશું ?"

મહંત સ્વામીએ કહ્યું, "સ્વામી ! મંદિરમાં થોડી સિલક ભેગી થઈ છે. બાકીની રકમ હરિભક્તો આપશે, એટલે પૈસાની ચિંતા નથી પણ મને વ્યવહાર આવડે નહિ, માટે આ કાર્ય તમે જાતે માથે ઊભા રહીને કરાવો, તો જ થાય એમ છે. તમે મારું ધ્યાન રાખવાનું વચન આપ્યું છે, એટલે હું તમને વિનંતી કરું છું."

નારાયણદાસજી સ્વામીએ કહ્યું, "સ્વામી ! અમે તમારો આ સંકલ્પ પૂર્ણ કરાવીશું."

નારાયણદાસજી સ્વામી અતિ કોઠાસૂઝવાળા અનુભવી સંત હતા. એમણે ગુણાતીતાનંદ સ્વામીની બાંધેલી હવેલી જેમની તેમ જળવાઈ રહે અને નવી ધર્મશાળાનું કામ સુંદર રીતે થાય, એ રીતે નકશા બનાવીને જીર્ણોદ્ધારનું કામ પૂર્ણ કરાવ્યું.

આ અંગેની વિશેષ વાત આ સદ્ગુરુ ગાથા ભાગ-૨ માં જ સ્વામી નારાયણદાસજીના જીવનમાં આલેખાયેલી છે.

હવે મહત્ત્વની વાત તો હવેલીનો જીર્ણોદ્ધાર થયા પછી થઈ.

નવી ધર્મશાળાના સિંહાસનમાં ઠાકોરજીની ધામધૂમથી પ્રતિષ્ઠા થઈ. આચાર્યશ્રી તેમજ સંતો - હરિભક્તોનો વિશાળ સમુદાય એકઠો થયો. પ્રતિષ્ઠાવિધિનું કામ ધામધૂમથી પૂર્ણ થયું. ત્યાર બાદ આ અલમસ્ત - અલગારી અને નિસ્પૃહી સંત મહંત સ્વામીએ સદ્ગુરુ નારાયણદાસજી સ્વામીને વિનંતી કરી કે, "અહીંનું કાર્ય પૂરું થયું છે. હવે કૃપા કરી મને આ મહંતપદેથી છૂટો કરો. અમે સત્સંગમાં ફરીશું અને સત્સંગ કરાવીશું."

નારાયણદાસજી સ્વામી બોલ્યા, "સ્વામી ! તમે હમણાં એવું કાંઈ બોલશો નહિ."

મહંત સ્વામીએ કહ્યું, "પણ, સ્વામી ! સત્સંગના મોટા વહીવટદારો કોઈ અમને સરખો જવાબ દેતા નથી. આ તો તમે માથે છત્ર જેવા છો, એટલે બધું સરખું ચાલે છે. બાકી મને સત્સંગની આવી આંટીઘૂંટીવાળા વ્યવહારમાં જરાય ગમ પડે નહિ." નારાયણદાસજી સ્વામીએ કહ્યું, "સ્વામી ! તમે જરાય ચિંતા કરો મા. હમણાં તમે અહીં રહો. કોઈ તમારી બદલી કરવાનું કહે તો તમારે કહેવું કે, 'દેશ

ફરવાની મહોરછાપ અને નામની વહી આપો, એટલે મંદિરનો ચાર્જ તમને સોંપી દઉં. મહોરછાપ અને નામની વહી વિના અહીંનો વહીવટ છોડતા નહિ.''

આટલી ભલામણ કરી નારાયણદાસજી સ્વામી જૂનાગઢ ગયા.

નારાયણદાસજી સ્વામીનાં વચને સ્વામીએ થોડો સમય સુધી ગોંડલ મંદિરની મહંતાઈને શોભાવી. કેટલાંક લોકોએ સ્વામીને ગોંડલથી ફેરવવાના પ્રયાસ કરી જોયા, પરંતુ નારાયણદાસજી સ્વામીની છત્રછાયાને લીધે કોઈની કારી ફાવી નહિ.

આખરે જૂનાગઢમાં કોઠારી તરીકે પાર્ષદ ગોવિંદ ભગતની નિમણૂક થઈ. એમણે સ્વામીને કુંકાવાવ દેશ ફરવાની મહોરછાપ કરી આપી અને નામની વહી આપી, સ્વામીને કુંકાવાવ દેશમાં ફરવા જવાની વિનંતી કરી.

સ્વામીને તો આ વ્યવહાર છોડવો, એટલે જેલમાંથી છૂટવા જેવી વાત હતી.

આ નિસ્પૃહી સંતે પળનોય વિલંબ કર્યા સિવાય ગોંડલ મંદિરનો વહીવટ પુરાણી સ્વામી પતિતપાવનદાસજીને સોંપ્યો અને પોતે ધર્મશાળાની ત્રણ ખીંટીએ ટીંગાતા પોતાના ઝોળી-ઝંડાને લઈને ચાલતા થયા અને સાવ હળવા ફૂલ થઈને ગામડાંઓમાં વિચરણ કરવા લાગ્યા.

જોગી સ્વામી તથા ગવૈયા સ્વામી ગોવિંદપ્રકાશદાસજી વગેરે શિષ્ય સંતો સ્વામીની સાથે હતા અને સ્વામીની રુચિમાં રહીને સ્વામીનો રાજીપો મેળવતા હતા.

સ્વામી જે જે ગામડાંઓમાં વિચરણ કરતા, એ ગામડાંના ભક્તજનો સ્વામીના દર્શન - સમાગમથી ધન્ય બની જતા હતા.

કૈલાસબાગમાં રમણીય બેઠક કરાવી

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીના ધામમાંગયા પછી થોડા વર્ષ બાદ સદ્‌ગુરુ મહંત સ્વામીએ ગોંડલના કૈલાસ બાગમાં રમણીય બેઠક કરાવી હતી.

ગોંડલના આ કૈલાસબાગમાં શ્રીજી મહારાજ, ગોપાળાનંદ સ્વામી જેવા મોટા મોટા નંદસંત સાથે અનેકવાર ઊતરેલા છે. અહીં મહારાજે શાકોત્સવ જેવી ઘણી લીલાઓ કરેલી છે. આવી આ પરમ તીર્થસ્વરુપ પ્રસાદીની જગ્યાએ નાનકડી દેરી કરવામાં આવી હતી.

દેરીના આગળના ભાગમાં ઓટલો હતો. ઓટલો ઉપર છત વગરનો ખુલ્લો હતો, એટલે સૂર્યનારાયણનો તડકો સીધો દેરીમાં પધરાવેલા ઠાકોરજી ઉપર જતો હતો.

મહંત સ્વામીના મનમાં થયું કે, ''આ ઓટલા ઉપર છત ભરાવી લીધી હોય તો આ બેઠક અતિ રમણીય બની જાય.''

આ જ અરસામાં વેરાવળના શેઠ શ્રીજાદવજીભાઈ ઘીવાળાના સુપુત્ર કેશુભાઈ સ્વામીના દર્શન કરવા માટે ગોંડલ આવ્યા હતા.

સ્વામીએ બેઠકના જીર્ણોદ્ધાર અંગે કેશુભાઈને વાત કરી. કેશુભાઈએ મહંત સ્વામી જેવા પવિત્ર સંતને રાજી કરવા માટે આ સેવાકાર્યમાં એ જમાનામાં રૂપિયા દોઢ હજારનો આર્થિક સહયોગ આપ્યો હતો. એજ રીતે ગોંડલ તેમજ આસપાસના ગામડાના ભાવિક હરિભક્તોએ પણ સારો એવો આર્થિક સહકાર આપ્યો હતો.

સ્વામીએ સાવરકુંડલાના ભક્તરાજ મિસ્ત્રી કાનજીભાઈ ગીગાભાઈને આ કામની જવાબદારી સોંપી હતી.

ગોંડલના મિસ્ત્રી પોપટભાઈ અને એમના પુત્ર મગનલાલે પણ આ રમણીય બેઠકના નિર્માણ કાર્યમાં મહિમાપૂર્વક સેવા આપી હતી.

કાનજીભાઈ મિસ્ત્રીની દેખરેખમાં દેરી તથા ઓટલાને ચારે ફરતી સુંદર કલાકારીગીરી યુક્ત કમાનો વાળી રમણીય બેઠક તૈયાર થઈ હતી.

આ બેઠક જ્યારે તૈયાર થઈ ત્યારે એનું ભર્યુ કરવામાં આવ્યું. આ પ્રસંગે શિક્ષાપત્રી ભાષ્યની પારાયણનું આયોજન થયું.

મહંત સ્વામીની ઈચ્છા હતી કે, "શિક્ષાપત્રી ભાષ્યની કથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ કરે." ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ જૂનાગઢની મહંત પદની જવાબદારીમાંથી તાજેતરમાં જ મુક્ત થયા હતા. એમણે પોતાના વડીલ ગુરુબંધુ મહંત સ્વામીને રાજી કરવા માટે કથા કરવાનું સ્વીકાર્યું હતું.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ સંપ્રદાયના શ્રેષ્ઠ વિદ્વાન હતા, એમની કથાશૈલી રસાળ અને પ્રભાવક હતી. એમનું જીવન ધર્મ - નિયમમાં સારધાર હતું. પરિણામે એમની કથાવાર્તા લોકોના હૈયામાં સોંસરવી ઊતરી જતી હતી.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ જ્યારે કૈલાસ બાગમાં શિક્ષાપત્રી ભાષ્યની કથા કરતા હતા, ત્યારે ગોંડલના તથા આસપાસના ગામડાંના ભાવિક ભક્તજનોનો બહુ મોટો સમુદાય એકઠો થતો હતો.

ગોંડલ રાજના મોટા મોટા અધિકારીઓ પણ સમય કાઢીને ગુરુદેવના મુખેથી કથાવાર્તાનું શ્રવણ કરવા પહોંચી જતા હતા.

મહારાજા ભગવત્‌સિંહજીના સુપુત્ર ગોંડલ નરેશ ભોજરાજસિંહજી પણ કથાશ્રવણ કરવા માટે પધારતા હતા.

ભગવાનને અખંડ ધારી રહેલા પૂજ્ય મહંત સ્વામી પોતાના આ નાના ગુરુભાઈ ઉપર ખૂબ જ રાજી થયા હતા.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ કહેતા, “આવા મહાન સંતોનો રાજીપો એ જ મારા જીવનની મૂડી છે. ગુરુકુલના માધ્યમથી આ જે કાંઇ નવી નવી સેવા પ્રવૃત્તિઓ થઈ રહી છે, તે એ મહાન સંતોના રાજીપાનું ફળ છે.”

કથાની પૂર્ણાહૂતિના દિવસે મોટા પાયા ઉપર ભોજન સમારંભ રાખવામાં આવ્યો હતો. આ પવિત્ર પ્રસંગે કેશુભાઈ ઘીવાળાએ કરેલી સેવાથી રાજી થઈને આશીર્વાદ આપતા કહ્યું હતું કે, “કેશુ ! તારી આધિ- વ્યાધિ - ઉપાધિ શમી જશે, તું મહારાજની મૂર્તિનું ધ્યાન કરજે. તારા અંતરમાં ખૂબ જ શાંતિ અનુભવાશે.”

સદ્‌ગુરુ મહંત સ્વામીની પ્રેરણાથી કેશુભાઈએ ધ્યાનનો અભ્યાસ શરૂ કર્યો હતો. એમાં એમને સ્વામીની કૃપાથી ખૂબ જ આનંદ આવવા માંડ્યો હતો.

કેશુભાઈ જેવા સત્સંગની દૃઢ સમજણવાળા અનેક પ્રકારની મુશ્કેલીઓ વચ્ચે પણ સ્થિતપ્રજ્ઞ સ્થિતિવાળા નિર્માની હરિભક્તો મળવા દુર્લભ હોય છે.

સાચા સદ્‌ગુરુની કૃપા મુમુક્ષુને ધન્ય બનાવી દેતી હોય છે.

માળા પાપ !

ધ્યાન, ભજન, સ્મરણ, સેવા અને સદ્‌ગુરુઓના આશીર્વાદથી મહંત સ્વામીમાં અપાર ઐશ્વર્ય પ્રગટ્યું હતું.

તેઓને શ્રીહરિનો અખંડ સાક્ષાત્કાર રહેતો અને તેઓ જોગી સ્વામી જેવા સુપાત્ર શિષ્યોને સાક્ષાત્કાર કરાવી શકે તેવા સમર્થ પણ હતા.

સ્વામી ભારે દયાળુ દિલના હતા. તેઓ હરિભક્તોના દુઃખ-દરદને જોઈ શકતા નહોતા. કોઈપણ દુઃખી જીવને જોઈને એમનું દિલ દ્રવી જતું હતું અને મહારાજને પ્રાર્થના કરી હરિભક્તોના દુઃખને દૂર કરી દેતા હતા.

ગુજરાતી ભાષામાં કોઈને સંબોધન કરવામાં જાતજાતના શબ્દોનો ટેકો લેવાતો હોય છે. હરિભક્તોને બોલાવવા માટે સ્વામી એક ખાસ શબ્દનો પ્રયોગ કરતા, એ શબ્દ હતો, “માળા પાપ”

સ્વામી કહેતા, “માળા પાપ ! હવેથી આટલી માળા કરજે. મહારાજ તારું સારું કરશે.”

“માળા પાપ ! હવેથી આવા પાપ કરતો નહિ.”

“માળા પાપ ! રોજ મંદિરે આવજે અને દેવદર્શન કરજે.”

“માળા પાપ ! જા મહારાજ તને વાડીમાં પાણી દેશે, પણ જોજે, રાધારમણદેવનો ભાગ કાઢજે.”

આમ સ્વામીના મુખેથી આ "માળા પાપ" શબ્દ નીકળતો રહેતો.

સ્વામીના ભલાભોળા હૃદયમાંથી ઊઠતો આ શબ્દ સાંભળનારાને ભારે મીઠો લાગતો. સ્વામીના આ શબ્દમાં જીવ ઉપર ચડેલા જાતજાતના વાસનાના સંસ્કારો તરફ સંકેત રહેતો. આશ્ચર્યની વાત એ હતી કે, સ્વામી જેવા પવિત્ર સંતના મુખેથી નીકળેલ "માળા પાપ" શબ્દ સાંભળતાની સાથે જ સાંભળનારો "માળો પાપ" એ જ ક્ષણે નિર્મળ અને નિષ્પાપ બની જતો હતો.

સ્વામીનું દર્શન પાવનકારી હતું. સ્વામીના વચન પાવનકારી હતા. સ્વામીના આશીર્વાદથી જનમજનમના વાસનાના મેલ ધોવાઈ જતા હતા અને જીવ ઉજળો થઈ જતો હતો.

મહંત સ્વામીના આશીર્વાદથી અનેક જીવોના પાપ, તાપ અને સંતાપ દૂર થયા હતા, કારણ કે સ્વામીના અંતરમાં રહીને સ્વયં મહારાજ બોલતા હતા અને સ્વામીના વચનને સત્ય કરતા હતા.

સ્વામીના આશીર્વાદથી અનેક ચમત્કારિક ઘટનાઓ બનેલી છે. એમાંના કેટલાક પ્રસંગો આપણે જોઈએ.

કાળા નાગનું ઝેર ઊતાર્યું

ગોંડલમાં કાળાભાઈ વીરડીયા નામે હરિભક્ત હતા. કાળાભાઈને મહંત સ્વામી પ્રત્યે અત્યંત હેત અને ગુરુભાવ હતો.

એક સમયની વાત છે. કાળાભાઈ કામકાજ અર્થે વાડીયે ગયા હતા. સાથે એમના પરિવારના નાના નાના છોકરાઓ હતા.

કાળાભાઈ વાડીના કામકાજમાં રોકાયેલા હતા અને નાના છોકરાઓ રમતા હતા. વાડીમાં એક નાનકડી ઓરડી હતી અને એ ઓરડી પાસે છાણનું મોઢવું હતું. મોઢવામાં છાણાં ખડક્યા હતા. ચારે બાજુ છાણાનો ગોર વેરાયેલો હતો.

નાના નાના છોકરાઓ છાણાનો ઝીણો ગોર ભેગો કરીને તેના દડા બનાવતા હતા અને રમતમાં એકબીજા ઉપર ઉછાળતા હતા.

રમનારા બાળકોમાં કાળાભાઈના ભાઈ માયાભાઈનો જેરામ નામનો દીકરો પણ હતો. મોઢવામાં ઉંદરડાઓએ દર કર્યા હતા, એ દરમાં છાણનો ગોર ભરાયેલો હતો. નાદાન ઉંમરના જેરામે છાણનો ગોર લેવા ઉંદરના દરમાં હાથ નાખ્યો.

એ દરની અંદર ભયંકર કાળોતરો નાગ બેઠો હતો. જેરામે જેવો હાથ અંદર નાખ્યો એ જ વખતે કાળોતરા સર્પે દંશ ફટકાર્યો.

જેરામે કાળી ચીસ પાડી હાથ બહાર કાઢ્યો તો સાથે કાળોતરો નાગ પણ અડધો બહાર આવી ગયો.

જેરામને સર્પ કરડ્યો એ જોઈને નાના છોકરાઓ ભયના માર્યા ચીસાચીસ કરવા માંડ્યા. બાળકોની બૂમો સાંભળીને કાળાભાઈ દોડતા આવ્યા. એમણે જેરામની આંગળીયે થયેલો સર્પદંશ જોયો. એણે એકદમ કપડાનો લીરો લઈ કસકસાવીને જેરામની આંગળીએ બાંધ્યો, જેરામને ગાડામાં નાખીને ઘેર લઈ આવ્યા.

જેરામને ઝેર ચડવા માંડ્યું હતું, ઘરના માણસો વિલાપ કરી રહ્યા હતા. આડોશી પાડોશી ભેગા થઈ ગયા હતા.

લોકોનું કહેવું હતું કે, જેરામને જલદી દવાખાને લઈ જવો જોઈએ, પરંતુ કાળા બાપાના મનમાં કંઈક જૂદું જ હતું.

એમને મહંત સ્વામીમાં અપાર શ્રદ્ધા હતી. મહંત સ્વામી ગોંડલ મંદિરમાં બિરાજતા હતા.

કાળાબાપા જેરામને લઈને મંદિરે આવ્યા. જેરામને ઠાકોરજી પાસે સૂવડાવ્યો અને દોડતા જઈને મહંત સ્વામીને બધી વાત કરી.

સ્વામી એકદમ ઉતાવળા મંદિર ઉપર આવ્યા. સંતો-હરિભક્તો ભેગા થઈ ગયા હતા. મહંત સ્વામીએ કહ્યું, “કાળાભાઈ, ચિંતા કરશો નહિ, મહારાજ જેરામની રક્ષા કરશે. તમે બધા સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરો. સ્વામિનારાયણ મહામંત્ર કાળરૂપી કાળા સર્પનું ઝેર ઊતારનારો છે, તો આ કાળોતરા નાગનું ઝેર ઊતારવું, એમાં શી મોટી વાત છે ?”

સ્વામીનાં વચનથી સંતો-હરિભક્તો સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરવા લાગ્યા. જેરામને સર્પના વિષથી ઘેન ચડવા માંડ્યું હતું. ઝેરના પ્રભાવથી જેરામ ઝોલે ચડ્યો હતો.

ઝેરનો પ્રભાવ પારખવા માટે એક જુવાનીયો લીંબડાના પાંદડા લઈ આવ્યો અને એ પાંદડા જેરામને ખવડાવ્યા.

ઝેરની અસરને લીધે જેરામને કડવો લીંબડો મીઠો લાગ્યો.

કાળાબાપાના અંતરમાં ચિંતા હતી, પણ મહંત સ્વામી જેવા સદ્‌ગુરુના વચનમાં એને પૂર્ણ ભરોસો હતો.

જેમ જેમ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન થવા લાગી, તેમ તેમ જેરામના શરીરમાંથી ઝેરનો પ્રભાવ ઓસરવા લાગ્યો. જેરામ ઘેનમાંથી બહાર આવવા લાગ્યો અને વિશેષને વિશેષ સચેત થવા લાગ્યો.

આખરે સ્વામિનારાયણ મહામંત્રના પ્રભાવથી અને સ્વામી જેવા સમર્થ સંતના આશીર્વાદથી જેરામનું ઝેર ઊતરી ગયું.

હવે એને કડવા લીંબડાના પાંદડા કડવા જ લાગતા હતા. એટલે લોકોને પણ ખાતરી થઈ કે હવે જેરામના શરીરમાં ઝેરની અસર રહી નથી.

સ્વામીનાં વચને મહારાજે જેરામની ઝેરથી રક્ષા કરી હતી, માટે કાળાબાપા વગેરે પરિવારજનોના અંતરમાં ખૂબ જ શાંતિ થઈ.

મોડી રાત થઈ ચૂકી હતી. જેરામ, કાળાબાપા અને સગાં સંબંધીઓ હજુ મંદિરમાં જ હતા. જેરામને ઊંઘ આવવા માંડી. જેરામ ઝોલા ખાવા માંડ્યો.

લોકવાયકા પ્રમાણે જેને સર્પદંશ થયો હોય તેને સૂવા ન દેવાય, એટલે લોકો એને જાગતો રાખવા માટે પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે મહંત સ્વામી બોલ્યા, “જેરામને શાંતિથી સૂવા દ્યો. જેરામનું ઝેર ઊતરી ગયું છે. મહારાજે જેરામની રક્ષા કરી છે. આ ઊંઘ તો જેરામની કુદરતી ઊંઘ છે, માટે ચિંતા કરો મા. તમે બધા પણ આજે મંદિરમાં જ સૂઈ જાઓ. સવારે જેરામને ઘરે લઈ જજો.”

સ્વામીનાં વચને સ્વામિનારાયણ મહામંત્રનું સ્મરણ કરતા કરતા સર્વે સૂતા. વહેલી સવારે સંતો જાગ્યા અને સ્નાનાદિક ક્રિયામાં પરોવાયા.

મહંત સ્વામીએ જેરામને અને કાળાબાપાને જગાડીને કહ્યું કે, “હવે જેરામ ઉપરની ઘાત ઊતરી ગઈ છે. તમે ઘરે જાઓ.”

કાળાબાપાએ જેરામને પૂછ્યું, “જેરામ ! તને કેમ છે ?”

જેરામે કહ્યું, “બાપા ! મને સાવ સારું છે.”

આટલું કહી જેરામ કાળાબાપાની સાથે ચાલીને ઘરે ગયો.

કાળાબાપાએ ઘરે જઈને જેરામની આંગળીનો પાટો ખોલ્યો તો આંગળીનું ટેરવું કાળું ભઠ્ઠ થઈ ગયું હતું.

કાળોતરા નાગનું ઝેર સ્વામીની કૃપાથી જેરામને ટેરવે થીજી ગયું હતું.

શંકરે વિષને ગળામાં રોકી લીધું હતું, સ્વામીએ જેરામના ઝેરને એની આંગળીના ટેરવે થીજાવી દીધું હતું. સમય જતાં દવાખાનામાં એ ટેરવાનું ઓપરેશન કરી કાઢી નાખવામાં આવ્યું. ટેરવું થોડું બુઠ્ઠું થયું, પણ જેરામની શૂળીની ઘાત કાંટાથી ગઈ. જેરામને નિરામય દીર્ઘાયુષ્ય પ્રાપ્ત થયું.

આજે પણ કાળાબાપાના છોકરાઓ ખૂબ સારો સત્સંગ રાખે છે. સ્વામી જેવા મહાન સંતની કૃપાથી આ પરિવાર ખૂબ જ સુખી થયેલો છે અને વેપાર - ધંધામાં ખૂબ જ આગળ વધેલો છે.

કાળ આવ્યો તો પણ કાઢી મેલ્યો છે !

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રીધર્મજીવનદાસજી સ્વામીના કૃપાપાત્ર શિષ્ય કોઠારી સ્વામી હરિજીવનદાસજીનો એક પ્રસંગ જાણવા જેવો છે. આ પ્રસંગ મહંત સ્વામીના અલૌકિક ઐશ્વર્યની ઝાંખી કરાવે છે.

વિ. સં. ૨૦૦૦ની સાલ હતી. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ જૂનાગઢ શ્રીસ્વામિનારાયણ મંદિરના મહંતપદે બિરાજતા હતા. ગુરુકુલની હજુ શરૂઆત થઈ નહોતી.

સ્વામી જૂનાગઢ મંદિરના સેવાકાર્યમાં ઓતપ્રોત હતા.

આ અરસામાં સ્વામીનું શિષ્યમંડળ ખૂબ જ નાનું હતું. સ્વામીના શિષ્યમંડળમાં પુરાણી સ્વામી હરિપ્રિયદાસજી, કોઠારી સ્વામી હરિજીવનદાસજી, પુરાણી સ્વામી ભગવદ્‌જીવનદાસજી અને પાર્ષદવર્ય નારણ ભગત વગેરે ચાર પાંચ શિષ્યો હતા.

એક તો નાનું મંડળ, એમાં પણ જૂનાગઢ મંદિરની સેવાઓની મોટી જવાબદારી, એટલે માણસોની ખેંચ રહે તે સહજ છે.

અધૂરામાં પૂરું કોઠારી સ્વામી હરિજીવનદાસજીને ટાઈફોડ તાવ લાગુ પડ્યો.

ઘણા ઔષધ-ઉપચાર કર્યા, પણ કોઠારી સ્વામીના શરીરે કોઈ રાહત ન થઈ. દિવસે અને દિવસે એમનું શરીર નબળું અને અશક્ત બનતું ગયું.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના અંતરમાં કોઠારી સ્વામીની ખૂબ જ ચિંતા રહેતી હતી. તેઓ આખો દિવસ જૂનાગઢ મંદિરના સેવાકાર્યમાં રોકાયેલા હોવા છતાં પણ સમય કાઢીને કોઠારી સ્વામીની સારસંભાળ રાખતા હતા અને બીજા પાસે રખાવતા હતા.

કોઠારી સ્વામીની બિમારી લંબાતી ગઈ. હવે તો એવું લાગી રહ્યું હતું કે, “એમનું શરીર નહીં રહે.

આ અરસામાં મહંત સ્વામી ગોંડલ બિરાજતા હતા. એમના મનમાં થયું કે, “શાસ્ત્રી સેવાકાર્યમાં રોકાયેલા છે. નાના સાધુ માંદા છે, એટલે શાસ્ત્રી ભારે ચિંતા કરે છે. મારે એની ચિંતા દૂર કરવી જોઈએ.”

મહંત સ્વામીએ જૂનાગઢ સમાચાર મોકલ્યા કે, “તમે માંદા સાધુને ગોંડલ મોકલી દ્યો. અમે અહીંયા એમની સારવાર કરીશું.”

મહંત સ્વામી એક વડીલ ગુરુબંધુને છાજે એમ પોતાનો સેવાધર્મ - પોતાની જવાબદારી નિભાવી રહ્યા હતા.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજને પણ સ્વામીની વાત યોગ્ય લાગી અને તેઓ કોઠારી સ્વામીને ગોંડલ મૂકી ગયા.

મહંત સ્વામી એક મા જેવા સાધુ હતા. મા જેમ દીકરાની સારસંભાળ રાખે તેમ મહંત સ્વામી કોઠારી સ્વામીની કાળજી રાખતા હતા.

એક દિવસની વાત છે. રાત્રિનો સમય હતો, લગભગ બાર વાગ્યાનો સુમાર હતો. મહંત સ્વામી માંદા સંત હરિજીવનદાસજીની પાસે આવ્યા અને વાત્સલ્યપૂર્ણ હૃદયે એમના મસ્તક પર હાથ ફેરવ્યો.

સમર્થ મહાપુરુષ મહંત સ્વામીના દિવ્ય સ્પર્શથી કોઠારી સ્વામીને શાંતિની અનુભૂતિ થઈ. સૂકાતા છોડને પાણી મળે અને છોડ નવપલ્લવિત થાય એ રીતે કોઠારી સ્વામીના શરીરમાં ચેતનાનો નવસંચાર થયો.

કોઠારી સ્વામીએ ધીરે રહીને આંખો ખોલી, તો પોતાની સામે મા જેવા મમતાળુ સંત મહંત સ્વામીને જોયા.

શરીરમાં ખૂબ નબળાઈ હતી, છતાં કોઠારી સ્વામીએ મહંત સ્વામીને બે હાથ જોડી વંદન કર્યા. મહંત સ્વામીએ કરુણાભરી દૃષ્ટિ કોઠારી સ્વામીના મુખારવિંદ ઉપર ફેરવીને વહાલથી પૂછ્યું, “માળા પાપ ! તને કેમ છે ?”

ખૂબ લાંબી ચાલેલી બીમારીથી કોઠારી સ્વામી કંટાળી ગયા હતા. તેઓ ધીરે સ્વરે બોલ્યા, “સ્વામી ! તમે દયા કરો તો સારું થાય.”

મહંત સ્વામી જાણે આ નાના સંતની સમજણની કસોટી કરતા હોય એમ એના મસ્તક ઉપર હાથ ફેરવતા ફેરવતા પૂછ્યું, “બોલ, તારી શું ઈચ્છા છે ? ધામમાં જવું છે કે જીવવું છે ?”

સ્વામીની વાત સાંભળી કોઠારી સ્વામી બોલ્યા, “સ્વામી ! જેવી તમારી મરજી હોય તેમ કરો, તમારે ધામમાં મોકલવો હોય તો ધામમાં મોકલો અને જીવાડવો હોય તો જીવાડો, પણ આ માંદગીથી છોડાવો.”

કોઠારી સ્વામીનો જવાબ સાંભળી મહંત સ્વામી મંદ મંદ હસ્યા, પછી થોડીવાર આંખો મીંચી, મહારાજનું સ્મરણ - ધ્યાન કરી, નેત્રો ખોલી બોલ્યા, “હરિજીવનદાસ ! તું હજુ નાનો છો, તારે તો સત્સંગની ખૂબ સેવા કરવાની છે. અમે તને સાજો કરીએ તો તું દેવની સેવા કરીશને ?” કોઠારી સ્વામીએ બે હાથ જોડીને કહ્યું, “સ્વામી ! તમે જેમ કહેશો એમ હું કરીશ.” કોઠારી સ્વામીની વાત સાંભળીને સ્વામી ખૂબ રાજી થયા અને બોલ્યા, “તું હવે મહારાજને સંભારીને શાંતિથી સૂઈ જા. અમે મહારાજને પ્રાર્થના કરીશું, મહારાજ તને સારું કરી દેશે.”

કોઠારી સ્વામી આંખો મીંચીને સૂઈ ગયા. સ્વામીના સાનિધ્યમાં એમને મીઠી ઊંઘ આવી ગઈ. મહંત સ્વામી એની પથારીની પાસે આખી રાત હાથમાં માળા લઈને સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરતા કરતા મહારાજને પ્રાર્થના કરતા રહ્યા.

વહેલી સવારે સ્વામીએ ફરીથી કોઠારી સ્વામીના મસ્તક ઉપર પોતાનો પ્રેમાળ હાથ ફેરવીને જગાડ્યા અને કહ્યું, "જો, માળા પાપ ! તારો કાળ આવ્યો હતો, પણ મહારાજના પ્રતાપે અમે એને કાઢી મેલ્યો છે. હવે ચિંતા કરીશ નહિ અને જીવે ત્યાં સુધી સત્સંગની સેવા કરજે."

આટલી ભલામણ કરીને સ્વામી સ્નાનાદિ ક્રિયા કરવા માટે ગયા.

આ બાજુ મહંત સ્વામીના આશીર્વાદથી કોઠારી સ્વામીને શરીરે ભારે પરસેવો વળ્યો, તાવ ઊતરી ગયો. શરીરમાં નવી સ્ફૂર્તિ આવી અને થોડા દિવસમાં તો સાવ સાજાસારા થઈ ગયા.

કોઠારી સ્વામી જ્યારે જ્યારે આ પ્રસંગ સંભારે છે, ત્યારે ભારે ગદ્‌ગદ્‌ બની જાય છે અને કહે છે, "એ દિવસે મહંત સ્વામીની દયાથી શરીરનો બધો રોગ કાળા મળરૂપે બહાર નીકળી ગયો. મારું શરીર હળવું ફૂલ બની ગયું. "

"મારું આ જીવન છે, એ મહંત સ્વામીની દયાને લીધે છે. સ્વામીએ મને મરણપથારીયેથી બેઠો કર્યો છે."

મહંત સ્વામીના આશીર્વાદથી કાળના મુખમાંથી પાછા ફરેલા કોઠારી સ્વામી અદ્યાપિ પર્યંત ગુરુકુલ તેમજ સત્સંગની નાનીમોટી સેવાઓ ભારે ખંતથી કરી રહ્યા છે. મહંત સ્વામીએ એમને આપેલો આદેશ એમણે આજીવન પાળ્યો છે.

આજે આશરે નેવું વર્ષની ઉંમરે પહોંચેલા કોઠારી સ્વામીનું જીવન મહંત સ્વામીના અલૌકિક ઐશ્વર્યની સાક્ષી પૂરે છે.

આ દરદ દવાથી નહિ, દુવાથી મટ્યું છે

વિ. સં. ૨૦૦૦ની સાલ હતી. સદ્‌ગુરુ મહંત સ્વામી રાજકોટમાં બિરાજતા હતા. આ સમયે એક અકલ્પનીય ઘટના બની.

જેતપુરમાં એક વયોવૃદ્ધ સંત હતા. એમનું નામ સ્વામી રાધારમણદાસજી હતું. એમના હાથની દશેય આંગળીયોમાં કાળી બળતરા થતી હતી.

જેતપુરથી કોઠારી સ્વામી હરિકૃષ્ણદાસજી એમને લઈને રાજકોટ દવાખાને બતાવવા આવ્યા.

રાજકોટના પ્રસિદ્ધ ડૉક્ટરનું નિદાન એવું આવ્યું કે, "સ્વામીના હાથમાં

ગેંગરીનનો રોગ છે. આ રોગ કોઈ દવાથી મટી શકે એમ નથી. આને માટે તો ઓપરેશન કરીને પોંચા સુધી બેય હાથ કાપવા પડશે.

જો આ ઓપરેશન વહેલાસર નહીં કરવામાં આવે, તો આ રોગ વધારે વિસ્તરતો જશે અને આગળ જતા કદાચ હાથ કાપવાનો વારો આવશે.''

ડૉક્ટરની વાત સાંભળીને કોઠારી હરિકૃષ્ણદાસજી થોડા ચિંતામાં પડ્યા અને કહ્યું કે, ''ભલે, અમે આ અંગે વિચારીને નિર્ણય લઈશું.''

કોઠારી સ્વામી હરિકૃષ્ણદાસજી સ્વામી રાધારમણદાસજીને લઈને રાજકોટના દાણાપીઠવાળા સ્વામિનારાયણ મંદિરે આવ્યા અને મહંત સ્વામીને બધી વાત કરી.

મહંત સ્વામીએ કહ્યું, ''આ રાધારમણદાસજી તો વૃદ્ધ ઉંમરના છે. એના પોંચા સુધી હાથ કાપવામાં આવે તો એની દેહક્રિયા કેમ કરશે ? એ ભારે પરાધીન થઈ જશે. માટે ઓપરેશન કરાવવાની ઉતાવળ કરવી નહિ. આપણે કોઈ સારા વૈદ્યને બોલાવી જોઈએ અને દવા કરાવી જોઈએ. અમને લાગે છે કે, દેશી દવાથી મહારાજ સારું કરશે.''

એ વખતે રાજકોટમાં વૈદ્યરાજ દયાશંકરભાઈ અને વૈદ્યરાજ બાલુભાઈ સુપ્રસિદ્ધ વૈદ્ય હતા. તેઓને સંતો પ્રત્યે અત્યંત ભાવ હતો.

સ્વામીએ કોઈ હરિભગત મારફતે બેય વૈદ્યોને તેડાવ્યા અને બધી વાત કરી.

બંને વૈદ્યરાજોએ સ્વામી રાધારમણદાસજીને તપાસ્યા પછી પરસ્પર ચર્ચા વિચારણા કરી અને એક પ્રયોગ કરવાનું નક્કી કર્યું.

વૈદ્યરાજોએ એરંડિયું મંગાવ્યું. બે પાત્રોમાં એરંડિયું ભરવામાં આવ્યું અને રાધારમણદાસજી સ્વામીના બેય હાથ એક એક પાત્રમાં બોળીને રાખવામાં આવ્યા.

એકબાજુ આ પ્રયોગ ચાલુ હતો, બીજી બાજુ કરુણામૂર્તિ સંત મહંત સ્વામી ઠાકોરજીની પાસે એક પગે ઊભા રહીને માળા કરતા કરતા આ વયોવૃદ્ધ સંતને મહારાજ સારું કરે', એવી પ્રાર્થના કરી રહ્યા હતા.

એક બાજુ એરંડિયાનો પ્રયોગ ચાલુ રહ્યો, બીજી બાજુ મહંત સ્વામીની પ્રાર્થના ચાલુ રહી. બેએક કલાક વીતી ત્યાં રાધારમણ સ્વામીની હાથની બળતરા ઓછી થવા લાગી અને સવાર થતાં થતાં તો એ બળતરા સાવ શમી ગઈ.

એરંડિયાનો પ્રયોગ તો નિમિત્ત હતો. ખરેખર તો મહંત સ્વામીની પ્રાર્થના મહારાજે સાંભળી હતી.

બીજે દિવસે સવારે બંને વૈદ્યરાજો સ્વામીના સ્વાસ્થ્યની તપાસ કરવા આવ્યા, ત્યારે એમને પણ આશ્ચર્ય થયું.

હાથની બળતરા આટલી જલદી શાંત થઈ જશે, એવી તો વૈદ્યરાજોને પણ કલ્પના નહોતી.

એમણે કહ્યું, "સ્વામી ! આમાં તો ખરેખર આપ જેવા મહાન સંતના આશીર્વાદ જ કામ કરી રહ્યા છે."

વૈદ્યરાજોએ રોગને અનુરુપ ઔષધ - ઉપચાર ચાલુ રાખ્યા. સ્વામીને રોજ ગાયના ઘીનો શીરો કરી જમાડવામાં આવ્યો અને આઠેક દિવસમાં તો ગેંગ્રીન સાવ મટી ગયું.

હાથના આંગળાના દશેય ટેરવા કાળા થઈને સૂકાઈ ગયા.

ત્યાર પછી સ્વામીને ફરીથી પેલા ડૉક્ટર પાસે દેખાડવા લઈ ગયા, ત્યારે ડોકટરના પણ આશ્ચર્યનો પાર ન રહ્યો.

એમના મુખમાંથી શબ્દો સર્યા કે, "આ દરદ દવાથી નહિ, દુવાથી મટ્યું છે."

ડોકટરે નાનું ઓપરેશન કરી કાળા ટેરવા કાપી નાખ્યા, આંગળીઓ સહેજ ઠૂંઠી થઈ ગઈ. હાથના પોંચા કાપવાની વાત હતી, એ માત્ર ટેરવા કાપવાથી પતી ગઈ.

સ્વામીને જીવ્યા ત્યાં સુધી આંગળીઓના ટેરવામાં કોઈ જાતની પીડા થઈ નહોતી.

સાટો ખવડાવી જીર્ણ જ્વર કાઢ્યો !

જૂનાગઢમાં સદ્‌ગુરુ સ્વામી રામસુખદાસજી નામે પવિત્ર સંત હતા. તેઓ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના ગુરુભાઈ હતા. તેઓ ખૂબ ભલાભોળા અને સારા સાધુ હતા. તેમનું શરીર ચાલ્યું ત્યાં સુધી તેઓ દરરોજ પાંચ હજાર દંડવત કરતા હતા. શરીર વૃદ્ધ થયું તોય પણ આશરે ત્રણ હજાર દંડવત તો અવશ્ય કરતા.

આ રીતે એમણે લાખો દંડવત્ કર્યા હતા. દંડવત કરવાની એમની શ્રદ્ધા દાદ માગી લે તેવી હતી. એમની દંડવતભક્તિ અજોડ હતી.

કોઈ દુઃખી હરિભગત સ્વામી પાસે આવે, ત્યારે સ્વામી એમને દંડવતનું ફળ આપતા અને એમના દુઃખ-દરદનું નિવારણ કરતા હતા.

સ્વામી રામસુખદાસજીને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ સાથે ખૂબ જ સ્નેહ હતો. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે ગુરુકુલની સ્થાપના કરી, ત્યાર પછી સ્વામી રામસુખદાસજી અવારનવાર ગુરુકુલ પધારતા. 'ગુરુકુલનાં સેવાકાર્યો સતત વિકસતા રહે', એ માટે સ્વામી રામસુખદાસજીએ પોતે કરેલા એક લાખ દંડવતનું ફળ અર્પણ કર્યું હતું.

સ્વામી રામસુખદાસજીના એક શિષ્ય હતા. એમનું નામ સાધુ હરિચરણદાસજી હતું. સ્વામી હરિચરણદાસજી મુમુક્ષુ સંત હતા.

સ્વામી રામસુખદાસજી ગામડાઓમાં વિચરણ કરતા, ત્યારે સ્વામી હરિચરણદાસજી સ્વામીની જોડમાં સાથે રહેતા. ભાવથી સ્વામીની સેવા કરતા અને સ્વામીને રાજી કરતા હતા.

સ્વામી હરિચરણદાસજીને શરીરમાં દરરોજ બપોર પછી તાવ આવતો હતો. આ તાવે કાયમ માટેના જીર્ણ જ્વરનું રૂપ ધર્યું હતું.

અનેક પ્રકારની દેશી દવાઓ કરી, કળી-કળિયાતુ અને સુદર્શનના પ્રયોગ કર્યા, ઘણી બધી કડવાણી પીધી, છતાં આ જીર્ણ જ્વરમાં કશો ફરક પડ્યો નહિ.

એક સમયની વાત છે. સ્વામી રામસુખદાસજી પોતાના શિષ્ય હરિચરણદાસજીને સાથે લઈને ગોંડલ પધાર્યા અને અહીંયા તેઓ મહંત સ્વામીના સાનિધ્યમાં કેટલાક દિવસ રહ્યા.

સ્વામી હરિચરણદાસજી ગુણિયલ સંત હતા. તેઓ દરરોજ સવારમાં પ્રભાતિયાં કીર્તનો બોલતા, ભક્તચિંતામણિના પ્રકરણોનું ગાન કરતા. પરિણામે મહંત સ્વામી આ સાધુ ઉપર ખૂબ જ રાજી થતા હતા.

આ દરમ્યાન પુરાણી સ્વામી ગોપીનાથદાસજીના અક્ષરવાસની તીથિ આવી. આ તિથિના દિવસે હેતવાળા હરિભક્તોએ સાટા-જલેબીની રસોઈ દીધી હતી.

ઠાકોરજીને સાટા-જલેબીનો થાળ ધરવામાં આવ્યો, પછી સંતોની પંક્તિ થઈ.

સ્વામી હરિચરણદાસજી મહંત સ્વામીની બાજુમાં જ જમવા બેઠા હતા.

પંક્તિમાં સાટા-જલેબી પીરસાયા પરંતુ હરિચરણદાસજીએ સાટા-જલેબી લીધા નહિ, એટલે માનત સ્વામીએ કહ્યું, “માળા પાપ ! તેં કેમ સાટાની પ્રસાદી ન લીધી ?”

હરિચરણદાસજી બોલ્યા, “સ્વામી ! મને દોઢેક વર્ષથી જીર્ણ જ્વર છે. બપોર પછી તાવ આવી જાય છે. મિષ્ટાન્ન જમું તો તાવ જોર કરી જાય છે, એટલે હું જમવામાં મિષ્ટાન્ન લેતો નથી.”

નાના સાધુની વાત સાંભળી સ્વામીના અંતરમાં દયા ઉપજી. એમણે મહારાજને સંભારીને પોતાના હાથમાં એક સાટો ઊઠાવ્યો અને હરિચરણદાસજીના પત્તરમાં મૂકીને બોલ્યા, “લે આ પ્રસાદી, મહારાજને સંભારીને જમી જા. આજથી તારો તાવ ગયો.” સ્વામી હરિચરણદાસજીને મીઠાઈ જમવામાં સહેજ પણ રુચિ થતી નહોતી, છતાં સ્વામીને મોટા સંત માનીને એમણે સાટાની પ્રસાદી લીધી. પણ મનમાં થતું

હતું કે, “મેં સાટો ખાધો છે, એથી આજે મને તાવ વધારે હેરાન કરશે.” પરંતુ બપોર પછી શરીરમાં તાવે જરાય દેખા દીધી નહિ. સ્વામી હરિચરણદાસજીને ભારે આશ્ચર્ય થયું . આજે તાવ તો ન આવ્યો પણ શરીરમાં રોજ કરતા વિશેષ સ્ફૂર્તિનો અનુભવ હરિચરણદાસજીને થઈ રહ્યો હતો.

આ જીર્ણ જ્વર દોઢ વર્ષથી હરિચરણદાસજીનો કેડો મૂકતો નહોતો, પણ આજે ક્યાંય અદશ્ય થઈ ગયો હતો ! એટલું જ નહિ એ જીર્ણ જ્વરે હરિચરણદાસજીના શરીરમાંથી કાયમ માટે ઉચાળા ભર્યા હતા.

દોઢ દોઢ વર્ષથી જાતજાતના કડવા ઔષધ પીવાથી પણ જે જીર્ણ જ્વર જવાનું નામ લેતો નહોતો, એ જીર્ણ જ્વરને મહંત સ્વામીએ સાટા ખવડાવીને ભગાડી મૂક્યો હતો !

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની પાસે જ્યારે શિષ્યોની સંખ્યા સાવ ઓછી હતી, ત્યારે સ્વામી હરિચરણદાસજીએ શાસ્ત્રીજી મહારાજની સેવા કરીને રાજીપો મેળવ્યો હતો.

મહારાજની મરજી નથી

અમરેલીની બાજુમાં અમરાપર ગામ આવેલું છે. આ અમરાપર ગામ એટલે સત્સંગની મા મુક્તાનંદ સ્વામીની પ્રાગટ્યભૂમિ.

એક સમયની વાત છે. સદ્‌ગુરુ મહંત સ્વામી અમરાપર ગામે બિરાજતા હતા. એ જ સમયે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રીધર્મજીવનદાસજી સ્વામી એમની પાસે એક વિનંતી લઈને પધાર્યા.

વાત એમ બની હતી કે, દીવમાં એક ધનાઢ્ય શેઠ રહેતા હતા. તેઓ સારા મુમુક્ષુ હતા. તેમનું નામ કલ્યાણજીભાઈ હતું. તેઓ ભગવાન સ્વામિનારાયણના આશ્રિત નહોતા, પણ સત્સંગ પ્રત્યે ખૂબ જ આદરભાવ ધરાવતા હતા.

આ કલ્યાણજી શેઠને ત્યાં એકનો એક દીકરો હતો. પ્રારબ્ધવશાત્ એને અસાધ્ય રોગ લાગુ પડ્યો હતો.

ધનાઢ્ય શેઠ કલ્યાણજીભાઈએ એકના એક દીકરાના રોગના નિદાનમાં ખૂબ ખર્ચો કર્યો હતો, છતાં રોગ રંચમાત્ર મટ્યો નહોતો.

દિવસે દિવસે દીકરાની સ્થિતિ દયાજનક થતી જતી હતી. કોઈના મુખેથી એમણે મહંત સ્વામીનો પ્રૌઢ-પ્રતાપ સાંભળ્યો હતો.

શેઠને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ સાથે હેત હતું. એટલે શેઠે સ્વામીને વાત

કરી કે, "શાસ્ત્રીજી ! અમે સાંભળ્યું છે કે, મહંત સ્વામી ખૂબ જ પ્રતાપી છે. તમે એમને અમારા વતી વિનંતી કરો, સ્વામી દયા કરે તો મારો એકનો એક દીકરો સાજો થાય." આટલું કહી શેઠ બોલ્યા, "સ્વામી ! જો મારો દીકરો સાજો થશે, તો અમે આખો પરિવાર સત્સંગી થઈશું અને દીવમાં અમારા ખર્ચે સ્વામિનારાયણ ભગવાનનું મંદિર બંધાવી આપીશું."

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ દીવના કલ્યાણજી શેઠની પ્રાર્થના લઈને અમરાપર મહંત સ્વામી પાસે આવ્યા હતા. ગુરુદેવે પોતાના મોટા ગુરુભાઈ પ્રતાપી સંત મહંત સ્વામીને દંડવત પ્રણામ કરી કલ્યાણજી શેઠની પ્રાર્થના સંભળાવી.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની વાત સાંભળી મહંત સ્વામીએ કહ્યું, "શાસ્ત્રીજી ! હું મહારાજને પ્રાર્થના કરી જોઈશ. પછી તો આપણી અરજી અને એની મરજી !"

આમ વાત કરતા કરતા સંધ્યા આરતીનો સમય થયો. આરતી, સ્તુતિ, ધૂન, ભજન, કથાવાર્તા થયા, નિયમ ચેષ્ટાના પદો બોલાયા. રાત્રિ વીતવા લાગી અને સૌ પોતપોતાને આસને સૂવા ગયા.

સહુ સંતો સૂઈ ગયા હતા, પરંતુ મહંત સ્વામી જાગતા હતા. તેઓ હાથમાં માળા લઈને ઠાકોરજીની મૂર્તિ સામે બેસી ગયા અને આખી રાત માળા ફેરવતા રહ્યા. વહેલી સવારે સ્વામી સ્નાનાદિકથી પરવારી પૂજાપાઠમાં બેઠા.

પૂજાપાઠ પૂર્ણ થયા, એ સમયે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ સ્વામીના દર્શન કરવા આવ્યા. સ્વામીએ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજને કહ્યું, "શાસ્ત્રીજી ! કલ્યાણજી શેઠના છોકરાની આવરદા પૂરી થઈ ગઈ છે. અમે મહારાજને એની આવરદા વધારી આપવાની વિનંતી કરી, પરંતુ એમાં મહારાજની મરજી દેખાણી નહિ. માટે હવે એ છોકરો થોડા સમયમાં દેહ મેલી દેશે."

આટલી વાત કરી સ્વામીએ બીજી વાત કરી કે, "શાસ્ત્રી ! આપણે મહારાજની મરજીમાં ચાલવું. મોટા શ્રીમંત લખેશરી શાહુકારોની મહોબતમાં લેવાવું નહિ.

મહારાજની મરજી હશે તો દીવમાં મંદિર થશે, નહિતર નહીં થાય."

પોતાના વડીલ ગુરુબંધુ મહંત સ્વામીની વાત ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના દિલમાં બરાબર બેસી ગઈ અને તેઓ જીવનભર ક્યારેય સત્ય વાતમાં કોઈની શેહ કે મહોબતમાં લેવાયા નહોતા. બેચાર દિવસ પછી સમાચાર આવ્યા કે, 'કલ્યાણજી શેઠના દીકરાએ દેહ મેલી દીધો છે.'

મહારાજની સાથે મુખોન્મુખ વાત કરીને, મહારાજની મરજીને જાણનારા મહંત સ્વામીને હજારો હજાર વંદન...

તારી ઘાત મહારાજે ટાળી નાખી છે

એક સમયની વાત છે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રીધર્મજીવનદાસજી રાજકોટના દાણાપીઠના સ્વામિનારાયણ મંદિર ખાતે બિરાજમાન હતા.

રાજકોટ ગુરુકુલની શુભ શરૂઆત કરવાની તૈયારીઓ ચાલી રહી હતી. આ સમયે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના યુવાન શિષ્ય સ્વામી હરિપ્રિયદાસજી સ્વામીની સેવામાં હતા. તેઓ ભારે વ્યવહારકુશળ હતા.

બન્યું એવું કે, સ્વામી હરિપ્રિયદાસજીની તબિયત એકદમ બગડી. સખત ઝાડા થયા. પેટમાં કશું જ રહે નહિ એવી પરિસ્થિતિ થઈ. ઘણા ઉપચારો કર્યા, પણ ફેર પડ્યો નહિ.

સમય વીતતો ગયો. ઝાડાને લીધે શરીર નીચોવાતુ ગયું. પરિસ્થિતિ ઘણી જ ગંભીર થઈ ગઈ. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનું હૃદય ચિંતાતુર થયું. 'શું કરવું ?' એની વિચારણા કરવામાં આવી.

આજ અરસામાં સદ્‌ગુરુ મહંત સ્વામી રાજકોટ પાસેના રીબ ગામે બિરાજતા હતા. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજને પોતાના આ વડીલ ગુરુબંધુ અને પરમ પવિત્ર સંત મહંત સ્વામીમાં પૂર્ણ શ્રદ્ધા, પ્રેમ અને આદર હતા.

ગુરુદેવના મનમાં થયું કે, જો મહંત સ્વામી આશીર્વાદ આપે તો આ સાધુને સારું થઈ જાય.

ગુરુદેવે તાબડતોબ કોઈ હરિભગત દ્વારા રીબમાં બિરાજતા મહંત સ્વામીને સંદેશો મોકલ્યો અને કૃપા કરી રાજકોટ પધારવા વિનંતી કરી.

નાના ગુરુબંધુનો સંદેશો મળતાં જ મહાકરુણામય મૂર્તિ મહંત સ્વામી રાજકોટ પધાર્યા. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજને મળ્યા.

ગુરુદેવે યુવાન સંત હરિપ્રિયદાસજીની માંદગીની વાત કરી.

મહંત સ્વામી હરિપ્રિયદાસજીને દર્શન દેવા પધાર્યા.

સ્વામી હરિપ્રિયદાસજી અત્યંત અશક્તિને લીધે અર્ધબેભાન અવસ્થામાં પથારીમાં સૂતા હતા.

મહંત સ્વામીએ એના શરીર ઉપર વાત્સલ્યભર્યો હાથ ફેરવ્યો.

સ્વામીએ જોયું તો, સ્વામી હરિપ્રિયદાસજીનું શરીર સાવ ઠંડું થઈ ગયું હતું અને શરીરનો રંગ પણ લીલો કાચ જેવો થઈ ગયો હતો.

મહંત સ્વામીએ તુરત જ મોળું દહીં અને વાટેલી મેથી મંગાવ્યા. બેયને ભેળા

કર્યા અને સ્વામી હરિપ્રિયદાસજીને પાયા. પછી સ્વામી એમની પથારી પાસે બેસી, નેત્ર મીંચી સ્વામિનારાયણ મહામંત્રની માળા કરવા લાગ્યા.

ધીરે ધીરે સમય પસાર થતો ગયો. લગભગ બે'ક કલાક વીત્યા. હરિપ્રિયદાસજીને શરીરે રાહત જણાવા લાગી.

સ્વામીએ ધીરે રહીને હરિપ્રિયદાસજીના માથા ઉપર હાથ મેલ્યો. હરિપ્રિયદાસજીએ આંખો ખોલી અને મહંત સ્વામીની સામે જોયું.

મહંત સ્વામીએ પણ કરુણાભરી દૃષ્ટિથી હરિપ્રિયદાસજીની સામે જોઈને પૂછ્યું, “હવે તને કેમ છે ?”

હરિપ્રિયદાસજીએ બે હાથ જોડીને કહ્યું, “સ્વામી ! મને રાહત છે. પેટમાં ભારે ચૂંક આવતી હતી અને આંટીઓ પડતી હતી, તે બેસી ગઈ છે અને પેટમાંથી ઝરતો મળ બંધ થઈ ગયો છે.” મહંત સ્વામીએ કહ્યું, “માળા પાપ ! તારા ઉપર બહુ મોટી ઘાત હતી, તે મહારાજે ટાળી નાખી છે. મહારાજે તને નવું જીવન દીધું છે, હવે જીવનભર મહારાજને ભૂલતો નહિ અને સત્સંગની સેવા કરતો રહેજે.”

સ્વામી હરિપ્રિયદાસજીએ કહ્યું, “ભલે, સ્વામી ! આપની આજ્ઞા પ્રમાણે કરીશ.”

મહંત સ્વામીની કૃપાથી સ્વામી હરિપ્રિયદાસજી મરણ પથારીયેથી બેઠા થયા.

તેઓ જીવનભર આ જીવનદાયક પ્રસંગ ભૂલી શક્યા નહોતા. જ્યારે જ્યારે તેઓ આ પોતાના જાત અનુભવના આ પ્રસંગને સંભારતા, ત્યારે ગળગળા થઈ જતા હતા અને કહેતા હતા કે, “મારું જે આ જીવન છે, તેતો મહંત સ્વામીની કૃપાને લીધે છે.”

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના વ્યવહારકુશળ શિષ્ય તરીકે તેઓએ રાજકોટ ખાતે ગુરુકુલની શરૂઆતમાં મહત્ત્વપૂર્ણ સેવાઓ બજાવી હતી.

તેજસ્વી સ્વભાવને કારણે તેઓ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની સ્વભાવ ઉપરની ટોકણી સહન કરી શક્યા નહોતા અને ગુરુદેવથી છૂટા પડીને જૂનાગઢ મંદિરમાં વસ્યા હતા.

તેઓ ઘણા સમય સુધી જૂનાગઢ મંદિરના મહંત રહ્યા હતા અને જૂનાગઢ મંદિરનો સારો એવો વિકાસ કર્યો હતો.

પોતાની પાછલી ઉંમરમાં તેઓશ્રીએ શ્રીસ્વામિનારાયણ ગુરુકુલ, ગાંધીનગરના સંસ્થાપક શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજીના સહકારથી નર્મદા ડેમની બાજુમાં કેવડીયા કોલોની ખાતે સ્વામિનારાયણ ગુરુકુલની સ્થાપના કરી હતી.

મહત્ત્વની વાત એ છે કે, પુરાણી સ્વામી હરિપ્રિયદાસજી ભલે શાસ્ત્રીજી મહારાજથી અલગ થયા, પરંતુ જીવનભર ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનો ઉપકાર ભૂલ્યા નહોતા. પોતે નીડર અને સ્પષ્ટવક્તા હતા. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનું કોઈપણ ઘસાતું બોલે તો તેઓ સહન કરી શકતા નહોતા અને જડબાતોડ જવાબ દેતા અને સમયે આવ્યે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનો શૂરવીરતાથી પક્ષ રાખતા.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ પણ પુરાણી સ્વામી હરિપ્રિયદાસજીને પૂર્ણ આદર અને સન્માન આપતા હતા અને જૂનાગઢ દેશમાં સંપ્રદાય સંબંધી સેવાકાર્યોમાં હમેશા તેમને આગળ રાખતા હતા.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે શ્રીસ્વામિનારાયણ મંદિર - જૂનાગઢના મહંત પદે બિરાજીને અનેક વિકાસ કાર્યો કર્યા હતા અને બીજા પણ સત્સંગ ઉત્કર્ષના કાર્યો કર્યા હતા.

પુરાણી સ્વામી હરિપ્રિયદાસજીએ આ સેવાકાર્યની ગાથા ગાતો વિશાળ શિલાલેખ મંદિરના પશ્ચિમ ભાગના સિદ્ધેશ્વર મહાદેવના શિખરમાં નીડરતાથી નખાવ્યો હતો.

દયા કરી દીકરો અને દૃષ્ટિ બેય દીધી

ગોંડલમાં વાળંદ જ્ઞાતિના એક ખૂબ સારા સત્સંગી હતા. માધવજીભાઈ તેનું નામ હતું. તેઓ મૂળ રામોદ ગામના હતા.

સેવાભાવી સ્વભાવ એ વાળંદ જ્ઞાતિની વિશિષ્ટતા છે. માધવજીભાઈ પણ ખૂબ સેવાભાવી હતા.

મહંત સ્વામી પ્રત્યે એમને અપાર શ્રદ્ધા હતી. સ્વામી ગોંડલમાં હતા, ત્યારે માધવજીભાઈ સ્વામીની સેવામાં ખડે પગે હાજર રહેતા.

ગોંડલમાં સ્વામી બીમાર થયા ત્યારે માધવજીભાઈએ સ્વામીની ખૂબ સારી સેવા કરી હતી. સ્વામીને ગોઠણે વા થયેલો, તેથી દુઃખાવો રહેતો. સેવાભાવી માધવજીભાઈ સવાર - સાંજ સ્વામીના ગોઠણ ઉપર ઔષધયુક્ત તેલનું માલિશ કરતા હતા. આ રીતે મહિમાભાવથી સેવા કરીને માધવજીભાઈએ આ મહાન સંતનો રાજીપો મેળવ્યો હતો. માધવજીભાઈને શરીરે અશક્તિ રહેતી હતી. સ્વામીની કૃપાથી માધવજીભાઈની અશક્તિ દૂર થઈ હતી.

આશ્ચર્યની વાત એ હતી કે, દયાએ કરીને અનેક જીવના દુઃખ - દરદને દૂર કરનારા સ્વામી પોતાનાં દરદને દૂર કરવા માટે મહારાજને ક્યારેય પ્રાર્થના કરતા નહિ.

માધવજીભાઈ સેવાભાવી સત્સંગી હતા, પરંતુ એમને દીકરાની ખોટ હતી.

સ્વામીએ રાજી થઈને માધવજીભાઈને આશીર્વાદ આપ્યા અને સ્વામીના આશીર્વાદથી માધવજીભાઈની મનોકામના પૂર્ણ થઈ. એમને ત્યાં મોટી ઉંમરે દીકરાનો જન્મ થયો.

દીકરાનો જન્મ થવાથી માધવજીભાઈના પરિવારમાં આનંદનો પાર ન રહ્યો.

દીકરો સહેજ મોટો થતા માધવજીભાઈ એને લઈને મંદિરે આવ્યા. સ્વામી પાસે વર્તમાન ધરાવી કંઠી બંધાવી અને વિનંતી કરી, "સ્વામી ! આપની પ્રાર્થનાથી મહારાજે આ દીકરો દીધો છે, તો આ દીકરાનું નામ પણ આપ જ પાડો."

સ્વામીએ કહ્યું, "માધવજી ! આજે ભીમ એકાદશી છે. માટે આ છોકરાનું નામ 'ભીમજી' રાખજે. આ છોકરો ભવિષ્યમાં ભીમ જેવો ભડવીર થશે."

એકવાર નાનકડા ભીમજીની આંખો ઊઠી આવી. માધવજીભાઈ ભીમજીને કોઈ વૈદ્ય પાસે લઈ ગયા.

વૈદ્યે નાનકડા ભીમજીની આંખોમાં ઔષધ આંજ્યું અને આંખે પાટા બાંધી દીધા અને કહ્યું કે, "આ પાટો ત્રણ દિવસ પછી ખોલજો."

માધવજીભાઈ ભીમજીને ઘરે લાવ્યા. બે - ત્રણ દિવસ પસાર થયા. પાટો ખોલવામાં આવ્યો અને જોયું તો આંખો સોજીને દડા જેવી થઈ ગઈ હતી. ભીમજી આંખો ખોલી શકતો નહોતો.

ભીમજીની આ સ્થિતિ જોઈને માધવજીભાઈના મનમાં ખૂબ ચિંતા થઈ. તેઓ ભીમજીને લઈને મંદિરે મહંત સ્વામી પાસે આવ્યા.

મહંત સ્વામીએ કહ્યું, "માધવજી ! ચિંતા કરીશ નહિ. મહારાજ ભીમજીની આંખોની રક્ષા કરશે."

આટલું કહી સ્વામીએ ભીમજીને ગૌશાળામાં લેવડાવ્યો. ગૌશાળાની થોડી ગોરજ લઈ સ્વામીએ ભીમજીના શરીર ઉપર છાંટી. ત્યાર પછી સ્વામીએ ગાયોના ગળે બાંધેલી ઘંટડી ધીરે ધીરે વગાડી.

ઘંટડીનો મધુર સ્વર સાંભળતા ભીમજી ધીમે ધીમે આંખો ઉઘાડવા લાગ્યો.

સ્વામીએ માધવજીભાઈને કહ્યું, "માધવજી ! આપણે બે-ચાર દિવસ માટે આ પ્રયોગ ચાલુ રાખવો પડશે. તું રોજ ભીમજીને મંદિરે લાવજે. ગાયોની ઘંટડીનો નાદ ભીમજીની આંખોને સારી કરશે."

સ્વામીના કહેવા પ્રમાણે માધવજીભાઈ બે - ચાર દિવસ સુધી ભીમજીને લઈને મંદિરે આવતા રહ્યા. આ અલમસ્ત ઓલિયા સંત ભીમજીને ગૌશાળામાં

લઈ જતા રહ્યા, ગાયોની ઘંટડી વગાડતા રહ્યા, ઘંટડીનો ધીરો મધુર સ્વર ભીમજીના કાનોમાં જતો રહ્યો, ભીમજી ધીરે ધીરે વધારેને વધારે આંખો ઊઘાડતો રહ્યો અને આખરે ભીમજીની આંખોનું દરદ જતું રહ્યું. ભીમજીની આંખોમાં નવું તેજ અને દૃષ્ટિ મળ્યા.

વૈદ્યક શાસ્ત્રના ઈતિહાસમાં ઘંટડીના નાદે આંખો સારી થઈ હોય, એવું ઉદાહરણ જોવા મળતું નથી.આ તો જે કાંઈ થયું, એ તો મહંત સ્વામી જેવા અલમસ્ત ઓલિયાના આશીર્વાદથી થયું.ધીરે ધીરે ભીમજીભાઈ મોટા થયા. ખૂબ સારા સત્સંગી થયા. ગોંડલમાં સરકારી નોકરી મળી. વ્યવહારે સુખી થયા, પરંતુ માનત સ્વામીની કૃપાને યાદ કરી રોજ મંદિરે દર્શને આવતા રહ્યા.

મહંત સ્વામીએ ભીમજીને નાનપણમાં ગાયોની મધુર ઘંટડી સંભળાવી હતી, એનું જ જાણે પરિણામ હોય તેમ ભીમજીભાઈનો કંઠ ગાયોની ઘંટડી જેવો જ મધુર હતો. તેઓ ઠાકોરજીની આગળ ખૂબ પ્રેમથી કીર્તનો બોલતા.

મહારાજ અને મહંત સ્વામીના મહિમાને યાદ કરતા અને સ્વામીએ દયા કરીને એમને જે દૃષ્ટિ આપી, તે સંભારીને ગદ્‌ગદ્‌ થઈ જતા હતા.

ભગવાન તારું ઘર હર્યું ભર્યું કરશે

ગોંડલમાં એક મિસ્ત્રી હરિભગત હતા. પ્રેમજીભાઈ નારણભાઈ એમનું નામ હતું. તેઓ સરકારી નોકરી કરતા અને વ્યવહારે સુખી હતા.

પ્રેમજીભાઈ નિયમિત રીતે મંદિરે દર્શને આવતા હતા અને મહંત સ્વામીનો સમાગમ કરી તેઓએ મહંત સ્વામીનો ખૂબ રાજીપો મેળવ્યો હતો.

ક્યારેક ક્યારેક ભગવાન ભક્તોની ભારે કસોટી કરતા હોય છે અને ભક્તની ધીરજ અને નિષ્ઠાને ચકાસતા હોય છે.

પ્રેમજીભાઈની પણ ભગવાને આકરી કસોટી કરી હતી.

પ્રેમજીભાઈના પત્ની લાંબી માંદગી ભોગવીને અક્ષરવાસી થયા હતા.

પત્નીના અક્ષરવાસનું દુઃખ જ્યાં માંડ માંડ ભૂલાવા આવ્યું હતું, ત્યાં એમનો એકનો એક દીકરો ભીખાલાલ પણ ટૂંકી માંદગી ભોગવીને અક્ષરવાસી થયો.

પ્રેમજીભાઈ ઉપર દુઃખના ડુંગર તૂટી પડ્યા. એમને ઘર ભેંકાર ભાસવા લાગ્યું અને પોતાને સાવ આધારવિહોણા અનુભવવા લાગ્યા.

સત્સંગની એક વિશિષ્ટતા રહી છે, સત્સંગીઓને જ્યારે સુખદુઃખ આવે છે ત્યારે સાચા સંતો એમનો સહારો થતા હોય છે.

પવિત્ર - સાચા સંતોનો સમાગમ હોય, તો સુખમાં છકી જવાતું નથી અને દુઃખમાં ડૂકી જવાતું નથી. ડુંગર જેવા દુઃખના ભારથી દબાયેલા પ્રેમજીભાઈ મંદિરે મહંત સ્વામીના દર્શને આવ્યા અને સ્વામીના ચરણમાં મસ્તક મૂકી પોકે પોકે રડી પડ્યા.

દયાળુ દિલના સ્વામી સત્સંગીઓના દુઃખને જોઈ શકતા નહિ. સ્વામીનું દિલ દ્રવી ઉઠ્યું અને બોલ્યા, "માળા પાપ ! છાનો રે, શું કામ રડે છે ?"

પ્રેમજીભાઈએ કહ્યું, "સ્વામી ! હું સાવ આધાર વગરનો થઈ ગયો. મારી પત્ની ધામમાં ગઈ, મારો એકનો એક દીકરો ભીખાલાલ ધામમાં ગયો, હવે મારું કોણ ?" સ્વામીએ કહ્યું, "માળા ! સંસારના સગાં - સંબંધી ક્યારેય કોઈના આધાર થતા હશે ? સાચો આધાર તો મહારાજનો ગણાય. તું કાંઈ નોધારો નથી થયો. મહારાજ તારી હાર્યે છે.

આ જગત તો નાશવંત છે, જે જન્મે એ મરે છે. તું સત્સંગી થઈને આવું રડે તે ઠીક નહિ."

પ્રેમજીભાઈએ કહ્યું, "સ્વામી ! બધી વાત સાચી, પરંતુ મારું શરીર દિવસે દિવસે વૃદ્ધ થતું જાય છે. ઘરમાં હું સાવ એકલો થઈ ગયો. મારી સેવાચાકરી કોણ કરશે ?"મહંત સ્વામીના દિલમાં ભારે દયા ઉપજી અને સ્વામી બોલ્યા, "પ્રેમજી ! જા, તારા ભેળા ભગવાન છે. ભગવાન તને એકલવાયો નહિ રહેવા દ્યે. તારા ઘરને ભગવાન ફરીથી હર્યું ભર્યું કરી દેશે."

આટલું કહી સ્વામીએ પ્રેમજીભાઈને ખૂબ જ ધીરજ અને આશ્વાસન આપ્યા.

ધીરે ધીરે સમય સરતો રહ્યો. પ્રેમજીભાઈનો સારા ઘરમાં ફરીથી સંબંધ થયો. પ્રેમજીભાઈએ બીજાં લગ્ન કર્યાં. પ્રેમજીભાઈને ત્યાં 'જયંતિ' નામે દીકરો થયો.

સ્વામીના આશીર્વાદથી પ્રેમજીભાઈનું ઘર પાછું પંખીના માળાની જેમ કલરવ કરતું થઈ ગયું.

મોટા સંતોના આશીર્વાદ પ્રારબ્ધના થરોને કાપી નાખતા હોય છે અને અકલ્પનીય રીતે હરિભક્તોનું ભાગ્ય વળાંક લઈ લેતું હોય છે.

રૂપિયા બે હજાર અખૂટ રહ્યા

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીની પ્રાગટ્યભૂમિ અમરાપરમાં લોહાણા જ્ઞાતિમાં એક સારા હરિભગત હતા. એનું નામ શેઠ રામજીભાઈ વિઠલાણી હતું.

રામજીભાઈના પિતાશ્રી માવજીભાઈ અને દાદા ભીમજીભાઈ ઉપર સદ્‌ગુરુ

બાલમુકુંદદાસજી સ્વામી વગેરે સંતોનો ખૂબ જ રાજીપો હતો. સત્સંગના વારસાના સંસ્કારો રામજી શેઠમાં ઊતર્યા હતા. રામજીભાઈ શેઠની એક નાની હાટડી હતી, નાનકડો વેપાર હતો. હાટડીની ટૂંકી આવકથી પોતાની આજીવિકા ચલાવતા હતા. રામજી શેઠનો પરિવાર મોટો હતો. એમને ચાર દીકરા અને ચાર દીકરીઓ હતી. આ બધાનો નિભાવ નાનકડી હાટડીની આવકમાંથી કરવાનો હતો. તેઓ કાયમ માટે નાણાંભીડમાં રહેતા. માથે દેણું થઈ ગયું હતું, તેથી એમની મૂંઝવણનો પાર ન હતો.

એક દિવસની વાત છે. સદ્‌ગુરુ મહંત સ્વામી અમરાપર ગામે પધાર્યા હતા. અમરાપરના હરિભક્તો ઉપર સ્વામીની અમીદૃષ્ટિ હતી.

રામજી શેઠ સ્વામીના દર્શને આવ્યા. ઉદાસ ચહેરાવાળા રામજી શેઠને જોઈને મહંત સ્વામીએ પૂછ્યું, “માળા પાપ ! કેમ આટલો બધો મૂંઝાયેલો છો ?”

રામજી શેઠે કહ્યું, “સ્વામી ! મારે ભારે આર્થિક ઉપાધિ છે. માથે દેણું થઈ ગયું છે. ઘરમાં ચાર ચાર દીકરા અને ચાર ચાર દીકરીઓ છે. આટલા મોટા પરિવારનું ગુજરાન કેમ ચલાવવું ? એની ચિંતા રાતદિવસ સતાવે છે. આપ કરુણા કરો તો મારો વ્યવહાર સારો થાય.”

રામજી શેઠની વાત સાંભળીને આ અલમસ્ત સંતના અંતરમાં એનું દુઃખદારિદ્ર દૂર કરવાની ઉલટ આવી. સ્વામીએ કહ્યું, “એલા, રામજી ! તને કેટલા રૂપિયા મળે, તો તારો વ્યવહાર સરખો થાય ?”

રામજી શેઠે કહ્યું, “સ્વામી ! જો બે હજાર રૂપિયા મળે, તો બધું સરખું થઈ જાય.” સ્વામી કહે, “માળા પાપ ! માગી માગીને બે હજાર રૂપિયા માગ્યા !”

રામજી શેઠ કહે, “સ્વામી ! વધારે રૂપિયા મળે તો મંદિર, દેવદર્શન અને આપ જેવા સંતોના સમાગમમાં આળસ ચડી જાય. માટે માપસર હોય તો સત્સંગમાં પણ સારું રહે, માટે મારે વધારે રૂપિયા જોઈતા નથી.”

કુબેર કૃપા વરસાવવા તૈયાર હોય અને એ વખતે જેનું મન ચળે નહિ, એવા વિરલા તો કોક જ હોય.

સામાન્ય રીતે માનવની ધનતૃષ્ણા તો પાતાળ લગી ફાટેલી પૃથ્વી જેવી હોય છે. હજારો કુબેર ભેગા થાય પણ માણસની ધનલાલસાને પૂર્ણ કરી શકતા નથી.

મહંત સ્વામી ધારે તો કુબેર તો ઠીક પણ સાક્ષાત્ ભગવાન નારાયણનો વૈભવ આપી શકે એવા સમર્થ હતા, પણ સામે રામજી શેઠની સમજણ પણ શ્રેષ્ઠ હતી. એમનો સંતોષ આદરણીય હતો.

રામજી શેઠની સમજણ જોઈને મહંત સ્વામી ખૂબ જ રાજી થયા અને બોલ્યા,

“રામજી ! મહારાજ તને બે હજાર રૂપિયા આપશે. તું એમાંથી ગમે એટલા વાપરીશ તોય બે હજારના બે હજાર જ રહેશે, ઓછા નહિ થાય. માટે હવે ચિંતા છોડી નિરાંતે મહારાજનું ભજન કર.”

મહાસાગરના મોજાં જેવી સ્વામીના અંતરની મોજથી રામજી શેઠ ન્યાલ થઈ ગયા. સ્વામીના આશીર્વાદ પ્રમાણે એમને અણધારી રીતે જ રૂપિયા પ્રાપ્ત થયા.

રામજી શેઠ એમાંથી જેટલા વાપરે એટલા અચાનક ગમે ત્યાંથી આવી જતા.

મહારાજ અને સ્વામીની કૃપાથી રૂપિયા બે હજારમાં એક રૂપિયો ઓછો ન થતો. આ બે હજાર રૂપિયામાંથી રામજી શેઠે પોતાના ચાર દીકરા અને ચાર દીકરીઓને વરાવ્યા - પરણાવ્યા પણ રૂપિયા ઓછા ન થયા !

સામાન્ય રીતે એવો નિયમ છે કે, “દુઃખમેં સુમિરન સબ કરે, સુખમેં કરે નહીં કોઈ” પરંતુ રામજી શેઠની વાત ન્યારી હતી. એમને મનધારી લક્ષ્મી મળતી ગઈ એમ એમ એમનો સત્સંગ પણ સવાયો અને સવાયો થતો ગયો.

રામજી શેઠને ત્યાં અમૃતલાલભાઈ, માધવજીભાઈ, મોહનલાલભાઈ અને પ્રભુદાસભાઈ નામે ચાર દીકરાઓ હતા. ચારેય દીકરાઓનો પરિવાર આજે પણ ખૂબ સારો સત્સંગ રાખે છે.

રામજી શેઠની ચારેય દીકરીઓ પણ પરણીને જ્યાં જ્યાં સાસરે ગઈ છે, ત્યાં ખૂબ સારો સત્સંગ ફેલાવ્યો છે.

રામજી શેઠને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ સાથે ખૂબ જ સ્નેહ હતો. પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી અને જોગી સ્વામીનો પણ આ પરિવાર ઉપર ખૂબ જ રાજીપો હતો.

રામજી શેઠે પોતાના નાના પુત્ર પ્રભુદાસને ગુરુકુલમાં ભણવા મૂકેલા હતા. ગુરુકુલની એકદમ શરૂઆતમાં ભાડાના ઓરડાઓમાં સાત વિદ્યાર્થીઓની પહેલી બેચ શરૂ થઈ, ત્યારે પ્રભુદાસ તેમાંના એક હતા. પ્રભુદાસની ઉંમર આજે બ્યાંસી વર્ષની છે, અને ખૂબ સારો સત્સંગ રાખે છે.

કાળો ગોળ ઉજળો થયો

ગોંડલ પાસેના પાટીદડ ગામે કણબી જ્ઞાતિના એક હરિભક્ત રહેતા હતા. ડાહ્યાભાઈ લીલા એમનું નામ હતું. ડાહ્યાભાઈ મહંત સ્વામીના કૃપાપાત્ર સત્સંગી હતા. એક સમયની વાત છે. ડાહ્યાભાઈએ પોતાની વાડીયે શેરડીનો વાઢ વાવેલો. ભગવાનની કૃપાથી શેરડીનો વાઢ સારો જામ્યો હતો.

શેરડી પાકવા આવી, ત્યારે ડાહ્યાભાઈએ પોતાની વાડીયે સિંચોડો માંડ્યો હતો. રસની કૂંડીઓમાં રસ ભરાતો હતો અને મોટી મોટી કઢાઈઓમાં રસને ઉકાળી ગોળ બનાવવામાં આવી રહ્યો હતો.

જૂના જમાનામાં જ્યારે સિંચોડો મંડાતો ત્યારે જાણે લગ્નનો માંડવો નાખ્યો હોય, એવું આનંદ - ઉત્સવનું વાતાવરણ છવાઈ જતું.

ડાહ્યાભાઈની વાડીયે આવું જ મંગલ વાતાવરણ હતું.

આજ અરસામાં મહંત સ્વામી ગોંડલ મંદિરમાં બિરાજતા હતા. ડાહ્યાભાઈના અંતરમાં સ્વામી તેમજ સાધુ-સંતો પ્રત્યે ખૂબ જ ભાવ હોવાથી થયું કે, "આ સિંચોડો ચાલે છે, એ દરમ્યાન જો સ્વામી મારી વાડીયે પધારે, રસ અને ગોળ ઠાકોરજીને ધરાવે, સહુ સંતો જમે, તો મારી વાડી પાવન થઈ જાય અને શેરડીના વાઢ માટે જે પુરુષાર્થ કર્યો તે સફળ થઈ જાય."

આમ વિચારીને ડાહ્યાભાઈ લીલાએ ગાડું જોડ્યું અને સ્વામીને તેડવા માટે ગોંડલ આવ્યા. મંદિરમાં ઠાકોરજીના દર્શન કરી, સ્વામી પાસે આવીને દંડવત પ્રણામ કર્યા. સ્વામી કહે, "એલા, પાપ ! કેમ આવ્યો ?"

ડાહ્યાભાઈએ કહ્યું, "સ્વામી ! મારી વાડીયે સિંચોડો ચાલે છે. આપ ઠાકોરજી અને સંતોને લઈ વાડીયે પધારો અને તાજો રસ અને તાજો ગોળ જમો, એવો મારો હૃદયનો ભાવ છે અને એટલા જ માટે આ ગાડું લઈને તમને તેડવા આવ્યો છું."

ડાહ્યાભાઈની ભાવભરી વિનંતી સાંભળીને મહંત સ્વામી પાટીદડ જવા તૈયાર થયા. કોઠારી સ્વામી કેશવપ્રિયદાસજી વગેરે સંતોને સાથે લીધા અને ડાહ્યાભાઈના ગોળના માંડવે પધાર્યા. ડાહ્યાભાઈના હૈયામાં હરખ સમાતો નહોતો, કારણ કે ભગવાન જેવા સાધુ એની વાડીયે પધાર્યા હતા.

સ્વામી ગોળના માંડવામાં બિરાજમાન થયા. સાથેના સંતોએ ઠાકોરજીને તાજો રસ અને તાજો ગોળ ધરાવ્યો.

સ્વામી ચોખ્ખા એકટાણા કરતા હોવાથી એમને રસ અને ગોળ જમવા નહોતા, પરંતુ માત્ર ને માત્ર ડાહ્યાભાઈના મનોરથને પૂર્ણ કરવા માટે સ્વામીએ રસ ભરેલી તુંબડીમાં આંગળી બોળી અને પોતાના મુખમાં બે ટીપાં રસના મેલ્યા અને ગોળની નાની ગાંગડી જમ્યા. પછી બધા સંતોને સ્વામીએ પોતે તાજો ગોળ પીરસ્યો.

એવામાં સ્વામીની દૃષ્ટિ ગોળના થાળા ઉપર પડી. ગોળનું થાળું કપડાંથી ઢાંકેલું હતું. સ્વામીને કોણ જાણે અંતરમાં શું પ્રેરણા થઈ કે સ્વામીએ કપડાંને ઊંચું કર્યું અને થાળા સામે જોયું, તો થાળામાં કાળો કાળો ગોળ ભર્યો હતો.

સ્વામીએ કહ્યું, "એલા, ડાહ્યા ! આ ગોળ આવો કાળો કેમ છે ? ઉજળો કેમ નથી ?" ડાહ્યાભાઈએ કહ્યું, "સ્વામી ! આ વાડીના પાણીમાં કાંઈક ખામી છે, તેથી આવો કાળો જ ગોળ થાય છે, ઉજળો થતો નથી."

સ્વામી હસીને બોલ્યા, "એલા ડાહ્યા ! અમારો સત્સંગ ઉજળો, અમારા સત્સંગી ઉજળા, અમારા સાધુ ઉજળા અને અમારા હરિભક્તોનો ગોળ આવો કાળો થાય, એ ન હાલે ! "

આમ કહી મહંત સ્વામીએ ઠાકોરજીનું પ્રસાદીનું જળ ડાહ્યાભાઈના હાથમાં આપ્યું અને કહ્યું, "જ્યારે જ્યારે રસની કઢાઈ ઉતારવાની થાય ત્યારે આ પાણી રસની કઢાઈમાં નાખજે, મહારાજ તારો ગોળ ઉજળો કરી દેશે."

પરમ શ્રદ્ધાળુ ડાહ્યાભાઈએ પ્રસાદીનું જળ હાથમાં લીધું. બરાબર એ જ વખતે ચૂલ ઉપરથી ગોળની કઢાઈ નીચે ઉતરવાની તૈયારીમાં હતી.

સ્વામીએ પોતે મહારાજને સંભારીને પ્રસાદીના જળની ત્રણ અંજલિ કઢાઈમાં ઉકળતા ગોળ ઉપર છાંટી.

આશ્ચર્યની વાત એ હતી કે, કઢાઈનો ગોળ એકદમ ઉજળો અને ચીકાશ વગરનો થઈ ગયો. ડાહ્યાભાઈ અને ગોળને માંડવે એકઠા થયેલા બધાના દિલમાં ભારે નવાઈ લાગી.

માણસો પાણીને શુદ્ધ કરવા માટે જાતજાતના ઉપાયો અજમાવે છે, શેરડીના રસને ઉજળો કરવા માટે પણ આજે જાતજાતના રસાયણો વપરાય છે.

અહીં તો માત્ર પાણીની અંજલિથી રસના મેલને દૂર કરી દેવાની વાત હતી. પાણીથી રસનો કે ગોળનો મેલ જાય ! એવું ક્યારેય સાંભળ્યું નથી. આ તો મહંત સ્વામી જેવા મહાન સંતના સંકલ્પબળનું પરિણામ છે.

મહંત સ્વામી માત્ર રસ કે ગોળના મેલને હરનારા સંત નહોતા, પરંતુ તેઓ દૃષ્ટિમાત્રથી મનના મેલને પણ હરી લેનારા મહાપુરુષ હતા.

ભગવાનનો ભાગ કાઢજો

અમરાપરમાં કાનજીભાઈ તેમજ રામજીભાઈ પણ ખૂબ સારા હરિભગત હતા, પરંતુ તેમનો વ્યવહાર જોઈએ એવો સારો નહોતો.

એક વખત શેઠ રામજીભાઈ વિઠલાણીએ મહંત સ્વામીને વિનંતી કરી, "સ્વામી ! આપે મારા ઉપર કૃપા કરીને જેમ મને વ્યવહારે સુખિયો કર્યો છે, એ જ રીતે આ બેય ભાઈઓ ઉપર પણ કૃપાદૃષ્ટિ કરો અને એમને પણ સુખી કરો."

મહંત સ્વામીએ તો હરિભક્તોના દુઃખ દરદને દૂર કરવા માટે જ શરીર ધારણ કર્યું હતું.

સ્વામીએ બેય ભાઈઓને કહ્યું, “તમે બેય જણા તમારી ખેતીવાડીમાંથી જે ઉપજ આવે, એમાંથી ભગવાનનો ભાગ કાઢજો. ભગવાન તમારો વ્યવહાર સારો કરશે.” બેય ભાઈઓએ સ્વામીનાં વચનમાં વિશ્વાસ રાખીને ખેતીની ઉપજમાંથી ભગવાનનો દશાંશ - વિશાંશ ભાગ કાઢવો શરૂ કર્યો.

જેમ જેમ તેઓ ભગવાનનો ભાગ કાઢતા ગયા, તેમ તેમ તેમનો વ્યવહાર સુધરતો ગયો. સ્વામીની કૃપાદૃષ્ટિથી એમનું પ્રારબ્ધ ફરી ગયું. એમની ખેતીવાડી સમૃદ્ધ થતી ગઈ. જેમ જેમ તેઓ સુખી થતા ગયા, તેમ તેમ તેમનો સત્સંગ પણ વધારે સુદૃઢ થતો ગયો.

મહંત સ્વામી જેવા સંતોની કૃપાથી કાનજીભાઈ સત્સંગમાં ઘણી ઊંચી સ્થિતિને પામ્યા. કાનજીભાઈને જ્યારે અંતસમય આવ્યો, ત્યારે મહારાજે અગાઉથી દર્શન દઈને કહ્યું હતું કે, “અમે તમને અમુક દિવસે અને અમુક સમયે ધામમાં તેડી જશું.”

કાનજીબાપાએ ભગવાન સ્વામિનારાયણના આ અલૌકિક ઐશ્વર્યની વાત આખા ગામમાં જાહેર કરી હતી અને વર્તમાનપત્રોમાં પણ આ વાત પ્રસિદ્ધ થઈ હતી. કાનજીબાપા સાવ સાજા સારા હતા. લોકોને એમની વાત સાંભળીને આશ્ચર્ય થતું હતું, તેઓને કાનજીબાપાની વાત મનાતી નહોતી, પરંતુ કાનજીબાપાને મહારાજનાં વચનમાં પૂર્ણ વિશ્વાસ હતો.

તેઓએ અગાઉથી પોતાની પાલખી અને અંત સમયે ઓઢવાનું ખાંપણ તૈયાર રખાવ્યા હતા. ભગવાન શ્રીહરિ પણ પોતે આપેલા સમય પ્રમાણે કાનજીબાપાને જગજાહેર ધામમાં તેડી ગયા હતા.

કાનજીભાઈને ત્યાં મધુભાઈ, રવજીભાઈ અને ગોકળભાઈ નામે પુત્રો થયા અને રામજીભાઈને ત્યાં માવજીભાઈ નામના દીકરા થયા.

આ બંને ભાઈઓ આજે પણ પોતાની ઉપજમાંથી ભગવાનનો ભાગ કાઢે છે અને ખૂબ સારો સત્સંગ રાખે છે.

★★★★★★

અમરાપર ગામ ઉપર સ્વામી કાયમ કૃપા વરસાવતા રહ્યા. અમરાપરના મંદિરમાં પાણીની ખૂબ જ તંગીને લીધે સંતો તેમજ હરિભક્તોને સ્નાન વગેરે માટે પાણીની ખૂબ જ તકલીફ રહેતી હતી. હરિભક્તોએ આ અંગે સ્વામીને વિનંતી કરી.

સ્વામીએ મહારાજને સંભારીને ડંકી નાખવાની જગ્યા બતાવી કહ્યું, “આ જગ્યાએ દાર કરાવો. મહારાજ ખૂબ પાણી દેશે.” સ્વામીનાં વચને હરિભક્તોએ દાર કરાવ્યો. દારમાં અખૂટ પાણી થયું, દાર ઉપર ડંકી મૂકવામાં આવી. કાળ - દુકાળે પણ આ ડંકીમાં પાણી ખૂટતું નહિ.

આ ડંકીનું પાણી માત્ર મંદિર માટે જ વપરાતું નહોતું, પાણીની અછતના સમયમાં આ ડંકીનું પાણી અમરાપર ગામના લોકો માટે પણ આશીર્વાદરૂપ થયું હતું.

ગુંદાસરાના મૂળજી ભગત

રાજકોટની બાજુમાં ગુંદાસરા ગામ આવેલું છે. વર્ષો પહેલા સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી આ ગામમાં પધાર્યા હતા અને સત્સંગનાં બીજ રોપ્યા હતા.

આ ગામ ઉપર પૂજ્ય મહંત સ્વામી, ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી સ્વામી અને અખંડ ભગવદ્‌પરાયણ જોગી સ્વામી વગેરેની ખૂબ જ કૃપા રહેલી છે.

ઉત્તમ ધરતીમાં ઉત્તમ બીજ વવાય અને એ બીજ સારી રીતે ઊગી નીકળે, ફૂલે, ફાલે એ જ રીતે આ મહાન સંતોના સમાગમથી ગુંદાસરામાં સત્સંગના બીજ ઊગ્યા, ફૂલ્યા અને ફાલ્યા. પૂજ્ય મહંત સ્વામી અવારનવાર ગુંદાસરા પધારતા રહેતા હતા. પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી પણ સ્વામીની સાથે ગુંદાસરા પધારતા.

પૂજ્ય મહંત સ્વામીના પાવનકારી દર્શન અને પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજીની બળભરી કથાવાર્તાથી ગુંદાસરાના સત્સંગમાં ભારે જોમ પેદા થયું હતું. દિવસે દિવસે સત્સંગીઓની સંખ્યા વધતી જતી હતી.

અખંડ ભગવદ્ પરાયણ જોગી સ્વામી અખંડ ધૂનોના આયોજન કરી ગુંદાસરાના સત્સંગને વધુને વધુ સુદૃઢ કરતા હતા.

ઉત્તમ માળીના જોગમાં જેમ બગીચો ખીલી ઊઠે, એ જ રીતે આ પવિત્ર સંતોના જોગથી ગુંદાસરા ગામના સત્સંગનો બગીચો ભારે ખીલી ઊઠ્યો હતો.

ગુંદાસરામાં ઠુમ્મર મુળજી ભગત ભારે મુમુક્ષુ જીવ હતા. મહંત સ્વામીના યોગમાં આવતા મૂળજી ભગતને ભગવાન સ્વામિનારાયણનો મહિમા સમજાયો હતો. તેઓએ સ્વામીના હાથે કંઠી બંધાવી ભગવાન સ્વામિનારાયણનો આશ્રય કર્યો હતો.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી સ્વામી અને અખંડ ભગવદ્ પરાયણ જોગી સ્વામી વગેરે મહાન સંતોના તેઓ કૃપાપાત્ર બન્યા

હતા. દિવસે દિવસે મૂળજી ભગતના અંતરમાં સત્સંગ દૃઢ થતો ગયો અને તેઓ ઉત્તમ એકાંતિક ભક્તરાજ થયા હતા. મૂળજી ભગત સંસારમાં રહેતા હતા, છતાં પણ તેઓ પાણીમાં કમળ રહે એમ જળકમળવત્ નિર્લેપ ભાવે રહેતા હતા.

મહારાજા જનક અને અંબરીષ જેવા રાજર્ષિઓની જેવી ઉત્તમ સ્થિતિ હતી, મૂળજી ભગતની પણ એવી જ ઉત્તમ સ્થિતિ હતી. સંસાર વ્યવહારના કે શરીરના કોઈપણ સુખદુઃખ એમને સ્પર્શી શકતા નહોતા.

હાલતા-ચાલતા, ખાતાં-પીતાં સર્વ ક્રિયામાં મૂળજી ભગતને મહારાજની મૂર્તિનું અખંડ અનુસંધાન રહેતું. એકવાર મૂળજી ભગત કંઈક ખરીદી માટે રાજકોટ પધાર્યા હતા. અમે એમને પૂછ્યું, “ભગત ! તમે આ બધો વ્યવહાર કરો, એમાં ભગવાનની મૂર્તિ ભૂલાઈ ન જાય ?” ભગતે અત્યંત સરળભાવે જવાબ દીધો, “સ્વામી ! મોટા સદ્‌ગુરુઓની કૃપાથી ભગવાન ભૂલાતા નથી.”

ભગતના જવાબમાં અનુભૂતિની સુગંધ ભરી હતી. એમનું જીવન નિર્મળ અને નાનાં બાળક જેવું નિખાલસ હતું. એમાં ક્યાંય દંભ - દેખાડાને સ્થાન નહોતું.

મહારાજે એમને અનેકવાર દર્શન દીધા હતા. મૂળજી ભગતના જીવનના અનેક દિવ્ય પ્રસંગો છે, જે રાજકોટ ગુરુકુલ તરફથી પ્રકાશિત થયેલા છે. ખરેખર મૂળજી ભગત સાધુ-સંતોએ પણ દર્શન કરવા જેવા ભક્તરાજ હતા. મહંત સ્વામી વગેરે મહાન સંતોની કૃપાથી મૂળજી ભગત આવી ઉચ્ચ સ્થિતિને પામ્યા હતા.

હરિભગતને હેરાન કરીશ તો ખેર નથી

ગુંદાસરામાં એક બહુ સારા હરિભક્ત હતા. એમનું નામ કરસનભાઈ બારસિયા હતું. એમની વાડીમાં એક અવગતિયા જીનની ભારે રંજાડ હતી. પૂર્વનો કોઈ અતિ મલિન - પાપી જીવ મરીને ‘જીન‘ થયો હતો. એણે કરસનભાઈની વાડીના કૂવામાં ધામા નાખ્યા હતા.

કરસનભાઈ કોશ જોડતા ત્યારે પેલો જીન ક્યારેક ક્યારેક અદૃશ્ય રહીને પોતાની શક્તિનો પરચો બતાવવા કૂવાના કોસને પકડી રાખતો, કોશિયા બળદ ગમે એટલું જોર કરે તોપણ કોશ ખેંચી શકતા નહિ. કૂવામાં કોશ કેમ અટવાઈ ગયો છે ? એ જોવા માટે કરસનભાઈ કૂવામાં દૃષ્ટિ કરે તો કાંઈ દેખાય નહિ. કોશ ક્યાંય ભેખડમાં ભરાયેલો પણ ન હોય, ઝાડનાં મૂળિયામાં અટવાયેલો ન હોય.

કરસનભાઈને ભારે આશ્ચર્ય થાય કે, આવું કેમ થઈ રહ્યું છે ? એના મનમાં થયું કે, “નક્કી કોઈ અદૃશ્ય અવગતિયો જીવ આવી કરામત કરી રહ્યો છે.”

આ અરસામાં મહંત સ્વામી ગુંદાસરા પધાર્યા હતા. કરસનભાઈ બારસિયા સ્વામીની પાસે આવ્યા અને પોતાની વાડીમાં થઈ રહેલા અકળ ઉપદ્રવની બધી વાત કરી અને વિનંતીના સૂરે કહ્યું, “સ્વામી ! આપ મારી વાડીયે પધારો અને મારી આ મુશ્કેલી દૂર કરો. કોઈ અવગતિયો જીવ મારી વાડીના કૂવામાં રહે છે અને ક્યારેક ક્યારેક કોશ હાંકવામાં ભારે ઉપદ્રવ કરે છે. ઘણીવાર તો વાડીમાં છતે પાણીએ મોલને પાણી પાઈ શકાતું નથી.”

સ્વામીએ કહ્યું, “ભલે, કરસન ! આજે બપોરે અમે તારી વાડીયે આવીશું અને જોઈ લઈશું કે એ અવગતિયો જીવ તને કેવોક હેરાન કરે છે ?”

ઠાકોરજીના ઉત્થાપન સમયે સ્વામી કરસનભાઈ બારસીયાની વાડીયે સ્નાન કરવા પધાર્યા. કરસનભાઈએ કોશ જોડ્યો, પણ પેલા જીને પોતાનો પ્રભાવ બતાવ્યો અને પાણીથી ભરેલો કોશ પકડી રાખ્યો.

કોશ ખેંચનારા બળદો ટીંગાઈ રહ્યા પણ કોશ ખેંચી શક્યા નહિ. સ્વામીએ પોતાની નજરો નજર આ ઘટના જોઈ. થોડીવાર નેત્ર મીંચી સ્વામીએ વિચાર કર્યો પછી આંખો ખોલીને બોલ્યા, “એલા, કરસન ! તારા કૂવામાં રહેતો અવગતિયો જીવ સાધારણ ભૂત નથી, એ તો શક્તિશાળી જીન છે જીન ! હવે આજે અમારે એ પાપિયાની દવા કરવી પડશે !”

આમ કહી સ્વામી થોડા નજીક આવ્યા, પોતાના બે હાથે વરત પકડ્યું અને કોશને ખેંચ્યો અને હાકલ મારીને કહ્યું, “કરસન ! બળદ હાંક, હવે એ જીનના બાપનીયે તાકાત નથી કે તારા કોશને રોકી શકે.”

કરસનભાઈ કોશ હાંકવા લાગ્યા, કોશ બહાર આવ્યો, થાળામાં પાણી ઠલવાયું, સ્વામી થાળામાં બેઠા અને લોટો ભરી સ્નાન કરવા લાગ્યા.

સ્નાન કરતા કરતા સ્વામીએ સ્વામિનારાયણ મહામંત્રના ઉચ્ચાર સાથે પાણી કૂવામાં છાંટ્યું અને બોલ્યા, “એલા પાપીયા ! જલ્દીથી અહીંથી ચાલ્યો જા. હવે જો આ હરિભગતને હેરાન કરીશ તો તારી ખેર નથી.” સ્વામીની હાકલથી પેલો જીન બળવા લાગ્યો અને એજ સમયે ધૂંવાડાનો ગોટો થઈ આકાશમાં ઊડ્યો.

કરસનભાઈ તો આ દૃશ્ય જોઈ રહ્યા. સ્વામીના પ્રબળ પ્રતાપથી જીને કરસનભાઈના કૂવામાંથી ઉચાળા ભર્યા. સ્વામીની કૃપાદૃષ્ટિથી કરસનભાઈની મુશ્કેલી દૂર થઈ. આ કરસનભાઈ બારસિયાને ત્યાં એક નાનો દીકરો હતો, બાવો એનું નામ હતું. બાવાને કોણ જાણે શું થતું હતું કે તે ન દૂધ પીતો કે ન કાંઈ ખાતો પીતો, રડતો જ રહેતો હતો.

કરસનભાઈએ ઘણા ઉપાય કર્યા પણ બાવો રડતો બંધ થયો નહિ.

કરસનભાઈનો પૂરો પરિવાર બાવાની આ સ્થિતિથી ખૂબ જ દુઃખી રહેતો હતો.

કરસનભાઈ મંદિરે આવ્યા અને મહંત સ્વામીને બધી વાત કરી.

સ્વામીએ કહ્યું, ‘‘કરસન ! તારા છોકરાને મંદિરે લઈ આવ.’’

કરસનભાઈ બાવાને લઈને મંદિરે આવ્યા. બાવાનું રોવાનું ચાલુ જ હતું.

સ્વામીએ પોતાનો કરુણામય હાથ બાવાના આખા શરીર ઉપર ફેરવ્યો. એ સાથે જ બાવાનું રોવાનું બંધ થઈ ગયું.

સ્વામીએ કહ્યું, ‘‘કરસન ! આજની આખી રાત આ બાવલાને તારે ઘરે લઈ જવાનો નથી. તું પણ અહીં મંદિરમાં જ રહે અને આ છોકરાને તારી સાથે જ સૂવડાવી દે.’’ સ્વામીની આજ્ઞા પ્રમાણે કરસનભાઈ બાવાની સાથે મંદિરમાં જ રોકાયા. આ બાજુ સાયંકાળનો સંધ્યાઆરતી વગેરે સર્વ નિયમવિધિ પતાવીને સ્વામી બાવા પાસે આવ્યા, પોતાની માળા બાવાના માથા ઉપર મૂકી અને એ સાથે જ બાવો શાંતિથી સૂઈ ગયો.

સ્વામી ઠાકોરજીની સામે બેસીને બાવાને સારું થાય, એ માટે મહારાજને પ્રાર્થના કરતા કરતા માળા કરવા લાગ્યા.

વહેલી સવારે સ્વામીએ કરસનભાઈને જગાડ્યા અને કહ્યું, ‘‘કરસન ! હવે તારા બાવલાને કંઈ નહિ થાય. પેલા તારા કૂવાવાળા જીને ઘણા સમયથી આ બાવલા ઉપર એની છાયા પાથરી હતી. અમે એને કૂવામાંથી કાઢ્યો એટલે એ ખૂબ ખીજાયો હતો. જો આજે અમે આ છોકરાને અહીં મંદિરમાં ન સૂવડાવ્યો હોત, તો એ જીન બાવલાનો જીવ લઈને જાત, પરંતુ હવે આ બાવલાને મહારાજના રખોપા છે.

આજે રાત્રે મહારાજે હનુમાનજી દ્વારા એ જીનને ભરપૂર મેથીપાક ખવડાવી કાઢી મૂક્યો છે. હવે એ તારી સામે તો ઠીક, બીજા કોઈ હરિભગતની સામે પણ જોવાની હિંમત નહિ કરે.’’

આ રીતે સ્વામીની કૃપાથી બાવાની રક્ષા થઈ. બાવાભાઈ ખૂબ સારા હરિભગત થયા. એમના દીકરાઓ ગુરુકુલમાં ભણ્યા અને તેઓ પણ ખૂબ સારો સત્સંગ રાખે છે.

દૂર-નજીકની માથાફોડ મૂક

મહંત સ્વામી ગામડાઓમાં વિચરણ કરતા રહેતા અને નાના-નાના ભલા-ભોળા હરિભક્તોને સુખ આપતા રહેતા.

એક સમયની વાત છે. મહંત સ્વામી ગુંદાસરા પધાર્યા હતા. ગુંદાસરાના માધાભાઈ બારસિયા સ્વામીના જોગમાં આવતા સત્સંગી થયા હતા.

માધાભાઈએ પોતાના ખેતરમાં કૂવો ગાળ્યો હતો, પણ પાણી થયું નહોતું.

પાણી તો ખેતી અને ખેડૂતોનું જીવન ગણાય. ભારતની વરસાદ આધારિત ખેતી માટે પાણી મહત્ત્વની વસ્તુ છે.

ખેડૂતોના કૂવામાં પાણી થાય ત્યારે ઘરે સાત ખોટનો દીકરો જનમ્યો હોય તેવો આનંદ થાય. કૂવામાં પાણી ન હોય, તો ખેડૂતોના દિલ દીકરા વગરના બાપ જેવા ઉદાસ ઉદાસ રહ્યા કરે. ખેડૂતોની આ મુશ્કેલી જોઈને મહંત સ્વામી જેવા સંતો ભારે વ્યથા અનુભવતા, મહારાજને પ્રાર્થના કરતા. મહારાજ આ પવિત્ર સંતોની પ્રાર્થના સાંભળતા, ખેડૂતોની વાડીઓ પાણીવાળી થતી, ખેતીઓ સમૃદ્ધ થતી અને સાથે સાથે સત્સંગની સમૃદ્ધિ પણ વધતી જતી.

મહંત સ્વામીને આવેલા સાંભળીને માધાભાઈ સ્વામીના દર્શને આવ્યા. તેઓ સ્વામીનો પ્રતાપ જાણતા હતા. એમને મનમાં વિશ્વાસ હતો કે, જો સ્વામી મને આશીર્વાદ આપે તો મારું પાણીનું સંકટ અવશ્ય દૂર થશે.

માધાભાઈએ સ્વામીને હાથ જોડીને પોતાની મુશ્કેલી રજૂ કરી અને કહ્યું કે, "સ્વામી ! આપ કૃપા કરી મારી વાડીયે પગલાં કરો અને મારી પાણીની મુશ્કેલી દૂર કરો." સ્વામી કહે, "માધા ! આજે બપોર પછી અમે તારી વાડીયે આવીશું."

બપોર પછીનો સમય થયો. માધાભાઈની વાડીની બાજુમાં જ એક હરિભગતની વાડી હતી. સ્વામી એ વાડીને કૂવે સ્નાન કરવા પધાર્યા અને ત્યાર પછી સ્વામી માધાભાઈની વાડીયે ગયા.

સ્વામીએ કૂવામાં નજર કરી, કૂવામાં કાળા પથ્થરના થર સિવાય કાંઈ હતું નહિ. સ્વામી ચારે તરફ નજર કરી કૂવાની બાજુમાં જ થોડે દૂર ઊભા રહ્યા અને કહ્યું, "માધા ! આ જગ્યાએ કૂવો ગાળજે. મહારાજ તને જરૂર પાણી આપશે. પણ એક ખ્યાલ રાખજે, તારી ઉપજમાંથી ભગવાનનો ભાગ અવશ્ય કાઢતો રહેજે."

માધાભાઈએ કહ્યું, "સ્વામી ! આ જગ્યા તો કૂવાની નજીકની જ છે. આ કૂવામાં પાણી ન થયું તો આ નવા કૂવામાં પાણી કઈ રીતે થશે ?" સ્વામીએ કહ્યું, "માળા પાપ ! ભરોસો રાખ. નજીક કે દૂરનું તારે શું કામ ? તારે તો પાણી હાર્યે કામ છે ને ! દૂર કે નજીકની માથાફોડ મૂકી, કૂવો ગાળ્ય, પાણી થશે."

સ્વામીનાં વચનમાં શ્રદ્ધા રાખી માધાભાઈએ કૂવો ગાળ્યો અને કૂવામાં ખૂબ સારું એવું પાણી થયું.

માધાભાઈના હૃદયમાં સ્વામીનો અને સત્સંગનો ખૂબ જ મહિમા સમજાયો.

મહંત સ્વામી વગેરે મહાન સંતોની કૃપાદષ્ટિથી ગુંદાસરામાં અનેક મહાન ભક્તો થયા. જેમાંથી કેટલાક નામ આ પ્રમાણે છે.

મૂળજી ભગત, હરદાસભાઈ, સુરદાસ દેવરાજ ભગત, પોપટબાપા, રવજીબાપા સોજીત્રા, ખીમાબાપા રાણપરિયા, ઉકાભાઈ, આંબાબાપા બારસિયા, રઘુભાઈ પારેખ, કરસનભાઈ રાણપરિયા, મોહનભાઈ માસ્તર, ખોડાબાપા બારસિયા, રવજી જૂઠા બારસિયા.

આશ્ચર્યની વાત એ છે કે, આમાંથી મોટા ભાગના હરિભક્તોને ભગવાન સ્વામિનારાયણ અગાઉથી દર્શન આપી પોતાના ધામમાં તેડી ગયા છે.

આ ભક્તોના દીકરા - દીકરીઓની નવી પેઢી પણ ખૂબ સારો સત્સંગ રાખે છે. જેમાંથી મોટા ભાગના યુવાનો ગુરુકુલમાં ભણીને તૈયાર થયા છે.

મહાન ગુરુના મહાન શિષ્ય

સદ્‌ગુરુ મહંત સ્વામી ગોંડલ મંદિરમાં મહંત તરીકે બિરાજમાન હતા. એ જ અરસામાં અખંડ ભગવદ્ પરાયણ પૂજ્ય જોગી સ્વામી સાધુ થવા આવેલા.

પરમ તીર્થભૂમિ ભાદરા ગામે જોગી સ્વામીનો જન્મ થયો હતો. એમનું પૂર્વાશ્રમનું નામ દેવજી ભગત હતું.

ભગવાન શ્રીહરિએ અનંત જીવોના કલ્યાણ માટે જોગી સ્વામીને પૃથ્વી ઉપર મોકલ્યા હતા. પૂર્વાશ્રમમાં સગાં - સંબંધીઓએ તેમને લગ્નની બેડીયે બાંધીને સંસારમાં જકડી રાખવા પ્રયાસ કર્યો, હતો પરંતુ જેમ મદોન્મત્ત ગજરાજ કમળના વેલાના બંધન તોડીને નીકળી જાય, એ રીતે દેવજી ભગત સંસારના બંધનો તોડી, ઘર છોડી ભગવાનનો ભેટો કરાવે એવા સદ્‌ગુરુની શોધમાં નીકળી ગયા હતા.

જોગી સ્વામી સદ્‌ગુરુને શોધતા શોધતા ગોંડલ આવ્યા. ગોંડલમાં બિરાજમાન મહંત સ્વામીના દર્શન કરતા સ્વામીનું હૈયું ઠરી ગયું. એમના મનમાં થયું, ''હું જે સદ્‌ગુરુને શોધું છું, તે સદ્‌ગુરુ આ જ છે.''

જોગી સ્વામીએ પોતાનું જીવન મહંત સ્વામીનાં ચરણોમાં સમર્પિત કરી દીધું. જોગી સ્વામી મહંત સ્વામીના કૃપાપાત્ર શિષ્ય બન્યા.

માછલાને જેમ પાણીની ઝંખના હોય, એમ જોગી સ્વામી પ્રત્યક્ષ પુરુષોત્તમ નારાયણનાં દર્શન માટે ઝંખતા હતા.

મહંત સ્વામીની કૃપાથી એમને સાધુ થયા પહેલા જ મહારાજનો સાક્ષાત્કાર

થઈ ગયો હતો, એટલું જ નહિ એમના જીવનમાં અનેક પ્રસંગોએ મહારાજ એમને દર્શન દેતા, એમની સાથે સંવાદ કરતા.

વિ. સં. ૨૦૦૦ની સાલમાં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે જૂનાગઢ ખાતે એકવીસ દિવસનો મહાન વિષ્ણુયાગ યોજ્યો હતો.

એ પ્રસંગે સદ્‌ગુરુ મહંત સ્વામીએ વડતાલ ગાદીના આચાર્ય શ્રીઆનંદપ્રસાદજી મહારાજના શુભ હસ્તે દેવજી ભગતને ભાગવતી દીક્ષા અપાવી 'સાધુ હરિપ્રકાશદાસજી' એવું નામ રાખ્યું. સ્વામી હરિપ્રકાશદાસજી મહંત સ્વામીની અનુવૃત્તિમાં રહી ભારે મહિમાપૂર્વક સેવા, ભજન, સ્મરણ કરતા હતા. તેમના તપ, ત્યાગ અને વૈરાગ્ય અજોડ હતા. તેમનો અલમસ્ત અને અલગારી સ્વભાવ હતો. તેઓ જડભરતની જેમ દેહભાવથી પર વર્તતા હતા.

આ બધા સદ્‌ગુણોને જોઈને મહંત સ્વામી કહેતા કે, 'આ તો જોગી છે જોગી !'

એક મહાન સદ્‌ગુરુના અંતરના આશીર્વાદ સાથે આ શબ્દો નીકળ્યા હતા.

બસ ત્યારથી સ્વામી હરિપ્રકાશદાસજી જીવનભર "જોગી સ્વામી" ને નામે ઓળખાયા.

મહંત સ્વામીએ શરીર છોડતા પહેલા પોતાનું સમસ્ત ઐશ્વર્ય જોગી સ્વામીના જીવનમાં આરોપણ કર્યું હતું. પરિણામે જોગી સ્વામી પોતાના ગુરુદેવ મહંત સ્વામી જેવા જ વચનસિદ્ધ મહાપુરુષ થયા હતા.

મહંત સ્વામીએ જોગી સ્વામીને ભલામણ કરી હતી કે, "જોગી, મારું શરીર ન હોય ત્યારે તું શાસ્ત્રીની પાસે કુળમાં રહેજે."

એટલે કે ગુરુકુળમાં શાસ્ત્રી ધર્મજીવનદાસજીની સાથે રહેજે.

આ ભલાભોળા સંત મહંત સ્વામીને ગુરુકુલ શબ્દ બોલતા આવડતો ન હતો. એટલે તેઓ કુળ શબ્દ વાપરતા હતા.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે સર્જેલું આ કુળ સાધારણ કુળ નહોતું, આ કુળ ભગવાન શ્રીસ્વામિનારાયણની મૂળ પરંપરાને માનનારું કુળ હતું. આ કુળ ગુણાતીત પરંપરાનું અસલ કુળ હતું. એટલું જ નહિ, ભારતવર્ષના મહાન દાર્શનિક ઋષિમુનિઓએ આપેલા શ્રેષ્ઠ જ્ઞાનવારસાને સાચવી રાખનારું કુળ હતું. પ્રાચીન ગુરુકુલોની પરંપરા આ કુળમાં નવા અવતારે પ્રગટી હતી. એટલે આ કુળ ખરા અર્થમાં ગુરુકુળ હતું.

મહંત સ્વામી ધામમાં પધાર્યા બાદ એમની આજ્ઞાથી જોગી સ્વામીએ ગુરુકુલની પુણ્યભૂમિને પોતાની ભજનભૂમિ બનાવી હતી.

ગુરુકુલના સંસ્થાપક ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે જોગી સ્વામીને અસાધારણ હેત હતું અને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ પણ પોતાના મોટા ગુરુભાઈ મહંત સ્વામીના આ મહાન શિષ્યનો મહિમા સારી પેઠે સમજતા હતા.

જોગી સ્વામી ખરેખર મહાન ગુરુના મહાન શિષ્ય હતા.

જોગી સ્વામી અને મહંત સ્વામીના અનેક દિવ્ય અને પાવનકારી પ્રસંગો 'જોગી સ્વામીની જીવનગાથા' માં આલેખાયેલા છે, તેથી અહીંયા તેનું પુનરાવર્તન કરવામાં આવ્યું નથી.

શીખવા માંડ, તને બધું આવડશે

જેમ જોગી સ્વામી મહંત સ્વામીના શિષ્ય હતા, એમ બીજા પણ એક ગુણિયલ ગવૈયા શિષ્ય હતા. એમનું નામ ગોવિંદપ્રકાશદાસજી હતું.

પૂજ્ય મહંત સ્વામી ગોંડલમાં મહંત તરીકે હતા, ત્યારે સ્વામીને શરીરે મંદવાડ આવ્યો હતો. સ્વામી ગોવિંદપ્રકાશદાસજીએ આ મંદવાડમાં સ્વામીની ખૂબ સેવા કરી હતી અને રાજીપો મેળવ્યો હતો.

મહંત સ્વામીની માંદગી થોડી લંબાણી એટલે સ્વામી ગોવિંદપ્રકાશદાસજીને ચિંતા થવા લાગી કે, 'આ માંદગીમાં સ્વામીને કંઈક ન થવાનું થઈ જશે અને સ્વામી ધામમાં જતા રહેશે તો મારું શું થશે ? કારણ કે મારી નાની ઉંમર છે. સ્વામી ન હોય ત્યારે મારું કોણ ?' આમ વિચારી નાના સંત ગોવિંદપ્રકાશદાસજીની આંખમાં આંસુ આવી ગયા.

નાના સાધુને રડતા જોઈ કરુણામૂર્તિ મહંત સ્વામીના મનમાં દયા આવી અને બોલ્યા, "માળા પાપ ! કેમ રડે છે ?" ગોવિંદપ્રકાશદાસજીએ કહ્યું, "સ્વામી ! આપ નહીં હો, ત્યારે મારું શું થશે. મને તો કાંઈ આવડતું નથી."

આટલું બોલતાં બોલતાં ગોવિંદપ્રકાશદાસજીથી ધ્રૂસકું મૂકાઈ ગયું. સ્વામી એમને ધીરજ અને આશ્વાસન આપતા બોલ્યા, "માળા ! હું તને ઘણીવાર કહેતો હતો કે તું કાંઈક શીખ, આગળ તને કામ લાગશે, પણ તું તો ભારે આળસુ નીકળ્યો, કાંઈ શીખ્યો જ નહિ." ગોવિંદપ્રકાશદાસજી બોલ્યા, "સ્વામી ! મને શીખવાનું તો ઘણુંય મન થાય છે, પણ મને કાંઈ યાદ રહેતું નથી. મને કીર્તન બોલતાંય આવડતું નથી અને કથાવાર્તા કરતાંય આવડતું નથી. હું સત્સંગમાં કેમ નભીશ ?"

મહંત સ્વામીએ કહ્યું, "માળા પાપ ! એમ હિંમત ન હારી જવાય. તું શીખવા માંડ, તને મહારાજની કૃપાથી આવડવા માંડશે." મહંત સ્વામીની વાતથી સ્વામી

ગોવિંદપ્રકાશદાસજીના હૈયામાં હિંમત આવી. થોડો સમય જતાં સ્વામીનો મંદવાડ પણ દૂર થયો.

સ્વામીની આજ્ઞાથી ગોવિંદપ્રકાશદાસજી નવું નવું શીખવા લાગ્યા અને કથાવાર્તાનો પ્રયાસ કરવા લાગ્યા.

ગુરુદેવ મહંત સ્વામીની કૃપાથી એમને સફળતા મળતી ગઈ.

ભગવાને એમને મધુર કંઠ આપ્યો હોવાથી તેઓ મધુર સ્વરે કીર્તન બોલવા લાગ્યા, સંગીતનો પણ અભ્યાસ કર્યો. પરિણામે સમય જતાં તેઓ ગવૈયા સ્વામી ગોવિંદપ્રકાશદાસજી નામે પ્રસિદ્ધ થયા.

ગુરુદેવની કૃપા એમને ક્યાંયથી ક્યાંય સુધી દોરી ગઈ.

ગવૈયા સ્વામી ગોવિંદપ્રકાશદાસજીની ઉંમર આજે સો વર્ષની થવા આવી છે. તેઓ પોતાના ગુરુ મહંત સ્વામીની કૃપાને વારંવાર યાદ કરે છે અને ભારે ધન્યતાની લાગણી અનુભવે છે.

તેઓએ વર્ષો સુધી મહંત સ્વામીનું સાનિધ્ય માણ્યું હતું, મહિમાપૂર્વક સેવા કરી હતી અને પ્રસન્નતા મેળવી હતી.

હરાજીમાં ઊભો રે, જમીન મળી જશે

એક સમયની વાત છે. સદ્‌ગુરુ મહંત સ્વામી વિચરણ કરતા કરતા રાજકોટ પાસેના અણિયાળા ગામે પધાર્યા હતા.

સ્વામી પધારે એટલે હરિભક્તોને તો જાણે ગોળનું ગાડું આવ્યું. મધપૂડા ઉપર માખીઓ ભેગી થાય એમ સ્વામીના આસપાસ ગામડાઓના ભલાભોળા - નિર્દોષ હરિભક્તો ભેગા થઈ જાય.

બાળક જેમ માવતર પાસે પોતાના હૈયાની વાત કે માગણી રજૂ કરે, એમ આ બધા હરિભક્તો પોતાની નાની - મોટી સુખદુઃખની વાતો સ્વામી પાસે રજૂ કરે.

દયાળુ સ્વભાવના સ્વામી હરિભક્તોને મહારાજની માળા કરવાના નિયમ આપે, મંદિરે આવવાના નિયમ આપે, મહારાજની આજ્ઞા પાળવાની વાત કરે અને મહારાજને પ્રાર્થના કરી હરિભક્તોના દુઃખદર્દોને દૂર કરે.

સદ્‌ગુરુ મહંત સ્વામી એટલે નાના નાના ગરીબ હરિભક્તો માટે હૈયાની વાત ઠાલવવાનું અને આશ્વાસન મેળવવાનું જબરું ઠેકાણું.

સ્વામી અણિયાળા મંદિરમાં બિરાજતા હતા. એવામાં વિશ્રામભાઈ સિંધવ સ્વામીના દર્શને આવ્યા. સ્વામીએ કહ્યું, “એલા, વિશ્રામ ! તને કેમ છે ?”

વિશ્રામભાઈએ કહ્યું, “સ્વામી ! આપની કૃપાથી સારું છે, પરંતુ આપની પાસે એક વાત કરવા આવ્યો છું.” સ્વામી કહે, “બોલ, શું છે ?”

વિશ્રામભાઈ કહે, “સ્વામી ગામના દરબાર જમીનની હરાજી કરે છે. જેની પાસે મૂડી છે, તે લોકો દરબાર પાસેથી જમીન ખરીદે છે.”

વિશ્રામભાઈની વાતના મર્મને સ્વામી સમજી ગયા અને બોલ્યા, “માળા પાપ ! તું પણ થોડી જમીન ખરીદી લે ને ! ”

વિશ્રામભાઈએ કહ્યું, “સ્વામી ! જમીન ખરીદવાનું તો મનેય મન થાય છે, પણ મારી પાસે મૂડી નથી. મૂડી વગરનાને જમીન કોઈ ન દ્યે. હું આપને વિનંતી કરવા જ આવ્યો છું કે તમે કાંઈક મહારાજને પ્રાર્થના કરો તો જ મારું કામ થાય.”

આમ કહેતાં કહેતાં વિશ્રામભાઈ થોડાં ગળગળા થઈ ગયા.

હરિભક્તોને દિલગીર જૂએ એટલે સ્વામીનું દયાળુ દિલ માખણની જેમ પીગળવા માંડે. સ્વામીએ કહ્યું, “માળા ! આમ ઢીલો શું પડી ગયો ? જા હરાજીમાં ઊભો રે, તને જમીન મળી જશે.”

વિશ્રામભાઈ કહે, “પણ, સ્વામી ! મારે મૂડી વિના હરાજીમાં કેમ ઊભું રહેવું ? ત્યાં મારો કોણ ભાવ પૂછે ?”

સ્વામી કહે, “માળા પાપ ! તું જા તો ખરો ! મહારાજ બધાય સારા વાના કરશે !”

સ્વામીના વચનમાં વિશ્વાસ રાખીને વિશ્રામભાઈ દરબાર પાસે આવ્યા.

વિશ્રામભાઈ જેવા ભક્તને જોતાં જ દરબારના દિલમાં મહારાજ વસ્યા. દરબાર બોલ્યા, “વિશ્રામ ભગત ! તમારે જમીન જોઈતી હોય તો હમણાં જ તમને વગર હરાજીએ આપી દઉં.” વિશ્રામભાઈએ કહ્યું, “દરબાર ! જમીન તો જોઈએ છે, પણ હમણાં મારી પાસે મૂડી નથી એટલે માગતા શરમ આવે છે.”

દરબાર કહે, “ભગત ! મને ખાતરી છે, તમારા પૈસા ખોટા નહિ થાય. તમે જ્યારે થાય ત્યારે પૈસા આપજો અને એ પણ થોડા થોડા હપ્તાએ આપજો.”

વિશ્રામભાઈ અને આસપાસના માણસો આશ્ચર્યથી દરબારની વાત સાંભળી રહ્યા હતા. વિશ્રામભાઈ તો આ વાતને મહારાજ અને સ્વામીની કૃપાનો વરસાદ જ માનતા હતા.

વિશ્રામભાઈએ દરબાર પાસેથી જોઈએ એટલી જમીન મેળવી લીધી.

મનનો મનોરથ પૂર્ણ થતાં વિશ્રામભાઈ તુરત જ મંદિરે સ્વામી પાસે આવ્યા. એમનું હૈયું ભાવવિભોર થઈ ગયું હતું.

વિશ્રામભાઈને આવતા જોઈને સ્વામી અંતર્યામી ભાવે બોલ્યા, "કેમ, વિશ્રામ ! જમીન મળી ગઈને ! મહારાજ ધારે તો બધુંય થાય."

વિશ્રામભાઈ સ્વામીના પગ પકડીને બોલ્યા, "સ્વામી ! આ તો આપની પ્રાર્થના મહારાજે સાંભળી, મહારાજ દરબારના દિલમાં વસ્યા એટલે જ જમીન મળી છે, નહીંતર જમીન મળવાની કોઈ સંભાવના નહોતી અને નવાઈની વાત તો એ છે કે, હાલમાં પૈસા પણ ભરવા પડ્યા નથી !"

મહંત સ્વામીએ હસતાં હસતાં કહ્યું, "જો માળા, સાંભળ ! તને ભગવાને જમીન આપી, રોટલાનું સાધન આપ્યું, હવે મહારાજને ભૂલતો નહિ. નિયમિત માળા ભજન કરતો રહેજે, મંદિરે આવતો રહેજે અને ભગવાનનો ભાગ કાઢતો રહેજે."

વિશ્રામભાઈએ હાથ જોડીને કહ્યું, "ભલે, સ્વામી ! આપ જેમ કહેશો એમ જ હું કરીશ." વિશ્રામભાઈ ખૂબ સારા હરિભગત થયા. એમને ત્યાં ત્રણ દીકરાઓ થયા. વીરાભાઈ, ભીમાભાઈ અને પાંચાભાઈ. તેઓ પણ ખૂબ સારા સત્સંગી હતા.

આ સિંધવ પરિવારમાં વીરાભાઈને ત્યાં ભગવાનભાઈ અને રામભાઈ એ બે પુત્ર થયા. ભીમભાઈને ત્યાં નાથાભાઈ વગેરે પુત્રો થયા. પાંચાભાઈને ત્યાં નારણભાઈ વગેરે પુત્રો થયા. આ બધો પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. આ પરિવાર ઉપર જેવી મહંત સ્વામીની કૃપા હતી, એવી ને એવી જ અખંડ ભગવદ્ પરાયણ જોગી સ્વામીની પણ કૃપા રહેલી છે.

આ પરિવાર અવારનવાર મહંત સ્વામી અને જોગી સ્વામીની કૃપાનું સ્મરણ કરી ધન્યતા અનુભવે છે.

હવે તારી જીભ નહિ ઝલાય

એક સમયે સદ્‌ગુરુ મહંત સ્વામી રોજકોટ વિસ્તારના ગામડાંઓમાં વિચરણ કરી રહ્યા હતા. એ સમયે નોંધણચોરાના દરબારો અને ગામના હરિભક્તો સ્વામી પાસે આવ્યા અને વિનંતી કરી કે, "સ્વામી ! અમારે અક્ષરનિવાસી દરબાર ગજરાજસિંહજીની સ્મૃતિમાં હરિલીલાકલ્પતરુની કથા કરાવવી છે. તો આપ કોઈ સારા પુરાણીને લઈને પધારો અને અમને કથાનો લાભ આપો." અ.નિ. ગજરાજસિંહજી મેંગણી દરબાર માનસિંહજીના વંશજ હતા. એમના પુત્ર પરિવારમાં ખૂબ સારો સત્સંગ હતો.

મહંત સ્વામીએ દરબારોની વિનંતી સ્વીકારી અને નોંધણચોરામાં કથા કરવા માટે આવવાની હા પાડી, એટલે હરિભક્તોએ રાજી થઈને વિદાય લીધી.

મહંત સ્વામીએ વિચાર કર્યો કે, ‘‘હરિલીલાકલ્પતરુની કથા કરવા માટે કોને લઈ જવા ?’’

સ્વામીને થયું, ‘‘શાસ્ત્રીના નાના સાધુ પુરાણી ભગવદ્‌જીવનદાસજી સંસ્કૃતનો અભ્યાસ કરે છે. જો શાસ્ત્રી રજા આપે તો હું એમને લઈ જાઉં.’’

મહંત સ્વામીએ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજને બધી વાત કરી.

ગુરુદેવે કહ્યું, ‘‘સ્વામી ! આપની મરજી હોય તો આપ અવશ્ય આ નાના પુરાણીને સાથે લઈ જાઓ.’’

મહંત સ્વામીએ પુરાણી ભગવદ્‌જીવનદાસજીને પોતાની સાથે નોંધણચોરા આવવા કહ્યું. પુરાણી ભગવદ્‌જીવનદાસજી કહે, ‘‘સ્વામી ! આપની આજ્ઞા છે એટલે મને આવવામાં વાંધો નથી, પણ મારી જીભ ઝલાય છે અને બોલવામાં થોથરાય છે, તો હું કેવી રીતે કથા કરી શકીશ ?’’

સ્વામી કહે, ‘‘માળા પાપ ! ચિંતા છોડી દે. અમે મહારાજને પ્રાર્થના કરીશું એટલે મહારાજ બધા સારાં વાનાં કરશે. તારી જીભ નહિ ઝલાય.’’

સ્વામીની આજ્ઞા થઈ, એટલે પુરાણી ભગવદ્‌જીવનદાસજી સ્વામીની સાથે નોંધણચોરા ગયા.

અહીં દરબારગઢમાં કથા રાખવામાં આવી હતી. નોંઘણચોરા ગામ એટલે ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર મેંગણી દરબાર માનસિંહજીનું ગામ.

બ્રહ્મચારી અચિંત્યાનંદજી મહારાજે હરિલીલાકલ્પતરુની રચના મેંગણીમાં રહીને કરી હતી. મેંગણી દરબાર માનસિંહજી અને શુકાનંદ સ્વામીના સંવાદમાં હરિલીલાકલ્પતરુ ગ્રંથની ગૂંથણી કરવામાં આવી છે. આ મહાન પવિત્ર ગ્રંથની કથા સાંભળવા માટે દરબારો તેમજ અન્ય હરિભક્તો ભારે આતુર હતા.

સ્વામીના આશીર્વાદથી પુરાણી ભગવદ્‌જીવનદાસજીએ હરિલીલાકલ્પતરુની કથા શરૂ કરી. આશ્ચર્ય એ હતું કે, ‘એમની જે જીભ ઝલાતી હતી, તે ખુલી ગઈ હતી. તેઓ શુદ્ધ ઉચ્ચાર સાથે સુમધુર કંઠે કથા કરી રહ્યા હતા. સાંભળનારા ભક્તજનો અત્યંત રાજી થતા હતા.

આ કથા ચાર મહિના સુધી ચાલી. મહંત સ્વામીના આશીર્વાદથી પુરાણીને બોલવામાં સહેજ પણ તકલીફ થઈ નહિ.

પુરાણીની જીભ કાયમને માટે ખુલી ગઈ. જૂની ખોટ્યની નિશાની રૂપે જીભમાં સહેજ થોથરાટ રહ્યો, પરંતુ મોટા ભાગની મુશ્કેલી દૂર થઈ ગઈ.

પુરાણી સ્વામી ભગવદ્‌જીવનદાસજીએ વર્ષો સુધી ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની સાથે રહીને રાજકોટ ગુરુકુલમાં સેવા બજાવી હતી. હાલમાં તેઓ વિસાવદર ગુરુકુલના સંસ્થાપક તરીકે સેવા બજાવી રહ્યા છે. આજે તેમની ઉંમર આશરે પંચાસી વર્ષ જેટલી થવા આવી છે. તેઓ મહંત સ્વામીએ તેમના ઉપર કરેલા ઉપકારને ક્યારેય વિસરી શક્યા નથી.

નિર્વ્યસનિક થઇ ભગવાન ભજવા

રાજકોટની બાજુમાં રીબ ગામ આવેલું છે. રીબમાં ખૂબ સારો સત્સંગ છે. મહંત સ્વામી જોગી સ્વામીને સાથે લઈને અવારનવાર રીબ પધારતા.

રીબના સત્સંગીઓને મહંત સ્વામી ઉપર ખૂબ જ ભાવ હતો. રીબમાં કચરાભાઈ લીલા નામે હરિભક્ત હતા. એમનું શરીર સાજુંમાંદુ રહેતું હતું. ઘણા ઔષધ કર્યા, પણ સારું થતું નહોતું.

અધૂરામાં પૂરું તેઓને કોઈ સંતાન પણ નહોતું, એટલે સેવાચાકરી કોણ કરે ? એ મોટો પ્રશ્ન હતો. એક તો મંદવાડ અને બીજું માથે વાંઝીયાપણાનું મે'ણું, એટલે એમના મનમાં ભારે મૂંઝવણ રહેતી હતી.

એવામાં એક સમયે મહંત સ્વામી મેંગણી પધાર્યા.

કચરાભાઈને થયું, “હું સ્વામીના દર્શન કરવા જાઉં, સ્વામી સમર્થ છે, એમની કૃપા થાય તો મારી મૂંઝવણ દૂર થાય.” કચરાભાઈના મનમાં, સ્વામીને આવી વાત કેમ કરવી ? એનો સંકોચ રહેતો હતો, તેથી એમણે રીબના હરિભગત વાલાભાઈને પોતાની સાથે લીધા અને બન્ને જણા રીબથી મેંગણી આવ્યા, સ્વામીના દર્શન કર્યા. સ્વામીએ આ બન્ને હરિભક્તોને પ્રેમથી આવકાર્યા, કુશળ સમાચાર પૂછ્યા અને બપોરનો સમય થયો હતો, એટલે પ્રેમથી જમાડ્યા.

બન્ને જણાએ બપોરે આરામ કર્યો.

બપોર પછી સ્વામી ઠાકોરજી પાસે બેસીને માળા કરી રહ્યા હતા. બન્ને ભક્તજનો સ્વામીની પાસે આવીને બેઠા. સ્વામી જાણે એના અંતરનો ભાવ જાણી ગયા હોય એમ પૂછ્યું, “બોલો, શું કામ છે ?” વાલજીભાઈએ કહ્યું, “સ્વામી ! આ કચરા ભગતને શરીરે મંદવાડ રહે છે. ઘણા ઔષધ-ઉપચાર કર્યા પણ સારું થતું નથી અને અધૂરામાં પૂરું એને કોઈ સંતાન નથી, એટલે સેવાચાકરી કરનારું કોઈ ન હોવાથી મૂંઝાયા કરે છે અને બીજું ઘર કરવાનો વિચાર કરે છે, પરંતુ તમારી આજ્ઞા હોય તો જ બીજું ઘર કરે, નહિતર નહિ. હવે આ અંગે આપ જેમ કહો તેમ કરીએ.”

સ્વામી કરુણામય દૃષ્ટિથી થોડીવાર સુધી કચરાભાઈની સામે જોઈ રહ્યા પછી આંખો મીંચી મહારાજને સંભારવા લાગ્યા.

થોડીવાર પછી સ્વામીએ આંખો ખોલીને કહ્યું, “કચરાભાઈ ! શરીર તો સાજું માંદુ થાય, એતો દેહનો ધર્મ છે, અમે મહારાજને પ્રાર્થના કરીશું. મહારાજની ઈચ્છા હશે તો સારું થશે અને નહિ હોય તો ધામમાં તેડી જશે.”

“બીજું તમારે દીકરા નથી એની બહુ ચિંતા કરવી નહિ પણ એ માટે બીજું ઘર કરવાની જરૂર નથી. તમારા ભાઈ ભીમજીના દીકરાને તમે ખોળે બેસાડો અને સાથે રાખો, એ તમારું ધ્યાન રાખશે. બીજું ઘર કરવાની ઉતાવળ કરશો નહિ.

આ મનુષ્યદેહ ભગવાન ભજીને મુક્તિ મેળવવા માટે મળ્યો છે. આ લોકમાં બંધાઈ રહેવા માટે મળ્યો નથી. ગુણાતીતાનંદ સ્વામી વાતોમાં કહે છે, ‘નિર્વાસનિક થઈને ભગવાન ભજવા.’

સ્વામીની વાતમાં કચરાભાઈનું ભવિષ્ય ભખાઈ રહ્યું હતું.

વાલાભાઈ તથા કચરાભાઈ બન્ને હરિભક્તોએ સ્વામીના અંતરની રુચિ જાણી લીધી અને બધી જ બાબત મહારાજ ઉપર છોડી દેવાનો નિર્ણય કરી રીબ પાછા ગયા. સ્વામી જેવા મહાન સંતનાં વચનમાં વિશ્વાસ રાખી કચરાભાઈએ પોતાના ભાઈના દીકરાને પોતાનો દીકરો કરીને રાખ્યો અને પોતે સંસારમાંથી વૃત્તિ પાછી વાળી, મહારાજની મૂર્તિમાં મન જોડી, સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરવા લાગ્યા. ધીરે ધીરે એમના શરીરમાં મંદવાડ વધતો ચાલ્યો અને થોડા સમયમાં તેઓ શ્રીહરિનું સ્મરણ કરતાં કરતાં અક્ષરધામમાં ગયા.

મહંત સ્વામી જેવા સંતના યોગથી એમની પાછલી અવસ્થા સુધરી ગઈ. જો સ્વામી ન મળ્યા હોત, તો એમનું મન નિર્વાસનિક ન થયું હોત અને મનુષ્યજન્મ એળે ગયો હોત.

પામર પશુનું પણ કલ્યાણ

સદ્‌ગુરુ મહંત સ્વામી હરિભક્તોના આગ્રહથી વારંવાર રીબ પધારતા અને સત્સંગ કથાવાર્તાનો લાભ આપતા રહેતા. સ્વામીના યોગથી રીબનો સત્સંગ ખૂબ ફૂલ્યોફાલ્યો હતો.

એક માને જેમ પોતાના દીકરા ઉપર સહજ હેત હોય, એમ સ્વામીને હરિભક્તો ઉપર અહેતુક સ્નેહ હતો. બધા જ હરિભક્તોને સ્વામી પ્રત્યે અનેરું આકર્ષણ રહેતું હતું. એક વખતની વાત છે. હરિભક્તોની વિનંતીથી સ્વામી રીબ

પધાર્યા હતા. સ્વામી દરરોજ બપોર પછી હરિભક્તોની વાડીઓમાં ના'વા માટે જતા. હરિભક્તો પણ સ્વામીને પ્રાર્થના કરી પોતપોતાની વાડીએ સ્નાન કરવા લઈ જતા. એક દિવસની વાત છે. બપોરે ઠાકોરજીને જગાડ્યા બાદ જોગી સ્વામી, ગવૈયા સ્વામી વગેરે સંતોને સાથે લઈ સ્વામી હરિભક્તોની વાડીએ સ્નાન કરવા માટે ગયા.

સંતો-હરિભક્તોની સાથે સ્વામી ચાલ્યા જતા હતા. સ્વામીના હાથમાં માળા હતી અને હૈયામાં મહારાજનું સ્મરણ ચાલુ હતું.

રસ્તામાં સ્વામી એક ખેડૂતની વાડીએથી પસાર થયા. વાડી ખૂબ હરિયાળી હતી. વાડીમાં કોશ ચાલતો હતો. સ્વામીએ હરિભક્તોને પૂછ્યું, “આ કોની વાડી છે ?” હરિભક્તોએ કહ્યું, “સ્વામી ! એ તો ડાહ્યાભાઈની વાડી છે.”

સ્વામીએ કહ્યું, “ચાલો, આજે આપણે આ ડાહ્યાભાઈની વાડીએ ના'વા જઈએ.” હરિભક્તોએ કહ્યું, “સ્વામી ! પણ એ હરિભગત નથી.”

સ્વામીના હૃદયમાં હરિભગત કે બિનહરિભગત, એવો કોઈ ભેદ નહોતો.

સ્વામી મનોમન વિચાર કરીને બોલ્યા, “ભક્તો ! હરિભગત નહિ હોય તો થશે. પણ આપણે તો ત્યાં જ જવું છે.”

હરિભક્તોએ સ્વામીને કહ્યું, “પણ, સ્વામી ! એ બહુ ક્રૂર માણસ છે. જેને તેને ગાળો બોલે છે અને પશુઓને નિર્દય રીતે માર મારે છે.”

સ્વામીએ હરિભક્તોની વાતને ગણકારી નહિ, સ્વામીએ તો આજે ડાહ્યાભાઈની વાડીએ જવાનો નિરધાર કરી લીધો હતો.

વરસાદ જ્યારે વરસે છે ત્યારે પક્ષપાત કર્યા વિના બધે જ વરસે છે. એ જ ન્યાયે આ કરુણામૂર્તિ સંત આજે ડાહ્યાભાઈ ઉપર અહેતુકી કૃપા વરસાવવા ઈચ્છતા હતા. સ્વામી હરિભક્તો સાથે ડાહ્યાભાઈની વાડીએ પધાર્યા.

ડાહ્યાભાઈ બળદ જોડી કોસ હાંકી રહ્યા હતા, પણ એમાં એક બળદ ખૂબ અટંટ અને આળસુ હતો. કોસમાં એ બરાબર ચાલતો નહોતો એટલે ડાહ્યાભાઈ નિર્દય થઈને એ બળદને ખૂબ માર મારતા હતા.

આ જોઈને સ્વામીએ ડાહ્યાભાઈને કહ્યું, “ભાઈ ! આ તમે શું કરો છો ? આવા મૂંગા પશુને આ રીતે નિર્દય થઈને કેમ મારો છો ?”

ડાહ્યાભાઈએ કહ્યું, “મા'રાજ ! આ ઢોર એમને એમ ન માને. આની પાસે તો આ રીતે કામ લેવું પડે.” એમ કહીને ડાહ્યાભાઈ ફરીથી બળદને મારવા લાગ્યા.

આ જોઈને દયામૂર્તિ સંતે એમને અટકાવ્યા, સ્વામી બળદની નજીક ગયા,

બળદ ઉપર કરુણાદૃષ્ટિ કરી, પછી પ્રેમથી એના ઉપર હાથ ફેરવવા લાગ્યા. મહંત સ્વામીનો દિવ્ય સ્પર્શ થતાં બળદે સ્વામી તરફ મુખ ફેરવ્યું.

સ્વામી આ બળદના પૂર્વભવને પીછાણી ગયા હતા. એમણે બળદના કાન પાસે મોઢું રાખીને કહ્યું, "માળા પાપ ! હજુ તારે કેટલાય કર્મનો બદલો ચૂકવવાનો બાકી છે, માટે આળસ મૂકી દે અને આને આ જન્મે વહેલાસર તારા કર્મના ભોગ પૂરા કરી દે." પૂર્વનો કોઈ પરિચિત જીવ હોય એમ સ્વામી એ બળદ સાથે વાતો કરી રહ્યા હતા. આશ્ચર્યની વાત એ હતી કે, પેલો બળદ પણ માથું હલાવીને સ્વામીની વાતમાં જાણે સંમતિ આપતો હતો. આ દૃશ્ય જોઈને ડાહ્યાભાઈ તથા હરિભક્તોને ભારે નવાઈ લાગી. ડાહ્યાભાઈને સ્વામી પ્રત્યે ખૂબ ભાવ જાગ્યો.

સ્વામી આજે જાણે બળદનું કલ્યાણ કરવા માટે જ ડાહ્યાભાઈની વાડીએ પધાર્યા હતા. સ્વામીએ મહારાજનાં સ્મરણ સાથે કૂવાના થાળામાં સ્નાન કર્યું, પછી સંતો-હરિભક્તો સાથે પાછા ગામમાં પધાર્યા. સ્વામીની કૃપાદૃષ્ટિથી પેલો બળદ ગરીબ ગાય જેવો થઈ ગયો. પછી તો તે તેજ ગતિથી બધું કામ કરવા લાગ્યો.

ડાહ્યાભાઈને ક્યારેય પણ એ બળદને ચલાવવા માટે હાથ અડાડવો પડતો નહોતો. બળદના જીવનમાં અચાનક આવેલું આ પરિવર્તન જોઈને ડાહ્યાભાઈને થયું, "નક્કી સ્વામી કોઈ દિવ્ય પરુષ છે."

તેઓ સ્વામી પાસે આવ્યા, વર્તમાન ધરાવ્યા, કંઠી બંધાવી અને સત્સંગી થયા. પછી તો સ્વામી વારંવાર એ ડાહ્યાભાઈની વાડીએ સ્નાન કરવા માટે જતા.

આ રીતે સમર્થ સદ્‌ગુરુ મહંત સ્વામીની કૃપાથી બળદનુંય કલ્યાણ થયું અને બળદની સાથે સાથે ડાહ્યાભાઈના પણ કર્મનાં બંધન કાપી નાખ્યાં.

કરુણાના કેટલાંક પ્રસંગો

સદ્‌ગુરુ મહંત સ્વામીની કૃપાથી મહારાજે અનેક હરિભક્તોના કષ્ટો કાપ્યા હતા. આ રીતે સ્વામી અનેક હરિભક્તો માટે આશ્વાસન અને આધારરુપ હતા. મહંત સ્વામીએ વરસાવેલી કરુણાના કેટલાક પ્રસંગો સંક્ષેપથી જોઈએ.

રાજકોટ પાસેના રાજસમઢિયાળાના દરબાર તખુભાના દીકરા માધવસિંહજીને અસાધ્ય રોગ થયો હતો, જે સ્વામીના આશીર્વાદથી જડમૂળથી દૂર થયો હતો.

★★★★★★★

મોટા ગોખરવાળાના કોઠારી ભગવાનભાઈના અંતરમાં મહંત સ્વામીનો ભારોભાર મહિમા ભર્યો હતો. તેઓ હમેશા સ્વામીની આજ્ઞા પ્રમાણે જ વર્તતા હતા.

સ્વામી 'હા' કહે તો 'હા' અને 'ના' કહે તો 'ના', ભગવાનભાઈ ક્યારેય પણ સ્વામીની આજ્ઞામાં પોતાના મનનું ડહાપણ ભેળવતા નહિ.

સ્વામીની કૃપાથી આ વિશ્વાસુ હરિભક્તની મહારાજે અનેક મુશ્કેલીઓમાં રક્ષા કરી હતી.

★★★★★★★

રીબડાના જાદવભાઈ ખૂબ સારા હરિભક્ત હતા. તેઓ બીમાર થયા અને ખાટલાવશ થઈ ગયા.

એમણે મહંત સ્વામીને વિનંતી કરી કે, "કંઈક દયા કરો તો સારું થાય."

સ્વામીએ કહ્યું, "શરીર તો સુખદુ:ખનો ભારો છે. અમે તો મહારાજને અરજી કરીએ પછી મહારાજની મરજી હોય એમ થાય. તમારે પણ આ લોકમાં ઝાઝું જીવવા કરતાં ધામમાં જવાનું તાન રાખવું." સ્વામીની વાતમાં ભવિષ્યનો સંકેત સ્પષ્ટ હતો.

જાદવભાઈએ સ્વામીના વચનમાં વિશ્વાસ રાખીને મહારાજની મૂર્તિને સંભારી ભજન શરૂ કર્યું અને બે-ત્રણ દિવસમાં જ શ્રીજી મહારાજ એમને ધામમાં તેડી ગયા.

★★★★★★★

એક વખત સદ્‌ગુરુ મહંત સ્વામીએ ગોંડલમાં શ્રાવણ સુદી એકાદશીને દિવસે બાર કલાકની અખંડ ધૂન રાખી હતી.

આ અખંડ ધૂનમાં હરિભક્તોએ ભારે ઉત્સાહથી ભાગ લીધો હતો. ધૂનની પૂર્ણાહૂતિ થઈ અને મહંત સ્વામી જયારે આરતી ઊતારી રહ્યા હતા ત્યારે ભગવાનની મૂર્તિમાંથી દિવ્ય પ્રકાશ નીકળ્યો અને તેમાં બિરાજમાન મહારાજનાં દિવ્ય દર્શન અનેક હરિભક્તોને થયા હતા.

જૂના જૂના હરિભક્તો આજે પણ એ દિવ્ય પ્રસંગને યાદ કરે છે.

આ કુંવળને સાચવી રાખજે

એક વખત મહંત સ્વામી ખારાપાટના ગામડાઓમાં વિચરણ કરતા કરતા પીઠવાજાળ પધાર્યા.

પીઠાવાજાળમાં પોપટભાઈ દેસાઈ નામે ખૂબ સારા હરિભગત હતા.

પોપટભાઈએ સ્વામીને વિનંતી કરી કે, "સ્વામી ! મારી વાડીયે ના'વા પધારો."

પોપટભાઈની વિનંતી ગ્રાહ્ય રાખીને સ્વામી એમની વાડીયે પધાર્યા.

વરસાદની રીતે વર્ષ સારું હોવાથી પોપટભાઈની વાડીયે શિયાળુ ઘઉં ખૂબ

થયેલા. એટલે ઘઉંનો પાક લીધા પછી વાડીમાં ઘઉંના કુંવળના મોટા ઢગલા ખડકાયેલા હતા. સ્વામીએ પોપટભાઈના દીકરા માધાને પૂછ્યું, "એલા, માધા ! આટલું બધું કુંવળ ક્યાંથી ?" માધાએ કહ્યું કે, "સ્વામી ! આપની અને મહારાજની દયાથી ઓણ સાલ ઘઉંનો પાક ખૂબ સારો થયો છે. એટલે આ કુંવળના મોટા ઢગલા થયા છે." સ્વામીએ પૂછ્યું, "માળા પાપ ! આ કુંવળનું હવે શું કરીશ !

માધો બોલ્યો, "સ્વામી ! હવે આને ઢોરના દાબામાં નાખીને ખાતર કરીશું."

સ્વામી કહે, "માળા માધિયા ! આમ કુંવળ બગાડી ન નખાય. આને ઢાંકીને સરખી રીતે સાચવી રાખજે. કાળ-દુકાળે કામ લાગશે."

સ્વામીનાં વચનમાં વિશ્વાસ રાખીને માધાએ કુંવળ ઢાંકી દીધું.

બીજું વર્ષ નબળું થયું, ઘાસચારાની ભારે તંગી ઊભી થઈ, ત્યારે એ કુંવળ માલઢોરને ખવડાવવામાં ખૂબ જ કામ લાગ્યું.

વધારાનું કુંવળ ગામના અને આસપાસના લોકો વેચાતું લઈ ગયા. પરિણામે નબળા વર્ષમાં પણ આ દેસાઈ પરિવારનો વ્યવહાર સારી રીતે ચાલ્યો.

સદ્‌ગુરુ મહંત સ્વામી આ રીતે પોતાની અલૌકિક દૃષ્ટિથી હરિભક્તોના સંકટોને દૂર કરતા હતા.

નાગજી ! તું ભણજે

એકવાર મહંત સ્વામી દેરડી પાસેના બાલા ગામે પધારેલા. બાલા ગામના પટેલ ભીમજીભાઈ પોતાના દીકરા નાગજીને લઈને સ્વામીના દર્શને આવ્યા.

ભીમજીભાઈએ નાગજીને કહ્યું, "તું સ્વામીને પગે લાગ્ય."

નાનકડો નાગજી સ્વામીને પગે લાગ્યો. ભીમજીભાઈ બોલ્યા, "સ્વામી ! આ કિશોરવયના નાગજીને આશીર્વાદ આપો. સારો સત્સંગી થાય અને વ્યવહારે સુખિયો થાય." સ્વામી કહે, "એલા નાગલા ! ભગવાન ભૂલતો નહિ. ભગવાનને રાખીશ તો સુખિયો થઈશ." પછી સ્વામીએ કહ્યું, "માળા પાપ ! તું કેટલી ચોપડી ભણ્યો છો ?"નાગજીએ કહ્યું, "સ્વામી ! હું માંડ એક ચોપડી ભણ્યો છું, એટલે લખતાં - વાંચતાય આવડતું નથી."

સ્વામી કહે, "માળા ! કોસ હાંકતા હાંકતા લખવા-વાંચવાનો અભ્યાસ કરજે. મહારાજની દયાથી તને બધું આવડવા માંડશે."

નાનકડા નાગજીએ સ્વામીની વાતને દિલમાં ઊતારી લીધી. સ્વામીના વચનમાં શ્રદ્ધા રાખી નાગજી અભ્યાસ કરવા માંડ્યો. ખેતીવાડીનું કામ કરતાં કરતાં, કોસ

હાંકતા હાંકતા તે લખવા વાંચવાનું શીખ્યો. એમણે ઘણાં કીર્તનો કંઠે કર્યા. વચનામૃતોના પાઠ કરતો થયો. એણે બીજા ઘણા સદ્‌ગ્રંથોનો અભ્યાસ પણ કર્યો.

સ્વામી જેવા મહાન સંતની કૃપાથી એક ચોપડી ભણેલો નાગજી સારા સારા ભણેલાઓથી પણ એક ડગલું આગળ નીકળી ગયો.

ભણાવવા પાછળ પણ સ્વામીના અંતરમાં તો એક જ તાન રહેતું કે, "જો જીવ ભણશે તો શિક્ષાપત્રી, વચનામૃત જેવા સદ્‌ગ્રંથોનું વાચન કરી શકશે, મહારાજ અને મોટા સંતોનો મહિમા સમજી શકશે અને પોતાના આત્માનું કલ્યાણ સાધી શકશે."

સ્વામી પોતે ભણ્યા નહોતા, પણ એમણે કેટલાયને લખતાં-વાંચતા કર્યા હતા.

થોડા વર્ષો પહેલા ભારતમાં ભણતરનું પ્રમાણ ઘણું ઓછું હતું. ગામડાંમાં લખી-વાંચી શકે એવા એકાદ-બે માણસો માંડ મળે. આવા સમયે ભગવાન શ્રીસ્વામિનારાયણના સંતો ગામડે ગામડે ફરતા, લોકોને સદાચારી બનાવતા, વ્યસનમુક્ત કરતા અને સાથે સાથે 'ભણતર અભિયાન' પણ ચલાવી લોકોને લખતાં-વાંચતા કરતા.

ઉજળિયાત કોમો તો ઠીક, પણ કેટલીક પછાત ગણાતી જ્ઞાતિઓમાં આજે પણ ભણતરનું પ્રમાણ ઓછું છે, તો એ સમયે તો કેટલું ઓછું હશે ?

ભગવાન શ્રીસ્વામિનારાયણના સંતોએ આવી જ્ઞાતિઓમાં સાક્ષરો પેદા કર્યા હતા. આવા લોકો સેંકડો કીર્તનો કંઠે કરતા, પ્રાકૃત ભાષાના ધર્મગ્રંથોનો અભ્યાસ કરતા અને શાસ્ત્રાર્થમાં ભલભલા વિદ્વાનોને પણ પાછા પાડી દેતા હતા.

સદ્‌ગુરુનું અંતિમ સાનિધ્ય

મહંત સ્વામીને સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી સાથે અત્યંત હેત હતું. પુરાણી સ્વામી ગોપીનાથદાસજી ધામમાં ગયા, ત્યાર પછી પુરાણી સ્વામીના મંડળના તમામ સંતોને નારાયણદાસજી સ્વામીએ ભારે હૂંફ અને આધાર પૂરા પાડ્યા હતા અને એમના મોક્ષમાર્ગનું પોષણ કર્યું હતું.

વિ. સં. ૧૯૮૭ ની સાલ હતી. કારતક માસના છેલ્લા દિવસો હતા. સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી રાજકોટમાં બિરાજતા હતા. તેમણે હવે ધામમાં જવાનો સંકલ્પ કરી લીધો હતો અને શરીરમાં મંદવાડ ગ્રહણ કર્યો હતો.

સ્વામીની બીમારીની વાત સાંભળીને ચારે બાજુથી સંતો - હરિભક્તો સ્વામીનાં દર્શને રાજકોટ આવી રહ્યા હતા. સદ્‌ગુરુ મહંત સ્વામી આ સમયે ગોંડલમાં બિરાજતા હતા.

નારાયણદાસજી સ્વામીની માંદગીના સમાચાર સાંભળીને મહંત સ્વામી એકદમ દોડતા રાજકોટ આવ્યા. તેઓ બે દિવસ સ્વામી સાથે રોકાયા.

મહંત સ્વામીના મનમાં થયું કે, “હું ગોંડલ પાછો જાઉં અને બીજા સંતોને સ્વામીના દર્શન કરવા માટે મોકલું.” આમ વિચારી સ્વામી ગોંડલ ગયા અને બીજા સંતોને મોકલ્યા.

સ્વામી ગોંડલ તો ગયા પણ એમનું મન તો રાજકોટમાં બિરાજી રહેલા નારાયણદાસજી સ્વામીના ચરણોમાં જ હતું.

મહંત સ્વામીના મનમાં થતું હતું કે, “નારાયણદાસજી સ્વામી હવે આ લોકમાંથી સાવ ઉદાસ થઈ ગયા છે. માટે હવે તેઓ આ લોકમાં વધુ નહિ રોકાય, એવું લાગે છે.” સ્વામીને નારાયણદાસજી સ્વામી સાથે ખૂબ જ હેત હતું. તેઓ સ્વામીનો વિરહ વેઠી શકે એમ નહોતા, એટલે ગોંડલથી બીજા જ દિવસે પાછા રાજકોટ આવી સ્વામીના દર્શને ગયા.

મહંત સ્વામીને ગોંડલથી આમ તુરત જ પાછા આવેલા જોઈને નારાયણદાસજી સ્વામી સહેજ હસ્યા, કુશળ સમાચાર પૂછ્યા અને પછી મર્મમાં કહ્યું, “સ્વામી ! તમે આવી ગયા તે સારું થયું, હવે અહીં મારી પાસે જ રહેશો, ક્યાંય જશો નહિ.”

નારાયણદાસજી સ્વામીના વચનનો મર્મ મહંત સ્વામી સમજી ગયા અને વધારેમાં વધારે સ્વામીના સાનિધ્યમાં જ રહેવા લાગ્યા.

આમ ને આમ એકાદ બે દિવસ પસાર થયા. વિ.સં. ૧૯૮૭ માગશર સુદી ત્રીજને રવિવારના દિવસે સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી અલૌકિક ઐશ્વર્ય જણાવી, શરીરનો ત્યાગ કરી, અક્ષરની વાટે સંચર્યા.

સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીના જીવવના આ અંતિમ દર્શનનો લાભ મહંત સ્વામીના હૈયામાં કાચમાં કંચનની રેખાની જેમ કોતરાઈ ગયો.

મહાન સંતના હાથે મહાન કાર્યની શરૂઆત

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ ભગવાન શ્રીસ્વામિનારાયણે બંધાવેલા જૂનાગઢ મંદિરના મહંતપદે ત્રણ વર્ષ સુધી રહ્યા. આ સમય દરમ્યાન જૂનાગઢ મંદિરનો સર્વ રીતે વિકાસ થયો.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે આ સમયગાળા દરમ્યાન એકવીશ દિવસનો ભવ્ય વિષ્ણુયાગ કર્યો હતો.

મુંબઈના એલચી - કેસરવાળા ગાંધી બંધુઓ આ ભવ્ય મહોત્સવના મુખ્ય

યજમાન હતા. એક હજાર સાધુઓ અને લાખો હરિભક્તો ભેગા થયા હતા. આ મહોત્સવમાં વરતાલ ગાદીના આચાર્ય શ્રીઆનંદપ્રસાદજી મહારાજ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

નવાબ સરકાર તરફથી મહારાજશ્રીનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

સદ્‌ગુરુ મહંત સ્વામીએ આ પ્રસંગે અખંડ ભગવદ્ પરાયણ પૂજ્ય જોગી સ્વામીને ભાગવતી દીક્ષા અપાવી હતી.

વિ. સં. ૨૦૦૧ની સાલમાં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ જૂનાગઢ મંદિરના મંહતપદેથી નિવૃત્ત થયા.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના અંતરમાં સતત લાગ્યા કરતું હતું કે, ‘‘સમય બદલાઈ રહ્યો છે, ત્યારે સત્સંગના વિકાસ માટે કરવું જોઈએ એવું નક્કર કાર્ય હજી થઈ રહ્યું નથી.’’

એક તો ગુરુદેવના મનમાં આ વાત સતત ઘૂંટાયા કરતી હતી, પણ શું કરવું જોઈએ ? એ હજી સૂઝતું નહોતું. બીજું ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલા ઉજળા સંપ્રદાયના વહીવટમાં કેટલીક ગેરરીતિઓ થઈ રહી હતી, જે એમના અંતરમાં ભારે ડંખતી હતી. ધરતીમાં વાવેલું બીજ ઉગવાના અવસરે જે વેદનામાંથી પસાર થાય એવી જ કોઈ મનોવેદનામાંથી ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ પસાર થઈ રહ્યા હતા.

આ જ મનોવેદના સાથે તેઓએ હિમાલયની યાત્રા કરવાનો નિર્ણય કર્યો.

દેવતાત્મા હિમાલય સર્વ માટે આકર્ષણ અને પ્રેરણાનો કેન્દ્ર રહ્યો છે.

હિમાલયની યાત્રાના સંકલ્પ સાથે સ્વામી હરિદ્વાર પધાર્યા.

હરિદ્વારમાં ગંગાજીને કિનારે છ મહિના સુધી જપ - અનુષ્ઠાન કર્યા. હિમાલયના ચારે ધામોની પગપાળા યાત્રાઓ કરી. આ સમય દરમ્યાન તેઓ અલકનંદા અને મંદાકિનીના પવિત્ર સંગમ સ્થળે, નારદજીની તપોભૂમિ એવા રુદ્રપ્રયાગમાં પધાર્યા.

રુદ્રપ્રયાગમાં એક વૃદ્ધ અને અંધ સંન્યાસી સચ્ચિદાનંદજી મહારાજ કેટલાક બાળકોને રઘુવંશ ભણાવી રહ્યા હતા.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ વડલાના વૃક્ષ નીચે બિરાજમાન હતા. એમણે આ મંગલ દૃશ્ય જોયું અને એ જ વખતે એમની મનોવેદનાના બીજમાંથી ભગવાન સ્વામિનારાયણની શિક્ષાપત્રીનો મંત્ર પ્રગટ્યો...

“સંસ્થાપ્ય વિપ્રં વિદ્વાંસં પાઠશાલાં વિધાપ્ય ચ ।
પ્રવર્તનીયા સદ્‌વિદ્યા ભુવિ યત્ સુકૃતં મહત્ ॥

‘‘વિદ્યાર્થી ભણાવ્યાની શાળા કરાવીને પછી તેમાં એક વિદ્વાન બ્રાહ્મણને

રાખીને પૃથ્વીને વિશે સદ્‌વિદ્યાની પ્રવૃત્તિ કરાવવી, કેમ જે વિદ્યાદાને કરીને મોટું પુણ્ય થાય છે.''

પૂજ્ય ગુરુદેવને પોતાના જીવનનું ધ્યેય સ્પષ્ટ થતું લાગ્યું. એમણે ભારતની પુણ્યભૂમિમાં ભગવાન સ્વામિનારાયણે પ્રબોધેલ સદ્‌વિદ્યાના પ્રવર્તન માટે ગુરુકુલ સ્થાપવાનો શુભ સંકલ્પ કર્યો.

જે સંકલ્પરૂપી છોડને ભવિષ્યમાં અનેકવિધ સેવાકાર્યો રૂપી શાખાઓ ફૂટવાની હતી અને એમાં હજારો સંસ્કારી યુવાનો રૂપી ફળ અને ફૂલ બેસવાના હતા.

હિમાલયમાંથી ગુરુકુલની સ્થાપનાની મંગલ પ્રેરણા મેળવીને ગુરુદેવ પાછા પધાર્યા. હવે એમના અંતરમાં આ શુભ સંકલ્પને સદ્‌ગુરુ મહંત સ્વામીના આશીર્વાદ મળે, એવી ઈચ્છા હતી.

ગુરુદેવ મહંત સ્વામીને મળ્યા. મહંત સ્વામી ઘણા સમયથી ભારે ચિંતા અને આતુરતાપૂર્વક ગુરુદેવની રાહ જોઈ રહ્યા હતા. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજને જોતાં જ મહંત સ્વામીની આંખો પ્રેમના અશ્રુઓથી ભરાઈ ગઈ અને બોલ્યા, ''અરે ! શાસ્ત્રી ! તમે આટલા બધા દિવસ ક્યાં ગયા હતા ? અમે તો ક્યારનીય તમારી રાહ જોતા હતા. અહીં તો તમારા માટે એવી વાતો ઊડી હતી કે, ''તમે સત્સંગની ઉપાધિઓથી કંટાળીને ભાગી ગયા છો અને હિમાલયમાં કોઈ અજાણી જગ્યાએ સંન્યાસી થઈ ગયા છો.''

પોતાના ભલાભોળા વડીલ ગુરુબંધુની વાત સાંભળી શાસ્ત્રીજી મહારાજ મંદ મંદ હસ્યા અને કહ્યું, ''સ્વામી ! વાતો કરનારા ભલે વાતો કરે, પરંતુ આપ જેવા સદ્‌ગુરુ સંતો અને આવો દિવ્ય સત્સંગ છોડીને મને ક્યાંય જાવાનું મન થતું નથી અને આપની આજ્ઞા સિવાય હું એવાં પગલાં પણ ન ભરું.''

આ રીતે મહંત સ્વામીને ધીરજ અને આશ્વાસન આપી ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે પોતાના અંતરમાં ગુરુકુલની સ્થાપનાનો શુભ સંકલ્પ હતો, તે સ્વામીને જણાવ્યો અને કહ્યું, ''સ્વામી ! તમે આશીર્વાદ આપો કે જેથી આ કાર્ય સફળ થાય.''

મહંત સ્વામીને 'ગુરુકુલ' શબ્દ બોલતા ફાવતું નહોતું એટલે તેઓ બોલ્યા, ''શાસ્ત્રી ! આ કુળ - બુળમાં અમને કાંઈ ખબર ન પડે, પરંતુ અમને પૂરો ભરોસો છે કે તમે જે કરશો તે સારું જ કરશો. મહારાજ તમારા આ શુભ સંકલ્પમાં સાથે રહે અને તમારો મનોરથ ફળે, એવી અમે મહારાજને પ્રાર્થના કરીએ છીએ.''

ગુરુકુલ સ્થાપનાના પોતાના શુભ સંકલ્પને મહંત સ્વામી જેવા મહાન સંતના અંતરના આશીર્વાદ મળ્યા, એટલે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજને અત્યંત આનંદ હતો.

ત્યાર પછી ગુરુદેવ સાસ્ત્રીજી મહારાજે ત્રિભુવન ગૌરીશંકર વ્યાસના સહકારથી સરકાર પાસેથી ગુરુકુલ માટે જમીન સંપાદન કરી.

વિ. સં. ૨૦૦૪ મહાસુદી પંચમી અર્થાત્ વસંત પંચમી અને શિક્ષાપત્રીની ૧૨૨ મી જયંતી રવિવારના રોજ ગુરુકુલની વિધિવત્ સ્થાપના થઈ ચૂકી હતી.

વિ. સં. ૨૦૦૪ની વૈશાખ સુદ ત્રીજ અર્થાત્ અક્ષય તૃતીના મંગલ દિવસે તારીખ ૧૧-૦૫-૧૯૪૮ના મંગલ દિવસે ગુરુકુલના છાત્રાલયનો શિલારોપણ વિધિ કરવાનો હતો.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના મનમાં ભાવ હતો કે, ‘‘આ શિલારોપણ વિધિ પવિત્ર સંત મહંત સ્વામીને હાથે થાય તો સારું.’’

ગુરુદેવે આ માટે મહંત સ્વામીને વિનંતી કરી.

સ્વામીએ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની વાતને હરખથી વધાવી લીધી અને આ રીતે મહાન સંતને હાથે ગુરુકુલરૂપી મહાન અને ઐતિહાસિક કાર્યનો શિલારોપણ વિધિ થયો.

આ પ્રસંગે મેંગણી દરબાર માનસિંહજીના વંશજ નામદાર કુમાર શ્રીપ્રદ્યુમ્નસિંહજી ભૂમિપૂજનમાં બેઠા હતા. તેઓ ગુરુકુલના આદ્ય ટ્રસ્ટીઓ માંહેના એક હતા.

જૂનાગઢ મંદિરથી સદ્‌ગુરુ સ્વામી ભક્તિતનયદાસજી, સ્વામી હરિપ્રસાદદાસજી(બાપલા સ્વામી), જેતપુરથી કોઠારી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા સદ્‌ગુરુ બ્રહ્મચારી બાલકૃષ્ણદાસજી વગેરે મહાન સંતો તેમજ રાજકોટના આગેવાન હરિભક્તો શ્રી ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ વગેરે મોટી સંખ્યામાં આ મંગલ પ્રસંગે હાજર રહ્યા હતા.

કાળને થંભાવી દીધો !

ભગવાન શ્રીસ્વામિનારાયણે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને દર્શન દઈને આજ્ઞા કરી હતી કે, ‘‘અમરેલી વિસ્તારના સત્સંગનું પોષણ થાય માટે અમરેલીમાં મંદિર કરાવો, પછી જ અમે તમને ધામમાં લઈ જશું.’’

ભગવાન શ્રીહરિની આ આજ્ઞાને અનુસરીને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ સૌરાષ્ટ્રના ગાયકવાડી કેન્દ્ર ગણાતા અમરેલીમાં જાતમહેનતથી સુંદર મંદિર બંધાવ્યું હતું. ત્યાર પછી થોડા સમયમાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી સ્વતંત્રપણે અક્ષરધામ સિધાવ્યા હતા.

સમય જતાં અમરેલીનું મંદિર જીર્ણ થઇ ગયું હતું. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના અંતરમાં આ પ્રસાદીના મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનો શુભ સંકલ્પ હતો.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના સંકલ્પને અમરેલી સત્સંગ સમાજે વધાવી લીધો.

અમરેલી તેમજ આસપાસના હરિભક્તોની આર્થિક સેવા તથા જાત મહેનતથી મંદિરનો સુંદર જીર્ણોદ્ધાર થયો. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ સંપ્રદાયના શ્રેષ્ઠ વિદ્વાન તો હતા જ, સાથે સાથે એમનામાં સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી જેવી જ વ્યવહાર દક્ષતા અને બાંધકામની અદ્‌ભૂત સૂઝબૂઝ હતી. પરિણામે સાંકડી જગ્યામાં પણ ભવ્ય મંદિર તૈયાર થયું હતું.

ગુરુદેવે મંદિરનો દરવાજો મોટો અને પહોળો કરાવ્યો હતો. મંદિરના પગથિયાં ચડતા જ શ્રીગણપતિજી અને હનુમાનજી મહારાજની વિશાળ પ્રતિમાઓ પધરાવી હતી. વિ. સં. ૧૯૯૩ની સાલ હતી. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની ૩૭ વર્ષની ઉંમર હતી. અમરેલી મંદિરની પુનઃપ્રતિષ્ઠા નિમિત્તે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે પાંચ દિવસના ભવ્ય મહાવિષ્ણુયાગ તથા સત્સંગિજીવનનું પારાયણ યોજ્યું હતું.

કથા તો મંદિરમાં શક્ય હતી પરંતુ યજ્ઞશાળા ક્યાં કરવી ? એ પ્રશ્ન હતો, કારણ કે મંદિરની જગ્યા સાંકડી હોવાથી યજ્ઞશાળા મંદિરમાં થઇ શકે તેમ નહોતી.

મંદિરના દરવાજાની બહાર શહેરના કોટની રાંગ પાસે ખુલ્લા ચોક જેવી જગ્યા હતી. આ જગ્યાએ યજ્ઞશાળા થઇ શકે તેમ હતું, પરંતુ અહીંયા બે મુશ્કેલી હતી.

એક તો આખા ગામને નદીએ પાણી ભરવા જવાનો રસ્તો આ જગ્યાએથી જ પસાર થતો હતો. બીજી મુશ્કેલી એ હતી કે, શહેર મોટું એટલે રોજ કોઇને કોઇનું મરણ થયા જ કરતું હતું. શહેરમાં હિંદુઓ અને મુસલમાનોની વસ્તી હતી.

મુસલમાનોનું કબરસ્તાન અને હિંદુઓનું સ્મશાન નદીને સામે કિનારે હતા. નનામી કે મૈયતને લઇ જવા માટે આ ચોકમાંથી જ રસ્તો પસાર થતો હતો.

યજ્ઞશાળા પાસેથી અંતિમયાત્રા પસાર થાય, તો વૈદિક વિધિમાં બાધ આવે, આ વાત ગુરુદેવને હૃદયમાં રુચતી નહોતી, એટલે યજ્ઞશાળા વિષયમાં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજને થોડી મૂંઝવણ થઇ રહી હતી.

એમણે મહંત સ્વામીની પાસે આવી પોતાની મૂંઝવણ રજૂ કરી.

શાસ્ત્રીજી મહારાજની વાત સાંભળી મહંત સ્વામી થોડીવાર નેત્ર મીંચી ગયા, મહારાજને સંભાર્યા, પછી નેત્રો ખોલીને એ વચનસિદ્ધ સંત બોલ્યા, “શાસ્ત્રી ! તમે ચિંતા છોડી દ્યો, આ પવિત્ર કાર્યમાં ભગવાન શ્રીસ્વામિનારાયણ ખૂબ રાજી છે, એટલે ભગવાન કોઇ વિઘ્ન નહીં આવવા દે. યજ્ઞની પવિત્રતા જળવાઇ રહેશે, તમ

તમારે ખુલ્લા ચોકમાં યજ્ઞશાળા રચાવો, બાકીની ચિંતા મહારાજ સંભાળી લેશે.''

મહંત સ્વામીના વચનથી ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે ખુલ્લા ચોકમાં યજ્ઞશાળા રચાવી.

લોકોને પાણી ભરવા જવાની અગવડતા ન રહે, એટલે સામી બાજુ નાનકડો રસ્તો રખાવ્યો.

નિર્વ્યસની પવિત્ર બ્રાહ્મણો પાસે પાંચ દિવસનો મહાવિષ્ણુયાગ પૂર્ણ કરાવ્યો.

આશ્ચર્યની વાત એ હતી કે, જે અમરેલીમાં રોજ એક-બે મરણ થતાં હોય, એ અમરેલીમાં જાણે કાળદેવતા પાંચ દિવસ સુધી થંભી ગયા હતા.

પૂર્ણાહૂતિનો દિવસ હતો. ગુરુદેવે મંદિર તરફથી અમરેલીના નાનાં - મોટાં દેવસ્થાનોને કાચાં સીધાં આપવાનો સંકલ્પ કર્યો હતો. હરિભક્તો મંદિરે મંદિરે જઈને ઘી, ગોળ, લોટ, શાક-દાળ, મરી-મસાલા વગેરે સીધાં-સામગ્રી પહોંચાડી રહ્યા હતા. અમરેલીના સ્મશાન પાસે મહાદેવજીનું મંદિર હતું. મંદિરની બાજુમાં પૂજારી રહેતા હતા.

હરિભક્તો જ્યારે સીધાં-સામગ્રી લઈને પૂજારી પાસે ગયા ત્યારે એ પવિત્ર વૃદ્ધ પૂજારી બોલ્યા, ''હું આજે વર્ષોથી આ સ્મશાન પાસેના મહાદેવજીના મંદિરમાં સેવા કરું છું. એમાં એક પણ દિવસ એવો નથી ગયો કે જે દિવસે એકાદ નનામી કે એકાદ મૈયત અહીંથી પસાર ન થયા હોય.''

''આશ્ચર્યની વાત એ છે કે, તમારા મંદિરમાં પાંચ દિવસથી યજ્ઞ ચાલે છે, આ દિવસો દરમ્યાન એક પણ નનામી કે મૈયત અહીંથી નીકળેલ નથી. મને લાગે છે કે, આ ભગવાન શ્રીસ્વામિનારાયણનો જ પ્રતાપ છે, નહિતર આવું બને નહિ.''

હરિભક્તોએ મંદિરમાં આવીને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજને આ વાત કરી ત્યારે સ્વામી બોલ્યા, ''આ તો સદ્‌ગુરુ મહંત સ્વામીનો પ્રતાપ છે. મેં જ્યારે સ્વામીને આ અંગે મારી મૂંઝવણ રજૂ કરી હતી, ત્યારે સ્વામીએ મને નિશ્ચિંત રહેવાના આશીર્વાદ આપ્યા હતા. તે દિવસે રાત્રે મહંત સ્વામી આખી રાત મહારાજ પાસે માળા ફેરવતા રહ્યા હતા. સ્વામીની પ્રાર્થના મહારાજે સાંભળી હતી અને કાળદેવતાને થંભાવી દીધા હતા.''

મહત્ત્વની ઘટના તો હવે બની. જેવો યજ્ઞ પૂરો થયો કે બીજે દિવસે સાત નનામીઓ એકસાથે નીકળી !

આખું અમરેલી શહેર આ ઘટનાથી આશ્ચર્યચકિત થઈ ગયું. આજે પણ વૃદ્ધ માણસો આ અલૌકિક ઘટનાને યાદ કરે છે.

હવે ભેળા નહિ થવાય

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં સત્સંગનું પોષણ થાય, એટલા માટે સંતોને વિવિધ પ્રદેશોમાં ફરવાના વારા રાખવામાં આવતા હોય છે. જેને 'દેશ ફરવાનો વારો' કહેવામાં આવે છે.

સંપ્રદાયના જૂનાગઢ મંદિરનાં બંધારણ પ્રમાણે દર જેઠ માસમાં સંતોના દેશ ફરવાના વારા બદલાતા.

વિ. સં. ૨૦૦૬ના જેઠ માસમાં મહંત સ્વામીનો રાજકોટ ખાતે વારો આવ્યો, તેથી સ્વામી રાજકોટ પધાર્યા. અખંડ ભગવદ્‌ પરાયણ જોગી સ્વામી અને ગવૈયા સ્વામી ગોવિંદપ્રકાશદાસજી સ્વામીની સાથે હતા.

રાજકોટ જેવા મોટા શહેરમાં વધારે સંતોની જરૂર પડે તેમ હોવાથી પુરાણી સ્વામી વાસુદેવપ્રસાદજી, પુરાણી શ્રીહરિદાસજી વગેરે પાંચ-છ અન્ય સંતો પણ સ્વામીની મદદમાં હતા.

સ્વામીની રાજકોટ ખાતે બે વર્ષ માટે નિમણૂક થયેલી હતી. રાજકોટની આસપાસના ગામડાંઓ સ્વામીથી ખૂબ પરિચિત હતા. ઉપરાંત, ગુરુકુલનો આરંભ થઈ ચૂક્યો હોવાથી ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ પણ રાજકોટ બિરાજતા હતા.

સ્વામીને જે સ્થાનો ખૂબ ગમતાં તે ગોંડલ અને જેતપુર પણ રાજકોટથી નજીક થતા હતા, તેથી સ્વામીને માટે રાજકોટનો વારો ભારે અનુકૂળ હતો, પરંતુ રાજકોટનો સત્સંગ દૂઝણી ગાય જેવો હોવાથી કેટલાક લોકોને મહંત સ્વામી રાજકોટમાં વધારે રહે, તે ગમતું નહોતું.

એટલે એમણે આડાઅવળાં કારણો ઊભા કરી મહંત સ્વામીની બદલી કરાવી, તેમને દૂર ઊના પાસે દરિયાકાંઠાના ટીંબી દેશમાં ફરવાનો વારો આપ્યો.

સ્વામી નિસ્પૃહી સંત હતા. સ્વામીનો સ્વભાવ સીધો સાદો અને સરળ હતો. ટીંબી વિસ્તાર સ્વામી માટે અજાણ્યો હતો. સ્વામી પાસે જડભરત જેવા જોગી સ્વામી અને ગવૈયા સ્વામી ગોવિંદપ્રકાશદાસજી, આ બે-ત્રણ સાધુઓ જ હતા, એટલે સ્વામીને ટીંબી દેશમાં ફરવા માટે જવામાં મૂંઝવણ થવા લાગી. સત્સંગના ખટપટ ભરેલા વાતાવરણથી સ્વામી ઉદાસ થઈ ગયા.

મહંત સ્વામીના ગુરુભાઈ સ્વામી રામસુખદાસજીનો વારો ટીંબી પાસેના માણસા દેશમાં હતો. એમણે સ્વામીને કહેવડાવ્યું કે, "સ્વામી ! તમે મૂંઝાશો નહિ, હું તમારી મદદમાં રહીશ."

સ્વામી રામસુખદાસજીના સમાચારથી સ્વામીને થોડું આશ્વાસન મળ્યું. સ્વામી રાજકોટ મંદિરમાંથી નીકળીને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ પાસે ગુરુકુલ પધાર્યા.

શાસ્ત્રીજી મહારાજે સ્વામીને ધીરજ આપી અને ઉદાસ નહિ થવા વિનંતી કરી.

રાજકોટની આસપાસના ગામડાંઓના હરિભક્તોને ખ્યાલ આવ્યો કે, સ્વામી હવે દૂર દૂર ઊના બાજુ પધારવાના છે. હરિભક્તોના હૈયામાં ભાવ હતો કે, "સ્વામી ઊના જતા પહેલા અમારાં ગામડાંઓને પાવન કરે."

હરિભક્તોને રાજી કરવા માટે સ્વામી કાળીપાટ, રાજ સમઢિયાળા, માખાવડ, સરપદડ, મેંગણી, નોંણણચોરા, ખાંભા, કાંગશિયાળી, પારડી, રીબ, ગુંદાસરા, પડવલા, અણિયાળા વગેરે ગામડાઓમાં વિચરણ કરી પાછા ગુરુકુલ પધાર્યા અને ગુરુકુલમાં થોડા દિવસ રોકાયા.

સ્વામીના પાછા પધારવાથી ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજને ખૂબ જ આનંદ થયો. શાસ્ત્રીજી મહારાજ હમેશા આ પવિત્ર સંતનું સાનિધ્ય અને રાજીપો ઈચ્છતા હતા.

ગામડાંઓમાં વિચરણ કરીને મહંત સ્વામી ગુરુકુલ પધાર્યા, ત્યારે સ્વામીના શરીરે થોડો થોડો તાવ આવતો હતો.

અખંડ ભગવદ્ પરાયણ પૂજ્ય જોગી સ્વામી મહંત સ્વામીની સાથે જ હતા અને જેમ સ્વામી રાજી થાય, એ રીતે સેવા કરતા હતા.

શાસ્ત્રીજી મહારાજના એ વખતના શિષ્યો પુરાણી સ્વામી હરિપ્રિયદાસજી, કોઠારી સ્વામી હરિજીવનદાસજી, સ્વામી નિરન્નમુક્તદાસજી, પુરાણી ભગવદ્‌જીવનદાસજી, પાર્ષદવર્ય નારણ ભગત વગેરે પણ સ્વામીની રુચિ સાચવીને મહિમાપૂર્વક સેવા કરતા હતા અને સ્વામીનો સમાગમ કરતા હતા. સદ્‌ગુરુ મહંત સ્વામીને મનમાં થોડો સમય ગાદીસ્થાન જેતપુરમાં રહેવાની ઈચ્છા હતી, એટલે તેઓ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની રજા લઈને જેતપુર પધાર્યા.

જેતપુરમાં સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામીના કૃપાપાત્ર શિષ્ય કોઠારી સ્વામી હરિકૃષ્ણદાસજી મહંતપદે બિરાજતા હતા.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની જેમ જ કોઠારી સ્વામી પણ મહંત સ્વામી પ્રત્યે ભારે આદર અને પ્રેમ ધરાવતા હતા.

મહંત સ્વામી જેતપુર પધાર્યા, એટલે કોઠારી સ્વામી અત્યંત રાજી થયા. મહંત સ્વામીને પણ આ ગાદીસ્થાન ખૂબ ગમતુ ંહતું.

મહંત સ્વામીના મનમાં સત્સંગની ખટપટની વાત ભારે ખટક્યા કરતી હતી.

સ્વામી જેતપુર મંદિરમાં પ્રદક્ષિણા કરી રહ્યા હતા, જોગી સ્વામી સાથે હતા.

સ્વામીએ જોગી સ્વામીનું કાંડું પકડ્યું અને બોલ્યા, "જોગી ! હવે આ દુનિયામાં રહેવામાં માલ નથી. જોને આપણે કોઈ સ્વાર્થ નથી, છતાં લોકો કેવી ઉપાધિઓ સર્જે છે ? આપણને ક્યાંના ક્યાં દરિયાકાંઠે નાખી દીધા ? હવે આપણે આ લોકમાં રહેવું નથી." સ્વામીની વાત સાંભળીને જોગી સ્વામીને આંચકો લાગ્યો. એ ભલાભોળા સંત બોલ્યા, "સ્વામી ! તમે આવું બોલો મા, અમને નોધારા કરશો મા, હું તમારી સેવા કરીશ, હથેળીમાં થૂંકાવીશ અને હરિભક્તોને પણ રાજી કરીશ. તમને કોઈ જાતની ખોટ્ય વરતાવા નહીં દઉં."

જોગી સ્વામીના શબ્દોમાં ભારોભાર ગુરુભક્તિ ભરી હતી. આ અત્યંત આત્મબુદ્ધિવાળા જોગીની વાત સાંભળી સદ્‌ગુરુ મહંત સ્વામી ખૂબ જ રાજી થયા.

આ ગુરુ - શિષ્યની જોડલી અદ્‌ભૂત હતી.

સ્વામીનો તાવ ઊતર્યો, શરીરે થોડું સારું થયું, એટલે સ્વામી જેતપુરથી પાછા રાજકોટ પધાર્યા.

મહંત સ્વામી જેવા મહાન સંતનો ગુરુકુલમાં આ નિવાસ ગુરુકુલની પુણ્યભૂમિને વિશેષ પાવન કરી રહ્યો હતો, પરંતુ કોઈનેય કલ્પના નહોતી કે, ગુરુકુલમાં સ્વામીનો આ નિવાસ છેલ્લો નિવાસ છે.

ગુરુકુલના નાનામોટા સર્વ સંતો, પાર્ષદો તથા વિદ્યાર્થીઓ સ્વામીના સાનિધ્યમાં ભારે શાંતિ અને આનંદ અનુભવતા હતા.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની ઈચ્છા હતી કે, "સ્વામી થોડો વધારે સમય રાજકોટ ગુરુકુલમાં જ રહે."

સદ્‌ગુરુ પુરાણી સ્વામી ગોપીનાથદાસજી અને સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી ધામમાં પધાર્યા પછી ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ માટે આ પવિત્ર વડીલ ગુરુબંધુ મહંત સ્વામી જબરી હૂંફ અને આધાર હતા. આ આધાર વ્યવહારિક નહોતો, આધ્યાત્મિક હતો. આ પવિત્ર સંતના તપ અને જપ ગુરુદેવના સેવાયજ્ઞના અગ્નિને સતેજ રાખતા હતા. મહંત સ્વામીનું સાનિધ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ માટે જાતજાતની ઉપાધિઓ અને મુશ્કેલીઓથી રક્ષા કરનારી ઢાલ સમાન હતું.

સદ્‌ગુરુ પુરાણી સ્વામી ગોપીનાથદાસજીએ કરેલી ભલામણને યાદ કરીને મહંત સ્વામી પણ પોતાના આ નાના ગુરુભાઈ પાસે રોકાવા ઈચ્છતા હતા, પરંતુ જૂનાગઢના કોઠારીએ સ્વામીને ટીંબી દેશ ફરવાનો વારો આપ્યો હતો, તેથી જવું અનિવાર્ય હતું.

રાજકોટ ગુરુકુલથી વિદાય લેવાનો સમય થયો, ત્યારે નાના-મોટા સર્વ સંતો-પાર્ષદો સ્વામી પાસે એકઠા થઈ ગયા.

સ્વામીએ સર્વને કહ્યું, "સંતો ! અમે દૂર દેશમાં ફરવા જઈએ છીએ, અમને લાગે છે કે, હવે ફરીથી ભેળા નહીં થવાય."

સ્વામીનાં વચનમાં આગમના એંધાણ વરતાતા હતા.

સ્વામીની વાત સાંભળીને સર્વને આંચકો લાગ્યો.

પુરાણી હરિપ્રિયદાસજી બોલ્યા, "સ્વામી ! તમે ભેળા નહિ થવાય, એમ કેમ બોલો છો ?" સ્વામી કહે, "ભગવાનની જેમ મરજી હોય એમ થાય પણ અમને જે જણાય છે, તે કહીએ છીએ."

આટલી વાત કરી મહંત સ્વામી ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ પાસે ગયા.

શાસ્ત્રીજી મહારાજે સ્વામીને દંડવત્ પ્રણામ કર્યા.

બન્ને મહાપુરુષો એકબીજાને બાથમાં લઈ પરસ્પર હેતથી મળ્યા. બન્નેના હૈયા આકુળ વ્યાકુળ થયા, બન્ને સંતો ગળગળા થઈ ગયા.

આ અદ્‌ભૂત મિલન વેળા અથવા તો વિદાય વેળાએ દર્શન કરનારા સંતો-પાર્ષદોમાંથી કોઈને કલ્પના નહોતી કે, "બન્ને ગુરુબંધુઓનું આ છેલ્લું મિલન છે."

શાસ્ત્રીજી મહારાજથી વસમી વિદાય લઈને સ્વામી ઊના જવા માટે રવાના થયા. સ્વામીની આ ભાવભરી વિદાયવેળાએ ભક્તિમાર્ગના ઉપાસકો ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા સમસ્ત ગુરુકુલ પરિવાર માટે ધીરજ રાખવી કઠણ હતી.

જોગી સ્વામી, ગવૈયા સ્વામી, ગુજરાતી સંત હરિપ્રસાદદાસજી (વરતી) મહંત સ્વામીની સાથે ઊના જઈ રહ્યા હતા.

રાજકોટ જંકશનેથી ઊના જવા માટે ટ્રેન પકડવાની હતી. પાર્ષદવર્ય નારણ ભગતે ગાડું જોડ્યું હતું. સ્વામી ગાડામાં બિરાજમાન થયા. નારણ ભગતે ગાડું રાજકોટ જંકશનના માર્ગે આગળ ધપાવ્યું.

પાર્ષદવર્ય નારણ ભગતને માટે મહંત સ્વામીનું ગાડું હાંકવાનો આ છેલ્લો અવસર હતો.

નારણ ભગત સેવામૂર્તિ પાર્ષદ હતા. એમણે પોતાની હર ક્રિયાઓને સેવાયોગમાં પલટાવીને મહંત સ્વામી તથા ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ જેવા મોટા મોટા સંતોનો રાજીપો મેળવ્યો હતો.

ગુરુકુલમાં વિવિધ સ્થાનોએથી પધારતા સાધુ-સંતોની આગતા-સ્વાગતા પાર્ષદવર્ય નારણ ભગત ભારે મહિમાબુદ્ધિથી કરતા.

મોટા ભાગે સંપ્રદાયમાં કોઈ એવા સંત નહિ હોય, કે જેમણે નારણ ભગતનું આતિથ્ય માણ્યું ન હોય અને ભગત ઉપર પોતાનો રાજીપો વરસાવ્યો ન હોય.

નારણ ભગતે મહંત સ્વામીનું ગાડું હાંક્યું હતું, એ જ રીતે એમણે વર્ષો સુધી ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની ગાડી હાંકી હતી.

પાર્ષદવર્ય નારણ ભગતે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ ધામમાં પધાર્યા, ત્યાં સુધી એમની રુચિ સમજીને સેવા કરી હતી અને અપાર રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

આ મહાન સંતોની સેવાને પરિણામે આ સેવામૂર્તિ પાર્ષદ ધીરે ધીરે નિર્ગુણમૂર્તિ ભક્તરાજ થયા હતા.

ભગવાન શ્રીસ્વામિનારાયણે 'અક્ષરધામમાં બ્રહ્મભાવે ભગવાનની સેવા કરવી', એને મુક્તિ માની છે.

પાર્ષદવર્ય નારણ ભગતે આ 'સેવારૂપ મુક્તિ' નો જીવન દરમ્યાન જ અનુભવ કરી લીધો હતો.

પાર્ષદવર્ય નારણ ભગત મહંત સ્વામીને અવારનવાર યાદ કરતા અને છેલ્લે છેલ્લે એમને સ્વામીનું ગાડું હાંકવાની સેવા મળી, એ વાત સંભારીને પાર્ષદવર્ય નારણ ભગત ધન્યતા અનુભવતા હતા.

હરિભાઇના કૂવામાં પાણી થયું

રાજકોટ જંકશનથી ગાડીમાં બેસી મહંત સ્વામી ઊના પધાર્યા. ઊનામાં પુરાણી માધવપ્રસાદદાસજી અને શાસ્ત્રી હરિકેશવદાસજીનો વારો હતો. તેઓને સ્વામી સાથે અત્યંત હેત હતું, એટલે સ્વામીને માનસિક રીતે થોડી રાહત થઈ.

આ જ અરસામાં પોતાના ગુરુબંધુ સ્વામી રામસુખદાસજી પણ દેવદિવાળીના સમૈયા ઉપર ઊના આવ્યા, સ્વામીને મળ્યા અને કહ્યું, "સ્વામી ! આ વિસ્તારના હરિભક્તો ખૂબ જ ભાવિક અને મહિમાબુદ્ધિવાળા છે અને અમે બધા તમારી મદદમાં છીએ, એટલે તમે કોઈ જાતની મૂંઝવણ રાખશો નહિ."

સ્વામી રામસુખદાસજીની વાત સાંભળીને મહંત સ્વામી રાજી થયા.

સ્વામીએ કાર્તિકી પૂનમ દેવદીવાળીનો સમૈયો ઊનામાં કર્યો. ત્યાર પછી સ્વામીએ ટીંબી દેશમાં ધર્માદો ઉઘરાવવા માટે ગામડાઓમાં વિચરણ શરૂ કર્યું.

સર્વ પ્રથમ સ્વામી ઊનાથી 'ભોજા ભગતના સમઢિયાળા' ગામે પધાર્યા.

અહીંયા સ્વામી એક અઠવાડિયું રોકાયા. ત્યાર બાદ સ્વામી 'નાના સમઢિયાળા' ગામે આવ્યા'

સમઢિયાળામાં લવા ભગત, પ્રાગજી પટેલ, જીવરાજભાઈ, રામજીભાઈ, બચુભાઈ, ભગવાનભાઈ, વશરામભાઈ, દેવજીભાઈ વગેરે ભક્તજનો ખૂબ જ ભાવિક અને મહિમાવાળા હતા.

તેઓએ આગ્રહ કરી કરીને સ્વામીને સમઢિયાળામાં ઘણા દિવસ સુધી રોક્યા.

માગશર મહિનાના દિવસો હતા. ઠંડી શરૂ થઈ રહી હતી. શિયાળુ પાકથી હરિભક્તોના ખેતરો અને વાડીઓમાં હરિયાળી છવાયેલી હતી.

સ્વામી રોજ બપોરે હરિભક્તોની જૂદી જૂદી વાડીયે પધારીને સર્વને રાજી કરતા હતા.

એક વખત પૂજારી લવાભાઈએ સ્વામીને કહ્યું, ‘‘સ્વામી ! આ હરિભાઈ અને ત્રિકમભાઈ બેય સારા હરિભગત છે પણ એનો વ્યવહાર સાધારણ છે. એમણે વાડી ગાળી છે પણ પાણી થયું નથી. તમે એમના ઉપર દયા કરો, તો વાડીમાં પાણી થાય અને તેઓ સુખિયા થાય.’’

સ્વામી તો દયાની મૂર્તિ સંત હતા, હરિભક્તોના દુઃખદરદ દૂર કરવા એ સ્વામીનો જીવનમંત્ર હતો. એમણે રાજી થઈને કહ્યું, ‘‘પૂજારી ! આજે આપણે હરિભાઈની વાડીયે ના’વા જાવું છે.’’

સ્વામીની વાત સાંભળી લવા ભગત સ્વામીનું ભોળપણ જોઈ હસવા માંડ્યા અને બોલ્યા, ‘‘પણ, માબાપ ! વાડીમાં પાણી જ નથી, ત્યાં કેવી રીતે સ્નાન કરશો ?’’

સ્વામીએ કહ્યું, ‘‘માળા પાપ ! તું ભેળો હાલજે, બીજી વાડીએથી પાણી ભરી આવજે. ઈ પાણીથી અમે સ્નાન કરીશું. પણ આજે સ્નાન તો હરિની વાડીયે જ કરીશું.’’ સ્વામીએ આજે હરિભાઈને ન્યાલ કરી દેવાનો સંકલ્પ કરી લીધો હતો.

બપોર પછીના સમયે સ્વામી હરિભાઈની વાડીએ પધાર્યા. વાડીના થાળામાંથી સ્વામીએ કૂવામાં જોયું તો કૂવામાં પથ્થરા સિવાય કાંઈ નહોતું.

સ્વામીએ જોગી સ્વામીની સામે જોયું અને કહ્યું, ‘‘એલા, જોગી ! તું આ પૂજારી લવા ભગત ભેળો જા, ડોલ ઉટકી બાજુની વાડીમાંથી ચોખ્ખું પાણી ભરી લાવ.’’

પૂજારી અને જોગી સ્વામી બાજુની વાડીએથી પાણી ભરી લાવ્યા.

સ્વામી કૂવાના થાળામાં બેઠા, ઠાકોરજીને અભિષેક કર્યો, પછી પોતે સ્નાન કર્યું. ત્યારબાદ સ્વામીએ શ્રીફળ વધેર્યું, પ્રસાદીનું જળ લોટામાં ભર્યું અને એ જળ કૂવામાં નાખ્યું અને કહ્યું, ‘‘એલા, હરિ ! આ કૂવો ઊંડો ગાળજે, મહારાજ તને પાણી આપશે.’’

આટલું કહી સ્વામી મંદિરે પધાર્યા.

આ બાજુ સ્વામીના વચનમાં વિશ્વાસ રાખી હરિભાઈ એ કૂવો ઊંડો ગાળવા લાગ્યા, ત્યાં તો કૂવામાંથી પાણીની જોરદાર સરવાણીઓ ફૂટી. કૂવો ગાળવાનું બંધ કરવું પડ્યું. સ્વામીની દયાથી હરિભાઈના કૂવામાં અખૂટ પાણી થયું.

સાધુને દૂભવ્યાનું ફળ મળ્યું !

એક વખત મહંત સ્વામી કોઈ હરિભગતની વાડીયે ના'વા પધાર્યા હતા. સ્વામી સ્નાન કરીને પાછા વળ્યા. રસ્તામાં એક શિવાલય હતું. સ્વામીને શિવાલયમાં શિવજીના દર્શન કરવાનું મન થયું, એટલે સ્વામી શિવાલય તરફ વળ્યા.

શિવાલયના મહંત અંદરના ઓરડામાં પોતાના કાર્યમાં મશગૂલ હતા. બહારના ભાગે શિવાલયનો પૂજારી બેઠો બેઠો બીડીઓ ફૂંકી રહ્યો હતો.

સ્વામી મહારાજનું સ્મરણ કરતાં કરતાં ચાલી રહ્યા હતા. સ્વામી શ્રીહરિના સ્મરણમાં લીન હતા, એટલે સ્વામીને ખ્યાલ રહ્યો નહિ અને પગમાં પગરખા સાથે શિવાલયનો ઓટલો ચડ્યા.

મહાદેવજીના મંદિરના પૂજારીના હૃદયમાં ભગવાન શ્રીસ્વામિનારાયણના સાધુઓ પ્રત્યે અકારણ દ્વેષ હતો.

સ્વામીને પગરખાં સાથે ઓટલો ચડતા જોયા એટલે પૂજારી એકદમ ખીજાયો, એલફેલ બોલવા માંડ્યો. એના મુખમાંથી શબ્દો નીકળ્યા, "આ સ્વામીનો સાધુ આંધળો લાગે છે. પગરખાં સોતો શિવાલયનો ઓટલો ચડે છે, શરમ નથી આવતી ?"

બાવાની વાત સાંભળતાં જ સ્વામી "સ્વામિનારાયણ સ્વામિનારાયણ" એમ મોટેથી ભજન કરવા લાગ્યા. તુરત જ પગરખાં નીચે ઊતારી નાખ્યા અને બોલ્યા, "બાવાજી ! માફ કરજો. અમને કંઈ ખબર રહી નહિ, એટલે આવું થઈ ગયું છે."

સ્વામી સાથેના હરિભક્તો અકળાયા, પરંતુ સ્વામીએ એમને શાંત કર્યા.

સ્વામી મહાદેવજીના મંદિરમાં ગયા, શાંતિથી દર્શન કરીને પાછા વળ્યા.

આ બાજુ બાવાનો બબડાટ સાંભળી મંદિરના મહંત બહાર નીકળ્યા. બાવાનું વર્તન મહંતને ગમ્યું નહિ. એણે બાવાને ઠપકો દીધો અને સ્વામીની માફી માગી.

સ્વામીએ કહ્યું, "મહંતજી ! ભૂલ મારી છે, એનો કાંઈ વાંક નથી."

આમ કહીને એ ક્ષમાસાગર સંત ગામ તરફ રવાના થયા.

સાગરપેટા સ્વામીનાં અંતરમાં માન-અપમાન કે બાવાની ગાળોની કંઈ પડી નહોતી. સ્વામીએ તો સહન કરી લીધું, પણ આ વાત બે જણાથી સહન ન થઈ.

એક મહાદેવજીથી અને બીજા સ્વામીનાં અંતરમાં રહેલા ભગવાનથી. પોતની નજર સમક્ષ ભગવાનના લાડીલા સંતનું અપમાન મહાદેવજી કેમ સહન કરી શકે ! થોડા સમયમાં જ આવા ભલાભોળા - નિર્દોષ સંતના અપરાધનું ફળ બાવાને મળ્યું. એક દિવસ રાત્રિનો સમય હતો. શિયાળાની રાત હોવાથી લોકો વહેલા વાળુ-પાણી કરી પરવારી સૂઈ ગયા હતા. ગામની શેરીઓ સૂમસામ હતી, સીમમાં ચારે બાજુ નીરવ શાંતિ પથરાયેલી હતી. ક્યારેક ક્યારેક કૂતરાઓના રુદનના અવાજ આવતા હતા અને ટાઢે ઠરતા શિયાળીયાઓ ટાઢ ઉડાડવા ‘‘હૂકો હૂકો’’ એમ લાળી કરી રહ્યા હતા.

આવી સૂમસામ રાત્રિમાં પેલા બાવાની આંખોમાં અચાનક પીડા ઉપડી. એની આંખોમાં જાણે કોઈ બાવળની શૂળો ભરાવી રહ્યું હોય, એમ લાગી રહ્યું હતું.

બાવો પીડામાં ને પીડામાં રાડ્યો પાડી રહ્યો હતો, પણ એની રાડ્યોને સાંભળીને દિલાસો આપનાર કોઈ નહોતું.

બાવાને આવી પીડા બે દિવસ રહી, ઘણા ઔષધ-ઉપચાર કર્યા પરંતુ પીડા શાંત થઈ નહિ અને આખરે બાવો આંધળો થઈ ગયો.

લોકોએ કહ્યું, ‘‘ભગવાન જેવા સાધુને દૂભવ્યા, એનું ફળ બાવાને મળ્યું.’’

સ્વામીને આ વાતની ખબર પડી ત્યારે કરુણામૂર્તિ સંતના મુખમાંથી શબ્દો સર્યા, ‘‘અરર.. બાપડાને આવું દુઃખ થયું. ભગવાન એનું ભલું કરે.’’

ભગવાન શ્રીસ્વામિનારાયણના આ લાડીલા સંતના અંતરમાં બાવા પ્રત્યે કોઈ દુર્ભાવ હતો નહિ.

જીરાના પાકની રક્ષા કરી

દિવસો પસાર થઈ રહ્યા હતા. સ્વામીને ટીંબી જવું હતું, પરંતુ નાના સમઢિયાળાના હરિભકતો સ્વામીને આગ્રહ કરી કરીને રોકી રહ્યા હતા.

સ્વામી દરરોજ બપોર પછી જોગી સ્વામી, ગવૈયા સ્વામી વગેરે સંતોની સાથે હરિભક્તોની વાડીયે સ્નાન કરવા જતા હતા.

વાડીઓમાં સ્નાન કરી સ્વામી મોડે સુધી ધ્યાન, ભજન, સ્મરણ કરતા હતા અને હરિભક્તોને કથાવાર્તાનું સુખ આપતા હતા.

સમઢિયાળાના જીવરાજભાઈ અને પ્રાગજીભાઈની વાડીએ માગશર મહિનામાં મૂળા ખૂબ સારા થયા હતા.

ધર્મશાસ્ત્રમાં માગશર મહિનામાં મૂળાના સેવનનો ખૂબ મહિમા ગવાયો છે. આયુર્વેદમાં પણ આરોગ્યની દૃષ્ટિએ માગસર માસમાં મૂળાના સેવનનું મહત્ત્વ

દર્શાવવામાં આવેલ છે. મહંત સ્વામીને મૂળા ઉપર રુચિ રહેતી. સ્વામી કહેતા, “માગશર મહિનામાં મહારાજને મૂળા ધરાવવા જોઈએ.”

ક્યારેક સ્વામી જાતે મૂળાને ખમણી, એમાં સહેજ મીઠું નાખી, ઠાકોરજીને થાળમાં ધરતા, ક્યારેક મૂળાના પાંદડાંઓની ઝીણી કટકી કરી, એનું ખારિયું કરતા, ઠાકોરજીને ધરતા, સંતો-હરિભક્તોને પ્રેમથી પીરસતા અને પોતે પણ જમતા.

આ અરસામાં એકવાર માગશર મહિનામાં આકાશમાં વાદળા ઘેરાયા, ઝીણાં ઝીણાં છાંટા પડવા લાગ્યા. માવઠાના મંડાણ થાય, એવા એંધાણ વરતાવા લાગ્યા.

ઘણા હરિભક્તોએ વાડીઓમાં જીરાના વાવેતર કર્યા હતા. જો માવઠું થાય તો જીરાનું વાવેતર બગડી જાય એવી સંભાવના હતી.

હરિભક્તોએ સ્વામીને વિનંતી કરી કે, “મા-બાપ ! મહારાજને પ્રાર્થના કરો, તો અમારા જીરાના પાક બચે.”

સ્વામીએ હસીને કહ્યું, “માવઠાની દવા તો પવનપુત્ર હનુમાનજી પાસે છે, એમાં મહારાજને તકલીફ દેવાની જરૂર નથી. તમે બધા હનુમાનજીને પ્રાર્થના કરો તો કામ થાય.” હરિભક્તોએ કહ્યું, “મા બાપ ! તમે અમારા વતી હનુમાનજી મહારાજને પ્રાર્થના કરો, હનુમાનજી મહારાજ અમારી વાત નહિ સાંભળે, તમારી સાંભળશે.”

સ્વામી આજે ભારે મોજમાં હતા. એ હસીને બોલ્યા, “અમે નહીં પણ આ જોગી ધારે અને હનુમાનજી મહારાજને પ્રાર્થના કરે, તો હનુમાનજી મહારાજ માવઠાની દવા કરે. તમે બધા જોગીને કહો.”

હરિભક્તોએ જોગી સ્વામીને પ્રાર્થના કરી.

સ્વામીની વાતથી જોગી સ્વામી ભારે સંકોચમાં મૂકાયા અને બોલ્યા, “સ્વામી ! પણ આ કામ મારાથી કેમ થાય ? હનુમાનજી મહારાજ મારી વાત સાંભળે ? માટે મા-બાપ ! આ તો તમારું કામ છે, મારું નહિ.”

સ્વામી કહે, “માળા ! ઈ તો જેમ અમારાથી થાય, એમ તારાથીય થાય, માટે હરિભક્તોનું સારું થાય એમ કર.”

સ્વામીનાં વચને જોગી સ્વામીએ હનુમાનજી મહારાજને પ્રાર્થના કરી.

સ્વામીની પ્રાર્થના હનુમાનજી મહારાજે સાંભળી. પવનપુત્રે પવનનો વેગ પેદા કર્યો અને રૂના પોલ વિખેરાય, એમ વાદળાને વિખેરી નાખ્યા અને હરિભક્તોના જીરાના પાકની રક્ષા થઈ.

આની સાથોસાથ એક બીજું અદ્‌ભૂત કાર્ય આ વચનસિદ્ધ મહાપુરુષે કર્યું જેની કોઈને કલ્પના પણ નહોતી અને એ કાર્ય હતું, "ઐશ્વર્યના આરોપણનું"

મહંત સ્વામી શરીર છોડતા પહેલા હજારો હરિભક્તોના ભલા માટે પોતાનું ઐશ્વર્ય જોગી સ્વામીને અર્પણ કરી દેવા માગતા હતા અને એ કાર્ય આ મહાન સંતે આજે પૂર્ણ કર્યું હતું. પરિણામે સમર્થના શિષ્ય સમર્થ જ હોય, એ ન્યાયે જોગી સ્વામી પણ મહંત સ્વામી જેવા જ વચનસિદ્ધ મહાપુરુષ થયા હતા.

આ પ્રસંગના સાક્ષી ધના ભગત આજે પણ સમઢિયાળામાં હયાત છે. ધના ભગત મહંત સ્વામીના કૃપાપાત્ર હરિભગત હતા.

આજે તો એ વૃદ્ધ થઈ ચૂક્યા છે, પણ જ્યારે આ પ્રસંગ બન્યો ત્યારે એમની ઉંમર પંદર થી સોળ વર્ષની હતી.

ધના ભગત મહંત સ્વામીની કૃપાનો એક બીજો પ્રસંગ વારે વારે સંભારે છે.

એક વખત અચાનક મહંત સ્વામીને મોજ ચડી હતી અને ધના ભગતને વરદાન માગવા કહ્યું હતું, પરંતુ કિશોર વયના ધના ભગત હેબતાઈ ગયા હતા અને કાંઈ માગી શક્યા નહોતા.

આ વાતનો પસ્તાવો તે આજે પણ કરે છે. 'જોગી સ્વામીની જીવનગાથા' માં આ પ્રસંગ વિસ્તારથી લખાયેલો છે.

આખરે નાના સમઢિયાળાના હરિભક્તોની ભાવભરી વિદાય લઈને સ્વામી ટીંબી પધાર્યા. આ સમર્થ સંતે પોતાનાં જીવનનું અંતિમ કાર્ય ટીંબીમાં જ પૂર્ણ કરવાનું નિરધાર્યું હતું.

ટીંબીના હરિભક્તો ધન્ય થયા

વિ. સં. ૨૦૦૮નું વર્ષ હતું. શિયાળાના પોષ મહિનાનો સમય હતો. સુદી પક્ષના દિવસો હતા. સદ્‌ગુરુ મહંત સ્વામી નાના સમઢિયાળાથી ટીંબી પધાર્યા હતા.

બાબરિયાવાડ પ્રદેશના કેન્દ્ર સમું આ ટીંબી ગામ નાનકડું પણ મહત્ત્વનું નગર છે. ગામના પાદરમાં રૂપેણ નદી વહે છે.

આ નદીમાં ગુણાતીતાનંદ સ્વામી વગેરે મહાન સંતોએ અવારનવાર સ્નાન કરેલું છે, પરિણામે આ રૂપેણ નદી તીર્થરૂપ બની છે.

એક સમયે આ નદીમાં બારે માસ પાણી વહેતું હતું, આજે કહેવાતા આધુનિક માણસોએ પોતાના ટૂંકા સ્વાર્થ અને નાસમજદારીને લીધે નદીને સૂકી ભઠ્ઠ અને ગંદકીથી ભરપૂર બનાવી દીધી છે. ટીંબીમાં અઢારે આલમ વસે છે. જેમાં બ્રાહ્મણ,

વાણિયા, કોળી અને પટેલિયાઓમાં સારો એવો સત્સંગ છે. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના સમયથી આ ગામમાં સત્સંગના બીજ વવાયાં હતાં. કોળી જ્ઞાતિમાં અમરા ભગત જેવા મહાન મુક્તો આ ગામમાં થયા હતા.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી, સદ્‌ગુરુ પુરાણી સ્વામી ગોપીનાથદાસજી જેવા મહાન સંતોનો આ ગામના હરિભક્તો ઉપર ખૂબ જ રાજીપો રહ્યો છે.

ટીંબીના અનેક પાવનકારી પ્રસંગો સદ્‌ગુરુ ગાથા ભાગ-૧ અને ભાગ-૨ માં ગૂંથાયેલા છે.

પુરાણી સ્વામી ગોપીનાથદાસજીના કૃપાપાત્ર ભુટા શેઠના ત્રણેય સુપુત્રો શેઠ શ્રીમોહનભાઈ, શેઠ શ્રીહરગોવિંદભાઈ, શેઠ શ્રીછગનભાઈ, પવિત્ર બ્રાહ્મણ પરિવારના દીક્ષિત પુરુષોત્તમભાઈ, પૂજારી નરભેરામભાઈ, શેઠ શ્રીનાગરદાસભાઈ, કોળી જ્ઞાતિના મહામુક્તરાજ પીઠા ભગત વગેરે ટીંબીના હરિભક્તો ઘણા સમયથી આ મહાન સંતના આગમનની રાહ જોઈ રહ્યા હતા.

સદ્‌ગુરુ મહંત સ્વામી ટીંબી પધાર્યા, તેથી સર્વ હરિભક્તોને અત્યંત આનંદ થયો. સ્વામી સવાર - સાંજ કથાવાર્તા કરી સત્સંગનું પોષણ કરતા હતા. જોગી સ્વામી સ્વામીની રુચિમાં રહી સેવા કરી, સ્વામીને રાજી કરતા હતા.

એવામાં મકરસંક્રાંતિનો પવિત્ર દિવસ આવ્યો. હરિભક્તોની ઈચ્છા હતી કે, ‘સ્વામી સત્સંગીઓના ઘરે ઘરે અને દુકાનોમાં પધરામણી કરે.’

સ્વામી પણ ધામમાં જતાં પહેલા હરિભક્તોને રાજી કરી એમને કૃતાર્થ કરી દેવા માગતા હતા. તેથી સ્વામીએ હરિભક્તોની વિનંતી માન્ય રાખી અને ઘરે ઘરે પધરામણીઓ કરી હરિભક્તોને ધન્ય કર્યા.

પુરુષોત્તમ, તું નવા મકાન કર

એક દિવસ પુરુષોત્તમભાઈ દીક્ષિતે સ્વામીને વિનંતી કરી કે, “સ્વામી ! આપ મારે ઘરે ઠાકોર જમાડવા પધારો. હું પવિત્રપણે રસોઈ બનાવીશ.”

સ્વામી જ્યારથી ટીંબી પધાર્યા હતા ત્યારથી પુરુષોત્તમભાઈ સતત સ્વામીની સેવામાં હતા. તેઓ પવિત્ર આચાર વિચારવાળા સદાચારી બ્રાહ્મણ હતા. એમની મુમુક્ષુતા અને સેવાભાવનાથી સ્વામી એમના ઉપર ખૂબ રાજી હતા.

સ્વામીએ પુરુષોત્તમભાઈની વિનંતી સ્વીકારી. પુરુષોત્તમભાઈના અંતરમાં આનંદ આનંદ થઈ ગયો.એમણે નાહીધોઈ પવિત્રપણે રસોઈ કરી. સ્વામી એમને ઘેર પધાર્યા. ઠાકોરજીને થાળ ધર્યો અને સહુ સંતોની પંક્તિ થઈ.

પુરુષોત્તમભાઈ અને એમના પુત્ર રામશંકરભાઈએ સ્વામીને અને સંતોને આગ્રહ કરી કરી પ્રેમથી પીરસી ખૂબ જમાડ્યા.

સ્વામીએ ઠાકોરજી જમાડી લીધા પછી પુરુષોત્તમભાઈએ બધા સંતોની પૂજા કરી વસ્ત્રો ઓઢાડ્યા.

પુરુષોત્તમભાઈનો ભાવ જોઈને સ્વામી ખૂબ જ રાજી થયા. સ્વામીએ એમના જર્જરિત થયેલા મકાન સામે દૃષ્ટિ કરીને કહ્યું, "માળા પાપ ! તારા આ મકાન તો સાવ જૂના થઈ ગયા છે, વળી ખૂબ નીચા છે. માટે તું નવા મકાન કર."

પુરુષોત્તમભાઈએ કહ્યું, "સ્વામી ! હું ગરીબ બ્રાહ્મણ છું. મારો વ્યવહાર માંડ માંડ ચાલે છે, નવાં મકાન કરવાની મારી શક્તિ નથી. આપ દયા કરો તો થાય." સ્વામીએ કહ્યું, "અમે મહારાજને પ્રાર્થના કરીશું, મહારાજ સારું કરશે. મહારાજને તારા જેવા પવિત્ર બ્રાહ્મણ બહુ વહાલા હતા."

પુરુષોત્તમભાઈને સ્વામીએ આપેલા આશીર્વાદ ફળ્યા હતા અને બે વર્ષમાં એમના મકાન પાકા થઈ ગયા હતા.

એમના સુપુત્ર રામશંકરભાઈ દીક્ષિત મહંત સ્વામીની આ કૃપાને પ્રસંગોપાત્ સંભારતા. રામશંકરભાઈને ત્યાં ત્રણ દીકરાઓ થયા નર્મદાશંકર, ગુણવંત અને મહેશ. નર્મદાશંકર અને મહેશે ગુરુકુલમાં અભ્યાસ કર્યો છે. આ ત્રણેય દીકરાઓ આજે મુંબઈ જેવા શહેરમાં વસીને પણ ખૂબ જ સારો સત્સંગ રાખે છે.

સ્વામીના વચને રમણલાલે ભૂત ભગાડ્યું !

મહંત સ્વામી ટીંબી બિરાજતા હતા, એ દરમ્યાન એક પ્રસંગ બન્યો.

ટીંબીમાં લુહાર જ્ઞાતિના એક બહેન હતા. શાંતાબેન જસાભાઈ એમનું નામ હતું. આ બહેનને બે-ત્રણ ભૂતડાં વળગ્યા હતા. તેઓ અવારનવાર શાંતાબહેનના શરીરમાં આવતા અને ભારે હેરાન કરતા.

ભૂતડાંઓની આ ઉપાધિથી શાંતાબહેનનો પૂરો પરિવાર ભારે મૂંઝવણ અનુભવતો હતો.

ઘણા દોરા-ધાગા કર્યા, ભૂવા-ભરાડીને બોલાવ્યા, ડાકલા વગડાવ્યા પણ શાંતાબહેનના ભૂતડાં ગયા નહિ.

એવામાં એમને સાંભળવામાં આવ્યું કે, 'સમર્થ સંત મહંત સ્વામી ટીંબી પધારેલા છે. સ્વામી કૃપા કરે તો આ ભૂતડાં જાય.'

પરંતુ પ્રશ્ન એ હતો કે, સ્વામીને સમાચાર પહોંચાડે કોણ ?

એ જ અરસામાં ટીંબીના રમણભાઈ પરષોત્તમભાઈ મહેતા મુંબઈથી દેશમાં આવ્યા હતા.

શાંતાબેનના પરિવારજનોએ રમણભાઈને વાત કરી અને કહ્યું કે, “તમે સ્વામીને અમારા વતી વિનંતી કરો. સ્વામી કૃપા કરે તો આ બાઈના ભૂતડાં જાય.”

રમણભાઈએ મંદિરમાં આવી સ્વામીને બધી વાત કરી.

સ્વામીએ કહ્યું, “એલા, રમણ ! અમે તો સાધુ છીએ. અમારાથી બાઈ માણસના ભૂતડાં કેમ કઢાય ?”

રમણભાઈએ કહ્યું, “સ્વામી ! તો શું કરશું ?”

સ્વામી હસીને કહે, “જો આ ટીંબીના હનુમાનજી મહારાજ છે, એ બહુ બળિયા છે. આપણા ગુરુ પુરાણી સ્વામી ગોપીનાથદાસજીએ સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી પાસે આ હનુમાનજી મહારાજની પ્રતિષ્ઠા કરાવી છે. તું એ ડોશીને બોલાવી હનુમાનજી પાસે બેસાડ અને મારે બદલે તું સ્વામિનારાયણ મંત્રની ધૂન કર અને હનુમાનજીના મંત્રનો પાઠ કર. હનુમાનજીના પ્રતાપે ડોશીના ભૂત ભાગી જશે.”

રમણભાઈએ કહ્યું, “પણ, સ્વામી ! મારાથી ભૂતડાં જાય ?”

સ્વામીએ કહ્યું, “માળા પાપ ! વિશ્વાસ રાખ. અમારાથી ભૂતડાં ભાગે એમ તારાથી પણ ભાગશે.”

સ્વામીની આજ્ઞા પ્રમાણે રમણભાઈએ શાંતાબેનને હનુમાનજી પાસે બેસાડ્યા. પછી એમણે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન અને હનુમાનજીના સ્તોત્રપાઠ શરૂ કર્યા.

સ્વામીએ આપેલું પ્રસાદીનું પાણી શાંતાબેનના શરીર ઉપર છાંટ્યું. પરિણામે શરીરમાં રહેલા ભૂતડાંઓ ‘બળું છું, બળું છું’ એવી રાડ્યો પાડવા માંડ્યા.

હનુમાનજી મહારાજે ભૂતોને ભારે મેથીપાક આપ્યો અને આખરે શાંતાબેનના શરીરમાં રહેલા બધા ભૂતડાં ભાગી ગયા. શાંતાબહેનને કાયમ માટે શાંતિ થઈ.

સ્વામીનાં વચને રમણલાલે ભૂત ભગાડ્યા.

સ્વામીનાં આ અલૌકિક ઐશ્વર્યની વાત પૂરા ટીંબી ગામમાં પ્રસરી ગઈ. આખા ગામને આ વાતથી ભારે આશ્ચર્ય થયું અને એક મહાન સંતનો મહિમા સમજાયો. શાંતાબેન હજુ પણ જીવે છે, વૃદ્ધ ઉંમર થઈ છે, મુંબઈમાં રહે છે અને મહારાજનું ભજન-સ્મરણ કરે છે.

શ્રીરમણભાઈ મહેતા આ પ્રસંગને અવારનવાર યાદ કરતા અને કહેતા, “સ્વામીએ મારા દ્વારા ભૂત ભગાડેલા અને બાઈને સારું કરેલું.

સ્વામીએ મને શાંતાબેનના ભૂત ભગાડવાની આજ્ઞા કરી ત્યારે ઘડીકવાર તો મનેય થતું હતું કે, આ કેમ થશે ? પણ સ્વામીનો પ્રતાપ કામ કરી ગયો.

તારે રાજુલા જવું નથી

રમણભાઈ વ્યવહારે અત્યંત ગરીબ હતા. નોકરી કરવા માટે ટીંબીથી મુંબઈ ગયેલા. આખો દિવસ મહેનત મજૂરી કરતા, ત્યારે માંડમાંડ પેટ પૂરતું ખાવા મળતું, જેમતેમ કરીને આખો દિવસ કાઢી નાખતા, રાતે ગોડાઉનમાં સૂઈ રહેતા.

ટીંબીમાં પંચોળીના વાડામાં એની નાની એવી જગ્યા હતી. ગામના એક કોળીએ એ જમીન માટે કેસ કર્યો હતો. રાજુલાની કોર્ટમાં કેસ ચાલતો હતો.

આ માટે રમણભાઈને મુંબઈથી વારંવાર રાજુલાના ધક્કા ખાવા પડતા હતા, એથી એની મુશ્કેલીનો પાર નહોતો.

એકવાર રમણલાલ મુંબઈથી ટીંબી આવ્યા હતા. એ જ અરસામાં મહંત સ્વામી ટીંબીમાં બિરાજમાન હતા.

રમણભાઈ નિયમિત મંદિરે આવતા, સ્વામીની પાસે બેસતા, કથાવાર્તા સાંભળતા અને શરીરથી મંદિરની નાની-મોટી સેવા કરતા, એટલે સ્વામી આ સેવાભાવી યુવાન ઉપર ખૂબ જ રાજી હતા.

એકવાર રમણભાઈ સ્વામીના દર્શને આવ્યા. સ્વામીને પગે લાગ્યા અને કહ્યું, “સ્વામી ! આજે મારે રાજુલા જવું પડે એમ છે.”

સ્વામીએ કહ્યું, “રાજુલા શા માટે જવું છે ?”

રમણભાઈએ કહ્યું, “સ્વામી ! મારી જગ્યા અંગેનો કેસ રાજુલા કોર્ટમાં ચાલે છે. આવતી કાલે મુદત છે.”

સ્વામીએ કહ્યું, “ભલે મુદત રહી, તારે રાજુલા જવું નથી, મહારાજ તારું કામ રાજુલા ગયા વિના પૂરું કરી દેશે.”

સ્વામીનાં વચનમાં વિશ્વાસ રાખી રમણભાઈએ રાજુલા જવાનું માંડી વાળ્યું.

સ્વામી ઠાકોરજીની સામે બેસી માળા કરવા લાગ્યા અને રમણલાલનું સારું થાય એવી મહારાજને પ્રાર્થના કરવા લાગ્યા.

મહારાજે સ્વામીની પ્રાર્થના સાંભળી અને ન માની શકાય એવી ઘટના બની.

મુદત ઉપર રાજુલા કોર્ટમાં હાજર થયા વિના કેસનો ચૂકાદો રમણભાઈની તરફેણમાં આવ્યો. રમણભાઈને પોતાની વાડાની જગ્યા પ્રાપ્ત થઈ ગઈ.

એકવાર સ્વામીએ રમણભાઈને કહ્યું, “એલા, રમણ ! તારું ગુજરાન કેમ

કરીને ચાલે છે ?'' રમણભાઈએ પોતાની નબળી આર્થિક પરિસ્થિતિની વાત કરી અને કહ્યું, ''સ્વામી ! કમાવા માટે મુંબઈ ગયો છું, આખો દિ મહેનત - મજૂરી કરું છું, ત્યારે માંડ માંડ નિર્વાહ થાય છે.''

સ્વામીને રમણભાઈ ઉપર દયા આવી અને બોલ્યા, ''મહારાજ ધીરે ધીરે તારો વ્યવહાર સારો કરશે, પણ તું સત્સંગ બરાબર રાખજે.''

મહંત સ્વામીના આશીર્વાદથી રમણભાઈનો વ્યવહાર ધીરે ધીરે સારો થતો ગયો. મહંત સ્વામી ઉપરાંત ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી તેમજ જોગી સ્વામીનો પણ રમણભાઈના પરિવાર ઉપર ખૂબ જ રાજીપો રહ્યો છે.

રમણભાઈને પણ આ બધા સદ્‌ગુરુ સંતો સાથે ખૂબ જ આત્મબુદ્ધિ, આદર અને વિશ્વાસ હતા.

આ મહાન સંતોની કૃપાથી રમણલાલ થોડા સુખી થયા, ઘરના ઘર થયા.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ અને વીરસદના પ.પૂ. સદ્‌ગુરુ જ્ઞાનજીવનદાસજી સ્વામીની નિશ્રામાં આચાર્ય શ્રીનરેન્દ્રપ્રસાદજી મહારાજના હસ્તક ઘાટકોપર શ્રીસ્વામિનારાયણ મંદિરમાં પ્રતિષ્ઠાનો પ્રસંગ ધામધૂમથી ઉજવાયો.

આ પાવન પ્રસંગે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ સંત-મંડળ સાથે ઘણા દિવસ સુધી મુંબઈ રોકાયા હતા. આ પ્રસંગે રમણભાઈએ ગુરુકુલમાં ખૂબ મોટી આર્થિક સેવા કરી હતી. ગાંધી પરિવારના મોભી અભયચંદભાઈને લઈને રમણભાઈ સેવાનો ચેક સમર્પણ કરવા માટે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ પાસે આવ્યા, ત્યારે ગુરુદેવને પણ અત્યંત આશ્ચર્ય થયું.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ રમણભાઈનો વ્યવહાર સાધારણ છે, એ વાત જાણતા હતા. ગુરુદેવની રીત ન્યારી હતી. તેઓએ હમેશા સિદ્ધાંતોને પ્રાધાન્ય આપ્યું હતું, સંપત્તિને નહિ.

ગુરુદેવનો સ્વભાવ હતો કે, કોઈ હરિભગત વ્યવહારમાં સાધારણ હોય અને ખેંચાઈને સેવા કરે, એ વાત ગુરુદેવને પસંદ નહોતી.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજે કહ્યું, ''રમણલાલ ! તમારો વ્યવહાર સાધારણ છે, પરિવાર મોટો છે, તમારે આટલી બધી સેવા કરવાની ન હોય.''

અભયચંદભાઈ બોલ્યા, ''સ્વામી ! હમણાં રમણલાલ ખૂબ કમાયા છે.''

રમણભાઈએ કહ્યું, ''સ્વામી ! મહંત સ્વામી તથા આપ જેવા સદ્‌ગુરુની કૃપાથી મારે વ્યવહારે પહેલા કરતા ધારણા બહાર સારો છે. માટે આપ સંકોચ

રાખ્યા સિવાય મારી આ સેવા સ્વીકારો.'' આ રીતે ખાતરી થયા બાદ સ્વામીએ રમણભાઈની સેવા સ્વીકારી, જે ગુરુકુલના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલી છે.

સદ્‌ગુરુઓની કૃપાથી પ્રાપ્ત થયેલી લક્ષ્મીને સત્કાર્યમાં વાપરવી, એ બહુ મોટી વાત છે. રમણભાઈએ એ કાર્ય કરી જાણ્યું હતુ, પરિણામે તેઓ મોટા સંતો તેમજ સત્સંગના આશીર્વાદને પાત્ર થયા હતા.

રમણભાઈને ત્યાં ભૂપેન્દ્ર, ધર્મેન્દ્ર, બિહારી એ ત્રણ દીકરાઓ થયા. રમણભાઈએ આ ત્રણેય દીકરાઓને ગુરુકુલમાં ભણાવ્યા. આજે ત્રણેય ભાઈઓ પોતાના પુત્ર-પરિવાર સાથે મુંબઈમાં સારી રીતે સ્થિર થયેલા છે.

સદ્‌ગુરુ મહંત સ્વામી, ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ વગેરે મહાન સંતોની કૃપાનું આ ફળ છે.

આવા પીરસનારા નહીં મળે

સ્વામીના અક્ષરવાસનો સમય હવે નજીક આવી રહ્યો હતો. સ્વામીની ઉંમર ૮૧ વર્ષની થઈ ચૂકી હતી. સ્વામીના શરીરમાં કોઈ લાંબી બીમારી નહોતી, ઉંમરને લીધે અશક્તિ હતી. પ્રમાણમાં શરીર સ્વસ્થ હતું. ક્યારેક ક્યારેક શરીરમાં તાવ અને શરદીની અસર વરતાતી હતી.

સ્વામીએ હવે આ લોકમાંથી વિદાયનો સંકલ્પ કરી લીધો હતો. તેઓ ધીમે ધીમે પોતાની સર્વ વૃત્તિઓ પાછી વાળી મહારાજમાં જોડી રહ્યા હતા.

સ્વામી જ્યારે નાના સમઢિયાળામાં બિરાજતા હતા ત્યારે શ્રીજી મહારાજે જોગી સ્વામીને દિવ્ય દર્શન દીધા હતા અને 'મહંત સ્વામી હવે ધામમાં જશે', એવા આગમના એંધાણ આપી દીધા હતા.

વિ. સં. ૨૦૦૮નું વર્ષ હતું. મહા મહિનો બેસવાની તૈયારી હતી, સ્વામીએ પોતાના શિષ્ય ગોવિંદપ્રકાશદાસજીને પાસે બોલાવીને રાજકોટ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, જેતપુર કોઠારી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા કેટલાક હરિભક્તોને પત્ર લખાવ્યા અને એમાં ખાસ જણાવ્યું કે, ''અમે હમણાં ટીંબી છીએ, શરીરે થોડી કસર જેવું છે, તમને સમયની અનુકૂળતા મળે તો એકાદ-બે દિવસમાં ટીંબી આવી જશો.''

સ્વામીના પત્રમાં છેલ્લા મિલન માટે આવી જવાનો સંકેત હતો.

સ્વામીના સમાચાર મળતા હરિભક્તો સ્વામીના દર્શન માટે ટીંબી આવવા લાગ્યા. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ પણ મહંત સ્વામીના સમાચાર મળતાંની સાથે

જ રાજકોટથી ટીંબી આવવા નીકળ્યા. ગુરુદેવના મનમાં થયું, ‘‘પહેલા ફાટસર ગામ બાજુના હરિભક્તોને મળીને પછી ટીંબી જાઉં’’ એટલે સ્વામી સીધા ફાટસર પધાર્યા.

મહાસુદી ત્રીજનો દિવસ હતો, સ્વામીને ધામમાં જવાને હવે બે દિવસની વાર હતી. સ્વામીએ પીઠા ભગતને કહ્યું, ‘‘ભગત ! તમે સમઢિયાળા જાવ અને લવા ભગત, પ્રાગજીભાઈ, બચુભાઈ, જીવરાજભાઈ, વિશરામભાઈ વગેરે હરિભક્તોને કહેજો કે, દર્શન કરવા હોય તો ટીંબી આવી જાય અને પૂજા લઈને આવે.’’

પીઠા ભગતે સમઢિયાળા જઈને ભક્તોને સમાચાર આપ્યા. સ્વામીએ સામેથી બોલાવ્યા, એટલે બધાને ખૂબ જ આનંદ થયો.

હરિભક્તોને મનમાં થયું કે, ‘‘સ્વામી પાસે સાધુ ઓછા છે, આપણે જમીને જઈએ તો સાધુને રસોઈ કરવાનો દાખડો ઓછો પડે.’’

આમ વિચારી બધા હરિભક્તો બપોરે વહેલા જમી, શાક, બકાલું, મૂળા વગેરે સામગ્રી ગાડામાં ભરી, ટીંબી આવ્યા.

સ્વામીએ પૂછ્યું, ‘‘એલા, મોડા કેમ આવ્યા ?’’

લવા ભગત બોલ્યા, ‘‘સ્વામી ! જમીને નીકળ્યા એટલે મોડું થયું.’’

સ્વામી કહે, ‘‘એમ નહિ હાલે, તમારે જમવું તો પડશે જ.’’

સ્વામી ધામમાં જતાં પહેલાં ગામડાંના આ નિર્દોષ હરિભક્તોને છેલ્લે છેલ્લે ભોજનરૂપી પ્રસાદીના માધ્યમથી પોતાની કૃપાનો પ્રસાદ પણ આપવા માગતા હતા.

સ્વામીએ જોગી સ્વામીને કહ્યુ, ‘‘જોગી ! તું થોડા બાજરાના રોટલા ઘડી નાખ અને હું આ તાજા મૂળાનું ખારીયું કરું છું. ગોવિંદપ્રકાશનો હાથ દુઃખે છે, એટલે એ ભલે આરામ કરે.’’

સ્વામીની આજ્ઞાથી જોગી સ્વામીએ બાજરાના રોટલા તૈયાર કર્યા. સ્વામીએ જાતે તાજા મૂળાનું ખારીયું તૈયાર કર્યું. પછી સ્વામીએ હરિભક્તોની પંક્તિ કરી, પોતાના હાથે પીરસીને જમાડવા લાગ્યા.

સ્વામી આગ્રહ કરીકરીને હરિભક્તોને મૂળાનું ખારીયું પીરસતા હતા.

બચુભાઈ બોલ્યા, ‘‘સ્વામી ! તમે મૂળાના ખારીયાનો બહુ આગ્રહ કર્યો.’’

સ્વામીએ કહ્યું, ‘‘માળા પાપ ! મૂળાય મળશે, ખારીયુંય મળશે, પણ હવે આવા પીરસનારા નહિ મળે.’’ સ્વામીની વાતના મર્મને હરિભક્તો સમજી શક્યા નહિ.

બધાને જમાડ્યા પછી સ્વામીએ થોડીવાર કથાવાર્તા કરીને કહ્યું કે, ‘‘તમે બધા

આજની રાત્રિ અહીં જ રોકાઈ જજો.''

સ્વામી આ હરિભક્તોને પોતાની છેલ્લી ઘડીએ સાથે રાખવા માગતા હતા પરંતુ વાત એવી હતી કે કોઈ હરિભક્તો પૂજા લઈને આવ્યા નહોતા.

હરિભક્તોએ કહ્યું, ''સ્વામી ! અમે પૂજા લઈને આવ્યા નથી, એટલે રોકાવાશે નહિ. તમે રાજી રહેજો.''

સ્વામીએ ઊંડો શ્વાસ લઈને કહ્યું, ''એલા, અમે કહ્યું હતું કે, પૂજા લઈને આવજો, છતાં પૂજા લઈને કેમ ન આવ્યા ?

હરિભક્તોએ કહ્યું, ''સ્વામી ! અમને એમ કે દર્શન કરીને સાંજ પડતાં પડતાં પાછા ઘરે પહોંચી જઈશુ.''

સ્વામી બોલ્યા, ''હશે ! જેવી મહારાજની મરજી !''

હરિભક્તોને થયું કે, આપણે પાછા જઈએ એમાં સ્વામી રાજી નથી. પૂજા લઈને આવ્યા હોત તો સારું થાત, પણ હવે બીજો રસ્તો ન હતો.

હરિભક્તોએ સ્વામીની વિદાય લીધી.

જોગી ! હવે મને મહારાજ લઇ જશે !

મહા સુદી ચોથનો વહેલી સવારનો સમય હતો, સ્વામી વહેલા ઊઠી, સ્નાન-શૌચાદિક કરી પૂજામાં બેઠા અને માળા કરવા લાગ્યા.

અચાનક સ્વામીના પેટમાં દુઃખાવો ઉપડ્યો, એટલે સ્વામી પૂજા સંકેલી, આસને આવી સૂઈ ગયા.

જોગી સ્વામી સ્વામીને છાણાંનો શેક કરવા લાગ્યા. ગોવિંદપ્રકાશદાસજીએ વૈદ્ય મોહનભાઈને બોલાવ્યા.

વૈદ્યરાજે નાડી તપાસી અને પેટમાં વાયુ બેસી જાય, તેવી આયુર્વેદિક ઔષધિ આપી. સ્વામીએ કહ્યું, ''એમાં હિંગ હોય, એટલે મારે દવા નથી લેવી.''

વૈદ્યરાજે જેમાં હિંગ ન હોય એવી સંચળ - અજમાની ફાકી આપી.

થોડીવારે સ્વામીના પેટનો દુઃખાવો થોડો શાંત થયો. ધીરે ધીરે બપોર થવા આવ્યા. સ્વામી કાંઈ જમ્યા નહોતા, એટલે જોગી સ્વામીએ હાથ જોડી આગ્રહ કરી વિનંતી કરી કે, ''સ્વામી ! આપ થોડું જમો તો સારું.'' સ્વામીએ કહ્યું, ''મારે જમવાની રુચિ નથી.'' આમને આમ થોડો સમય પસાર થયો. વળી જોગી સ્વામીએ જમવા માટે ખૂબ આગ્રહ કર્યો એટલે સ્વામી થોડો રોટલો,

થોડી ભાજી અને દૂધ જમ્યા.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ ફાટસરમાં છે, એ સમાચાર ટીંબી મળી ચૂક્યા હતા. જોગી સ્વામીએ કહ્યું, ''સ્વામી ! તમારે શરીરે કસર છે. આપણે શાસ્ત્રીને બોલાવીએ તો સારું.''

સ્વામી કહે, ''જોગી ! એને કેટલાય કામ હોય, માટે બોલાવવા નથી.''

જોગી સ્વામી સ્વામી સાથે આ વાત કરી રહ્યા હતા, એ જ વખતે મોહન શેઠ સ્વામીના દર્શને આવ્યા.

સ્વામીને શરીરે સારું નથી, એ જાણીને મોહન શેઠે કહ્યું, ''સ્વામી ! આપણે શાસ્ત્રીજી મહારાજને તેડાવવા જોઈએ.''

સ્વામી બોલ્યા, ''જેવી તમારી મરજી !''

મોહન શેઠે તુરત જ ચિઠ્ઠી લખી, પીઠા ભગતને કહ્યું, ''તમે આ ચિઠ્ઠી લઈને ફાટસર જાવ અને શાસ્ત્રીજી મહારાજને ટીંબી તેડી આવો.''

બપોરનો બે વાગ્યાનો સમય હતો. પીઠા ભગત પુરુષોત્તમભાઈ જોષીની ઘોડી લઈને ફાટસર તરફ રવાના થયા.

આ બાજુ બપોર પછી ઠાકોરજીના ઉત્થાપન બાદ ગોવિંદપ્રકાશ સ્વામીએ કહ્યું, ''જોગી ! હાલો આપણે વાડીએ ના'વા જઈએ.''

જોગી સ્વામીએ કહ્યું, ''સ્વામીને સારું નથી, માટે હું નહિ આવું, તમારે જાઉં હોય તો જાવ. હું સ્વામીની પાસે જ રહીશ.''

ગોવિંદ સ્વામી એકાદ સાધુને સાથે લઈ વાડીએ ના'વા ગયા.

જોગી સ્વામી એકલા સ્વામી પાસે બેઠા હતા. થોડીવાર થઈ ત્યાં સ્વામી બેઠા થયા અને જોગી સ્વામીનો હાથ પકડીને બોલ્યા, ''તું જોજે, હવે મારે આ લોકમાં નથી રહેવું, ટૂંક સમયમાં મહારાજ મને ધામમાં તેડી જશે. તું કોઈને આ વાત કરતો નહિ.'' સ્વામીની વાત સાંભળી જોગી સ્વામીનું હૈયું ભરાઈ આવ્યું અને બોલ્યા, ''અરે, સ્વામી ! તમે આ શું બોલો છો ? તમે જશો તો અમારું શું થશે ? અમને નોંધારા કરો મા.''

સ્વામી કહે, ''બધાના ભગવાન છે. તારું ધ્યાન પણ ભગવાન રાખશે. લે આ મારી પૂજા હવેથી તું કરજે અને હું ધામમાં જાઉં પછી તું 'કુળ' માં રહેજે. અર્થાત્ ગુરુકુળમાં રહેજે. શાસ્ત્રી બહુ સારા સાધુ છે, એ તને સાચવશે.''

આ રીતે મહાન ગુરુ અને મહાન શિષ્યનો અંતરંગ સંવાદ ચાલી રહ્યો હતો.

એવામાં અચાનક સ્વામીને પેટમાં અસુખ થવા લાગ્યું અને ઉલટી કરવાની ઈચ્છા થઈ. સ્વામીએ જોગી સ્વામીનો હાથ પકડીને કહ્યું, “જોગી ! જલદી બહાર હાલ્ય, મને ઉલટી થાય એવું લાગે છે.”

જોગી સ્વામીએ તરત જ ખોબો ધર્યો અને કહ્યું, “સ્વામી ! આમાં ઉલટી કરી લ્યો.” સ્વામી બોલ્યા, “પણ, માળા પાપ ! આ ખોબામાં ?”

જોગી સ્વામીએ કહ્યું, “હા, સ્વામી !”

સ્વામીએ જોગી સ્વામીના ખોબામાં ઉલટી કરી.

જેતપુર મંદિરમાં પ્રદક્ષિણા કરતી વખતે જોગી સ્વામી બોલ્યા હતા કે, “સ્વામી ! હું તમને હથેળીમાં થૂંકાવીશ.”

ધામમાં જતાં પહેલા મહારાજ જાણે જોગી સ્વામીના એ સંકલ્પને પૂર્ણ કરવા માગતા હતા.

સ્વામીને ખોબામાં ઉલટી કરાવી જોગી સ્વામી બહાર ફેંકી આવ્યા, ધૂળથી ઘસીને હાથ ધોયા, બગડેલી ચાદર ધોઈ નાખી અને પાછા સ્વામી પાસે આવી ગયા.

સ્વામીએ પોતાના આ અત્યંત શ્રદ્ધાવાન-નિષ્પાપ શિષ્યની સામે કરુણાદષ્ટિથી જોયું. આ જ અરસામાં પીઠા ભગત મોહન શેઠની ચિઠ્ઠી લઈને ફાટસર પહોંચવા આવ્યા હતા.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ ફાટસરથી દ્રોણેશ્વર મહાદેવની પાસે મચ્છુંદ્રી નદીએ સ્નાન કરવા પધાર્યા હતા.

અહીં નદીને કિનારે રસ્તામાં જ પીઠા ભગત અને સ્વામીનો ભેટો થઈ ગયો.

પીઠા ભગતે સ્વામીને પ્રણામ કરી ચિઠ્ઠી સ્વામીના હાથમાં આપીને કહ્યું કે, “સ્વામીને શરીરે થોડી કસર જેવું છે, તમને યાદ કરે છે, તમે જેમ બને તેમ જલદી ટીંબી પધારો.”

સ્વામીએ ચિઠ્ઠી વાંચી પીઠા ભગતને પૂછ્યું, “તમે ટીંબીથી નીકળ્યા ત્યારે સ્વામીને કેમ હતું ?”

પીઠા ભગતે કહ્યું, “સવારે પેટનો દુઃખાવો ઉપડ્યો હતો, પણ પછી રાહત થઈ ગઈ હતી. હું નીકળ્યો ત્યારે શરીરે થોડી શરદી અને તાવની અસર જણાતી હતી.”

ગુરુદેવે પૂછ્યું, “ભગત ! ચિંતા પેદા કરે એવી કોઈ ગંભીર સ્થિતિ નથી ને !”

પીઠા ભગતે કહ્યું, “સ્વામી ! કસર છે, પણ ચિંતા થાય એવું કશું લાગતું નહોતું.”

પીઠા ભગતની વાતથી ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનું હૈયું હેઠું બેઠું.

એમણે પીઠા ભગતને કહ્યું, "સ્વામીને મારા "જય સ્વામિનારાયણ" કહેજો અને આવતી કાલે ઊનામાં દેવનો પાટોત્સવ અને વસંત પંચમીનો સમૈયો કરી હું તુરત જ ટીંબી આવું છું."

ગુરુદેવના આટલા સંદેશ સાથે પીઠા ભગત ટીંબી તરફ રવાના થયા.

મહંત સ્વામીનું મહાપ્રયાણ

આ બાજુ સાંજ પડવા આવી હતી, સાંજના સમયે ઠાકોરજીનો સંધ્યા આરતી, કથાવાર્તા નિયમચેષ્ટાનો ક્રમ પૂરો થયો. રાત્રિના દસ વાગ્યાનો સમય થવા આવ્યો હતો, જોગીસ્વામીએ સ્વામીને વિનંતી કરી, "સ્વામી ! તમે થોડું જમો તો સારું."

જોગી સ્વામીનો આગ્રહ જોઈ સ્વામીએ કહ્યું, "જા, થોડી ખીચડી કરતો આવ."

જોગી સ્વામીએ ખીચડી કરી, ઠાકોરજીને ધરાવી, સ્વામીને આપી.

સ્વામી થોડી ખીચડી જમ્યા અને બોલ્યા, "જોગી ! લે, હવે વધારે નહિ ફાવે. આ તો તારો આગ્રહ હતો, તેથી જમ્યો." સ્વામી માટે પોતાના પ્રિય શિષ્યના હાથનું આ અંતિમ ભોજન હતું. સ્વામી આમ વાત કરી રહ્યા હતા, રાત્રિના દસ વાગ્યાનો સમય થયો હતો, એ જ વખતે પીઠા ભગત ફાટસરથી ટીંબી આવ્યા, શાસ્ત્રીજી મહારાજનો સંદેશો સ્વામીને આપ્યો અને કહ્યું, "શાસ્ત્રીજી ! ઊનાનો સમૈયો કરીને કાલે આવશે."

પીઠા ભગતની વાત સાંભળી સ્વામી બોલ્યા, "હશે, જેવી મહારાજની મરજી !" આમ કહી સ્વામીએ ખીચડીની પ્રસાદી વધી હતી, તે પીઠા ભગતને આપી.

સ્વામીની કૃપાથી કોળી ભગતનું કામ થઈ ગયું.

રાત્રિના બાર વાગે સ્વામીના પેટમાં પાછો દુઃખાવો ઉપડ્યો, એટલે પૂજારી નરભેરામભાઈએ છાણાની સગડી કરી, જોગી સ્વામી કપડાના ગોટાથી સ્વામીને શેક કરવા લાગ્યા. પૂજારી નરભેરામભાઈને થયું, "સ્વામીને સારું નથી, તો દેશી ગોળી આપું, જેથી સ્વામીને રાહત થાય."

તેઓ ઘરે જઈને ગોળી લઈ આવ્યા પણ સ્વામીએ ગોળી લેવાની ચોખ્ખી ના પાડી. શેક કરવાનું ચાલુ હતું, થોડીવારમાં સ્વામીને રાહત થઈ, એટલે સ્વામીએ શેક કરવાનું બંધ કરાવ્યું.

સ્વામી ભીંતના તકીયાને ઓઠિંગણ દઈ માળા કરવા લાગ્યા અને મહારાજની

મૂર્તિમાં પોતાનું મન જોડી દીધું.

જોગી સ્વામી આજે સવારથી સ્વામીની સેવામાં ખડે પગે હતા. તેઓ પણ સ્વામીની પાસે બેસીને માળા કરી રહ્યા હતા.

રાત્રિના આશરે બે-ત્રણ વાગ્યાનો સમય થયો હતો અને અચાનક સ્વામીએ જોરથી જોગી સ્વામીનું કાંડુ પકડ્યું, પાછું મૂકી દીધું.

જોગી સ્વામી હેબતાઈ ગયા અને એમના મનમાં થયું કે, "આ સ્વામી શું કરી રહ્યા છે ?" થોડીવાર થઈ ત્યાં સ્વામીએ ફરીથી જોગી સ્વામીનું કાંડુ પકડ્યું અને "સ્વામિનારાયણ સ્વામિનારાયણ" બોલવા લાગ્યા.

જોગી સ્વામીએ સ્વામીને પાણી પાયું, પૂજારી નરભેરામભાઈ દોડતા આવ્યા, ગોવિંદ સ્વામી વગેરે સંતો પણ જાગ્યા, બધાએ સ્વામીને પાણી પાયું.

સ્વામી બોલ્યા, "જોગી ! મહારાજ પધાર્યા છે, હું જાઉં છું." આમ કહી સ્વામીએ વસંત પંચમીની વહેલી સવારે "સ્વામિનારાયણ સ્વામિનારાયણ" સ્મરણ કરતા કરતા દેહ છોડી દીધો.

સ્વામીએ શરીર છોડ્યું, એ જ સમયે મહારાજે ટીંબીના જગજીવનભાઈ અને હરગોવિંદભાઈને દર્શન દીધાં અને કહ્યું, "અમે મહંત સ્વામીને ધામમાં લઈ જઈએ છીએ." સમઢિયાળામાં શ્રીજી મહારાજે જોગી સ્વામીને સંકેત આપ્યો હતો ત્યાર પછી બરાબર એક મહિને મહારાજ સ્વામીને ધામમાં તેડી ગયા હતા.

મહંત સ્વામી ધામમાં પધાર્યાના સમાચાર વાયુવેગે સર્વત્ર પ્રસરી ચૂક્યા હતા. ઊનામાં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજને આ સમાચાર મળતાં જ તેઓ કોઠારી સ્વામી માધવપ્રસાદદાસજીની સાથે એકદમ ઉતાવળા ટીંબી પહોંચ્યા.

પોતાના વડીલ ગુરુબંધુને અંત સમયે મળી ન શકાયું એનું ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના મનમાં અપાર દુઃખ થયું અને હૃદય ભરાઈ આવ્યું.

મોટા મોટા આગેવાન સંતો-હરિભક્તોએ સ્વામીને ખૂબ જ ધીરજ આપી.

જોગી સ્વામીના માટે તો ગુરુદેવ ધામમાં પધાર્યા એ ભારે આઘાતજનક ઘટના હતી. સ્વામીના અક્ષરવાસના સમાચાર મળતાની સાથે જ સમઢિયાળા, માણસા, મોલી વગેરે ચારે બાજુના ગામડાઓના હરિભક્તો એકઠા થઈ ગયા હતા.

સ્વામીના પાંચભૌતિક શરીરને સ્નાનાદિક વિધિ કરાવીને પાલખીમાં પધરાવવામાં આવ્યું હતું. બધા સંતો-હરિભક્તો ધૂન-ભજન કરતા કરતા ગામના પાદરમાં વહેતી રૂપેણ નદીને કિનારે આવ્યા.

અહીં સ્વામીના શરીરનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

આ જગ્યાએ હાલ નાનો ઓટો કરવામાં આવેલ છે. આ નાનકડા ઓટાના હૃદયમાં મહાન સંતની પાવનકારી સ્મૃતિઓ સચવાયેલી છે.

ગુરુદેવ મહંત સ્વામી ધામમાં પધાર્યા ત્યાર બાદ જોગી સ્વામી સ્વામીના વિરહમાં સતત રડ્યા કરતા હતા.

સાક્ષાત્ ભગવાન શ્રીસ્વામિનારાયણે મહંત સ્વામીને આજ્ઞા કરી હતી કે, “તમે જોગીને દર્શન આપો અને એનો શોક ટાળો.”

જોગી સ્વામી સામતેરમાં બિરાજતા હતા, હરિજયંતીનો દિવસ હતો, આ પવિત્ર દિવસે મહંત સ્વામીએ જોગી સ્વામીને દર્શન દીધા હતા અને એમનો શોક દૂર કર્યો હતો.

“જોગી સ્વામીની જીવનગાથા”માં આ પ્રસંગ વિસ્તારથી વર્ણવાયેલો છે.

પરિશિષ્ટ - સંદર્ભ સૂચિ

૧. સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી

સંકલન : શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમવલ્લભદાસજી

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર,જેતપુર

૨. સોરઠી સંતો

લેખક : શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમવલ્લભદાસજી

પ્રકાશક : પ.ભ. ધર્મલાલભાઈ ટાંક પરિવાર

૩. બ્રહ્મના ઉપાસક બ્રહ્મચારીઓ

લેખક : શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમવલ્લભદાસજી

પ્રકાશક : ખુશાલ પી. પાટડીયા

૪. સોરઠી સત્સંગ

લેખક : શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમવલ્લભદાસજી

પ્રકાશક : સ્વામી વિશ્વસ્વરુપદાસજી, જૂનાગઢ

૫. આદર્શ ભક્તગાથા
લેખક : શાસ્ત્રી સ્વામી ધર્મવલ્લભદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ

૬. બ્રહ્મનિષ્ઠ સંતો
લેખક : શાસ્ત્રી સ્વામી ધર્મવલ્લભદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ

૭. સત્સંગની શુભવાર્તાઓ
લેખક : પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી
પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, રાજકોટ

૮. સ્વામી બાલમુકુંદદાસજીની દિવ્ય વાણી
લેખક : સ્વામી શ્રી હરિસેવાદાસજી
પ્રકાશક : લાધાભાઈ વિરજીભાઈ મકવાણા

૯. મહંત સ્વામી સ્મૃતિગ્રંથ
સંપાદક : સ્વામી શ્રી ગોવિંદપ્રસાદદાસજી (ગવૈયા સ્વામી)
શ્રી સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ

૧૦. સદ્‌વિદ્યા - સાર્ધશતાબ્દિ મહોત્સવ વિશેષાંક તથા
રજત જયંતિ વિશેષાંક

૧૧. નારાયણદાસજી સ્વામી
લેખક : શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમવલ્લભદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ

૧૨. પુરાણી સ્વામી શ્રી ગોપીનાથદાસજી
લેખક : પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી
પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, રાજકોટ

૧૩. શ્રી ગુણાતીતાનંદ સ્વામી ભાગ- ૧,૨
લેખક : હર્ષદભાઈ દવે
પ્રકાશક : બી.એ.પી.એસ. સંસ્થા

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP)ની સર્વજીવહિતાવહ પ્રવૃત્તિઓ

- કે.જી. થી ધોરણ ૧૨ સુધી અંગ્રેજી માધ્યમની આંતરરાષ્ટ્રીય વિદ્યાલય તથા છાત્રાલયની સુવિધા.
- સંસ્કૃતિના રક્ષણાર્થે 'દર્શનમ્' સંસ્કૃત વિદ્યાલય દ્વારા ૧૫૦ જેટલા સંતો-ઋષિકુમારોની વિનામૂલ્યે અભ્યાસની વ્યવસ્થા.
- સામાન્ય વર્ગના બાળકો માટે ધો. ૧૧ થી બી.કોમ. સુધીની છાત્રાલયની સુવિધા.
- રૂરલ વિસ્તારના બાળકો માટે ધો. ૮ થી ૧૦ માટે માત્ર દૈનિક રૂા. ૧/- લવાજમમાં છાત્રાલયનું આયોજન.
- બાળકોમાં અનેક કૌશલ્ય વિકસે તેવા હેતુથી વિવિધ રમતના મેદાનો તથા ઈન્ડોર ગેમ્સની સુવિધા.
- સ્વાસ્થ્યના હેતુ અર્થે વિશાળ એમ્યુઝમેન્ટ પાર્ક, હેલ્થ સેન્ટર તથા સ્વીમીંગ પુલ.
- ફૂડ નિષ્ણાતો દ્વારા તૈયાર કરવામાં આવેલ સ્વાથ્યપ્રદ તથા પૌષ્ટિક આહારની વ્યવસ્થા.
- કામધેનુ ગૌશાળા દ્વારા ૨૫૦ જેટલી ગીરની ગાયોનું પાલન, પોષણ તથા જતન.
- નિરામયમ્ વિભાગમાં નિષ્ણાત વૈદ્યોના માર્ગદર્શન પ્રમાણે ગૌમૂત્ર તથા વિવિધ ઔષધિઓ દ્વારા આયુર્વેદિક ઔષધિઓનું નિર્માણ.
- યુવા સત્સંગ મંડળ, સત્સંગ શિબિર, કથા-પારાયણ, ઉત્સવ-સમૈયા તથા જ્ઞાનસત્ર જેવા અનેકવિધ ધાર્મિક આયોજનો દ્વારા આધ્યાત્મિક પોષણ.
- સત્સંગ વિચરણનાં આયોજનો દ્વારા દેશ-વિદેશમાં ભારતીય સંસ્કૃતિ તથા હિંદુ ધર્મનું જતન તથા પ્રવર્તન.

કુદરતી આપત્તિઓમાં સહાય

- દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં ૧૦૦૦ ચેકડેમોનું નિર્માણ.
- ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં ૫૫ જેટલી શાળાઓનું નિર્માણ.
- અતિવૃષ્ટિ જેવા આપત્કાલિન સમયે ફૂટ પેકેટ તથા વસ્ત્ર વિતરણ.
- દુષ્કાળ સમયે પશુઓની રક્ષા માટે કેટલ કેમ્પનું આયોજન.
- ગ્રામ્ય વિસ્તારોમાં શાળાનિર્માણ જેવા અનેક કાર્યો દ્વારા ગામડાંઓનું જતન.
- વૃક્ષારોપણ અભિયાન દ્વારા પર્યાવરણનું જતન.

આરોગ્ય ક્ષેત્રે અનેકવિધ સેવા-પ્રવૃત્તિઓ

- હોસ્પિટલ દ્વારા દર્દીઓનું રાહતદરે નિદાન તથા સારવાર.
- ગ્રામ્ય વિસ્તારમાં વિનામૂલ્યે ચક્ષુરોગ નિદાન તથા સારવાર કેમ્પ.
- અનેકવાર યોજાએલા રક્તદાન કેમ્પ દ્વારા વિક્રમસર્જક રક્તદાન.
- ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં વ્યસનમુક્તિ અભિયાન.
- વિવિધ ગામડાંઓમાં પશુઓનાં જતન માટે પશુરોગ નિદાન કેમ્પ.